॥ श्री ॥

॥ विविध पूजासंग्रह ॥

॥ વિધિ સાથે. ॥

ભાગ ૧, ૨, ૩, ૪

પંડિત શ્રી વીરવિજયજી, રૂપવિજયજી, પદ્મવિજયજી,
યશોવિજયજી, આત્મારામજી વિગેરે ઘણા પંડિ-
તોની બનાવેલી પૂજાઓનો સંગ્રહ તથા
અઢાર અભિષેક અને આરતિઓ, મંગળ
દિવા, મંગળગીત, અને જિન નવ અંગ
પૂજન દુહા, વિગેરે બાબતો સહિત
તૈયાર કરી છપાવી પ્રસિદ્ધ કર્તા,

શા મગનલાલ હઠીસંગ.


જ્ઞાનપ્રકાશના માલેક—અમદાવાદ.

આવૃત્તિ ૩ જી.—પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૧—સને ૧૯૧૫

કિંમત રૂ. ૧-૮-૦

અમદાવાદમાં
રીચીરોડના પુલ નીચે આવેલા શ્રી જૈન વિદ્યાવિજય પ્રી. પ્રેસમાં
શા. ચુનીલાલ અમથાશાએ છાપી.



પંચતીર્થી પાર્શ્વનાથ.

અગત્યની સૂચના.

વાંચો ! અને સદુપયોગ કરો ! !

હાથે કરશો તે સાથે આવશે.

મેહેરબાન ગ્રહસ્થો:—

સર્વ દાનમાં " જ્ઞાનદાન " એ સર્વોત્તમ દાન છે, માટે જ્ઞાનદાન દેવા સારૂ ઉત્તમ પુસ્તકો પોતાની શક્તિ મુજબ ખરીદ કરી જૈન દેહેરાસરોમાં, ઉપાશ્રયોમાં, જૈનલાઇબ્રેરીઓમાં, જૈનશાળાઓમાં અર્પણ કરી મનુષ્યભવ સફળ કરશો. દાખલા તરીકે આ પુસ્તકની બીજી આવૃત્તિની બસેં નકલો શેઠ લલ્લુભાઈ નથુભાઈ પાટણવાળાએ ખરીદ કરી પાટણના દરેક દેરાસરોમાં મૂકી પોતાના પૈસાનો સદુપયોગ કર્યો છે, તેવી રીતે બીજા ગ્રહસ્થો પણ આવી રીતે ઉત્તમ કામ કરશો. તેવી રીતે મફત પુસ્તકો વહેંચનારને આ પુસ્તક તથા આ પુસ્તકના પાછળના ભાગમાં સૂચીપત્રમાં લખેલાં પુસ્તકોમાંના કોઈપણ જાતનાં પુસ્તકો પોણાભાગની કીંમતથી આપવામાં આવશે. માટે ગ્રહસ્થો ! પોતાની શક્તિ મુજબ પોતાના પૈસાનો સદુપયોગ કરશો. એજ વિનંતી.

પ્રસિદ્ધકર્ત્તા.

વિજ્ઞપ્તિ.

આધૂનિક સમયમાં જૈની ભાઇઓમાં પૂજાઓ ભણાવવાનો પ્રચાર દિવસે દિવસે વૃદ્ધિ પામતો જોવામાં આવે છે, તેટલાજ સબબથી પૂજાસંગ્રહની ચોપડીઓની જરૂર વધારે પડવા લાગી છે; કેમકે અમારી તરફથી પ્રસિદ્ધ થએલી પૂજાસંગ્રહની ટુંક મુદતમાં બે આવૃત્તિઓ ખપી ગઇ, એજ તેની સાબેતી કરી આપે છે.

આજ સુધીમાં પૂજાસંગ્રહની ઘણી ચોપડીઓ છપાઇ પ્રસિદ્ધ થએલી છે, પણ તે ચોપડીઓમાં પૂજા ભણાવવાની વિધિ પૂજાઓ સાથે નહીં જણાવેલી હોવાથી ઘણા ભાઇઓને પૂજાઓ ભણાવવાની અગવડો પડે છે; તે અગવડો દૂર કરવાના સબબથી અમે બધી પૂજાઓની વિધિ હરેક પૂજાની પહેલાં દાખલ કરી છે.

અમારી તરફથી છપાઇ પ્રસિદ્ધ થએલી પૂજાસંગ્રહની બે આવૃત્તિઓ ટુંક મુદતમાં ખપી જવાથી આ ત્રીજી આવૃત્તિ સુધારો વધારો કરી છપાવી પ્રસિદ્ધ કરી છે.

આ ત્રીજી આવૃત્તિમાં પંડિત શ્રી દીપવિજયજીકૃત અષ્ટાપદજીની પૂજા, શ્રી બુદ્ધિસાગરજી મહારાજની બનાવેલી વાસ્તુકપૂજા, પંડિત શ્રી વીરવિજયજીકૃત અષ્ટપ્રકારીપૂજાના દુહા, અઢીસેં અભિષેક, અમદાવાદ શહેરમાં આવેલાં દેહેરાસરો (મૂળનાયકનાં નામ અને વર્ષગાંઠ સાથે), ઘરદેહેરા-

સરિ, સાધુ સાધ્વિના ઉપાશ્રયોની વિગત, અને પાટણના દેહેરાસરોની વિગત, એટલી બાબતો વધારે દાખલ કરવામાં આવી છે.

આ બુકના ચાર ભાગ પાડવામાં આવ્યા છે. પહેલા ભાગમાં ચાર જાતનાં સ્નાત્ર, વિધિ સાથે. (૧ પંડિત શ્રી વીરવિજયજીકૃત, ૨ શ્રી દેવપાલકવિકૃત, ૩ પંડિત શ્રી દેવચંદ્રજીકૃત, ૪ પંડિત શ્રી રૂપવિજયજીકૃત.) પંડિત શ્રી વીરવિજયજીકૃત પૂજાઓમાં પંચકલ્યાણકની પૂજા, અષ્ટપ્રકારીપૂજા, પિસ્તાલીશઆગમની પૂજા, નવાણુંપ્રકારીપૂજા, બારવ્રતનીપૂજા, અને ચોશઠપ્રકારીપૂજા. એ રીતે દાખલ કરવામાં આવ્યું છે.

બીજા ભાગમાં પંડિત શ્રી રૂપવિજયજીકૃત પૂજાઓ. તેમાં પંચકલ્યાણકની પૂજા, પંચજ્ઞાનની પૂજા, વિશસ્થાનકની પૂજા અને પિસ્તાલીશઆગમની પૂજા. શ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારીપૂજા. શ્રી ઉત્તમવિજયજીકૃત અષ્ટપ્રકારીપૂજા. એ રીતે પૂજાઓ દાખલ કરવામાં આવેલી છે.

ત્રીજા ભાગમાં શ્રી વિજયલક્ષ્મીસૂરિકૃત વીશસ્થાનકની પૂજા, શ્રી સકલચંદજીકૃત સત્તરભેદીપૂજા, એકવીશપ્રકારી પૂજા, શ્રીમદ્ યશોવિજયજીકૃત નવપદની પૂજા, શ્રી પદ્મવિજયજીકૃત નવપદની પૂજા, શ્રી ધર્મચંદ્રજીકૃત નંદીશ્વરદ્વીપની પૂજા અને પંડિત શ્રી દીપવિજયજીકૃત અષ્ટાપદજીની પૂજા, એ રીતે પુજાઓ દાખલ કરવામાં આવેલી છે.

ચોથા ભાગમાં શ્રીમદ્ આત્મારામજીકૃત પૂજાઓ. તેમાં અષ્ટપ્રકારીપૂજા, નવપદની પૂજા, સત્તરભેદીપૂજા, વિશસ્થાનકની પૂજા, શ્રી કુંવરવિજયજીકૃત અષ્ટપ્રકારીપૂજા, શ્રી બુદ્ધિસાગરજી મહારાજની બનાવેલી વાસ્તુકપૂજા, પંડિત શ્રી વીરવિજયજીકૃત અષ્ટપ્રકારીપૂજાના દુહા, અઠીસેં અભિષેક, જિન નવ અંગ પૂજન દુહા, આરતિઓ ૫, મંગળદીવો, મંગળચાર અને અમદાવાદ શેહેરમાં આવેલાં દેહેરાસરો, ઘરદેહેરાસરો, સાધુ સાધ્વિના ઉપાશ્રય, અને પાટણના દેહેરાસરોની વિગત વિગેરે દાખલ કરવામાં આવ્યું છે.

ઉપર મુજબ બાબતો આ બુકમાં દાખલ કરી આ બુક છાપવામાં આવી છે, તેથી સર્વ જૈની ભાઇઓને ઉપ્યોગી થઈ પડે તેમ છે; માટે સર્વે જૈનીભાઇઓ કેળવાએલા કે વગર કેળવાએલા, બાળ કે વૃદ્ધ, સરવે પોતાની શક્તિ અનુંસાર એક સરખો ભાગ લેશો. એવી અમારી વિજ્ઞપ્તિ છે.

આ બુક બરોબર કાળજી રાખી શુદ્ધ કરી છાપવામાં આવી છે, છતાં કોઈ દ્રષ્ટિદોષથી કાને‌ા, માત્રા, મીંડી વિગેરેની ભૂલચૂક રહી ગઈ હોય તો સુજ્ઞજનો સુધારીને વાંચશો. તેને માટે અમે મિચ્છામિદુક્કડં દેઇએ છીએ. કિંબહુના.

પ્રસિદ્ધકર્ત્તા.

વિવિધ પૂજાસંગ્રહ ભાગ ૧-૨-૩-૪ ની

અનુક્રમણિકા.

ભાગ ૨ જો.

ભાગ ૩ જો.

ભાગ ૪ થો.

॥ श्री ॥

॥ विविध पूजासंग्रह ॥

ભાગ ૧-૨-૩-૪.

ભાગ ૧ લો.

સ્નાત્રપૂજાઓની વિધિ.

પ્રથમ ત્રણ ગઢને બદલે ત્રણ બાજોઠ મુકીને ઉપલા બાજોઠને મધ્યભાગે કંકુનો સાથીઓ કરવો, અને તેના આગળ કંકુના સાથીઆ ચાર કરીને ઉપર અક્ષત નાંખવા તથા ફળ મુકવાં. વચલા સાથીઆ ઉપર રૂપાનાણું મુકવું ને ચારે સાથીઆ ઉપર કળશ સ્થાપવા. તેમાં પંચામૃત કરી જળ ભરવું તથા વચલા સાથીઆ ઉપર થાળ મુકી કેશરનો સાથીઓ કરી અક્ષત નાંખી ફળ મુકી નવકાર ત્રણ ગણી પ્રભુને પધરાવવા. પછી બે સનાથીઆઓને ઉભા રાખીને ત્રણ નવકાર ગણાવવા. પછી પ્રભુના જમણા પગના અંગુઠે કળશમાથી જળ રેડવું, ને અંગલુહણાં ત્રણ કરવાં. પછી કે-

શરથી પૂજા કરી હાથ ધૂપીને સનાથીઆના જમણા હાથમાં કેશરનો ચાંલ્લો કરવો. પછી કુસુમાંજલિ (ફુલ) હોય તે હાથમાં આપવાં. પછી નીચે પ્રમાણે કહેવું. દીપક એક પ્રભુની જમણી બાજુએ કરવો.

પંડિત શ્રી વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા.

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

સરસ શાંન્તિ સુધારસ સાગરં,
શુચિતરં ગુણરત્ન મહાગરં ॥
ભવિકપંકજ બોધ દિવાકરં,
પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં ॥ ૧ ॥

॥ દોહા ॥

કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક ॥
મજ્જનપીઠે થાપીને, કરીયે જળ અભિષેક ॥ ૨ ॥

॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥

જિણ જમ્મ સમય મેરૂ, સિહરં રયણ કણય કલસેહિં ॥
દેવા સુરહિ ણ્હવિઉ, તે ધન્ના જેહિં દિઠ્ઠોસિ ॥ ૩ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

નિર્મલજળ કલશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે ॥ કુસુમાંજલિ મેલો આદિ જિણંદા ॥ સિદ્ધસ્વરૂપી અંગ પખાલી, આતમ નિર્મળ હુઈ સુકુમાળી ॥ કુ૦ ॥ ૪ ॥

॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥

મચકુંદ ચંપ માલઈ, કમલાઈં પુપ્ફ પંચ વણ્ણાઈં ॥
જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજલી દિંતી ॥ ૫ ॥

॥ નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

રયણ સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુ ચ-
રણે દીજે ॥ કુસુમાંજલિ મેલો શાન્તિ જિણંદા ॥ ૬ ॥

॥ દોહા ॥

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણ ભંડાર ॥
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર ॥ ૭ ॥

॥ નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

કૃષ્ણાગરૂ વર ધૂપ ધરીજે, સુગંધ કર કુસુમાંજલિ દી-
જે ॥ કુસુમાંજલિ મેલો નેમિ જિણંદા ॥ ૮ ॥

॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥

જસુ પરિમલ બલ દહદિસિં, મહુકર ઝંકાર સદ્દસંગીયા ॥
જિણ ચલણોવરિ મુક્કા, સુર નર કુસુમાંજલિ સિદ્ધા ॥૯ ॥

॥ નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

પાસ જિણેસર જગ જયકારી, જલ થલ ફુલ ઉદક
કર ધારી ॥ કુસુમાંજલિ મેલો પાર્શ્વજિણંદા ॥ ૧૦ ॥

॥ દોહા ॥

મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ ॥
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાળ ॥ ૧૧ ॥

॥ નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

વિવિધ કુસુમ વર જાતિ ગહેવી, જિનચરણે પણમંત ઠવેવી ॥ કુસુમાંજલિ મેલો વીર જિણંદા ॥ ૧૨ ॥

॥ વસ્તુ છંદ ॥

ન્હવણકાળે ન્હવણકાળે, દેવદાણવ સમુચ્ચિય ॥ કુસુમાંજલિ તહિં સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય ॥ જિણપયકમલે નિવડેઈ, વિગ્ઘહર જસ નામ મંતો ॥ અનંત ચઉવીસ જિન, વાસવ મલિય અસેસ ॥ સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેસ ॥ કુસુમાંજલિ મેલો ચઉવીશ જિણંદા ॥ ૧૩ ॥

॥ નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ ॥

॥ કુસમાંજલિ ॥ ઢાળ ॥

અનંત ચઉવીસી જિનજી જુહારૂં, વર્તમાન ચઉવીસી સંભારૂં ॥ કુસુમાંજલિ મેલો ચોવીશ જિણંદા ॥ ૧૪ ॥

॥ દોહા ॥

મહાવિદેહે સંપ્રતિ, વિરહમાન જિન વીશ ॥
ભક્તિભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ ॥ ૧૫ ॥

॥ નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

અપછરમંડલિ ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય જયકારા ॥ કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા ॥ ૧૬ ॥

॥ ઇતિ શ્રી કુસુમાંજલયઃ ॥

પછી સ્નાત્રીયા ત્રણ ખમાસમણ દેઈ જગચિંતામણી ચૈત્યવંદન કરી " નમુથ્થુણં " કહી જયવીયરાય પર્યંત કહે. પછી હાથ ધૂપી મુખકોસ બાંધી કળશ લેઈ ઉભો રહીને કળશ કહે. તે કળશ.

॥ અથ કળશ ॥ દોહા ॥

સયલ જિણેસર પાય નમિ, કલ્યાણકવિધિ તાસ ॥
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ એક દિન અચિરા હુલરાવતી.—એ દેશી ॥

સમકિતગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમસુખ રમ્યા ॥ વીશથાનકવિધિયે તપ કરી, એસી ભાવદયા દિલમાં ધરી ॥ ૧ ॥ જો હોવે મુજ શક્તિ ઇસી, સવિ જીવ કરૂં શાસન રસી ॥ શુચિરસ ઢલતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતા ॥ ૨ ॥ સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી ॥ ચવિ પન્નરક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવી કુલે ॥૩॥ પટરાણી કૂખે ગુણનિલો, જેમ માનસરોવર હંસલો॥ સુખશય્યાયે રજની શેષે, ઉતરતાં ચઉદ સુપન દેખે ॥ ૪ ॥

॥ ઢાળ ॥ સ્વમની ॥

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઇઠ્ઠો ॥ ત્રીજે કેશરી સિંહ, ચોથે લક્ષ્મી અબિહ ॥ ૧ ॥ પાંચમે ફૂલની માળા, છઠ્ઠે ચંદ્ર વિશાળા ॥ રવિ રાતો ધ્વજ મોહોટો, પૂરણ કળશ નહીં છોટો ॥ ૨॥ દશમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર ॥ ભુવનવિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જી ॥ ૩ ॥ સ્વમ લહી જઈ રાયને ભાષે, રાજા અર્થ પ્રકાશે ॥ પુત્ર તિર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે ॥ ૪ ॥

॥ વસ્તુ છંદ ॥

અવધિ નાણે અવધિ નાણે, ઉપના જિનરાજ ॥ જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર ॥ મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મઉદય પરભાત સુંદર ॥ માતા પણ આણંદિયાં, જાગતી ધર્મ વિધાન ॥ જાણંતી જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન ॥ ૧ ॥

॥ દોહા ॥

શુભલગ્ને જિન જનમિયા, નારકીમાં સુખ જ્યોત ॥
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત ॥૧॥

॥ ઢાળ ॥ કડખાની દેશી ॥

સાંભળો કળશ જન, મહોત્સવનો ઇહાં ॥ છપ્પન કુમરી દિશિ, વિદિશિ આવે તિહાં ॥ માય સુત નમીય, આણંદ અધિકો ધરે ॥ અષ્ટ સંવર્ત્ત, વાયુથી કચરો હરે ॥ ૧ ॥ વૃષ્ટિ

ગંધોદકે, અષ્ટ કુમરી કરે ॥ અષ્ટ કલશા ભરે, અષ્ટ દર્પણ ધરે ॥ અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી ॥ ચાર રક્ષા કરી, ચાર દિપક ગ્રહી ॥ ૨ ॥ ઘર કરી કેળનાં, માય સુત લાવતી ॥ કરણ શુચીકર્મ જળ, કલશે ન્હવરાવતી ॥ કુસુમ પૂજી અલંકાર, પેહેરાવતી ॥ રાખડી બાંધી જઈ, શયન પધરાવતી ॥ ૩ ॥ નમીય કહે માય તુજ, બાળ લીલાવતી ॥ મેરૂ રવિ ચંદ્ર લગે, જીવજો જગપતિ ॥ સ્વામિગુણ ગાવતી, નિજ ઘર જાવતી ॥ તેણે સમે ઇંદ્ર, સિંહાસન કંપતી ॥ ૪ ॥

॥ ઢાળ ॥ એકવીશાની દેશી ॥

જિન જન્મ્યાજી, જિણ વેળા જનની ઘરે ॥ તિણ વેળાજી, ઇંદ્રસિંહાસન થરહરે ॥ દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા ॥ દિશિનાયકજી, સોહમ ઇશાન બેહુ તદા ॥૧॥

॥ ત્રુટક ॥

તદા ચિંત્તે ઇંદ્ર મનમાં, કોણ અવસર એ બન્યો ॥ જિનજન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો ॥ ૧ ॥ સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણા સુરમે કરે ॥ સવિ દેવી દેવા જન્મમહોત્સવે, આવજો સુરગિરિવરે ॥ ૨ ॥

॥ ઢાળ ॥ પૂર્વલી ॥

એમ સાંભળીજી, સુરવર કોડિ આવી મળે ॥ જન્મમહોત્સવજી, કરવા મેરૂ ઉપર ચલે ॥ સોહમપતિજી, બહુપરિવારે આવીયા ॥ માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા॥૩॥

॥ ત્રુટક ॥

વધાવી બોલે હે રત્નકૂખ, ધારિણી તુજ સુતતણો ॥
હું શક્ર સોહમ નામે કરશું, જન્મ ઉત્સવ અતિ ઘણો ॥
એમ કહી જિન પ્રતિબિંબ થાપી, પંચરૂપે પ્રભુ ગ્રહી ॥
દેવ દેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી ॥ ૪ ॥

॥ ઢાળ ॥ પૂર્વલી ॥

મેરૂ ઉપરજી, પાંડુકવનમેં ચિહું દિશે ॥ શિલા ઉપર-જી, સિંહાસન મન ઉલસે ॥ તિહાં બેસીજી, શક્રે જિન ખો-ળે ધર્યા ॥ હરિ ત્રેશઠજી, બીજા તિહાં આવી મળ્યા ॥ ૫ ॥

॥ ત્રુટક ॥

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના ॥
માગધાદિ જળ તીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના ॥
અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે ॥ ખીરજલ-
ધિ ગંગાનીર લાવો, ઝટિતી જિન મહોત્સવે ॥ ૬ ॥

॥ ઢાળ ॥ વિવાહલાની ॥

સુર સાંભળીને સંચરીયા, માગધ વરદામે ચલીયા ॥ પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશ ભરાવે ॥ ૧ ॥ તી-રથ ફળ ઔષધી લેતા, વળી ખીરસમુદ્રે જાતા ॥ જળ કળ-શા બહુલ ભરાવે, ફૂલ ચંગેરી થાળ લાવે ॥ ૨ ॥ સિંહાસન ચામર ધારી, ધૂપધાણાં રકેબી સારી ॥ સિદ્ધાંતે ભાખ્યાં જેહ, ઉપકરણ મિલાવે તેહ ॥ ૩ ॥ તે દેવા સુરગિરિ આવે,

પ્રભુ દેખી આનંદ પાવે ॥ કળશાદિક સહુ તિહાં લાવે, ભક્તે પ્રભુના ગુણ ગાવે ॥ ૪ ॥

॥ ઢાળ ॥ રાગ ધન્યાશ્રી ॥

આતમભક્તિ મળ્યા કેઈ દેવા, કેતા મિત્તનું જાઈ ॥ નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મ સખાઈ ॥ જોઈસિ વ્યંતર ભુવનપતિના, વૈમાનિક સુર આવે ॥ અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે ॥ આ૦ ॥ ૧ ॥ અડ જાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો ॥ ચઉસઠ સહસ હુઆ અભિષેકે. અઢીસેં ગુણા કરી જાણો ॥ સાઠ લાખ ઉપર એક કોડિ, કળશાના અધિકાર ॥ બાસઠ ઇંદ્રતણા તિહાં બાસઠ, લોકપાલના ચાર ॥ આ૦ ॥ ૨ ॥ ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિસેણી નરલોકો ॥ ગુરૂસ્થાનક સુર કેરો એકજ, સામાનિકનો એકો ॥ સોહમપતિ ઈશાનપતિની, ઇંદ્રાણીના સોલ ॥ અસુરની દશ ઇંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ ॥ આ૦ ॥ ૩ ॥ જ્યોતિષ વ્યંતર ઇંદ્રની ચઉ ચઉ. પર્ષદા ત્રણનો એકો ॥ કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો ॥ પરચૂરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો ॥ ઈશાનઇંદ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો ॥ આ૦ ॥ ૪ ॥ તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે ॥ વૃષભરૂપ કરી શ્રૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે ॥ પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગરોલે ॥ મંગ-

ળદીવો આરતી કરતાં, સુરવર જય જય બોલે ॥ આ૦ ॥ ॥૫॥ ભેરી ભૂંગળ તાલ બજાવત, વળિયા જિન કર ધારી ॥ જનનીઘર માતાને સોંપી, એણિપરે વચન ઉચ્ચારી ॥ પુત્ર તુમારો સ્વામિ હમારો, અમ સેવક આધાર ॥ પંચ ધાવી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણ હાર ॥ આ૦ ॥ ૬ ॥ બત્રીશ કોડિ કનક મણિ માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે ॥ પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે ॥ કરીય અઠ્ઠાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે ॥ દિક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે ॥ આ૦ ॥ ૭ ॥ તપગચ્છ ઈસર સિંહ સૂરીસર, કેરા શિષ્ય વડેરા ॥ સત્યવિજય પન્યાસતણે પદ, કપૂરવિજય ગભીરા ॥ ખિમાવિજય તસ સુજસવિજયના, શ્રી શુભવિજય સવાયા ॥ પંડિત વીરવિજય શિષ્યે જિન, જન્મમહોત્સવ ગાયા ॥ આ૦ ॥ ૮ ॥ ઉત્કૃષ્ટા એકશોને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ ॥ અતીત અનાગત કાળે અનંતા, તીર્થંકર જગદીશ ॥ સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઈ ॥ મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ ॥ આતસ૦ ॥ ૯ ॥

અહીં કળશાભિષેક કરીયે. પછી દુધ, દહિ, ઘૃત, જળ અને શર્કરા એ પંચામૃતનો પખાલ કરીને પછી પૂજા કરીયે ને ફુલ ચઢાવીયે. પછી લૂણ ઉતારી આરતી ઉતારવી. પછી પ્રતિમાજી આડો પડદો રાખી સ્નાત્રીઆએ પોતાના નવ અંગે કંકુના ચાંલ્લા કરવા પછી પડદો કાઢી નાંખી મંગળદીવો ઉતારવો.

॥ અથ લૂણ ઉતારણં ॥

લૂણ ઉતારો જિનવર અંગે, નિર્મળ જળધારા મન રંગે ॥ લૂણ૦ ॥ ૧ ॥ જિમ જિમ તડતડ લૂણજ ફૂટે, તિમ તિમ અશુભ કર્મબંધ ત્રૂટે ॥ લૂણ૦ ॥૨॥ નયણ સલૂણાં શ્રી જિનજીનાં, અનુપમ રૂપ દયારસ ભીનાં ॥ લૂણ૦ ॥ ૩॥ રૂપ સલૂણુ જિનજીનું દીસે, લાજ્યું લૂણ તે જળમાં પેસે ॥લૂણ૦॥ ॥ ૪ ॥ ત્રણ પ્રદક્ષિણ દેઈ જલધારા, જલણ ખેપવીયે લૂણ ઉદારા ॥ લૂણ૦ ॥૫॥ જે જિન ઉપર દૂમણો પ્રાણી, તે એમ થાજો લૂણ જ્યું પાણી ॥ લૂણ૦ ॥૬॥ અગર કૃષ્ણાગરૂ કુંદરૂ સુગંધે, ધૂપ કરીજે વિવિધ પ્રબંધે ॥ લૂણ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

॥ અથ આરતિ ॥

વિવિધ રત્નમણિ જડિત રચાવો, થાળ વિશાળ અનોપમ લાવો ॥ આરતિ ઉતારો પ્રભુજીની આગે, ભાવના ભાવી શિવસુખ માગે ॥ આ૦ ॥ ૧ ॥ સાત ચૌદ ને એકવીશ ભેવા, ત્રણ ત્રણવાર પ્રદક્ષિણ દેવા ॥ આ૦ ॥ ૨॥ જિમજિમ જલધારા દેઈ જંપે, તિમ તિમ દોહગ થરહર કંપે ॥આ૦ ॥ ॥ ૩ ॥ બહુ ભવસંચિત પાપ પણાસે, દ્રવ્યપૂજાથી ભાવ ઉલ્લાસે ॥ આ૦ ॥ ૪ ॥ ચૌદ ભુવનમાં જિનજીને તોલે, કોઈ નહીં આરતિ એમ બોલે ॥ આરતિ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ અથ મંગળદીવો ॥

દીવો રે દીવો મંગળિક દીવો, ભુવન પ્રકાશક જિન

ચિરંજીવો ॥ દી૦ ॥ ૧ ॥ ચંદ સૂરજ પ્રભુ તુમ મુખ કેરા, લુંછણ કરતા દે નિત્ય ફેરા ॥ દી૦ ॥૨ ॥ જિન તુજ આગળ સુરની અમરી, મંગલદીપ કરી દિયે ભમરી ॥ દી૦ ॥ ૩ ॥ જિમ જિમ ધૂપઘટી પ્રગટાવે, તિમ તિમ ભવનાં દુરિત દ-ઝાવે ॥ દી૦ ॥ ૪ ॥ નીર અક્ષત કુસુમાંજલિ ચંદન, ધૂપ દીપ ફલ નૈવેદ્ય વદન ॥ દી૦ ॥ ૫ ॥ એણીપરે અષ્ટપ્રકારી કીજે, પૂજા સ્નાત્ર મહોત્સવ પભણીજે ॥ દીવો રે૦ ॥ ૬ ॥

॥ ઇતિ પંડિત શ્રી વીરવિજયજીકૃત સ્નાત્રપૂજા સમાપ્ત ॥

શ્રી દેવપાલકવિકૃત સ્નાત્રપૂજા

(વિધિ પૃષ્ઠ ૧ લામાં લખી છે તે પ્રમાણે કરવી.)

॥ ગાથા ॥ આર્યા ॥

મુક્તાલંકાર વિકાર-રસાર સૌમ્યત્વકાંતિ કમનીયમ્ ॥ સહજ નિજરૂપ નિર્જિત-જગત્ત્રયં પાતુ જિનબિંબમ્ ॥ ૧ ॥ એ ગાથા કહી પ્રતિમાજીના અલંકાર ઉતારીયે ॥ ગાથા ॥ અવણિય કુસુમાહરણુ, પયઇ પઇટ્ઠિય મનોહરચ્છાયં ॥ જિ-ણરૂવં મજ્જણપીઢં, સંઠ્ઠિયંવો સિવં દિસઉ ॥ ૨ ॥ એ ગા-થા ભણી નિર્માલ્ય ઉતારીએ ॥ ગાથા ॥ બાલતણમ્મિ સામિઅ, સુમેરૂ સિહરમ્મિ કણયકળસેહિં ॥ તિઅસાસુરેહિં ન્હવિઓ, તે ધન્નાજેહિં દિઠ્ઠોસિ ॥ ૩ ॥ એ ગાથા કહી ક-લશે પખાલ કરી સંક્ષેપે પૂજીએ. પછી સ્નાત્રકારકના હાથ

ધૂપ ચંદને વાસી હાથમાં કુસુમાંજલિ આપી, પ્રભુની જમણી બાજુ પાટલા ઉપર ઉભો રાખીએ. પછી નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ કહીએ.

॥ ઢાળ ॥ ચાલ ॥

પવિત્ર ઉદક લેઈ અંગ પખાલી, વિવિધ વસ્ત્ર જાદવ ચિરઆલી ॥ કુસુમાંજલિ મ્હેલો આદિ જિણંદા, તારાં ચરણકમલ સેવે ચોસઠ ઇંદા ॥ કુસુમાં૦ ॥૧॥ ગાથા ॥ આર્યા ॥ સયવત્ત કુંદ માલઈ, બહુવિહ કુસુમાઈ પંચવન્નાઈ ॥ જિણનાહ ન્હવણકાલે, દિંતિ સુરા કુસુમાંજલિ હિટ્ઠા ॥ એમ કહી પ્રભુના ચરણે કુસુમાંજલિ ચઢાવીયે ॥ ઇતિ પ્રથમ કુસુમાંજલિ ॥ ૧ ॥ નમોઽર્હત્ સિ૦ ॥ કહીયે.

॥ ઢાળ ॥ ચાલ ॥ સિંહાસન સામી થાપીજે, પયકમલે કુસુમાંજલિ દીજે ॥ કુસુમાંજલિ મ્હેલો શાન્તિજિણંદા ॥ તોરાં ચરણકમળ સેવે ચોસઠ ઇંદા ॥ કુસુમાં૦ ॥૨॥ ગાથા ॥ ॥ દોહા ॥ જા મુકિય સુરાસુરેહિં, મજ્જણ પઢમ જિનેશ ॥ સા કુસુમાંજલિ અવહરઉ, ભવિયહ દુરિય અસેસ ॥ ૧ ॥ એમ કહી કુસુમાંજલિ ચઢાવીયે ॥ ઇતિ દ્વિતીય કુસુમાંજલિ ॥ ૨ ॥ નમોઽર્હત્ સિ૦ ॥ કહીયે.

॥ ઢાળ ॥ ચાલ ॥ કનક કળશ જળ નિર્મળ ભરિયે, સામીને શિરપર ન્હવણજ કરિયે ॥ કુસુમાંજલિ મ્હેલો નેમિજિણંદા ॥ તોરાં ચરણ૦ ॥ કુસુમાં૦ ॥૩॥ ગાથા ॥ આર્યા ॥

ગંધાઇઢ્ઢિય મહુયર, મણહર ઝંકાર સદ્દસંગીયા ॥ જિન ચલણો વરિમુક્કા, હરઉ તુમ્હ કુસુમાંજલિ દુરિયં ॥ ૧ ॥ એમ કહી કુસુમાંજલિ ચઢાવીયે ॥ ઇતિ તૃતીય કુસુમાંજલિ ॥ ૩ ॥ નમોઽર્હત્ સિ૦ ॥ કહીયે.

॥ ઢાળ ॥ ચાલ ॥ અગર કપૂર ધૂપ કર વાસીજે, કર સંપુટ ચંદન ચરચીજે ॥ કુસુમાંજલિ મ્હેલો પાસ જિણંદા ॥ ॥ તોરાં ચરણ૦ ॥ કુસુમાં૦ ॥ ૪॥ વસ્તુછંદ ॥ મુક્ક જિનવર મુક્ક જિનવર ન્હવણ કાલંમિ, કુસુમાંજલિ સુરવરહિં, મહમહંતિ તિહુયણ મહઢ્ઢિય નિવડંતુ જિન પયકમલિં, હરઉ દુરિય સિરિસમણસંઘહ, પાસજિણંદહ પયકમલિં, દેવિહિં મુક્ક સંતોષ ॥ સા કુસુમાંજલિ અવહરઉ, ભવિયહ દુરિય અસેસ ॥ ૧ ॥ એમ કહી કુસુમાંજલિ ચઢાવીયે ॥ ઇતિ ચતુર્થ કુસુમાંજલિઃ ॥ ૪ ॥ નમોઽર્હત્ સિ૦ ॥ કહીયે.

॥ ઢાળ ॥ ચાલ ॥ સરસ સેવંતરી માલતી માળા, ગુણ ગાવે એમ કવિ દેવપાલા ॥ ઋષભ અજીત-સંભવ ગુણ ગાઊં, અનંત ચોવીશી જિનની ઓળગ પાઊં ॥ કુસુમાંજલિ મ્હેલો વીર જિણંદા ॥ તોરાં ચરણ૦ ॥ કુસુમાં૦ ॥ ૫ ॥ ॥વસ્તુ છંદ॥ જાઈ જુઇહિં જાઈ જુઇહિં કુંદ મંદાર, નીલુપ્પલ કમલદલ, સિંદ્દુવાર ચંપય સમુજ્જલ, પસરંતુ પરિમલ મિલિય, ગંધલુદ્ધ લુદ્દંત મહુયર, ઇય કુસુમાંજલિ જિન ચલણિં, ચિંતિય પાવપણાસ, મુક્કિય તારાગણ સરિસ, (પાઠાં-

તરે) મુક્કિય તારા અણુસરિસ, ભવિયહ પૂરઉ આસ ॥૧॥ એમ ભણીને કુસુમાંજલિ ચઢાવીયે. છૂટાં ફૂલ ભગવંતની સન્મુખ વધાવીયે, કુસુમનો મેઘ વરસાવીયે ॥ ઇતિ પંચમ કુસુમાંજલિઃ ॥ ૫ ॥ પછી સ્નાત્રિયા ચૈત્યવંદન કરી, હાથ ધૂપી, કળશ લેઈ ઉભા રહીને શ્રી આદિનાથનો જન્માભિષેક કળશ કહે. તે લખીયે છૈયે.

॥ અથ શ્રી આદિનાથ જન્માભિષેક કળશ ॥

॥ વસ્તુ છંદ ॥ વિણયનયરી વિણયનયરી, નાભિ નિવતેહિં ॥ મરૂદેવિસિં ઉયરિસર, રાય હંસસારિચ્છ સામિય ॥ સિરિ રિસહેસર પઢમ જિણ, પઢમ રાયવર વસહગામિય ॥ વસહ અલંકિય કણય તણું, જાયો જગઆધાર ॥ તસુ પય વંદિય તસુ તણો, કહિશું જન્મ સુવિચાર ॥ ૧ ॥ ઢાળ ॥ સવ્વટ્ઠવિમાણેહ ચવિય નાહ, ઉવઝાઉરિં આવિઅ ગયવિવાહ ॥ કુલધર સિરિનાભિનરિંદ ગેહિં, સુસમ દુઃસમ તિય અરયચ્છેહિં ॥ ૨ ॥

॥ હરિગીત છંદ ॥

સુસમ દુઃસમ. અરયમંડણ, સવ્વટ્ઠવિમાણહ સુરચવિ ॥ સિરિનાભિરાયા, કુલહમંડણ, ઉવઝાઉરિ, અવતરિ ॥ સુવિશાલ માળા, પઉઢ મુગતા, ગીત નાદ સવે કરિ ॥ ઉત્સવ જાણી, મન્ન આણી, તિત્થંકર કૂળ અવતરિ ॥ ૩ ॥ હવે દાન દીજે, પુન્ય કીજે, મન્ન રીઝે, અતિ ઘણાં ॥ ઘર ઘર

મંગળ તરિયાં તોરણ, ઉત્સવ હોય વધામણાં ॥ નિશિભરે પોઢી, હર્ષ આણી, ઇશું જાણી, એમ કહે ॥ પાછલી રાતે, પ્રભાત વેળા, સુપન મરૂદેવા લહે ॥ ૪ ॥

॥ અથ સુપનની ઢાળ ॥ ઉલાલાની ॥

॥ પ્રથમ ઐરાવણ દીઠો, નયણે અમીય પઇઠો ॥ બીજે વૃષભ ઉદાર, દીઠો અતિ સુખકાર ॥ ૧ ॥ ત્રીજે મૃગપતિ પેખે, હરિસણ દુરિત ઉવેખે ॥ ચોથે લખમીઅ સોહે, જિણ દીઠે જગ મોહે ॥ ૨ ॥ પાંચમે કુસુમની માળા, છઠ્ઠે ચંદ્ર વિશાળા ॥ સાતમે તમહર દિનકર, આઠમે ઇંદ્રધ્વજ જયકર ॥ ૩ ॥ નવમે કળશ મનોહર, દશમે પદ્મ સરોવર ॥ અગીયારમે સાગર સુંદર, બારમે અમરનું મંદિર ॥ ૪ ॥ તેરમે મણિભર ગગને, ચઉદમે નિર્ધૂમ અગનિ ॥ ઇતિ સુણી સુપનના પાઠક, બોલ્યા નિજ મુખ ગાઠક ॥ ૫ ॥ રાજન્! તુમ સુત હોશે, ત્રિભુવન તસ મુખ જોશે ॥ નરપતિ અહવા જિણંદ, તુમ કૂળ આવ્યો એ ચંદ ॥ ૬ ॥ રાય દિયે બહુ માન, પાઠકને ઘણાં દાન ॥ પાઠક સુપન સુણાવે, ઘરણી નિજ ઘર આવે ॥ ૭ ॥ ઇતિ સુપનની ઢાળ ॥

॥ મૂળ ગાથા ॥ મરૂદેવીહિં ઉયરિં છપ્પન્નહ જામ, ચઉદશ વર સમણાં લહિય તામ ॥ ચિત્તહ વદિ અટ્ઠમી સાઢરિખ, ક્રમિ ક્રમિ જિણ જાઇઓ રહિય દુખ્ખ ॥ ૩ ॥

॥ વસ્તુચ્છંદ ॥ અટ્ઠ અટ્ઠય અટ્ઠ અટ્ઠય ઉદ્ધ અહોદિસિં,

દિસિકુમરી છપ્પન્ન તિહિં ॥ રૂવવંત વરભત્તિ જુત્તિય, રૂઅગ પવ્વય ચિહું દિસિં ॥ અટ્ઠ અટ્ઠ ચિહું વિદિસિ પહુત્તિય, ચઉરો રૂઅગદિવ પુણ ॥ આવીય નાભિહિ ગેહિં, જનની નમિય આરંભિયો, જન્મમહોત્સવ તિહિં ॥ ૪ ॥

॥ ઢાળ ॥ ચાલ ॥ અટ્ઠ સંવટ્ટ વાયેણ કયવર હરઈ, અટ્ઠ ગંધોદકિં વુટ્ઠી કુમરી કરઈ ॥ અટ્ઠ દપ્પણધરા, અટ્ઠ ભિં-ગારયા, અટ્ઠ વરવીજણા, અટ્ઠ ચામરજુઆ ॥ ૫ ॥ ચઉર દીવયધરા, ચઉર રિખ્ખાકરા, ગાઇઅ નચ્ચિઅ તિન્નિ કે-લીહરા ॥ કરિય જિન મજ્જણ, જનની સુકુમારિયા, અ-પ્પિઓ નિય નિય ઠાણ સવ્વે ગયા ॥ ૬ ॥ તખ્ખણે ચલિય સિંહાસણ સુરવઇ, ઘંટનાએણ તિહિં સયલ સુર મેલઇ ॥ પાલગારૂઢ જિન જમ્મ ગિહિ આવિઓ, પંચરૂવે કરી રિસહ મેરૂ નિઓ ॥ ૭ ॥ વસ્તુછંદ ॥ ઈંદ તથ્થય ઈંદ તથ્થય, વીસ ભુવણિંદા વંતર પહુ બત્તીસ દુઅ ॥ ચંદ સુર કપિંદ દસ-વર, ચઉસટ્ઠિઅ મિલિઅ હરિ ॥ ન્હવઈ નાહ બહુભક્તિ નિ-બ્ભર, અટ્ઠ સહસ ચઉસટ્ઠિજુઅ, પંચવન્ન કલસેહિં ॥ હવઈ સોહમ્મઉ જિન ન્હવઈ, તં પભણું સંખેવિ ॥ ૮ ॥

॥ ઢાળ ॥ ચાલ ॥ ઇસાણિંદ જિન ઉચ્છંગ લેઈ, ચઉ ધવલ વસહ સુરવઈ કરેઈ ॥ તસુ સિંગિહિ અટ્ઠ સુગંધ ધાર, જળ નિવડઈ સુર તિયલોય સાર ॥ ૯ ॥ વાજંતઈ મદ્દલ તિ-વલનાદ, વર જલ્લરી ભુંગળ ભેરી સાદ ॥ ગાજંત અંબર

દેવી દેવ, જિન મજ્જિય નચ્ચિય કરઈ સેવ ॥ ૧૦ ॥ પૂજઈ વર કસુમહિં રિસહનાહ, બહુ ભત્તિઅ ભાવે હુઈ સનાહ ॥ આરતિઅ મંગળદીવુખેવ, ઉત્તારઈ સુરવઈ રંગ હેવ ॥ ॥ ૧૧ ॥ વસ્તુછંદ ॥ રિસહમજ્જણ રિસહમજ્જણ કરિય સુરરાય, ઉપ્પાડિય જયજય કરિય, જનની પાસિ મલ્હેવિ જત્તા, નદીસર અટ્ઠ દિવસ કરિય, દેવ દેવી નિયઠાણ પત્તા, ઇણિપરિ સયલ જિનેસરહિં, કરહુ ન્હવણ બહુભત્તિ, મુનિ-રયણાયર પાવહર, જિમ તુમ હિયઈ વરમુત્તિ ॥ ૧૨ ॥

॥ ઇતિ શ્રી આદિનાથ જન્માભિષેક કળશઃ સમાપ્ત ॥

અહીં કસુમાંજલિવાળા સ્નાત્રીયા ત્રણ ખમાસમણ દેઈ, જગચિંતામણિ ચૈત્યવંદન કરી, " નમુથ્થુણં " કહી, જય-વીયરાય પર્યંત કહે. પછી એક કળશધારક શ્રાવકના હાથ ધોવરાવી, ચંદન ચરચી ધૂપીને મુખે મુખકોશ બાંધે. પછી ત્રણ ખમાસમણ આપી એક નવકાર ગણી પચામૃતનો ક-ળશ અગલૂહણે ઢાંકી ફુલમાળા પહેરાવી હાથમાં લેઇ હૃદય આગળ ધરી ઉભો રહીને મુખથકી " શ્રી પાર્શ્વનાથસ્વામિ" નો જન્માભિષેક કળશ કહે. તે કળશ લખીયે છૈયે.

॥ અથ શ્રી પાર્શ્વનાથ કળશ ॥

॥ શ્રી સૌરાષ્ટ્ર દેશ મધ્યે, શ્રી મંગલપુર મંડણો, દુરિત વિહંડણો, અનાથનાથ, અશરણશરણ, ત્રિભુવન જનમન-રંજણો, ત્રેવીશમો તીર્થંકર શ્રી પાર્શ્વનાથ તેહ તણો કળશ

કહીશું ॥ ઢાળ ॥ હાંરે વાણારસી નયરી વસેય અનુપમ, ઉપમ અવદધાર ॥ તિહાં વાવી સરોવર નદીય કૂપજળ, વનસ્પતિ અઢાર ॥ તિહાં ગઢ મઢ મંદિર દિસે અભિનવ, સુંદર પોલિ પ્રાકાર ॥ કોસીસાં પાખલ ફિરતિ ખાઈ, કોટે વિસમા ઘાટ ॥ ૧ ॥ હાંરે જિનમંડપ શિખર બહુત પ્રાસાદે, દંડ કળશ બ્રહ્માંડ ॥ અતિ ગિરૂઆ ગુણસાગર બહુ સોહે, દીસે પુહવી પ્રચંડ ॥ તિહાં હાટ ચઉટાં વસ્તુ વિવેકી, વિવહારીયા અનેક ॥ લખેસરી કોટી ગઢતલ મંદિર, બોલે વચન વિવેક ॥ ૨ ॥ હાંરે તે નગરી બહુરી વ્યવહારી, ઘર ઘર મંગળ ચાર ॥ નારી કર કંકણ સુંદર ઝળકે, કરી સકલ શિણગાર ॥ તિહાં રાજા અશ્વસેન મહીમંડળ, દાન ખડ્ગ ઝીપંત ॥ અતિ ન્યાયવંત દીસે નરનાયક, વામાદેવી કંત ॥ ૩ ॥ હાંરે સ્વર્ગ લોકથી ચવિય સુરવર, ઉપન્નો કૂળ જાસ ॥ તિહાં કૃષ્ણ ચોથે ચૈત્રમાસે, એહવે અતિ ઉલ્લાસ ॥ તિહાં રાણી પશ્ચિમ રયણી પેખે, સુપનાં ચઉદ વિશાળ ॥ તસ કૂખે અવતરશે જિનવર, જીવદયા પ્રતિપાળ ॥ ૪ ॥

॥ અથ સુપનની ઢાળ ઉલાલાની ॥

પહેલે ગયવર દીઠો, મુઝ મુખકમળ પઇઠો ॥ બીજે વૃષભ ઉદાર, દીઠો અતિ સુકુમાર ॥ ૫ ॥ ત્રીજે સિંહ સંપૂરો, મહીમંડળમાંહે એ સૂરો ॥ ચોથે લખમી એ દીઠી, રતન કમલે એ બેઠી ॥ ૬ ॥ ઉર ઉતરતી એ માળ, કુસુમની આક-

ઝમાળ ॥ છઠ્ઠે પૂનમચંદો, અમીય ઝરે સુખ કંદો ॥ ૭ ॥ તેજે તપંતો એ ભાણુ, કરતો સફળ વિહાણુ ॥ ધ્વજા ઉતરતી આકાશે, લોડંતી અંબરવાસે ॥ ૮ ॥ કણયકળશ શિરે કરિયો, અમીય મહારસ ભરિયો ॥ દશમે પદ્મ સરોવર, દીઠો વામાદેવી મનોહર ॥ ૯ ॥ ખીરસમુદ્ર ઘરે આયો, મુજ મન સયલ સુહાયો ॥ છંડી નિજ નિજ ઠામ, આવ્યું આવ્યું અમર વિમાન ॥ ૧૦ ॥ પેખી પેખી રયણની રાય, સગ પણ ચઢી આકાશિ ॥ જલણ જલંતો એ દખ્ખિણુ, જાગી વામાદેવી તત્ખિણુ ॥ ૧૧ ॥

॥ રાગ ધન્યાશ્રી ॥ ઢાળ ॥

નવમે માસે આઠમે દિવસે, જાયો જિનવર રાયોજી ॥ ઘર ગૂડી તરિયાં તોરણ લહેકે, જિનમંદિર ઉચ્છાયોજી ॥૧॥ તત્ક્ષણુ છપ્પન્ન કુમરી આવે, વધાવે જિનંદોજી ॥ દુસ્તર કાળમાંહિ એ જિનવર, પ્રગટયો પૂનમચંદોજી ॥ ૨ ॥ ઊલાળી વજ્ર સુર એમ બોલે, આસન કંપે ઇંદોજી ॥ તિહાં જોઈ અવધિનાણે તેણી વેળા, અવતરિયા જિણંદોજી ॥ ૩ ॥ તેણે સ્થાનકે જન્મમહોત્સવ કરવા, આવે ચોસઠ ઇંદોજી ॥ મેરૂશિખરપર રત્નસિંહાસન, બેઠા પાસ જિણંદોજી ॥ ૪ ॥ તિહાં હુઓ સનાથ છત્ર શિર સોહે, ઢાળે ચામર સુરિંદોજી॥ પહુતા સુર મળી પ્રભુથાવકવર, લબ્ધિપાત્ર જયવંતોજી ॥ ॥ ૫ ॥ નવપલ્લવ જિન મહિમાસાગર, આગરતણો ભંડારો

જી ॥ ઇખ્ખાગવંસ તિહુયણ મનરંજણ, જિનશાસન શિણગારોજી ॥ ૬ ॥ ભણે વચ્છભંડારી અમ મન, વસિયો શ્રી અરિહંતોજી ॥ નીલવરણ તનુ મહિમાસાગર, જયો જયો ભગવંતોજી ॥ ૭ ॥ ઇતિ શ્રી પાર્શ્વનાથ કળશ સંપૂર્ણ ॥

(અહીં સ્નાતસ્યા પ્રતિમસ્ય૦ એ શ્લોક કહીને કળશાભિષેક કરીયે. પછી દુધ, દહિ, ઘૃત, જળ અને શર્કરા એ પંચામૃતનો પખાલ કરી પછી પૂજા કરીયે ને ફુલ ચઢાવીયે. પછી લૂણ ઉતારી આરતી ઉતારવી. પછી પ્રતિમાજી આડો પડદો રાખી સ્નાત્રીઆએ પોતાના નવ અંગે કંકુના ચાંલ્લા કરવા પછી પડદા કાઢી નાંખી મંગળદીવો ઉતારવો.)

મોગર લાલ ગુલાલ માલતી, ચંપક કેતકી વેલી ॥ કુંદ પિયંગુ નાગવર જાતિ, બોલસિરી શુચિ મેલી ॥ મો૦ ॥ ૧ ॥ ભૂમંડળ જળ મોકલે ફુલે, તે પણ શુદ્ધ અખંડી ॥ જિનપદ પંકજ જેમ હરિ પૂજે, તિણ પરે ભવિ તુમે મંડી ॥ મો૦ ॥ ॥ ૨ ॥ ગીત ॥ પારગ તેરે પદપંકજ પર, વિવિધ કસુમ સોહે ॥ ઓરનકું હૈ આક ધત્તુરે, તુમ સમો નવિ કોહે ॥ પા૦ ॥ ॥ ૧ ॥ વિવિધ કુસુમજાતિ સોહે, પાંચમી પૂજા પૂજે ॥ તવ ભવિજન રોગ સોગ, સવિ ઉપદ્રવ ધ્રૂજે ॥ પા૦ ॥ ૨ ॥

॥ ઇતિ શ્રી દેવપાલકવિ કૃત સ્નાત્રપૂજા સંપૂર્ણ ॥

પંડિત શ્રી દેવચંદ્રજીકૃત સ્નાત્રપૂજા.

(વિધિ પૃષ્ટ ૧ લામાં લખી છે તે પ્રમાણે કરવી.)

॥ ઢાળ ૧ લી ॥ પાંખડી ગાથા ॥

ચઉત્તિસે અતિસય જુઓ, વચનાતિસય જુત્ત ॥
સો પરમેસર દેખી ભવિ, સિંહાસણ સંપત્ત ॥ ૧ ॥

॥ ઢાળ ॥ સિંહાસન બેઠા જગ ભાણ, દેખી ભવિકજન ગુણમણિ ખાણ ॥ જે દીઠે તુજ નિર્મળ નાણ, લહિએ પરમ મહોદય ઠાણ ॥ કુસુમાંજલિ મેલો આદિ જિણંદા, તોરાં ચરણ કમળ સેવે ચોસઠ્ઠ ઇંદા ॥ કુ૦ ॥ ૧ ॥ ચોવીશ વૈરાગી, ચોવીશ સોભાગી, ચોવીશ જિણંદા ॥ કુસુમાં૦ ॥

(એમ કહી પ્રભુના ચરણે પૂજા કરીયે.)

॥ ગાથા ॥ જો નિયગુણ પજ્જવ રમ્યો, તસુ અનુભવ એગંત ॥ સુહ પુગ્ગલ આરોપતાં, જો તસુ રંગ નિરત્ત ॥ ૨॥

॥ ઢાળ ॥

જો નિજ આતમ ગુણ આણંદી, પુગ્ગલ સંગે જેહ અફંદી ॥ જે પરમેસર નિજ પદલીન, પૂજો પ્રણમો ભવ્ય અદીન ॥ કુસુમાંજલિ મેલો શાંન્તિજિણંદા ॥ તો૦ ॥ કુ૦ ॥૨॥

(એમ કહી પ્રભુના જાનુયે પૂજા કરીયે.)

॥ ગાથા ॥ નિમ્મલ નાણ પયાસકર, નિમ્મલ ગુણ સંપન્ન ॥ નિમ્મલ ધમ્મોવએસ કર, સો પરમપ્પા ધન્ન ॥ ૩ ॥

॥ ઢાળ ॥

લોકાલોક પ્રકાશક નાણી, ભવિજન તારણ જેહની વાણી ॥ પરમાનંદતણી નીશાણી, તસુ ભગતે મુજ મતિ ઠહરાણી ॥ કુસુમાંજલિ મેલો નેમજિણંદા ॥ તો૦ ॥ કુ૦ ॥ ૩ ॥

(એમ કહી પ્રભુના બે હાથે પૂજા કરીયે.)

॥ ગાથા ॥ જે સિજ્જા સિજ્જંતિ જે, સિજ્જંતિ અણંત ॥ જસુ આલંબન ઠવિય મણ, સો સેવો અરિહંત ॥૪॥

॥ ઢાળ ॥

શિવસુખ કારણ જેહ ત્રિકાળે, સમપરિણામે જગત નિહાળે ॥ ઉત્તમ સાધન માર્ગ દેખાડે, ઇંદ્રાદિક જસુ ચરણ પખાળે ॥ કુસુમાંજલિ મેલો પાસજિણંદા ॥ તો૦ ॥ કુ૦ ॥૪॥

(એમ કહી પ્રભુના બે ખંભાએ પૂજા કરીયે.)

॥ ગાથા ॥ સમદિઠ્ઠી દેસ જય, સાહુ સાહુણી સાર ॥ આચારિજ ઉવઝાય મુણિ ॥ જો નિમ્મલ આધાર ॥ ૫ ॥

॥ ઢાળ ॥

ચઉવિહ સંઘે જે મન ધાર્યું, મોક્ષતણું કારણ નિરધાર્યું ॥ વિવિહ કુસુમ વર જાતિ ગહેવી, તસુ ચરણે પણમંત ઠવેવી ॥ કુસુમાંજલિ મેલો વીરજિણંદા ॥ તો૦ ॥ કુ૦ ॥ ૫ ॥

(એમ કહી પ્રભુને મસ્તકે પૂજા કરીયે.)

॥ ઇતિ પાંખડી ગાથા ॥

(પછી અક્ષત લેવા.)

॥ વસ્તુછંદ ॥ સયલ જિનવર સયલ જિનવર, નમિય મનરંગ, કલ્લાણકવિહિ સંધવિય, કરિસ ધમ્મ સુપવિત્ત ॥ સુંદર સય ઇગસત્તરિ તિથ્થંકર, એક સમય વિહરંતિ મહિયલ, ચવન સમય ઇગવીસ જિણ, જમ્મ સમય ઇગવીસ ॥ ભત્તિય ભાવે પૂજીયા, કરો સંઘ સુજગીસ ॥ ૧ ॥

॥ ઢાળ ૨ જી ॥

(એક દિન અચિરા હુલરાવતી.—એ દેશી.)

ભવ ત્રીજે સમકિત ગુણ રમ્યા, જિન ભક્તિ પ્રમુખ ગુણ પરિણમ્યા ॥ તજિ ઇંદ્રિય સુખ આશંસના, કરી સ્થાનક વીશાની સેવના ॥ ૧ ॥ અતિ રાગ પ્રશસ્ત પ્રભાવતા, મન ભાવના એહવી ભાવતા ॥ સવિ જીવ કરૂં શાસનરસી, ઇસી ભાવદયા મન ઉલ્લસી ॥ ૨ ॥ લહી પરિણામ એહવું ભલું, નિપજાવી જિનપદ નિર્મલું ॥ આયુબંધ વચે એક ભવ કરી, શ્રદ્ધા સંવેગ તે થિર ધરી ॥ ૩ ॥ ત્યાંથી ચવિય લહે નરભવ ઉદાર, ભરતે તેમ ઐરવતેજ સાર ॥ મહાવિદેહે વિજયે વર પ્રધાન, મધ્યખંડે અવતરે જિન નિધાન ॥ ૪ ॥

॥ ઢાળ ૩ જી ॥ સુપનાની ॥

પુણ્યે સુપનહ દેખે, મનમાંહે હર્ષ વિશેષે ॥ ગજવર ઉજ્વલ સુંદર, નિર્મલ વૃષભ મનોહર ॥ ૧ ॥ નિર્ભય કેશરીસિંહ, લક્ષ્મી અતિહી અબીહ ॥ અનુપમ ફુલની માળ, નિર્મળ શશી સુકુમાળ ॥ ૨ ॥ તેજે તરણી અતિ દીપે, ઇંદ્રધ્વજા

જગ પૂરણ ઝીંપે ॥ પૂરણ કળશ પંડૂર, પદ્મસરોવર પૂર ॥૩॥ અગ્યારમે રયણાયર, દેખે માતા ગુણ સાયર ॥ .બારમે ભુવન વિમાન, તેરમે અનુપમ રત્ન નિધાન ॥ ૪॥ અગ્નિશિખા નિરધૂમ, દેખે માતાજી અનુપમ ॥ હર્ષી રાયને ભાસે, રાજા અરથ પ્રકાશે ॥ ૫ ॥ જગપતિ જિનવર સુખકર, હોશે પુત્ર મનોહર ॥ ઇંદ્રાદિક જસુ નમશે, સકલ મનોરથ ફળશે ॥ ૬॥

॥ વસ્તુ છંદ ॥ પુણ્યઉદય પુણ્યઉદય, ઉપના જિનનાહ ॥ માતા તવ રયણી સમે, દેખી સુપન હરખંતી જાગીય ॥ સુપન કહી નિજ કંતને, સુપન અરથ સાંભળો સોભાગીય ॥ ત્રિભુવન તિલક મહાગુણી, હોશે પુત્ર નિધાન ॥ ઇંદ્રાદિક જસુ પાય નમી, કરશે સિદ્ધિ વિધાન ॥ ૧ ॥

॥ ઢાળ ૪ થી ॥ ચંદ્રાવલાની દેશીમાં ॥

સોહમપતિ આસન કંપીયો, દેઈ અવધિ મન આણંદીયો ॥ નિજ આતમ નિર્મલ કરણ કાજ, ભવજળ તારણ પ્રગટયો ઝહાજ ॥ ૧ ॥ ભવઅડવી પારગ સથ્થવાહ, કેવળ નાણાઈય ગુણ અગાહ ॥ શિવ સાધન ગુણ અંકુરો જેહ, કારણ ઉલટયો આસાઢી મેહ ॥૨॥ હરખે વિકસી તવ રોમરાય, વલયાદિકમાં નિજ તનુ ન માય ॥ સિંહાસનથી ઉઠયો સુરિંદ, પ્રણમંતો જિન આનંદકંદ ॥ ૩ ॥ સગ અડ પય સામો આવી તથ્થ, કરી અંજલીય પ્રણમીય મથ્થ ॥ મુખે ભાંખે એ ક્ષણ આજ સાર, તિય લોય પહુ દીઠો ઉદાર ॥૪॥

રૈરે નિસુણો સુરલોય દેવ, વિષયાનલ તાપિત તુમ સવેવ ॥ તસુ શાંન્તિ કરણ જળધર સમાન, મિથ્યા વિષ ચૂરણ ગરૂડ વાન ॥ ૫ ॥ તે દેવ સકળ તારણ સમથ્થ, પ્રગટયો તસ પ્રણમી હુવો સનાથ ॥ એમ જંપી શક્રસ્તવ કરેવિ, તવ દેવ દેવી હરખે સુણેવિ ॥ ૬ ॥ ગાવે તવ રંભા ગીત ગાન, સુરલોક હુવો મંગલ નિધાન ॥ નરક્ષેત્રે આરજવંશ ઠામ, જિનરાજ વધે સુર હર્ષ ધામ ॥ ૭ ॥ પિતા માતા ઘરે ઉત્સવ અશેષ, જિનશાસન મંગલ અતિ વિશેષ ॥ સુરપતિ દેવાદિક હર્ષ સંગ, સંયમઅર્થી જનને ઉમંગ ॥ ૮ ॥ શુભ વેળા લગને તીર્થનાથ, જનમ્યા ઇંદ્રાદિક હર્ષ સાથ ॥ સુખ પામ્યા ત્રિભુવન સર્વ જીવ, વધાઈ વધાઈ થઈ અતીવ ॥ ૯ ॥

(પછી ચૈત્યવંદન જયવીયરાય અરધા સુધી કહેવું. પછી હાથ ધોઈ લુશી નાંખવા, ને એક નવકાર ગણી કળશને ધૂપ દઈ હાથમાં લઇને લુગડું ઢાંકી નીચે પ્રમાણે કળશ કહેવો.)

॥ ઢાળ ૫ મી ॥

(શ્રી શાંન્તિજિનનો કળશ કહીશું, પ્રેમ સાગર પૂર—એ દેશી.)

શ્રી તીર્થપતિનું કળશ મજ્જન, ગાઇએ સુખકાર ॥ નરખિત્ત મંડણ દુહ વિહંડણ, ભવિક મન આધાર ॥ તિહાં રાવ રાણા હર્ષ ઉત્સવ, થયો જગ જયકાર ॥ દિશિકુમરી અવધિ વિશેષ જાણી, લહ્યો હર્ષ અપાર ॥ ૧ ॥ નિય અમર અમરી સંગ કુમરી, ગાવતી ગુણછંદ ॥ જિન જનની પાસે આવી પોહોતી, ગહગહતી આણંદ ॥ હે માય ! તેં જિન-

રાજ જાયો, શુચિ વધાયો રમ્મ ॥ અમ જમ્મ નિમ્મલ કરણ કારણ, કરીશ સૂઈકમ્મ ॥ ૨ ॥ તિહાં ભૂમિ શોધન, દીપ દર્પણ, વાય વીંજણ ધાર ॥ તિહાં કરીય કદલી, ગેહ જિનવર, જનની મજ્જનકાર ॥ વરરાખડી જિનપાણી બાંધી, દીયે એમ આશીષ ॥ જુગ કોડાકોડી ચિરંજીવો, ધર્મદાયક ઈશ ॥ ૩ ॥

(આ ઠેકાણે દર્પણ ચમર વીંઝવું.)

॥ ઢાળ ૬ ઠ્ઠી ॥ એકવીશાની ॥

(જગનાયકજી ત્રિભુવન જન હિતકાર એ—એ દેશી.)

જિણ રયણીજી, દશદિશિ ઉજ્જવલતા ધરે ॥ શુભ લગનેજી, જ્યોતિષ ચક્ર તે સંચરે ॥ જિન જનમ્યાજી, જેણે અવસર માતા ઘરે ॥ તેણે અવસરજી, ઇંદ્રાસન પણ થરહરે ॥

॥ ત્રુટક ॥

થરહરે આસન ઇંદ્ર ચિંતે, કોણ અવસર એ બન્યો ॥
જિન જન્મ ઉત્સવકાળ જાણી, અતિહી આનંદ ઉપન્યો ॥
નિજ સિદ્ધિ સંપત્તિ હેતુ જિનવર, જાણી ભકતે ઉમ્મહ્યો ॥
વિકસિત વદન પ્રમોદ વધતે, દેવ નાયક ગહગહ્યો ॥ ૧ ॥

(આ ઠેકાણે ઘટનાદ કરાવવો.)

॥ ઢાળ ॥

તવ સુરપતિજી, ઘંટાનાદ કરાવ એ ॥ સુરલોકેજી, ઘોષણ એહ દેવરાવ એ ॥ નરક્ષેત્રેજી, જિનવર જન્મ હુઓ અછે ॥ તસુ ભગતેજી, સુરપતિ મંદર ગિરિ ગછે ॥

॥ ત્રુટક ॥

ગચ્છેતિ મંદર શિખર ઉપર, ભવનજીવન જિનતણો ॥ જિન જન્મઉત્સવ કરણ કારણ, આવજો સવિ સુરગણો ॥ તુમ શુદ્ધ સમકિત થાશે નિર્મલ, દેવાધિદેવ નિહાલતાં ॥ આપણાં પાતિક સર્વ જાશે, નાથ ચરણ પખાલતાં ॥ ૨ ॥

॥ ઢાળ ॥

એમ સાંભળીજી, સુરવર કોડી બહુ મલી ॥ જિન વંદનજી, મંદરગિરિ સામા ચલી ॥ સોહમપતિજી, જિન જનની ઘર આવીયા ॥ જિન માતાજી, વંદી સ્વામિ વધાવીયા ॥

(આ ઠેકાણે અક્ષતથી વધાવવા.)

॥ ત્રુટક ॥ વધાવીયા જિન હર્ષ બહુલે, ધન્ય હું કૃતપુણ્ય એ ॥ ત્રૈલોક્યનાયક દેવ દીઠો, મુજ સમો કોણ અન્ય એ ॥ હે જગત જનની પુત્ર તુમચો, મેરૂ મજ્જન વર કરી ॥ ઉત્સંગ તુમચે વલિય થાપિશ, આતમા પુણ્યે ભરી ॥ ૩ ॥

॥ ઢાળ ॥

સુર નાયકજી, જિન નિજ કરકમલે ઠવ્યા ॥ પંચ રૂપેજી, અતિશે મહિમાએ સ્તવ્યા ॥ નાટક વિધિજી, તવ બત્રીશ આગળ વહે ॥ સુર કોડીજી, જિન દર્શનને ઉમ્મહે ॥

॥ ત્રુટક ॥ સુર કોડાકોડી નાચતી વળી, નાથ શુચિગુણ ગાવતી ॥ અપ્સરા કોડી હાથ જોડી, હાવ ભાવ દેખાવતી ॥ જયો જયો તું જિનરાજ જગગુરૂ, એમ દે આશીષ એ ॥ અમ્હ ત્રાણ શરણ આધાર જીવન, એક તું જગદીશ એ॥૪॥

॥ ઢાળ ॥

સુર ગિરિવરજી, પાંડુક વનમેં ચિહું દિશે ॥ ગિરિ શિલા પરજી, સિંહાસન સાસય વસે ॥ તિહાં આણીજી, શક્રે જિન ખોળે ગ્રહ્યા ॥ ચૌસઠ્ઠ જી, તિહાં સુરપતિ આવી રહ્યા ॥

॥ ત્રુટક ॥ આવીયા સુરપતિ સર્વ ભકતે, કળશ શ્રેણી બનાવ એ ॥ સિદ્ધાર્થ પમુહા તીર્થ ઔષધિ, સર્વ વસ્તુ અણાવ એ ॥ અચ્ચુઅપતિ તિહાં હુકમ કીનો, દેવ કોડા કોડીને ॥ જિન મજ્જનારથ નીર લાવો, સવે સુર કર જોડીનો॥૫॥

॥ ઢાળ ૭ મી ॥

(શાંન્તિને કારણે ઈંદ્ર કલશા ભરે.—એ દેશી.)

આત્મસાધન રસી દેવ કોડી હસી, ઉલસીને ધસી ક્ષીરસાગર દિશી ॥ પઉમદહ આદિ દહ ગંગપમુહા નઈ, તીર્થજળ અમલ લેવા ભણી તે ગઈ ॥ ૧ ॥ જાતિ અડ કળશ કરી સહસ અઠ્ઠોતરા, છત્ર ચામર સિંહાસણ શુભતરા ॥ ઉપગરણ પુપ્ફ ચંગેરી પમુહા સવે, આગમે ભાષીયા તેમ આણી ઠવે ॥ ૨ ॥ તીર્થજળ ભરિય કર કળશ કરી દેવતા, ગાવતા ભાવતા ધર્મ ઉન્નતિરતા ॥ તિરિય નર અમરને હર્ષ ઉપજાવતા, ધન્ય અમ શક્તિ શુચિ ભક્તિ એમ ભાવતા ॥ ॥ ૩ ॥ સમકિતબીજ નિજ આત્મ આરોપતા, કળશ પાણી મિષે ભક્તિજળ સીંચતા ॥ મેરૂ સિહરોવરે સર્વ આવ્યા વહી, શક્ર ઉત્સંગ જિન દેખી મન ગહગહી ॥ ૪ ॥

॥ વસ્તુ છંદ ॥

હંહો દેવા હંહો દેવા અણાઈ કાલો, અદિટ્ઠ પુવ્વો તિ-લોય તારણો તિલોય બંધુ, મિચ્છત્ત મોહવિદ્ધંસણો અણાઈ તિન્હા વિણાસણો, દેવાહિદેવો દિટ્ઠ બોહિય કામેહિં ॥ ૫ ॥

॥ ઢાળ તેહીજ ॥

એમ પભણંત વણ ભવણ જોઈસિરા, દેવ વેમાણિયા ભત્તિ ધમ્માયરા ॥ કેવિ કપ્પટ્ઠિયા કેવિ મિત્તાણુગા, કેવિ વર રમણિ વયણેણ અઈ ઉચ્છુગા ॥ ૬ ॥

॥ વસ્તુ છંદ ॥

તત્થ અચ્ચુય, તત્થ અચ્ચુય ઈંદ આદેસ ॥ કર જોડી સવિ દેવગણ, લેય કળસ આદેસ પામિય ॥ અદ્‌ભુત રૂપ સરૂપ જુઅ, કવણ એહ ઉત્સંગે સામિય ॥ ઈંદ્રિ કહે જગ તારણો, પારગ અમ પરમેસ ॥ નાયક દાયક ધમ્મ નિહિ, કરિયે તસુ અભિસેસ ॥ ૭ ॥

(એમ કહી કળશમાંથી અરધું જળ નામવું. પછી
નિચે પ્રમાણે કહેવું)

॥ ઢાળ ૮ મી ॥

(તીર્થંકમળદલ ઉદક ભરીને પુષ્કર સાગર આવે.—એ દેશી.)

પૂરણ કળશ શુચિ ઉદકની ધારા, જિનવર અંગે નામે ॥ આતમ નિર્મલ ભાવ કરંતા, વધતે શુભ પરિણામે ॥ અચ્યુતાદિક સુરપતિ મજ્જન, લોકપાલ લોકાંત ॥ સામાનિક ઈંદ્રાણી પમુહા, એમ અભિષેક કરંત ॥ ૧ ॥

॥ ગાહા ॥

તવ ઈસાણ સુરિંદો, સક્કં પભણેઇ, કરઇ સુપસાઓ ॥ તુમ અંકે મહપ્પાહો, પણમિત્તં અમ્હ અપ્પેહ ॥ ૨ ॥ તા સિકિંદો પભણેઇ, સાહમી વચ્છલંમિ બહુ લાહો ॥ આણા એવં તેણં, ગિન્હિહવ્વો ઉક્કયથ્થાભો ॥ ૩ ॥

(એમ કહી સર્વે સ્નાત્રિયા કળશ ઢાળે, અને મુખથી નિચે પ્રમાણે પાઠ કહે.)

॥ ઢાળ તેહીજ ॥

સોહમ સુરપતિ વૃષભરૂપ કરી, ન્હવણ કરે પ્રભુ અંગ ॥ કરિય વિલેપણ પુપ્ફમાલ ઠવિ, વર આભરણ અભંગ ॥ તવ સુરવર બહુ જય જયરવ કરી, નાચે ધરી આણંદ ॥ મોક્ષ માર્ગ સારથપતિ પામ્યો, ભાંજશું હવે ભવ ફંદ ॥ ૪ ॥ કોડિ બત્રીશ સોવન ઉવારી, વાજંતે વરનાદે ॥ સુરપતિ સંઘ અમર શ્રી પ્રભુની, જનનીને સુપ્રસાદે ॥ આણી થાપી એમ પયંપે, અમ નિસ્તરિયા આજ ॥ પુત્ર તમારો ધણી હમારો, તારણ તરણ ઝહાજ ॥૫॥ માત જતન કરી રાખજો એહને, તુમ સુત અમ આધાર ॥ સુરપતિ ભક્તિ સહિત નંદીશ્વર, કરે જિનભક્તિ ઉદાર ॥ નિય નિય કપ્પ ગયા સવિ નિર્જ્જર, કહેતાં પ્રભુ ગુણસાર ॥ દીક્ષા કેવળજ્ઞાન કલ્યાણક, ઇચ્છા ચિત્ત મઝાર ॥ ૬ ॥ ખરતરગચ્છ જિન આણારંગી, રાજ- સાગર ઉવઝાય ॥ જ્ઞાન ધર્મ દીપચંદ સુપાઠક, સુગુરૂતણે સુ- પસાય ॥ દેવચંદ્ર જિનભકતે ગાયો, જન્મ મહોત્સવ છંદ ॥

બોધબીજ અંકૂરો ઉલસ્યો, સંઘ સકલ આનંદ ॥ ૭ ॥

॥ કળશ ॥ રાગ વેલાવલ ॥

એમ પૂજા ભકતે કરો, આતમહિત કાજ ॥ તજિય વિભાવ નિજ ભાવમેં, રમતા શિવરાજ ॥ એમ૦ ॥ ૧ ॥ કાળ અનંતે જે હુઆ, હોશે જેહ જિણંદ ॥ સંપય સીમંધર પ્રભુ, કેવળનાણ દિણંદ ॥ એમ૦ ॥ ૨ ॥ જન્મમહોત્સવ એણીપરે, શ્રાવક રૂચિવંત ॥ વિરચે જિન પ્રતિમાતણો, અનુમોદન ખંત ॥ એમ૦ ॥ ૩ ॥ દેવચંદ્ર જિન પૂજના, કરતાં ભવપાર ॥ જિનપડિમા જિન સારખી, કહી સૂત્ર મઝાર ॥ ॥ એમ પૂજા ભકતે કરો ॥ ૪ ॥

(પછી પ્રભુજીને શુદ્ધ જળથી પખાળ કરી અંગલુહણા ત્રણ કરી કેશર ચંદનથી પૂજા કરી પુષ્પ ચડાવી ધૂપ કરી અક્ષત, ફળ, નૈવેદ્ય મૂકી આરતી તથા મંગળદીવો ઉતારવો)

॥ ઇતિ પંડિત શ્રી દેવચંદ્રજીકૃત સ્નાત્રપૂજા સમાપ્ત ॥

પંડિત શ્રી રૂપવિજયજીકૃત સ્નાત્રપૂજા.

(વિધિ પૃષ્ટ ૧ લામાં લખી છે તે પ્રમાણે કરવી.)

॥ આર્યા ॥

મુક્તાલંકારવિકારસારં, સૌમ્યત્વકાંતિકમનીયં ॥ સહજનિજરૂપનિર્જિત, જગત્રયં પાતુ જિનબિંબ ॥ ૧ ॥ અવણિયકુસુમાહરણં, પયઇ પયડ્ડિઅ મણોહરચ્છાયં ॥ જિણ

રૂવં મજ્જણપીઠ, સંઠિઅં વોસિંવં દિસઉ ॥ ૨ ॥ સયવત્ત કુંદમાલઈ, બહુવિહ કુસુમાઈ પંચ વન્નાઈ ॥ જિણનાહન્હવણકાલે, દિંતિ સુરા કુસુમાંજલિ હિઠ્ઠા ॥ ૩ ॥

॥ દોહા ॥

સયલ સુરાસુર નરવરા, જસુ વાણી લયલીણ ॥
સો પરમાતમ અચીસઇ, ઠવો સિંહાસણ પિણ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ ચઉતિસય અઇસય જસ સોહે, પણતીસ વયણગુણે જગમોહે ॥ પ્રાતીહારય અડ સંયુત જોહે ॥ સિંહાસણ ઠિય ભવિ પડિબોહે ॥૧॥ કુસુમાંજલિ મેલ્હો આદિ જિણંદા ॥ તોરાં ચરણકમલ સેવે ચૌસઠ ઈંદા ॥કુસુ૦ ॥ગાથા॥ આર્યા ॥ ગંધાઇઢ્ઢિય મહુઅર, મણહરઝંકાર સદ્દસંગીયા ॥ જિનચલણોવરિ મુક્કા, હરઉ તુહ્મ કુસુમાંજલિ દુરિઅં ॥ ૧ ॥

(એ ગાથા સાતે કુસુમાંજલિમાં ફુલ ચઢાવતી વેળાએ ભણવી.)

॥ દોહા ॥

દ્રવ્ય ભાવ મિથ્યાતનો, ઘાયક દાયક મુખ્ખ ॥
તસુપય સેવિ ભવિયણા, પામો સાશય સુખ્ખ ॥ ૨ ॥

॥ ઢાળ ॥ ઈંદ નરીંદ મુણીંદ દિણંદા, સેવે ભાવે પદ અરવિંદા ॥ પામે તે શિવસુખ આણંદા, ટાલે મિથ્યાત અનાદિ કુફંદા ॥ ૨ ॥ કુ૦ ॥ અજિત જિણંદા ॥ ૨ ॥

॥ દોહા ॥

મોહસહિત ઘાતી ચઉ, ખઈ લહે કેવળનાણ ॥

નિજ ગુણપર્યવમેં રમે, તે પૂજો જિનભાણ ॥ ૩ ॥

॥ ઢાળ ॥ કેવળનાણ દિવાયર સામી, તસુ પય સેવા ભવિ શિરનામી ॥ નિજ આતમ તારણ પ્રભુ પામી, પૂજો પ્રેમે અંતરજામી ॥ ૩ ॥ કુ૦ ॥ શાંન્તિજિણંદા ॥ ૩ ॥

॥ દોહા ॥

અજર અમર નિકલંક જે, અવિનાશી અવિકાર ॥
સિદ્ધબુદ્ધ પરમાતમા, પૂજી લહો ભવપાર ॥ ૪ ॥

॥ ઢાળ ॥ જે નિજ નિરમલ ગુણમાં લીણા, પરમમહોદય સંપત્પીણા ॥ પરમાણંદ સહાવમાં ભીણા, તસુ પય પ્રણમો થઈ આધીણા ॥ ૪ ॥ કુ૦ ॥ પાસજિણંદા ॥ ૪ ॥

॥ દોહા ॥

નિદ્રા તંદ્રા ભયદિશા, અરતિ શોકને મોહ ॥
રાગ દ્વેષ મદ ભંજણો, પૂજો પહુ ગતલોહ ॥ ૫ ॥

॥ ઢાળ ॥ સિંહાસણ બેઠા જગભાણ, લોયાલોય પયાસક જાણ ॥ પૂજો ધ્યાવો ધરી સુહઝાણ, જ્યું હો નિમ્મલ કેવળનાણ ॥ ૫ ॥ કુ૦ ॥ વીરજિણંદા૦ ॥ ૫ ॥

॥ દોહા ॥

કેવલનાણ પયાસકર, ચઉવિહ સંઘાધાર ॥
સીમંધર પહુ વિહરતા, પૂજો અષ્ટપ્રકાર ॥ ૬ ॥

॥ ઢાળ ॥ સમકિત દેશવિરતિ નરનારી, સાહુ સાહુણી મહાવ્રતધારી ॥ ભરતક્ષેત્ર મધ્યખંડ વિહારી, વંદે પ્રભુની

પ્રભુતા સંભારી ॥ ૬ ॥ કુસુમાંજલિ મેલ્હો સીમંધર દેવા ॥
ચોસઠ્ઠિ ઇંદ્રિ કરે જસ સેવા ॥ કુ૦ ॥ સીમંધર દેવા ॥ ૬ ॥

॥ દોહા ॥

અતીત અનાગત સંપ્રતિ, વિચરે જેહ દયાલ ॥
તસ પદ પૂજી ભવિજના, પામો સુખ રસાલ ॥ ૭ ॥

॥ ઢાળ॥ જાઇ જુઇ મચકુંદની માલ, ચંપક દમણો મરૂઓ રસાલ ॥ વેલિ વાસંતિ અરવિંદ જાલ, પૂજી લહો ભવિ મંગળમાળ ॥ કુસુમાંજલિ મેલ્હો સયલ જિણંદા ॥ તોરાં ચરણકમલ૦ ॥ ચોવીશ સૌભાગી ચોવીશ જિણંદા ॥૭॥ કુ૦ ॥

॥ ઇતિ કુસુમાંજલિ સંપૂર્ણ ॥

॥ દોહા ॥

ઉક્કોસય સત્તરિ સયા, જિણવર જગ શિણગાર ॥
ચવણ જનમ એક સમયમાં, વિશ વિશ નિરધાર ॥૧॥
પંચ ભરહ પંચ ઐરવય, જહન્નપઇ દસ જોય ॥
જે જિનનો કણુયાચલે, જનમમહોત્સવ હોય ॥ ૨ ॥
તિણવિધ સાવય સાવિયા, સ્નાત્ર કરે શુભ ભાવ ॥
પૂજા કરતાં પૂજ્યની, પૂજક પૂજ્યા સહાય ॥ ૩ ॥

॥ ઢાળ ॥ સોહાગણી ॥ એ દેશી ॥

હાંરે અરિહંત ૧. સિદ્ધ ૨, પવયણ ૩, ગુરૂ ૪, થિવિર ગુણવંતરે ૫, ॥ બહુસુય ૬, તપસી ૭, ની, વાછલ્યતા કરે તંતરે ॥ નાણઉવઉગીનિત ૮, દંસણ ૯, વિનયપહાંણરે ૧૦॥

ચારિત્ત ૧૧, બંભયારી ૧૨, ખિણલવ નિમ્મલઝાણુરે ૧૩ ॥ ૧ ॥ બહુવિહ તપ ૧૪, સેવી સાહૂભગતિ ૧૫, કરે સાર રે ॥ દશવિહ છહૂવિહની, વૈયાવચ્ચ ૧૬, પ્રકારરે ॥ ગુરૂ ચિત્ત સમાહિ ૧૭, ભણે અપૂરવ નાણુરે ૧૮ ॥ શ્રુતભગતિ ૧૯, પ્રભાવક ૨૦, સેવી વિશે ઠાણુરે ॥ ૨ ॥ જિનપદ ભવિ પામે, જગત્ જંતૂ આધારરે ॥ અહવા ઇગ દૂગ કોઈ, સેવી સેણિક પરે સારરે ॥ સાધુને શ્રાવક, સાધવિ સાવિયા ખાસરે ॥ એ થાનિક સેવી, જિનપદ પામે ઉલ્લાસ રે ॥ ૩ ॥

॥ છંદ ચાલ ॥ ઇમિ વિશથાનિક તપ આરાધિ, સાધ્ય સાધી શુભપરે ॥ સુરલોકો સુરપતિ અધિક મહિમા, વંત સુરસુખ અનુસરે ॥ જિનરાજ જિન પ્રતિમાતણી કરી, સંઘ ચઉવિહ સેવના ॥ નરક્ષેત્રે આરજવંશ ઉપના, ગુણ સ્તવું તેહ દેવના ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(એક દિન અચિરા હુલરાવતી.—એ દેશી.)

નરખેત્રે કરમભૂમી ભલી, તજી સ્વર્ગ જિહાં પ્રભુ મનરૂલી ॥ તે ધન્ય પુરી જીહાં જગધણી, અવતરીયા ક્ષત્રીયવંશમણિ ॥ રાજાધિરાજ મહારાજ ધરે, સર્વોત્તમ લીલા કલિયવરે ॥ ગુણ રૂપવતી શુભ શીલવતી, તસ કૂખે ઉપજે જિનપતી ॥ ૨ ॥ મઈ, સુઅ, ઓહી તિહું નાણ ધરે, અશિવોપદ્રવ સવિ દૂર કરે ॥ નારકી પણ ક્ષણ એક સુખ જહે, સુખિયાં જન પરમાનંદ વહે ॥ ૩ ॥

॥ દોહા ॥

ચઉદ સુપન ચતૂરા તદા, દેખે જિનવર માય ॥
ચઉદ ભૂવનનાયક વિભૂ, જબ ગરભે રહે આય ॥ ૧ ॥

॥ ઢાળ ॥

પહેલે સુપનેએ માત, ગયવર દીઠો વિખ્યાત ॥ બીજે વૃષભ સોહાવે, બોધિબીજ માનું વાવે ॥ ૧ ॥ સિંહ પરાક્રમી દેખે, ત્રીજે હરખ વિશેષે ॥ ચોથે લખમી એ દેખે, ફુલમાળ સુવિશેષે ॥ ૨ ॥ છઠ્ઠે શશિધર દીઠો, સાતમે સૂર્ય ઉકિઠ્ઠો ॥ ધ્વજપટ આઠમે જાસ, જળભૃત કુંભ તે ખાસ ॥ ૩ ॥ દશમે પદ્મ સરોવર, વિકસિત કમલ સુમનોહર ॥ રત્નાકર જલ મધૂકર, દેખે ઇગ્યારમે સુખકર ॥ ૪ ॥ ભુવન વિમાન તે દેખે, બારમે હરષ વિશેષે ॥ તેરમે રત્નની રાશિ, નિર્ધૂમ અગનિ એ ખાસી ॥ ૫ ॥ ચઉદ સુપન લહ્યાં એહ, માય હરષ ન દેહ ॥ આવી કંતને ભાખે, પીઉ તવ અરથ એ દાખે ॥ ૬ ॥ જગનાયક જિનભાણ, હોશ્યે પુત્ર સુજાણ ॥ ચોસઠ્ઠિ સુરપતિ જાસ, વહશ્યે આણ એ ખાસ ॥ ૭ ॥

॥ છંદ ચોપઇયા ॥

સિંહાસન કંપે સુરપતી જંપે, એહ કિશ્યો ઉતપાત ॥
તવ અવધિ પ્રયુંજે શુભમતી ગુંજે, જાણે જિન વિખ્યાત ॥
ગરભે અવતરીયા પુણ્યે ભરીયા, ઉદ્ધરિયા કૂળ જાત ॥ ધન્ય માનવભવ પુણ્ય સમુદ્ભવ, જિહાં પ્રભુ હોશ્યે ખ્યાત ॥

॥૧॥ એમ ઉલસિત કાયા હર્ષ ભરાયા, ઉઠે સવિ સુરરાય ॥ જિન જનમહિશાએ અધિક ઉછાહે, સાત આઠ પદ સામા જાય ॥ જઇ કરકજ જોડી પાતિક મોડી, તોડી ભવનો પાશ ॥ શક્રસ્તવ ભાખે સુરવર સાખે, દાખે ભક્તિ પ્રકાશ ॥ ૨ ॥ ભો ! ભો ! સુણો દેવા સમકિત મેવા, દાયક શ્રી ભગવંત ॥ અમ પૂરવ પુણ્યે અતિ અગન્યે, ગરભે રહ્યા છે તંત ॥ વિષયાનલ ઝાલે અતિ વિકરાલે, દાઝયા જીવ અનંત ॥ તસ દુઃખ સવી ટારે દેશનાધારે, જનમ લહી જયવંત ॥ ૩ ॥ ધન્ય ધન્ય જિન માતા જગવિખ્યાતા, ગરભે રહ્યા જિન જાસ ॥ સુર સઘળા જોશ્યે પૂરણ હોશ્યે. અમ મનડાની આશ ॥ ઇમ કહી હરિ આવે સઘળા ભાવે, જિન જનનીની પાસ ॥ કહે તુમ સુત હોશ્યે જગજસ મોહશ્યે, જસ સુરપતિ સહુ દાસ ॥ ૪ ॥ એમ સવિ સુરરાજા સ્તવી ગુણ તાજા, ગયા આપણે ઠામ ॥ જિન ભગતે રસિયા અતિ ઉલ્લસિયા, અઠ્ઠાઇ મહોચ્છવ તામ ॥ કરી અધિક ઉમંગે સમકિત સંગે, સુરપતિ સઘળા તેહ ॥ શુભરાશિ ચઢાઇ પુણ્ય સવાઇ, સુખ વિલસે સસનેહ ॥ ૫ ॥

॥ દોહા ॥

પરભાતે પ્રથવીપતિ, સુપનશાસ્ત્રના જાણ ॥
તેડી પૂછે સુપનફળ, તવ તે કહે સુજાણ ॥ ૧ ॥
ચઉદલોકનાયક ચતુર, સુરપતિ સેવિત પાય ॥

તીર્થંકર ફૂળ તુમતણે, હોસ્યે જગસુખદાય ॥ ૨ ॥

(પછી ચૈત્યવંદન જયવીયરાય સુધી કહી ખમાસમણ દેઇ, કળશ લેઇને ઉભા રહેવું.)

॥ અથ કળશ ॥

નરખેત મંડણ દુઃખ વિહંડણ, સંઘનાયક નાહ ॥ તસ જનમખિણે અનુકૂળ વાયુ, ભૂમિ ફરસી સુખાહ ॥ નિસપન્ન-મેયણિ વૃક્ષફલભર, ફુલ પત્ત સુરમ્મ ॥ ગહઉચ્ચ સઉણ નિમિત્ત સુંદર, જોગહોઈ સમ ॥ ૧ ॥ શુભ લગ્ન શુદ્ધનવાંશ-વેલા, કેંદ્રથાનિક તામ ॥ ગ્રહ સૌમ્યકારી દુરિતવારી, ચતુ-સાગર નામ ॥ એ જોગે શ્રી જિનરાજ જન્મ્યા, મધ્યરજની જામ ॥ પરસન્ન સઘળી દિશા દીસે, સયલ જગ સુહધામ ॥ ॥૨॥ તવ તીનલોકે હુઓ તત્ક્ષણ, અંધકાર વિનાશ ॥ મહા-દુઃખ ભાયણ નારકી ક્ષણ, લહ્યાં સુખ નિવાસ ॥ તવ રોગ સોગ વિયોગ દુઃખડાં, દુહગ નાઠાં દૂર ॥ તવ સયલ જન મન માંહિ વર્ત્યો, અતિ આણંદ પૂર ॥ ૩ ॥ તવ દિશાકુમરીતણા થરહર, કંપિયાં આસન્ન ॥ જિનજન્મ અવધિજ્ઞાને દેખી, હરષ પામી મન્ન ॥ અન્યોન્ય તેડી જુગતિ જંપે, જનમિયા જિન-રાજ ॥ તસ જનમ સૂતિક કાર્ય સેવા, કરી લહો શિવરાજ ॥૪॥

॥ છંદ ચોપાઇયા ॥

જોયણમાણે રચી વિમાણે, દેવદેવી પરિવાર ॥ સહુ જિ-નઘર આવે ભાવના ભાવે, પરદખણા તિઅ સાર ॥ જિન-જનની વંદી પાપ નિકંદી, આણંદી ગુણ ગાય ॥ ત્રિભુવન

નેતા જિનપ જનેતા, નમસ્કાર તુઝ માય ॥ ૧॥ જિનઘરથી જોયણ ખેત્રસમારી, વરસી સુગંધી નીર ॥ જલ થલને ફુલે અતિબદ્ધમૂલે, જાનુપ્રમાણે ધીર ॥ કૃષ્ણાગર ધૂપે મનની ચૂપે, કરી જિનના ગુણ ગાય ॥ એક કળશ દીપ દર્પણને વીંજણ, ચામર કર સોહાય ॥ ૨ ॥ રંભાઘર રચિયા ભાવે મચીયા, નવરાવે જિનમાત ॥ જિનજનની હાથે રક્ષાપોટલી, બાંધે કરી શુચિગાત ॥ જિનવર ગુણ ગાઈ હરષ ન માઈ, કહે જીવો જગદિશ ॥ સુરગિરિ સમ આયુ હો તુમ કેરૂં, ધરમ ધુરંધર ઈશ ॥ ૩ ॥

॥ દોહા ॥

સુરગિરિપરે થિર સુરપતિ, આસન કંપ્યું જામ ॥
ઓહિનાણ ઉવયોગથી, જિન જન્મ્યા લહે તામ ॥ ૧॥

॥ ઢાળ ॥

(હાં રે શ્રી શાંન્તિજિનેશ્વર.—એ ચાલ.)

તવ સિંહાસનથી, ઉઠી સવિ સૂરરાયરે ॥ જિનજનમ દિશાઈ, સાત આઠ પદ જાયરે ॥ શક્રસ્તવ ભાખી, સિંહાસન નિજ આયરે ॥ જિન જનમ મહોચ્છવ, કરવા હરષ ભરાય રે ॥ ૧ ॥ પાદાત્ય કટકપતિ, નૈગમેષી બોલાયરે ॥ હરિ ભાષે સુઘોષા, ઘંટા શીઘ્ર વજાયરે ॥ સુર આણાકારી, જાય બજાવે જામરે ॥ તવ લાખ બત્રીસે, ઘંટા રણઝણી તામરે ॥ ॥ ૨ ॥ સુરપતિ આણાઈ, ઘોષણા કરે સુર તેહરે ॥ ભો !

ભો ! સુણો દેવા, નરખેત્રે ગુણગેહરે ॥ જિન જન્મમહોચ્છવ, કરવા સુરપતિ જાયરે ॥ તિણે તુમે પણ વેગા, આવો ભગત મન લાયરે ॥ ૩ ॥ જિન ભગતિના રસીયા, સમકિતદૃષ્ટિ જેહરે ॥ મારગ અનુસારી, હરખ્યા સુરગણ તેહરે ॥ હરિ જિનઘર આવી, જિનજનની પ્રણમંતરે ॥ કહે ધન્ય સકૂળ તુજ, જીવિત ભાગ્ય અનંતરે ॥ ૪ ॥ તેં જગ સુખદાઈ, જાયો પુત્ર રતન્નરે ॥ તસ જન્મમહોચ્છવ કરી, સુચિ કરસ્યું તન્નરે ॥ કરી પંચરૂપ હરિ, કનકાચળ લેઇ જાયરે ॥ જિન ખેત્રદિશાને, સિંહાસનપર ઠાયરે ॥ ૫ ॥ છંદ ॥ હવે ઇંદ્રિસયલ જિણંદસેવા, કરણ સુરગણ સંજુઆ ॥ સુરશૈલ આવે ભક્તિ ભાવે, દેવગુણ મુહ સંથુઆ ॥ તિણલોક નાયક સુગતિ દાયક, આજ ભાગ્ય થકી લહ્યા ॥ ધન જમ્મ જીવિય સત્તિ અમચી, દેવ એમ સહુ ઉમહ્યા ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(એક મિથ્યાત અસંયમ અવિરતિ દૂર કરી,
શિવ વસીયાજી.—એ ચાલ.)

હવે અચ્યુત સુરપતિ જિન ભગતિ, કરવા મન ઉલ્લસીયાજી ॥ આભિયોગિક સુર તેડી ભાખે, સુણો જિનભગતિના રસીયાજી ॥ અરિહંત જન્મ સનાથ સામગ્રી, સઘળી અમપુર લાવોજી ॥ જગબંધુ કરૂણારસ સિંધુ, જોઈ આણંદ પાવોજી ॥ ૧ ॥ કનક રૂપ્પ મણિ કનકમણિના, રૂપ્યમણિના સારજી ॥ રજત કનકને ત્રણ્યના ભેલા, મૃતકતણા ઉદાર

જી ॥ અડ સહસ એકેક જાતિના, ચોસઠ્ઠ સહસતે થાયજી ॥ ફુલ ચંગેરી છત્તર ચામર, દરપણ વિંજણ વાયજી ॥ ૨ ॥ રયણ કરંડક તેલ સમુર્ગક, થાલપાત્રી સુખદાયજી ॥ ખીરોદક ગંગોદક કુંડોદક, દ્રહઉદક આદાઇજી ॥ કુલગિરિ સુરગિરિ ગજદંતાગિરિ, વેયઢ દીરઘ ગોલજી ॥ જમક સમક કંચનગિરિ જાણો, તેમ વખારા શોલજી ॥ ૩ ॥ બાવનાચંદન અગરઓષધી, સિદ્ધારથ સુખદાઇજી ॥ મોગર માલતી ચંપક કેતકી, જાઈ જુઈ સુહાઈજી ॥ કમલ વાસંતી મચકુંદ મરૂઓ, તીરથ મૃત્તિકા સારીજી ॥ ભગતે ઇંદ્રિસમીપે મૂકે, કરી અભિષેકની તૈયારીજી ॥ ૪ ॥ છદ ચાલ ॥ હવે ઇંદ્રિ અચ્યુત દેવસંયુત્ત, આત્મગુણ સાધનરસી ॥ ચંદનાર્ચિત પુષ્પચર્ચિત, કલશ કર લીએ ઉલ્લસી ॥ બહુ હર્ષ અંગે ભક્તિચંગે, ઇંદ્રરંગે એમ કહે ॥ જગબંધૂ કરૂણાસિંધુ ભગવત, પૂજે તે શિવસુખ લહે ॥ ૧ ॥ ગદ્ય ચાલ ॥ ભો ! ભો ! સયલ જગજંતુ હિયકારણો, દુઃખદોહગ વિણાસણો, તિલોયજણમણસંસયનિવારણો, મહામોહ મિત્થત્તધંસણો, અણાઇભવતણામહણો, અમિયરસભરીયનયણો, પરમદેવા હિદેવોદહ્રૂવો ॥ ૨ ॥ હિયસુહ કામએહેં સકલસુરાસુરેહેં, શાંન્તિને કારણે ઇંદ્ર કલશા ભરે ॥ એ ચાલ ॥ ખીરસમુદ્રનું નીર ઉજ્જલ ભરી, કલશાની ધારા જિન શિશ ઉપર કરી ॥ વિસ્તર્યું નીચિંરહુ ઉર અતિશય ઘણું, શુચિ થયા દેવ સહુ

વિબુહ મુખ એમ ભણું ॥ ૧ ॥ કેઈ ચામર કરે કેઈ વીંજણ ધરે, કેઈ સુર છત્ર કેઈ કેઈ ધ્વજ કરે ॥ કેઇ નચ્ચિંતિ ગજ્જંતિ ભત્તિભરા, કેઇ ગાયંતિ વાયંતિ મધુરે સરા ॥ ૨ ॥ પુપ્ફઆભરણ કેઈ વચ્છ વુઠ્ઠી કરે, કેઇ સુર વિસ્મયકારી ચિહ્ના ધરે ॥ સહસ ચૌસઠ્ઠી કલસે નવરાવિયો, અચ્ચુઆધીશ બહુ ચિત્ત સુહ પાવિયો ॥ ૩ ॥

॥ ઢાળ ॥

(તીર્થકમળદલ ઉદક ભરીને, પુષ્કર સાગર આવે.—એ દેશી.)

દશ વૈમાનિક વીસ ભવણવઈ, બત્રીસ વ્યંતર રાજા ॥ સામાનિક તાયતિંસ પરષદા, લોકપાલ ચઉતાજા ॥ સાત અનિકના એક પઇન્નક, અભિઓગિક મન આણો ॥ પિણ ઇંદ્રાણી એકસોબત્રીસ, ચંદ સૂર્ય શુચિ જાણો ॥ ૧ ॥ એમ ત્રેસઠ્ઠિ ઇંદ્રે જિન પૂજ્યા, તવ તિહાં ઇશાણ ઇંદો ॥ પંચરૂપ કરી શક્રને ભાષે, ધરતો મન આણંદો ॥ જગલોચન જિનવર મુજ અંકે, થાપી કરો સનાથ ॥ શ્રી જિનવર પૂજાથી તુમને, હોશ્યે મોક્ષની આથિ ॥ ૨ ॥ ઇશાનઇંદ્રને અંકે થાપી, હરષે સોહમ ઇંદ્ર ॥ વૃષભરૂપ ચઉ આઠ શ્રૃંગથી, ઉમહી ધારી અમંદ ॥ દેવદુષ્ય વસ્ત્રે અંગ લૂહી, કરી વિલેપન ચંગ ॥ પૂજી મનરંગે નવ અંગે, નાટિક ગીત અભંગ ॥ ૩ ॥ ફુલ માળા આભૂષણ અંગે, પહેરાવી ગુણ ગાય ॥ બત્રીસબદ્ધ નાટક કરી ભાવે, હાવ ભાવ બહુલાય ॥ સયલ સુરાસુર સંયુત સોહમ, પતિ પહુ લેઈ હાથ ॥ આવે જિનજનનીની

પાસે, થાપે તિહુંઅણ નાથ ॥ ૪ ॥ ષોમજુગલ કુંડલ યુગ સુંદર, ઓશીસે ધરે તામ ॥ રત્નકંદુક ઉલ્લોચે થાપે, ફરતી ચિહું દિસ દામ ॥ બત્રીસ કોડિ હીરણ વરસાવી, જઇ નંદિસર ઠામ ॥ અટ્ઠાઇ મહોત્સવ કરી સઘળા, ઇંદ્ર ગયા નિજ ધામ ॥ ૫ ॥ તપાગચ્છ નાયક ગુણલાયક, વિજયજિણંદ સૂરિ નામ ॥ તસરાજ્યે જિન જનમમહોચ્છવ, ગાયો ગુણ અભિરામ ॥ સંવેગરંગ સુરંગી સદ્ગુરૂ, સત્યવિજય મહારાજ ॥ શિષ્ય કર્પૂર ક્ષમા જિન ઉત્તમ, વિજયપદે વધી લાજ ॥ ૬ ॥ શ્રી ગુરૂ પદ્મવિજય પદ સેવી, રૂપવિજય કહે એમ ॥ શ્રી જિન જન્મમહોત્સવ ગાશ્યે, તેહને સઘળે ખેમ ॥ પુણ્ય મહોદય કમલા વિમલા, હોશ્યે ઝાકઝમાલ ॥ ઋદ્ધિ સિદ્ધિ નવનિધિ તે, લહેસ્યે નિત્ય મંગળમાળ ॥ ૭ ॥

(રાગ પ્રભાતી દેશી)

એમ પૂજા જિનરાજની, સમકિત રૂચિવંત ॥ કરતાં નિરમળ ભાવસ્યું, લહો જ્ઞાન અનંત ॥ ૧ ॥ એમ પૂજા જિનરાજની ॥ આંકણી ॥ ઉક્કોસય સત્તરિસયા, જિન કેવલનાણી ॥ સંપઇ સીમંધર પહુ, પ્રણમું ગુણખાણી ॥એમ૦॥ ॥ ૨ ॥ પૂજા કરતાં પૂજ્યની, પૂજ્ય પોતે થાય ॥ તિણે સમકિતરૂચી પ્રાણિયા, પૂજો જિનરાય ॥ એમ૦ ॥ ૩ ॥ પ્રભુપદ પદ્મની પૂજના, રૂપ કહે કરે જેહ ॥ અખય અનોપમ સંપદા, નિજ પામે તેહ ॥ એમ૦ ॥ ૪ ॥

॥ ઇતિ શ્રી રૂપવિજયજીકૃત સ્નાત્રપૂજા સમાપ્ત ॥

॥ અથ શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત

શ્રી શાંન્તિનાથજીનો કલશ પ્રારંભ॥

શ્રી જય મંગલ કૃત્સ્નમભ્યુદયતાવલ્લી પ્રરોહાંબુદો, દારિદ્રયદ્રુમકાનનૈકદલને મત્તો ધુરઃ સિંધુરઃ ॥ વિશ્વૈઃ સંસ્તુતસત્ પ્રતાપ મહિમા સૌભાગ્ય ભાગ્યોદયઃ, સ શ્રી શાંન્તિ જિનેશ્વરોઽભિમતદો જીયાત્ સુવર્ણચ્છબિઃ ॥૧॥ અહો ભવ્યાઃ શ્રૃણુત તાવત્ સકલ મંગલ કેલિ કલા લીલાસનકાઃ લીલારસ રોપિત ચિત્તવૃત્તયઃ વિહિત શ્રીમજ્જિનેંદ્ર ભક્તિ પ્રવૃત્તયઃ સાંપ્રતં શ્રીમચ્છાંતિજિનેંદ્ર જન્માભિષેક કલશોગીયતે ॥૨ ॥

(રાગ વસંત, તથા નટ્ટ, દેશાખ.)

શ્રી શાંન્તિ જિનવર, સયલ સુખકર, કલશ ભણીએ તાસ ॥ જિમ ભવિક જનને, સયલ સંપત્તિ, બહુત લીલ વિલાસ ॥ કુરૂ નાભિજનપદ, તિલક સમવડ, હત્થિણાઉર સાર ॥ જિનનયરી કંચન, રયણ ધણ કણ, સુગુણ જન આધાર ॥ ૧ ॥ તિહાં રાય રાજે, બહુ દિવાજે, વિશ્વસેન નરિંદ ॥ નિજ પ્રકૃતિ સોમહ, તેજ તપનહ, માનુ ચંદ દિણંદ ॥ તસ પણ વખાણી, પટ્ટરાણી, નામે અચિરા નાર ॥ સુખસેજે સુતાં, ચૌદ પેખે, સુપન સાર ઉદાર ॥ ૨ ॥ સવટ્ઠે સિદ્ધવિમાનથી તવ, ચવીયો ઉર ઉપ્પન્ન ॥ બહુ નટ્ટ નટ નભ ક્ષીણ સત્તમી, દિવસ ગુણસંપન્ન ॥ તવ રોગ સોગ વિયોગ વિડ્ડુર, મારી ઇતિ શમંત ॥ વર સયલ મંગલ, કેલિ-

કમલા, ઘર ઘરે વિલસંત ॥ ૩ ॥ તવ ચંદ યોગે જ્યેષ્ઠ તેરસ, વદિ દિને થયો જમ્મ ॥ તવ મધ્યરયણીએ દિશિકુમારી, કરે સૂઇ કમ્મ ॥ તવ ચલિય આસન સુણીય સવિ હરિ, ઘંટનાદે મેલી ॥ સુરવિંદ સથ્થે મેરૂમથ્થે, રચે મજ્જન કેલી ॥ ૪ ॥

॥ ઢાળ ॥ વિશ્વસેનનૃપ ઘરે નંદન જનમીયા એ ॥ તિહુઅણ ભવિયણ પ્રેમશું પ્રણમીયા એ ॥ ૫ ॥ ચાલ ॥ હાં રે પ્રણમીયા તે ચોસઠ ઇંદ્ર, લેઈ ઠવે મેરૂ ગિરિંદ ॥ સુરનદીનીર સમીર તિહાં, ક્ષીરજલનિધિ તીર ॥ ૬ ॥ સિંહાસને સુરરાજ, જિહાં મળ્યા દેવસમાજ ॥ સર્વ ઔષધિની જાત, વર સરસ કમલ વિખ્યાત ॥ ૭ ॥ ઢાલ ॥ વિખ્યાત વિવિધપરે કમલના એ ॥ તિહાં હરખભર સુરભિ વરદામના એ ॥ ૮ ॥ ॥ ચાલ ॥ હાં રે વરદામ માગધ નામ, જે તીર્થ ઉત્તમ ઠામ ॥ તેહતણી માટી સર્વ, કર ગ્રહે સર્વ સુપર્વ ॥ ૯ ॥ બાવનાચંદન સાર, અભિયોગ સુર અધિકાર ॥ મન ધરી અધિક આનંદ, અવલોકતા જિનચંદ ॥ ૧૦ ॥ ઢાળ ॥ શ્રી જિનચંદને, સુરપતિ સવિ નવરાવતા એ ॥ નિજ નિજ જન્મ સુકૃતારથ ભાવતા એ ॥ ૧૧ ॥ ચાલ ॥ હાં રે ભાવતા જન્મ પ્રમાણ, અભિષેક કલશ મંડાણ ॥ સાઠ લાખને એક કોડ, સત દોયને પંચાસ જોડ ॥ ૧૨ ॥ આઠ જાતિના તે હોય, ચૌસઠ્ઠી સહસા જોય ॥ એણીપરે ભક્તિ ઉદાર, કરે પૂજા વિવિધ પ્રકાર ॥ ૧૩ ॥ ઢાલ ॥ વિવિધ પ્રકારના કરીય શિણગાર

એ ॥ ભરીય જલ વિમલના વિપુલ ભૃંગાર એ ॥૧૪॥ચાલ॥ હાં રે ભૃંગાર થાલ ચંગેરી, સુપ્રતિષ્ઠ પ્રમુખ સુભેરી ॥ સવિ કલશાપરે મંડાણ, જે વિવિધ વસ્તુ પ્રમાણ ॥ ૧૫ ॥ આરતિને મંગલદીપ, જિનરાજને સમીપ ॥ ભગવતી ચૂરણીમાંહી, અધિકાર એહ ઉત્સાહી ॥ ૧૬ ॥ ઢાલ ॥ અધિક ઉત્સાહશું હરખ જલ ભીંજતા એ ॥ નવ નવ ભાંતિશું ભક્તિભર કીજતા એ ॥ ૧૭ ॥ ચાલ ॥ હાં રે કીજતા નાટારંભ, ગાજતા ગુહીર મૃદંગ ॥ કરી કરી તિહાં કંઠતાલ, ચઉતાલ તાલ કંસાલ ॥ ૧૮ ॥ શંખ પણવ ભુંગળ ભેરી, ઝલ્લરી વીણા નફેરી ॥ એક કરે હયહેષા, એક કરે ગજ લકાર ॥ ૧૯ ॥ ॥ ઢાલ ॥ ગુલકાર ગર્જનારવ કરે એ ॥ પાય દૂર દૂર ધુરધુર ધરે એ ॥ ૨૦ ॥ ચાલ ॥ હાં રે સુર ધરે અધિક બહુ માન, તિહાં કરે નવ નવ તાન ॥ વર વિવિધ જાતિ છંદ, જિનભક્તિ સુરતરૂ કંદ ॥ ૨૧ ॥ વળી કરે મંગળ આઠ, એ જંબૂપન્નતિ પાઠ ॥ થાય થુઇયિ મંગલ એમ, મન ધરી અધિક બહુ પ્રેમ ॥ ૨૨ ॥ ઢાલ ॥ પ્રેમપદ ઘોષણા પુણ્યની સુરાસુર સહુ એ ॥ સમકિત પોષણા શિષ્ટ સંતોષણા એમ બહુ એ ॥ ૨૩ ॥ ચાલ ॥ હાં રે બહુ પ્રેમશું સુખ ક્ષેમ, ઘર આણીયા નિધિ જેમ ॥ બત્રીસ કોડિ સુવન્ન, કરે વૃષ્ટિ રયણની ધન્ન ॥ ॥ ૨૪ ॥ જિનજનની પાસે મેલી, કરે અઠ્ઠાઈની કેલી ॥ નંદીશ્વરે જિન ગેહ, કરે મહોત્સવ સસનેહ ॥ ૨૫ ॥

॥ ઢાલ પ્રથમની ॥

હવે રાય મહોત્સવ કરે રંગ ભર, થયો જબ પરભાત॥ સૂર પૂજીયો સૂત નયણે નિરખી, હરખીયો તવ તાત ॥ વર ધવલ મંગલ ગીત ગાતાં, ગંધર્વ ગાવે રાસ ॥ બહુ દાને માને સુખીયાં કીધાં, સયલ પૂગી આશ ॥ ૨૬ ॥ તિહાં પંચ વરણી કુસુમવાસિત, ભૂમિકા સંલિત્ત ॥ વર અગર કુંદરૂ, ધૂપધૂપણ, છાંટ્યાં કુંકુમ લિત્ત ॥ શિર મુકુટ મંડલ કાને કુંડલ, હૈયે નવસર હાર ॥ એમ સયલ ભૂષણ ભૂષિતાંબર, જગતૂજન પરિવાર ॥ ૨૭ ॥ જિન જન્મકલ્યાણક મહોત્સવે, ચૌદભુવન ઉદ્યોત ॥ નારકી થાવર પ્રમુખ સુખીયાં, સકલ મંગલ હોત ॥ દુઃખ દુરિત ઇતિ શમિત સવળાં, જિનરાજને પરતાપ ॥ તેણે હેતે શાંતિકુમાર ઠવીયું, નામ ઇતિ આલાપ ॥ ૨૮ ॥ એમ શાંન્તિજિનનો કલશ ભણતાં, હોવે મંગલમાલ ॥ કલ્યાણ કમલા કેલી કરતી, લહે લીલ વિલાસ ॥ જિન સ્નાત્ર કરીએ સહેજે તરીએ, ભવસમુદ્રનો પાર ॥ એમ જ્ઞાનવિમલ સૂરીંદ જંપે, શ્રીશાંન્તિજિન જયકાર॥૨૯॥

॥ ઇતિ શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત શ્રી શાંન્તિજિન કલશ સંપૂર્ણ ॥

પંડિત શ્રી વીરવિજયજીકૃત પૂજાઓ.

શ્રી પંચકલ્યાણકની પૂજા.

આ પૂજામાં ઉત્કૃષ્ટ ફળ, નૈવેદ્ય (પકવાન્ન) વિગેરે દરેક વસ્તુનાં આઠ આઠ નંગ લાવવાં, આઠ સ્નાત્રીયા ઉભા રાખવા, આઠ કળશ પંચામૃતના ભરવા, આઠ દીપક કરવા, અને કુસુમ (ફુલ), અક્ષત (ચોખા), પ્રમુખ વસ્તુઓ જોઇએ કદાપિ તે પ્રમાણે જોગ ના બને તેમ હોય તો એકેકી વસ્તુથી પણ પૂજા ભણાવી શકાય.

॥ વિધિ ॥

૧. પ્રથમ સ્નાત્ર ભણાવવું, પછી સ્નાત્રીયા રકેબીમાં કુસુમ (ફુલ) લેઇ ઉભા રહે, અને પૂજા ભણાવનારાઓ પહેલી પૂજા ભણાવી મંત્ર કહે એટલે સ્નાત્રીઆ કુસુમ (ફુલ) પ્રભુજીને ચઢાવે.

૨. બીજી પૂજામાં લવિંગ, એલચી, સોપારી, નાળિયેર, બદામ, દ્રાખ, બીજોરાં, દાડિમ, નારંગી, આંબા, કેળાં, પ્રમુખ સરસ સુગંધિત રમણીય ફળ રકેબીમાં રાખી, રકેબી હાથમાં ધરી, પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણીને પ્રભુ આગળ ફળ ધરે.

૩ ત્રીજી પૂજામાં ઉજ્જવલ અખંડ અક્ષત (ચોખા) રકેબીમાં નાંખી, રકેબી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી, પ્રભુજી આગળ સ્વસ્તિક તથા તંદુલના ત્રણ પુંજ (ઢગલા) કરે.

૪. ચોથી પૂજામાં નિર્મળ જળે ભરેલા કળશ રકેબીમાં રાખી, રકેબી હાથમાં લેઈ પ્રભુ આગળ ઉભા રહે પછી પૂજાનો પાઠ ભણીને છેલ્લો મંત્ર કહી જળપૂજા કરે.

૫. પછી પખાળ કરી અંગલુહણાથી લુહીને કેશરની કચોળી

(વાડકી) રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઇ પાંચમી પૂજાનો પાઠ ભણી છેલ્લો મંત્ર કહી ચંદનપૂજા કરે

૬. છઠ્ઠી પૂજામાં ધૂપધાણું રકેબીમાં રાખી હાથમાં લઇ પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી, પ્રભુની ડાબાબાજુ ધૂપ ઉખેવે.

૭. સાતમી પૂજામાં મોલ્લાસુત્ર પ્રમુખના વાટ (દીવેટ) કરી, નિર્મળ સુગંધિત ઘૃતથી કોડિયાં ભરી દીપક કરી રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઇ પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી, પ્રભુજીની જમણી બાજુયે દીપક રાખીએ.

૮. અઠમી પૂજામાં મોદક, મિશ્રી, ખાજા, પતાસાં પ્રમુખ અનેક ઉત્તમ પકવાન્ન રકેબીમાં ભરી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી પ્રભુ આગળ નૈવેદ્ય ધરે

છેવટે પૂજાનો કળશ કહી, સ્નાત્રીઆઓ આરતી ઉતારી પ્રભુજીથી અંતરપટ કરી, પોતાના નવ અંગે ચાંલ્લા કરી મંગળદીવો ઉતારે.

॥ अथ च्यवनकल्याणके प्रथम पुष्पपूजा ॥

॥ દોહા ॥

શ્રી શંખેસર સાહિબો, સુરતરૂ સમ અવદાત ॥ પુરિસાદાણી પાસજી, ષટ્દર્શન વિખ્યાત ॥ ૧ ॥ પંચમે આરે પ્રાણિયા, સમરે ઉઠી સવાર ॥ વાંછિત પૂરે દુઃખ હરે, વંદુ વાર હજાર ॥ ૨ ॥ અવસર્પિણિ ત્રેવીશમા, પાર્શ્વનાથ જખ હૂંત ॥ તસ ગણધર પદ પામીને, થાશો શિવવધૂ કંત ॥૩ ॥ દામોદર જિનમુખ સુણી, નિજ આતમ ઉદ્ધાર ॥ તદા આષાઢી શ્રાવકે, મૂર્ત્તિ ભરાવી સાર ॥ ૪ ॥ સુવિહિત આચારજ કને, અંજનશલાકા કીધ ॥ પંચકલ્યાણક ઉત્સવે, માનું વ-

ચનજ લીધ ॥ ૫ ॥ સિદ્ધસ્વરૂપ રમણ ભણી, નોતમ પડિમા જેહ ॥ થાપી પંચકલ્યાણકે, પૂજે ધન્ય નર તેહ ॥ ૬ ॥ કલ્યાણક ઉત્સવ કરી, પૂરણ હર્ષ નિમિત્ત ॥ નંદીસર જાઇ દેવતા, પૂજે શાશ્વત ચૈત્ય ॥ ૭ ॥ કલ્યાણક પૂજન સહિત, રચના રચશું તેમ ॥ દુર્જન વિષધર ડોલશે, સજ્જન મનશું પ્રેમ ॥ ૮ ॥ કુસુમ ફળ અક્ષતતણી, જલ ચંદન મનોહાર ॥ ધૂપ દીપ નૈવેદ્યશું, પૂજા અષ્ટ પ્રકાર ॥ ૯ ॥

॥ ઢાળ ॥

(પ્રથમ પૂરવ દિશે.—એ દેશી.)

પ્રથમ એક પીઠિકા, ઝગમગ દીપિકા, થાપી પ્રભુ પાસ તે ઉપરે એ ॥ રજત રકેબીયો, વિવિધ કુસુમે ભરી, હાથ નર નારી ધરી ઉચ્ચરે એ ॥ ૧ ॥ કનકબાહુ ભવે, બંધ જિનનામનો, કરિય દશમે દેવલોકવાસી ॥ સકલ સુરથી ઘણી, તેજ કાંન્તિ ભણી, વીસ સાગર સુખ તે વિલાસી ॥૨॥ ક્ષેત્ર દશ જિનવરા, કલ્યાણક પાંચસેં, ઉત્સવ કરત સુર સાથશું એ ॥ થઇય અગ્રેસરી, સાશય જિનતણી, રચત પૂજા નિજ હાથશું એ ॥ ૩ ॥ યોગશાસ્ત્રે મતા, માસ ષટ્ થાકતા, દેવને દુઃખ બહુ જાતિનું એ ॥ તે નવિ નિપજે, દેવ જિન જીવને, જોવતાં ઠાણ ઉપપાતનું એ ॥ ૪ ॥ મુગતિપુર મારગે, શીતલ છાંહડી, તીર્થની ભૂમિ ગંગાજલે એ ॥ ચૈત્ય અભિષેકતા, સુકૃતતરૂ સીંચતા, ભકને બહુલા ભવિ ભવ તરે

એ ॥ ૫ ॥ વારણ ને અસી, દોય વચમાં વસી, કાશી વારાણસી નયરીયે એ ॥ અશ્વસેન ભૂપતિ, વામા રાણી સતી, જૈનમતિ રતિ અનુસારિયે એ ॥ ૬ ॥ ચાર ગતિ ચોપડા, ચ્યવનના ચૂકવી, શિવ ગયા તાસ ઘર નમન જાવે ॥ બાલરૂપે સુર તિહાં, જનની મુખ જોવતાં, શ્રી શુભવીર આનંદ પાવે ॥ ૭ ॥

॥ કાવ્યમ્ ॥ ઉપજાતિવૃતમ્ ॥

॥ ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી ॥ કલ્યાણકારી દુરિતાપહારી, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, પુષ્પાણિ યજામહે સ્વાહા ॥

॥ ઇતિ ચ્યવનકલ્યાણકે પ્રથમ પુષ્પપૂજા સપૂર્ણ ॥

॥ अथ च्यवनकल्याणके द्वितीय फलपूजा ॥

॥ દોહા ॥

કૃષ્ણ ચતુર્થી ચૈત્રની, પૂર્ણાયુ સુર તેહ ॥
વામા માત ઉદર નિશિ, અવતરિયા ગુણગેહ ॥ ૧ ॥
સુપન ચતુર્દશ મોટકાં, દેખે માતા તામ ॥
રયણીસમે નિજ મંદિરે, સુખશય્યા વિશ્રામ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(મિથ્યાત્વ વામીને કોશ્યા સમકિત પામી રે.—એ દેશી.)

રૂડો માસ વસંત ફળી વનરાજી રે, રાયણ ને સહકાર વાલા ॥ કેતકી જાય ને માલતી રે, ભ્રમર કરે ઝંકાર વાલા ॥ કોયલ મદભર ટહૂકતી રે, બેઠી આંબાડાળ વાલા ॥ હંસ-યુગલ જળ ઝીલતાં રે, વિમળ સરોવર પાળ વાલા ॥ મંદ પવનની લહેરમાં રે, માતા સુપન નિહાળ વાલા ॥ એ આં-કણી ॥ દીઠો પ્રથમ ગજ ઉજ્વલો રે, બીજે વૃષભ ગુણવંત વાલા ॥ ત્રીજે સિંહજ કેસરી રે, ચોથે શ્રીદેવી મહંત વાલા ॥ માળ યુગલ ફુલ પાંચમે રે, છઠ્ઠે રોહિણી કંત વાલા ॥ ઉ-ગતો સૂરજ સાતમે રે, આઠમે ધ્વજ લહકંત વાલા ॥ રૂડો માસ૦ ॥ ૧ ॥ નવમે કળશ રૂપાતણો રે, દશમે પદ્મસરંજા-ણ વાલા ॥ અગ્યારમે રત્નાકરૂ રે, બારમે દેવવિમાન વાલા ॥ ગંજ રત્નનો તેરમે રે, ચઉદમે વન્હિ વખાણ વાલા ॥ ઉતર-તાં આકાશથી રે, પેસંતાં વદન પ્રમાણ વાલા ॥ રૂડો૦ ॥૨॥ માતા સુપન લહી જાગીયાં રે, અવધિ જુવે સુરરાજ વાલા ॥ શક્રસ્તવ કરી વંદીયા રે, જનની ઉદર જિનરાજ વાલા ॥ એણે સમે ઇંદ્ર તે આવીયારે, મા આગળ ધરી લાજ વાલા ॥ પુણ્યવતી તુમે પામીયું રે, ત્રણ ભુવનનું રાજ્ય વાલા ॥ ॥ રૂડો૦ ॥ ૩ ॥ ચૌદ સુપનના અર્થ કહી રે, ઇંદ્ર ગયા નિજ ઠામ વાલા ॥ ચઉસઠ ઇંદ્ર મળી ગયા રે, નંદીસર જિન ધામ

વાલા ॥ ચ્યવનકલ્યાણક ઉત્સવે રે, શ્રીફલપૂજા ઠામ વાલા ॥ શ્રીશુભવીર તેણે સમેરે, જગત જીવ વિશ્રામ વાલા ॥રૂડો૦॥૪

॥ કાવ્યં ॥ ભોગી યદા૦ ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ ફલાનિ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ ચ્યવનકલ્યાણકે દ્વિતીય ફલપૂજા સંપૂર્ણ ॥ ૨ ॥

॥ अथ जन्मकल्याणके तृतीय अक्षतपूजा ॥

॥ દોહા ॥

રવિઉદયે નૃપ તેડિયા, સુપનપાઠક નિજ ગેહ ॥
ચઉદ સુપનફળ સાંભળી, વળીય વિસર્જ્યા તેહ ॥૧ ॥
ત્રણ્ય જ્ઞાનશું ઉપના, ત્રેવીશમા અરિહંત ॥
વામાઉર સર હંસલો, દિન દિન વૃદ્ધિ લહંત ॥ ૨ ॥
ડોહલા પૂરે ભૂપતિ, સખિયો વૃંદ સમેત ॥
જિન પૂજે અક્ષત ધરી, ચામર પંખા લેત ॥ ૩ ॥

॥ ઢાળ ॥

(ચિત્ત ચોખે ચોરી નવિ કરીએ.—એ દેશી.)

રમતી ગમતી હમુને સાહેલી, બિહુ મળી લીજીએ એક તાળી ॥ સખિ આજ અનોપમ દીવાળી ॥ લીલ વિલાસે પૂરણ માસે, પોષ દશમ નિશિ રઢીયાળી ॥ સખિ૦ ॥ ૧ ॥ પશુ પંખી વસીયાં વનવાસી, તે પણ સુખીયાં સમકાળી ॥ ॥ સખિ૦ ॥ ઇણ રાતે ઘર ઘર ઉત્સવસે, સુખિયાં જગત્મેં

નરનારી ॥ સખિ૦ ॥ ૨ ॥ ઉત્તમ ગ્રહ વિશાખાયોગે, જનમ્યા પ્રભુજી જયકારી ॥ સખિ૦ ॥ સાતે નરકે થયાં અજુવાળાં, થાવરને પણ સુખકારી ॥ સખિ૦ ॥ ૩ ॥ માત નમી આઠે દિક્કુમરી, અધોલોકની વસનારી ॥ સખિ૦ ॥ સૂતીઘર ઈશાને કરતી, યોજન એક અશુચિ ટાળી ॥ સખિ૦ ॥ ॥ ૪ ॥ ઉર્ધ્વલોકની આઠ કુમારી, વરસાવે જળ કુસુમાળી ॥ સખિ૦ ॥ પૂર્વરૂચક અઠ્ઠ દર્પણ ધરતી, દક્ષિણની અડ કલશાળી ॥ સખિ૦ ॥૫॥ અડ પચ્છિમની પંખા ધરતી, ઉત્તર અઠ્ઠ ચામર ધારી ॥ સખિ૦ ॥ વિદિશિની ચઉ દીપ ધરંતી, રૂચકદ્વીપની ચઉ બાળી ॥ સખિ૦ ॥૬॥ કેળતણાં ઘર ત્રણ્ય કરીને, મર્દન સ્નાન અલંકારી ॥ સખિ૦ ॥ રક્ષા પોટલી બાંધી બિહુને, મંદિર મેલ્યાં શણગારી ॥ સખિ૦ ॥૭॥ પ્રભુ મુખકમળે અમરી ભમરી, રાસ રમંતી લટકાળી ॥સખિ૦॥ પ્રભુમાતા તું જગતની માતા, જગદીપકની ધરનારી ॥ સખિ૦ ॥ ૮ ॥ માજી તુજ નંદન ઘણું જીવો, ઉત્તમ જીવને ઉપકારી ॥ સખિ૦ ॥ છપ્પન દિક્કુમરી ગુણ ગાતી, શ્રી શુભવીર વચનશાળી ॥ સખિ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ ભોગી યદા૦ ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ અક્ષતાન્ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ જન્મકલ્યાણકે તૃતીય અક્ષતપૂજા સંપૂર્ણ ॥

॥ अथ जन्म कल्याणके चतुर्थ जळपूजा ॥

॥ દોહા ॥

ચલિતાસન સોહમપતિ, રચી વૈમાન વિશાળ ॥
પ્રભુ જન્મોત્સવ કારણે, આવંતા તત્કાળ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(કાજ સિદ્ધાં સકળ હવે સાર.—એ દેશી

હવે શક્ર સુઘોષા વજાવે, દેવ દેવી સર્વ મિલાવે ॥ કરે પાલક સુર અભિધાન, તેણે પાલક નામે વિમાન ॥૧॥ પ્રભુ પાસનું મુખડું જોવા, ભવભવનાં પાતિક ખોવા ॥ ચાલે સુર નિજ નિજ ટોળે, મુખ મંગળિક માળા બોલે ॥ પ્રભુ૦ ॥૨॥ સિંહાસન બેઠા ચલિયા, હરિ બહુ દેવે પરવરિયા ॥ નારી મિત્રના પ્રેર્યા આવે, કેઈક પોતાને ભાવે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ હુકમે કેઇ ભક્તિ ભરેવા, વળી કેઈક કૌતુક જોવા ॥ હય કાકર કેશરી નાગ, ફણી ગરૂડ ચઢચા કેઈ છાગ ॥ પ્રભુ૦ ॥ ૪ ॥ વાહન વૈમાન નિવાસ, સંકીર્ણ થયું આકાશ ॥ કેઇ બોલે કરતા તાડા, સાંકડા ભાઈ પર્વના દહાડા ॥ પ્રભુ૦ ॥ ૫ ॥ ઇહાં આવ્યા સર્વ આણંદે, જિનજનનીને હરિ વંદે ॥ પાંચ રૂપે હરિ પ્રભુ હાથ, એક છત્ર ધરે શિર નાથ ॥ પ્રભુ૦ ॥૬॥ બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ્ર ઉલાળે ॥ જઈ મેરૂ ધરી ઉત્સંગે, ઇંદ્ર ચોસઠ મળિયા રંગે ॥ પ્રભુ૦ ॥ ૭ ॥ ક્ષીરોદક ગંગા વાણી, માગધ વર દામનાં પાણી ॥ જાતિ આઠના

કળશ ભરીને, અઢિસેં અભિષેક કરીને ॥ પ્રભુ૦ ॥૮॥ દીવો મંગળ આરતિ કીજે, ચંદન કુસુમે કરી પૂજે ॥ ગીત વાજિત્રના બહુ ઠાઠ, આલેખે મંગળ આઠ ॥ પ્રભુ૦ ॥ ૯ ॥ ઈત્યાદિક ઉત્સવ કરતા, જઈ માતા પાસે ધરતા ॥ કુંડલયુગ વસ્ત્ર ઓશીકે, દડો ગેડી રતનમયી મૂકે ॥ પ્રભુ૦ ॥ ૧૦ ॥ કોડિ બત્રીશ રત્ન રૂપૈયા, વરસાવી ઇંદ્રિ ઉચ્ચરીયા ॥ જિનમાતાશું જે ધરે ખેદ, તસ મસ્તક થાશે છેદ ॥ પ્રભુ૦ ॥૧૧॥ અંગુઠે અમૃત વાહી, નંદીસર કરે અઠ્ઠાઇ ॥ દેઈ રાજા પુત્ર વધાઈ, ઘર ઘર તોરણ વિરચાઈ ॥ પ્રભુ૦ ॥ ૧૨ ॥ દશ દિન ઓચ્છવ મંડાવે, બારમે દિન નાત જિમાવે ॥ નામ થાપે પાર્શ્વકુમાર, શુભવીરવિજય જયકાર ॥ પ્રભુ૦ ॥ ૧૩ ॥

॥ કાવ્ય ॥ ભોગી યદા૦ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ જલં૦ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ જન્મકલ્યાણકે ચતુર્થ જલપૂજા સંપૂર્ણ ॥

॥ अथ जन्मकल्याणके पंचम चंदनपूजा ॥

॥ દોહા ॥

અમૃતપાને ઉછર્યા, રમતા પાસકુમાર ॥
અહિલંછન નવ કર તનું, વરતે અતિશય ચાર ॥૧॥
યૌવનવય પ્રભુ પામતા, માત પિતાદિક જેહ ॥
પરણાવે નૃપપુત્રિકા, પ્રભાવતી ગુણગેહ ॥ ૨ ॥

ચંદન ઘસી ઘનસારશું, નિજ ઘર ચૈત્ય વિશાળ ॥
પૂજોપકરણ મેળવી, પૂજે જગતૢદયાળ ॥ ૩ ॥

॥ ઢાળ ॥

(બાળપણે યોગી હુઆ, માઈ ભિક્ષા દોને —એ દેશી.)

સોના રૂપાકે સોગઠે, સાંયાં ખેલત બાજી ॥ ઈંદ્રાણી મુખ દેખતે, હરિ હોત હે રાજી ॥ ૧ ॥ એક દિન ગંગાકે બિચે, સુર સાથ બહોરા ॥ નારી ચકોરા અપ્સરા, બહોત કરત નિહોરા ॥ ૨ ॥ ગંગાકે જળ ઝીલતે, છાંહી બાદલિયાં ॥ ખાવન ખેલ ખેલાયકે, સવિ મંદિર વળિયાં ॥ ૩ ॥ બેઠે મંદિર માળિયે, સારી આલમ દેખે ॥ હાથ પૂજાપા લે ચલે, ખાન પાન વિશેષે ॥૪॥ પુછયા પડુત્તર દેત હે, સુનો મોહન મેરે ॥ તાપસકું બંદન ચલે, ઉઠી લોક સવેરે ॥ ૫ ॥ કમઠ યોગી તપ કરે, પંચ અગ્નિકી જ્વાળા ॥ હાથે લાલક દામણી, ગળે મોહનમાળા ॥૬॥ પાસકુંઅર દેખણ ચલે, તપસીપે આયા ॥ ઓહીનાણે દેખકે, પીછે યોગી બોલાયા ॥ ૭ ॥ સુણ તપસી સુખ લેનકું, જપે ફોગટ માલે ॥ અજ્ઞાનસેં અગ્નિ બિચે, યોગકું પરજાલે ॥ ૮ ॥ કમઠ કહે સુણ રાજવી, તુમે અશ્વ ખેલાઓ ॥ યોગીકે ઘર હે બડે, મત કો બતલાઓ ॥ ૯॥ તેરા ગુરૂ કોન હે બડા, જિને યોગ ધરાયા ॥ નહિ ઓળખાયા ધર્મકું, તનુકષ્ટ બતાયા ॥૧૦॥ હમ ગુરૂ ધર્મ પિછાનતે, નહિ કવડી પાસે ॥ ભૂલ ગએ દુનિયા દિશા, રહતે વનવાસે ॥

॥૧૧॥ વનવાસી પશુ પંખીયા, એસે તુમ યોગી ॥ યોગી નહીં પણ ભોગીયા, સંસારકે સંગી ॥ ૧૨ ॥ સંસાર બૂરા છોરકે, સુણ હો લઘુ રાજા ॥ યોગી જંગલ સેવતે, લેઈ ધર્મ અવાજા ॥ ૧૩ ॥ દયા ધર્મકો મૂલ હે, કયા કાન ફુંકાયા ॥ જીવદયા નહૂ જાનતે, તપ ફોકટ માયા ॥ ૧૪ ॥ બાત દયાકી દાખિયે, ભૂલ ચૂક હમારા ॥ બેર બેર કયા બોલણાં, એસા ડાક ડમાલા ॥ ૧૫ ॥ સાઈ હુકમસેં સેવકે, બડા કાષ્ટ ચિરાયા ॥ નાગ નિકાલા એકિલા, પરજલતી કાયા ॥૧૬॥ સેવક મુખ નવકારસે, ધરણેંદ્ર બનાયા ॥ નાગકુમારે દેવતા, બહુ ઋદ્ધિ પાયા ॥૧૭॥ રાણી સાથ વસંતમેં, વનભીતર પેઠે ॥ પ્રાસાદ સુંદર દેખીને, ઉહાં જાકર બેઠે ॥ ૧૮ ॥ રાજિમતીકું છોડકે, નેમ સંજમ લીના ॥ ચિત્રામણ જિન જોવતે, વૈરાગે ભીના ॥ ૧૯ ॥ લોકાંતિક સુર તે સમે, બોલે કર જોરી ॥ અવસર સંજમ લેનકા, અબ બેર હે થોરી ॥ ૨૦ ॥ નિજ ઘર આયે નાથજી, પિયા ખિણ ખિણ રોવે ॥ માત પિતા સમજાયકે, દાન વરસી દેવે ॥૨૧॥ દીન દુઃખી સુખીયા કિયા, દારિદ્રકું ચૂરે ॥ શ્રી શુભવીર હરિ તિહાં, ધન સઘળો પૂરે ॥ ૨૨ ॥

॥ કાવ્યં ॥ ભોગી યદા૦ ॥ ૧ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ચંદનં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ જન્મકલ્યાણકે પંચમ ચંદનપૂજા સંપૂર્ણ ॥ ૫ ॥

॥ अथ दीक्षाकल्याणके षष्ठ धूपपूजा ॥

॥ દોહા ॥

વરસીદાનને અવસરે, દાન લીએ ભવ્ય તેહ ॥
રોગ હરે ષટ્ માસનો, પામે સુંદર દેહ ॥ ૧ ॥
ધૂપઘટા ધરી હાથમાં, દીક્ષા અવસર જાણ ॥
દેવ અસંખ્ય મળ્યા તિહાં, માનું સંજમઠાણ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(દેખો ગતિ દૈવની રે —એ દેશી)

ત્રીશ વરસ ઘરમાં વસ્યારે, સુખભર વામાનંદ ॥ સંચમ રસિયા જાણીનેરે, મળિયા ચોસઠ ઈંદ ॥ નમો નિત્ય નાથજીરે, નિરખત નયનાનંદ ॥ નમો૦ ॥૧॥ એ આંકણી ॥ તીર્થોદક વર ઔષધિરે, મેળવતા બહુ ઠાઠ ॥ આઠ જાતિ કળશા ભરીરે, એક સહસને આઠ ॥ નમો૦ ॥ ૨ ॥ અશ્વસેન રાજા ધુરેરે, પાછળ સુર અભિષેક ॥ સુરતરૂપેરે અલંકર્યારે, દેવ ન ભૂલે વિવેક ॥ નમો૦ ॥ ૩ ॥ વિશાલા નૃપ શિબિકારે, બેઠા સિંહાસન નાથ ॥ બેઠી વડેરી દક્ષિણેરે, પટ શાટક લેઈ હાથ ॥ નમો૦ ॥ ૪ ॥ વામ દિશે અંબ ધાતરીરે, પાછળ ધરી શણગાર ॥ છત્ર ધરે એક યૌવનારે, ઈશાન ફળ કર નાર ॥ નમો૦ ॥ ૫ ॥ અગ્નિ કોણે એક યૌવનારે, રણયમય પંખો હાથ ॥ ચલત શિબિકા ગાવતીરે, સર્વ સાહેલી સાથ ॥ નમો૦ ॥ ૬ ॥ શક્ર ઈશાન ચામર ધરેરે, વાજિંત્રનો નહિ

પાર ॥ આઠ ,મંગળ આગળ ચલેરે, ઇંદ્રધ્વજા ઝલકાર ॥ ॥ નમો૦ ॥ ૭ ॥ દેવ દેવી નર નારીયો રે, જોઈ કરે પ્રણામ ॥ કૂળમાં વડેરા સજ્જનારે, બોલે પ્રભુને તામ ॥ નમો૦ ॥૮॥ જિતનિશાણ ચડાવજોરે, મોહની કરી ચકચૂર ॥ જેમ સંવત્સર દાનથીરે, દારિદ્ર કાઢ્યું દૂર ॥ નમો૦ ॥ ૯ ॥ વરઘોડેથી ઉતર્યારે, કાશીનયરની બહાર ॥ આશ્રમપદ ઉદ્યાનમાં રે, વૃક્ષ અશોક રસાળ ॥ નમો૦ ॥ ૧૦ ॥ અઠ્ઠમ તપ ભૂષણ તજીરે, ઉચ્ચરે મહાવ્રત ચાર ॥ પોષ બહુલ એકાદશીરે, ત્રણ્ય સયાં પરિવાર ॥ નમો૦ ॥ ૧૧ ॥ મનઃપર્યવ તવ ઉપનું રે, ખંધ ધરે જગદીશ ॥ દેવદુષ્ય ઇંદ્રે દિયું રે, રહેસે વરસ ચઉતીસ ॥ નમો૦ ॥ ૧૨ ॥ કાઉસ્સગ્ગમુદ્રાએ રહ્યારે, સુર નંદીશ્વર જાત ॥ માત પિતા વંદી વળ્યાં રે, શ્રી શુભવીર પ્રભાત ॥ નમો૦ ॥ ૧૩ ॥

॥ કાવ્યં ॥ ભોગી યદા૦ ॥ ૧ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ઓઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ ધૂપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ દિક્ષાકલ્યાણકે ષષ્ઠ ધૂપપૂજા સંપૂર્ણ ॥ ૬ ॥

॥ अथ केवलज्ञानकल्याणके सप्तम दीपकपूजा ॥

॥ દોહા ॥

સારથધન ઘરે પારણું, પ્રથમ પ્રભુએ કીધ ॥
પંચદિવ્ય પ્રગટાવીને, તાસ મુક્તિસુખ દીધ ॥ ૧ ॥

જગદીપક પ્રગટાવવા, તપ તપતા રહી રાણ ॥
તેણે દીપકની પૂજના, કરતા કેવલનાણ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(મહાવીર પ્રભુ ઘેર આવે.—એ દેશી.)

પ્રભુ પારસનાથ સિધાવ્યા, કાદંબરી અટવી આવ્યા ॥ કુંડ નામે સરોવર તીરે, ભર્યું પંકજ નિર્મળ નીરે રે ॥ મન-મોહન સુંદર મેળા ॥ ધન્ય લોક નગર ધન્ય વેળા રે ॥મન૦॥ ॥ ૧ ॥ એ આંકણી ॥ કાઉસ્સગ્ગ મુદ્રા પ્રભુ ઠાવે, વનહાથી તિહાં એક આવે ॥ જળ શુંઢ ભરી નવરાવે, જિન અંગે કમળ ચઢાવે રે ॥ મન૦ ॥ ૨ ॥ કલિકુંડતીરથ તિહાં થાવે, હસ્તિ ગતિ દેવની પાવે ॥ વળી કૌત્સુભ વન આણંદે, ધર-ણેંદ્ર વિનય ધરી વંદે રે ॥ મન૦ ॥૩॥ ત્રણ્ય દિન ફણી છત્ર ધરાવે, અહિછત્રા નગરી વસાવે ॥ ચાલતા તાપસ ઘર પૂંઠે, નિશિ આવી વસ્યા વડ હેઠે રે ॥ મન૦ ॥ ૪ ॥ થયો કમઠ મરી મેઘમાળી, આવ્યો વિભંગે નિહાળી ॥ ઉપસર્ગ કર્યા બહુ જાતિ, નિશ્ચલ દીઠી જિનછાતી રે ॥ મન૦ ॥૫॥ ગગને જળ ભરી વાદળીયો, વરસે ગાજે વિજળીયો ॥ પ્રભુનાસા ઉપર જળ જાવે, ધરણેંદ્ર પ્રિયા સહ આવે રે ॥ મન૦ ॥૬॥ ઉપસર્ગ હરી પ્રભુ પૂજી, મેઘમાળી પાપથી ધ્રુજી ॥ જિનભ-કતે સમકિત પાવે, બેહુ જન સ્વર્ગ સિધાવે રે ॥ મન૦ ॥૭॥ આવ્યા કાશી ઉદ્યાને, રહ્યા સ્વામિ કાઉસ્સગ્ગધ્યાને ॥ અ-

પૂરવ વીર્ય ઉલ્લાસે, ઘનઘાતી ચાર વિનાસે રે ॥ મન૦ ॥૮॥ ચોરાશી ગયા દિન આખા, વદિ ચૈતર ચોથ વિશાખા ॥ અઠ્ઠમ તરૂ ધાતકીવાસી, થયા લોકાલોક પ્રકાશી રે ॥ મન૦ ॥ ॥ ૯ ॥ મળે ચોશઠ ઇંદ્ર તેવાર, રચે સમવસરણ મનોહાર ॥ સિંહાસન સ્વામિ સુહાવે, શિર ચામર છત્ર ધરાવે રે ॥મન૦॥ ॥ ૧૦ ॥ ચોત્રીસ અતિશય થાવે, વનપાળ વધામણી લાવે ॥ અશ્વસેન ને વામારાણી, પ્રભાવતી હર્ષ ભરાણી રે ॥ મન૦ ॥ ૧૧ ॥ સામઇયું સજી સહુ વંદે, જિનવાણી સુણી આણંદે ॥ સસરો સાસુ વહુ સાથે, દીક્ષા લીધી પ્રભુ હાથે રે ॥ મન૦ ॥ ૧૨ ॥ સંઘ સાથે ગણીપદ ધરતા, સુર જ્ઞાન મહોત્સવ કરતા ॥ સ્વામિ દેવછંદે સોહાવે, શુભવીર વચન રસ ગાવે રે ॥ મન૦ ॥ ૧૩ ॥

॥ કાવ્યં ॥ ભોગી યદા૦ ॥ ૬ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ દીપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ કેવળજ્ઞાનકલ્યાણકે સપ્તમ દીપકપૂજા સંપૂર્ણ ॥૭॥

॥ अथ निर्वाणकल्याणके अष्टम नैवेद्यपूजा ॥

॥ દોહા ॥

શુભઆદે દશ ગણધરા, સાધુ સોળ હજાર ॥
અડતીસ સહસ તે સાધવી, ચાર મહાવ્રત ધાર ॥ ૧॥

એક લખ ચઉસઠ સહસ છે, શ્રાવકનો પરિવાર ॥
સગવિસ સહસ તે શ્રાવિકા, તિગ લખ ઉપર ધાર ॥૨॥
દેશવિરતિધર એ સહુ, પૂજે જિન ત્રણ્ય કાળ ॥
પ્રભુ પડિમા આગળ ધરે, નિત્ય નૈવેદ્યનો થાળ ॥ ૩ ॥

॥ ઢાળ ॥

(એક સમે સામળિયાજી, વૃંદાવનમાં.—એ દેશી)

રંગરસીયા રંગરસ બન્યો ॥ મનમોહનજી ॥ કોઇ આગળ નવિ કહેવાય ॥ મનડું મોહ્યું રે, મનમોહનજી ॥ વેધકતા વેધક લહે ॥ મન૦ ॥ બીજા બેઠા વા ખાય ॥ મનડું૦ ॥ ॥ ૧ ॥ લોકોત્તર ફળ નીપજે ॥ મન૦ ॥ મોહોટા પ્રભુનો ઉપકાર ॥ મનડું૦ ॥ કેવળનાણ દિવાકરૂ ॥ મન૦ ॥ વિચરંતાં સુરપરિવાર ॥ મનડું૦॥૨॥ કનક કમળ પગલાં ઠવે ॥મન૦॥ જળ બુંદ કુસુમ વરસાત ॥મનડું૦॥ શિર છત્ર વળિ ચામર ઢળે ॥ મન૦ ॥ તરૂ નમતાં મારગ જાત ॥ મનડું૦ ॥ ૩ ॥ ઉપદેશી કેઇ તારિયા ॥ મન૦ ॥ ગુણ પાંત્રીશ વાણી રસાળ ॥મનડું૦॥ નર નારી સુર અપ્સરા ॥ મન૦ ॥ પ્રભુ આગળ નાટકશાળ ॥ મનડું૦ ॥૪॥ અવનીતળ પાવન કરી ॥મન૦॥ અંતિમ ચોમાસું જાણ ॥ મનડું૦ ॥ સમેતશિખર ગિરિ આવીયા ॥ મન૦ ॥ ચડતા શિવઘર સોપાન ॥ મનડું૦ ॥ ૫ ॥ શ્રાવણ શુદિ આઠમ દિને ॥ મન૦ ॥ વિશાખાએ જગદીશ ॥ મનડું૦ ॥ અણસણ કરી એક માસનું ॥ મન૦ ॥ સાથે

મુનિવર તેત્રીશ ॥ મનડું૦ ॥ ૬ ॥ કાઉસ્સગ્ગમાં મુક્તિ વર્યા ॥ મન૦ ॥ સુખ પામ્યા સાદિ અનંત ॥મનડું૦॥ એક સમય સમશ્રેણિથી ॥ મન૦ ॥ નિઃકર્મા ચઉ દૃષ્ટાંત ॥ મનડું૦ ॥૭॥ સુરપતિ સઘળા તિહાં મળે ॥ મન૦ ॥ ક્ષીરોદધિ આણે નીર ॥ મનડું૦ ॥ સ્નાન વિલેપન ભૂષણે ॥ મન૦ ॥દેવદુષ્યે સ્વામિ શરીર ॥ મનડું૦ ॥૮॥ શોભાવી ધરી શિબિકા ॥મન૦॥ વાજિત્ર ને નાટક ગીત ॥ મનડું૦ ॥ ચંદન ચય પરજાળતા ॥ મન૦ ॥ સુર ભક્તિ શોકસહિત ॥મનડું૦॥૯॥ શુભ કરે તે ઉપરે ॥ મન૦ ॥ દાઢાદિક સ્વર્ગે સેવ ॥મનડું૦॥ ભાવઉદ્યોત ગયે થકે ॥ મન૦ ॥ દીવાળી કરતા દેવ ॥ મનડું૦ ॥ ૧૦ ॥ નંદીસર ઉત્સવ કરે ॥ મન૦ ॥ કલ્યાણક મોક્ષાનંદ ॥ ॥ મનડું૦ ॥ વર્ષ અઢીસેં આંતરૂં ॥ મન૦ ॥ શુભ વીર ને પાસજિણંદ ॥ મનડું૦ ॥ ૧૧ ॥

॥ અથ ગીતં ॥

(ઘરે આવો ઢોલા.—એ દેશી.)

ઉત્સવ રંગ વધામણાં, પ્રભુ પાસને નામે ॥ કલ્યાણક ઉત્સવ કિયો, ચઢતે પરિણામે ॥ ઉત્સવ૦ ॥ ૧ ॥ શત વર્ષાયુ જીવીને, અક્ષય સુખ સ્વામી ॥ તુમ પદ સેવા ભક્તિમાં, નવિ રાખું ખામી ॥ ઉત્સવ૦ ॥ ૨ ॥ સાચી ભકતે સાહેબા, રીઝો એક વેળા ॥ શ્રી શુભવીર હુવે સદા, મનવાંછિત મેળા ॥ ઉત્સવ૦ ॥ ૩ ॥

॥ અથ કળશ ॥

ગાયો ગાયો રે, શંખેશ્વર સાહેબ ગાયો ॥ યાદવલોકની જરા નિવારી, જિનજી જગત્ ગવાયો ॥ પંચકલ્યાણક ઉ-ત્સવ કરતાં, અમ ઘર રંગ વધાયો રે ॥ શંખે૦ ॥ ૧ ॥ તપા ગચ્છ શ્રી સિંહસૂરિના, સત્યવિજય બુધ ઠાયો ॥ કપૂરવિજય ગુરૂ ખિમાવિજય તસ, જશવિજયો મુનિરાયો રે ॥ શંખે૦ ॥ ॥૨॥ તાસ શિષ્ય સંવેગી ગીતારથ, શાંત સુધારસ નાહ્યો ॥ શ્રી શુભવિજય સુગુરૂ સુપસાયે, જયકમળા જગ પાયો રે ॥ શંખે૦ ॥ ૩ ॥ રાજનગરમાં રહી ચોમાસું, કુમતિ કુતર્ક હઠાયો ॥ વિજયદેવેંદ્ર સૂરીશ્વર રાજ્યે, એ અધિકાર બનાયો રે ॥ શંખે૦ ॥ ૪ ॥ અઢારસેં નેવ્યાશી અક્ષયત્રીજ, અક્ષત પુણ્ય ઉપાયો ॥ પંડિત વીરવિજય પદ્માવતી, વાંછિત દાય સુહાયો રે ॥ શંખેશ્વર૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ ભોગી યદા૦ ॥ ૧ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રી પરમ૦ ॥ નૈવેદ્યં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ નિર્વાણકલ્યાણકે અષ્ટમ નૈવેદ્યપૂજા સમાપ્ત ॥૮॥

॥ ઇતિ પંડિત શ્રી વીરવિજયજીકૃત ॥

॥ પંચકલ્યાણક પૂજા સમાપ્ત ॥

॥ अथ श्री अष्टप्रकारीपूजानी विधि ॥

આ પૂજામાં ઉત્કૃષ્ટ ફળ, નૈવેદ્ય (પકવાન્ન) વિગેરે દરેક વસ્તુનાં આઠ આઠ નંગ લાવવાં, આઠ સ્નાત્રીયા ઉભા રાખવા, આઠ કળશ પંચામૃતના ભરવા, આઠ દીપક કરવા, અને કુસુમ (ફુલ), અક્ષત (ચોખા), પ્રમુખ વસ્તુઓ જોઇએ.

॥ વિધિ ॥

૧. પ્રથમ સ્નાન કરી, ઉજ્જવલ ધોયેલાં વસ્ત્ર પહેરી, એક પટે વસ્ત્રનુ ઉત્તરાસંગ કરી, મુખકોશ બાંધી, કેશર ચંદન બરાસ ઘસી અને જુદા કેશરથી પોતાને લલાટે તિલક કરીયે. તે કરી નિર્માલ્ય ઉતારો મોરપીંછીથી અથવા નિર્મળ સુકોમળ વસ્ત્રથી જ ચણાયે કરી પ્રણામપૂર્વક જિનબિંબ પ્રમાર્જી, બન્ને હાથને ધૂપ આપી, પવિત્ર રકેબીમાં કેશરનો સ્વસ્તિક કરી નિર્મળ જળે ભરેલો કળશ રકેબીમાં રાખી, રકેબી હાથમાં લેઈ પ્રભુ આગળ ઉભા રહીએ પછી પહેલી પૂજાનો પાઠ ભણી છેલ્લો મંત્ર કહી, જળપૂજા કરે.

૨. પછી પખાળ કરી, અંગલુહણાથી લુહીને કેશરની કચોળી (વાડકી) રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઇ બીજી પૂજાનો પાઠ ભણી છેલ્લો મંત્ર કહી ચંદનપૂજા કરે

૩. ત્રીજી પૂજામાં ફુલ રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઇ પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર કહી પ્રભુજીને ફુલ ચડાવે.

૪. ચોથી પૂજામાં ધૂપધાણું રકેબીમાં રાખી હાથમાં લઇ પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી, પ્રભુની ડાબીબાજુ ધૂપ ઉખેવે.

૫. પાંચમી પૂજામાં ક્ષૌમસુત્ર પ્રમુખની વાટ (દીવેટ) કરી, નિર્મળ સુગધિત ઘૃતથી કોડિયાં ભરી દીપક કરી રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઇ પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી, પ્રભુજીની જમણી બાજુયે દીપક રાખીએ.

૬. છઠ્ઠી પૂજામાં ઉજ્જવલ અખંડ અક્ષત (ચોખા) રકેબીમાં નાંખી, રકેબી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી, છેલ્લો મત્ર ભણી, પ્રભુજી આગળ સ્વસ્તિક તથા તંદુલના ત્રણ પુંજ (ઢગલા) કરે.

૭. સાતમી પૂજામાં મોદક, મિશ્રી, ખાજા, પતાસાં, પ્રમુખ ઉત્તમ પકવાન્ન રકેબીમાં ભરી, રકેબી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી પ્રભુ આગળ નૈવેદ્ય ધરે.

૮. આઠમી પૂજામાં લવિંગ, એલચી, સોપારી, નાળિયેર, બદામ, દ્રાખ, બીજોરાં, દાડિમ, નારંગી, આંબા, કેળાં, પ્રમુખ સરસ સુગંધિત રમણીય ફળ રકેબીમાં રાખી, રકેબી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણીને પ્રભુ આગળ ફળ ધરે.

છેવટે પૂજાનો કળશ કહી, સ્નાત્રીઆઓ આરતી ઉતારી પ્રભુજીથી અંતરપટ કરી પોતાના નવ અંગે ચાંલ્લા કરી મંગળદીવો ઉતારે.

અથ શ્રી

અષ્ટપ્રકારી પૂજા પ્રારંભ.

॥ તત્ર ॥

॥ પ્રથમ જળપૂજા પ્રારંભ ॥

॥ દોહા ॥

સરસ વચન રસ વરસતી, બંભી પ્રણમી જેહ ॥
ભગવઇ ધુર વસુધાસુતે, હું પણ પ્રણમું તેહ ॥ ૧ ॥
શ્રી શંખેશ્વર શિર નમી, પભણું પૂજા વિચાર ॥
અંગાદિક ત્રિક પૂજના, ઉત્તર અષ્ટ પ્રકાર ॥ ૨ ॥
ન્હવણ, વિલેવણ, કુસુમની, જિનપુર ધૂપ પ્રદીપ ॥
અક્ષત, નૈવેદ્ય, ફળતણી, કરો જિનરાજ સમીપ ॥ ૩ ॥
ક્ષીરોદક ચીવર ધરી, તન મન વચ સંતોષ ॥
ઉત્તરાસંગ સુવિધિ કરો, આઠપડો મુખકોશ ॥ ૪ ॥
પ્રથમ સુગંધજળે ભરી, કનકકલશની શ્રેણિ ॥
નરનારી કરસંપુટે, ધરિયે હર્ષ ભરેણ ॥ ૫ ॥

॥ ઢાળ ॥

(રાગ દેશાખ.)

વિશદ ગંધોદકે, વાસિત કુસુમાદિકે, વળિય સુવાસના મહમહે એ ॥ ઇયો મહ મહે એ ॥૧॥ જડિત મણિ માણિકે, કળશ સોવનતણા, ભરિય ધરિ હાથને સુર રહે એ ॥ ઇયો

સુર રહે એ ॥ ૨ ॥ મેરૂગિરી ઉપરે, મેઘવાહન કરે, હર્ષભર હિયડલે જળતણી એ ॥ ઇયો જળતણી એ ॥ ૩ ॥ જિન તણી પૂજના, દુરિત દુઃખ ધૂજના, દ્રવ્યને ભાવ ભેદે ભણીએ ॥ ઇયો ભેદેં ભણી એ ॥ ૪ ॥

॥ દોહા ॥

જળપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ ॥
જળપૂજાફળ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ ॥૧॥

॥ અથ ગીતં ॥

(અને હોજી રે — એ દેશી.)

સુરરાજ જ્યું ભવિ, જળપૂજા યુગતે કરો રે ॥ સુરરાજ જ્યું ભવિ, માગધ ને વરદામ ॥ સનેહા ॥ સુર૦ ॥ દેવનઈ પરભાસના રે ॥ સુર૦ ॥ ક્ષીરોદધિ શુચિ ઠામ ॥ સનેહા ॥૧॥ ॥ સુર૦ ॥ જળપૂજા યુગતે કરો રે ॥ એ આંકણી ॥ સુર૦ ॥ અડવિધ કળશા જળ ભરી રે ॥ સુર૦ ॥ ન્હવણ કરે જેમ દેવ ॥ સનેહા ॥ સુર૦ ॥ તેમ તીર્થોદક મેળીને રે ॥ સુર૦ ॥ અરિહા ન્હવણ કરેવ ॥ સનેહા ॥૨॥ સુર૦ ॥ મિશ્રિત કેસર ઓષધિ રે ॥ સુર૦ ॥ કર્મપડલ દૂર જાય ॥ સનેહા ॥સુર૦॥ આત્મવિમલ કેવલ લહે રે ॥ સુર૦ ॥ કારણે કારજ થાય ॥ સનેહા ॥ ૩ ॥ સુર૦ ॥ વિપ્રવધૂ જળપૂજથી રે ॥ સુર૦ ॥ સોમેસરી તસ નામ ॥ સનેહા ॥ સુર૦ ॥ જગજસ શુભ સુખ સંપદા રે ॥ સુર૦ ॥ પામી અવિચલ ઠામ ॥ સનેહા ॥ ૪ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા ॥

(એ મંત્ર ભણી કળશ નામિયે.)

॥ ઇતિ પ્રથમ ન્હવણપૂજા સંપૂર્ણ ॥ ૧ ॥

॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

આતમગુણ વાસન ભણી, ચંદનપૂજા સાર ॥
જેમ મઘવા અપછર કરે, તેમ કરીયે નરનાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(રામગ્રી રાગેણ ગીયતે.)

હર્ષ ઉલટ ધરી, સુરભિ જસ વિસ્તરી, બાવનાચંદન સરસ લીજે ॥ ૧ ॥ ઘસિય ઓરસ પરી, માંહિ કેસર ધરી, મન વચન કાય થિરતા કરીજે ॥ ૨ ॥ કનક મણિયે ઘડી, રત્નકચોલડી, માંહે ભરી નેત્ર જિનશું ઠવીજે ॥ ૩ ॥ ચરણ[૧] જાનુ[૨] કરે[૩], અંશ[૪] શિર[૫] ભાલ[૬] ગલે[૭], ઉર[૮] ઉદર[૯] પ્રભુ નવ તિલક કીજે ॥ ૪ ॥

॥ દોહા ॥

શીતળ ગુણ જેહમાં રહ્યા, શીતલ પ્રભુમુખ રંગ ॥
આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ ॥૧ ॥

॥ ગીતં ॥

(રાગ કાફી.—ઝુંબખડાની દેશી.)

હરિચંદન્ ઘનસારશું રે, દ્રવ્યતિલક નવ અંગ ॥ જિનેસર પૂજીયે ॥ શિવસુંદરી શિર સોહતું રે, ભાવતિલક મન રંગ ॥ જિને૦ ॥ ૧ ॥ પઢમ ચઉ નિજ થાનકે રે, તિલક વિમલ સુખકાર ॥ જિને૦ ॥ ગાત્ર વિલેપન પૂજનારે, જગદ્ગુરૂ જયકાર ॥ જિને૦ ॥ ૨ ॥ ક્રોધ અનલ શીતળ થયે રે, રીઝ બની તુજ મુજ ॥ જિને૦ ॥ ક્ષણ ક્ષણ પુલક પ્રમોદશું રે, અજબગતિ પ્રભુ પૂજ ॥ જિને૦ ॥૩॥ જિમ જયસૂર ને શુભમતિ રે, દંપતી પદ નિર્વાણ ॥ જિને૦ ॥ ચંદનપૂજા જિન તણી રે, કરતાં શુભ કલ્યાણ ॥ જિને૦ ॥ ૪ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રી પરમ૦ ॥ ચંદનં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ દ્વિતીય વિલેપનપૂજા સંપૂર્ણ ॥ ૨ ॥

॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

હવે ત્રીજી સુમનસતણી, સુમનસ કરણ સ્વભાવ ॥
ભાવસુગંધ કરણ ભણી, દ્રવ્ય કુસુમ પ્રસ્તાવ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(રાગ મિયાની ધન્યાશ્રી —જાતિ રેખતાની.)

(મોરી માય રે મુને જાન દે—એ દેશી.)

સુરનાથ જ્યું ભવિલોક પૂજો, જિનપ દૂજો નહીં મળે ॥

સૌગંધિ કુસુમ વિવિધ જાતિશું, મેળવી ધન મોકળે ॥સુર૦॥ ॥ ૧ ॥ મોગરો ચંપક માલતી સુમ, કેતકી વર જાસુલે ॥ પ્રિયંગુ ને પુન્નાગ નાગં, દાઉડી વર પાડલે ॥ સુર૦ ॥ ૨ ॥ સદા સોહાગણ જાઈ જુઈ, બોલસિરી સેવંત રે ॥ મચકુંદ ને ચંબેલી વેલી, ઉગિયાં શુચિ જળથળે ॥ સુર૦ ॥ ૩ ॥ લેઈ સુરભિસમ જિનચરણ પૂજો, પૂજિયા આખંડલે ॥ શિવસું-દરી વરમાલિકા સુમ, થાપિયે પારગગલે ॥ સુર૦ ॥ ૪ ॥

॥ દોહા ॥

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગતસંતાપ ॥
સુમજંતુ ભવ્યજ પરે, કરીયે સમકિત છાપ ॥ ૧ ॥

॥ ગીતં ॥

(રાગ કાફી —અરનાથકું સદા મેરી વંદના.—એ દેશી.)

પૂજો શ્રી જિનચંદને રે, ભવિ પૂજો શ્રી જિનચંદને ॥ શિવ વરિએ દુરિત નિકંદીને રે ॥ ભ૦ ॥ એ ટેક ॥ સરસ સુગંધ કુસુમ વર જાતિ, પદ્મ મલ્લિકા કુંદને રે ॥ ભ૦ ॥ દ-મણો મરૂઓ વર સહકારો, લાવો વળી મચકુંદનેરે ॥ભ૦ ॥ ॥ ૧ ॥ લાલ ગુલાબ બકુલ કોરંટો, કેવડો કુસુમ અખંડને રે ॥ ભ૦ ॥ પૂજો ભવિ તેમ પરમ પ્રમોદે, પૂજ્યા જેમ શક્રે-દ્રને રે ॥ ભ૦ ॥ ૨ ॥ ધતૂરે પૂજત શિવ વિષયી, નર વાયસ પિચુમંદને રે ॥ ભ૦ ॥ નિરીહકું કુસુમે સુર સેવત, પરપુષ્ટા માકંદને રે ॥ ભ૦ ॥ ૩ ॥ શુભ ત્રિકયોગે વીર કહે જિન,

પૂજી હરો ભવફંદને રે ॥ ભ૦ ॥ વણિગ્ધુઆ લીલાવતી પૂજત, પામી પદ મહાનંદ રે ॥ ભ૦ ॥ ૪ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ પુષ્પાણિ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ ॥ ૩ ॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કર્મસમિધ્ દાહન ભણી, ધ્યાનાનળ સળગાય ॥
દ્રવ્યધૂપ કરી આતમા, સહજ સુગંધિત થાય ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(રાગ માલવી ગુડો.)

ભવભય ચૂરણો, કૃષ્ણઅગરતણો, ચૂરણ કરી સૂરભિ મને એ ॥ ૧ ॥ અંબર તગરનો, શુચિતર અગરનો, વળી ઘનસાર બરાસને એ ॥ ૨ ॥ કુંદરૂ તરૂકનો, કસ્તૂરી પુરકનો, ભેળીયે મેળવી ચંદને એ ॥ ૩ ॥ નવ નવ રંગનો, શુદ્ધ દશાંગનો, ધૂપ સુગંધ જિણંદને એ ॥ ૪ ॥ ધૂપધાણું ભણું, કંચન રયણનું, પાવક નિર્ધૂમ પરજળે એ ॥૫॥ જિનપમંદિર જતાં, ધૂપ ઉવેખતાં, દશ દિશિ મહમહે પરીમલે એ ॥ ૬ ॥

॥ દોહા ॥

ધ્યાનઘટા પ્રગટાવિયે, વામ નયન જિન ધૂપ ॥
મિચ્છતદુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મસ્વરૂપ ॥ ૧ ॥

॥ ગીતં ॥

(સબાબરાગિણી.—જાતિ ફાગ.)

જિનવર જગતદયાલ ॥ ભવિયાં ॥ જિનવર જગતદ-યાલ ॥ જિનપદ સેવત ધૂપ ઉખેવત, સુરવર નયન હજાર ॥ ભવિયાં ॥ જિ૦ ॥ તેમ ભવિ શુદ્ધ દશાંગ ઉખેવો, માંહે સાકર ઘનસાર ॥ ભવિ૦ ॥ જિ૦ ॥ ૧ ॥ પરિમલ વદને ધૂપ કહત હે, સુણજો બુદ્ધિવિશાળ ॥ ભ૦ ॥ જિ૦ ॥ જિનપદ સેવત ઉર્ધ્વગતિ હમ, તેમ ભવિ શિવસુખમાલ ॥ ભ૦ ॥ ॥ જિ૦ ॥ ૨ ॥ સિદ્ધસ્વરૂપી અરૂપી વિમલતા, વેદી સમય ત્રિકાળ ॥ ભ૦ ॥ જિ૦ ॥ એહવા પ્રભુ પડિમા વામાંગે, ધ-રિયે ધૂપ રસાલ ॥ ॥ ભ૦ ॥ જિ૦ ॥ ૩ ॥ ચોથી પૂજા ચિહું ગતિહારી, વારી કર્મકી જાળ ॥ ભ૦ ॥ જિ૦ ॥ વીર કહે ભવ સાતમે સિદ્ધા, વિનયંધર ભૂપાળ ॥ ભ૦ ॥ જિ૦ ॥ ૪ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ઓઁ હ્રીઁ શ્રી પરમ૦ ॥ ધૂપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણ ॥ ૪ ॥

॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પંચમી ગતિ વરવા ભણી, પંચમી પૂજા રસાળ ॥
કેવળ રત્ન ગવેષવા, ધરિયે દીપકમાળ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(રાગ પુર્વી.)

દીપક જ્યોતિ બની નવરંગા, દીનદયાળકે દાહિણ અંગા ॥ દીપ૦ ॥ રયણજડિત વર્તુલ ભાજનમેં, ધેનુહવિષ ભરિયે ઉછરંગા ॥ દીપ૦ ॥ ૧ ॥ પ્રાણી ઉગારણ કારણ ફાનસ, કરિયે જ્યું નવિ આય પતંગા ॥ દીપ૦ ॥ ઝગમગ જ્યોતિશું દીપક ધરિયે, અનુભવ દીપક સમકિતસંગા ॥ ॥ દીપ૦ ॥ ૨ ॥ જિનમંદિર જઈ દીપ પ્રગટ ધરી, આશય શુદ્ધ વિમલ જળ ગંગા ॥ દીપ૦ ॥ ધ્યાન વિમળ કરતાં ભવિ નાસે, દીપ વિરાજથી મોહભુજંગા ॥ દીપ૦ ॥ ૩ ॥ તિમ મિથ્યાત્વ તિમિરકું હરિયે, શાર્વર તમહર વ્યોમપતંગા ॥ દીપ૦ ॥ ગોઈન દેખત નાસત તસ્કર, જ્યું જિનદર્શન જાત અનંગા ॥ દીપક૦ ॥ ૪ ॥

॥ દોહા ॥

દ્રવ્યદીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક ॥
ભાવપ્રદીપ પ્રગટ હુવે, ભાસિત લોકાલોક ॥ ૧ ॥

॥ ગીતં ॥

(રાગ આશાવરી.—ગરબાની દેશી.)

દીપક દીપતો રે, લોકાલોક પ્રમાણ ॥ એહવો દીવડો રે, પ્રગટે પદ નિરવાણ ॥ દી૦ ॥ દ્રવ્યથકી દીપકની પૂજા, કરતાં દો ગતિ રોકો રે ॥ પ્રભુપડિમા આદર્શ કરીને, આતમરૂપ

વિલોકો ॥ દી૦ ॥ એહવો૦ ॥ ૧ ॥ શુદ્ધ દશા ચેતનકું પ્રગટે, વિઘટે ભવભવ કૂપો રે ॥ ચિદાનંદ ઝકઝોળ ઘટાશું, કેવલ દીપ અનૂપો ॥ દી૦ ॥ એહવો૦ ॥૨॥ પડત પતંગ ન ધૂમકી રેખા, નહિ ચંચળ મારૂતે રે ॥ ઘૃત વિણ પૂરે પાત્ર ન તાપે, બળિ નવિ મેલ પ્રસૂતે ॥ દી૦ ॥ એહવો૦ ॥ ૩ ॥ પાપ પતંગ પડત તેમ દીપક, કરતી દો સાહેલી રે ॥ જિનમતિ ધનસિરી વરી શિવસુખને, વીર કહે રંગરેલી ॥ દી૦ ॥ એહવો૦ ॥ ૪॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ દીપમાલાં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ પંચમ દીપકપૂજા સંપૂર્ણ ॥ ૫ ॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અક્ષયપદ સાધનતણી, અક્ષતપૂજા સાર ॥
જિનપ્રતિમા આગળ મુદા, ધરિયે ભવિ નર નાર ॥૧॥

॥ ઢાળ ॥

(રાગ બિલાવલ)

જગત્પ્રભુ આગળ ભવિ, વર અક્ષત ધરિયે ॥ મણિ મુક્તાફળ લેઇને, વળી સ્વસ્તિક કરિયે ॥ હાંહાં રે વળી સ્વસ્તિક કરિયે ॥ હાંહાં રે કરી પાતક હરિયે ॥ હાંહાં રે છઠ્ઠી પૂજા સમરિયે ॥ હાંહાં રે પ્રવહણ ભરદરિયે ॥ હાંહાં રે ભવ-

સાયર તરિયે ॥ હાંહાં રે પદ અક્ષય વરિયે ॥ જગત્‌૦ ॥ ૧॥ અથવા ઉજ્જવલ તંદુલા, ભરી થાળને લાવો ॥ સ્વસ્તિક ચિહું ગતિ ચૂરણો, વચ્ચે રત્નને ઠાવો ॥ હાંહાં રે વચ્ચે રત્નને ઠાવો ॥ હાંહાં રે ધનસાર વસાવો ॥ હાંહાં રે ગોધૂમાદિ અ-ણાવો ॥ હાંહાં રે તસ પુંજ બનાવો ॥ હાંહાં રે અનુભવ લય લાવો ॥ હાંહાં રે (જો) હોયે શિવપુર જાવો ॥ જગત્‌૦ ॥૨ ॥

॥ દોહા ॥

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત્ત વિશાળ ॥
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાળ ॥ ૧ ॥

॥ ગીતં ॥

(રાગ બિહાગડો.)

શિવનારી મુજ પ્યારી, દિલભર દેખાવ હો શિવનારી ॥ હાંરે પ્રભુ તું તેહનો અધિકારી, દિલભર દેખાવ હો શિવ-નારી ॥ એ ટેક ॥ શાલિ વ્રીહિ ગોધૂમકો ઢગલો, પ્રભુ સન્મુખ નરનારી ॥ દિલ૦ ॥ ધરી અક્ષત અક્ષતપદ વરિયે, આધિ વ્યાધિ ભવહારી ॥ દિલ૦ ॥ ૧ ॥ શંભુ સ્વયંભુ જગત્‌કો ત્રાયક, નાયક જગદાધારી ॥ દિલ૦ ॥ તીર્થપતિ સુલતાન જિનેશ્વર, અવિચલ પદ દાતારી ॥ દિલ૦ ॥ ૨ ॥ દવ્વહ ગુણ પજ્જાયને મુદ્દા, ચઉગુણ પડિમા પ્યારી ॥ દિલ૦॥ દ્રવ્યાક્ષત ધરતાં ઇહલોકે, રાજઋદ્ધિ ભંડારી ॥ દિલ૦ ॥ ૩ ॥ મરૂદેવા નંદન પદ પૂજત, દ્રવ્યભાવ સુખકારી ॥ દિલ૦ ॥ અનુભવ

અમરાલય શુભ સુખને, ફીરયુગલ ભવપ્યારી ॥ દિલ૦ ॥૪॥

॥ અથ મંત્ર ॥

॥ ઓઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ અક્ષતાન્ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણ ॥ ૬ ॥

॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નિર્વેદી આગળ ઠવો, શુચિ નૈવેદ્ય રસાળ ॥
વિવિધ જાતિ પકવાન્નશું, ભરી અષ્ટાપદ થાળ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(રાગ કાફી.)

પુરૂષોત્તમ ગુણખાણી હો, પારગ પુરૂષોત્તમ ગુણખાણી ॥ એ ટેક ॥ હવે નૈવેદ્ય રસાળ ઠવીજે, પ્રભુ આગળ ભવિ પ્રાણી ॥ મરકી અમૃતપાક પતાસાં, ફેણી સરસ સોહાણી હો ॥ પારગ પુરૂ૦ ॥ ૧ ॥ લાખણસાઈ મગદળ સાટા, ઘેબર થાળ ભરાણી ॥ સેવ કંસાર ને સક્કરપારા, પેંડા બરફી આણી હો ॥ પારગ પુરૂ૦ ॥ ૨ ॥ ખાજાં ખુરમાં ખીર ખાંડ ઘૃત, પાપડ પૂરી વખાણી ॥ મોતૈયા કલિસાર ને ડોડાં, એમ પકવાન્ન મિલાણી હો ॥ પારગ પુરૂ૦ ॥ ૩ ॥ પ્રભુ પુર ઢોઈ કરો દુઃખહાણી, માગો જોડી પાણી ॥ પતિતપાવન જિન મુજને દીજે, અણાહારી શિવરાણી હો ॥ પારગ પુરૂ૦ ॥૪॥

॥ દોહા ॥

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહગઇય અણંત ॥
દૂર કરી તે દીજિયે, અણાહારી શિવસંત ॥ ૧ ॥

॥ ગીતં ॥

(વૃંદાવનમાં એકજ ગોપી.—એ દેશી.)

હાટકથાળ ભરી પકવાને, શાળ દાળ શાક પાક રે ॥ અનુભવ રસ સંચિત ભવિ લહિયે, અમૃત પદ વિનાક રે ॥ હાટક૦ ॥ ૧ ॥ તાલ કંસાલ મૃદંગ બજાવત, દેતા અઢળક દાન રે ॥ નર નારી જિનગુણ ગાવત આવો, જિનમંદિર બહુ માન રે ॥ હાટક૦ ॥૨॥ પ્રભુ આગે નૈવેદ્ય ઠવીને, અણાહારી પદ માગો રે ॥ પુદ્ગલભાવ અનાદિની ઇહા, ટાળી ભજો પ્રભુ રાગો રે ॥ હાટક૦ ॥૩॥ સગ ભય વારક સાતમી પૂજા, કરતાં ગઇ સગવારી રે ॥ વીર કહે હલી નૃપ સુરસુખથી, સાતમે ભવ શિવનારી રે ॥ હાટક૦ ॥ ૪ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ નૈવેદ્યં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણ ॥ ૭ ॥

॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અષ્ટમી ગતિ વરવા ભણી, આઠમી પૂજા સાર ॥
તરૂ સચિત ફલ પામીએ, ફલથી ફલ નિરધાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(રાગ ગોડી—મારૂણી.)

મુગતિ ફળી રે, ફળી રે ફળી, અહો ભવિયાં હો મુગતિ ફળી ॥ કુમતિ ટળી, સુમતિ ભલી, એમ નર નારી મળી રે મળી ॥ અહો ભ૦ ॥ મુગ૦ ॥ એ ટેક ॥ ફળપૂજા કરીએ ફળકામી, નિર્મળ શ્રીફળ લાય ॥ અહો૦ ॥ દાડિમ દ્રાખ અખોડ બદામો, પૂગીફળ સમુદાય ॥ અહો૦ ॥ મુગ૦ ॥ કુમ૦ ॥ ॥ સુ૦ ॥ એમ૦ ॥૧॥ મિષ્ટાંગ લીંબૂ ખારેક કદલી, સીતાફળ અભિરામ ॥ અહો૦ ॥ જમરૂખ તરબુજ નીમજાં કોહલાં, સમરિ સમરિ જિનનામ ॥ અહો૦ ॥ મુગ૦ ॥ કુમ૦ ॥ સુમ૦ ॥ ॥ એમ૦ ॥૨॥ ચુયફળ નારિંગ પિસ્તાં ખરબુજ, ફનસ અંગુર જંબીર ॥ અહો૦ ॥ શુભ ચામીકર થાળ ભરીજે, સિંગોડાં અંજીર ॥ અહો૦ ॥ મુગ૦ ॥ કુમ૦ ॥ સુમ૦ ॥ એમ૦ ॥૩॥

॥ દોહા ॥

ઇંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ ॥
પુરૂષોત્તમ પૂજી કરી, માગે શિવફળ ત્યાગ ॥ ૧ ॥

॥ ગીતં ॥

(ઇમનરાગિણી.—મારા મહારે સમાણી.—એ દેશી.)

હરિપરેં ફળ માગો ભવિલોકા, ફળથી શિવફળ રોકા રે ॥ ધન ધન જિનરાયા ॥ રાયણ બીજોરાં ફળ ટેટી, પૂજત શિવવહૂ ભેટી રે ॥ ધન૦ ॥ ૧ ॥ ઇત્યાદિક શુચિફળ ભવિ લાવો, થાળ વિશાળ ભરાવો રે ॥ ધન૦ ॥ હર્ષ ભરે જિન

મંદિર આવો, જિનવર આગળ ઠાવો રે ॥ ધન૦ ॥૨॥ એમ ફળપૂજા જે ભવિ કરશે, તે શિવરમણી વરશે રે ॥ ધન૦ ॥ પૂજો ભવિયણ નિર્મળબુદ્ધિ, પણ કરી સગવિહ શુદ્ધિ રે ॥ ॥ ધન૦ ॥ ૩ ॥ કીરયુગલશું દુર્ગતા નારી, પૂજ્યા જિન જયકારી રે ॥ ધન૦ ॥ કહે શુભવીર અચળ સુખ લીધો, અંત કરમનો કીધો રે ॥ ધન૦ ॥ ૪ ॥

॥ અથ મંત્ર ॥

॥ ઑઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ ફલાનિ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ અષ્ટમ ફળપૂજા સંપૂર્ણ ॥ ૮ ॥

॥ અથ કળશ ॥

(રાગ ધન્યાશ્રી.—વામાનંદન જગ૦—એ દેશી.)

ઇણવિધ અષ્ટપ્રકારી પૂજા, કરશે તસ નિત્ય સુખ શાતા ॥ સિદ્ધિ બુદ્ધિ રિદ્ધિ અડ ભવિજન, પામી અડ પવયણ માતા ॥ હરિપરેં ભક્તિ કરો પ્રભુકેરી ॥ ૧ ॥ રાગ દ્વેષ ટાળી જિનપૂજત, અષ્ટમી ગતિ અનુક્રમે લહે ॥ અષ્ટ કર્મ સમતાયે બાળી, નીલતરૂ વનહિમ દહે ॥ હરિપરેં૦ ॥ ૨ ॥ તપગચ્છ શ્રી વિજયસિંહ સૂરીશ્વર, સત્યવિજય પન્યાસ વરો ॥ કપૂર સમુજ્જલ ખિમાવિજય જસ, વિજય સદા સોભાગ્ય કરો ॥ હરિપરેં૦ ॥ ૩ ॥ તાસ શિષ્ય શુભવિજય સોભાગી, તસ અનુમતિ જિનરાય સહી ॥ ગાવત હર્ષ કલ્લોલ ભરાયા,

રાજનગર ચઉમાસ રહી ॥ હરિપરેં૦ ॥ ૪ ॥ સંવત્ અઢાર અઠ્ઠાવન વરસે, ભાદ્રપદે સિતપક્ષ ભલો ॥ દ્વાદશી દિન ગુરૂ વાર મનોહર, એ અભ્યાસ ભયો સફળો ॥ હરિપરેં૦ ॥ ૫ ॥ સુરગૂર પણ ન શકે કરી વર્ણન, જિન થુણિયા મેં મંદમતિ ॥ જલધિમાન કહે જેમ બાળક, નિજશકતે પંખી વદતી ॥ હરિપરેં૦ ॥ ૬ ॥ શક્તિ વિના પણ તેમ પ્રભુ ગાયા, ગુણ-માળા ભવિ કંઠ ધરો ॥ વીરવિજય કહે સંઘ સકળ ભવિ, જઈ શિવમંદિર લીલ કરો ॥ હરિપરેં ॥ ૭ ॥ ઇતિ કળશ ॥

॥ ઇતિ પંડિત શ્રી વીરવિજયજીકૃત ॥

॥ અષ્ટપ્રકારી પૂજા સમાપ્ત ॥

॥ अथ श्री नवाणुंप्रकारी पूजानी विधि ॥

જઘન્યથી કળશ ગ્રહણ કરનારા નવ શ્રાવક અને ઉત્કૃષ્ટપણે નવાણું શ્રાવક જાણવા. તથા જઘન્યથી નવ જાતિનાં પ્રત્યેક અ-ગીઆર ફળ લેઇને, પ્રત્યેક પૂજા દીઠ નવ નવ ફળ મૂકવાં. એમ અગીઆરને નવ ગુણા કરીયે તેવારે નવાણું ફળ થાય. એમજ સુખડી પણ જઘન્યથી નવ જાતિની અગીઆર અગીઆર નગ લાવીને, પ્રત્યેક પૂજા દીઠ નવ નવ નંગ મૂકવાં. તથા નવાણું દીપક વંશમાલે ધરીએ. તંદુલના સાથીઆ નવાણું કરીએ.

અથ શ્રી શત્રુંજય મહિમાગર્ભિત.

શ્રી નવાણુંપ્રકારી પૂજા પ્રારંભ.

॥ तत्र प्रथम पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શ્રી શંખેશ્વર પાસજી, પ્રણમી શુભગુરૂ પાય ॥
વિમલાચલ ગુણ ગાઇશું, સમરી શારદ માય ॥ ૧ ॥
પ્રાયે એ ગિરિ શાશ્વતો, મહિમાનો નહીં પાર ॥
પ્રથમ જિણંદ સમોસર્યા, પૂર્વ નવાણું વાર ॥ ૨ ॥
અઢીય દ્વીપમાં એ સમો, તીર્થ નહીં ફળદાય ॥
કળિયુગ કલ્પતરૂ વડો, મુક્તાફળશું વધાય ॥ ૩ ॥
યાત્રા નવાણું જે કરે, ઉત્કૃષ્ટે પરિણામ ॥
પૂજા નવાણું પ્રકારની, રચતાં અવિચળ ધામ ॥ ૪ ॥
નવ કળશે અભિષેક નવ, એમ એકાદશ વાર ॥
પૂજાદીક શ્રીફળ પ્રમુખ, એમ નવાણું પ્રકાર ॥ ૫ ॥

॥ ઢાળ ॥

(ઝુમખડાની દેશી.)

યાત્રા નવાણું કરીયે સલુણા, કરીયે પંચ સનાત ॥ સુનંદાકો કાંત નમો ॥ ગણણું લખ નવકાર ગણીજે, દોય અઠ્ઠમ છટ્ઠ સાત ॥ સુ૦ ॥ ૧ ॥ રથયાત્રા પ્રદક્ષિણા દીજે, પૂજા નવાણું પ્રકાર ॥ સુ૦ ॥ ધૂપ દીપ ફળ નૈવેદ્ય મૂકી, ન-

મિયે નામ હજાર ॥ સુ૦ ॥ ૨ ॥ આઠ અધિક શત ટુંક ભલેરાં, મહોટાં તિહાં એકવીશ ॥ સુ૦ ॥ શત્રુંજયગિરિ ટુંક એ પહેલું, નામ નમો નિશદીશ ॥ સુ૦ ॥ ૩ ॥ સહસ અધિક અટ્ઠ મુનિવર સાથે, બાહુબલી શિવઠામ ॥ સુ૦ ॥ બાહુબલી ટુંક નામ એ બીજું, ત્રીજું મરૂદેવી નામ ॥ સુ૦ ॥ ॥ ૪ ॥ પુંડરીકગિરિ નામ એ ચોથું, પાંચ કોડી મુનિ સિદ્ધ ॥ સુ૦ ॥ પાંચમું ટુંક રૈવતગિરિ કહિયે, તેણે એ નામ પ્રસિદ્ધ ॥ સુ૦ ॥ ૫ ॥ વિમલાચળ સિદ્ધરાજ ભગીરથ, પ્રણમીજે સિદ્ધક્ષેત્ર ॥ સુ૦ ॥ છહરી પાળી એણે ગિરિ આવી, કરીયે જન્મ પવિત્ર ॥ સુ૦ ॥ ૬ ॥ પૂજાયે પ્રભુ રીઝવું રે, સાધું કાર્ય અનેક ॥ સુ૦ ॥ શ્રી શુભવીર હૃદયમાં વસજો. અલબેલા ઘડી એક ॥ સુ૦ ॥ ૭ ॥

॥ અથ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

॥ ગિરિવરં વિમલાચલનામકં, ઋષભમુખ્યજિનાંઘ્રિપવિત્રિતં ॥ હૃદિ નિવેશ્ય જલૈર્જિનપૂજનં, વિમલમાપ્ય કરોમિ નિજાત્મકં ॥ ૧ ॥ એ કાવ્ય પ્રત્યેક પૂજાદીઠ કહેવું.

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ એ મંત્ર પણ પ્રત્યેક પૂજા દીઠ કહેવો ॥

॥ ઇતિ પ્રથમ પૂજાભિષેકે ઉત્તરપૂજા સંપૂર્ણ ॥ ૧ ॥

॥ अथ द्वितीय पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ ઉજમાળ ॥
કોડિ સહસ ભવનાં કર્યાં, પાપ ખપે તત્કાળ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(રાગ પૂર્વી.—ઘડી ઘડી સાંભરે શાંન્તિ સલૂણા.—એ દેશી)

ગિરિવર દરિસણ વિરલા પાવે, પૂરવસંચિત કર્મ ખપાવે ॥ ગિરિ૦॥ ઋષભ જિનેશ્વર પૂજા રચાવે, નવનવે નામે ગિરિગુણ ગાવે ॥ ગિરિ૦ ॥૧॥ એ આંકણી ॥ સહસ્ત્ર કમલ ને મુક્તિનિલય ગિરિ, સિદ્ધાચળ શતકૂટ કહાવે ॥ ગિરિ૦ ॥ ઢંક કદંબને કોડી નિવાસો, લોહિત તાલધ્વજ સુર ગાવે ॥ ગિરિ૦ ॥ ૨ ॥ ઢંકાદિક પંચ કૂટ સજીવન, સુર નર મુનિ મળી નામ થપાવે ॥ ગિરિ૦ ॥ રયણખાણ જડીબૂટી ગુફાઓ. રસકૂપિકા ગુરૂ ઈહાં બતાવે ॥ ગિરિ૦ ॥૩॥ પણ પુન્યવંતા પ્રાણી પાવે, પુન્ય કારણ પ્રભુપૂજા રચાવે ॥ ગિરિ૦ ॥ દશકોટી શ્રાવકને જમાડે, જૈન તીર્થ યાત્રા કરી આવે ॥ ગિરિ૦ ॥ ૪ ॥ તેથી એક મુનિ દાન દિયંતાં. લાભ ઘણો સિદ્ધાચળ થાવે ॥ ગિરિ૦ ॥ ચંદ્રશેખર નિજ ભગિની ભોગી. તે પણ એ ગિરિ મોક્ષે જાવે ॥ ગિરિ૦ ॥ ૫ ॥ ચાર હત્યારા નર પરદારા, દેવ ગુરૂદ્રવ્ય ચોરી ખાવે ॥ ગિરિ૦ ॥ ચૈત્રી કાર્ત્તિકી પૂનમ યાત્રા, તપ જપ ધ્યાનથી પાપ જલાવે

॥ ગિરિ૦ ॥ ૬ ॥ ઋષભસેન જિન આદે અસંખ્યા, તિર્થંકર મુક્તિસુખ પાવે ॥ ગિરિ૦॥ શિવવહૂ વરવા મંડપ એ ગિરિ, શ્રી શુભવીર વચન રસ ગાવે ॥ ગિરિવર૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥ ૧ ॥

॥ અથ મંત્રઃ ॥ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥

॥ ઇતિ દ્વિતીયાભિષેકે ઉત્તરપૂજા સંપૂર્ણ ॥ ૨ ॥

॥ अथ तृतीय पूजा प्रारंज ॥

॥ દોહા ॥

નેમ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા વિમળગિરિંદ ॥
ભાવી ચોવીશી આવશે, પદ્મનાભાદિ જિણંદ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(મનમોહન મેરે —એ દેશી.)

ધન ધન તે જગ પ્રાણિયા, મનમોહન મેરે ॥ કરતા ભક્તિ પવિત્ર ॥ મ૦ ॥ પુણ્યરાશિ મહાબલ ગિરિ ॥ મ૦ ॥ દૃઢશક્તિ શતપત્ર ॥ મ૦ ॥૧॥ વિજયાનંદ વખાણિયે ॥મ૦॥ ભદ્રંકર મહાપીઠ ॥ મ૦ ॥ સુરગિરિ મહાગિરિ પુણ્યથી ॥ મ૦ ॥ આજ મેં નજરે દીઠ ॥ મ૦ ॥ ૨ ॥ એંશી યોજન પ્રથમારકે ॥ મ૦ ॥ સિત્તેર સાઠ પચાસ ॥મ૦ ॥ બાર યોજન સાત હાથનો ॥ મ૦ ॥ છઠ્ઠે પોહોળો પ્રકાશ ॥ મ૦ ॥ ૩ ॥ પંચમકાળે પામવો ॥મ૦॥ દુલહો પ્રભુ દેદાર ॥ મ૦ ॥ એકે-

દ્રિય વિકલેંદ્રિમાં ॥ મ૦ ॥ કાઢયો અનંતો કાળ ॥ મ૦॥૪॥ પંચેંદ્રિય તિર્યંચમાં ॥ મ૦ ॥ નહીં સુખનો લવલેશ ॥ મ૦॥ ઘુર્ણાક્ષર ન્યાયે લહ્યો ॥ મ૦ ॥ નરભવ ગુરૂ ઉપદેશ ॥ મ૦॥ ॥ ૫ ॥ બહુશ્રુત ચરણની સેવના ॥ મ૦ ॥ વસ્તુધર્મ ઓળખાણ ॥ મ૦ ॥ આત્મસ્વરૂપ રમણે રમે ॥ મ૦॥ ન કરે જુઠ ડફાણ ॥ મ૦ ॥ ૬॥ કારણે કારજ નીપજે ॥ મ૦ ॥ દ્રવ્ય ને ભાવ નિમિત્ત ॥મ૦॥ નિમિત્તવાસી આતમા ॥ મ૦ ॥ બાવના ચંદનશીત ॥ મ૦ ॥ ૭ ॥ અન્વયવ્યતિરેકે કરી ॥ મ૦ ॥ જિનમુખ દર્શન રંગ ॥ મ૦ ॥ શ્રી શુભવીર સુખી સદા ॥ મ૦ ॥ સાધક કિરિયા અસંગ ॥ મનમોહન મેરે ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ અથ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥

॥ ઇતિ તૃતિયાભિષેકે ઉત્તરપૂજા સંપૂર્ણ ॥ ૩ ॥

॥ अथ चतुर्थ पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શેત્રુંજી નદી ન્હાઇને, મુખ બાંધી મુખકોશ ॥
દેવયુગાદિ પૂજીયે, આણી મન સંતોષ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(અને હાં રે વાહાલોજી વાય છે વાંસળી રે.—એ દેશી.)

અને હાં રે વહાલો વસે વિમલાચળે રે, જિહાં હુઆ ઉદ્ધાર અનંત ॥ વા૦ ॥ અ૦ ॥ વાહાલાથી નહિ વેગળા રે,

મુને વાહાલો સુનંદાનો કંત ॥ વા૦ ॥ ૧ ॥ અ૦ ॥ આ અ-
વસર્પિણી કાળમાં રે, કરે ભરત પ્રથમ ઉદ્ધાર ॥વા૦॥અ૦॥
બીજો ઉદ્ધાર પાટ આઠમે રે, કરે દંડવીરજ ભૂપાલ ॥ વા૦ ॥
॥ ૨ ॥ અ૦ ॥ સીમંધર વયણાં સુણી રે, ત્રીજો કરે ઈશા-
નેંદ્ર ॥ વા૦ ॥ અ૦ ॥ સાગર એક કોડી અંતરે રે, ચોથો
ઉદ્ધાર માહેંદ્ર ॥ વા૦ ॥ ૩ ॥ અ૦ ॥ દશ કોડી વળી સાગરે
રે, કરે પંચમ પંચમ ઈંદ્રિ ॥ વા૦ ॥ અ૦ ॥ એક લાખ કોડી
સાગરે રે, ઉદ્ધાર કરે ચમરેંદ્ર ॥ વા૦ ॥ ૪॥ અ૦ ॥ ચક્રીસ-
ગર ઉદ્ધાર તે સાતમો રે, આઠમો વ્યંતરેંદ્રનો સાર ॥વા૦॥
॥ અ૦ ॥ તે અભિનંદન ચંદ્રપ્રભુ સમે રે, કરે ચંદ્રજસા ઉ-
દ્ધાર ॥ વા૦ ॥૫॥ અ૦ ॥ નંદનશાંતિ જિણંદનારે, ચક્રાયુધ
દશમ ઉદ્ધાર ॥ વા૦ ॥ અ૦ ॥ અગીયારમો રામચંદ્રનો રે,
બારમો પાંડવનો ઉદ્ધાર ॥ વા૦ ॥ ૬ ॥ અ૦ ॥ વિશ કોડી
મુનિ સાથે પાંડવા રે, ઈહાં વરિયા પદ મહાનંદ ॥ વા૦ ॥
॥ અ૦ ॥ મહાનંદ કર્મસૂદણ કૈલાસ છે રે, પુષ્પદંત જયંત
આનંદ ॥ વા૦ ॥ ૭ ॥ અ૦ ॥ શ્રીપદ હસ્તગિરિ શાશ્વતો
રે. એ નામ તે પરમ નિધાન ॥ વા૦ ॥ અ૦ ॥ શ્રી શુભવી-
રની વાણીયે રે, ધરી કાન કરો બહુ માન ॥ વા૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ અથ મંત્રઃ ॥ ઓઁ હ્રીં શ્રીં પરમ૦ ॥

॥ ઇતિ ચતુર્થાભિષેકે ઉત્તરપૂજા સંપૂર્ણ ॥ ૪ ॥

॥ अथ पंचम पूजा प्रारंज ॥

॥ દોહા ॥

ચોથે આરે એ થયા, સવિ મહોટા ઉદ્ધાર ॥
સૂક્ષ્મ ઉદ્ધાર વચ્ચે થયા, કહેતાં નાવે પાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(તેજે તરણીથી વડો રે — એ દેશી.)

સંવત એક અઠ્ઠલંતરે રે, જાવડશાનો ઉદ્ધાર ॥ ઉદ્ધરજો મુજ સાહિબા રે, નાવે ફરી સંસાર હો જિનજી ॥ ભક્તિ હૃદયમાં ધારજો રે, અંતરવૈરી વારજો રે, તારજો દીનદયાળ ॥ ૧ ॥ એ આંકણી ॥ બાહડમંત્રીયે ચૌદમો રે, તીર્થે કર્યો ઉદ્ધાર ॥ બાર તેરોત્તર વર્ષમાં રે, વંશ શ્રીમાલી સાર હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૨ ॥ સંવત તેર એકોત્તરે રે, સમરેશા ઓસવાલ ॥ ન્યાયદ્રવ્ય વિધિ શુદ્ધતા રે, પન્નરમો ઉદ્ધાર હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૩ ॥ પન્નરસે સત્યાશીયે રે, સોલમો એ ઉદ્ધાર ॥ કર્માશાયે કરાવીઓ રે, વરતે છે જયકાર હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૪ ॥ સૂરિ દુપ્પસહ ઉપદેશથી રે, વિમલવાહન ભૂપાળ ॥ છેલ્લો ઉદ્ધાર કરાવશે રે, સાશયગિરિ ઉજમાળ હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૫ ॥ ભવ્યગિરિ સિદ્ધશેખરો રે, મહાજસ ને માલ્યવંત ॥ પૃથિવપીઠ દુઃખહર ગિરિ રે, મુક્તિરાજ મણિકંત હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૬ ॥ મેરૂ મહીધર એ ગિરિ રે, નામે સદા સુખ થાય ॥ શ્રી શુભ-

વીરને ચિત્તથી રે, ઘડીય ન મહેલણ જાય હો જિનજી ॥ ભક્તિ હૃદયમાં ધારજો રે૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥

॥ ઇતિ પંચમાભિષેકે ઉત્તરપૂજા સંપૂર્ણ ॥ ૫ ॥

॥ अथ षष्ठ पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સિદ્ધાચળ સિદ્ધિ વર્યા, ગૃહિ મુનિલિંગ અનંત ॥
આગે અનંતા સીઝશે, પૂજો ભવિ ભગવંત ॥ ॥ ॥

॥ ઢાળ ॥

(ચતુરેમેં ચતુરી કોણ, જગતકી મોહની.—એ દેશી)

સખરેમેં સખરી કોણ, જગતકી મોહની ॥ ઋષભજિનંદકી પડિમા, જગતકી મોહની ॥ રયણમય મૂર્ત્તિ ભરાઈ, જગતકી મોહની ॥ હાં હાં રે ॥ જગ૦ ॥ પ્યારે લાલ, જગતકી મોહની ॥ એ આંકણી ॥ ભરતે ભરાઇ સોય, પ્રમાના લે કરી ॥ કંચનગિરિએ બેઠાઈ, દેખત દુનિયાં ડરી ॥ હાં હાં રે દેખત૦ ॥ પ્યા૦ ॥ દેખ૦ ॥ ૧ ॥ સખરે૦ ॥ સાતમોદ્ધારમે ચક્રીસગર, સુર ચિંતવી ॥ દુઃખમ કાળ વિચાર, ગુફામેં જા ઠવી ॥ હાં હાં રે ગુફા૦ ॥ પ્યા૦ ॥ ગુ૦ ॥ દેવ દેવી હરરોજ, પૂજનકું આવતે ॥ પૂજાકો ઠાઠ બનાય, સાંયું ગુણ ગા-

વતે ॥ હાં હાં રે સાંયું૦ ॥ પ્યા૦ ॥ સાંયું૦ ॥ ૨ ॥ સખરે૦ ॥ અપ્સરા ઘુંઘટ ખોલકે, આગે નાચતે ॥ ગીત ગાન ઓર તાન, ખડા હરિ દેખતે ॥ હાં હાં રે ખડા૦ ॥ પ્યા૦ ॥ ખ૦ ॥ જિન ગુણ અમૃતપાનસેં, મગન ભઇ ઘડી ॥ ઠમ ઠમ ઠમકે પાઉં, બલૈયાં લે ખડી ॥ હાં હાં રે બલૈ૦ ॥ પ્યા૦ ॥ બ૦ ॥ ૩ ॥ ॥ સખરે૦ ॥ યા રીત ભક્તિમગન્નસેં, સુર સેવા કરે ॥ સુર-સાન્નિધ્ય નર દર્શન, ભવ ત્રીજે તરે ॥ હાં હાં રે ભવ૦ ॥ ॥ પ્યા૦ ॥ ભ૦ ॥ પશ્ચિમ દિશ સોવન્ન, ગુફામેં માલ્હતે ॥ તીનેં કંચનગિરિ નામ, કે દુનિયાં બોલતે ॥હાંહાં રે કે દુનિ૦॥ ॥ પ્યા૦ ॥ દુ૦ ॥ ૪ ॥ સખરે૦ ॥ આનંદઘર પુણ્યકંદ, જયાનંદ જાનીયે ॥ પાતાલમૂલ વિભાસ, વિશાલ વખાનીયે ॥ હાંહાં રે વિશા૦ ॥ પ્યા૦ ॥ વિ૦ ॥ જગતારણ અકલંક, એ તીરથ માનીયે ॥ શ્રી શુભવીર વિવેકે, પ્રભુકું પીછાનીયે ॥ હાં હાં રે પ્રભુ૦ ॥ પ્યારે૦ ॥ પ્ર૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ અથ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥

॥ ઇતિ ષષ્ઠાભિષેકે ઉત્તરપૂજા સંપૂર્ણ ॥ ૬ ॥

॥ अथ सप्तम पूजा प्रारंज ॥

॥ દોહા ॥

નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિરાય ॥
સાથે સિદ્ધિવધૂ વર્યા, શત્રુંજય સુપસાય ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(સહસાવનમાં એક દિન સ્વામિ.—એ દેશી.)

આવ્યાં છું આશ ભર્યાં રે, વાલાજી અમે આવ્યાં રે આશ ભર્યાં ॥ એ આંકણી ॥ નમિપુત્રી ચોશઠ મળીને, ઋષભ પાઉં પર્યાં ॥ કરજોડી વિનયે પ્રભુ આગે, એમ વચણાં ઉચ્ચર્યાં રે ॥ વા૦ ॥ ૧ ॥ નમિ વિનમી જે પુત્ર તમારા, રાજ્યભાગ વિસર્યાં ॥ દીનદયાળે દીધો પામી, આજ લગે વિચર્યાં રે ॥ વા૦ ॥૨॥ બાહ્યરાજ્ય ઉભગી પ્રભુ પાસે, આવે કાજ સર્યાં ॥ અમે પણ તાતજી કારજ સાધું, સાન્નિધ્ય આપ કર્યાં રે ॥ વા૦ ॥ ૩ ॥ એમ વદંતી પાગે ચઢંતી, અણસણ ધ્યાન ધર્યાં ॥ કેવલ પામી કર્મને વામી, જ્યોતસેં જ્યોતિ મલ્યાં રે ॥ વા૦ ॥ ૪ ॥ એક અવગાહને સિદ્ધ અનંતા, દુગ ઉપયોગ વર્યાં ॥ ફરસિત દેશ પ્રદેશ અસંખિત, ગુણાકાર કર્યાં રે ॥ વા૦ ॥ ૫ ॥ અકર્મક મહાતીરથ હેમગિરિ, અનંતશક્તિ ભર્યાં ॥ પુરૂષોત્તમ ને પર્વતરાજા, જ્યોતિરૂપ ધર્યાં રે ॥વા૦॥૬॥ વિલાસભદ્ર સુભદ્ર એ નામે, સુણતાં ચિત્ત ઠર્યાં ॥ શ્રી શુભવીર પ્રભુ અભિષેકે, પાતક દૂર હર્યાં રે ॥ વા૦ ॥૭॥

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥

॥ ઇતિ સપ્તમાભિષેકે ઉત્તર જા સંપૂર્ણ ॥ ૭ ॥

॥ અથ અષ્ટમ પૂજા પ્રારંભ ॥

॥ દોહા ॥

દ્રાવિડ ને વારિખિલ્લજી, દશ કોડી અણગાર ॥
સાથે સિદ્ધિવધૂ વર્યા, વંદૂ વારંવાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(તોરણ આઈ કયું ચલે રે.—એ દેશી.)

ભરતને પાટે ભૂપતિ રે, સિદ્ધિ વર્યા એણે ઠાય ॥ સલૂણા ॥ અસંખ્યાતા તિહાં લગે રે, હુઆ અજિત જિનરાય ॥ સલૂણા ॥ ૧ ॥ જેમ જેમ એ ગિરિ ભેટીએ રે, તેમ તેમ પાપ પલાય ॥ સ૦ ॥ અજિત જિનેશ્વર સાહિબોરે, ચોમાસું રહી જાય ॥ સ૦ ॥ જે૦ ॥ ૨ ॥ સાગરમુનિ એક કોડીશું રે, તોડ્યા કર્મના પાસ ॥સ૦॥ પાંચ કોડી મુનિરાજશું રે, ભરત લહ્યા શિવવાસ ॥ સ૦ ॥ જે૦ ॥૩॥ આદિશ્વર ઉપકારથી રે, સત્તર કોડી સાથ ॥ સ૦ ॥ અજિતસેન સિદ્ધાચળે રે, ઝાલ્યો શિવવહૂ હાથ ॥ સ૦ ॥ જે૦ ॥ ૪ ॥ અજિતનાથ મુનિ ચૈત્રની રે, પૂનમે દશ હજાર ॥ સ૦ ॥ આદિત્યયશા મુક્તિ વર્યા રે, એક લાખ અણગાર ॥ સ૦ ॥ જે૦ ॥ ૫ ॥ અજરામર ક્ષેમંકરૂ રે, અમરકેતુ ગુણકંદ ॥ સ૦ ॥ સહસ્રપત્ર શિવકરૂ રે, કર્મક્ષય તમઃકંદ ॥ સ૦ ॥ જે૦ ॥ ૬ ॥ રાજરાજેશ્વર એ ગિરિ રે, નામ છે મંગળરૂપ ॥ સ૦ ॥ ગિરિવર રજતરૂમંજરી રે, શીશ ચઢાવે ભૂપ ॥ સ૦ ॥ જે૦ ॥ ૭ ॥ દેવયુગાદિ

પૂજતાં રે, કર્મ હોયે ચકચૂર ॥ સ૦ ॥ શ્રી શુભવીરને સાહિબા રે, રહેજો હઈડા હજૂર ॥ સલૂણા ॥ જે૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ અથ મંત્રઃ ॥ ૐ ह्रीं श्रीं પરમ૦ ॥

॥ ઇતિ અષ્ટમાભિષેકે ઉત્તરપૂજા સંપૂર્ણ ॥ ૮ ॥

॥ अथ नवम पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

રામ ભરત ત્રણ કોડીશું, કોડી મુનિ શ્રીસાર ॥
કોડી સાડીઆઠ શિવ વર્યા, સાંબ પ્રદ્યુમ્ન કુમાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(ઉંચોને અલબેલો રે, કામણગારો કાનુડો.—એ દેશી.)

સિદ્ધાચળશિખરે દીવો રે, આદિશ્વર અલબેલો છે ॥ જાણે દર્શન અમૃત પીવો રે ॥ આ૦ ॥ શિવ સોમજસાની લારે રે ॥ આ૦ ॥ તેર કોડી મુનિ પરિવારે રે ॥આ૦॥ સિ૦॥ ॥૧ ॥ કરે શિવસુંદરીનું આણું રે ॥ આ૦ ॥ નારદજી લાખ એકાણું રે ॥આ૦ ॥ વસુદેવની નારી પ્રસિદ્ધિ રે ॥ આ૦ ॥ પાંત્રીશ હજાર તે સિદ્ધિ રે ॥ આ૦ ॥ સિ૦ ॥ ૨ ॥ લખ બાવન ને એક કોડી રે ॥ આ૦ ॥ પંચાવન સહસને જોડીરે ॥ આ૦ ॥ સાતસેં સત્યોતેર સાધુ રે ॥ આ૦ ॥ પ્રભુ શાંન્તિ ચોમાસું કીધું રે ॥ આ૦ ॥ સિ૦ ॥૩॥ તવ એ વરિયા શી-

વનારી રે ॥ આ૦ ॥ ચૌદ સહસ મુનિ દમિતારી રે ॥આ૦॥ પ્રદ્યુમ્નપ્રિયા અચંભી રે ॥ આ૦ ॥ ચોઆલીસસેં વૈદર્ભિ રે ॥ આ૦ ॥ સિ૦ ॥૪॥ થાવચ્ચાપુત્ર હજારે રે ॥ આ૦ ॥ શુક પરિવ્રાજક એ ધારે રે ॥ આ૦ ॥ સેલગ પણસય વિખ્યાતે રે ॥ આ૦ ॥ સુભદ્રમુનિ સયસાતે રે ॥ આ૦ ॥ સિ૦ ॥ ૫ ॥ ભવ તરિયા તેણે ભવતારણ રે ॥ આ૦ ॥ ગજચંદ્ર મહોદય કારણ રે ॥ આ૦ ॥ સુરકાંત અચલ અભિનંદા રે ॥ આ૦॥ સુમતિ શ્રેષ્ટા ભયકંદા રે ॥ આ૦ ॥ સિ૦ ॥ ૬ ॥ ઈહાં મોક્ષ ગયા કેઈ કોટી રે ॥ આ૦ ॥ અમને પણ આશા મોટી રે ॥ આ૦ ॥ શ્રદ્ધાસ વેગે ભરિયો રે ॥ આ૦॥ મેં મોટો દરિયો તરિયો રે ॥ આ૦ ॥ સિ૦ ॥ ૭॥ શ્રદ્ધાવિણ કુણ ઈહાં આવે રે ॥ આ૦ ॥ લઘુ જળમાં કેમ તે નાવે રે ॥ આ૦ ॥ તેણે હાથ હવે પ્રભુ ઝાલો રે ॥ આ૦ ॥ શુભવીરને હઈડે વહાલો રે ॥ આ૦ ॥ સિદ્ધાચળ શિખરે દીવા રે ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ અથ મંત્રઃ ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥

॥ ઇતિ નવમાભિષેકે ઉત્તરપૂજા સંપૂર્ણ ॥ ૯ ॥

॥ अथ दशम पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કદંબ ગણધર કોડીશું, વળી સંપ્રતિ જિનરાજ ॥
થાવચ્ચા તસ ગણધરૂ, સહસશું સિદ્ધાં કાજ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(ધન્ય ધન્ય જિનવાણી.—એ દેશી.)

એમ કેઈ સિદ્ધિ વર્યા મુનિરાયા, નામથી નિર્મળ કાયા રે ॥ એ તીરથ તારૂ ॥ જાલી મયાલી ને ઉવયાલી, સિધ્યા અનશન પાળી રે ॥ એ૦ ॥૧॥ દેવકી ષટ્ નંદન ઈહાં સિધ્યા, આતમ ઉજ્જવલ કીધા રે ॥ એ૦ ॥ ઉજ્જવલગિરિ મહાપદ્મ પ્રમાણો, વિશ્વાનંદ વખાણો રે ॥ એ૦ ॥ ૨ ॥ વિજયભદ્ર ને ઈદ્રપ્રકાશો, કહિયે કપર્દી વાસો રે ॥ એ૦ ॥ મુક્તિ નિકેતન કેવલદાયક, ચર્ચગિરિ ગુણલાયક રે ॥ એ૦ ॥ ૩ ॥ એ નામે ભય સઘળા નાસે, જયકમળા ઘરવાસે રે ॥ એ૦॥ શુકરાજા નિજ રાજ્યવિલાસી, ધ્યાન ધરે ષટ્માસી રે ॥એ૦॥ ॥ ૪ ॥ દ્રવ્યસેવનથી સાજા તાજા, જેમ કૂકડો ચંદરાજા રે ॥ એ૦ ॥ ધ્યાતા ધ્યેય ધ્યાનપદ એકે, ભાવથી શિવફળ ટેકે રે ॥ એ૦ ॥ ૫ ॥ ડાળને છંડી બ્રહ્મને વળગો, જાણ ન થાયે અળગો રે ॥ એ૦ ॥ મૂલ ઉર્ધ્વ અધ શાખા ચારે, છંદપુરાણે વિચારે રે ॥ એ૦ ॥ ૬ ॥ ઈંદ્રિય ડાલાં વિષય પ્રવાલાં, જાણંતા પણ બાળા રે ॥એ૦॥ અનુભવ અમૃત જ્ઞાનની ધારા, જિનશાસન જયકારા રે ॥ એ૦ ॥ ૭ ॥ ચાર દોષ કિરિયા છડાણી, યોગાવંચક પ્રાણી રે ॥ એ૦ ॥ ગિરિવરદર્શન ફરસન યોગે, સંવેદનને વિયોગે રે ॥ એ૦ ॥૮॥ નિર્જરતો ગુણશ્રેણે ચડતો, ધ્યાનાંતર જઈ અડતો રે ॥ એ૦॥ શ્રી શુભવીર વસે સુખ મોજે, શિવસુંદરીની સેજે રે ॥ એ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ અથ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥

॥ ઇતિ દશમાભિષેકે ઉત્તરપૂજા સંપૂર્ણ ॥ ૯ ॥

॥ अथ एकादश पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શત્રુંજય ગિરિમંડણો, મરૂદેવાનો નંદ ॥
યુગલા ધર્મ નિવારકો, નમો યુગાદિ જિણંદ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(વીરકુંવરની વાતડી કેને કહીયે —એ દેશી.)

તીરથની આશાતના નવિ કરિયે ॥ નવિ કરિયે રે નવિ કરિયે, ધૂપ ધ્યાન ઘટા અનુસરિયે, તરિયે સંસાર ॥તીરથ૦॥ ॥ ૧ ॥ એ આંકણી ॥ આશાતના કરતાં થકાં ધનહાણી ॥ ભુખ્યાં ન મળે અન્નપાણી, કાયા વળી રોગે ભરાણી, આ ભવમાં એમ ॥ તીરથ૦ ॥ ૨ ॥ પરભવ પરમાધામીને વશ પડશે ॥ વૈતરણી નદીમાં ભળશે, અગ્નિને કુંડે બળશે, નહીં શરણું કોય ॥ તીરથ૦ ॥ ૩ ॥ પૂરવ નવાણું નાથજી, ઈહાં આવ્યા ॥ સાધુ કેઇ મોક્ષ સધાવ્યા, શ્રાવક પણ સિદ્ધિ સુહાવ્યા, જપતાં ગિરિ નામ ॥ તીરથ૦ ॥૪॥ અષ્ટોત્તર શતકૂટ એ ગિરિ ઠામે ॥ સૌંદય યશોધર નામે, પ્રીતિમંડણ કામુક કામે, વળી સહજાનંદ ॥ તીરથ૦ ॥૫॥ મહેંદ્રધ્વજ સરવારથ સિદ્ધ કહિયે ॥ પ્રિયંકર નામ એ લહિયે, ગિરિ શીતલ છાંયે રહિયે,

નિત્ય કરીએ ધ્યાન ॥ તીરથ૦ ॥૬ ॥ પૂજા નવાણું પ્રકારની એમ કીજે ॥ નરભવનો લાહો લીજે, વળી દાન સુપાત્રે દીજે, ચઢતે પરિણામ ॥ તીરથ૦ ॥૭॥ સેવન ફળ સંસારમાં કરે લીલા ॥ રમણી ધન સુંદર બાળા, શુભવીર વિનોદ વિશાળા, મંગલ શિવમાળ ॥ તીરથ૦ ॥ ૮ ॥

॥ ઇતિ એકાદશમાભિષેકે ઉત્તરપૂજા સંપૂર્ણ ॥

॥ અથ કળશ ॥

(રાગ ધન્યાશ્રી રાગેણ ગીયતે.)

ગાયો ગાયો રે, વિમલાચળ તીરથ ગાયો ॥ પર્વતમાં જેમ મેરૂ મહીધર, મુનિમંડળ જિનરાયો ॥ તરૂગણમાં જેમ કલ્પ તરૂવર, તેમ એ તીરથ સવાયો રે ॥ વિ૦ ॥ ૧ ॥ યાત્રા નવાણું ઇહાં અમે કીધી, રંગ તરંગ ભરાયો ॥ તીરથગુણ મુક્તાફળ માળા, સંઘને કંઠે ઠવાયો રે ॥ વિ૦ ॥ ૨ ॥ શેઠ હેમાભાઈ હુકમ લઇને, પાલીતાણા શિર ઠાયો ॥ મોતીચંદ મલુકચંદ રાજ્યે, સંઘ સકળ હરખાયો રે ॥ વિ૦ ॥ ૩ ॥ તપગચ્છ સિંહસૂરીસર કેરા, સત્યવિજય સત્ય પાયો ॥ કપૂરવિજય ગુરૂ ખિમાવિજય તસ, જસવિજયો મુનિરાયો રે ॥ વિ૦ ॥૪॥ શ્રી શુભવિજય સુગુરૂ સુપસાયે, શ્રુતચિંતામણી પાયો ॥ વિજયદેવેંદ્ર સૂરીશ્વર રાજ્યે, પૂજા અધિકાર રચાયો રે ॥ વિ૦ ॥ ૫ ॥ પૂજા નવાણુંપ્રકારી રચાવો, ગાવો એ ગિ-

રિરાયો ॥ વિધિયોગે ફળ પૂરણ પ્રગટે, તવ હઠવાદ હઠાયો રે ॥ વિ૦ ॥૬॥ વેદ ૪ વસુ ૮ ગજ ૮ ચંદ્ર ૧ સંવત્સર (૧૮૮૪), ચૈત્રીપૂનમ દિન ધ્યાયો ॥ પંડિત વીરવિજય પ્રભુ ધ્યાને, આતમ આપ ઠરાયો રે ॥ વિમલા૦ ॥ ૭ ॥ ઇતિ કળશ ॥

॥ કાવ્યં ॥ ગિરિવરં૦ ॥

॥ અથ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥

॥ ઇતિ પંડિત શ્રી વીરવિજયજીકૃત શ્રી શત્રુંજય મહિમાગર્ભિત નવાણુંપ્રકારી પૂજા સમાપ્ત ॥

॥ अथ श्री द्वादशव्रत पूजानी विधि ॥

વિશાળ જિનભુવનમાં અથવા પીઠિકાની રચના કરીને ત્યાં મહાવીર પ્રભુની પ્રતિમા સ્થાપન કરવી. વામ (ડાબી) દિશાયે કલ્પવૃક્ષ સ્થાપન કરવો. પછી તે પ્રતિમા આગળ પ્રત્યેક પૂજાદીઠ જે જે વસ્તુ પ્રભુને ચઢે છે, તે ચઢાવવી. બાકી દર્પણ, અષ્ટમંગલ, અને ધ્વજાઓ, સર્વ મૂકવાં. જઘન્યથી તેર પુરૂષ, તેર ઈંદ્રાણી. શેષ વિધિ અષ્ટપ્રકારી પૂજાની રીતે જાણી લેવી. અને એકશોને ચોવીશ અતિચાર ટાળવા નિમિત્તે એકશોને ચોવીશ દીપક કરવા.

એ પૂજામાં શ્રાવકના શુદ્ધ સમ્યક્ત્વાદિ બારે વ્રતનો વિધિ, તે સમકિતના પાંચ, બારવ્રત તથા કર્મદાનના પંચોતેર, સંલેષણાના પાંચ, જ્ઞાનના આઠ, દર્શનના આઠ, ચારિત્રના આઠ, વીર્યના ત્રણ, અને તપના બાર, એ સર્વ મળી એકશો ચોવીશ અતિચારસહિત કહ્યા છે.

અથ શ્રી

દ્વાદશવ્રત પૂજા પ્રારંભ.

॥ તત્ર પ્રથમ ॥

॥ श्रावकगुणवर्णनकाव्यम् ॥

ઉચ્ચૈર્ગુણૈર્યસ્ય નિબદ્ધમૂલં ॥ સત્કીર્ત્તિશાખાવિનયાદિ પત્રઃ ॥ દાનં ફલં માર્ગ્ગણપક્ષિભોજિ ॥ જીયાચ્ચિરં શ્રાવક કલ્પવૃક્ષઃ ॥ ૧ ॥

॥ अथ समकितारोपणे प्रथम जळपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સુખકર શંખેશ્વર પ્રભુ, પ્રણમી શુભગુરૂ પાય ॥ શાસનનાયક ગાયશું, વર્દ્ધમાન જિનરાય ॥ ૧ ॥ સમવસરણ સુરવર રચે, વન મહસેન મઝાર ॥ સંઘ ચતુર્વિધ થાપીને, ભૂતલ કરત વિહાર ॥ ૨ ॥ એક લખ શ્રાવક વ્રતધરા, ઓગણશાઠ હજાર ॥ સૂત્રઉપાસકે વર્ણવ્યા, દશ શ્રાવક શિરદાર ॥ ૩ ॥ પ્રભુહાથે વ્રત ઉચ્ચરી, બાર તજી અતિચાર ॥ ગુરૂ વંદી જિનની કરે, પૂજા વિવિધ પ્રકાર ॥ ૪ ॥ મુનિમારગ ચિંતામણિ, શ્રાવક સુરતરૂ સાજ ॥ બેહુ બાંધવ ગુણઠાણમે, રાજા ને યુવાજ ॥ ૫ ॥ શિવમારગ વ્રતનો વિધિ, સાતમા અંગ મોઝાર ॥ પંચમ આરે પ્રાણીને, સુણતાં હોય ઉપકાર

॥૬॥ તેણે કારણ પૂજા રચું, અનુપમ તેર પ્રકાર ॥ ઉતરવા ભવજલનિધિ, એ છે આરા બાર ॥૭॥ સુરતરૂ રૂપાનો કરી, નીલ વરણમેં પાન ॥ રક્તવરણ ફલ રાજતાં, વામદિશે તસ ઠાણ ॥ ૮ ॥ તેર તેર વસ્તુ શુચિ, મેળવીએ નવ રંગ ॥ નર નારી કલશા ભરી, તેર ઠવો જિન અંગ ॥ ૯ ॥ ન્હવણ, વિલેપણ, વાસની, માલ, દીપ ધૂપ, ફુલ ॥ મંગલ, અક્ષત, દર્પણે, નૈવેદ્ય, ધ્વજ, ફલપૂર ॥ ૧૦ ॥

॥ ઢાળ ॥

(રત્નમાલાની.—પ્રથમ પૂરવદિશે.—એ દેશી.)

ચતુર ચંપાપુરી, વનમાંહે ઉતરી, સોહમ જંબૂને એમ કહે એ ॥ વીરજિન વિચરતા, નવપુર આવતા, વચન કુસુમે વ્રત મહમહે એ ॥ ૧ ॥ શાંત સંવેગતા, વસુમતી યોગ્યતા, સમકિત બીજ આરોપ કીજે ॥ સૃષ્ટિ બ્રહ્માતણી, વિષ્ણુ શંકર ધણી, એક રાખે એક સંહરીજે ॥ ૨ ॥ ગૌરૂપ ચાટણી, વાચ્ય અમૃતતણી, ત્રિપુરને કેશવા ત્રણ હણીજે ॥ જૂઠ મંડાણની, વાણી પુરાણની, કુગુરૂમુખ ડાકિણી દૂરે કીજે ॥૩॥ હરિ હર બંભને, દેવી અચંભને, પામી સમકિત નવિ ચિત્ત ધરીજે ॥ દોષથી વેગળા, દેવ તીર્થંકરા, ઉઠી પ્રભાતે તસ નામ લીજે ॥ ૪ ॥ અતિશયે શોભતા, અન્ય મત થોભતા, વાણી ગુણ પાંત્રીશ જાણીયે એ ॥ નાથ શિવસાર્થવા, જગત્‌ના બાંધવા, દેવવીતરાગ તે માનીયે એ ॥ ૫ ॥ જોગ

આચારને, સુગુરૂ અણગારને, ધર્મ જયણાયુત આદરો એ ॥ સમકિત સારને, છંડી અતિચારને, સિદ્ધ પડિમા નતિ નિત્ય કરો એ ॥ ૬ ॥ શ્રેણિક ખાયકે, ક્ષીર ગંગોદકે, જિન અભિષેક નિત્ય તે કરે એ ॥ સિંચી અનુકૂળને, કલ્પતરૂમૂલને, શ્રી શુભવીરપદ અનુસરે એ ॥ ૭ ॥

॥ અથ કાવ્યમ્ ॥ શાર્દૂલવિક્રીડિત વૃત્તમ્ ॥

શ્રદ્ધાસંયુતદ્વાદશવ્રતધરાઃ શ્રાદ્ધાઃ શ્રુતે વર્ણિતાઃ ॥ આનંદાદયદિગ્મિતાઃ સુરભવં ત્યક્ત્વા ગમિષ્યંતિ વૈ ॥ મોક્ષં તદ્વ્રતમાચરસ્વ સુમતે ચૈત્યાભિષેકં કુરૂ ॥ યેન ત્વં વ્રતકલ્પપાદપફલાસ્વાદં કરોષિ સ્વયમ્ ॥ ૧ ॥

(એ કાવ્ય પ્રત્યેક પૂજા દીઠ કહેવું.)

॥ અથ મંત્ર ॥

ઑ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા ॥

॥ એ મંત્ર પણ પ્રત્યેક પૂજા દીઠ કહેવો ॥

॥ ઇતિ સમકિતારોપણે પ્રથમ જલપૂજા સંપૂર્ણ ॥ ૧ ॥

॥ अथ प्रथमव्रते द्वितीय चंदनपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

દંસણ નાણ ચરણતણા, આઠ આઠ અતિચાર ॥
અણસણ વીર્યાચારના, પણ તિગ તપના બાર ॥ ૧ ॥

સુંદર સમકિત ઉચ્ચરી, લહિ ચોથું ગુણઠાણ ॥
ચઢિ પ્રથમ પગથાલિયે, થૂલથકી પચ્ચખ્ખાણ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(વાલ્હે અમૃત પાઈ ઉછેર્યાં, વાલ્હેજીયે અમને રે.—એ દેશી)

આવો આવો જસોદાના કંત, અમઘર આવો રે ॥ ભક્તિવત્સલ ભગવંત, નાથ શે નાવો રે ॥ એમ ચંદનબાળા બોલડે, પ્રભુ આવી રે ॥ મુઠી બાકુલા માટે, પાછા વળીને બોલાવી રે ॥ આ૦ ॥ ૧ ॥ સંકેત કરીને સ્વામિ, ગયા તમે વનમાં રે ॥ થઈ કેવળી કેવળી કીધ, ધરી જો મનમાં રે ॥ અમે કેસરકેરા કીચ કરીને પૂજૂં રે ॥ તોહે પહેલે વ્રત અતિચાર, થકી હું ધ્રુજૂં રે ॥ આ૦ ॥ ૨ ॥ જીવહિંસાનાં પચ્ચખ્ખાણ, થૂલથી કરીયે રે ॥ દુવિહં તિવિહેણં પાઠ, સદા અનુસરિયે રે ॥ વાસિ બોળો વિદલ નિશિભક્ષ, હિંસા ટાળું રે ॥ સવા વિશ્વા કેરી જીવ, દયા નિત્ય પાળું રે ॥ આ૦॥૩॥ દશ ચંદરૂઆ દશ ઠામ, બાંધીને રહિયે રે ॥ જીવ જાયે એહવી વાત, કેહને ન કહિયે રે ॥ વધ બંધનને છવિચ્છેદ, ભાર ન ભરિયે રે ॥ ભાત પાણીનો વિચ્છેદ, પશુને ન કરિયે રે ॥ આ૦ ॥ ૪ ॥ લૌકિક દેવ ગુરૂ મિથ્યાત્વ, ત્યાશી ભેદે રે ॥ તુજ આગમ સુણતાં આજ, હોય વિચ્છેદે રે ॥ ચોમાસે પણ બહુ કાજ, જયણા પાળું રે ॥ પગલે પગલે મહારાજ, વ્રત અજવાળું રે ॥ આ૦ ॥ ૫ ॥ એક શ્વાસમાંહે સોવાર, સમરૂં

તુમને રે ॥ ચંદનબાળા જ્યું સાર, આપો અમને રે ॥ માછી હરિબળ ફળદાય, એ વ્રત પાળી રે ॥ શુભવીર ચરણ સુપસાય, નિત્ય દિવાળી રે ॥ આવો૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ શ્રદ્ધાસંયુતં૦ ॥ ૧ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ચંદનં ય૦ સ્વાહા ॥

॥ ઇતિ પ્રથમવ્રતે દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણ ॥ ૨ ॥

॥ अथ द्वितीयव्रते तृतीय वासपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચૂર્ણ સરસ કુસુમેં કરી, ઘસી કેસર ઘનસાર ॥
બહુલ સુગંધિવાસથી, પૂજો જગતદયાળ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(રાગ ભૈરવી.—યમુનામાં જઈ પડશો રે, બાળક.—એ દેશી.)

મુક્તિસે જાઇ મળ્યો રે, મોહન મેરો મુક્તિસે જાઈ મળ્યો ॥ મોહસે ક્યું ન ડર્યો રે ॥ મોહન૦ ॥ નામ કરમ નિર્જરણા હેતે, ભક્તકો ભાવ ભર્યો રે ॥ મો૦ ॥ ઉપદેશી શિવ મંદિર પહોતે, તોસે બનાવ ડર્યો રે ॥ મો૦ ॥ ૧ ॥ આનંદાદિક દશ યું બોલી, તુમ કને વ્રત ઉચર્યો રે ॥ મો૦ ॥ પાંચ મોટકાં જૂઠ ન બોલે, મેંબી આશ ભર્યો રે ॥ મો૦ ॥ ૨ ॥ બીજું વ્રત ધરી જૂઠ ન બોલું, પણ અતિચારે ડર્યો રે

॥ મો૦ ॥ વસુરાજા આસનસેં પડીયો, નરકાવાસ જર્યો રે ॥ મો૦ ॥ ૩ ॥ માંસાહારી માતંગી બોલે, ભાનુ પ્રશ્ન ધર્યો રે ॥ મો૦ ॥ જૂઠા નર પગ ભૂમિશોધન, જળ છંટકાવ કર્યો રે ॥ મો૦ ॥ ૪ ॥ મંત્રભેદ રહનારી ન કીજે, અછતી આળ હર્યો રે ॥ મો૦ ॥ કૂટ લેખ મિથ્યા ઉપદેશો, વ્રતકો પાણી ઝર્યો રે ॥ મો૦ ॥ ૫ ॥ કમલશેઠ એ વ્રતસેં સુખિયો, જૂઠસેં નંદ કલ્યો રે ॥ મો૦ ॥ શ્રી શુભવીર વચન પરતીતે. કલ્પવૃક્ષ ફળ્યો રે ॥ મોહન મેરો ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ શ્રદ્ધાસંયુત૦ ॥

॥ અથ મંત્ર ॥

॥ ઑ હ્રીં શ્રીં પરમ૦ ॥ વાસં ય૦ સ્વાહા ॥

॥ ઇતિ દ્વિતીયવ્રતે તૃતીય વાસપૂજા સંપૂર્ણ ॥ ૩ ॥

॥ अथ तृतीयव्रते चतुर्थ पुष्पमालपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સુરતરૂ જાય ને કેતકી, ગુંથી ફુલની માળ ॥
ત્રિશલાનંદન પૂજીયે, વરિયે શિવ વરમાળ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(હું ને અમારો હરજીવનજી.—એ દેશી.)

પ્રભુ કંઠે ઠવી ફુલની માળા, થૂલથકી વ્રત ઉચ્ચરિયે રે ॥ ચિત્ત ચોખે ચોરી નવિ કરિયે ॥ સ્વામિ અદત્ત કદાપી ન

લીજે, ભેદ અઢારે પરિહરિયે રે ॥ ચિત્ત૦ ॥૧॥ નવિ કરિયે તો ભવજળ તરિયે રે ॥ ચિત્ત૦ ॥ એ આંકણી ॥ સાત પ્રકારે ચોર કહ્યો છે, તૃણ તુષમાત્ર ન કર ધરિયે રે ॥ ચિત્ત૦॥ રાજદંડ ઉપજે તે ચોરી, નાઠું પડ્યું વળી વિસરિયે રે ॥ ચિત્ત૦ ॥ ન૦ ॥ ૨ ॥ કૂડે તોલે કૂડે માપે, અતિચારે નવિ અતિચરિયે રે ॥ ચિત્ત૦ ॥ આ ભવ પરભવ ચોરી કરતાં, વધ બંધન જીવિત હરિયે રે ॥ ચિત્ત૦ ॥ ન૦ ॥ ૩ ॥ ચોરીનું ધન ન ઠરે ઘરમાં, ચોર સદા ભૂખે મરિયે રે ॥ ચિત્ત૦ ॥ ચોરનો કોઈ ધણી નવિ હોવે, પાસે બેઠાં પણ ડરિયેરે ॥ચિત્ત૦॥ ॥ ન૦ ॥ ૪ ॥ પરધન લેતાં પ્રાણજ લીધા, પંચેંદ્રિય હત્યા વરિયે રે ॥ ચિત્ત૦ ॥ વ્રત ધરતાં જગમાં જસ ઉજ્જવલ, સુર લોકે જઈ અવતરિયે રે ॥ ચિત્ત૦ ॥ ન૦ ॥ ૫ ॥ તિહાં પણ સાશય પડિમા પૂજી, પુણ્યતણા પોઠી ભરિયે રે ॥ ચિત્ત૦ ॥ જળકળશા ભરી જિન અભિષેકે, કલ્પતરૂ રૂડો ફળિયે રે ॥ ચિત્ત૦ ॥ ન૦ ॥ ૬ ॥ ધનદત્તશેઠ ગયો સૂરલોકે, એ વ્રત શાખા વિસ્તરિયે રે ॥ ચિત્ત૦ ॥ શ્રી શુભવીર જિનેશ્વર ભક્તે, સાશયસુખ શિવમંદિરિયે રે ॥ ચિત્ત૦ ॥ ન૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ શ્રદ્ધાસંયુત૦ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ પુષ્પમાલાં ય૦ સ્વાહા ॥

॥ ઇતિ તૃતીયવ્રતે ચતુર્થ પુષ્પમાલપૂજા સંપૂર્ણ ॥ ૪ ॥

॥ अथ चतुर्थव्रते पंचम दीपकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચોથું વ્રત હવે વરણવું, દીપકસમ જસ જ્યોત ॥
કેવળ દીપક કારણે, દીપકનો ઉદ્યોત ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(વૃંદાવનના વાસી રે, વિઠલા તેં મુજને વિસારી — એ દેશી.)

એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે, એ વ્રત જગમાં દીવો ॥ ટેક ॥ પરમાતમ પૂજીને વિધિશું, ગુરૂ આગળ વ્રત લીજે ॥ અતિચાર પણ દૂર કરીને, પરદારા દૂર કીજે ॥ મેરે૦॥ નિજ નારી સંતોષી શ્રાવક, અણુવ્રત ચોથું પાળે ॥ દેવ તિરી નર નારી નજરે, રૂપ રંગ નવિ ધારે ॥ મેરે૦ ॥ ૧ ॥ વ્રતને પીડા કામની ક્રીડા, દુરગંધા જે બાળી ॥ નાસાવિણ નારી પણ રાગે, પંચાસકમાં ટાળી ॥ મેરે૦ ॥ વિધવા નારી બાળ કું-મારી, વેશ્યા પણ પરજાતી ॥ રંગે રાતી દુર્બળ છાતી, નર-મારણ એ કાતી ॥ મેરે૦ ॥ ૨ ॥ પરનારી હેતે શ્રાવકને, નવ વાડચો નિરધારી ॥ નારાયણ ચેડા મહારાજે, કન્યાદાન નિ-વારી ॥ મેરે૦ ॥ ભરતરાયને રાજ ભળાવી, રામ રહ્યા વન-વાસે ॥ ખરદૂષણ નારી સવિકારી, દેખી ન પડ્યા પાસે ॥ મેરે૦ ॥ ૩ ॥ દશ શિર રાવણ રણમાં રોળ્યો, સીતા સ-તીમાં મોટી ॥ સર્વથકી જે બ્રહ્મવ્રત પાળે, નાવે દાન હેમ કોટી ॥ મેરે૦ ॥ વૈતરણીની વેદન માંહે, વ્રત ભાંગે તે પેસે ॥

વિરતિને પ્રણામ કરીને, ઇંદ્રિસભામાં બેસે ॥ મેરે૦ ॥ ૪ ॥ મદિરા માંસથી વેદપુરાણે, પાપ ઘણું પરદારા ॥ વિષકન્યા રંડા પણ અંધા, વ્રતભંજક અવતારા ॥ મેરે૦ ॥ વ્રત સંભાળે પાપ પખાળે, સુર તસ વાંછિત સાધે ॥ કલ્પતરૂ ફળદાયક એ વ્રત, જગ જશ કીરતિ વાધે ॥ મેરે૦ ॥ પા॥ દશમે અંગે બત્રીશ ઓપમ, શીલવતી વ્રત પાળી ॥ નાથ નિહાળી ચરણે આયો, નેહ નજર તુમ ભાળી ॥ મેરે૦ ॥ હાથી મુખસેં દાણો નિકસે, કીડી કુટુંબ સહુ ખાવે ॥ શ્રી શુભવીર જિનેશ્વર સાહેબ, શોભા અમ શિર પાવે ॥ મેરે૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ શ્રદ્ધાસંયુત૦ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ દીપં ય૦ સ્વાહા ॥

॥ ઇતિ ચતુર્થવ્રતે પંચમ દીપકપૂજા સંપૂર્ણ ॥ ૫ ॥

॥ अथ पंचमव्रते षष्ठ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અણુવ્રત પંચમ આદરી, પાંચ તજી અતિચાર ॥
જિનવર ધૂપે પૂજીયે, ત્રિશલા માત મલ્હાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(મારી અંબાના માંડવડા હેઠ.—એ દેશી.)

મનમોહનજી જગતાત, વાત સુણો જિનરાજજીરે ॥ નવિ

મળિયો આ સંસાર, તુમ સરીખો શ્રી નાથજી રે ॥ એ આંકણી ॥ કૃષ્ણાગરૂ ધૂપ દશાંગ, ઉખેવી કરૂં વિનતી રે ॥ તૃષ્ણા તરૂણી રસલીન, હું રઝળ્યો રે ચારે ગતિ રે ॥ તિર્યંચ્ તરૂનાં મૂળ, રાખી રહ્યો ધન ઉપરે રે ॥ પંચેંદ્રિ ફણીધરરૂપ, ધન દેખી મમતા કરે રે ॥ મન૦ ॥ ૧ ॥ સુર લોભી છે સંસાર, સંસારી ધન સંહરે રે ॥ ત્રીજે ભવ સમરાદિત્ય, સાધુ ચરિત્રને સાંભળે રે ॥ નરભવમાંહે ધનકાજ, ઝાઝ ચઢચો રણમાં રડચો રે ॥ નીચ સેવા મૂકી લાજ, રાજ્યરસે રણમાં પડચો રે ॥ મન૦ ॥ ૨ ॥ સંસારમાંહે એક સાર, જાણી કંચન કામની રે ॥ ન ગણી જપમાળા એક, નાથ નિરંજન નામની રે ॥ ભાગ્યે મળિયા ભગવંત, અવસર પામી વ્રત આદરૂં રે ॥ ગયો નરકે મમ્મણ શેઠ, સાંભળી લોભથી ઓસરૂં રે ॥મન૦॥ ॥ ૩ ॥ નવવિધ પરિગ્રહ પરિમાણ, આણંદાદિકની પરેં રે ॥ અથવા ઇચ્છા પરિમાણ. ધણ ધન્નાદિક ઉચ્ચરે રે ॥ વળી સામાન્યે ષટ્ ભેદ, ઉત્તર ચોશઠ દાખિયા રે ॥ દશ વૈકાલિક નિર્યુક્તિ, ભદ્રબાહુ ગુરૂ ભાંખિયા રે ॥ મન૦ ॥ ૪ ॥ પરિમાણથી અધિકું હોય, તો તીરથે જઈ વાવરો રે ॥ રોકાયે ભવનું પાપ, છાપ ખરી જિનની ધરો રે ॥ ધનશેઠ ધરી ધનમાન, ચિત્રાવેલીને પરિહરી રે ॥ શુભવીર પ્રભુને ધ્યાન, સંતોષે શિવસુંદરી રે ॥ મન૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ શ્રદ્ધાસંયુત૦ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ધૂપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ પંચમવતે ષષ્ઠ ધૂપપૂજા સંપૂર્ણ ॥ ૬ ॥

॥ अथ षष्ठव्रते सप्तम पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ફુલ અમુલક મેઘ જ્યું, વરસાવી જિન અંગ ॥
ગુણવ્રત ત્રણ્યે તેહમાં, દિશિ પરિમાણને રંગ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(રાગ સારંગ.—દાયક દિલ વસિયા.—એ દેશી.)

સમવસરણ સુરવર રચે રે, પૂજા ફુલ અશેષ ॥ સાહિબ શિવ વસિયા ॥ રાયપસેણી સૂત્રમાં રે, કરે સુરિયાભ વિશેષ ॥ સાહિબ૦ ॥ ૧ ॥ પૂજ્યની પૂજા તેમ કરી રે, કરૂં આશા પરિમાણ ॥ સા૦ ॥ ચાર દિશા વિમલાતમા રે, હિંસાયે પચ્ચખ્ખાણ ॥ સા૦ ॥ ૨ ॥ આશ કરૂં અરિહાતણી રે, પંચ તજી અતિચાર ॥ સા૦ ॥ તુમ સરિખો દીઠો નહીં રે, જગમાં દેવ દયાળ ॥ સા૦ ॥ ૩ ॥ વરસી વરસ્યા તે સમે રે, વિપ્ર ગયો પરદેશ ॥સા૦ ॥ સંયમ લેઇ સુખિયો કર્યો રે, લાખિણો દેઈ ખેસ ॥ સા૦ ॥ ૪ ॥ હું પણ તે દિન કેઈ ગતિ રે, કેવલી જબ જિનરાજ ॥ સા૦ ॥ સાશન દેખી તાહરૂં રે, આવ્યો તુમ શિર લાજ ॥ સા૦ ॥ ૫ ॥ એ વ્રતથી શિવસુખ લહ્યું રે, જેમ મહાનંદ કુમાર ॥ સા૦ ॥ શ્રી શુભવીર જિનેશ્વરૂ રે,

અમને પણ આધાર ॥ સાહિબ શિવ વસિયા ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ શ્રદ્ધાસંયુત૦ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ પુષ્પાણિ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ ષષ્ઠવ્રતે સપ્તમ પુષ્પપૂજા સંપૂર્ણ ॥ ૭ ॥

॥ अथ सप्तमव्रते अष्टम अष्टमांगलिकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અષ્ટમંગળની પૂજના, કરિયે કરી પ્રણામ ॥
આઠમી પૂજાએ નમો, ભાવમંગલ જિનનામ ॥ ૧ ॥
ઉપભોગે પરિભોગથી, સપ્તમ વ્રત ઉચ્ચાર ॥
બીજું ગુણવ્રત એહમાં, વિશ તજો અતિચાર ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(સુતારીના બેટા તુને વિનવું રે લો.—એ દેશી.)

વ્રત સાતમે વિરતિ આદરૂં રે લો, કરો સાહેબ જો મુજ મેહેર જો ॥ તુજ આગમ આરીસા જોવતાં રે લો, દૂર દીઠું છે શિવપુર શેહેર જો ॥ ૧॥ મને સંસારશેરી વિસરી રે લો ॥ જિહાં બાર પાડોશી ચાડ જો, નિત્ય રહેવું ને નિત્ય વઢવાડ જો ॥ મને૦ ॥ એ આંકણી ॥ ફળ તંબોલ અન્ન ઉપભોગમાં રે લો, ઘર નારી ચીવર પરિભોગ જો ॥ કરી માન નમું નિત્ય નાથને રે લો, જેથી જાએ ભવોભવ શોક જો ॥ મને૦ ॥ ૨ ॥ પ્રભુ પૂજા રચું અડ મંગળે રે લો, પરહાંસી

તજી અતિ રોષ જો ॥ અતિ ઉદ્ભટવેશ ન પેહેરીયે રે લો, નવિ ધરીએ મલિનતા વેશ જો ॥ મને૦ ॥ ૩ ॥ ચાર મોટી વિગય કરી વેગળી રે લો, દશ બાર અભક્ષ્ય નિવાર જો ॥ તિહાં રાત્રિભોજન કરતાં થકાં રે લો, માંજાર ધુઅડ અવતાર જો ॥ મને૦ ॥ ૪ ॥ છળે રાક્ષસ વ્યંતર ભૂતડાં રે લો, કેશ કંટક જૂ નો વિકાર જો ॥ ત્રણ્ય મિત્રચરિત્રને સાંભળી રે લો, કરો રાત્રિભોજન ચોવિહાર જો ॥ મને૦ ॥ ૫ ॥ ગાડાં વહેલ વેચે ભાડાં કરે રે લો, અંગારકરમ વનકર્મ જો ॥ સર કૂપ ઉપલ ખણતાં થકાં રે લો, નવિ રહે શ્રાવકનો ધર્મ જો ॥ મને૦ ॥ ૬ ॥ વિષ, શસ્ત્ર, વેપાર દાંત, લાખનો રે લો, રસ, કેશ, નિલંછનકર્મ જો ॥ શુક, મેનાં ન પાળીએ પાંજરે રે લો, વનદાહે દહે શિવશર્મ જો ॥ મને૦ ॥ ૭ ॥ યંત્રપીલણ રસ નવિ શોષીએ રે લો, તેણે કરજો મયા મહારાજ જો ॥ નહિ ખોટ ખજાને દીજીયે રે લો, શિવરાજ વધારી લાજ જો ॥ મને૦ ॥૮॥ રાજમંત્રી સુતા ફળ પામતી રે લો, વ્રતસાધક બાધક ટાળ જો ॥ શુભવીર પ્રભુના નામથી રે લો, નિત્ય પામીએ મંગલમાળ જો ॥ મુને૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ શ્રદ્ધાસંયુત૦ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ અષ્ટમંગલાનિ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ સપ્તમવ્રતે અષ્ટમ અષ્ટમાંગલિકપૂજા સંપૂર્ણ ॥૮॥

॥ अथ अष्टमव्रते नवम अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

દંડાયે વિણહેતુયે, વળગે પાપ પ્રચંડ ॥
પ્રભુ પૂજી વ્રત કારણે, તે કહું અનર્થદંડ ॥ ૧ ॥
સ્વજન શરીરને કારણે, પાપે પેટ ભરાય ॥
તે નવિ અનરથ દંડ છે, એમ ભાંખે જિનરાય ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(વેગળો રહે વરણાગીયા.—એ દેશી.)

નેક નજર કરો નાથજી, જેમ જાયે દાલિદર આજથી જી હો ॥ નેક૦ ॥ અમે અક્ષત ઉજ્જવલ તંદુલે, કરી પૂજા કહું જિનઆગળે જી હો ॥ નેક૦ ॥ આવી પોહોતો છું પંચમકાળમાં, સંસાર દાવાનળ જાળમાં જી હો ॥ નેક૦ ॥ ॥ ૧ ॥ ધ્યાન આરત રૌદ્રે મંડીયો, ઠામ ઠામ અનર્થ દંડીયો જી હો ॥ નેક૦ ॥ ઉપદેશ મેં પાપનો દાખિયો, કૂડી વાતે થયો હું સાખિયો જી હો ॥ નેક૦ ॥૨॥ આરંભ કર્યા ઘણી ભાતિના, મેં યુદ્ધ કર્યાં કેઇ જાતિનાં જી હો ॥ નેક૦ ॥ રથ મૂશલ માગ્યાં આપિયાં, જતાં પંથે તે તરૂવર ચાંપિયાં જી હો ॥ નેક૦ ॥ ૩ ॥ વળી વાદે તે વૃષભ દોડાવિયા, કરી વાતો ને લોક લડાવિયા જી હો ॥ નેક૦ ॥ ચાર વિકથાયે પુણ્યધન હારિયો, જેમ અનીતિપુરે વ્યવહારિયો જી હો ॥ નેક૦॥ ૪॥ તિહાં ચાર ધૂતારા વાણિયા, ભરે પેટ તે પાપે પ્રાણિયા જી

હો ॥ નેક૦ ॥ રણ ઘંટા વચન જો પાળીયું, તો રત્નચૂડે ધન વાળીયું જી હો ॥ નેક૦ ॥૫॥ તેમ અરિહાની આણા પાળશું, વ્રત લેઇને પાપ પખાળશું જી હો ॥ નેક૦ ॥ અતિચાર તે પાંચ નિવારશું, ગુરૂશિક્ષા તે દિલમાં ધારશું જી હો ॥ ॥ નેક૦ ॥ ૬ ॥ વીરસેન કુસુમસિરિ દો જણાં, વ્રત પાળી થયાં સુખિયાં ઘણાં જી હો ॥ નેક૦ ॥ અમે પામીએ લીલવિલાસને, શુભવીર પ્રભુને સાશને જી હો ॥ નેક૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ શ્રદ્ધાસંયુત૦ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ અક્ષતાન્ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ અષ્ટમવ્રતે નવમ અક્ષતપૂજા સંપૂર્ણ ॥ ૫ ॥

॥ अथ नवमव्रते दशम दर्प्पणपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

દશમી દર્પ્પણપૂજના, ધરી જિન આગળ સાર ॥
આતમરૂપ નિહાળીને, કહું શિક્ષાવ્રત ચાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(સુણ ગોવાલણી.—એ દેશી.)

હે સુખકારી ! આ સંસાર થકી જો મુજને ઉદ્ધરે ॥ હે ઉપકારી ! એ ઉપકાર તુમારો કદિય ન વીસરે ॥ એ ટેક ॥ નવમે સામાયિક ઉચ્ચરિયે, અમે દર્પ્પણની પૂજા કરિયે ॥ નિજ આતમરૂપ અનુસરિયે, સમતા સામાયિક સંવરિયે ॥ ॥ હે સુ૦ ॥ ૧ ॥ સામાન્યે જિહાં મુનિવર ભાળે, અતિચાર

પાંચ એહના ટાળે ॥ સાધુપરેં જીવદયા પાળે, નિજ ઘર ચૈત્યે પૌષધશાળે ॥ હે૦ ॥ ૨ ॥ રાજા મંત્રીને વ્યવહારી, ઘોડા રથ હાથી શણગારી ॥ વાજિત્ર ગીત આગળ પાળા, પરશંસે ષટ્ દરશનવાળા ॥ હે૦ ॥ ૩ ॥ એણી રીતે ગુરૂ પાસે આવી, કરે સામાયિક સમતા લાવી ॥ ઘડી બે સામાયિક ઉચ્ચરિયે, વળી બત્રીસ દોષને પરિહરિયે ॥ હે૦ ॥ ૪ ॥ લાખ ઓગણશાઠ બાણું કોડી, પચ્ચવીશ સહસ નવસેં જોડી ॥ પચ્ચવીશ પલ્યોપમ ઝાઝેરૂં, તે બાંધે આયુ સુરકેરૂં ॥ હે૦ ॥ ॥ ૫ ॥ સામાયિક વ્રત પાળી યુગતે, તે ભવ ધનમિત્ર ગયો મુગતે ॥ આગમ રીતે વ્રત હું પાળું, પંચમ ગુણઠાણું અજુવાળું ॥ હે૦ ॥ ૬ ॥ તુમે ધ્યેયરૂપ ધ્યાને આવો, શુભવીર પ્રભુ કરૂણા લાવો ॥ નહીં વાર અચળ સુખ સાધંતે, ઘડી દોય મળો જો એકાંતે ॥ હે૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ શ્રદ્ધાસંયુત૦ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ દર્પ્પણં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ નવમ સામાયિકવ્રતે દશમ દર્પ્પણપૂજા સંપૂર્ણ ॥

॥ अथ दशमव्रते एकादश नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

વિગ્રહગતિ દૂરે કરી, આપો પદ અણાહાર ॥
ઇમ કહી જિનવર પૂજીયે, ઢવી નૈવેદ્ય રસાળ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(તેજે તરણીથી વડો રે.—એ દેશી.)

દશમે દેશાવકાશિકે રે, ચઉદ નિયમ સંખેપ ॥ વિસ્તારે પ્રભુ પૂજતાં રે, ન રહે કર્મનો લેપ હો જિનજી ॥ ૧ ॥ ભક્તિ સુધારસ ઘોળનો રે, રંગ બન્યો હે ચોળનો રે, પલક ન છોડ્યો જાય ॥ એ આંકણી ॥ એક મુહૂરત દિન રાતનું રે, પક્ષ માસ પરિમાણ ॥ સંવત્સર ઇચ્છા લગે રે, તે રીતે પચ્ચખ્ખાણ હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૨ ॥ બારે વ્રતના નિયમનો રે, સંક્ષેપ એહમાં થાય ॥ મંત્રબળે જેમ વીંછીનું રે, ઝેર તે ડંકે જાય હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૩ ॥ ગંઠસી ઘરસી દીપસી રે, એહમાં સર્વ સમાય ॥ દીપક જ્યોતે દેખતાં રે, ચઉદવિડંસગરાય હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૪ ॥ પણ અતિચાર નિવારીને રે, ધનદ ગયો શિવગેહ ॥ શ્રી શુભવીરશું માહરે રે, સાચો ધર્મસનેહ હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ શ્રદ્ધાસંયુતં૦ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ નૈવેદ્યં ય૦ ॥ સ્વાહા ॥

॥ઇતિ દશમ દેશાવકાસિકવ્રતે એકાદશ નૈવેદ્યપૂજા સંપૂર્ણ ॥૧૧॥

॥ अथ एकादशव्रते द्वादश ध्वजपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પડહ વજાવી અમારિનો, ધ્વજ બાંધો શુભધ્યાન ॥
પોસહવ્રત અગિયારમે, ધ્વજપૂજા સુવિધાન ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(વગડાનો વાસી રે, મોર શિદ મારિયો—એ દેશી.)

પ્રભુપડિમા પૂજીને પોસહ કરિયે રે, વાતને વિસારી રે વિકથા ચારની ॥ પ્રાયે સુરગતિ સાધે પર્વને દિવસે રે, ધર્મની છાયા રે તરૂ સહકારની ॥ શીતળ નહિ છાયા રે આ સંસારની ॥ કૂડી છે માયા રે આ સંસારની ॥ કાચની કાયા રે છેવટ છારની ॥ સાચી એક માયા રે જિન અણગારની ॥૧॥ ॥ એ આંકણી ॥ એંશી ભાંગે દેશથકી જે પોસહરે, એકાસણુ કહ્યું રે શ્રી સિદ્ધાંતમે ॥ નિજઘર જઇને જયણામંગળ બોલી રે, ભાજનમુખ પૂંજી રે શબ્દવિના જમે ॥ શીતલ૦ ॥ કૂ૦ ॥ ॥ કા૦ ॥ સાચી૦ ॥ ૨ ॥ સર્વથી આઠ પહોરનો ચઉવિહાર રે, સંથારો નિશિ રે કંબલ ડાભનો ॥ પાંચે પરવી ગૌતમ ગણધર બોલ્યા રે, પૂરવ આંક તીસગુણો છે લાભનો ॥ શી૦॥ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૩ ॥ કાર્ત્તિકશેઠ પામ્યો હરિઅવતાર રે, શ્રાવક દશ વીશ વરસે સ્વર્ગે ગયા ॥ પ્રેતકુમાર વિરાધકભાવને પામ્યો રે, દેવકુમાર વ્રતરે આરાધક થયા ॥ શી૦ ॥ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૪ ॥ પણ અતિચાર તજી જિનજી વ્રત પાળું રે, તારક નામ સાચું રે જો મુજ તારશો ॥ નામ ધરાવો નિર્યામક જો નાથ રે, ભવોદધિ પાર રે તો ઉતારશો ॥ શી૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૫ ॥ સુલસાદિક નવ જણને જિનપદ દીધાં રે, કરમે તે વેળા રે વસિયો વેગળો ॥ સાશન

દીઠું ને વળી લાગ્યું મીઠું રે, આશાભર આવ્યો રે સ્વામિ એકલો ॥ શી૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૬ ॥ દાયક નામ ધરાવો તો સુખ આપો રે, સુરતરૂની આગે રે શી બહુ માગણી ॥ શ્રી શુભવીર પ્રભુજી મોંઘે કાળે રે, દિયંતાં દાન રે શાબાસી ઘણી ॥ શી૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ શ્રદ્ધાસંયુત૦ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ધ્વજં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ એકાદશવ્રતે દ્વાદશ ધ્વજપૂજા સંપૂર્ણ ॥ ૧૨ ॥

॥ अथ द्वादशव्रते त्रयोदश फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અતિથિ કહ્યા અણગારને, સંવિભાગ વ્રત તાસ ॥
ફળપૂજા કરી તેરમી, માગો ફળ પ્રભુ પાસ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(ભમરા ! ભૂધર શેં નાચ્યો —એ દેશી.)

ઉત્તમ ફળ પૂજા કીજે, મુનિને દાન સદા દીજે ॥ બારમે વ્રત લાહો લીજે રે, શ્રાવક વ્રત સુરતરૂ ફળિયો ॥ મનમોહન મેળો મળિયો રે ॥ શ્રાવક૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ દેશ કાળ શ્રદ્ધા ક્રમિયે, ઉત્તર પારણે દાન દિયે, તેહમાં પણ નવિ અતિચરિયે રે ॥ શ્રા૦ ॥ ૨ ॥ વિનતિ કરી મુનિને લાવે, મુનિ બેસણ આસણ ઠાવે, પડિલાભે પોતે ભાવે રે ॥ શ્રા૦ ॥ ૩ ॥

દશ ડગલાં પૂઠે જાવે, મુનિદાને જે નવિ આવે, વ્રતધારી તે નવિ ખાવે રે ॥ શ્રા૦ ॥ ૪ ॥ મુનિ અછતે જમે દિશિ દેખી, પોસહ પારણવિધિ ભાખી, ધર્મદાસ ગણી છે સાખી રે ॥ શ્રા૦ ॥ ૫ ॥ એકાદશ પડિમા વહિયા, સુરઉપસર્ગે નવિ પડિયા, કામદેવપ્રભુ મુખ ચડિયા રે ॥ શ્રા૦ ॥ ૬ ॥ ગુણકર શેઠ ગયા મુકતે, હું પણ પાળું એ યુક્તે, શ્રી શુભવીર પ્રભુ ભકતે રે ॥ શ્રાવક૦ ॥ ૭ ॥

॥ અથ સર્વોપરિ ગીતં ॥

(નિશદિન જોઉં વાટડી, ઘરે આવો ઢોલા.—એ દેશી.)

વિરતિપણે હું વિનવું, પ્રભુ અમ ઘર આવો ॥ સેવક સ્વામિભાવથી, નથી કોઇનો દાવો ॥ વિ૦ ॥ ૧ ॥ લીલવિલાસી મુક્તિના, મુજ તેહ દેખાવો ॥ મનમેલો મેલી કરી, ફોકટ લલચાવો ॥ વિ૦ ॥ ૨ ॥ રંગ રસીલા રીઝીને, ત્રિશલાસુત આવો ॥ થાયે સેવક તુમ આવતે, ચઉદરાજમાં ચાવો ॥ વિ૦ ॥ ૩ ॥ પંથવચ્ચે પ્રભુજી મળ્યા, હજુ અરધે જાવો ॥ નિર્ભય નિજપુર પામતાં, પ્રભુ પાકો વોળાવો ॥વિ૦॥ ॥ ૪ ॥ શ્રેણિ ચઢી શૈલેશિયે, પરિશાટન ભાવો ॥ એક સમય શિવમંદિરે, જ્યોતે જ્યોતિ મિલાવો ॥ વિ૦ ॥ ૫ ॥ નાટક દુનિયાં દેખતે, નવિ હોય અભાવો ॥ શ્રી શુભવીરને પૂજતાં, ઘેર ઘેર વધાવો ॥ વિ૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ શ્રદ્ધાસંયુત૦ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ ફલં ય૦ સ્વાહા ॥

॥ ઇતિ દ્વાદશવ્રતે ત્રયોદશ ફલપૂજા સંપૂર્ણ ॥ ૧૩ ॥

॥ અથ કળશ ॥

(રાગ ધન્યાશ્રી)

ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો ॥ વીરમુખે વ્રત ઉચ્ચરિયાં જેમ, નર નારી સમુદાયો ॥ એકશો ચોવીશ અતિચાર પ્રમાણે, ગાથાયે ભાવ બનાયો રે ॥ મહા૦ ॥ ૧ ॥ વ્રતધારીને પૂજાનો વિધિ, ગણધર સૂત્ર ગુંથાયો ॥ નિર્ભય દાવે શિવપુર જાવે, જેમ જગમાલ છપાયો રે ॥ મહા૦ ॥૨॥ તપગચ્છ શ્રી વિજયસિંહસૂરિના, સત્યવિજય સત્ય પાયો ॥ કપૂરવિજય ગુરૂ ખિમાવિજય તસ, જસવિજયો મુનિરાયો રે ॥ મહા૦ ॥ ૩ ॥ શ્રી શુભવિજય સુગુરૂ સુપસાયે, શ્રુત ચિંતામણિ પાયો ॥ વિજયદેવેંદ્ર સૂરીશ્વરરાજ્યે, એ અધિકાર રચાયો રે ॥ મહા૦ ॥ ૪ ॥ કષ્ટ નિવારે વંછિત સારે, મધુરે કંઠે મલ્હાયો ॥ રાજનગરમાં પૂજા ભણાવી, ઘર ઘર ઉત્સવ થાયો રે ॥ મહા૦ ॥ ૫ ॥ મુનિ[૭] વસુ[૮] નાગ[૮] શશી[૧] સંવત્સર (૧૮૮૭), દીવાળી દિન ગાયો ॥ પંડિત વીરવિજય પ્રભુધ્યાને, જગજસ પડહ વજાયો રે ॥ મહાવીર૦ ॥ ૬ ॥

॥ ઇતિ પંડિત શ્રી વીરવિજયજી કૃત ॥

॥ શ્રી દ્વાદશવ્રત પૂજા સમાપ્ત ॥

॥ अथ श्री पिस्तालीशआगमनी पूजानी विधि ॥

આ પૂજા અષ્ટપ્રકારી પૂજાના પેઠે આઠ પૂજાઓથી ભણાવાય છે, માટે તેનો વિધિ અષ્ટપ્રકારી પૂજાની પેઠે સમજી લેવી.

અથ શ્રી

પિસ્તાલીશઆગમની પૂજા પ્રારંભ.

॥ તત્ર ॥

॥ प्रथम जळपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શ્રી શંખેશ્વર પાસજી, સાહેબ સુગુણગરિટ્ઠ ॥ શુભગુરૂ ચરણ પસાયથી, શ્રુતનિધિ નજરે દીઠ ॥ ૧ ॥ શાસનદાયક વંદિયે, ત્રિશલામાત મલ્હાર ॥ જસ મુખથી ત્રિપદી લહી, સૂત્ર રચે ગણધાર ॥ ૨ ॥ સુધર્મા ગણધરતણી, રચના વરતે સોય ॥ દ્વાદશ અંગથકી અધિક, સૂત્ર નહીં જગ કોય ॥૩ ॥ આગે આગમ બહુ હતાં, અર્થવિહિત જગદીશ ॥ કાલવશે સંપ્રતિ રહ્યાં, આગમ પિસ્તાલિશ ॥ ૪ ॥ આથમતે કેવલ રવિ, મંદિર દીપક જ્યોત ॥ પંચમ આરે પ્રાણીને, આગમનો ઉદ્યોત ॥ ૫ ॥ પ્રથમ જ્ઞાન પછી દયા, દશવૈકાલિક વાણ ॥ વસ્તુતત્ત્વ સવિ જાણિયે, જ્ઞાનથી પદ નિર્વાણ ॥ ૬ ॥ જ્ઞાન ભક્તિ કરતાં થકાં, પૂજ્ય જિન અણગાર ॥ તે કારણ આગ-

મતણી, પૂજા ભક્તિ વિશાળ ॥ ૭ ॥ જ્ઞાનોપકરણ મેલિયે, પુસ્તક આગળ સાર ॥ પીઠ રચી જિનબિંબને, થાપીજે મનોહાર ॥૮॥ જ્ઞાનઉદય અરિહાતણી, સાંભળી દેશના સાર ॥ દેવ દેવી નંદીશ્વરે, પૂજા વિવિધ પ્રકાર ॥ ૯ ॥ તેમ આગમ હૈડે ધરી, પૂજો શ્રી જિનચંદ ॥ ધ્યેય ધ્યાનપદ એકથી, પામો પદ મહાનંદ ॥૧૦ ॥ ન્હવણ, વિલેપન, કુસુમની, ધૂપ, દીપ, ઝલકાર ॥ અક્ષત, નૈવેદ્ય, ફલતણી, પૂજા અષ્ટ પ્રકાર ॥૧૧॥

॥ ઢાળ ॥

(અને હાં રે વાહાલોજી વાયે છે વાંસળી રે.—એ દેશી.)

અને હાં રે ગંગા ક્ષીરસમુદ્રનાં રે, જળકળશ ભરી નર નારી ॥ જ્ઞાને વડા શ્રુતકેવલી રે ॥ અ૰ ॥ ન્હવણ કરો પ્રભુ વીરને રે, દૃષ્ટિવાદના ભાષણહાર ॥ જ્ઞા૰ ॥૧॥ અ૰ ॥ પાંચે ભેદ છે તેહના રે, સાંભળતાં વિકસે નાણ ॥ જ્ઞા૰ ॥ અ૰ ॥ પરિકરમે સાત શ્રેણિયો રે, અઠ્યાશી સૂત્ર વખાણ ॥ જ્ઞા૰ ॥ ॥ ૨ ॥ અ૰ ॥ પૂર્વગતે ચઉદ પૂર્વ છે રે, મહામંત્ર ને વિદ્યા ભરેલ ॥ જ્ઞા૰ ॥ અ૰ ॥ જંબૂવેલંધર દેવતા રે, ધરે પૂર્વ સમુદ્રની વેલ ॥ જ્ઞા૰ ॥ ૩ ॥ અ૰ ॥ દશ વસ્તુ વિનચી ભણ્યાં રે, પહેલે પૂરવ ઉત્પાદ ॥ જ્ઞા૰ ॥ અ૰ ॥ વસ્તુ ચઉદ અગ્રાયણી રે, અડ વસ્તુ વીર્યપ્રવાદ ॥ જ્ઞા૰ ॥ ૪ ॥ અ૰ ॥ અસ્તિપ્રવાદે અઢાર છે રે, બાર વસ્તુ જ્ઞાનપ્રવાદ ॥ જ્ઞા૰ ॥ ॥ અ૰ ॥ સત્યપ્રવાદે દોય વસ્તુ છે રે, શોલ વસ્તુ આત્મ-

પ્રવાદ ॥ જ્ઞા૦ ॥ ૫ ॥ અ૦ ॥ કર્મપ્રવાદે ત્રીશ ધારિયે રે, વિશ વસ્તુ પૂરવ પચ્ચખ્ખાણ ॥ જ્ઞા૦ ॥ અ૦ ॥ પન્નર વિદ્યા પ્રવાદમાં રે, બાર વસ્તુ કહી કલ્યાણ ॥ જ્ઞા૦ ॥ ૬ ॥ અ૦ ॥ પ્રાણાવાયમાં તેર છે રે, ત્રીસ વસ્તુ ક્રિયા વિશાળ ॥ જ્ઞા૦ ॥ ॥ અ૦ ॥ પણવીશે કરી સોહતું રે, ચઉદમું લોકબિંદુ સાર ॥ જ્ઞા૦ ॥ ૭ ॥ અ૦ ॥ પુંજ મમી લખે ત્રણ્યશે રે, ત્યાશી ગજ સોલ હજાર ॥ જ્ઞા૦ ॥ અ૦ ॥ શ્રી શુભવીરના ગણધરૂ રે, રચતાં ત્રીજો અધિકાર ॥ જ્ઞા૦ ॥ ૮ ॥

॥ દોહા ॥

દશ પૂરવ પૂરણ ભણે, લબ્ધિક્ષીરાશ્રવ હોય ॥
તેણે જિનકલ્પ નિવારિયો, જ્ઞાનસમો નહીં કોય ॥ ૧ ॥

॥ ગીતં ॥

(મનમોહન મેરે.—એ દેશી.)

ભેદ ચોથો હવે સાંભળો ॥ મન મોહન મેરે ॥ દૃષ્ટિવાદ અનુયોગ ॥ મ૦ ॥ દોય ભેદે કરી શીખિયો ॥ મ૦ ॥ જંબૂગુરૂ સંયોગ ॥ મ૦ ॥ ૧ ॥ પંચમભેદે ચૂલિકા ॥મ૦ ॥ પહેલે પૂર્વે ચાર ॥ મ૦ ॥ બારને આઠ દશ ચૂલિકા ॥મ૦॥ ચોથા પૂરવ લગે સાર ॥ મ૦ ॥ ૨ ॥ દશ પૂરવે નથી ચૂલિકા ॥ ॥ મ૦ ॥ નંદીસૂત્ર વિચાર ॥ મ૦ ॥ દૃષ્ટિવાદ એ બારમું ॥ ॥ મ૦ ॥ અંગ હતું સુખકાર ॥ મ૦ ॥૩॥ બાર વરસ દુકાલિયે ॥ મ૦ ॥ બારમું અંગ તે લીધ ॥ મ૦ ॥ સંપ્રતિકાળે

નવિ પડે ॥ મ૦ ॥ એહવો કાળ પ્રસિદ્ધ ॥ મ૦ ॥ ૪ ॥ મંદમતિ પરમાદથી ॥ મ૦ ॥ પૂર્વ ગયાં અવિલંબ ॥ મ૦ ॥ શ્રી શુભવીરને સાશને ॥મ૦॥ પૂજો આગમ જિનબિંબ ॥મ૦॥૫॥

॥ ઇતિ પ્રથમ જલપૂજા સંપૂર્ણ ॥ ૧ ॥

॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

હવે પિસ્તાલીશ વરણવું, કલિયુગમાં આધાર ॥
આગમ અગમ અરથ ભર્યાં, તેહમાં અંગ અગ્યાર ॥૧॥

॥ ઢાળ ॥

(ઇમનરાગણી —ધન્ય ધન્ય જિનવાણી.—એ દેશી.)

ચંદનપૂજા ચતુર રચાવો, નાગકેતુ પરે ભાવો રે ॥ ધન ધન જિનવાણી ॥ રાય ઉદાયી પ્રભુગુણ ગાવે, પદ્માવતીને નચાવે રે ॥ ધ૦ ॥ ૧ ॥ કાળ સદા જે અરિહા થાવે, કેવળ નાણ ઉપાવે રે ॥ ધ૦ ॥ આચારાંગ પ્રથમ ઉપદેશે, નામની ભજના શેષે રે ॥ ધ૦ ॥ ૨ ॥ આચાર રથ વેહેતા મુનિ ધોરી, બહુશ્રુત હાથમાં દોરી રે ॥ ધ૦ ॥ પંચ પ્રકારે આચાર વખાણે, ગળિયા બળદ કેમ તાણે રે ॥ ધ૦ ॥ ૩ ॥ દો શ્રુત ખંધ આચારાંગકેરા, સંખિત અણુયોગદ્વારા રે ॥ ધ૦ ॥ સંખ્યાતી નિર્યુક્તિ કહીશ, અજ્ઝયણા પણવીશ રે ॥ ધ૦ ॥ ॥ ૪ ॥ પદની સંખ્યા સહસ અઢાર, નિત્ય ગણતા અણગાર રે ॥ ધ૦ ॥ સૂત્રકૃતાંગે ભાવજીવાદિ, ત્રણસેં ત્રેશઠ વાદી રે

॥ ધ૦ ॥ ૫ ॥ અધ્યયન તે ત્રેવીશ છે બીજે, અવર પૂરવપરે લીજે રે ॥ ધ૦ ॥ દુંગુણાં પદ હવે સઘળે અંગે, દશઠાણા ઠાણાંગે રે ॥ ધ૦ ॥ ૬ ॥ દશ અધ્યયને શ્રુત ખંધ એકો, હવે સમવાયાંગે છેકો રે ॥ ધ૦ ॥ શત સમવાય શ્રુતખંધ એકે, ધારિયે અર્થ વિવેકે રે ॥ ધ૦ ॥ ૭ ॥ ભગવતી પંચમું અંગ વિશેષા , દશ હજાર ઉદ્દેશા રે ॥ ધ૦ ॥ એકતાલીશ શતકે શુભવીરે, ગૌતમ પ્રશ્ન હજુર રે ॥ ધન ધન જિનવાણી ॥૮॥

॥ દોહા ॥

નિર્યુક્તિ પ્રતિપત્તિયો, સઘળે તે સમભાવ ॥
બીજી અર્થ પ્રરૂપણા, તે સવિ જુજુઆ ભાવ ॥ ૧ ॥

॥ ગીતં ॥

(ઝુંબખડાની દેશી.)

જ્ઞાતાધર્મ વખાણીયે રે, દશ બોલ્યા તિહાં વર્ગ ॥ પ્રભુ ઉપદેશિયા ॥ ઉંઠ તે કોડી કથા કહી રે, સાંભળતાં અપવર્ગ ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ ઓગણીશ અધ્યયને કરી રે, બે શ્રુત ખંધ સુભાવ ॥ પ્રભુ૦॥ ઉપાસક દશાંગમાં રે, દશ શ્રાવકના ભાવ ॥ પ્રભુ૦ ॥૨॥ અંતગડે અડવર્ગ છે રે, અણુત્તરોવવાઈ ત્રણ વર્ગ ॥ પ્રભુ૦ ॥ એક સૂત્રે મુક્તિ વર્યા રે, બીજે ગયા જે સર્ગ ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં રે, દશ અધ્યયન વખાણ ॥ પ્રભુ૦ ॥ સૂત્રવિપાકે સાંભળો રે, વિશ અધ્યયન પ્રમાણ ॥ પ્રભુ૦ ॥૪॥ બે શ્રુતખંધે ભાખિયા રે, દુઃખ સુખ-

કેરા ભોગ ॥ પ્રભુ૦ ॥ એમ એકાદશ અંગની રે, ભક્તિ કરો ગુરૂયોગ ॥ પ્રભુ૦ ॥ ૫ ॥ આગમને અવલંબતાં રે, ઓળખિયે અરિહંત ॥ પ્રભુ૦ ॥ શ્રી શુભવીરને પૂજતાં રે, પામો સુખ અનંત ॥ પ્રભુ ઉપદેશિયા ॥ ૬ ॥

॥ ઇતિ દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણ ॥ ૨ ॥

॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અંગતણાં ઉપાંગ જે, બાર કહ્યાં ભગવંત ॥
ગણધર પૂરવધરતણી, રચના સુણિયે સંત ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(રાગ સારંગ.—હો ધન્ના —એ દેશી.)

જ્ઞાનાવરણ દૂરે કરો રે મિત્તા, પામી અંગ ઉપાંગ ॥ ફુલ પગર પૂજા રચો રે મિત્તા, વીરજિનેશ્વર અંગ રે, રંગીલા મિત્તા ॥ એ પ્રભુ સેવોને ॥ એ પ્રભુ સેવો શાનમાં રે મિત્તા, જ્ઞાન લહો ભરપૂર રે, રંગીલા મિત્તા ॥ એ પ્રભુ સેવોને ॥ ॥ એ આંકણી ॥ ૧ ॥ સામઇયું ઉવવાઇમાં રે મિત્તા, કરતો કોણિક ભૂપ ॥ અંબડ શિષ્યને વરણવ્યા રે મિત્તા, પ્રશ્ન તે સિદ્ધ સ્વરૂપ રે, રંગીલા મિત્તા ॥ એ પ્ર૦ ॥ ૨ ॥ રાયપસેણિ સૂત્રમાં રે મિત્તા, સૂર્યાભનો અધિકાર ॥ જીવાભિગમ ત્રીજું સુણો રે મિત્તા, દશ અધ્યયન વિચાર રે ॥ રંગીલા મિત્તા ॥ ॥ એ૦ ॥૩॥ શ્યામસૂરિ રચના કરીરે મિત્તા, પન્નવણા મહા

સૂત્ર ॥ છત્રીશ પદ ગુરૂપાસથી રે મિત્તા, ધારો અર્થ વિચિત્ર રે ॥ રંગીલા મિત્તા ॥ એ૦ ॥૪॥ જંબૂદીવપન્નત્તિયે રે મિત્તા, જંબૂદ્વીપ વિચાર ॥ છઠ્ઠા સૂરપન્નત્તિમાં રે મિત્તા, રવિમંડળ ગ્રહ ચાર રે ॥ રંગીલા મિત્તા ॥ એ૦ ॥૫॥ ચંદપન્નત્તિ પાહુડે રે મિત્તા, જ્યોતિષચક્ર વિશેષ ॥ આગમ પૂજે પ્રાણિયા રે મિત્તા, કહે શુભવીર જિનેશ રે ॥ રંગીલા મિત્તા ॥એ૦॥૬॥

॥ દોહા ॥

ભવમંડલમેં ન દેખિયો, પ્રભુજીનો દેદાર ॥ ૧ ॥
આગમપંથ લહ્યાવિના, રઝળ્યો હું સંસાર ॥ ૧ ॥

॥ ગીતં ॥

(વીર જિણંદ જગત્ ઉપકારી.—એ દેશી.)

કેતકી જાયનાં ફુલ મગાવી, પૂજો અંગ ઉપાંગજી॥બંભી લીપી શ્રી ગણધરદેવે, પ્રણમી ભગવઈ અંગજી ॥ કેત૦ ॥૧॥ આઠમું નિરયાવલી ઉપાંગે, દેવાદિક અધિકારજી ॥ કપ્પવડંસગ નવમ ઉપાંગે, દશ અધ્યયન ઉદારજી ॥ કેત૦ ॥ ૨ ॥ પુપ્ફિયા નામે ઉપાંગ છે દશમું, વળી પુપ્ફચૂલિયા જાણજી॥ બારમું વન્હિદશાયે સઘળે, દશ અધ્યયન પ્રમાણજી ॥કેત૦॥ ॥ ૩ ॥ ગીતારથ મુખ અમીય ઝરંતું, આગમ લાગ્યું મીઠ જી ॥ દૂર થઈ લોક સન્નાછારી, તવ પ્રભુદર્શન દીઠજી ॥કેત૦॥ ॥૪॥ દર્શનથી જો દર્શન પ્રગટે, વિઘટે ભવજળ પૂરજી ॥ભાવકુટ્ઠબે મંદિર મહાલું, શ્રી શુભવીર હજૂરજી ॥ કેત૦ ॥૫॥

॥ ઇતિ તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ ॥ ૩ ॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

આજ પયન્ના છે ઘણાં, પણ લહી એક અધિકાર ॥
દશ પયન્ના તેણે ગણ્યાં, પિસ્તાલીશ મઝાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(સાચું બોલો શામળિયા.—એ દશી)

એક જન શ્રુત રસિયો બોલે રે ॥ હો મનમાન્યા મોહનજી ॥ પ્રભુ તાહારે નહીં કોય તોલે રે ॥ હો૦ મન૦ ॥ અમે ધૂપની પૂજા કરિયે રે ॥ હો૦ ॥ દુર્ગંધ અનાદિની હરિયે રે ॥ હો૦ ॥ ૧ ॥ તુમ દર્શન લાગે પ્યારૂં રે ॥ હો૦ ॥ અ તે છે શરણ તુમારૂં રે ॥હો૦॥ ચઉસરણ પયન્નું પહેલું રે ॥હો૦॥ અમે શરણ કર્યું છે વહેલું રે ॥ હો૦ ॥ ૨ ॥ લહી અર્થ અનોપમ રીઝું રે ॥ હો૦ ॥ આઉરપચ્ચખ્ખાણ તે બીજું રે ॥ હો૦ ॥ સાંભળતાં ભક્તપરિજ્ઞા રે ॥ હો૦॥ પરિહરશું ચારે સંજ્ઞા રે ॥ હો૦ ॥૩॥ સંથારા પયન્નો સીધો રે ॥ હો૦ ॥ સુકોશલ મુનિયે કીધો રે ॥ હો૦ ॥ ભાખી તંદુલ વિયાલી રે ॥ હો૦ ॥ તુમે ગર્ભની વેદના ટાળી રે ॥ હો૦ ॥ ૪ ॥ અમને પણ દુઃખ એ માહોટું રે ॥ હો૦ ॥ સન્મુખ ન જુઓ તે ખોટું રે ॥ હો૦ ॥ કાંઈ મેહેર નજરથી દેખો રે ॥ હો૦ ॥ શું રાગીને ઉવેખો રે ॥ હો૦ ॥ ૫ ॥ રંગ લાગ્યો ચોલ મજીઠે રે ॥ હો૦ ॥ નવિ જાયે ડાકસ્યુ દીઠે રે ॥હો૦॥ અમે રાગી થઇને

કહીશું રે ॥ હો૦ ॥ શુભવીરને ચરણે રહીશું રે ॥ હો૦ ॥૬॥

॥ દોહા ॥

પ્રભુચરણે રહેતાં ભજે, જ્ઞાન સુધારસ કંદ ॥
જિનવાણી રસીયા મુનિ, પામે પરમાનંદ ॥ ૧ ॥

॥ ગીતં ॥

(રાગ માલવી.—વંદો વીર જિનેશ્વર રાયા.—એ દેશી.)

ત્રિશલાનંદન વંદન કીજે, જ્ઞાન અમૃતરસ પીજે રે ॥ છઠ્ઠો ચંદાવિજય પયન્નો, વિનયે વડો મુનિ ધન્નો રે ॥ ત્રિશ૦॥ ॥૧॥ ગુરૂવિનયે સુકલાયે વાધે, રાધાવેધ તે સાધે રે ॥ દેવિંદ થુઈ પયન્ને રસિયા, સંથારે મુનિ વસિયા રે ॥ ત્રિશ૦ ॥ ૨ ॥ મરણસમાધિ પયન્ને ભાવે, પ્રભુ સાથે લય લાવે રે ॥ મહાપચ્ચખ્ખાણ પયન્નો ગાવે, પાપ સકળ વોસિરાવે રે ॥ ત્રિશ૦॥ ॥૩॥ ગણિવિજજાયે ભાવ ઘણેરા, જાણે મુનિ ગંભીરા રે ॥ સાધે કાર્ય લગનની હોરા, શ્રીશુભવીર ચકોરા રે ॥ત્રિશ૦॥૪॥

॥ ઇતિ ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણ ॥ ૪ ॥

॥ अथ पंचम दीपकमालपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જ્ઞાનાવરણી તિમિરને, હરવા દીપકમાળ ॥
જ્યોતિસે જ્યોતિ મિલાઇયે, જ્ઞાન વિશેષ વિશાળ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(ચંદ્રપ્રભુ જિનચંદ્રમા રે.—એ દેશી)

જગદીપકની આગળે રે, દીપકનો ઉદ્યોત ॥ કરતાં પૂજા

પાંચમી રે, ભાવદીપકની જ્યોત હો જિનજી ॥ તેજે તરણીથી વડો રે, દોય શિખાનો દીવડો રે, ઝળકે કેવળ જ્યોત ॥ ૧ ॥ છેદસૂત્ર જિન ભાખિયાં રે, નિશીથ ધુર સિદ્ધાંત ॥ આલોયણ મુનિરાજને રે, ધારે ગંભીરવંત હો જિનજી ॥ તે૦ ॥ દો૦ ॥ ॥ ઝ૦ ॥૨॥ જિતકલ્પમાં સેવતાં રે, ચરણ કરણ અણગાર ॥ પંચકલ્પ છેદે ભણ્યાં રે, પંચ ભલા વ્યવહાર હો જિનજી ॥ તે૦ ॥ દો૦ ॥ ઝ૦ ॥ ૩ ॥ વ્યવહારછેદે દાખિયા રે, ઉત્સર્ગને અપવાદ ॥ દશાકલ્પમાં દશ દશા રે, ઉપદેશ્યો અપ્રમાદ હો જિનજી ॥ તે૦ ॥ દો૦ ॥ ઝ૦ ॥૪॥ છેદ મહાનિશીથમાં રે, ભાખે જગનો નાથ ॥ ઉપધાનાદિ આચારની રે,વાત ગીતારથ હાથ હો જિનજી ॥ તે૦ ॥ દો૦ ॥ઝ૦॥૫॥ ધર્મતીર્થ મુનિ વંદના રે, વરતે શ્રુત આધાર ॥ સાશન શ્રી શુભવીરનું રે, એકવીશ વરસ હજાર હો જિનજી ॥ તે૦ ॥ દો૦॥ઝ૦॥૬॥

॥ દોહા ॥

શ્રુતજ્ઞાનાવરણી તણો, તું પ્રભુ ટાલણહાર ॥
ક્ષણમે શ્રુત કેવલી કર્યા, દેઈ ત્રિપદી ગણધાર ॥ ૧ ॥

॥ ગીતં ॥

(તોરણ આઈ કયું ચલે રે.—એ દેશી.)

ધન ધન શ્રી અરિહંતને રે, જેણે ઓળખાવ્યો લોક ॥ સલૂણા ॥ તે પ્રભુની પૂજા વિના રે, જનમ ગમાવ્યો ફોક ॥ સલૂણા ॥૧॥ જેમ જેમ અરિહા સેવિયે રે, તેમ તેમ પ્રગટે

જ્ઞાન ॥ સ૦ ॥ જ્ઞાનીના બહુ માનથી રે, જ્ઞાન તણાં બહુ માન ॥ સ૦ ॥ જેમ૦ ॥ ૨ ॥ જ્ઞાન વિના આડંબરી રે, પામે જગ અપમાન ॥ સ૦ ॥ કપટક્રિયા મનરંજને રે, મૌનવૃત્તિ બગધ્યાન ॥ સ૦ ॥ જેમ૦ ॥ ૩ ॥ મત્સરી ખરમુખ ઉજ્જલે રે, કરતા ઉગ્ર વિહાર ॥ સ૦ ॥ પાપશ્રમણ કરી દાખિયા રે, ઉત્તરાધ્યયન મઝાર ॥ સ૦ ॥ જેમ૦ ॥૪॥ જ્ઞાન વિના મુક્તિ નહીં રે, કિરિયા જ્ઞાનીને પાસ ॥ સ૦ ॥ શ્રી શુભવીરની વાણીયે રે, શિવકમળા ઘરવાસ ॥ સ૦ ॥ જેમ૦ ॥ ૫ ॥

॥ ઇતિ પંચમ દીપકપૂજા સંપૂર્ણ ॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચરમ સમય દુપ્પસહ લગે, વરતે શ્રુત અવિછેદ ॥
મૂળસૂત્ર તેણે ભાંખિયાં, તે કહેશું ચઉ ભેદ ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(રાગ સારંગ.—હમ મગન ભએ પ્રભુ જ્ઞાનમાં.—એ દેશી)

જિનરાજની પૂજા કીજીયે ॥ એ ટેક॥ જિનપડિમા આગે પ્રભુ રાગે, અક્ષતપૂજા કીજીયે ॥ અક્ષતપદ અભિલાષ ધરીને, આગમનો રસ પીજીયે ॥ જિન૦ ॥૧ ॥ પ્રભુપડિમા દેખી પ્રતિબુદ્ધા, પૂરવથી ઉદ્ધરિજીયે ॥ દશવૈકાલિક દશ અધ્યયને, મનક મુનિ હિત કીજીયે ॥ જિન૦ ॥ ૨ ॥ ઉત્તરાધ્યયન તે બીજું આગમ, મૂળ સૂતરમાં ગણીજીયે ॥ અધ્યયનો છત્રીશ

રસાલાં, સદ્ગુરૂ સંગે સુણીજીયે ॥ જિન૦ ॥ ૩ ॥ શોલ પ્રહરની દેશના દેતાં, ચતુર ચકોરા રીઝીયે ॥ શ્રીશુભવીર જિનેશ્વર આગમ, અમૃતનો રસ પીજીયે ॥ જિન૦ ॥ ૪ ॥

॥ દોહા ॥

જ્ઞાનઉદય કરવા ભણી, તપ કરતા જિનદેવ ॥
જ્ઞાનનિધિ પ્રગટે તદા, સમવસરણ સુર સેવ ॥ ૧ ॥

॥ ગીતં ॥

(રાગ કાફી.—અખિયનમેં ગુલજારા.—એ દેશી.)

આગમ છે અવિકારા, જિણંદા તેરો આગમ છે અવિકારા ॥ એ ટેક ॥ જ્ઞાનજ્યોતિ પ્રગટે ઘટમાંહે, જેમ રવિકિરણ હજારા ॥ જિ૦॥ મિથ્યાત્વી દુર્નય સવિકારા, તગતગતા નહીં તારા ॥ જિ૦ ॥૧॥ ત્રીજું ઓઘનિર્યુક્તિ વખાણું, મુનિવરના આચારા ॥ જિ૦॥ ચોથું આવશ્યક અનુસરતાં, કેવળી ચંદનબાળા ॥ જિ૦ ॥ ૨ ॥ અલ્પાગમ તપ કલેશ તે જાણો, બોલે ઉપદેશમાળા ॥ જિ૦ ॥ જ્ઞાનભક્તિ જિનપદ નિપજાવે, નામે જયંત ભૂપાળા ॥ જિ૦ ॥ ૩ ॥ સાયરમાં મીઠી મેહેરાવલ, શ્રૃંગીમત્સ્ય આહારા ॥ જિ૦ ॥ શરણવિહીના દીના મીના, ઓર તે સાયર ખારા ॥ જિ૦ ॥ ૪ ॥ પંચમ કાળ ફણીવિષ જવાળા, મંત્રમણી વિષ હારા ॥ જિ૦ ॥ શ્રી શુભવીર જિનેશ્વર આગમ, જિનપડિમા જયકારા ॥ જિ૦ ॥ ૫ ॥

॥ ઇતિ ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણ ॥

॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નૈવેદ્યપૂજા સાતમી, સાત ગતિ અપહાર ॥
સાત રાજ્ય ઊરધ જઈ, વરિયે પદ અણાહાર ॥ ૧ ॥

॥ ઢાળ ॥

(વિમલાચળ વેગે વધાવો.—એ દેશી.)

નિત્ય જિનવર મંદિર જઇયે, મેવા મીઠાઈ થાળમેં લહિયે ॥ નૈવેદ્યની પૂજા કરિયે, તેમ જ્ઞાનની આગળ ધરિયે રે શ્રુત આગમ સુંદર સેવો ॥ મનમંદિર આગમ દીવો રે ॥ શ્રુત૦॥૧॥ પહેલું અનુયોગદુવારે, સાતે નય ભંગ પ્રકારે ॥ નિક્ષેપાની રચના સારી, ગીતારથવચને ધારી રે ॥ શ્રુત૦ ॥ ॥ મન૦ ॥ ૨ ॥ બીજું શ્રુત નંદી વંદી, સુણતાં દિલ હોય આનંદી ॥ સવિ સૂત્રતણો સરવાયો, જલ્પે ત્રિસલાનો જાયો રે ॥ શ્રુત૦ ॥ મન૦ ॥ ૩॥ મતિ આદિ પંચ પ્રકાર, ભાખ્યા છે જ્ઞાન અધિકાર ॥ બહુલાં દ્રષ્ટાંત દેખાવી, શુભવીરે રીત ઓળખાવી રે ॥ શ્રુત૦ ॥ મન૦ ॥ ૪ ॥

॥ દોહા ॥

એ પિસ્તાલીશ વર્ણવ્યા, આગમ જિનમતમાંહિ ॥
મણુઅજન્મ પામી કરી, ભક્તિ કરો ઉત્સાહિ ॥ ૧ ॥

॥ ગીતં ॥

(રાગ વસંત ફાગ—વીરકુંવરની વાતડી કેને કહિયે.—એ દેશી.)

આગમની આશાતના, નવિ કરિયે ॥ નવિ કરિયે નવિ

કરિયે ॥ શ્રુતભક્તિ સદા અનુસરિયે, શક્તિ અનુસાર ॥ આ-ગમ૦ ॥૧॥ જ્ઞાનવિરાધક પ્રાણીયા મતિહીના, તેતો પરભવ દુઃખિયા દીના ॥ ભરે પેટ તે પર આધીના, નીચકૂળ અવ-તાર ॥ આ૦ ॥૨॥ અંધા લૂલા પાંગુલા પિંડરોગી, જનમ્યાને માતવિયોગી ॥ સંતાપ ઘણો ને શોગી, યોગી અવતાર ॥ આ૦ ॥ ૩ ॥ મૂંગા ને વળી બોબડા ધનહીના, પ્રિયા પુત્ર વિયોગે લીના ॥ મૂરખ અવિવેકે ભીના, જાણે રણનું રોઝ ॥ આ૦ ॥ ૪ ॥ જ્ઞાન તણી આશાતના કરી દૂરે, જિનભક્તિ કરો ભરપૂરે ॥ રહો શ્રી શુભવીર હજૂરે, સુખમાંહે મગન્ન ॥ આગમની આશાતના નવિ કરિયે ॥ ૫ ॥

॥ ઇતિ સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણ ॥ ૭ ॥

॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જ્ઞાનાચારે વરતતાં, જ્ઞાન લહે નર નાર ॥
જિન આગમને પૂજતાં, ફળથી ફળ નિરધાર ॥૧॥

॥ ઢાળ ॥

(સુણ ગોવાલણી—એ દેશી.)

હો સાહિબજી, પરમાતમ પૂજાનું ફળ મુજ આપો ॥ હો સાહિબજી, લાખિણી પૂજા રે શે ફળ નાપો ॥ ઉત્તમ ઉત્તમ ફળ હું લાવું, અરિહાની આગળ મુકાવું ॥ આગમવિધિ પૂજા વિરચાવું, ઉભો રહીને ભાવના ભાવું ॥ હો૦ ॥ ૧ ॥

જિનવર જિનઆગમ એક રૂપે, સેવંતાં ન પડો ભવકૂપે ॥ આરાધન ફળ એહનાં કહિયે, આ ભવમાંહે સુખિયા થઇયે ॥ હો૦ ॥ ૨ ॥ પરભવ સુરલોકે તે જાવે, ઇંદ્રાદિક અપચ્છર સુખ પાવે ॥ તિહાં પણ જિનપૂજા વિરચાવે, ઉત્તમ કૂળમાં જઈ ઉપજાવે ॥ હો૦ ॥ ૩ ॥ તિહાં રાજઋદ્ધિ પરિકર રંગે, આગમ સુણતાં સદ્ગુરૂ સંગે ॥ આગમશું રાગ વળી ધરતા, જિનઆગમ જિનપૂજા કરતા ॥ હો૦ ॥ ૪ ॥ સિદ્ધાંત લખાવીને પૂજે, તેથી કર્મ સકળ દૂરે ધ્રુજે ॥ લહે કેવળ ચરણ ધર્મ પામી, શુભવીર મળે જો વિશ્રામી ॥ હો૦ ॥ ૫ ॥

॥ દોહા ॥

કેવળનાણ લહી કરી, પામી અંતર જાણ ॥
શૈલેશી કરણે કરી, પામો અવિચળ ઠાણ ॥ ૧ ॥

॥ અથ ગીતં ॥

(રાગ પુર્વી.—ઘડી ઘડી સાંભરે સાંઈ સલુણા.—એ દેશી)

નિત નિત સિદ્ધ ભજો ભવિ ! ભાવે, રૂપાતીત જે સહજ સ્વભાવે ॥ નિત૦ ॥ જ્ઞાન ને દર્શન દોય વિલાસી, સાકાર ઉપયોગે શિવ જાવે ॥ નિ૦ ॥ ૧ ॥ કર્મ વિયોગી અયોગીકેરે, ચરમ સમય એક સમય સિધાવે ॥ નિ૦ ॥ નિશ્ચય નયવાદી એમ બોલે, વ્યવહારે સમયાંતર લાવે ॥ નિ૦ ॥ ૨ ॥ અગુરૂ લઘુ અવગાહના રૂપે, એક અવગાહ અનંત વસાવે ॥ નિ૦॥ ફરસિત દેશ પ્રદેશ અસંખા, સુંદર જ્યોતસે જ્યોત મિલાવે

॥ નિ૦ ॥૩॥ આધિ વ્યાધિ વિઘટ્યા ભવકેરા, ગર્ભાવાસતણાં દુઃખ નાવે ॥ નિ૦ ॥ એક પ્રદેશમાં સુખ અનંતુ, તે પણ લોકાકાશે ન માવે ॥ નિ૦ ॥૪॥ પરમાતમ રમણીનો ભોગી, યોગીશ્વર પણ જેહને ધ્યાવે ॥ નિ૦ ॥ ફળપૂજાથી એ ફળ પાવે, શ્રી શુભવીર વચન રસ ગાવે ॥ નિત૦ ॥ ૫ ॥

॥ ઇતિ અષ્ટમ ફળપૂજા સંપૂર્ણ ॥ ૮ ॥

॥ અથ કળશ ॥

ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો ॥ આગમ વાણી અમિય સરોવર, ઝીલત રોગ ઘટાયો ॥ મિથ્યાત મેલ ઉતારી શિરપર, આણામુકુટ ધરાયો રે ॥ મહા૦ ॥ ૧ ॥ તપાગચ્છ શ્રી સિંહસૂરિના, સત્યવિજય બુધ ગાયો ॥ કપૂરવિજય શિષ્ય ખિમાવિજય તસ, જસવિજયો મુનિરાયો રે ॥ મહા૦ ॥૨॥ તાસ શિષ્ય સંવેગી ગીતારથ, શ્રી શુભવિજય સવાયો ॥ તાસ શિષ્ય શ્રી વીરવિજય કવિ, એ અધિકાર બનાયો રે ॥ મહા૦ ॥ ૩ ॥ રાજનગરમેં રહિય ચોમાસું, અજ્ઞાનહીમ હરાયો ॥ સૂત્રઅર્થ પિસ્તાલીશઆગમ, સંઘ સુણી હરખાયો રે ॥ મહા૦ ॥ ૪ ॥ અઢારશેં એકાશી માગશિર, મૌનએકાદશી ધ્યાયો ॥ શ્રી શુભવીર જિનેશ્વર આગમ, સંઘને તિલક કરાયો રે ॥ મહા૦ ॥ ૫ ॥ ઇતિ કળશ સંપૂર્ણ ॥

॥ ઇતિ પંડિત શ્રી વીરવિજયજી કૃત ॥

॥ શ્રી પિસ્તાલીશઆગમપૂજા સમાપ્ત ॥

॥ अथ श्री चोसठप्रकारी पूजानी विधि ॥

વિશાલ જિનભુવનને વિષે શુભ મુહુર્ત્તે જળયાત્રાનો વરઘોડો ચડાવીને તીર્થોદક મેળવવાં. અષ્ટ કર્મનું માંડલું અક્ષત રંગી આઠ પાંખડીનુ ઉજ્જવલ તંદુલે ભરિયે રેખા પંચવર્ણિ કરિયે. પછી રક્ત ગુલાલે સિદ્ધનાં આઠ ગુણને સ્થાનકે મંત્રાક્ષર લખીયે. તે મંત્રનાં પદ નિચે મુજબ:—

૧ ૐ હ્રીં અનંતજ્ઞાનાત્મકેભ્યો નમ: ॥
૨ ૐ હ્રીં અનંતદર્શનાત્મકેભ્યો નમ ॥
૩ ૐ હ્રીં અનંતસુખાત્મકેભ્યો નમ ॥
૪ ૐ હ્રીં અનંતચરણાત્મકેભ્યો નમ: ॥ (પાઠાંતરે અનંતક્ષાયિકેભ્યો નમ)
૫ ૐ હ્રીં અક્ષયસ્થિતયે નમ: ॥
૬ ૐ હ્રીં અમુર્ત્તયે નમ: ॥
૭ ૐ હ્રીં અગુરૂલઘવે નમ: ॥
૮ ૐ હ્રીં અનંતવીર્યેભ્યો નમ: ॥

એ રીતે મંત્રપદ લખિયે. મધ્યમાં વૃક્ષ તથા જ્ઞાન પધરાવિયે વૃક્ષને મૂળે કુહાડો મુકીયે અખંડદીપક રાખીયે ચોશઠ મોદકનો એક થાળ ભરીને મુકીયે. શ્રી મહાવીર દેવની પ્રતિમાને અભિષેક કરિયે ચોસઠ કુમાર અને ચોસઠ કુમારિકાઓ ઉભાં રહે જઘન્યપક્ષે આઠ કુમાર અને આઠ કુમારિકાઓ ઉભાં રહે. એ રીતે અષ્ટપ્રકારી પૂજા આઠ દિવસપર્યંત નિત્ય ભણાવીયે આઠે દિવસ નૈવેદ્ય ને ફળ નવાં નવાં ધરિયે એ રીતે એ આઠ દિવસમાં ચોસઠ પૂજા પૂર્ણ થાય. તથા નિત્ય સઘની વાત્સલ્યતા અને ગુરૂભક્તિ કરવી, જ્ઞાનોપકરણાદિ કરવાં, રાત્રિજાગરણ કરવાં, પ્રભાવના કરવી, યાચકને દાન આપવુ. ઇત્યાદિક વિધિ પૂર્ણે વૃક્ષને મહોત્સવસહિત દેરાસરમાં પધરાવવો.

અથ શ્રી

ચોસઠપ્રકારી પૂજા પ્રારંભ.

॥ तत्र ॥

॥ प्रथम दिवसऽध्यापनीय ज्ञानावरणीकर्मसूदनार्थं प्रथम पूजाष्टक प्रारंभः ॥

(આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ.)

(૧ કુવાનું શુદ્ધ જળ, ૨ કેશર, ૩ કેતકી, જાઇનાં ફુલ, ૪ અગરબત્તી ધૂપ, ૫ પંચદીવેટનો દીવો, ૬ ઉજ્જવલ તંદુલ, ૭ ઉત્તમ નૈવેદ્ય, ૮ ઉત્તમ ફળ.

॥ प्रथम जळपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શ્રી શંખેશ્વર સાહિબો, સમરી સરસતી માય ॥ શ્રી શુભવિજય સુગુરૂ નમી, કહું તપફળ સુખદાય ॥ ૧ ॥ જ્ઞાન થકી સવિ જાણતા, તે ભવ મુગતિ જિણંદ ॥ વ્રત ધરી ભૂતળ તપ તપ્યાં, તપથી પદ મહાનંદ ॥ ૨ ॥ દાનશક્તિ જો નવિ હુવે, તો તનુશક્તિ વિચાર ॥ તપ તપિયેં થઇ યોગ્યતા, અલ્પ કષાય આહાર ॥ ૩ ॥ પરનિંદા છંડી કપટ, વિધિ ગીતારથ પાસ ॥ આચાર દિનકરે દાખિયો, તે તપ કર્મવિનાશ ॥ ૪ ॥ વિવિધ પ્રકારે તપ કહ્યાં, આગમ રયણની ખાણ ॥

તેહમાં કર્મસૂદન તપેં, દિન ચઉસટ્ઠિ પ્રમાણ ॥૫॥ જ્ઞાનાવરણી કર્મ અડ, પચ્ચખ્ખાણે છેદાય ॥ ઉપવાસાદિક અડ કવલ, અંતિમ તિમ અંતરાય ॥ ૬ ॥ ઉજમણું તપ પૂરણે, શક્તિતણે અનુસાર ॥ તરૂવર રૂપાનો કરો, ઘાતિયાં શાખા ચાર ॥૭॥ ચાર પ્રશાખા પાતલી, કર્મનો ભાવ વિચાર ॥ ઇગસય અડવન પત્ર તસ, કાપવા કનક કુઠાર ॥ ૮ ॥ ચોશઠ મોદક મૂકીયે, પુસ્તક આગળ સાર ॥ ચોશઠ કલશા નામિયેં, જિન પડિમા જયકાર ॥ ૯ ॥ પૂજા સામગ્રી રચી, ભરી ફળ નૈવેદ્ય થાળ ॥ જ્ઞાનોપગરણ મેળવી, જ્ઞાનભક્તિ મનોહાર ॥ ૧૦ ॥ જળકળશા ચોશઠ ભરી, ધરિયે પુરૂષને હાથ ॥ તીર્થોદક કળશા ભરી, ચોશઠ કુમરી હાથ ॥૧૧॥ ચોશઠ વસ્તુ મેળવી, મંડળ રચિયે સાર ॥ મંગળદીવો રાખીયે, પુસ્તકમધ્ય વિચાલ ॥ ૧૨ ॥ સ્નાત્ર મહોત્સવ કીજીયે, પૂજા અષ્ટ પ્રકાર ॥ જ્ઞાનાવરણ હઠાવવા, આઠ અભિષેક ઉદાર ॥ ૧૩ ॥

॥ ઢાળ ॥

(રાગ જોગા આશાવરી.—મોતીવાળા ભમરજી.—એ દેશી.)

ચરમ પ્રભુમુખ ચંદ્રમા, સખિ ! દેખણ દીજે ॥ હાથ આરિસા બિંબરે, સખિ ! મુને દેખણ દીજે ॥ છપ્પન્નદિગ્ કુમરી કહે ॥ સખિ૦ ॥ વિકસિત મેઘકદંબ રે ॥ સખિ૦ ॥૧॥ ભવમંડળમેં ન દેખીઓ ॥ સખિ૦ ॥ પ્રભુજીનો દેદાર રે ॥ સખિ૦ ॥ કૃત્ય કરી ઘર જાવતી ॥ સખિ૦ ॥ ખેલત બાળ

કુમાર રે ॥ સખિ૦ ॥૨॥ યૌવનવય સુખ ભોગવે ॥ સખિ૦ ॥ શ્રી મહાવીર કુમાર રે ॥ સખિ૦ ॥ જ્ઞાનથી કાળ ગવેષિઓ ॥ સખિ૦ ॥ આપ હુઆ અણગાર રે ॥ સખિ૦ ॥૩॥ ગુણઠાણું લહી બારમું ॥ સખિ૦ ॥ જ્ઞાનાવરણી હણ્યું જેમ રે ॥ સખિ૦ ॥ કેવળ લહી મુગતે ગયા ॥ સખિ૦ ॥ અમે પણ કરશું તેમ રે ॥ સખિ૦ ॥ ૪ ॥ સ્વામિ સેવાથી લહે ॥ સખિ૦ ॥ સેવક સ્વામિભાવ રે ॥ સખિ૦ ॥ સાલંબન નિરાલંબને ॥ સખિ૦ ॥ કરશું એહવો બનાવ રે ॥ સખિ૦ ॥૫॥ તીસ કોડાકોડી સાગરૂ ॥ સખિ૦ ॥ તિથિ અંતરમુહૂર્ત્ત લઘીસ રે ॥ સખિ૦ ॥ બંધ ચતુર્વિધ ચેતશું ॥ સખિ૦॥ પગઈ ઠિઈ રસ દેસ રે ॥ સખિ૦ ॥ ૬ ॥ સૂક્ષ્મ બંધ ઉદય વળી ॥ સખિ૦ ॥ ઉદીરણ સત્તા ખીણ રે ॥ સખિ૦॥ સ્નાતક સ્નાન મિશે હુવે ॥ સખિ૦ ॥ જ્ઞાન પડલ મલહીણ રે ॥ સખિ૦ ॥ ॥ ૭ ॥ સર્વાંગે સ્નાતક થઈ ॥ સખિ૦ ॥ કરશું સાહેલી રંગ રે ॥ સખિ૦ ॥ સહજાનંદ ઘરે રમો ॥ સખિ૦ ॥ શ્રી શુભવીરને સંગ રે ॥ સખિ૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ઉપજાતિવૃત્તમ્ ॥

તીર્થોદકૈર્મિશ્રિત ચંદનાદ્યૈઃ । સંસારતાપાહતયેસુશીતૈઃ ॥
જરાજનિપ્રાંતરજોભિશાંત્યૈ । તત્કર્મદાહાર્થમજં યજેહં ॥૧॥

॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુરનદી જલપૂર્ણઘટૈર્ઘનૈ । ર્ઘુસૃણમિશ્રિતવારિભૃતૈપરૈઃ ॥

સ્નપય તીર્થકૃતં ગુણવારિધિં । વિમલતા ક્રિયતાં ચ નિજાત્મનઃ ॥ ૨ ॥ જનમનોમણિભાજનભારયા । શમરસૈકસુધારસધારયા ॥ સકલબોધકલારમણીયકં । સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૩ ॥

॥ અથ મંત્ર ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ નિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે વીરજિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ અજ્ઞાનોચ્છેદકાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણ ॥ ૧ ॥

॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

મૂલપ્રકૃતિયે એક એ, ઉત્તરપ્રકૃતિ પાંચ ॥
મોહસમે પણ નવિ સમે, વિણ ખાયકની આંચ ॥ ૧ ॥
તિણે તેહિજ વિધિ સાધવા, પૂજો અરિહા અંગ ॥
સિદ્ધસ્વરૂપ હ્રદય ધરી, ઘોળી કેસર રંગ ॥ ૨ ॥

॥ ઢાળ બીજી ॥

(ઝુંબખડાની દેશી.)

બીજી ચંદનપૂજના રે, કેસરનો કરી ઘોળ ॥ પ્રભુપદ પૂજીયે ॥ બાહિર રંગ ગવેષીને રે, રંગ અભ્યંતર ચોળ ॥ પ્ર૦ ॥ પૂજીયે જિન પૂજીયે રે, આનંદરસ કલ્લોલ ॥ પ્ર૦ ॥ ॥૧॥ એ આંકણી ॥ ધુર પગઈ ધુરો કર્મની રે, બંધ ત્રિભંગ

પ્રકાર ॥પ્ર૦॥ ખય ઉપશમ ગુણ નીપજે રે, અડવીશ ઉપર ચાર ॥ પ્ર૦ ॥ ૨ ॥ ત્રણશેં ચાલીશ ઉત્તરૂ રે, બહુવાદિક પદ બાર ॥પ્ર૦॥ પૂજ્ય વિશેષાવશ્યકે રે, નંદીસૂત્ર મોઝાર ॥પ્ર૦॥ ॥૩॥ બંધ હેતુ છતે પામીયે રે, મતિઆવરણ બલેણ ॥પ્ર૦॥ ધ્રુવબંધિ પ્રકૃતિ ટળે રે, જબ લહે ખાયક શ્રેણ ॥પ્ર૦॥૪॥ જિમ રોહે નૃપ રીઝવ્યો રે, રીઝવવો એક સાંઈ ॥ પ્ર૦ ॥ શ્રી શુભવીરને આશરે રે, નાસે કર્મ બલાય ॥ પ્ર૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

જિનપતેર્વરગંધસુપૂજનં ॥ જનિજરામરણોદ્‌ભવભીતિહૃત્ ॥ સકલરોગવિયોગવિપદ્ધરં ॥ કુરૂ કરેણ સદા નિજપાવનમ્ ॥ ૧ ॥ સહજકર્મકલંકવિનાશનૈ ॥ રમલભાવસુવાસનચંદનૈ ॥ રનુપમાન ગુણાવલિદાયકં ॥ સહજ સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ઓઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ મતિજ્ઞાનાવરણનિવારણાય ॥ શ્રીમતે વીરજિનેંદ્રાય ॥ ચંદનં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ મતિજ્ઞાનાવરણનિવારણાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણ॥

॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શ્રુતજ્ઞાનાવરણીતણો, તું પ્રભુ ટાલણહાર ॥
ક્ષણમેં શ્રુતકેવળી કર્યા, દેઈ ત્રિપદી ગણધાર ॥ ૧ ॥

સુમનસ વૃષ્ટિ તેણે સમે, સમવસરણ મોઝાર ॥
કરતા સુમનસ સુમનસા, પ્રભુ પૂજા દિલધાર ॥ ૨ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(દ્વેષ ન ધરિયેં લાલન, દ્વેષ ન ધરિયે.- એ દેશી.)

સમવસરણે શ્રુતજ્ઞાન પ્રકાશે, પૂજે સુરવર ફુલની રાશે ॥ સ્વામિ ફુલની રાશે ॥ કેતકી જાયનાં ફુલ મંગાવો, ભેદત્રિકેં કરી પૂજા રચાવો ॥ સ્વા૦ ॥ ૧ ॥ પ્રભુપદ પ્રણમી શ્રી શ્રુત માગો, શ્રુતજ્ઞાનાવરણ તે જેમ જાય ભાગો ॥ સ્વા૦ ॥ ખય ઉપસમગુણ જિમ જિમ થાવે, તિમ તિમ આતમ ગુણ પ્રગટાવે ॥ સ્વા૦ ॥૨॥ મતિ વિણ શ્રુત ન લહે કોઈ પ્રાણી, સમકિતવંતની એહ નિશાની ॥ સ્વા૦ ॥ કૃત્યાદિક શ્રુતનાણ જણાવે, ખીર નીર જિમ હંસ બતાવે ॥ સ્વા૦ ॥ ૩ ॥ ગીતારથ વિણ ઉગ્રવિહારી, તપિયા પણ મુનિ બહુલ સંસારી ॥ સ્વા૦ ॥ અલ્પાગમ તપ ક્લેશ તે જાણો, ધર્મદાસગણી વચન પ્રમાણો ॥ સ્વા૦ ॥ ૪ ॥ ભેદ ચતુર્દશ વીશ વખાણો, ઓર રીત મતિજ્ઞાન સમાણો ॥સ્વા૦॥ મતિ શ્રુત નાણેં ચઉ શિવ જાવે, શ્રુત કેવલી શુભવીર વધાવે ॥ સ્વા૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

સુમનસાં ગતિદાયિ વિધાયિનાં, સુમનસાં નિકરૈઃ પ્રભુપૂજનં ॥ સુમનસાં સુમનોગુણસંગિના, જન વિધેહિ નિધેહિ મનોર્ચ્ચને ॥ ૧ ॥ સમયસાર સુપુષ્પસુમાલયા,

સહજકર્મકરેણ વિશોધયા ॥ પરમયોગબલેન વશીકૃતં, સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ શ્રુતજ્ઞાનાવરણનિવારણાય ॥ કુસુમાનિ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ શ્રુતજ્ઞાનાવરણનિવારણાર્થે તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ ॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અવધિજ્ઞાનાવરણના, ક્ષયથી હુઆ ચિદ્દરૂપ ॥
તે આવરણ દહન ભણી, ઊર્ધ્વગતિરૂપ ધૂપ ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥

(જિનવર જગતદયાળ ભવિયાં ! જિનવર જગતદયાળ.—એ દેશી.)

એ ગુણ જ્ઞાન રસાલ, ભવિયાં ! એ ગુણ જ્ઞાન રસાલ ॥ ધૂપ ઘટા કરી જ્ઞાન છટા વરી, અવધિ આવરણ પ્રજાલ ॥ ભ૦ ॥ ષટ્ ભેદાંતર વૃદ્ધિની રચના, જાણે ખેત્ર ને કાળ ॥ ભ૦ ॥ એ૦ ॥ ૧ ॥ અંગુલ આવલી સંખમ સંખે, પૂરણે કિંચુણ કાળ ॥ ભ૦ ॥ પૂર્ણાવલિ અંગુલ પુહુત્તે, હસ્તે મુહૂર્ત્ત વિચાલ ॥ ભ૦ ॥ એ૦ ॥ ૨ ॥ કોશ દિનાંતર યોજન દિન નવ, દ્રવ્યપર્યાય વિશાળ ॥ભ૦॥ પણવીશ યોજન પક્ષ અધૂરે, પક્ષે ભરત નિહાલ ॥ ભ૦ ॥ એ૦ ॥ ૩ ॥ જંબૂદ્વીપ

તે માસ અધિકે, વરસે અઢીદ્વીપ ભાલ ॥ ભ૦ ॥ રૂચકદ્વીપ તે વર્ષ પુહુત્તે, સંખ્યાતે સંખ્યાતો કાળ ॥ ભ૦ ॥ એ૦ ॥૪॥ કાળ અસંખ્ય દ્વીપ સંખમસંખા, જ્ઞાન પ્રત્યક્ષ ત્રિકાળ ॥ ભ૦ ॥ એકસમે અડ અધિક શત સીઝે, ટાળી ભવજંજાળ ॥ ભ૦ ॥ એ૦ ॥ ૫ ॥ શિવરાજ ઋષિ વિભંગને ટાળી, વરિયા શિવ વરમાળ ॥ ભ૦ ॥ સાયરદ્વીપ અસંખ્ય દિખાવે, શ્રી શુભવીર દયાળ ॥ ભ૦ ॥ એ૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અગરમુખ્યમનોહરવસ્તુનઃ ॥ સ્વનિરૂપાધિગુણૌઘવિધાયિનઃ ॥ પ્રભુશરીરસુગંધસુહેતુના ॥ રચય ધૂપનપૂજનમર્હતઃ ॥૧॥ નિજગુણાક્ષયરૂપસુધૂપનં ॥ સ્વગુણઘાતમલં પ્રવિકર્ષણં ॥ વિશદબોધમનંતસુખાત્મકં ॥ સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ અવધિઆવરણનિવારણાય ॥ ધૂપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ અવધિઆવરણનિવારણાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણ ॥

॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

મનપજ્જવઆવરણતમ, હરવા દીપકમાળ ॥
જ્યોતસેં જ્યોત મિલાઇયે, જ્ઞાન વિશેષ વિશાળ ॥૧॥

॥ ઢાળ પાંચમી ॥

(ગોપી વિનવે રે.—એ દેશી.)

જ્યોતિ જગમગે રે, અઢી દ્વીપ પ્રમાણ ॥ દો ભેદે કરી રે, અઢી અંગુલનો તરતમ જાણ ॥ જેહ વિપુલમતિ રે, તેહને તે ભવ પદ નિરવાણ ॥ મુનિવેષજ વિના રે, નવિ ઉપજે દો ભેદે નાણ ॥ જ્યોતિ૦ ॥ ૧ ॥ વિમલાતમ દશા રે, જાણે જ્યોતિષ વ્યંતર ઠાણ ॥ તીર્છા લોકમાં રે, ભાંખ્યું એહ પ્રમાણ ॥ અધોલોકમાં રે, યોજન સો અધિકેરા જાણ ॥ સંજ્ઞી જીવના રે, જાણે મનચિંતન મંડાણ ॥ જ્યોતિ૦ ॥ ૨ ॥ ઋજુમતિ દ્રવ્યથી રે, અનંત અનંત પ્રદેશ વિચાર ॥ અસંખિત ભવ કહે રે, પલિય અસંખમ ભાગ ત્રિકાળ ॥ સવિ પરજાયનો રે, ભાગ અનંતો મનથી સાર ॥ ચારે ભાવથી રે, અધિકા વિપુલમતિ અણગાર ॥ જ્યોતિ૦ ॥ ૩ ॥ મતિ શ્રૃત નાણશું રે, મનપજ્જવ પામ્યા મુનિરાય ॥ ખાયકભાવથી રે, એક સમય દશ મુક્તિ જાય ॥ ખયઉપશમ પદે રે, મુનિવર તે સાતે ગુણઠાણ ॥ શ્રી શુભવીરથી રે, જંબુસ્વામિ લગે એ નાણ ॥ જ્યોતિ૦ ॥ ૪ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ભવતિ દીપશિખાપરિમોચનં ॥ ત્રિભુવનેશ્વરસદ્મનિશોભનં ॥ સ્વતનુકાંતિકરં તિમિરંહરં ॥ જગતિમંગલકારણમાતરં ॥ ૧ ॥ શુચિમનાત્મચિદુજ્જ્વલદીપકૈ ॥ જ્વલિત-

પાપપતંગસમૂહકૈઃ ॥ સ્વકપદં વિમલં પરિલેભિરે ॥ સહજસિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ મનઃપર્યવાવરણોચ્છેદકાય ॥ દીપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ મનઃપર્યવાવરણોચ્છેદકાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણ॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ઘનઘાતી ઘાને કરી, જેહ થયા મુનિભૂપ ॥
બહિરાતમ ઉચ્છેદિને, અંતર આતમરૂપ ॥ ૧ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(સાહેલડીઆં—એ દેશી)

અક્ષતપદ વરવા ભણી, સુણો સંતાજી ॥ અક્ષતપૂજા સાર, ગુણવંતાજી ॥ અક્ષત ઉજ્જવલ તંદુલા ॥ સુ૦ ॥ ઉજ્જવલજ્ઞાન ઉદાર ॥ ગુ૦ ॥ ૧ ॥ પંચમ પગઇ ટાળવા ॥ સુ૦ ॥ વરવા પંચમ જ્ઞાન ॥ ગુ૦॥ ત્રિશલાનંદ નિહાળીયે ॥ સુ૦ ॥ બાર વરસ એક ધ્યાન ॥ ગુ૦ ॥ ૨ ॥ નિંદ શયન જાગર દિશા ॥ સુ૦ ॥ તે સવિ દૂરે હોય ॥ ગુ૦ ॥ દેખે ઉજાગરદિશા ॥ સુ૦ ॥ ઉજ્જવલ પાયા દોય ॥ ગુ૦ ॥ ૩ ॥ લહી ગુણઠાણું તેરમું ॥ સુ૦ ॥ ધુરસમયે સાકાર ॥ ગુ૦ ॥ ભાવજિનેશ્વર વંદિયે ॥ સુ૦ ॥ નાઠા દોપ અઢાર ॥ ગુ૦ ॥ ૪ ॥

છતી પર્યાયે જ્ઞાનથી ॥ સુ૦॥ જાણે જ્ઞેય અનંત ॥ગુ૦॥ શ્રી શુભવીરની સેવના ॥સુ૦॥ આપે પદ અરિહંત ॥ ગુ૦ ॥૫॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

ક્ષિતિતલેક્ષતશર્મનિદાનકં ॥ ગણિવરસ્ય પરોઽક્ષતમ-ડલં ॥ ક્ષતવિનિર્મિતદેહ નિવારણં ॥ ભવપયોધિસમુદ્ધરણો-દ્યતં ॥ ૧ ॥ સહજભાવસુનિર્મલતાંદુલૈ ॥ વિપુલ દોષવિસો-ધકમંગલૈ ॥ રનુપરોધસુબોધવિધાનકં ॥ સહજસિદ્ધમહં પ-રિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ કેવલજ્ઞાનાવરણનિવારણાય ॥ અક્ષતં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ કેવલજ્ઞાનાવરણનિવારણાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણ ॥

॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंज ॥

॥ દોહા ॥

બાહ્યરૂપ આહારે વધે, રૂપાંતર અણાહાર ॥
અણાહારી પદ પામવા, ઢવો નૈવેદ્ય રસાળ ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥

(રાગ બિલાવલ.)

નૈવેદ્ય પ્રભુ આગળ ધરી, બહુ છંડી વાજે ॥ જ્ઞાનાવરણ નિવારીયે, રૂચકાંતર ભાજે ॥ હાંહાં રે તવ સાંઈ નિવાજે. હાંહાં રે જિનશાસન રાજે ॥ નૈવેદ્ય૦ ॥ ૧ ॥ અજ્ઞાની પુણ્ય

પાપનો, નવિ ભેદ તે જાણે ॥ નયગમ ભંગ પરૂપણા, હઠવાદે તાણે ॥ હાંહાં રે એક આપ વખાણે, હાંહાં રે બંધ ઉદય ન જાણે ॥ નૈવેદ્ય૦ ॥૨॥ આશાતના કરે જ્ઞાનની, જયણા નવિ પાળે ॥ સુગુરૂ વચન નવિ સદ્દહે, પડચો મોહની જાળે ॥ હાં હાં રે તે અનંતે કાળે, હાંહાં રે નરભવ ન નિહાળે ॥નૈવેદ્ય૦॥ ॥ ૩ ॥ રોહિત મત્સ્યની ઉપમા, સિદ્ધાંતે લગાવે ॥ જ્ઞાનદશા શુભવીરનું, જે દર્શન પાવે ॥ હાંહાં રે અજ્ઞાન હઠાવે, હાંહાં રે જ્યોતિ નયન જણાવે ॥ નૈવેદ્ય૦ ॥ ૪ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

અનસનં તુ મમાસ્ત્વિવતિ બુદ્ધિના ॥ રૂચિરભોજનસંચિતભોજનં ॥ પ્રતિદિનં વિધિના જિનમંદિરે ॥ શુભમતે બત ઢૌકય ચેતસા ॥ ૧ ॥ કુમતબોધવિરોધ નિવેદકૈ ॥ વિંહિતજાતિજરામરણાંતકૈઃ ॥ નિરશનં પ્રચુરાત્મગુણાલયં ॥ સહજ સિદ્ધમહં પરિપૂજયે ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રી પરમ૦ ॥ અજ્ઞાનોચ્છેદકાય ॥ નૈવેદ્યં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ અજ્ઞાનોચ્છેદકાર્થે સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણ ॥

॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

બંધોદય સત્તા ધ્રુવા, પાંચે પયડી જોય ॥
દેશઘાતિની ચાર છે, કેવળ સર્વથી હોય ॥ ૨ ॥

જ્ઞાનાચારે વરતતાં, ફળ પ્રગટે નિરધાર ॥
તેણે ફળપૂજા પ્રભુતણી, કરિયે વિવિધ પ્રકાર ॥ ૨ ॥

॥ ઢાળ આઠમી ॥

(રાગ ફાગ—સુરતી મહિનાની દેશી.)

એ પાંચે આવરણનો, બંધ દશમ ગુણઠાણ ॥ ઉદય ઉદીરણ સત્તા, ખીણ કહે જગભાણ ॥ ૧ ॥ જ્ઞાનથી સાસ ઉસાસમાં, કઠીન કરમ ક્ષય જાય ॥ ફલવંચકતા તસ ટળે, જોગાવંચક થાય ॥ ૨ ॥ અરિહા પણ તપ કરતા, એકાકી રહી રાણ ॥ અણહુંતા સુરકોડી, સેવે પૂરણ નાણ ॥ ૩ ॥ જ્ઞાનદિશાવિણુ તપ જપ, કિરિયા કરત અનેક ॥ ફળ નવિ પામે રાંક તે, રણમાં રોલ્યો એક ॥ ૪ ॥ તેલીબળદ પરેં કષ્ટ કરે, જીઉવિણ શ્રુતલહેર ॥ નિશિદિન નયન મિચાણે, ફરતો ઘેરને ઘેર ॥ ૫ ॥ જ્ઞાન પ્રથમ પછી જયણા, દશવૈકાલિક વાણ ॥ જ્ઞાનીને સુરતરૂ ઉપમા, જ્ઞાનથી ફળ નિર્વાણ ॥ ૬ ॥ કર્મસૂદન તપ પૂરણ, ફલપૂજા ફળ સાર ॥ શ્રી શુભવીરના જ્ઞાનને, વંદિયે વાર હજાર ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્ ॥

શિવતરોઃ ફલદાનપરૈર્નવૈ ॥ર્વરફલૈઃ કિલ પૂજય તીર્થપમ્ ॥ ત્રિદશનાથનતક્રમપંકજં ॥ નિહતમોહમહીધરમંડલં ॥ ૧ ॥ શમરસૈકસુધારસમાધુરૈ ॥ રનુભવાખ્યફલૈરભયપ્રદૈઃ॥ અહિતદુઃખહરં વિભવપ્રદં ॥ સહજસિદ્ધમહં પરિપૂજયે ॥૨॥

॥ અથ મંત્ર ॥

॥ૐ હ્રીં શ્રીં પરમ૦॥ પ્રથમ કર્મોચ્છેદનાય॥ફલં ય૦ સ્વાહા॥

॥ ઇતિ પ્રથમકર્મોચ્છેદનાર્થં અષ્ટમ ફલપૂજા સંપૂર્ણ ॥

॥ અથ કલશ ॥ ગાયો ગાયો રે મહાવીર૦ ॥

॥ ઇતિ પ્રથમ દિવસેઽધ્યાપનીય જ્ઞાનાવરણીકર્મસૂદનાર્થં
પ્રથમ પૂજાષ્ટકં સંપૂર્ણ ॥

આ પ્રમાણે હવે પછી પ્રત્યેક દિવસે જે જે પૂજા ભણાય, તે તે પૂજાનાં જે બે કાવ્યો હોય તે બે કાવ્ય અનુક્રમે તે તે પૂજાના અંતમાં ભણવાં તથા મંત્ર પણ સર્વ પૂજાદીઠ કહેવો. અને છેવટની ચોસઠમી પૂજાના અંતમાં લખેલો કળશ જે છે તે પણ પ્રત્યેક દિવસે જ્યારે આઠ પૂજા પૂરી થાય, ત્યારે છેલ્લો ભણવો ॥

॥ અથ દ્વિતીય દિવસેઽધ્યાપનીય દર્શનાવરણી-કર્મસૂદનાર્થં દ્વિતીય પૂજાષ્ટક પ્રારંભઃ ॥

(આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ.)

(૧ નદીનાં જળ, ૨ ચંદન કેશર, ૩ મરૂઆ ડમરાનાં ફુલ, ૪ અગુરૂ ધૂપ, ૫ નવ દીવેટનો દીવો તથા બીજો બે દીવેટનો દીવો, ૬ કમોદના ચોખા, ૭ નૈવેદ્ય, ૮ ફળ.

॥ प्रथम जलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

દર્શનાવરણ તે વરણવું, નવ પગઈ દૂરદંત ॥ દરિસણ નિદ્રા ભેદથી, ચઉ પણ કહે અરિહંત ॥ ૧ ॥ બંધોદય સત્તા ધ્રુવા, પયડી નવ તિમ પંચ ॥ નિદ્રા અધ્રુવોદય કહી, સર્વ ઘાતિ પણ પંચ ॥ ૨ ॥ દંસણતિગ દેશઘાતિયાં, કેવળદંસણ એક ॥ સર્વઘાતિ મેં દાખિયો, વાદલમેઘ વિવેક ॥ ૩ ॥ બિ-કટ નિકટ ઘટ પટ લહે, જિમ આવરણ વિયોગ ॥ જ્ઞાનાંતર ક્ષણથી સહુ, સામાન્યે ઉપયોગ ॥ ૪ ॥ એ આવરણબળે કરી, ન લહ્યું દર્શન નાથ ॥ નૈગમદર્શન ભટકિયો, પાણી વલોવ્યું હાથ ॥ ૫ ॥ પૂરણ દર્શન પામવા, ભજિયે ભવિ ભગવંત ॥ દૂર કરે આવરણને, જિમ જળથી જળકંત ॥ ૬ ॥

॥ ઢાળ પહેલી ॥

(નમો રે નમો શ્રી શેત્રુંજા ગિરિવર.—એ દેશી.)

માગધને વરદામ પ્રભાસહ, ગંગાનીર વિવેક રે ॥ દર્શનાવરણ નિવારણ કારણ, અરિહાને અભિષેક રે ॥ નમો રે નમો દર્શનદાયકને ॥ ૧ ॥ એ આંકણી ॥ દર્શનનાયક શ્રી જિનવર તું, લાયકતાને લાગ રે ॥ પ્રીત પટંતર દોય ન છાજે. જો હોય સાચો રાગ રે ॥ નમો૦ ॥ ૨ ॥ રાગ વિના નવિ રીઝે સાંઈ, નીરાગી વીતરાગ રે ॥ જ્ઞાનનયન કરી દર્શન દેખે, તે પ્રાણી વડભાગ રે ॥ નમો૦ ॥ ૩ ॥ ચઉ દંસણ પ્રતિ

સૂક્ષ્મબંધે, ઉદયાદિક ખીણુ અંત રે ॥ તે આવરણુ કઠિન મલ ખાલી, સ્નાતક સંત પ્રસંત રે ॥ નમો૦ ॥ ૪ ॥ ગ્રંથિ વિકટ જે પોલ પોલીયો, રોકે દર્શનભૂપ રે ॥ શ્રી શુભવીર જો નયન નિહાળે, શેવક સાધનરૂપરે ॥ નમો૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥

॥ તિર્થોદકૈઃ ॥ ૧ ॥ સુરનદી૦ ॥ ૨ ॥ જનમનો૦ ॥૩॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ બંધોદયનિવારણાય ॥ જલં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ બંધોદયનિવારણાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણ ॥ ૧ ॥

॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

ઉપદેશક નવ તત્ત્વના, પ્રભુ નવ અંગ ઉદાર ॥
નવ તિલકે ઉત્તર નવ, પગઈ ટાળણહાર ॥ ૧ ॥

॥ ઢાળ બીજી ॥

(રાગ કાફી નાયકી—રસિયા દિલ દીઠડી જ્યોતિ ઝગાર—એ દેશી.)

તુજ મૂરતિ મોહનગારી, રસિયા તુજ મૂરતિ મોહનગારી ॥ દ્રવ્યહ ગુણ પરજાય ને મુદ્રા, ચઉગુણ પડિમા પ્યારી ॥ ર૦ ॥ તુ૦ ॥ નયગમ ભંગ પ્રમાણે ન નિરખી, કુમતિ કદાગ્રહ ધારી ॥ ર૦ ॥ તુ૦ ॥ ૧ ॥ જિનવર તીરથ સુવિહિત આગમ, દર્શને નયણ નિવારી ॥ ર૦ ॥ તુ૦ ॥ ચક્ષુર્દર્શનાવરણ કર્મ તે, બાંધે મૂઢ ગમારી ॥ ર૦ ॥ તુ૦ ॥ ૨ ॥ કાંણા

નિશદિન જાત્યંધાપણું, દુઃખિયા દીન અવતારી ॥૨૦॥તુ૦॥ દર્શનાવરણ પ્રથમ ઉદયેથી, પરભવ એહ વિચારી ॥ ૨૦ ॥ ॥તુ૦॥૩॥ અલ્પતેજ નયનાતપ દેખી, જૂએ આડો કર ધારી ॥ ૨૦ ॥ તુ૦ ॥ જાણું પૂરવભવ કુમતિની, હજીય ન ટેવ વિસારી ॥ ૨૦ ॥ તુ૦ ॥ ૪ ॥ જયણાયુત ગુરૂ આગમ પૂજો, જિનપડિમા જયકારી ॥ ૨૦ ॥તુ૦॥ શ્રી શુભવીરનું શાસન વરતે, એકવીશ વરસ હજારી ॥ ૨૦ ॥ તુ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ જિનપતે૦ ॥ ૧ ॥ સહજકર્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ચક્ષુર્દર્શનાવરણનિવારણાય ॥ ચંદનં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ ચક્ષુર્દર્શનાવરણનિવારણાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણ॥

॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પુલ અમૂલક પૂજના, ત્રિશલાનંદન પાય ॥
સુરભિ દુરભિ નાસાપ્રમુખ, અચક્ષુ આવરણ હઠાય ॥ ૧ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(રાજ ! પધારો મેરે મંદિર.- એ દેશી.)

ડમણો મરૂઓ કેતકી પુલે, પૂજાફલ પરકાશ્યાંજી ॥ ભોગીનિવાસા સંયુતઆશા, લક્ષણવંતી નાસા ॥ ભવ ભવ ક-રિયે જી ॥ જિનગુણ માલ રસાળ, કંઠે ધરિયે જી ॥ ૧ ॥ એ

આંકણી ॥ ગુણ બહુમાન જિનાગમ વાણી, કાને ધરી બહુ-
માને જી ॥ દ્રવ્ય ભાવ બહિરાતમ ટાળી, પરભવ સમજે
શાને ॥ ભવ૦ ॥૨॥ પ્રભુ ગુણ ગાવે ધ્યાન મલ્હાવે, આગમ
શુદ્ધ પ્રરૂપે જી ॥ મૂરખ મૂંગા ન લહે પરભવ, ન પડે વળી
ભવકૂપે ॥ ભવ૦ ॥૩॥ પરમેષ્ઠિને શીશ નમાવે, ફરસે તીરથ
ભાવે જી ॥ વિનયવૈયાવચ્ચાદિક કરતાં, ભરતેશર સુખ
પાવે ॥ ભવ૦ ॥ ૪ ॥ જિમ જિમ ક્ષય ઉપશમ આવરણા,
તિમ ગુણ આવિરભાવે જી ॥ શ્રી શુભવીર વચન રસલબ્ધે,
સભિન્નશ્રોત જણાવે ॥ ભવ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ સુમનસાં૦ ॥ ૧ ॥ સમયસાર૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ અચક્ષુર્દર્શનાવરણનિવારણાય
॥ પુષ્પાણિ ય૦ ॥ સ્વાહા ॥

॥ઇતિ અચક્ષુર્દર્શનાવરણનિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અવધિદર્શનાવરણ ક્ષય, ઉપશમ ચઉગતિ માંહિ ॥
ક્ષાયકભાવે કેવળી, નમો નમો સિદ્ધ ઉચ્છાહિં ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥

(ચંદ્રશેખર રાજા થયો.—એ દેશી.)

અવધિરૂપી ગ્રાહકો, ખટભેદ વિશેષે ॥ અવધિદર્શન તે-

હનું, સામાન્યે દેખે ॥ ૧ ॥ એ ગુણ લેઈ ઉપન્યો, પરભવથી સ્વામિ ॥ આ ભવમાં સુખીયા અમે, તુમ દર્શન પામી ॥ એ આંકણી ॥ દેવ નિરય ગતિથી લહે, ગુણથી નર તિરિયા ॥ કાઉસગ્ગમાં મુનિ હાસ્યથી, હેઠા ઉતરીયા ॥ એ ગુ૦ ॥ ૨ ॥ પરિણામે ચઢતી દશા, રૂપિદ્રવ્ય અનંતા ॥ જઘન્યથી ઉત્કૃષ્ટથી, સવિ દ્રવ્ય મુણંતા ॥ એ ગુ૦ ॥ ૩ ॥ ક્ષેત્ર અસંખ્ય અંગુલ લઘુ, ગુરૂલોક અસંખા ॥ ભાગ અસંખ્ય લઘુ આવલિ, ઉત્સર્પિણી અસંખા ॥ એ ગુ૦ ॥ ૪ ॥ ચાર ભાવ દ્રવ્ય એકમાં, લઘુભાવ વિશેષે ॥ અસંખ્ય પર્યવ દ્રવ્યપ્રત્યે, ગુરૂદર્શન દેખે ॥ એ ગુ૦ ॥ ૫ ॥ નંદીસૂત્રે એણીપરે, કહ્યું અવધિનાણ ॥ નિરાકાર ઉપયોગથી, દર્શન પરિમાણ ॥ એ ગુ૦ ॥૬॥ વિભંગે પણ દાખિયું, દર્શન સિદ્ધાંતે ॥ તત્ત્વારથ ટીકા કહે, સમકિત એકાંતે ॥ એ ગુ૦ ॥ ૭ ॥ તસ આવરણ દહન ભણી, ધૂપપૂજા કરીયે ॥ શ્રી શુભવીર શરણ લહી, ભવસાયર તરીયે ॥ એ ગુણ૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ અગરમુખ્ય૦ ॥ ૧ ॥ નિજગુણાક્ષય૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ અવધિઆવરણનિવારણાય ॥ ધૂપં ય૦ ॥ સ્વાહા ॥

॥ઇતિ અવધિઆવરણનિવારણાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણ॥

॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કેવલદર્શનાવરણનો, તું પ્રભુ ટાળણહાર ॥
જ્ઞાનદીપકથી દેખિયે, મોટો તુજ આધાર ॥ ૧ ॥

॥ ઢાળ પાંચમી ॥

(રાગિણી આશાવરી—ગરબાનો દેશી)

દીપક દીપતો રે, લોકાલોક પ્રમાણ ॥ દર્શન દીવડો રે, હણી આવરણ લહે નિર્વાણ ॥ દી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ક્ષાયકભાવે અનાદિ ચેતન, આઠ પ્રદેશ ઉઘાડા રે ॥ અવરનું દર્શન દેખણ ભમિયો, પણ આવરણ તે આડાં ॥ દી૦ ॥ ૨ ॥ તુમ સેવે તે તુમ સમ હોવે, શક્તિ અપૂરવ યોગે રે ॥ ક્ષપક શ્રેણિ આરોહિ અરિહા, ધ્યાન શુકલ સંયોગે ॥ દી૦ ॥ ૩ ॥ ઘનઘાતીનો ઘાત કરીને, પ્રથમ સમય સાકારે રે ॥ સમયાંતર દર્શન ઉપયોગે, દર્શનાવરણ વિદારે ॥ દી૦ ॥ ૪ ॥ મૂલ એક બંધ ચાર સત્તોદય, ઉત્તર પણ એક બાંધે રે ॥ બહેંતાલીસ ઉદયે પંચાશી, સત્તા હણી શિવ સાધે ॥ દી૦ ॥ ૫ ॥ ઝગમગ ઝાઝા દીપકપૂજા, કરતાં કોડિ દિવાજા રે ॥ શ્રી શુભવીર જિનેશ્વર રાજા, રાજ્યે રહિયત તાજા ॥ દી૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ ભવતિ દીપ૦ ॥ ૧ ॥ શુચિમનાત્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ કેવલદર્શનાવરણનિવારણાય ॥ દીપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ કેવલદર્શનાવરણનિવારણાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણ ॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નિદ્રા દુગદલ છેદવા, કરવા નિર્મલ જાત ॥
અક્ષત નિર્મલ પૂજના, પૂજો શ્રી જગતાત ॥ ૧ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(થૂલિભદ્ર કહે સુણ બાળા રે — એ દેશી.)

હવે નિદ્રા પાંચની ફેટી રે, મોહરાયતણી એ ચેટી રે ॥ સર્વઘાતી પયડી મોટી રે, નિદ્રા દુગ બ્હેનો છોટી રે ॥ ૧ ॥ એ બ્હેનો જગત્ પિતરાણી રે, નાના મોહોટા મુંઝાવ્યા પ્રાણી રે ॥ ભાનુદત્ત પૂરવધર પડિયા રે, દીપજ્યોતે જોયા નવિ જડિયા રે ॥ એ આંકણી ॥ સુખે જાગે આળસ મેટી રે, તે નિદ્રા બાળવધૂટી રે ॥ ઉભાં બેઠાં નયણાં ઘુટી રે, જબ લાગે વયણની સોટી રે ॥ એ૦ ॥ ૨ ॥ તવ નયણથી નિંદ વછૂટી રે, પ્રચલા લક્ષણ ગતિ ખોટી રે ॥ દ્વાદશાંગી ગણિરૂપ પેટી રે, મુનિનયણે નિદ્રા પલેટી રે ॥ એ૦ ॥ ૩ ॥ પૂરવધર પણ શ્રુત મેટી રે, રહ્યા નિગોદમેં દુઃખ વેંટી રે ॥ અપૂર્વ બંધથી છૂટી રે, સત્તાઉદયે બારમે ખૂટી રે ॥ એ૦ ॥ ૪ ॥ મુનિરાજ મળીને લૂંટી રે, અપ્રમત્તને દંભે કૂટી રે ॥ છલ જોતીને રોતી વખૂટી રે, ધ્યાનલહેર બગાડે બૂટી રે ॥ એ૦ ॥૫॥ શુભવીર સમા નહીં માંટી રે, નિદ્રાની વનકટી કાટી રે ॥ થઈ સાદિ અનંતની છેટી રે, શિવસુંદરી સહેજે ભેટી રે ॥ એ૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ ક્ષિતિતલે૦ ॥ ૧ ॥ સહજભાવ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ નિદ્રાપ્રચલાવિચ્છેદનાય ॥ અક્ષતાન્ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ નિદ્રાપ્રચલાવિચ્છેદનાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણ ॥

॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

આહારે ઉંઘ વધે ઘણી, નિદ્રા દુઃખ ભંડાર ॥
નૈવેદ્ય ધરી પ્રભુ આગળે, વરિયે પદ અણાહાર ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥

(રાગ ગોડી—તોરણ આઈ કયું ચલે રે—એ દેશી.)

થીણદ્ધી ત્રિક સાંભળો રે, નિદ્રા જે દુઃખદાય ॥ સલૂણા ॥ બંધ બીજા ગુણઠાણસે રે, છઠ્ઠે ઉદય મુનિરાય ॥ સલૂણા ॥ જિમ જિમ જિનવર પૂજીયે રે, તિમ તિમ ધ્રુજે કર્મ ॥ સ૦ ॥ ૧ ॥ સપ કરી સત્તા રહે રે, નવ માને એક ભાગે ॥ સ૦ ॥ નિદ્રા નિદ્રા તેહમાં રે, કષ્ટે કરી જે જાગે ॥ સ૦ ॥ ॥ જિમ૦ ॥ ૨ ॥ પ્રચલા પ્રચલા ચાલતાં રે, નયણે નિંદ તુખાર ॥ સ૦ ॥ જાગે રણસંગ્રામમાં રે, વિજળી જ્યું ઝળકાર ॥ સ૦ ॥ જિમ૦ ॥ ૩ ॥ દિનચિંતા રાત્રે કરે રે, કરણી જે નર નાર ॥સ૦॥ બળદેવનું બળ તે સમે રે, નરકગતિ અવતાર ॥ સ૦ ॥ જિમ૦ ॥ ૪ ॥ એમ વિશેષાવશ્યકે રે, વરણ-

વિયો અધિકાર ॥ સ૦ ॥ સાધુમંડળીમાં રહે રે, એક લઘુ અણગાર ॥ સ૦ ॥ જિમ૦ ॥ ૫ ॥ થીણદ્ધી નિદ્રાવશે રે, હણિયો હસ્તિ મહંત ॥ સ૦॥ સૂતો ભરનિદ્રાવશે રે, ભૂતલીએ દોય દંત ॥ સ૦ ॥ જિમ૦ ॥૬॥ અંગ અશુચિ શિષ્યનું રે, સંશય ભરીયા સાધ ॥ સ૦ ॥ જ્ઞાની વયણે કાઢીયો રે, હંસ વનેથી વ્યાધ ॥ સ૦ ॥ જિમ૦ ॥ ૭ ॥ ષટ્ માસે નિદ્રા લહે રે, શેઠવધૂ દ્રષ્ટાંત ॥ સ૦ ॥ નિંદવિયોગે કેવલી રે, શ્રી શુભવીર ભણંત ॥ સ૦ ॥ જિમ૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ અનશનં૦ ॥ ૧ ॥ કુમતબોધ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ઓઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ થીણદ્ધીત્રિકદહનાય ॥ નૈવેદ્યં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ થીણદ્ધીત્રિકદહનાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણ ॥

॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

વિવિધ ફળે પ્રભુ પૂજતાં, ફળ પ્રગટે નિર્વાણ ॥
દર્શનાવરણ વિલય હુવે, વિઘટે બંધનાં ઠાણ ॥ ૧ ॥

॥ ઢાળ આઠમી ॥

(રાગ ફાગ.—દીપચંદીની ચાલ.)

(હોરી ખેલાવત કાન્હઈયા, નેમીસર સંગે લે ભઇયા.—એ દેશી.)

હોરી ખેલું મેરે સાહબિયા, સંગે રંગે સુણ હો ભઈયા

॥ હોરી૦ ॥ અબિર ગુલાલ સુગંધ વિખરિયા, કનક કચોળી કેસરિયાં ॥ હોરી૦ ॥ ૧ ॥ ખારેક બીજોરા ફળ ટેટી, પૂજે ફળ થાળે ભરિયાં ॥ ફાગ ગાન ગુણ તાન બજૈયા, દર્શનાવરણ ભયે ડરિયાં ॥ હોરી૦ ॥ ૨ ॥ એ પ્રભુદર્શન વિણ ભવ ફરિયા, કુદેવ કુતીર્થ વર્ણવિયા ॥ કુગુરૂ કુશાસ્ત્ર પ્રશંસા કરિયા, મિથ્યાત્વધર્મ હઇયે ધરિયા ॥ હોરી૦ ॥૩॥ બહોત દુઃખે બહુ શોકે ભરિયાં, સમકિત દૂષણ આચરિયાં ॥ કુવ્રત પાળે ને ચાલે અનઇયા, પરમેષ્ટિ ગુરૂ ઓલવિયા ॥ હોરી૦ ॥ ૪॥ પડણિયા ગુરૂ અપચ્ચખ્ખાણિયા, ભગવઈ ભાંખે ગણધરિયા॥ દર્શનાવરણીકર્મ ઘેરૈયા, તીસ કોડાકોડી સાગરિયા ॥હોરી૦॥ ॥ ૫ ॥ એસે બંધકો ધંધ ઘટૈયા, સાંયુંકી આણા શિર ધરિયા ॥ શ્રૃંગી લવણ મધુરી લહેરિયા, શ્રી શુભવીર પ્રભુ મળિયા ॥ હોરી૦ ॥

॥ કાવ્યં ॥ શિવતરો૦ ॥ ૧ ॥ શમરસૈ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦॥ દ્વિતીય કર્મદહનાય ॥ફલં૦ ય૦ સ્વાહા ॥

॥ અથ કળશ ॥ ગાયો ગાયો રે મહાવીર૦ ॥

॥ ઇતિ કર્મદહનાર્થે અષ્ટમ ફળપૂજા સંપૂર્ણ ॥ ૮ ॥

॥ ઇતિ દ્વિતીય દિવસેઽધ્યાપનીય દર્શનાવરણીયકર્મસૂદનાર્થ દ્વિતીય પૂજાષ્ટકં સંપૂર્ણ ॥

॥ अथ तृतीय दिवसेऽध्यापनीय वेदनीयकर्मनिवारणार्थं तृतीय पूजाष्टक प्रारंभ ॥

(આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ.)

(૧ કસ્તુરી, બરાસવાળું જળ, ૨ કેસર, બરાસ, ૩ ફુલપગર કરીયે, ૪ પંચાંગ ધૂપ, ૫ બે દીવેરનો દીપક, ૬ કમોદશાલિ અખંડ, ૭ નૈવેદ્ય, ૮ ફળ

॥ प्रथम जळपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ત્રીજું અઘાતી વેદની, જાવ લહે શિવશર્મ ॥
સંસારે સવિ જીવને, તબ લગે એહિજ કર્મ ॥ ૧ ॥
બંધોદય અધ્રુવ કહી, ધ્રુવસત્તાયે હોય ॥
પયડી અઘાતી જાણીયે, શાતા અશાતા દોય ॥ ૨ ॥
કર્મ વિનાશીને હુવા, સિદ્ધ બુદ્ધ ભગવાન્ ॥
તે કારણ જિનરાજની, પૂજા અષ્ટવિધાન ॥ ૩ ॥
ન્હવણ વિલેપન કુસુમની, જિન પુર ધૂપ પ્રદીપ ॥
અક્ષત નૈવેદ્ય ફળતણી, કરો જિનરાજ સમીપ ॥ ૪ ॥

॥ ઢાળ પહેલી ॥

(રૂડીને રઢિયાલી રે વાલ્હા:—એ દેશી.)

ન્હવણની પૂજા રે, નિરમલ આતમા રે ॥ તીર્થોદકનાં જળ મેલાય, મનોહર ગંધે તે ભેલાય ॥ ન્હવ૦ ॥ ૧ ॥ સુર ગિરિ દેવા રે, સેવા જિનતણી રે ॥ કરતાં ન્હવણ તે નિરમળ

થાય, કનક રજત મણિકળશ ઢળાય ॥ ન્હવ૦ ॥ ૨ ॥ સુર વહૂ નાચે રે, માચે વેગશું રે ॥ ગાયન દેવ તે જિનગુણ ગાય, વૈશાલિક મુખદર્શન થાય ॥ ન્હવ૦ ॥ ૩ ॥ ચિહું ગતિ માંહે રે, ચેતન રોલિયો રે ॥ સુર નર જે સુખિયા સંસાર, નારક તીરિ દુઃખનો ભંડાર ॥ ન્હવ૦ ॥ ૪ ॥ શે વશ સુખમાં રે, સ્વામિ ન સાંભર્યા રે ॥ તેણે હું રઝળ્યો કાળ અનંત, મલિન રતન નવિ તેજ જગંત ॥ ન્હવ૦ ॥ ૫ ॥ પ્રભુ નવરાવી રે, મેલ નિવારશું રે ॥ વેદની વિઘટે મણિ ઝલકંત, શ્રી શુભવીર મળે એકંત ॥ ન્હવણની૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥

॥ તિર્થોદકૈઃ ॥ ૧ ॥ સુરનદી૦ ॥ ૨ ॥ જનમનો૦ ॥ ૩ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ વેદનીયકર્મનિવારણાય ॥ જલં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ વેદનીયકર્મનિવારણાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણ ॥૧॥

॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

વેદની કર્મતણી કહું, ઉત્તરપયડી દોય ॥
જાસ વિવશ ભવચોકમાં, મૂંઝાણા સહુ કોય ॥ ૧ ॥

॥ ઢાળ બીજી ॥

(રાગ આશાવરી —સાહિબ સહસફણા.—એ દેશી.)

તન વિકસે મન ઉલ્લસે રે, દેખી પ્રભુની રીત ॥ દાયક

દિલ વસિયા ॥ જૂરણ લાગી જીભડી રે, પૂરણ બાંધી પ્રીત ॥ દા૦ ॥ ૧ ॥ નયનજ્યોતિ સમ પ્રીતડી રે, એક સુરત દોય કાન ॥ દા૦ ॥ વેદની હરિ ધનવંતરી રે, કરિયે આપ સમાન ॥ દા૦ ॥ ૨॥ વેદની ઘર વાસો વસ્યો રે, નદિયા નાથ કુનાથ ॥ દા૦ ॥ પાણી વલોવ્યું એકલું રે, ચતુર ન ચઢિયો હાથ ॥ દા૦ ॥ ૩ ॥ ખડ્ગધાર મધુલેપશું રે, તેહવો એ સંસાર ॥ દા૦ ॥ લક્ષણ વેદનીકર્મનું રે, ફળ કિંપાક વિચાર ॥દા૦॥ ॥૪॥ તુજ શાસન પામે થકે રે, લાધો કર્મનો મર્મ ॥ દા૦ ॥ કોડી કપટ કોઈ દાખવે રે, પણ ન તજું તુજ ધર્મ ॥દા૦॥૫॥ પૂજ્ય મળે પૂજા રચું રે, કેસર ઘોળી હાથ ॥ દા૦ ॥ 'શ્રી શુભવીરવિજય પ્રભુ રે, મળિયો અવિહડ સાથ ॥ દા૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ જિનપતે૦ ॥ ૧ ॥ સહજકર્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ વેદનીયલક્ષણકર્મનિવારણાય ॥ ચંદનં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ વેદનીયકર્મલક્ષણનિવારણાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણ॥

॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

બળિયો સાથ મળે થકે, ચોરતણું નહીં જોર ॥
જિનપદ ફુલે પૂજતાં, નાસે કર્મ કઠોર ॥ ૧ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(રાગ સારંગ.—હો૫ધન્ના.—એ દેશી.)

કર્મ કઠોર દૂરે કરો રે ॥ મિત્તા ॥ પામી શ્રી જિનરાજ ॥ ફુલપગર પૂજા રચો રે ॥ મિત્તા ॥ પામી નરભવ આજ રે ॥ રંગીલા મિત્તા ॥ એ પ્રભુ સેવોને ॥ એ પ્રભુ સેવો શાનમાં રે ॥ મિત્તા ॥ પામો જેમ શિવરાજ રે ॥ રંગી૦ ॥એ૦॥૧॥ વેદનીવશ તુમે કાં પડો રે ॥ મિત્તા ॥ જેહને પ્રભુશું વેર ॥ સાહિબ વેરી ન વિસસો રે ॥ મિત્તા ॥ તો હોય સાહિબ મહેર રે ॥ રંગી૦ ॥ એ૦ ॥ ૨ ॥ છઠ્ઠા ગુણઠાણા લગે રે ॥ મિત્તા॥ બંધ અશાતા જાણ ॥ શાતા બાંધે કેવલી રે ॥ મિત્તા॥ તેરમે પણ ગુણઠાણ રે ॥ રંગી૦ ॥ એ૦ ॥૩॥ શાતા અશાતા એક પદે રે ॥ મિત્તા ॥ ચરમગુણે પરિહાર ॥ સત્તાઉદયથી કેવલી રે ॥ મિત્તા ॥ સહે પરિસહ અગિયાર રે ॥ રંગી૦ ॥ એ૦ ॥ ॥ ૪ ॥ તીસ કોડાકોડી સાગરૂ રે ॥ મિત્તા ॥ લઘુ સાતૈયા ત્રિ-ભાગ ॥ બંધ અશાતા વેદની રે ॥ મિત્તા ॥ હવે શાતા સુ-વિભાગ રે ॥ રંગી૦ ॥ એ૦ ॥ ૫ ॥ પન્નર કોડાકોડી સાગરૂરે ॥ મિત્તા ॥ લઘુ દોય સમય તે થીર ॥ ગોયમ સંશય ટાલિયો રે ॥ મિત્તા ॥ ભગવઈમાં શુભવીર રે ॥ રંગી૦ ॥ એ૦ ॥૬॥

॥ કાવ્યં ॥ સુમનસાં૦ ॥ ૧ ॥ સમયસાર૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ વેદનીયબંધનિવારણાય ॥

પુષ્પાનિ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ વેદનીયબંધનિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ ॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंज ॥

॥ દોહા ॥

ઉત્તરાધ્યયને થિતિ લઘુ, અંતરમુહૂર્ત્ત કહાય ॥
પન્નવણામાં બાર તે, શાતાબંધ સંપરાય ॥ ૧ ॥
શાતાવેદની બંધનું, ઠાણ પ્રભુપુર ધૂપ ॥
મિચ્છત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મસ્વરૂપ ॥ ૨ ॥

॥ ઢાળ ચોથી ॥

(વિમલાચળ વેગે વધાવો —એ દેશી.)

ચઉમાસી પારણું આવે, કરી વિનતિ નિજ ઘર જાવે ॥ પ્રિયા પુત્રને વાત જણાવે, પટકૂળ જરી પથરાવે રે ॥ મહાવીર પ્રભુ ઘર આવે ॥ જીરણશેઠ ભાવના ભાવે રે ॥મહા૦॥ ॥ ૧ ॥ ઉભી શેરિયે જળ છંટકાવે, જાય કેતકી ફુલ બિછાવે ॥ નિજ ઘર તોરણ બંધાવે, મેવા મિઠાઈ થાળ ભરાવે રે ॥મહા૦॥૨॥ અરિહાને દાનજ દીજે, દેતાં દેખી જે રીજે ॥ પટ્માસી રોગ હરીજે, સીઝે દાયક ભવ ત્રીજે રે ॥ મહા૦ ॥ ॥ ૩ ॥ તે જિનવર સનમુખ જાવું, મુજ મંદિરીયે પધરાવું ॥ પારણું ભલી ભકતે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે ॥ મહા૦ ॥૪॥ પછી પ્રભુને વોળાવા જઇશું, કર જોડી સામા રહીશું ॥ નમી વંદી પાવન થઇશું, વિરતિ અતિરંગે વહીશું

રે ॥ મહા૦ ॥ ૫ ॥ દયા, દાન, ક્ષમા, શીલ, ધરશું, ઉપદેશ સજ્જનને કરશું ॥ સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપાલક્ષણ વરશું રે ॥ મહા૦ ॥ ૬ ॥ એમ જીરણશેઠ વદંતા, પરિણામની ધારે ચઢંતા ॥ શ્રાવકની સીમે ઠરંતા, દેવદુંદુભિનાદ સુણંતા રે ॥ મહા૦ ॥ ૭ ॥ કરી આયુ પૂરણ શુભભાવે, સુરલોક અચ્યુતે જાવે ॥ શાતાવેદની સુખ પાવે, શુભવીર વચનરસ ગાવે રે ॥ મહાવીર૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ અગરમુખ્ય૦ ॥ ૧ ॥ નિજગુણાક્ષય૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ શાતાબંધાપહાયાધૂપં ય૦॥સ્વાહા ॥

॥ ઇતિ શાતાબંધાપહાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણ ॥ ૪ ॥

॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શાતાબંધક પ્રાણિયા, દીપે એણે સંસાર ॥
તેણે દીપકપૂજા કરી, હરિયે દુઃખ અંધાર ॥ ૧ ॥

॥ ઢાળ પાંચમી ॥

(ચતુરો ચેતો ચૈતનાવલી.- એ દેશી.)

સાંભળજો મુનિ સંયમરાગે, ઉપશમ શ્રેણે ચડિયા રે ॥ શાતાવેદની બંધ કરીને, શ્રેણીથકી તે પડિયા રે ॥ સાં૦ ॥ ॥ ૧ ॥ ભાંખે ભગવઈ છઠ્ઠતપ બાકી, સાતલવાયુ ઓછે રે ॥ સર્વારથસિદ્ધે મુનિ પોહોતા, પૂર્ણાયુ નવિ છોછો રે ॥ સાં૦ ॥

॥૨॥ શય્યામાં પોઢ્યા નિત્ય રહેવે, શિવમારગ વિસામો રે॥ નિર્મળ અવધિનાણે જાણે, કેવલી મન પરિણામો રે ॥સાં૦॥ ॥ ૩ ॥ તે શય્યા ઉપર ચંદરૂવે, ઝુંબખડે છે મોતી રે ॥ વિચલું મોતી ચોશઠ મણનું, ઝગમગ જાલિમજ્યોતિરે ॥સાં૦॥ ॥ ૪ ॥ બત્રીશ મણના ચઉ પાખલિયે, શોલમણાં અડ સુણિયાં રે ॥ આઠમણાં શોલશ મુગતાફળ, તિમ બત્રીશ ચઉ મણિયાં રે ॥ સાં૦ ॥ ૫ ॥ દોમણ કેરાં ચોશઠ મોતી, ઇગશય અડવીશ મણિયાં રે ॥ દોસય ને વળી ત્રેપન મોતી, સર્વ થઇને મળિયાં રે ॥ સાં૦ ॥ ૬ ॥ એ સઘળાં વિચલાં મોતીશું, આફળે વાયુયોગે રે ॥ રાગ રાગિણી નાટક પ્રગટે, લવસત્તમ સુરભોગે રે ॥ સાં૦ ॥ ૭ ॥ ભૂખ તરસ છીપે રસલીના, સુરસાગર તેત્રીશ રે ॥ શાતા લહેરમાં ક્ષણ ક્ષણ સમરે, વીરવિજય જગદીશ રે ॥ સાંભળજો૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ ભવતિ દીપ૦ ॥ ૧ ॥ શુચિમનાત્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ શાતોત્તરસુખપ્રાપણાય ॥ દીપં ય૦ ॥ સ્વાહા ॥

॥ઇતિ શાતોત્તરસુખપ્રાપણાર્થ પંચમ દીપકપૂજા સંપૂર્ણ ॥૫॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અક્ષતપૂજાયે કરી, પૂજો જગતદયાળ ॥
હવે અશાતાવેદની, બંધનાં કારણ નિહાળ ॥ ૧ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(બટાઉની દેશી.)

પ્રભો ! તુજ શાસન મીઠડું રે, સમતાસાધન સાર ॥ યોગનાલિકા રૂઅડી, તેતો જ્ઞાનીને ઘરબારરે ॥ હું રોળ્યો એણે સંસાર રે, ગુણ અવગુણ સરિખા ધારરે, હીરો હાથ ખોલ્યો અંધાર રે, ન કરી જ્ઞાનીશું ગોઠડી મેરે લાલ ॥૧॥ શોક કર્યો સંસારમાં રે, પરને પીડા દીધ ॥ ત્રાસ પડાવ્યા જીવને, જીવ બંધીખાને લીધ રે ॥ મુનિરાજની નિંદા કીધ રે, મુનિ સંતાપ્યા બહુ વિધ રે, રાજા દેવસેનાભિધ રે, એક સરિયશતક પરસિદ્ધ રે ॥ ન૦ ॥ ૨ ॥ માણસના વધ આચર્યા રે, છેદન ભેદન તાસ ॥ થાપણ રાખી ઓળવી, કરી ચાડી પડાવ્યા ત્રાસ રે ॥ દમિયા પર ક્રોધ નિવાસ રે, કેઈ જૂઝવિયા રહી પાસ રે, કેઈ જીવની ભાંગી આસ રે, થયો કરપી કપિલાદાસ રે ॥ ન૦ ॥ ૩ ॥ એમ અશાતાવેદની રે, બાંધે પ્રાણી અનંત ॥ સૂત્રવિપાકે સાંભળો, મૃગાપુત્રતણો દૃષ્ટાંત રે ॥ સુણી કંપે સમકિતવંત રે, સુખ અક્ષય પામે એકાંત રે, કરો અક્ષતપૂજા સંત રે, શુભવીર ભજો ભગવંત રે ॥ ન૦ ॥ ૩ ॥

॥ કાવ્યં ॥ ક્ષિતિતલે૦ ॥ ૧ ॥ સહજભાવ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ અશાતાબંધસ્થાન નિવારણાય ॥ અક્ષતં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ અશાતાબંધનિવારણાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણ ॥

॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ન કરી નૈવેદ્ય પૂજના, ન ધરી ગુરૂની શીખ ॥
લહે અશાતા પરભવે, ઘર ઘર માગે ભીખ ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥

(ઇમનરાગિણી—મ્હારી સહિરે સમાણી—એ દેશી.)

તુજ શાસનરસ અમૃત મીઠું, સંસારમાં નવિ દીઠું રે ॥ મનમોહન સ્વામિ ॥ દીઠું પણ નવિ લાગું મીઠું, નારક દુઃખ તેણે દીઠું રે ॥ મ૦ ॥ ૧ ॥ દશવિધ વેદન અતુલ તે પાવે, દુઃખમાં કાળ ગમાવે રે ॥ મ૦ ॥ પરમાધામી દુઃખ ઉપજાવે, ભવભાવનાયે ભાવે રે ॥ મ૦ ॥ ૨ ॥ જેમ વિષભુક્તિ તલાર અવાજા, એક નગરે એક રાજા રે ॥ મ૦ ॥ શત્રુસૈન્ય સમાગમ પહેલો, ગામ ગામ વિષ ભેળ્યો રે ॥ મ૦ ॥ ૩ ॥ ધાન્ય મિઠાઈ મીઠા જળમાં, ગોળ ખાંડ તરૂ ફળમાં રે ॥મ૦॥ પડહો વજાવી એમ ઉપદેશે, જે મીઠાં જળ પીશે રે ॥ મ૦ ॥ ॥ ૪ ॥ ભક્ષ ભોજ્ય રસ લીના ખાશે, તે યમમંદિર જાશે રે ॥ મ૦ ॥ દૂરદેશાંગત ભોજન કરશે, ખારાં પાણી પીશે રે ॥ મ૦ ॥ ૫ ॥ તે ચિરંજીવ લહે સુખશાતા, કદીય ન હોય અશાતા રે ॥ મ૦ ॥ નૃપ આણા કરી તે રહ્યા સુખિયા, બીજા મરણ લહે દુઃખિયા રે ॥ મ૦ ॥ ૬ ॥ વિષમિશ્રિત વિષયારસ જુત્તા, બ્રહ્મદત્ત નરક પહુત્તા રે ॥ મ૦ ॥ મેઘકુમાર ધન્નો સુ-

ખભાજા, શ્રી શુભવીર તે રાજા રે ॥ મનમોહન સ્વામિ ॥૭॥

॥ કાવ્યં ॥ અનશનં૦ ॥ ૧ ॥ કુમતબોધ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ અશાતોદયનિવારણાય ॥ નૈવેદ્યં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ અશાતોદયનિવારણાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણ ॥

॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

આત્મિક ફળ પ્રગટાવિયું, ટાળી શાત અશાત ॥
ત્રિસલાનંદન આગળે, ફળપૂજા પરભાત ॥ ૧ ॥

॥ ઢાળ આઠમી ॥

(નંદકુમર કેડે પડયો, કેમ ભરિયે —એ દેશી.)

વીરકુમરની વાતડી કેને કહિયે, કેને કહિયે રે કેને કહિયે ॥ નવિ મંદિર બેશી રહિયે, સુકુમાળ શરીર ॥ વીર૦ ॥ ॥ એ આંકણી ॥ બાળપણાથી લાડકો નૃપ ભાવ્યો, મળી ચોશઠ ઇંદ્રે મલ્હાવ્યો ॥ ઇંદ્રાણી મળી હુલરાવ્યો, ગયો રમવા કાજ ॥ વીર૦ ॥ ૧ ॥ છોરૂ ઉછાછલાં લોકનાં કેમ રહિયે, એની માવડીને શું કહિયે ॥ કહિયે તો અદેખાં થઇયે, નાશી આવ્યાં બાળ ॥ વીર૦ ॥ ૨ ॥ આમલકી ક્રીડાવશે વીંટાણો, મોટો ભોરિંગ રોષ ભરાણો ॥ હાથે ઝાલી વીરે તાણ્યો, કાઢી નાંખ્યો દૂર ॥ વીર૦ ॥ ૩ ॥ રૂપ પિશાચનું દેવતા

કરી ચળિયો, મુજ પુત્રને લેઈ ઉછળિયો ॥ વીર મુષ્ટિપ્રહારે વળિયો, સાંભળીયે એમ ॥ વીર૦ ॥ ૪ ॥ ત્રિશલામાતા મોજમાં એમ કહેતી, સખિયોને ઓલંભા દેતી ॥ ક્ષણ ક્ષણ પ્રભુ નામજ લેતી, તેડાવે બાળ ॥ વીર૦ ॥૫॥ વાટ જોવંતાં વીરજી ઘેર આવ્યા, ખોળે બેસારી હુલરાવ્યા ॥ માતા ત્રિસલાએ નવરાવ્યા, આલિંગન દેત ॥ વીર૦ ॥૬॥ યૌવનવય પ્રભુ પામતાં પરણાવે, પછી સંયમશું દિલ લાવે ॥ ઉપસર્ગની ફોજ હઠાવે, લીધું કેવળનાણ ॥ વીર૦ ॥૭॥ કર્મસૂદન તપ ભાંખિયું જિનરાજે, ત્રણ લોકની ઠકુરાઈ છાજે ॥ ફળ પૂજા કહી શિવકાજે, ભવિને ઉપગાર ॥ વીર૦ ॥ ૮ ॥ શાતા અશાતાવેદની ક્ષય કીધું, આપે અક્ષયપદ લીધું ॥ શુભવીરનું કારજ સીધું, ભાંગે સાદિ અનંત ॥ વીર૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ શિવતરોઃ ॥ ૧ ॥ શમરસૈઃ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ વેદનીયકર્મદહનાય ॥ ફલં ય૦ સ્વાહા ॥

॥ અથ કલશ ॥ ગાયો ગાયો રે મહાવીર૦ ॥

॥ ઇતિ વેદનીયકર્મદહનાર્થં અષ્ટમ ફલપૂજા સંપૂર્ણ ॥ ૮ ॥

॥ ઇતિ તૃતીય દિવસેઽધ્યાપનીય વેદનીયકર્મનિવારણાર્થં તૃતીય પૂજાષ્ટકં સંપૂર્ણ ॥

॥ अथ चतुर्थ दिवसेऽध्यापनीय मोहनीयकर्म-सूदनार्थे चतुर्थ पूजाष्टक प्रारंभः ॥

(આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ.)

(૧ દ્રાખનાં પાણી, ૨ બાવનાચંદન, ૩ જાય, કેવડો અને જાસુલનાં ફુલ, ૪ દશાંગ ધૂપ, ૫ બે દીવેટનો દીપક, ૬ વ્રીહિ અખંડ, ૭ નૈવેદ્ય, ૮ ફળ.)

॥ अथ प्रथम जलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શ્રી શુભવિજય સુગુરૂ નમી, માતપિતા સમ જેહ ॥ બાળપણે બતલાવિયો, આગમનિધિ ગુણગેહ ॥ ૧ ॥ ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂથી લહિયે નાણ ॥ નાણથકી જગ જાણીયે, મોહનીનાં અહિઠાણ ॥ ૨ ॥ કષ્ટ તે કરવું સોહિલું, અજ્ઞાની પશુખેલ ॥ જાણપણું જગ દોહિલું, જ્ઞાની મોહનવેલ ॥ ૩ ॥ અજ્ઞાની અવિધિ કરે, તપ જપ કિરિયા જેહ ॥ વિરાધક ષટ્ કાયનો, આવશ્યકમાં તેહ ॥ ૪ ॥ મૂરખમુખ આગમ સુણી, પડિયા મોહની પાસ ॥ આગમ લોપે બિહુ જણા, નરય નિગોદે વાસ ॥ ૫ ॥ મૂરખસંગ અતિ ભળે, તો વસિયે વનવાસ ॥ પંડિતશું વાસો વસી, છેદો મોહનો પાસ ॥ ૬ ॥ કુચ્છા મિચ્છ કષાય સવિ, ભય ધ્રુવબંધિ એહ ॥ શેષ અધ્રુવબંધિ કહી, મિચ્છધ્રુવોદય ગેહ ॥ ૭ ॥ સગવીસ અધ્રુવોદય કહી, હવે અધ્રુવ સગ્ગવીસ ॥ સત્તાથી દૂરે કરો, ધ્રુવસત્તા છવીસ

॥ ૮ ॥ મોહની દૂર થયે થકે, નાસે કર્મસંભાર ॥ કારણથી કારજ સધે, પૂજા અષ્ટપ્રકાર ॥ ૯ ॥

॥ ઢાળ પહેલી ॥

(ઓધવ ! માધવને કહેજો.—એ દેશી.)

જળપૂજા યુગતે કરીયે, મોહનીબંધ ઠાણ હરિયે, વિનતડી પ્રભુને કરીયે રે ॥ ચેતન ચતુર થઈ ચૂકયો ॥ નિજગુણ મોહવશે મૂકયો રે ॥ ચે૦ ॥ ૧ ॥ જીવ હણ્યા ત્રસ જળ ભેટી, દઈ ફાંસો મોધર કૂટી ॥ મુખ દાબી વાધર વેંટી રે ॥ ચે૦ ॥ ॥ ૨ ॥ કલેશ શમ્યા ઉદેરણીયા, અરિહા અવગુણ મુખ ભણિયા । બહુ પ્રતિપાલકને હણિયા રે ॥ ચે૦ ॥ ૩ ॥ ધર્મી ધર્મથી ચૂકવિયા, સૂરિ પાઠક અવગુણ લવિયા ॥ શ્રુતદાયક ગુરૂ હેલવિયા રે ॥ ચે૦ ॥ ૪ ॥ નિમિત્ત વશીકરણે ભરિયો, તપસી નામ વૃથા ધરિયો ॥ પંડિત વિનય નવિ કરિયો રે ॥ ચે૦ ॥૫॥ ગામ દેશ ઘર પરજાળ્યાં, પાપ કરી અન્ય શિર ઢાળ્યાં ॥ કપટ કરી બહુ જન વાળ્યાં રે ॥ ચે૦ ॥ ૬ ॥ બ્રહ્મચારી થઈ ગવરાણો, પરદારાશું મુંઝાણો ॥ પરધન દેખી દુહવાણો રે ॥ ચે૦ ॥ ૭ ॥ પરદ્રોહી મિથ્યાભાષી, વિશ્વાસઘાતી કૂડશાખી ॥ મુનિ છંડી સેવ્યા ખાખી રે ॥ ચે૦ ॥ ૮ ॥ મોહનીબંધ કરી ફરિયો, સિત્તેર કોડાકોડી સાગરિયો ॥ હવે તુમ શાસન અવતરિયો રે ॥ ચેતન૦ ॥ ૯ ॥ શ્રી શુભવીર મયા કીજે, જિમ સેવક કારજ સીઝે ॥ વાંક ગુનો બખસી દીજે રે ॥ ચેતન ચતુર થઈ ચૂકયો ॥ ૧૦ ॥

॥ કાવ્યં ॥

॥ તિર્થોદકૈઃ૦ ॥ ૧ ॥ સુરનદી૦ ॥ ૨ ॥ જનમનો૦ ॥૩ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ॐ ह्रीँ श्रीँ પરમ૦ ॥ મોહનીયબંધસ્થાનનિવારણાય ॥ જલં ય૦ ॥ સ્વાહા ॥

॥ઇતિ મોહનીયબંધસ્થાનનિવારણાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણ॥

॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

બીજી ચંદન પૂજના, પૂજો ભેળી કપૂર ॥
અડવીસ પયડી માંહેથી, ચારિત્રમોહની દૂર ॥ ૧ ॥

॥ ઢાળ બીજી ॥

(રાગ બિહાગ.–બિલાવર–ઘડિ ઘડિ સાંભળો સાંઇ સલુણા.—એ દેશી.)

ચંદનપૂજા ચતુર રચાવે, મોહ મહીપતિ મેહેલ ખણાવે ॥ ચં૦ ॥ ચારિત્ર મોહની મૂળ જળાવે, જિનગુણ ધ્યાન અનળ સળગાવે ॥ ચં૦ ॥૧॥ ચાર અનંતાનુબંધિ વિષધર, સુર વસુદત્તમુનિરૂપ ધરાવે ॥ ચં૦ ॥ ત્રણ્ય નાગ એક નાગણી મહોટી, પડિબોહણ નાગદત્ત ડસાવે ॥ ચં૦ ॥ ૨ ॥ જાવજીવ ચારનું વિષ રહેવે, સજ્જનને એણીપરેં સમજાવે ॥ ચં૦ ॥ નરક લહે સમકિત ગુણઘાતે, અંતે સમાધિપણું નવિ પાવે ॥ ચં ॥ ૩ ॥ ચાલીસ સાગર કોડાકોડી, બંધ ઉદય સાસ્વાદન ભાવે ॥ ચં૦ ॥ આઠમે ગુણઠાણે વિષસત્તા,

પર્વતરેખા ક્રોધ કહાવે ॥ ચં૦ ॥ ૪ ॥ આઠ ફણાલો માન મ-ણિધર, પથ્થરથંભને કોણ નમાવે ॥ ચં૦ ॥ ઘનવંશી મૂળ માયા નાગણી, લોભ કરમજીરંગ કોણ હઠાવે ॥ ચં૦ ॥ ૫॥ મેં વશ કીધા મુનિ કિરિયાથી, મંત્રમણિ મોહ રે વશ નાવે ॥ ચં૦ ॥ જાંગુલી વાદીને પાણી ભરાવે, નાગદત્ત વસુદત્ત જગાવે ॥ ચં૦ ॥ ૬ ॥ સામાયિક દંડક ઉચ્ચરાવે, એ સમો મત્ર ન કો જગ આવે ॥ ચં૦ ॥ શ્રી શુભવીરના શાસનમાંહે, નાગદત્ત અક્ષયપદ પાવે ॥ ચંદન૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ જિનપતે૦ ॥ ૧ ॥ સહજકર્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ અનંતાનુબંધિદહનાય ॥ ચંદનં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ અનંતાનુબંધિદહનાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણ ॥

॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અપચ્ચખ્ખાણી ચોકડી, ટાળી અનાદિની ભૂલ ॥
પરમાતમ પદ પૂજીયે, કેતકી જાયને ફુલ ॥ ૧ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(રાણીઓ રૂએ રંગ મહેલમાં રે.—એ દેશી.)

ફુલપૂજા જિનરાજની રે, વિરતિને ઘરબાર રે ॥સનેહા॥
તે ગુણલોપક અપચ્ચખ્ખાણીરે, જે ક્રોધાદિક ચારરે॥સનેહા॥

ચાર ચતુર ચિત્ત ચોરટા રે, મોહ મહીપતિ ઘેર રે ॥ સ૦ ॥ ॥ચા૦॥૧॥ ચાલીસ સાગર કોડાકોડી રે, બંધથિતિ અનુસાર રે ॥ સ૦ ॥ ઉદય વિપાક અબાધકકાળે રે, વર્ષ તે ચાર હજાર રે ॥ સ૦ ॥ ચા૦ ॥ ૨ ॥ બંધ ઉદય ચોથે ગુણે રે, નવમે સત્તા ટાળ રે ॥ સ૦ ॥ વર્ષ લગે તે પાપ કરી રે, ન ખમાવે ગુરૂ બાળ રે ॥ સ૦ ॥ ચા૦ ॥ ૩ ॥ તિર્યંચની ગતિ એહથી રે, પુઢવી રેખા ક્રોધ રે ॥ સ૦ ॥ અસ્થિ નમાવ્યું વરષે નમે રે, બાહુબળી નર યોધ રે ॥ સ૦ ॥ ચા૦ ॥ ૪ ॥ માયા મિંઢાસિંગ સરીસી રે, લોભ છે કર્દમરંગ રે ॥ સ૦ ॥ અનીતિપુરે વ્યવહારિયો રે, રણઘંટાને સંગ રે ॥ સ૦ ॥ ચા૦ ॥ ૫ ॥ ચાર ધૂતારા વાણિયારે, પાસેથી વાળ્યું વિત્તરે ॥સ૦॥ રત્નચૂડ પરેં શુભવિરતિશું રે, લાગે ચતુરનું ચિત્તરે ॥સ૦॥ચા૦॥૬॥

॥ કાવ્યં ॥ સુમનસાં૦ ॥ ૧ ॥ સમયસાર૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રી પરમ૦ ॥ અપ્રત્યાખ્યાનિનિવારણાય ॥ પુષ્પાણિ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ અપ્રત્યાખ્યાનિનિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ ॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પ્રત્યાખ્યાની ચોકડી, દહન કરેવા ધૂપ ॥
પૂજક ઉર્ધ્વગતિ લહે, વળી ન પડે ભવકૂપ ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥

(અને હાં રે વાલ્હોજી વાયે છ વાંસળી રે.—એ દશી.)

અને હાં રે ધૂપ ધરો જિન આગળે રે, કૃષ્ણાગરૂ ધૂપ દશાંગ, શ્રેણિ ભલી ગુણઠાણની રે ॥ અને હાં રે ધૂપધાણું રયણે જડયું રે, ઘડયું જાત્યમયી કનકાંગ ॥ શ્રેણિ૦ ॥ અને હાં રે ધૂપ૦ ॥ ૧ ॥ અ૦ ॥ મુનિવરરૂપ ન દાખવે રે, થિતિ બંધ પૂરવની રીત ॥ શ્રેણિ૦ ॥ અ૦ ॥ બંધોદય ગુણઠાણે પાંચમે રે, હવે ક્ષાયક શ્રેણિ વદિત્ત ॥ શ્રેણિ૦ ॥ અ૦ ॥ધૂ૦॥ ॥ ૨ ॥ અ૦ ॥ સોલ સામંતને ભોળવી રે, વચ્ચે ઘેરી હણ્યા લઈ લાગ ॥ શ્રેણિ૦ ॥ અ૦ ॥ નાઠા આઠે સેનાપતિ રે, નવ માને બીજે ભાગ ॥ શ્રેણિ૦ ॥ અ૦ ॥ ધૂ૦ ॥ ૩ ॥ અ૦ ॥ ચઉમાસા લગે એ રહે રે, મરણે નરની ગતિ જાણ ॥ શ્રે૦॥ ॥ અ૦ ॥ રજરેખાસમ ક્રોધ છે રે, કઠથંભ સમાણો માન ॥ શ્રેણિ૦ ॥ અ૦ ॥ ધૂ૦ ॥૪॥ અ૦ ॥ માયા ગોમૂત્ર સારખી રે, છે લોભ તે ખજનરંગ ॥ શ્રેણિ૦ ॥ અ૦ ॥ મુનિવર મોહને નાસવેરે, રહી શ્રી શુભવીરને સગ ॥ શ્રે૦ ॥અ૦॥ધૂ૦॥પ॥

॥ કાવ્યં ॥ અગરમુખ્ય૦ ॥ ૧ ॥ નિજગુણાક્ષય૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ પ્રત્યાખ્યાનિદહનાય ॥ ધૂપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ પ્રત્યાખ્યાનિદહનાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણ ॥૪॥

॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સંજ્વલનની ચોકડી, જબ જાયે તવ ગેહ ॥
ગ્નાનદીવો પરગટ હુવે, દીપકપૂજા તેહ ॥ ૧ ॥

॥ ઢાળ પાંચમી ॥

(ચંદ્રપ્રભ જિન ચંદ્રમા રે.—એ દેશી.)

જગદીપકની આગળે રે, દીપકનો ઉદ્યોત ॥ સંજ્વલનો જ્વલતે થકે રે, ભાવ દીપકની જ્યોત ॥ હો જિનજી ॥ ૧ ॥ તેજે તરણીથી વડો રે, દોય શિખાનો દીવડો રે, ઝળકે કેવળ જ્યોત ॥ એ આંકણી ॥ બંધ સ્થિતિ પૂરવપરે રે, સંજ્વલનો તિગ જાણ ॥ બંધ ઉદય સત્તા રહે રે, અનિયટ્ટિ ગુણઠાણ ॥ હો જિનજી ॥ તે૦ ॥૨॥ લોભ દશા અતિ આકરી રે, નવમે બંધ પળાય ॥ ઉદયને સત્તા જાણિયે રે, જે સૂક્ષ્મ સંપરાય ॥ હો જિનજી ॥ તે૦ ॥૩॥ સાહિબ શ્રેણિ સંચર્યો રે, લોભનો ખંડ પ્રચંડ ॥ ગુણઠાણાં સરિખો કરી રે, એર૦યો ખ ડોખંડ ॥ હો જિનજી ॥ તે૦ ॥૪॥ પક્ષલગે ગતિ દેવની રે, જળરેખા સમ ક્રોધ ॥ નેત્રલતા સમ માનથી રે, ચરમ ચરણનો રોધ ॥ હો જિનજી ॥ તે૦ ॥૫॥ માયા અવલેહી સમી રે, લોભ હરિદ્રારંગ ॥ ક્ષાયકભાવે કેવળી રે, શ્રી શુભવીર પ્રસંગ ॥ હો જિનજી ॥ તેજે૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ ભવતિ દીપ૦ ॥ ૧ ॥ શુચિમનાત્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ સંજ્વલનજ્વલનાય ॥ દીપં ચ૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ સંજ્વલનજ્વલનાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણ ॥૫॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નવ નોકષાય તે ચરણમાં, તે રાગ દ્વેષ પરિણામ ॥
કારણ જેહ કષાયનાં, તિણ નોકષાય તે નામ ॥ ૧ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(સહસાવન જઈ વસિયે ચાલોને સખિ !—એ દેશી.)

વીર કને જઈ વસિયે, ચાલોને સખિ ! વીર કને જઈ વસિયે ॥ અક્ષતપૂજા જિનની કરતાં, અક્ષય મંદિર વસિયે ॥ હાસ્યાદિક ષટ્ ખટપટકારી, તાસ વદન નવિ પસિયે ॥ચા૦॥ ॥ ૧ ॥ હાસ્યરતિ દશ કોડાકોડી, સાગર બંધન કસિયે ॥ અરતિને, ભય, શોક, દુગંચ્છા, વિશ કોડાકોડી ખસિયે ॥ચા૦॥ ॥૨॥ ભય, રતિ, હાસ્ય, દુગંછા અપૂરવ, શેષ પ્રમત્ત બંધ ધસિયે ॥ ઉદય અપૂરવ સત્તા નવમે, પંચમ ભાગે નસિયે ॥ ચા૦ ॥ ૩ ॥ કાજવ ઉદ્ધરતાં મુનિ દેખે, સોહમપતિ મોહ વસિયે ॥ મોહે નડિયા નાણથી પડિયા, કાઉસ્સગ્ગમાં મુનિ હસિયે ॥ ચા૦ ॥ ૪ ॥ મોહની હાસ્ય વિનોદે વસતાં, જેમ નેમ મુખથી ભસિયે ॥ કોઈ દિન રતિ કોઈ દિન અરતિમાં,

શોકમતિ લેઈ ધસિયે ॥ ચા૦ ॥ ૫ ॥ સંસારે સુખ લેશ ન દીઠું, ભયમોહની ચિહું દિશિયે ॥ ચરણ દુગંછાફળ ચંડાળે, જન્મ મેતારજ ઋષિયે ॥ ચા૦ ॥ ૬ ॥ મોહમહીપતિ મહા તોફાને, મુંઝાણા અહનિશિયે ॥ શ્રી શુભવીર હજૂરે રહેતાં, આનંદલહેર વિલસિયે ॥ ચા૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ ક્ષિતિતલે૦ ॥ ૧ ॥ સહજભાવ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

ૐ હ્રીઁ શ્રીઁ ॥ પરમ૦ ॥ હાસ્યષટ્કનિવારણાય ॥ અક્ષતં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ હાસ્યષટ્કનિવારણાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણ ॥ ૬ ॥

॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

આહારે વેદ ઉદય વધે, જેહથી બહુ જંજાળ ॥
નિર્વેદી આગળ ઠવો, ભરી નૈવેદ્યનો થાળ ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥

(રાગ મારૂ.—પરજિયાની ચાલ)

(અમે જાણી તુમારી વાત રે.—એ દેશી.)

મળીને વિછડશો નહીં કોય રે, મન માન્યા મોહનને ॥ મળી૦ ॥ એ આંકણી ॥ વેદે વાહ્યો જીવ, વિષયી થયો ॥ ભવમાંહે ઘણું ભટકાય રે ॥ મન૦ ॥ મોહનીઘર વસ્યો, મોહની ખોળતો ॥ મળે મોહન ન ઓળખાય રે ॥ મન૦ ॥ ॥ ૧ ॥ જે ગુણશ્રેણે ચડ્યા, વેદ ઉદયે પડ્યા ॥ આષાઢાભૂતિ

મુનિરાયરે ॥મ૦॥ એમ અનેક તે ચૂકયા, તપબળ વને મૂકયા ॥ શકયા નહીં વેદ છુપાય રે ॥ મ૦ ॥ ૨ ॥ મહાનિશીથે કહ્યા, ભવ બહુલ લહ્યા ॥ વેદઉદયરૂપી રાય રે ॥ મ૦ ॥ વેદવિલુદ્ધા પ્રાણી, કરે સંપદહાણી ॥ રાવણ નમે સીતાના પાયરે ॥મ૦॥ ॥૩॥ દેવ અચ્યુતનિવાસી, પૂરવપ્રિયા પાસી ॥ મણુઅ નારી-શું લપટાય રે ॥મ૦॥ પન્નવણાયે કહ્યા, વેદવિવશ રહ્યા ॥ ઘર છંડી વિદેશે જાય રે ॥ મ૦ ॥ ૪ ॥ ગળે ફાંસો ધરે, ઝંપાપાત કરે ॥ માત પિતાશું ન લજાય રે ॥મ૦॥ વેદ ત્રિહું ઉદયાણે, નવમે ગુણઠાણે ॥ મિથ્યાતે નપું બંધાય રે ॥ મ૦॥૫॥ નવમ દૂજા સુધી, પુરૂષ પ્રિયા બંધી ॥ હવે સત્તાથી છેદાયરે ॥મ૦॥ નર નપુંસક નારી, નવમેથી હારી ॥ ષટ્ ત્રણ્ય ચોથાને ભાય રે ॥ મ૦ ॥ ૬ ॥ નરીથ્થી નપું જોડી, સાગર કોડાકોડી ॥ દશ પન્નર વિશ કહાયરે ॥મ૦॥ વેદે નડચો જડચો, સંસારી ઘડચો ॥ નિર્વેદી ચડચો નહીં છાય રે ॥ મ૦ ॥૭॥ અબ તું સ્વામિ મળ્યો, નરભવજ ફળ્યો ॥ નૈવેદ્યપૂજા ફળદાય રે ॥ મ૦ ॥ શ્રી શુભવીર હજૂરે, રહો આનંદ પૂરે ॥ ભવવેદન વિસરી જાય રે ॥ મન૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ અનશનં૦ ॥ ૧ ॥ કુમતબોધ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥ ઓઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ વેદત્રિકસૂદનાય ॥ નૈવેદ્યં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ વેદત્રિકસૂદનાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણ ॥ ૭ ॥

॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

મોહ મહાભટ કેશરી, નામે તે મિથ્યાત ॥
ફળપૂજા પ્રભુની કરી, કરશું તેહનો ઘાત ॥ ૧ ॥

॥ ઢાળ આઠમી ॥

(રાગ વસંત —ધુમાર.— અહો મેરે લલના —એ દેશી.)

મોહ મહીપતિ મહેલમેં બેઠે, દેખે આયો વસંત ॥ લલના ॥ વીરજિણંદ રહે વનવાસે, મોહસેં ન્યારો ભગવંત ॥ ચતુરાંકે ચિત્ત ચંદ્રમા હો ॥ ૧ ॥ મંજરી પિંજરી કોયલ ટહુકે, ફુલી ફળી વનરાય ॥ લલના ॥ ધર્મરાજ જિનરાજજી ખેલે, હોરી ગોરી અજ્જવીકાય ॥ ચ૦ ॥ ૨ ॥ સંતોષ મંત્રી વડો મુખ આગે, સમકિત મંડળી ભૂપ ॥ લલના ॥ સામત પંચમહાવ્રત છાજે, ગાજે માર્દ્દવ ગજરૂપ ॥ ચ૦ ॥ ૩ ॥ ચરણ કરણ ગુણ પ્યાદલ ચાલે, સેનાની શ્રુતબોધ ॥ લલના ॥ શીલાંગરથ શિર સાંઈ સુહાવે, અધ્યવસાય જસ યોધ ॥ચ૦॥ ॥ ૪॥ મોહરાય પણ ઇણે સમે આયો, માયા પ્રિયા સુત કામ ॥ લલના ॥ મંત્રી લોભ ભટ દુર્દ્ધર ક્રોધા, હાસ્યાદિ ષટ્રથ નામ ॥ ચ૦ ॥ ૫ ॥ મિથ્યાતમંડળી રાય અટારો, બંધઉદય નિજઠાણ ॥ લલના ॥ સમકિત મિશ્ર મોહની લઘુ ભાઈ, ઉદયે સત્તમ સમ્મ જાણ ॥ ચ૦ ॥ ૬ ॥ સિત્તેર સાગર કોડાકોડી, મિથ્યાત્વનો સ્થિતિબંધ ॥ લલના ॥ સત્તા ત્રણ્યની

અડગુણઠાણે, માનહરતીયે ચાહે ધંધ ॥ ચ૦ ॥ ૭ ॥ તસ રક્ષક મન જિન્ પલટાયો, મોહ તે ભાગો જાય ॥ લલના ॥ ધ્યાન કેશરિયા કેવળ વરિયા, વસંત અનંત ગુણ ગાય ॥ ચ૦ ॥ ૮ ॥ તે શુભવીર જિણંદે દાખ્યો, કર્મસૂદન તપ એહ ॥ લલના ॥ તપફળ ફળપૂજા કરી યાચો, સાચો સાંઇશું કરો નેહ ॥ ચ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ શિવતરોઃ ॥ ૧ ॥ શમરસૈઃ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ઑ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ દર્શનમોહનીય નિવારણાય ॥ ફલાનિ ય૦ ॥ સ્વાહા ॥

॥ અથ કલશ ॥ ગાયો ગાયો રે મહાવીર૦ ॥

॥ ઇતિ દર્શનમોહનીયનિવારણાર્થં અષ્ટમ ફલપૂજા સંપૂર્ણ ॥૮॥

॥ ઇતિ ચતુર્થ દિવસેઽધ્યાપનીય મોહનીયકર્મસૂદનાર્થં ચતુર્થ પૂજાષ્ટકં સંપૂર્ણ ॥

॥ अथ पंचम दिवसेऽध्यापनीय आयुष्यकर्म-सूदनार्थं पंचम पूजाष्टक प्रारंभः ॥

(આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ.)

(૧ સાકરનું પાણી, ૨ કેશર, ૩ જાય અને ચંબેલીનાં ફુલ, ૪ કુંદરૂ દશાંગ ધૂપ, ૫ ચાર દીવેટનો દીપક, ૬ અખંડ ચોખા, ૭ નૈવેદ્ય, ૮ ફળ.)

॥ अथ प्रथम जलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પંચમ કર્મતણી કહું, પૂજા અષ્ટ પ્રકાર ॥ મોહરાય દરબારમાં, જીવિત કારાગાર ॥ ૧ ॥ ચાર અઘાતી આઉખાં, બંધોદય સુવિચાર ॥ સત્તાયે પણ જોડિયે, અધ્રુવપદ નિરધાર ॥ ૨ ॥ ચાર ગતિમાં જીવડો, આયુકર્મને યોગ ॥ બંધ ઉદયથી અનુભવે, સુખ દુઃખ કેરા ભોગ ॥ ૩ ॥ ચરમશરીરી વિણ જિકે, જીવ ઇણે સંસાર ॥ સમય સમય બાંધે સહી, કર્મ તે સાત પ્રકાર ॥ ૪ ॥ અંતરમુહૂર્ત્તે આઉખું, ભવમાં એકજવાર ॥ બાંધી અબાધા અનુભવી, સંચરિયા ગતિ ચાર ॥ ૫ ॥ એમ પુદ્ગલપરાવર્ત્તના, કરી સંસાર અનંત ॥ નિર્ભયદાયક નાથજી, મળિયો તું ભગવંત ॥ ૬ ॥ જળપૂજા યુગતે કરી, ધરી પ્રભુચરણે શીશ ॥ ચાર પયડીમાં સુરગતિ, દાયકઠાણ કહીશ ॥ ૭ ॥

॥ ઢાળ પહેલી ॥

(શીતલજિન સહજાનંદી.—એ દેશી.)

તીર્થોદક કલશા ભરિયે, અભિષેક પ્રભુને કરિયે ॥ પ્રાતિહારજ શોભા ધરિયે, લઘુ ગુરૂ આશાતના હરિયે ॥ સલૂણા સંત એ રીતે કીજે, દેવઆયુ લહે ભવ બીજે ॥ સ૦ ॥ ॥૧॥ પરમાતમ પૂજા રચાવે, સમતારસ ધ્યાન ધરાવે ॥ શોક સંતાપ અલ્પ કરાવે, સાધુ સાધવીને વોહરાવે ॥ સ૦ ॥ ૨ ॥

ગુણી રાગ ધરે વ્રત પાળે, સમકિત ગુણને અજુવાળે ॥ જ-યણા અનુકંપા ઢાળે, કરે ગુરૂવંદન ત્રણ્ય કાળે ॥ સ૦ ॥૩॥ પંચાગ્નિતાપ સહંતા, બ્રહ્મચારી વનમાં વસંતા ॥ કષ્ટે કરી દેહ દમંતા, બાળ તપસી નામ ધરંતા ॥ સ૦ ॥ ૪ ॥ બંધ કરતો સાતમે જાણો, ઉદયે ચોથો ગુણઠાણો ॥ ઓઘે સુર-આયુ પ્રમાણો, સત્તાઉપશમ ગુણઠાણો ॥ સ૦ ॥ ૫ ॥ લોક લોકોત્તર ગુણધારી, અંતે પરિણામ સમારી ॥ દેવલોકમાંહે અવતારી, શુભવીર વચન બલિહારી ॥ સ૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥

॥ તિર્થોદકૈઃ૦ ॥ ૧ ॥ સુરનદી૦ ॥ ૨ ॥ જનમનો૦ ॥૩ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ દેવાયુર્બંધસ્થાનનિવારણાય ॥ જલં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ દેવાયુર્બંધસ્થાનનિવારણાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણ ॥

॥ अथ द्वितीय चंदनपूजा प्रारंज ॥

॥ દોહા ॥

પર્યાપ્તિ પૂરી કરી, સમકિતદૃષ્ટિ દેવ ॥
ન્હવણ વિલેપન કેસરે, પૂજે જિન તત્ખેવ ॥ ૧ ॥

॥ ઢાળ બીજી ॥

(કોશ્યા વેશ્યા કહે રાગીજી, મનોહર મનગમતા—એ દેશી.)

દુનિયામાં દેવ ન દૂજાજી, જિનવર જયકારી ॥ કરૂં અં-ગવિલેપન પૂજાજી ॥ જિ૦ ॥ તેમ સમ્કિતી સુર પૂજેજી

॥ જિ૦ ॥ મિથ્યાત્વી પણ કેઈ બૂઝેજી ॥ જિ૦ ॥ ૧ ॥ તિહાં પહેલી ભવણનિકાયજી ॥ જિ૦ ॥ એક સાગર અધિકું આયજી ॥ જિ૦ ॥ ઉત્તરથી દક્ષિણ હીણાજી ॥ જિ૦ ॥ નવમાં દો પલિય તે ઉણાજી ॥ જિ૦ ॥ ૨ ॥ વ્યંતર એક પલિયનું આયજી ॥ જિ૦ ॥ સુણ સાહિબ ત્રીજી નિકાયજી ॥ જિ૦ ॥ સહસ લક્ષ વરસ અધિકેરેજી ॥ જિ૦ ॥ રવિ ચંદ્ર પલ્યોપમ પૂરેજી ॥ જિ૦ ॥ ૩ ॥ ગહ રિખ તારક જોડાયજી ॥ જિ૦ ॥ પલ્ય અર્ધને ચોથે પાયજી ॥ જિ૦ ॥ સૌધર્મે સાગર દોયજી ॥ જિ૦ ॥ બીજે અધિકેરાં હોયજી ॥ જિ૦ ॥ ૪ ॥ દોય કલ્પે સગહિય જાણોજી ॥ જિ૦॥ એ પરમાયુ પરિમાણોજી ॥જિ૦॥ દશ ચઉદશ સત્તર દીજેજી ॥ જિ૦ ॥ મહાશુક્ર લગે તે લીજેજી ॥ જિ૦ ॥૫॥ હવે ફીજે અધિક એક એકેજી ॥ જિ૦॥ એકત્રીશ નવમે ગ્રૈવેકેજી ॥ જિ૦ ॥ તેત્રીશ તે પંચ વિમાનેજી ॥ જિ૦ ॥ સમકિતદૃષ્ટિ તિહાં માનેજી ॥ જિ૦॥૬॥ શિવ સાધન બાધક ટાણેજી ॥ જિ૦ ॥ સુરસુખ તે દુઃખ કરી જાણેજી ॥ જિ૦ ॥ કલ્યાણક રંગે ભીનાજી ॥ જિ૦ ॥ શુભવીર વચન રસ લીનાજી ॥ જિ૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ જિનપતે૦ ॥ ૧ ॥ સહજકર્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ સુરાયુર્નિગડભંજનાય ॥ ચંદનં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ સુરાયુર્નિગડભંજનાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણ ॥

॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ત્રીજી કુસુમની પૂજના, પૂજે નિત્ય જિનરાય ॥
પંડિતસંગ કરે સદા, શાસ્ત્ર ભણે ધરે ન્યાય ॥ ૧ ॥
ન્યાયે ઉપાર્જન કરે, જયણાયુત મુનિદાન ॥
ભદ્રકભાવે નવિ કરે, આરંભ નિંદા ઠાણ ॥ ૨ ॥
પરઉપકારાદિ ગુણે, બાંધે મણુઅનું આય ॥
તુજ શાસન રસિયા થઈ, શિવમારગ કેઈ જાય ॥ ૩ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(આસણરા યોગી —એ દેશી.)

કુસુમની પૂજા કર્મ નસાવે, નાગકેતુપરે ભાવે રે ॥ સુણજો જગસ્વામિ ॥ આયુનિકાચિત છે પણ તહવી, કર્મનું જોર હઠાવે રે ॥ સુ૦ ॥ ૧ ॥ શ્રેણિક સરિખા તુજ ગુણરાગી, કર્મની બેડી ન ભાંગી રે ॥ સુ૦ ॥ સુકુમાલિકા ઉપનય ઇહાં ભાવો, સાર્થવાહ ઘર લાગી રે ॥ સુ૦ ॥ ૨ ॥ ત્યાશી લાખ પૂરવ ઘરવાસે, જિનવર વિરતી ન આવે રે ॥ સુ૦ ॥ બંધ તુરિય સત્તા ઉદયેથી, કેવળી અંતે ખપાવે રે ॥ સુ૦ ॥ ૩ ॥ ત્રણ્ય પલ્યોપમ યુગલિક આયુ, કલ્પતરૂ ફળ લીના રે ॥ સુ૦ ॥ સંખાયુ નર શિવ અધિકારી, જાય તે ભવ વ્રતહીના રે ॥ સુ૦ ॥ ॥ ૪ ॥ પૂરવકોડી ચરણ ફળ હારે, મુનિ અધિકેરે આય રે ॥ સુ૦ ॥ શ્રી શુભવીર અચલસુખ પાવે, ચરમ ચોમાસું

જાય રે ॥ સુણજો જગ સ્વામિ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ સુમનસાં૦ ॥ ૧ ॥ સમયસાર૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ નરાયુર્નિવારણાય ॥ પુષ્પાણિ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ નરાયુર્નિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ ॥ ૩ ॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કર્મ સમિધ દાહન ભણી, ધૂપઘટા નિજ ગેહ ॥
કનક હુતાશન યોગથી, જાત્યમયી નિજ દેહ ॥ ૧ ॥
જિનગુણ રંગ સુગંગમે, ઢલકત ઝલકત હંસ ॥
આયુ કલંક ઉતારતાં, શોભે નિર્મળ વંશ ॥ ૨ ॥
નિર્મળ વંશ નિહાળીને, કુળવંતી ઘરનાર ॥
પરઘર રમતો દેખીને, સમજાવે ભરતાર ॥ ૩ ॥

॥ ઢાળ ચોથી ॥

(રાગ યોગ્ય આશાવરી.—ઉડ ભમરા કંકણીપર બેઠા, નયણીંસં લલકારૂંગી. ઉડ જારે ભમરા તુજ મારૂંગી —એ દેશી.)

જિનગુણ ધૂપઘટા વાસંતી, કુળવંતી પર દારૂંગી ॥ મત જા રે પિયા તુજ વારૂંગી ॥ બાલખેલમેં નવિ બતલાયો, અબ નયને લલકારૂંગી ॥ મત૦ ॥ ૧ ॥ માત પિતા સયણા લજવાને, લાજત દશ દોષ ડારૂંગી ॥ મત૦ ॥ એ તુજ ખ્યા-

લ બૂરો દુનિયામેં, કયા મેં મુખ દૈખાઊંગી ॥ મત૦ ॥ ૨ ॥ રયણીઘોરમેં ચોર ફિરત હે, પિયુ હરરોજ પોકારૂંગી ॥મ૦॥ ઈતને દિન ઓજલમેં રહેતી, સહેતી દુનિયાં ગારૂંગી ॥મ૦॥ ॥ ૩ ॥ તીનલોક સાહિબકી આના, મેં તેરે શિર ધારૂંગી ॥ મ૦ ॥ દીપકી જ્યોતસેં મંદિર રહેનાં, પરઘર ચાર વિસારૂંગી ॥ મ૦ ॥ ૪ ॥ ચાર સજ્જાયે ફુલ બિછાઉં, છતિયાંસે મિલગારૂંગી ॥ મત૦ ॥ રંગમહેલમેં સહેલ કરંતાં, ગોદમેં પુત્ત રમાઊંગી ॥ મ૦ ॥ ૫ ॥ ગંગાનીરસેં અંગ પખારૂં, નાથ સગાંસેં તારૂંગી ॥ મ૦॥ નવલ વધૂસેં પુત્તસગાઈ, મંગળતૂર બજારૂંગી ॥ મ૦ ॥ ૬ ॥ નાથસેં હોતી પુત્તપનોતી, સખિયાં ગીત ઉચ્ચારૂંગી ॥ મ૦ ॥ શ્રી શુભવીર ચતુર ચોરીમેં, શિરપર લૂણ ઉતારૂંગી ॥ મત૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ અગરમુખ્ય૦ ॥ ૧ ॥ નિજગુણાક્ષય૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ નરાયુર્વિગમાદંતરંગકુટુંબપ્રાપ્તયે ॥ ધૂપં ય૦ ॥ સ્વાહા ॥

ઇતિ નરાયુર્વિગમાદંતરંગકુટુંબપ્રાપ્ત્યર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણ॥

॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

મનમંદિર દીપક જિસ્યો, દિપે જાસ વિવેક ॥
નર તિરિઆયુ નહિ કહ્યા, થાનકબંધ અનેક ॥ ૧ ॥

॥ ઢાળ પાંચમી ॥

(ચોરી વ્યસન નિવારિયે—એ દેશી.)

દીપકપૂજા જિનતણી, નિત કરતાં હો અવિવેક તે જાય કે ॥ અવિવેકે કરી આતમા, બંધ પાડે હો તિરિયંચનું આય કે ॥ અજ્ઞાની પશુ આતમા ॥૧॥ એ આંકણી ॥ શીળરહિત પરવંચકા, ઉપદેશે હો પોષે મિથ્યાત કે ॥ વણિજ કરે કૂડ તોલશું, મુખ ભાંખે હો કુકર્મની વાત કે ॥ અ૦ ॥૨॥ વસ્તુ ઉત્તમ હીણ જાતિશું, ભેળવીને હો વેચે નાદાન કે ॥ માયા કપટ કૂડ શાખિયો, કરે ચોરી હો નિત્ય આરતધ્યાન કે ॥ અ૦ ॥ ૩ ॥ થઈ ઘીરોલી સાધવી, શેઠ સુંદર હો નંદન મણિયાર કે ॥ અવિવેકે પરભવ લહે, ગોહજાતિ હો દેડક અવતાર કે ॥ અ૦ ॥ ૪ ॥ કૂડ કલંક ચઢાવતાં, નીલકાપોત હો લેશ્યા પરિણામ કે ॥ શ્રી શુભવીરના નિંદકી, તિરિઆયુ હો બાંધે એણે ઠામ કે ॥ અ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ ભવતિ દીપ૦ ॥ ૧ ॥ શુચિમનાત્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ તિર્યગાયુર્બંધસ્થાનનિવારણાય ॥ દીપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ તિર્યગાયુર્બંધસ્થાનનિવારણાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણ ॥ ૫ ॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અક્ષતપૂજા પૂજીયે, અક્ષયપદ દાતાર ॥
પશુઆં રૂપ નિવારીને, નિજરૂપે કરનાર ॥ ૧ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(મનમોહન મેરે.—એ દેશી.)

તુમ અમ મળે એકઠા, મનમોહન મેરે ॥ મળિયા વાર અનંત ॥ મ૦ ॥ શીઘ્રપણે કેમ સાહિબા ॥મ૦॥ આપ હુઆ ભગવંત ॥ મ૦ ॥ ૧ ॥ આળસુ મંદ પરાધીને ॥ મ૦ ॥ અંતર પડીયો જાય ॥ મ૦ ॥ એકલડા મેં આચર્યાં ॥ મ૦ ॥ તિરિય ગતિનાં આય ॥ મ૦ ॥૨॥ એકેંદ્રિમાંહે રહ્યો ॥ મ૦ ॥ બાવીશ વરસ હજાર ॥મ૦॥ ક્ષુલ્લકભવ સત્તર કર્યા ॥ મ૦॥ શ્વાસોશ્વાસ મોઝાર ॥ મ૦ ॥ ૩ ॥ બેઇંદ્રિય ગુરૂ આયુથી ॥ મ૦ ॥ જીવે વરસ તે બાર ॥મ૦॥ ઓગણપંચાસ વાસરા ॥ મ૦ ॥ ત્રેઇંદ્રિય અવતાર ॥ મ૦ ॥૪॥ છમાસી ચઉરિંદ્રિયે ॥ મ૦ ॥ પલ્ય પણિંદી તીન ॥ મ૦ ॥ બંધ કહ્યો સાસ્વાદને ॥ મ૦ ॥ ઉદયે પંચ મલિન ॥ મ૦ ॥ ૫ ॥ સત્તા ખસી ગઈ સાતમે ॥ મ૦ ॥ પૂજ્ય હુઆ શુભવીર ॥ મ૦ ॥ હું પણ મળિયો અવસરે ॥ મ૦ ॥ પૂજું અક્ષત થઈ થીર ॥ મ૦ ॥૬॥

॥ કાવ્યં ॥ ક્ષિતિતલે૦ ॥ ૧ ॥ સહજભાવ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ તિર્યંગાયુર્નિવારણાય ॥ અક્ષતાન્ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ તિર્યંગાયુર્નિવારણાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણ ॥ ૬ ॥

॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહગઇય અણંત ॥
નૈવેધપૂજા ફળ દિયો, અણાહારી પદ સંત ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥

(માતા યશોદાજી હુલરાવ્યો, ભાવ્યો મનગોપાલ, બાળપણું વાહ્યો.—એ દેશી.)

આહાર કરંતાં અહનિશ માચ્યો, નાચ્યો ઇણે સંસાર ॥સાંભળ વિશરામી ॥ નૈવેધ થાળ ઠવી જિન આગે, માગું પદ અણાહાર ॥સાં૦॥ દેતાં નહીં તુજ વાર ॥સાં૦॥ તુજ સરિખો દાતાર ॥સાં૦॥ નહીં કોઇ આ સંસાર ॥ સાં૦ ॥ ત્રિશલામાત મલ્હાર ॥ સાં૦ ॥ મુજ અવગુણ ન વિચાર ॥ સાં૦॥૧॥ મદ મચ્છર લોભી અતિ વિષયી, જીવતણો હણનાર ॥સાં૦॥ મહારંભી મિથ્યાત ને રૌદ્રી, ચોરીનો કરનાર ॥ સાં૦ ॥ ઘાતક જિન અણગાર ॥ સાં૦ ॥ વ્રતનો ભંજનહાર ॥ સાં૦॥ મદિરા માંસ આહાર ॥ સાં૦ ॥ ભોજન નિશિ અંધાર ॥ સાં૦॥ ગુણી નિંદાનો ઢાલ ॥ સાં૦ ॥ લેશ્યા ધુર અધિકાર ॥સાં૦॥

નારકીમાં અવતાર ॥ સાં૦ ॥ ઇણે લક્ષણ નિરધાર ॥સાં૦॥ અવગુણનો નહીં પાર ॥ સાં૦ ॥ પણ આવ્યો તુજ દરબાર ॥ સાં૦ ॥ નિજરૂપ દિયો એક વાર ॥ સાં૦ ॥ જેમ વિદ્યાધર ઉપગાર ॥સાં૦॥ સંજીવની બૂટી ચાર ॥ સાં૦ ॥ સાજો કીધો ભરતાર ॥ સાં૦ ॥ શુભવીર વડો આધાર ॥ સાં૦ ॥ ૨ ॥

॥ કાવ્યં ॥ અનશનં૦ ॥ ૧ ॥ કુમતબોધં૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ નરકાયુર્બંધસ્થાનનિવારણાય ॥ નૈવેદ્યં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ નરકાયુર્બંધસ્થાનનિવારણાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણ॥

॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

બંધની બેડી ભંજવા, જિનગુણ ધ્યાન કુઠાર ॥
ફળપૂજાથી તે હુવે, ફળથી ફળ નિર્ધાર ॥ ૧ ॥

॥ ઢાળ આઠમી ॥

(પરિગ્રહ મમતા પરિહરો.- એ દેશી.)

ફળપૂજા વિતરાગની, કરતાં દુઃખ પળાય ॥ સલૂણે ॥ અરિહાપૂજ અરોચકા, જીવ તે નરકે જાય ॥ સલૂણે ॥ ૧ ॥ બંધ સમય ચિત્ત ચેતિયે, શ્યો ઉદયે સંતાપ ॥ સ૦ ॥ શોક વધે સંતાપથી, શોક નરકની છાપ ॥ સ૦ ॥ બંધ૦ ॥ ૨ ॥ ઇગ તિગ સગ દશ સત્તરૂ, બાવીશ ને ત્રેવીશ ॥ સ૦ ॥ સા-

ગર સાતે નરકમાં, નારકી પાડે ચીશ ॥ સ૦ ॥ બંધ૦ ॥ ૩॥
દશ વિધ દાહક વેદના, વૈતરણીનાં દુઃખ ॥ સ૦ ॥ પરમા-
ધામી વશ પડ્યા, ઘડીય ન પામે સુખ ॥ સ૦ ॥ બંધ૦ ॥૪॥
જાતિસમરણે જાણતા, અનુભવિયા અવદાત ॥ સ૦ ॥ તો-
પણ રાવણ જૂઝતો, લક્ષ્મણશું કરી ઘાત ॥ સ૦ ॥બંધ૦ ॥
॥ ૫ ॥ પરમાધામી દેખીને, નાખે અગ્નિમઝાર ॥ સ૦ ॥ ચો-
થી નરકે બૂઝવ્યા, સીતેંદ્રે તેણી વાર ॥ સ૦ ॥ બંધ૦ ॥૬॥
રાય વસુ નરકે પડ્યા, સુભૂમ સરિખા વીર ॥ સ૦ ॥ સાંભ-
ળી હઈડાં કમકમે, ધ્રુજ વછૂટે શરીર ॥ સ૦ ॥ બંધ૦ ॥ ૭॥
આદિ તુરિય બંધ ઉદયથી, સત્તા સાતમે ટાળ ॥ સ૦ ॥ કર્મ-
સૂદન તપફળ દીયો, શ્રી શુભવીર દયાળ ॥ સ૦ ॥બંધ૦॥૮॥

॥ કાવ્યં ॥ શિવતરો૦ ॥ ૧ ॥ શમરસૈ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ નરકાયુર્નિગડવિફલત્વાય ॥
ફલાનિ ॥ ય૦ સ્વાહા ॥

॥ અથ કળશ ॥ ગાયો ગાયો રે મહાવીર૦ ॥

॥ ઇતિ નરકાયુર્નિગડવિફલત્વાર્થે અષ્ટમ ફળપૂજા સંપૂર્ણ ॥૮॥

॥ ઇતિ પંચમ દિવસેઽધ્યાપનીય આયુઃકર્મસૂદનાર્થે
પંચમ પૂજાષ્ટકં સંપૂર્ણ ॥

॥ अथ षष्ठ दिवसेऽध्यापनीय नामकर्मसूदनार्थं षष्ठ पूजाष्टक प्रारंभः ॥

(આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ.)

(૧ દુધ, અભિષેક, ૨ સુવર્ણ સાથે ઘસેલું કેસર, ૩ પંચવર્ણ ફુલે જાળી ભરિયે, ૪ પંચાંગ ધૂપ, ૫ બે દીવેટનો દીપક, એવા એકશોને ત્રણ દીપક કરી વંશમાલે ધરીયે, ૬ અક્ષત પંચ વર્ણા ચોખા, ૭ નૈવેદ્ય, ૮ ફળ.)

॥ प्रथम जळपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પ્રણમું શ્રી શંખેશ્વરો, સાહિબ સુગુણ પવિત્ત ॥ મુજ ગુરૂ ઉપકારે કરી, ક્ષણ ક્ષણ આવે ચિત્ત ॥ ૧ ॥ નામકરમ હવે દાખવું, ચિત્રક સરિખું જેહ ॥ નટ જેમ બહુરૂપી કરે, તેમ શુભ અશુભે તેહ ॥ ૨ ॥ ઉંચ નીચ દેહાકૃતિ, ખંપણ દેહે હોય ॥ કૃષ્ણ નીલ જાડો ઘણું, અશુભ નામ તે જોય ॥ ૩ ॥ રૂપે હરિબળ સારિખા, તે શુભનામ વખાણ ॥ મધ્ય તનુ પીત ઉજ્જળો, સુંદર રાતો વાન ॥ ૪ ॥ જૈનધર્મ રાતો રહે, ગાય ગુણી ગુણગ્રામ ॥ તેણે શુભ નામ તે સંપજે, ઈત્વર અશુભ ને નામ ॥ ૫ ॥ નામકર્મ દૂરે કરી, પામ્યા ભવનો પાર ॥ સિદ્ધ અરૂપી પદ ભણી, પૂજા અષ્ટપ્રકાર ॥ ૬ ॥

॥ ઢાળ પહેલી ॥

(સુતારીનાપબેટા તુને વિનવું રે લો.—એ દેશી.)

પિંડપયડી ચૌદ પખાળવા રે લો, અભિષેક કરૂં અરિ-

હંત જો ॥ જસ જ્ઞાનદિશા રળિયામણી રે લો, કરે જ્ઞાની ક-
રમનો અંત જો ॥ જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લો ॥ ૧ ॥ નર,
દેવ, નિરય, તિરિયા, ગઈ રે લો, ઇગ, વિગલ, પણિંદિ જાતિ
જો ॥ તરૂ, કીડો, કીડી, માખી, થયો રે લો, શું વખાણું આ-
પણી બુનિયાત જો ॥ જ્ઞા૦ ॥ ૨ ॥ તનુ ઉરલ વિઉ૦વાહારગા
રે લો, તેજ કર્મ અનાદિનાં સાથ જો ॥ ત્રણ્ય આદિ ઉપાંગને
ટાળવા રે લો, તુજ સરિખો ન મળિયો નાથ જો ॥ જ્ઞા૦ ॥
॥ ૩ ॥ ઇણે નામે બંધન સંઘાતનાં રે લો, પણ બંધન ગ્રાહક
પાંચ જો ॥ ષટ્ સંઘયણ આદિ કેવલી રે લો, જો વજ્રઋષભ-
નારાચ જો ॥ જ્ઞા૦ ॥ ૪ ॥ સંસારે ઋષભનારાચ છે રે લો,
નારાચ અરધનારાચ જો ॥ કિલિ, છેવટ્ઠુ, પંચમ કાલમાં રે
લો. ગયાં રત્ન રહ્યાં તનુ કાચ જો ॥ જ્ઞા૦ ॥ ૫ ॥ સમચઉરસ
નિગોહ સાદિયે રે લો, કુબડું વામણ સંઠાણ જો ॥ હુંડવાળા-
નું એકે ન પાંસરૂં રે લો, હવે વર્ણાદિ વિશ પ્રમાણ જો
॥ જ્ઞા૦ ॥ ૬ ॥ ગંધ વર્ણ ફરસ રસ પુગ્ગલા રે લો, વીશ
સોલ બોલે ગ્રહવાય જો ॥ જીવ યોગ્ય ગ્રહણ અડ વર્ગણા રે
લો. રાગ દોષને રસ ઘોલાય જો ॥ જ્ઞા૦ ॥ ૭ ॥ અનુપૂર્વિ
કહી ગતિ ચારની રે લો, જાય તાણ્યો ઋષભ ધરનાથ જો ॥
શુભ અશુભ ચાલ છંડી કરી રે લો, શુભવીરને વળગો હાથ
જો ॥ જ્ઞાનીની૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ તિર્થોદકૈઃ ॥૧॥ સુરનદી૦ ॥૨॥ જનમનો૦ ॥૩॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ પિંડપ્રકૃતિવિચ્છેદનાય ॥ જલં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ પિંડપ્રકૃતિવિચ્છેદનાર્થે પ્રથમ જલપૂજા સંપૂર્ણ ॥ ૧ ॥

॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

દશ તિગ જિન ઘર સાચવી, પૂજીશું અરિહંત ॥
દશ યતિધર્મ આરાધીને, કરૂં થાવર દશ અંત ॥ ૧ ॥

॥ ઢાળ બીજી ॥

(વ્રજના વાલ્હાને વિનતિ રે.—એ દેશી.)

સાતે શુદ્ધિ સમાચરી રે, પૂજીશું અમે રંગે લાલ ॥ કેસર કંચનશું ઘસી રે, સ્વામિ વિલેપન અંગે લાલ ॥ લાલ સુરંગી રે સાહિબો રે ॥ ૧ ॥ ભૂ, જળ, જલણ, અનિલ, તરૂ રે. થાવર પંચ પ્રકારો લાલ ॥ સૂક્ષ્મ નામ કરમથકી રે, ભરિયા લોક મોઝારો લાલ ॥ લા૦ ॥ ૨ ॥ નિજ પર્યાપ્તિ પૂરયા વિના રે, મરતા તે અપજત્તા લાલ ॥ સાધારણ તરૂજાતિમાં રે. જીવ શરીરે અનંતા લાલ ॥ લા૦ ॥ ૩ ॥ અંગ ઉપાંગ જે થિર નહીં રે, નામ અથિર તે દીઠો લાલ ॥ નાભિ હેઠે અશુભાકૃતિ રે, દુર્ભગલોક અનીઠો લાલ ॥ લા૦ ॥૪॥ ન ગમે જે સ્વર લોકમાં રે, દુઃસ્વર ખેદનું ધામો લાલ ॥ સાચું લોકને નવિ ગમે રે, વચન અનાદેય નામો લાલ ॥ લા૦ ॥૫॥ અપ-

જસ નામથી નિંદતા રે, ખેદ વિના લોક અનેકો લાલ ॥ શ્રી શુભવીરને નવિ હોવેરે, એ દશમાંહેની એકો લાલ ॥લા૦॥૬॥

॥ કાવ્યં ॥ જિનપતે૦ ॥ ૧ ॥ સહજકર્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ સ્થાવરદશકનિવારણાય ॥ ચંદનં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ સ્થાવરદશકનિવારણાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણ ॥

॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

એ દશ પયડિ પાપની, પાપે બંધ કરંત ॥
ત્રસ દશ પામે જીવડો, જિમ અંશે પુણ્યવંત ॥ ૧ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(રહો રહો રે જાદવ દો ઘડિયાં.—એ દેશી.)

રહો રહોરે રસભર દો ઘડિયાં, દો ઘડિયાં દિલસેં અડિયાં ॥ રહો૦ ॥ એ આંકણી ॥ કુસુમની પૂજા કરી ફળ માગું, પરમાતમ પાઉં પડિયાં ॥ રહો૦ ॥ પુણ્ય ઉદય ત્રસ નામ ધરાયો, અબ તુમ વાર નહીં ઘડિયાં ॥ રહો૦ ॥૧॥ વિગલેંદ્રિ પંચેંદ્રિ કહાયો, પ્રભુ ઓળખાણ હવે પડિયાં ॥રહો૦॥ બાદર નામ જે નજરે દેખે, ઉવેખે કેમ નજરે ચડિયાં ॥ રહો૦॥ ॥ ૨ ॥ થઈ પર્યાપ્તો લબ્ધિકરણે, ચરણે આયો ન વિછડિયાં ॥ રહો૦ ॥ એક તનુ એક જીવ કહાવે, પ્રત્યેકમાં પણ અમે

વડિયાં ॥ રહો૦ ॥ ૩ ॥ દંતાદિક તનુ થિર થિર નામે, તહવી મન અમે થિર કરિયાં ॥રહો૦॥ નાભિ ઉપર તનુ શુભ સહુ દેખે, તેણે તુમ હૃદયકમળ ધરિયાં ॥ રહો૦ ॥ ૪ ॥ સરવને વાલ્હો સુભગથી લાગું, જબ અમ ઘર તુમ પાવડિયાં ॥ રહો૦ ॥ સુસ્વર સુણતાં લાગે મીઠો, તુજ ગુણ અંબા મંજરિયાં ॥ રહો૦ ॥ ૫ ॥ આદેય નામ વચન જગ માને, શ્રી શુભવીર મુખે ચડિયાં ॥ રહો૦ ॥ જસ ગુણ ગાવે લોક અનાવે, તે જસ નામ તે તુમ વડિયાં ॥ રહો૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ સુમનસાં૦ ॥ ૧ ॥ સમયસાર૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ઓઁ હ્રીં શ્રીં પરમ૦ ॥ ત્રસદશકનિવારણાય ॥ પુષ્પાણિ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ ત્રસદશકનિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ ॥ ૩ ॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ધૂપે જિનવર પૂજીયે, પ્રત્યેક દાહનહાર ॥
પયડિ ન જાયે મૂળથી, જબ લગે એ સંસાર ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥

(વીર જિણંદ જગત્ ઉપકારી.—એ દેશી.)

આજ ગઈ મન કેરી શંકા, જબ તુમ દર્શન દીઠજી ॥
દૂર ગઈ લોક સન્ના છારી, આગમ અમીય તે મીઠજી ॥

॥ આજ૦ ॥૧॥ ગુરૂ લઘુ અંગે એક ન હોવે, અગુરૂ લઘુ તે જાણુજી ॥ સાસઉસાસ લીએ પજ્જત્તા, સાસોસાસ પ્રમાણુજી ॥ આજ૦ ॥ ૨ ॥ લંબગાત્ર મુખમાં પડજીભી, પયડિ ઉદય ઉપઘાતજી ॥ બળિયો પણ નવિ મુખપર આવે, નામ ઉદય પરાઘાતજી ॥ આજ૦ ॥ ૩ ॥ તાપ કરે રવિબિંબ જે જીવા, આતપ નામ કહાયજી ॥ અંગ ઉપાંગ સુતાર પુતલિયાં, નિર્માણ ઘાટ ઘડાયજી ॥ આજ૦ ॥ ૪ ॥ વૈક્રિય સુર ખજુઓ શશિબિંબે, તાપ વિના પરકાશજી ॥ ઉદ્યોતનામકરમ મેં જાણ્યું, આગમ નયન ઉજાશજી ॥ આજ૦ ॥ ૫ ॥ કેવલ ઉપજે ત્રિભુવન પૂજે, વર અતિશય ગંભીરજી ॥ જિનનામ ઉદયે સમવસરણમાં, બેઠા શ્રી શુભવીરજી ॥ આજ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ અગરમુખ્ય૦ ॥ ૧ ॥ નિજગુણાક્ષય૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ પ્રત્યેકાષ્ટપ્રકૃતિનિવારણાય ॥ ધૂપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ પ્રત્યેકાષ્ટપ્રકૃતિનિવારણાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણ ॥૪॥

॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

વીશ કોડાકોડી સાગરૂ, મૂળ ગુરૂ થિતિ બંધાય ॥
ઉત્તરપયડિ નિહાળવા, દીપકપૂજા રચાય ॥ ૧ ॥

॥ ઢાળ પાંચમી ॥

(સાહિબા મોતી દ્યો હમારે—એ દેશી.)

દીપકપૂજા જ્યોતિ જગાવું, ઉત્તર પયડિ તિમિર હરાવું ॥ સાહિબ તેં થિતિબંધ ખપાવ્યો, સેવકનો હવે લાગ તે ફાવ્યો ॥ સાહિબા સંસાર અટારો, મોહના મુજ તારો ॥ ૧ ॥ એ આંકણી ॥ સુહુમ વિગલતિગ બંધ અઢાર, મણુઅ દુગે પન્નર અવધાર ॥ સંઘયણાગિઈ જુગલ કરીશ, દશ ઉપર દુગ વુઢ્ઢી વીશ ॥ સા૦ ॥૨॥ સુરભિ મધુર શીત શુભ ચઉ ફાસા, થિર છ સુગઈ સુરદુગ દશ ખાસા ॥ પીતામ્લે વળી રક્ત કષાયે, નીલ કટુક વળી કૃષ્ણ તીખાયે ॥ સા૦ ॥ ॥ ૩ ॥ સાડાબાર પન્નર યુગ એકે, સાડાસત્તર વીશ ઠવિયે વિવેકે ॥ વૈક્રી નિરય તિરિ ઉરલ દુગંકા, તેઅ પણ અથિર છ તસ સાસ ચઉક્કા ॥ સા૦ ॥ ૪ ॥ થાવર કુખગઈ જાતિ પણિંદી, પાપ ફરસ દુરગંધ એગિંદી ॥ છત્તીસ પયડિને વીશશું જોડી, સઘળે સાગર કોડાકોડી ॥ સા૦ ॥ ૫ ॥ આહારક દુગ જિનનામ કરંતો, સાગર એક કોડાકોડી અંતો ॥ જો જિનનામ નિકાચિત કીજે, તો શુભવીર હુઆ ભવ ત્રીજે ॥ સાહિબ તેં થિતિબંધ ખપાવ્યો ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ ભવતિ દીપ૦ ॥ ૧ ॥ શુચિમનાત્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ સ્થિતિબંધનિવારણાય ॥ દીપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ ॥ થિતિબંધનિવારણાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણ ॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

વન્ન ચઉ તેઅ કમ્મણ, અગુરૂ લઘુ નિર્માણ ॥
ઉપઘાત નવ ધ્રુવબંધિ છે, અડવન્ન અધ્રુવા જાણ ॥૧॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(ત્રીજે ભવ વર થાનક તપ કરી —એ દેશી.)

અક્ષતપૂજા જિનની કરતાં, નામ કરમ ક્ષય જાવે ॥ નામની સરવ અઘાતિ પયડિયાં, વરતે નિજ નિજ ભાવે રે ॥ પ્રાણી, અરૂપી ગુણ નિપજાવો ॥ પૂજ્યની પૂજા રચાવો રે ॥ પ્રાણી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ થાવર ચઉ આતાપ છેવઠ્ઠું, હુંડ નિરયદુગ જાણું ॥ ઈગ દૂ તિ ચઉ જાતિ જીઉ બાંધે, પામી પ્રથમ ગુણઠાણું રે ॥ પ્રાણી૦ ॥ ૨ ॥ મઝ્ઝભાગિઈ સંઘયણ તિરિ દુગ, દોહગ તિગ ઉદ્યોત ॥ અશુભવિહાયોગતિ સાસ્વાદન, બંધ કહે ભગવંત રે ॥ પ્રાણી૦ ॥ ૩ ॥ મણુઅ ઉરલદુગ ધુરસંઘયણ, ચોથે બંધ કહાવે ॥ અજસ અથિર દુગ છઠ્ઠે બંધે, દશમે જસ બંધાવે રે ॥ પ્રાણી૦ ॥ ૪ ॥ અગુરૂ લઘુ ચઉ જિન નિરમાણ, સુરદુગ સુહગઈ કહિયે ॥ તસ નવ ઉરલ વિણુ તણુવંગા, વર્ણાદિક ચઉ લહિયે રે ॥ પ્રાણી૦ ॥ ૫ ॥ સમચઉરસ પણિંદી જાતિ, બાંધે અડગુણ ઠાણે ॥ બંધહેતુ શુભવીર ખપાવે, ઉજ્જવલ ધ્યાનને ટાણે રે ॥ પ્રાણી૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ ક્ષિતિતલે૦ ॥ ૧ ॥ સહજભાવ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં ॥ પરમ૦ ॥ નામકર્મબંધનિવારણાય ॥ અક્ષતાન્ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ નામકર્મબંધનિવારણાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણ ॥

॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચઉવન્ના તેઅ કમ્મણ, નિમિત્ત અથિર થિર દોય ॥
અગુરૂ લઘુ ઉદયિની, શેષ અધ્રુવ તે જોય ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥

(દખો ગતિ દૈવની રે.—એ દેશી.)

નૈવેદ્યપૂજા ભાવિયે રે, પુદ્ગલ આહાર ગ્રહંત ॥ ભાગ અસંખે આહારતા રે, નિર્જરે ભાગ અનંત ॥ જગત્ગુરૂ આપજો રે ॥ આપજો પદ અણાહાર ॥ જ૦ ॥૧॥ એ આંકણી ॥ એહ રીત દૂરે હુવે રે, નામઉદય જબ જાય ॥ સુહુમ તિગા યવ ધુર ગુણે રે, ઉદય કહે જિનરાય ॥ જ૦ ॥ ૨ ॥ બીજે વિગલ ઇગ થાવરૂ રે, ચોથે અણુઇજ્જ દોય ॥ પૂર્વી દુહગ વૈક્રીદુગે રે, દેવ નિરયગતિ જોય ॥ જ૦ ॥ ૩ ॥ તિરિગઈ ઉદ્યોત પાંચમે રે, છઠ્ઠે આહારક દોય ॥ ચરમ સંહનન તિગ સાતમે રે, ઋષભદુગ ઉપશમ હોય ॥ જ૦ ॥ ૪ ॥ ઉરલા

થિર ખગઈ દુગા રે, પત્તેય તિગ છ સંઠાણ ॥ તે અકમ્મ ધુર સંઘયણને રે, અગુરૂ લઘુ ચઉ જાણ ॥ જ૦ ॥ ૫ ॥ દુસર સુસર ચઉવન્ના રે, નિર્માણ ઉદય સયોગી ॥ સુભગાઈજ્જ જસ તસ તિગો રે, નરગઈ પણિંદી અયોગી ॥ જ૦ ॥ ૬ ॥ જો જિનનામ ઉદય હુવે રે, તો તીર્થંકર લીધ ॥ યોગ નિરોધ કરી હુઆ રે, શ્રી શુભવીર તે સિદ્ધ ॥ જ૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ અનશનં૦ ॥ ૧ ॥ કુમતબોધ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ ह्रीं श्रीं પરમ૦ ॥ નામકર્મઉદયવિચ્છેદનાય ॥ નૈવેદ્યં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ નામકર્મઉદયવિચ્છેદનાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણ ॥

॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

આહારકસગ જિણ નરદુગં, વૈક્રિયની અગિયાર ॥
એ અધ્રુવ સત્તા કહી, બીજી ધ્રુવ સંસાર ॥ ૧ ॥

॥ ઢાળ આઠમી ॥

(પ્રભાતે ઉઠીને માતા મુખડું જોવે —એ દેશી.)

આવી રૂડી ભગતિ મેં, પહેલાં ન જાણી ॥ પહેલાં ન જાણી રે સ્વામિ, પહેલાં ન જાણી ॥ સંસારની માયામાં મેં, વલોવ્યું પાણી ॥ આવી૦ ॥ એ આંકણી ॥ કલ્પતરૂનાં ફળ

લાવીને, જે જિનવર પૂજે ॥ કાળ અનાદિ કર્મ તે સંચિત્ત, સત્તાથી ધ્રુજે ॥ આવી૦ ॥ ૧ ॥ થાવર તિરિ નરયાયવ એ દુગ, ઇગ વિગલા લીજે ॥ સાધારણ નવમે ગુણઠાણે, ધુર-ભાગે છીજે ॥ આવી૦ ॥ ૨ ॥ કેવળ પામી શિવગતિ ગામી, શૈલેશી ટાણે ॥ ચરમ સમય દોમાંહે સ્વામિ, અંતિમ ગુણઠાણે ॥ આવી૦ ॥ ૩ ॥ બાકી નામકરમની પયડિ, સઘળી તિહાં જાવે ॥ અજરામર નિકલંકસ્વરૂપે, નિઃકર્મા થાવે ॥આવી૦॥ ॥ ૪ ॥ તે સિદ્ધકેરી પડિમા પૂજે, સિદ્ધમયી હોવે ॥ નાઈ ધોઈ નિરમળ ચિત્તે, આરીસો જોવે ॥ આવી૦ ॥ ૫ ॥ કર્મસૂદન તપ કેરી પૂજા, ફળ તે નર પાવે ॥ શ્રી શુભવીર સ્વરૂપ વિલો-કી, શિવવહૂ ઘર આવે ॥ આવી૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ શિવતરોઃ ॥ ૧ ॥ શમરસૈઃ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ નામકર્મસત્તાવિચ્છેદનાય ॥ ફલાનિ ય૦ ॥ સ્વાહા ॥

॥ અથ કલશ ॥ ગાયો ગાયો રે મહાવીર૦ ॥

॥ ઇતિ નામકર્મસત્તાવિચ્છેદનાર્થં અષ્ટમ ફલપૂજા સંપૂર્ણ ॥

॥ ઇતિ ષષ્ઠ દિવસેઽધ્યાપનીય નામકર્મનિવરણાર્થં ષષ્ઠ પૂજાષ્ટકં સંપૂર્ણ ॥

॥ अथ सप्तम दिवसेऽध्यापनीय गोत्रकर्म-सूदनार्थं सप्तम पूजाष्टक प्रारंभः ॥

(આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ.)

(૧ સાકરનું પાણી, ૨ ચંદન કેશર, ૩ વિવિધ ફુલ, ૪ અગરબત્તી ધૂપ, ૫ બે દીવેટનો દીપક, ૬ ગોધૂમ અક્ષત, ૭ નૈવેદ્ય, ૮ ફળ.)

॥ अथ प्रथम जलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ગોત્રકરમ હવે સાતમું, વ્યાપ્યું ઇણે સંસાર ॥
ગોત્રકરમ છેદ્યા વિના, નવિ પામે ભવ પાર ॥ ૧ ॥
ચક્રદંડ સંયોગથી, ઘડતો ઘટ કુંભાર ॥
ઘી ભરિયો ઘટ એકમેં, બીજે મદિરા છાર ॥ ૨ ॥
ઉંચ નીચ ગોત્રે કરી, ભરિયો આ સંસાર ॥
કર્મદહન કરવા ભણી, પૂજા અષ્ટ પ્રકાર ॥ ૩ ॥

॥ ઢાળ પહેલી ॥

(રાગ અલૈયો—બિલાવલ.)

(મેં કીનો નહીં, પ્રભુવિના ઓરશું રાગ.—એ દેશી.)

કેશરવાસિત કનકકળશશું, જળપૂજા અભિષેક ॥ સમકિતરંગે સદ્‌ગુરૂ સંગે, ધરતો વિનય વિવેક ॥ મેં કીનો સહી, યા રીત ગોતકો બંધ ॥ યા રીત ગોતકો બંધ ॥ મેં કી૦ ॥ ॥ યા૦ ॥ ૧॥ એ આંકણી ॥ બહુશ્રુત ભક્તિ કરતાં સઘળા, પૂજ્યા યુગપરધાન ॥ ગીતારથ એકાકી રહેતાં, પામે જગ

બહુમાન ॥ મેં ક્રી૦ ॥ ૨ ॥ અજ્ઞાની ટોળે પણ ભોળે, બોળે પથ્થર નાવ ॥ આલોયણ દેતો ભદ્રકને, પામે વિરાધક ભાવ ॥ મેં ક્રી૦ ॥ ૩ ॥ બોધગુરૂને બાણે હણતો, પગ અણફરસી રાય ॥ અજ્ઞાની મુનિ ઉગ્રવિહારી, બાજીગરનો ન્યાય ॥ મેં ક્રી૦ ॥ ૪ ॥ મંડુઆ શ્રાવકને કહે સ્વામિ, હોય જિનધર્મ આશાત ॥ અણજાણ્યો શ્રુત અર્થ વદંતાં, સાચી ગુરૂગમ વાત ॥ મેં ક્રી૦ ॥ ૫ ॥ જ્ઞાની ગુરૂની સેવા કરતાં, આરાધે જિનધર્મ ॥ અણુવ્રત ધરતો તપ અનુસરતો, નિર્મળગુણ ગ્રહે પર્મ ॥ મેં ક્રી૦ ॥ ૬ ॥ ભણે ભણાવે વળિ જિન આગમ, આશાતન વરજંત ॥ શ્રી શુભવીર જિનેશ્વરભકતે, ઉત્તમ ગોત્ર બાંધંત ॥ મેં ક્રી૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥

॥ તિર્થોદકૈઃ૦ ॥ ૧ ॥ સુરનદી૦ ॥ ૨ ॥ જનમનો૦ ॥૩ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ગોત્રબંધનિવારણાય ॥ જલં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ ગોત્રબંધનિવારણાર્થે પ્રથમ જલપૂજા સંપૂર્ણ ॥ ૧ ॥

॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જ્ઞાનાદિક ગુણ નવિ હણે, બંધ ઉદયમેં કોય ॥
તિણે અઘાતી તે કહી, ગોત્રની પયડી દોય ॥ ૧ ॥

॥ ઢાળ બીજી ॥

(પ્રતિમા લોપે પાપિયા, યોગવહન ઉપધાન જિનજી.—એ દેશી.)

જિનતનુ ચંદન પૂજતાં, ઉત્તમ કુળ અવતાર ॥ જિનજી ॥ ગોત્રવડે પ્રાણી વડો, માન લહે સંસાર ॥ જિનજી ॥ તું સુખિયો સંસારમાં ॥ ૧ ॥ ઉત્તમ કુળના ઉપન્યા, સૂત્ર કહ્યા અણગાર ॥ જિનજી ॥ વાચક સૂરિપદવી લહે, ઉંચગોત્ર અવતાર ॥ જિનજી॥ તું૦ ॥ ૨॥ ઉગ્રભોગ વળી રાજવી, હરિવંશે જિનદેવ ॥ જિનજી ॥ વાસવકલ્પે આવતાં, ચક્રી હરિબળદેવ ॥ જિનજી ॥ તું૦ ॥ ૩ ॥ નીચ ગોત્ર થાવરસમા, મણિ હીરો જલકંત ॥ જિનજી ॥ ગંગા ક્ષીરસમુદ્રનાં, યમુના જળ વહંત ॥ જિનજી ॥તું૦ ॥૪॥ કલ્પતરૂ સહકારનાં, કેતકી પત્રને ફુલ ॥ જિનજી ॥ મંગળ કારણ શિર ધરે, મંદપવન અનુકૂળ ॥ જિનજી ॥તું૦॥૫॥ એમ સંસારે પ્રાણિયા, ઉત્તમ ગોત્ર વિશેષ ॥ જિનજી ॥ માન લહે મઘવા વળી, બાહુબળી ભરતેશ ॥ જિનજી ॥ તું૦ ॥૬॥ ધર્મરયણની યોગ્યતા, ઉંચ ગોત્ર કહાય ॥ જિનજી ॥ શ્રી શુભવીર જિનેશ્વરૂ, સિદ્ધારથ કુળ જાય ॥ જિનજી ॥ તું૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ જિનપતે૦ ॥ ૧ ॥ સહજકર્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ઉચ્ચૈર્ગોત્રાતીતાય ॥ ચંદનં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ ઉચ્ચૈર્ગોત્રાતીતાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણ ॥ ૨ ॥

॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જિનવર ફુલે પૂજતાં, ઉંચ ગોત્ર બંધાય ॥
ઉત્તમકુળમાં અવતરી, કર્મરહિત તે થાય ॥ ૧ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(સુણ ગોવાલણી ગોરસડાં.—એ દેશી.)

સુણ દયાનિધિ, ઉત્તમ કુળ અવતરતાં પાર ન આવ્યો ॥ સદ્ગુરૂ મળે, તુજ આગમ અજવાળે મુજ સમજાવ્યો ॥ એ આંકણી ॥ સમકિત સંજુત્ત વ્રત આચરતાં, જિનપૂજા ફુલપગર ભરતાં ॥ શ્રાવક મુનિ દશમું ગુણ ધરતાં, ઉંચ ગોત્ર તણો બંધજ કરતાં ॥ સુ૦ ॥ ૧ ॥ તુમે સત્તા ઉદયે અનુભવિયો, શૈલેશીકરણ કરી ખવિયો ॥ તે રસ ચખવી મુજ હેલવિયો, એક ખામી જે નવિ ભેળવિયો ॥ સુ૦ ॥ ૨॥ એક સમયે એક બંધાયે, તેણે એ અધ્રુવબંધી થાયે ॥ સત્તોદય અધ્રુવ કહેવાયે, સુખિયા થઇયે જબ એ જાયે ॥ સુ૦ ॥ ૩ ॥ લઘુબંધે અડ મુહૂરત કરિયો, ઉંચ ગોત્રે ગુરૂ ઠિઈ આચરિયો ॥ દશ કોડાકોડી સાગરિયો, દશસેં વરસે ભોગવી ફરિયો ॥ સુ૦ ॥ ૪ ॥ હવે મેં તુજ આણા શિર ધરિયો, થઈ અંત કોડાકોડી સાગરિયો ॥ મોટો દરિયો પણ મેં તરિયો, શુભવીર પ્રભુ સેવન ફળિયો ॥ સુણ દયાનિધિ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ સુમનસાં૦ ॥ ૧ ॥ સમયસાર૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ઉચ્ચૈર્ગોત્રસ્થિતિવિચ્છેદનાય ॥ પુષ્પાણિ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ ઉચ્ચૈર્ગોત્રસ્થિતિવિચ્છેદનાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પયડિ દોય અઘાતિની, ગોત્ર કરમની એહ ॥
નીચગોત્ર કારણ કહ્યું, જે અનુભવિયાં તેહ ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥

(ગાયો ગૌતમ ગોત્ર મુણીંદ, રસ વૈરાગ્ય ઘણો આયો.—એ દેશી.)

જિનવર અંગે પૂજાધૂપ, ધૂપગતિ ઉંચે ભાવી ॥ પામી પંચેંદ્રીનાં રૂપ, નીચ ગતિ મુજ કેમ આવી ॥ ૧ ॥ કહિયે કારણ સુણજો દેવ, તુજ આગમરસ નવિ ભાવ્યો ॥ ન કરી બહુશ્રુત કેરી સેવ, અરૂચિપણું અંતર લાવ્યો ॥ ૨ ॥ ભણે ભણાવે મુનિવર જેહ, નિંદા તેહતણી ભાખી ॥ પરગુણ ઢાંકી અવગુણ લેહ, કૂડી વાતતણો સાખી ॥ ૩ ॥ વિણ દીઠી અણસાંભળી વાત, લોકવચ્ચે ચલવે પાપી ॥ ચાડી કરતાં પાડી જાતિ, વાડી ગુણતણી કાપી ॥ ૪ ॥ ગુણ અવગુણ મેં સરિખા કીધ, અરિહા ભક્તિ નવિ કીધી ॥ ઉત્તમ કુળ જાતિ પ્રસિદ્ધ, વાહ્યો મદ ગારવ ગિદ્ધિ ॥ ૫ ॥ નીચઠાણ સેવંતાં

નાથ, બંધે નીચ ગોત્ર કરિયો ॥ શ્રી શુભવીરનો ઝાલ્યો હાથ, સહેજે ભવસાયર તરિયો ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ અગરમુખ્ય૦ ॥ ૧ ॥ નિજગુણાક્ષય૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ નીચૈર્ગોત્રબંધસ્થાનોચ્છેદનાય ॥ ધૂપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ નીચૈર્ગોત્રબંધસ્થાનોચ્છેદનાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણ॥

॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કામપ્રસંગે હંસ નૃપ, બાણુ પ્રાણ પરિહાર ॥
ગંગાજળ જળધિ મળે, નીચ ઠાણ સુવિચાર ॥ ૧ ॥

॥ ઢાળ પાંચમી ॥

(જુવટું કોઈ રમશો નહીં રે.—એ દેશી.)

જ્ઞાનસદીપક જ્યોતિ ધરી રે, પૂજા રચું મનોહારઃ પ્રભુજી ॥ નીચ કુળે હવે નહીં રે રહું રે ॥ પૂજા અરૂચિ ભાવે કરી રે, નીચ કુળે અવતાર ॥ પ્ર૦ ॥ ૧ ॥ તુજ આગળ નવિ દીપ ધર્યો રે, નાપિક હાથ મશાલ ॥ પ્ર૦ ॥ માતંગ જુંગિત જાતિ કહીરે, કાઢે અશુચિ ખાલ ॥ પ્ર૦ ॥૨॥ માળી ગોવાળી કોળી તેલી રે, મોચી ને શુચિકાર ॥ પ્ર૦ ॥ ત્રણ વનેચર પાપીયો રે, દોય અફા સવિચાર ॥ પ્ર૦ ॥ ૩ ॥ વણીક મગ-

માહણ રાંકકુલી રે, ભિક્ષુકકુળ અવતાર ॥ પ્ર૦ ॥ જિનદર્શન નવિ શીશ નમે રે, તે શિર વહેતા ભાર ॥ પ્ર૦ ॥૪॥ ગર્દભ જંબુક નીચ તિરી રે, કિલ્વિષિયા જે દેવ ॥ પ્ર૦ ॥ ઝાડુ દિયે સુર આગળે રે, પરભવ નિંદક ટેવ ॥ પ્ર૦ ॥ ૫ ॥ જીવ મરીચિ કુળમદથી રે, વિપ્ર ત્રિદંડિક થાય ॥ પ્ર૦ ॥ શ્રી શુભ વીર જિનેશ્વરૂ રે, દેવાનંદા ઘર જાય ॥ પ્રભુજી૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ ભવતિ દીપ૦ ॥ ૧ ॥ શુચિમનાત્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ નીચૈર્ગોત્રોદયનિવારણાય ॥ દીપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ નીચૈર્ગોત્રોદયનિવારણાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણ ॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નીચકુલોદય જિનમતિ, દૂરથકી દરબાર ॥
તુજ મુખદરશન દેખતાં, લોક વડો વ્યવહાર ॥ ૧ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(વંદો વીર જિનેશ્વર રાયા—એ દેશી.)

અક્ષતપૂજા ગોધૂમ કેરી, નીચૈર્ગોત્ર વિખેરી રે ॥ તુજ આગમ પુર સુંદર શેરી, વક્ર નહીં ભવફેરી રે ॥ અક્ષત૦ ॥ ॥ ૧ ॥ સાસાયણ લગે બંધ કહાવે, પાંચમે ઉદયે લાવે રે ॥

ગુણઠાણું જબ છઠ્ઠું આવે, ઉદયથી નીચ ખપાવે રે ॥ અ૦ ॥ ॥ ૨ ॥ હરિકેશી ચંડાલે જાયા, સંયમધર મુનિરાયા રે ॥ નીચ ગોત્રઉદયેથી પલાયા, ઉંચકુળે શ્રુત ગાયા રે ॥ અ૦ ॥ ॥ ૩ ॥ સમય અયોગી ઉપાંતે આવે, સત્તા નીચ ખપાવે રે ॥ અધ્રુવબંધી ઉદય કહાવે, ધ્રુવસત્તા તિરિભાવે રે ॥ અ૦ ॥૪॥ સાત ઇયા દોય ભાગલ ઘેરી, જીવવિપાકી વડેરી રે ॥ વીશ કોડાકોડી સાગર કેરી, એ થિતિબંધ ઘણેરી રે ॥ અ૦ ॥ ૫ ॥ એ થિતિબંધ કરંતાં સ્વામિ, તુમ સેવા નવિ પામી રે ॥ શ્રી શુભવીર મળ્યા વિશરામી, હવે કેમ રાખું ખામી રે ? ॥ ॥ અક્ષતપૂજા૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ ક્ષિતિતલે૦ ॥ ૧ ॥ સહજભાવ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીઁ શ્રીઁ ॥ પરમ૦ ॥ નીચૈર્ગોત્રસત્તાસ્થિતિબંધનિવારણાય ॥ અક્ષતાન્ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ નીચૈર્ગોત્રસત્તાસ્થિતિબંધનિવારણાર્થં
ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણ ॥ ૬ ॥

॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નૈવેદ્યપૂજા સાતમી, સાત ગતિ અપમાન ॥
કરવા વરવા શિવગતિ, વિવિધ જાતિ પકવાન ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥

(રાગ સારંગ—હુમ મગન ભયે પ્રભુજ્ઞાનમાં —એ દેશી.)

મીઠાઈ મેવા જિનપદ ધરતાં, અણાહારી પદ લીજીયે ॥ જિનરાજની પૂજા કીજિયે ॥ વિગ્રહગતિમાં વાર અનંતી, પામે પણ નવિ રીઝીયે ॥ જિ૦ ॥ ૧ ॥ ઉંચ નીચ ગોત્રે તે હોવે, કારણ દૂર કરીજીયે ॥ જિ૦ ॥ અરિહા આગે રાગે માગો, સેવકને શિવ દીજીયે ॥ જિ૦ ॥ ૨ ॥ અગુરૂ લઘુપદ ગોત્રવિનાશી, પામ્યા બંધન છીજીયે ॥ જિ૦ ॥ યોગી વિ-યોગી રહત અયોગી, ચરમ તિભાગ ઘટીજીયે ॥ જિ૦ ॥ ૩ ॥ આત્મપ્રદેશમયી અવગાહન, શિવક્ષેત્રે તે રહીજીયે ॥ જિ૦ ॥ બત્રીશ અંગુલ લઘુ અવગાહન, ખેત્રસમી ગુરૂ લીજીયે ॥ જિ૦ ॥ ૪ ॥ મસ્તકસમ સઘળે લોકાંતે, ગુરૂગમભાવ પતીજીયે ॥ જિ૦ ॥ અગુરૂ લઘુ અવગાહન એકે, સિદ્ધ અ-નંત નમીજીયે ॥ જિ૦ ॥ ૫ ॥ ફરસિત દેશ પ્રદેશ અસંખહ, ગુણા અનંત ઠવીજિયે ॥ જિ૦ ॥ શ્રી શુભવીર જિનેશ્વર આગમ, અમૃતનો રસ પીજીયે ॥ જિનરાજની૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ અનશનં૦ ॥ ૧ ॥ કુમતબોધં૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ અગુરૂલઘુગુણપ્રાપણાય ॥ નૈવેદ્યં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ અગુરૂલઘુગુણપ્રાપણાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણ ॥

॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ગોત્રકરમ નાશે કરી, સિદ્ધ હુઆ મહારાજ ॥
ફળપૂજા તેહની કરી, માગો અવિચળ રાજ ॥ ૧ ॥

॥ ઢાળ આઠમી ॥

(કેરબાની દેશી.)

મેંબી સેવક તોરા પાયકા, દુનિયાં કે સાંઈ ॥ સેવક હમ કેઈ કાલકા, દુનિયાં કે સાંઈ ॥ મેંબી સે૦ ॥ એ આંકણી ॥ સુણિયે દેવાધિદેવા, ફળપૂજાકી સેવા, દીજીયે શિવફળ રાજિયે ॥દુ૦॥મેં૦॥ પરિશાટન થઈ, અપુસમાણ ગઈ, જીત્યો જગત્ કેરી બાજીયે ॥ દુ૦ ॥ મેં૦ ॥ ૧ ॥ ગોત્રકરમ હરી, જ્યોતસેં જ્યોત મળી, આપ બિરાજો રંગમહેલમેં ॥ દુ૦ ॥ ॥ મેં૦ ॥ સુખ અનંત લહે, સેવક દૂર રહે, લાજિયે અમો સારા શહેરમેં ॥ દુ૦ ॥ મેં૦ ॥ ૩ ॥ સંસારસુખ લીયો, વગ્ગ અનંત કીયો, તોભી ન એક પ્રદેશમેં ॥ દુ૦ ॥ મેં૦ ॥ સિદ્ધકો સુખ લીનો, તાકો એકાંશ કીનો, માવે ન લોકાકાશમેં ॥ દુ૦ ॥ મેં૦ ॥ ૩ ॥ તાકો જો અંશ દેવે, તામેં કયા હાનિ હોવે, સાહિબ ગરીબ નીવાજીયે ॥ દુ૦ ॥ મેં૦ ॥ મેહેર નજર જોવે, સેવક કામ હોવે, લોક લોકોત્તર છાજીયે ॥ દુ૦ ॥ ॥ મેં૦ ॥૪॥ કર્મ કઠિન જડયો, સાંયું કે મુખ ચડયો, બાત કરત હમ લાજીયે ॥ દુ૦ ॥ મેં૦ ॥ આપહિતે જે ગાયો, કર્મપડલ છાયો, એતનો અંતર ભાંજિયે ॥ દુ૦ ॥ મેં૦ ॥ ૫ ॥

શ્રેણિક આદે નવા, ઓબી સાંયુંકી હવા, જિનપદ લેત બિરાજિયે ॥ દુ૦ ॥ મેં૦ ॥ સાચી ભગતિ કહી, કારણ યોગ સહી, કરજે કોડી દીવાજિયે ॥ દુ૦ ॥ મેં૦ ॥ ૬ ॥ કર્મસૂદન તપે, નામ પ્રભુકો જપે, જાગીયે જ્ઞાન અવાજિયે ॥ દુ૦ ॥ ॥ મેં૦ ॥ કોઈ ન નામ લેવે, સ્વામિ આશિષ દેવે, શ્રી શુભવીર બળે ગાજિયે ॥ દુનિયાં કે સાંઈ ॥ મેંબી૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ શિવતરો૦ ॥ ૧ ॥ શમરસૈ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ગોત્રાતીતાય ફલાનિ ॥ ય૦ સ્વાહા ॥

॥ અથ કળશ ॥ ગાયો ગાયો રે મહાવીર૦ ॥

॥ ઇતિ ગોત્રાતીતાર્થં અષ્ટમ ફળપૂજા સંપૂર્ણ ॥ ૮ ॥

॥ ઇતિ સપ્તમ દિવસેઽધ્યાપનીય ગોત્રકર્મસૂદનાર્થં સપ્તમ પૂજાષ્ટકં સંપૂર્ણ ॥

॥ अथ अष्टम दिवसेऽध्यापनीय अंतरायकर्मसूदनार्थं अष्टम पूजाष्टक प्रारंभः ॥

(આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ.)

(૧ પંચામૃત જળ, ૨ કેસર, ૩ માલતી જાયનાં ફુલ, ૪ અષ્ટાંગ ધૂપ, ૫ પાંચ દીવેટનો દીપક, એમજ વળી અહીં એકશો ને અઠ્ઠાવન દીપકની શ્રેણિ વંશમાલે ધરીયે, ૬ તંદુલના નંદાવર્ત્ત રકેબીમાં કરીયે, ૭ નૈવેદ્ય, ૮ ફળ.)

॥ प्रथम जळपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શ્રી શંખેશ્વર શિર ધરી, પ્રણમી શ્રીગુરૂ પાય ॥
વંછિત પદ વરવા ભણી, ટાળીશું અંતરાય ॥ ૧ ॥
જેમ રાજા રીજ્યો થકો, દેતાં દાન અપાર ॥
ભંડારી ખીજ્યો થકો, વારંતો તેણી વાર ॥ ૨ ॥
તેમ એ કર્મ ઉદયથકી, સંસારી કહેવાય ॥
ધર્મ કરમ સાધન ભણી, વિઘન કરે અંતરાય ॥ ૩ ॥
અરિહાને અવલંબને, તરિયે ઇણે સંસાર ॥
અંતરાય ઉચ્છેદવા, પૂજા અષ્ટપ્રકાર ॥ ૪ ॥

॥ ઢાળ પહેલી ॥

(મારી અંબાના વડલા હેઠ, ભર્યાં સરોવર લહેર્યાં લે છે રે.—એ દેશી.)

જળપૂજા કરી જિનરાજ, આગળ વાત વીતી કહો રે ॥ કહેતાં નવિ આણો લાજ, કર જોડીને આગળ રહો રે ॥ જળ૦ ॥ ૧ ॥ જિનપૂજાનો અંતરાય, આગમ લોપી નિંદા ભજી રે ॥ વિપરીત પરૂપણા થાય, દિનતણી કરૂણા તજી રે ॥ જળ૦ ॥ ૨ ॥ તપસી ન નમ્યા અણગાર, જીવતણી મેં હિંસા સજી રે ॥ નવિ મળિયો આ સંસાર, તુમ સરિખો રે શ્રી નાથજી રે ॥ જળ૦ ॥ ૩ ॥ રાંક ઉપર કીધો કોપ, માઠાં કર્મ પ્રકાશિયાં રે ॥ ધરમે મારગનો લોપ, પરમારથ કેતાં હાં-

સિયા રે ॥ જળ૦ ॥ ૪ ॥ ભણતાંને કર્યો અંતરાય, દાન દીયંતાં મેં વારિયાં રે ॥ ગીતારથને હેલાય, જુઠ બોલી ધન ચોરીયાં રે ॥ જળ૦ ॥ ૫ ॥ નર પશુઆ બાળક દીન, ભૂખ્યાં રાખી આપે જમ્યો રે ॥ ધર્મવેળાયે બળહીન, પરદારાશું રંગે રમ્યો રે ॥ જળ૦ ॥ ૬ ॥ કૂડે કાગળિયે વ્યાપાર, થાપણ રાખીને ઓળવી રે ॥ વેચ્યાં પરદેશ મોઝાર, બાળ કુમારિકા ભોળવી રે ॥ જળ૦ ॥ ૭ ॥ પંજરીયે પોપટ દીધ, કેતી વાત કહું ધણી રે ॥ અંતરાયકરમ એમ કીધ, તે સવિ જાણો છો જગધણી રે ॥ જળ૦ ॥ ૮ ॥ જળે પૂજંતી દ્વિજનારી, સોમેશરી મુગતિ વરી રે ॥ શુભવીર જગત્ આધાર, આણા મેં પણ શિર ધરી રે ॥ જળ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥

॥ તિર્થોદકૈઃ ॥ ૧ ॥ સુરનદી૦ ॥ ૨ ॥ જનમનો૦ ॥ ૩ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ વિઘ્નસ્થાનકોચ્છેદનાય ॥ જલં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ વિઘ્નસ્થાનકોચ્છેદનાર્થે પ્રથમ જલપૂજા સંપૂર્ણ ॥ ૧ ॥

॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

શીતળગુણ જેમાં રહ્યા, શીતળ પ્રભુ મુખ રંગ ॥

આત્મશીતળ કરવા ભણી, પૂજો અરિહાઅંગ ॥ ૧ ॥
અંગવિલેપન પૂજના, પૂજો ધરી ઘનસાર ॥
ઉત્તરપયડિ પંચમાં, દાનવિઘન પરિહાર ॥ ૨ ॥

॥ ઢાળ બીજી ॥

(કરપી ભુંડો સંસારમાં રે.—એ દેશી.)

કરપી ભુંડો સંસારમાં રે, જેમ કપીલા નાર ॥ દાન ન દીધું મુનિરાજને રે, શ્રેણિકને દરબાર ॥ ક૦ ॥ ૧ ॥ કરપી શાસ્ત્ર ન સાંભળે રે, તેણે નવિ પામે ધર્મ ॥ ધર્મ વિના પશુ પ્રાણીયો રે, છંડે નહીં કુકર્મ ॥ ક૦ ॥ ૨ ॥ દાનતણા અંતરાયથી રે, દાનતણો પરિણામ ॥ નવિ પામે ઉપદેશથી રે, લોક ન લે તસ નામ ॥ ક૦ ॥ ૩ ॥ કૃપણતા અતિ સાંભળી રે, નાવે ઘર અણગાર ॥ વિશ્વાસી ઘર આવતા રે, કલ્પે મુનિ આચાર ॥ ક૦ ॥ ૪ ॥ કરપી લક્ષ્મીવંતને રે, મિત્ર સજ્જન રહે દૂર ॥ અલ્પધની ગુણ દાનથી રે, વંછે લોક પંડૂર ॥ ક૦ ॥ ૫ ॥ કલ્પતરૂ કનકાચલે રે, નવિ કરતાં ઉપકાર ॥ તેથી મરૂધર રૂડો કેરડો રે, પંથગ છાય લગાર ॥ક૦॥ ॥ ૬ ॥ ચંદનપૂજા ધન વાવરે રે, ક્ષય ઉપશમ અંતરાય ॥ જિમ જયસૂરને શુભમતિ રે, ક્ષાયિક ગુણ પ્રગટાય ॥ ક૦ ॥ ॥ ૭ ॥ શ્રાવક દાન ગુણે કરી રે, તુંગિયા ભંગ દુવાર ॥ શ્રી શુભવીરે વખાણિયા રે, પંચમ અંગ મઝાર ॥ ક૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ જિનપતે૦ ॥ ૧ ॥ સહજકર્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ દાનાંતરાયનિવારણાય ॥ ચંદનં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ દાનાંતરાયનિવારણાર્થે દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણ ॥

॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

હવે ત્રીજી સુમનસતણી, સુમનસ કરણ સ્વભાવ ॥
ભાવસુગંધ કરણ ભણી, દ્રવ્ય કુસુમ પ્રસ્તાવ ॥ ૧ ॥
માલતી ફુલે પૂજતી, લાભવિઘન કરી હાણ ॥
વણિકસુતા લીલાવતી, પામી પદ નિરવાણ ॥ ૨ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(ઓરા ઓરાજી આવો રે, કહું એક વાતલડી.—એ દેશી.)મ

મનમંદિર આવો રે, કહું એક વાતલડી ॥ અજ્ઞાની સંગે રે, રમિયો રાતલડી ॥ મન૦ ॥ ૧ ॥ વ્યાપાર કરેવા રે, દેશ વિદેશ ચલે ॥ પરસેવા હેવા રે, કોડી ન એક મળે ॥ મન૦ ॥ ૨ ॥ રાજગૃહી નયરે રે, દુમક એક ફરે ॥ ભિક્ષાચરવૃત્તિયે રે, દુઃખે પેટ ભરે ॥ મન૦ ॥ ૩ ॥ લાભાંતરાયે રે, લોક ન તાસ દીયે ॥ શિક્ષા પાડંતો રે, પોહોતો સાતમીયે ॥ મન૦ ॥ ૪ ॥ ઢંઢણ અણગારો રે, ગોચરી નિત્ય ફરે ॥ પશુઆં અંતરાયે રે, આહાર વિના વિચરે ॥મન૦॥૫॥ આદીશ્વર સાહિબ રે, સંયમભાવ ધરે ॥ વરસીતપ પારણું

રે, શ્રેયાંસરાય ઘરે ॥ મન૦ ॥ ૬ ॥ મિથ્યાત્વે વાહ્યો રે, આરતિધ્યાન કરે ॥ તુજ આગમવાણી રે, સમકિતી ચિત્ત ધરે ॥ મન૦ ॥ ૭ ॥ જેમ પૂણિયો શ્રાવક રે, સંતોષ ભાવ ધરી ॥ નિત્ય જિનવર પૂજે રે, ફુલપગર ભરી ॥ મન૦ ॥ ૮ ॥ સંસારે ભમતાં રે, હું પણ આવી ભળ્યો ॥ અંતરાય નિવારક રે, શ્રી શુભવીર મળ્યો ॥ મન૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ સુમનસાં૦ ॥ ૧ ॥ સમયસાર૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ લાભાંતરાયોચ્છેદનાય ॥ પુષ્પાણિ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ લાભાંતરાયોચ્છેદનાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ ॥૩॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કર્મ કઠિન કઠ દાહવા, ધ્યાન હુતાશન યોગ ॥
ધૂપે જિન પૂજી દહો, અંતરાય જે ભોગ ॥ ૧ ॥
એકવાર જે ભોગમાં, આવે વસ્તુ અનેક ॥
અશન પાન વિલેપને, ભોગ કહે જિન છેક ॥ ૨ ॥

॥ ઢાળ ચોથી ॥

(રાગ આશાવરી —છેડા નાંજી —એ દેશી.)

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી, ભોગ વિઘનઘન ગા-

જી ॥ ભૂલ્યો૦ ॥ આગમ જ્યોત ન તાજી ॥ ભૂલ્યો૦ ॥ કર્મ કુટિલવશ કાજી ॥ ભૂલ્યો૦ ॥ સાહિબ સુણ થઈ રાજી ॥ ભૂલ્યો૦ ॥ એ આંકણી ॥ કાળ અનાદિ ચેતન રઝળે, એકે વાત ન સાજી ॥ મયણા ભઈણી ન રહે છાની, મળિયા માત પિતાજી ॥ ભૂલ્યો૦ ॥ ૧ ॥ અંતરાય થાનક સેવનથી, નિર્ધન ગતિ ઉપરાજી ॥ કૂપની છાયા કૂપ સમાવે, ઈચ્છા તેમ સવિ ભાંજી ॥ ભૂલ્યો૦ ॥ ૨ ॥ નૈગમ એક નારી ધૂતી પણ, ઘેવર ભૂખ ન ભાગી ॥ જમી જમાઈ પાછો વળિયો, જ્ઞાનદિશા તવ જાગી ॥ ભૂલ્યો૦ ॥ ૩ ॥ કબહી કષ્ટે ધનપતિ થાવે, અંતરાય ફળ આવે ॥ રોગી પરવશ અન્ન અરૂચિ, ઉત્તમધાન ન ભાવે ॥ ભૂલ્યો૦ ॥ ૪ ॥ ક્ષાયિકભાવે ભોગની લબ્ધે, પૂજા ધૂપ વિશાળા ॥ વીર કહે ભવ સાતમેં સિદ્ધા, વિનયંધર ભૂપાળા ॥ ભૂલ્યો૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ અગરમુખ્ય૦ ॥ ૧ ॥ નિજગુણાક્ષય૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ ભોગાંતરાયદહનાય ॥ ધૂપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ ભોગાંતરાયદહનાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણ ॥ ૪ ॥

॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ઉપભોગ વિઘન પતંગિયો, પડત જગત્ જીઉ જ્યોત ॥
ત્રિશલાનંદન આગળે, દીપકનો ઉદ્યોત ॥ ૧ ॥

ભોગવી વસ્તુ ભોગવે, તે કહિયે ઉપભોગ ॥
ભૂષણ ચીવર વલ્લભા, ગેહાદિક સંયોગ ॥ ૨ ॥

॥ ઢાળ પાંચમી ॥

(રાગ કાફી.—અરનાથકું સદા મેરી વંદના—એ દેશી)

જિનરાજકું સદા મેરી વંદના ॥ વંદના વંદના વંદના રે ॥ જિનરાજકું સદા૦ ॥ એ આંકણી ॥ ઉપભોગાંતરાય હઠાવી, ભોગીપદ મહાનંદના રે ॥ જિ૦ ॥ અંતરાય ઉદયે સંસારી, નિર્ધનને પરછંદના રે ॥ જિ૦ ॥૧॥ દેશ વિદેશે ઘર ઘર સેવા, ભીમસેન નરિંદના રે ॥ જિ૦ ॥ સુણિય વિપાક સુખી ગિરનારે, હેલક તેહ મુણીંદના રે ॥ જિ૦ ॥ ૨ ॥ બાવીશ વરસ વિયોગે રહેતી, પવનપ્રિયા સતી અંજના રે ॥ જિ૦ ॥ નળ દમયંતી સતી સીતાજી, ષટ્માસી આક્રંદના રે ॥ જિ૦ ॥ ૩ ॥ મુનિવરને મોદક પડિલાભી, પછી કરી ઘણી નિંદના રે ॥ જિ૦ ॥ શ્રેણિક દેખે પાઉસ નિશિયે, મમ્મણશેઠ વિટંબના રે ॥ જિ૦ ॥ ૪ ॥ એમ સંસાર વિડંબન દેખી, ચાહું ચરણ જિનચંદના રે ॥ જિ૦ ॥ ચકવી ચાહે ચિત્ત તિમિરારિ, ભોગીભ્રમર અરવિંદના રે ॥ જિ૦ ॥ ॥ ૫ ॥ જિનમતિ ધનસિરિ દો સાહેલી, દીપક પૂજ અખંડના રે ॥ જિ૦ ॥ શિવ પામી તેમ ભવિ પદ પૂજો, શ્રી શુભવીર જિણંદના રે ॥ જિનરાજકું સદા૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ ભવતિ દીપ૦ ॥ ૧ ॥ શુચિમનાત્મ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ તુર્યવિઘ્નોચ્છેદનાય ॥ દીપં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ તુર્યવિઘ્નોચ્છેદનાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણ ॥ ૫ ॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

વીર્ય વિઘન ઘનપડલમેં, અવરાણું રવિ તેજ ॥
કાળગ્રીષ્મ સમજ્ઞાનથી, દીપે આત્મ સતેજ ॥ ૧ ॥
અક્ષત શુદ્ધ અખંડશું, નંદાવર્ત્ત વિશાળ ॥
પૂરી પ્રભુ સન્મુખ રહી, થુણીયે જગત્ દયાળ ॥ ૨ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(સફળ ભઈ મેરી આજકી ઘરિયાં.—એ દેશી.)

જિણંદા પ્યારા મુણીંદા પ્યારા, દેખોરી જિણંદા ભગવાન્ ॥ દેખોરી જિણંદા પ્યારા ॥ એ આંકણી ॥ ચરમ પયડિકો ફલ વિખરિયાં, ચરમ તીરથ સલતાન ॥ દે૦ ॥ દર્શન દેખત મગન ભયે હે, માગત ક્ષાયિક દાન ॥ દે૦ ॥ ૧ ॥ પંચમ વિઘનકો ખય ઉપશમસેં, હોવત હમ નહીં લીન ॥ દે૦ ॥ પાંગલ બળહીણા દુનિયામેં, વીરો સાલવી દીન ॥ દે૦ ॥ ૨ ॥ હરિબળ ચક્રી શક્ર જ્યું બળી એ, નિર્બળકુળ અવતાર ॥ દે૦ ॥ બાહુબળી બળ અક્ષય કીનો, ધન ધન વાલીકુમાર ॥ દે૦ ॥ ૩ ॥ સફળ ભયો નર જન્મ હમેરો, દેખત જિનદેદાર ॥ દે૦ ॥ લોહચમક જ્યું ભગતિસેં હલિયે,

પારસ સાંઈ વિચાર ॥ દે૦ ॥ ૪ ॥ કીરયુગલ વ્રીહિ ચંચુમેં ધરતે, જિન પૂજત ભએ દેવ ॥ દે૦ ॥ અક્ષતસેં અક્ષતપદ દેવે, શ્રી શુભવીરકી સેવ ॥ દેખોરી૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ ક્ષિતિતલે૦ ॥ ૧ ॥ સહજભાવ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ વીર્યાંતરાયદહનાય ॥ અક્ષતાન્ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ વીર્યાંતરાયદહનાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણ ॥ ૬ ॥

॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નિર્વેદી આગળ ધરો, શુચિ નૈવેદ્યનો થાળ ॥
વિવિધજાતિ પકવાન્નશું, શાળી અમ્લક દાળ ॥ ૧ ॥
અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહ ગઇઅ અનંત ॥
દૂર કરો એમ કીજીએ, દિઓ અણાહારી વદંત ॥ ૨ ॥

॥ ઢાળ સાતમી ॥

(રાગ કાફી — અખિયનમેં ગુલઝારા.— એ દેશી.)

અખિયનમેં અવિકારા, જિણંદા તેરી અખિયનમેં અવિકારા ॥ રાગ દ્વેષ પરમાણું નિપાયા, સંસારી સવિકારા ॥ જિ૦ ॥ શાંતરુચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્રા મનોહારા ॥ જિ૦ ॥ ૧ ॥ દ્રવ્ય ગુણ પરજાય ને મુદ્રા, ચઉગુણ ચૈત્ય ઉદારા ॥ જિ૦ ॥ પંચ વિઘ્ન ઘન પટલ પલાયા, દીપત કિરણ હજારા ॥ જિ૦ ॥ ૨ ॥ કર્મ વિનાશી સિદ્ધસ્વરૂપા, ઇમ-

તીસ ગુણ ઉપચારા ॥ જિ૦ ॥ વરણાદિક વિશ દૂર પલાયા, આગિઈ પંચ નિવારા ॥ જિ૦ ॥ ૩ ॥ તીન વેદકા છેદ કરાયા, સંગરહિત સંસારા ॥ જિ૦ ॥ અશરીરી ભવબીજ દહાયો, અંગ કહે આચારા ॥ જિ૦ ॥ ૪ ॥ અરૂપી પણ રૂપારોપણસેં, ઠવણા અણુયોગદ્વારા ॥ જિ૦ ॥ વિષમકાલ જિન બિંબ જિનાગમ, ભવિયણકું આધારા ॥ જિ૦ ॥ ૫ ॥ મેવા મીઠાઈ થાળ ભરીને, ષટ્રસ ભોજન સારા ॥ જિ૦ ॥ મંગળ તૂર બજાવત આવો, નર નારી કર થારા ॥ જિ૦ ॥ ૬ ॥ નૈવેદ્ય ઠવી જિન આગે માગો, હલિ નૃપ સુર અવતારા ॥ જિ૦ ॥ ટાળિ અનાદિ આહારવિકારા, સાતમે ભવ અણાહારા ॥ જિ૦ ॥ ૭ ॥ સગવિહ શુદ્ધિ સાતમી પૂજા, સગગઈ સગભય હારા ॥ જિ૦ ॥ શ્રી શુભવીર વિજય પ્રભુ પ્યારા, જિનઆગમ જયકારા ॥ જિણંદા૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ અનશનં૦ ॥ ૧ ॥ કુમતબોધ૦ ॥ ૨ ॥

॥ અથ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ સિદ્ધપદપ્રાપણાય ॥ નૈવેદ્યં ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ સિદ્ધપદપ્રાપણાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણ ॥ ૭ ॥

॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કર્મદળ ચૂરવા, આઠમી પૂજા સાર ॥

પ્રભુ આગળ ફળ પૂજતાં, ફળથી ફળ નિર્ધાર ॥ ૧ ॥
ઈંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ ॥
પુરૂષોત્તમ પૂજી કરી, માગે શિવફળ ત્યાગ ॥ ૨ ॥

॥ ઢાળ આઠમી ॥

(રાગ ધન્યાશ્રી.—ગિરૂઆ રે ગુણ તુમતણા – એ દેશી)

પ્રભુ તુજ શાસન અતિ ભલું, માને સુરનર રાણો રે ॥ મિચ્છ અભવ્ય ન ઓળખે, એક અંધો એક કાંણો રે ॥પ્ર૦॥ ॥ ૧ ॥ આગમવયણે જાણીયે, કર્મતણી ગતિ ખોટી રે ॥તીસ કોડાકોડી સાગરૂ, અંતરાય થિતિ મોટી રે ॥ પ્ર૦ ॥ ૨ ॥ ધ્રુવ બંધી ઉદયી તથા, એ પાંચે ધ્રુવસત્તા રે ॥ દેશઘાતિની એ સહી, પાંચે અપરિયત્તા રે ॥ પ્ર૦ ॥ ૩ ॥ સંપરાય બંધે કહી, સત્તાઉદયે થાકી રે ॥ ગુણઠાણું લહી બારમું, નાઠી જીવ વિપાકી રે ॥ પ્ર૦ ॥૪॥ જ્ઞાનમહોદય તેં વર્યો, ઋદ્ધિ અનંત વિલાસી રે ॥ ફળપૂજા ફળ આપીયે, અમે પણ તેહના આશી રે ॥ પ્ર૦ ॥ ૫ ॥ કીરયુગલશું દુર્ગતા, નારી જેમ શિવ પામી રે ॥ અમે પણ કરશું તેહવી, ભક્તિ ન રાખું ખામી રે ॥ પ્ર૦ ॥૬॥ સાચી ભકતે રીઝવી, સાહિબ દિલમાં ધરશું રે ॥ ઉત્સવ રંગ વધામણાં, મનવાંછિત સવિ કરશું રે ॥ પ્ર૦ ॥ ॥ ૭ ॥ કર્મસૂદન તપ તરૂફળે, જ્ઞાન અમૃતરસ ધારા રે ॥ શ્રી શુભવીરને આશરે, જગમાં જયજયકારા રે ॥ પ્રભુ૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ શિવતરોઃ ॥ ૧ ॥ શમરસૈઃ ॥ ૨ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ અષ્ટમકર્મોચ્છેદનાય ॥ ફલાનિ ય૦ ॥ સ્વાહા ॥

॥ ઇતિ અષ્ટમકર્મોચ્છેદનાર્થં અષ્ટમ ફલપૂજા સંપૂર્ણ ॥ ૮ ॥

(હવે પ્રત્યેક દિવસે આઠમી પૂજાને અંતે કળશ ભણીને પછી કાવ્ય અને મંત્ર ભણવો. તે કળશ પ્રારંભિયે છૈયે.)

॥ અથ કલશ ॥

(રાગ ધન્યાશ્રી.—તુઠો તુઠો રે.—એ દેશી.)

ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો ॥ ત્રિશલામાતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો ॥ તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે ॥ મહા૦ ॥ ૧ ॥ રયણ સિંહાસન બેશી ચઉમુખ, કર્મસૂડણ તપ ગાયો ॥ આચાર દિનકરે વર્દ્ધમાનસૂરિ, ભવિ ઉપગારે રચાયો રે ॥ મહા૦ ॥ ॥ ૨ ॥ પ્રવચનસારોદ્ધાર કહાવે, સિદ્ધસેન સૂરિરાયો ॥ દિન ચઉસઠ્ઠિ પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે ॥ મહા૦ ॥ ॥ ૩ ॥ ઉજમણાથી તપફળ વાધે, ઇમ ભાંખે જિનરાયો ॥ જ્ઞાન ગુરૂ ઉપગરણ કરાવો, ગુરૂગમવિધિ વિરચાયો રે ॥મહા૦॥ ॥ ૪ ॥ આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો ॥ નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે ॥ મહા૦ ॥ ૫ ॥ વિજયજિનેંદ્ર સૂરીશ્વરરાજ્યે, તપગચ્છ કેરો રાયો ॥ ખુશાલવિજય માનવિજય વિબુધના, આગ્રહથી

વિરચાયો રે ॥ મહા૦ ॥ ૬ ॥ વડ ઓશવાલ ગુમાનચંદસુત, શાસનરાગ સવાયો ॥ ગુરૂભક્તિ શા ભવાનચંદ નિત્ય, અનુમોદન ફળ પાયો રે ॥ મહા૦ ॥ ૭ ॥ મૃગ બળદેવ મુનિ રથકારક, ત્રણ્ય હુઆ એક ઠાયો ॥ કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયો રે ॥ મહા૦ ॥ ૮ ॥ શ્રી વિજયસિંહ સૂરિશ્વર કેરા, સત્યવિજય બુધ ગાયો ॥ કપૂરવિજય તસ ખિમાવિજય જસ, વિજય પરંપર ધ્યાયો રે ॥ મહા૦ ॥ ૯ ॥ પંડિત શ્રી શુભવિજય સુગુરૂ મુજ, પામી તાસ પસાયો ॥ તાસ શિષ્ય ધીરવિજય સલૂણા, આગમ રાગ સવાયો રે ॥ મહા૦ ॥ ૧૦ ॥ તસ લઘુબાંધવ રાજનગરમેં, મિથ્યાત્વપુંજ જલાયો ॥ પંડિત વીરવિજય કવિરચના, સંઘ સકળ સુખદાયો રે ॥ મહા૦ ॥ ૧૧ ॥ પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો ॥ કરતા જેમ નંદીસર દેવા, પૂરણ હર્ષ સવાયો રે ॥ મહા૦ ॥ ૧૨ ॥

॥ કળશ ॥ શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ધ ટો કરી ॥ તવ મોહપુંજ સમ્લ જલતે, ભાંગતે સગ ઠીકરી ॥ હમ રાજતે જગ ગાજતે દિન, અખયતૃતીયા આજથેં ॥ શુભવીર વિક્રમ વેદ મુનિ વસુ, ચંદ્ર વર્ષ વિરાજતે ॥ ॥ ૧ ॥ (સંવત ૧૮૭૪)

॥ ઇતિ અષ્ટમ દિવસેઽધ્યાપનીય અંતરાયકર્મસૂદનાર્થં અષ્ટમ પૂજાષ્ટકં સંપૂર્ણ ॥

અહીં આઠે કર્મનું મૂળ ઉચ્છેદવાને અર્થે, પ્રત્યેક કર્મ આશ્રયી ઉપવાસથકી માંડીને અષ્ટ કવલ પર્યંતનું તપ દિન આઠસુધી કરવું, તેને કર્મસૂદન તપ કહે છે. તે તપ આઠ કર્મનું મળી ચોસઠ દિવસપર્યંત કરવું. તેનો યંત્ર લખીયે છીયે.

કર્મની સંખ્યાના અંક	જે કર્મસૂદન આશ્રી તપ કરવું, તે કર્મના નામનું કોષ્ટક.	ઉપવાસ.	એકાસણું.	એકસીથ.	એકલઠાણું.	એકદત્તી.	નીવી.	આયંબિલ.	અષ્ટકવલ.
૧	જ્ઞાનાવરણીય.	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૨	દર્શનાવરણીય.	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૩	વેદનીયકર્મ.	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૪	મોહનીયકર્મ.	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૫	આયુઃકર્મ.	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૬	નામકર્મ.	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૭	ગોત્રકર્મ.	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૮	અંતરાયકર્મ.	૧	૧	૧	૧	૧	૧	૧	૮

॥ ઇતિ પંડિત શ્રી વીરવિજયજી કૃત ॥

॥ ચોસઠપ્રકારીપૂજા સમાપ્ત ॥

॥ श्री ॥

॥ विविध पूजासंग्रह ॥

ભાગ ૨ જો.

પંડિત શ્રી રૂપવિજયજીકૃત પૂજાઓ.

અથ શ્રી

પંચકલ્યાણકપૂજા પ્રારંભ.

॥ तत्र ॥

॥ प्रथम श्री च्यवनकल्याणकपूजा ॥

॥ દોહા ॥

અમરનિકર નિત જેહના, ભક્તિરસે ભરપૂર ॥ પદપંક-જ પૂજા કરી, કરે કર્મ ચકચૂર ॥ ૧ ॥ ઉક્કોસય સત્તરિસયા, જિનવર જગસિણગાર ॥ પ્રણમી ગાશ્યું તેહના, પંચ ક-લ્યાણક સાર ॥ ૨ ॥ ચવન જનમ વ્રત કેવળી, મોક્ષ તે પં-ચમ જાણ ॥ પ્રેમે પૂજા ભવિ કરી, લહો કલ્યાણ કલ્યાણ

॥ ૩ ॥ ધન તે ગામ નગર પૂરી, ધન્ય તેહ નર નાર ॥ જિહાં કલ્યાણક જિનતાણાં, ધન્ય તેહના અવતાર ॥ ૪ ॥ હરિ જિન કલ્યાણક કરી, જઈ નંદિસર ઠામ ॥ અઠ્ઠાઈ મહિમા કરી, જાયે નિજ નિજ ધામ ॥ ૫ ॥ તિણવિધ સાવય શ્રાવિકા, સમકિતી અણુવ્રતી ખાસ ॥ પૂજા કરી જિનરાજની, તોડે કર્મના પાસ ॥૬॥ અડ નવ સત્તર પ્રકારથી, જિનપૂજા કરી સાર ॥ જિનપદ પામી જુગતથી, લહો ભવિ ભવજળ પાર ॥૭॥

॥ ઢાળ પહેલી ॥

(લાવો લાવોને રાજ, મુઘાં મુલાં મોતી.—એ દેશી.)

પૂજો પૂજોને રાજ, જિનવર જગ ઉપકારી ॥ ધ્યાવો ધ્યાવોને રાજ, પરિણતિ શુદ્ધ સમારી ॥ એ ટેક ॥ અભયંકર શંકર પરમેશ્વર, જગદીશ્વર ઉપકારી ॥ વિશથાનિક કરી તીર્થંકરપદ, જિણે બાંધ્યું હિતકારી ॥ પૂજો૦ ॥ ૧ ॥ ત્રણ્યે વેદે તીર્થપતિ પદ, મનુજગતે નિરધારી ॥ તેત્રીશ સાત સાગર સુર નારક, દીરઘ જિનબંધ ધારી ॥ પૂજો૦ ॥ ૨ ॥ અધિક પ્રતાપ તેજ સવી સૂરથી, ચ્યવનાવધિ નિરધારી ॥ સકલ અધિક ગુણ અતિશય ધારી, સમકિત નિર્મળકારી ॥ પૂજો૦ ॥ ૩ ॥ કર્મભૂમિમાં ઉત્તમ નૃપકુલ, શીલ સુશીલા નારી ॥ કૂખે વિષયસુખ તજી તાજાં, ઉપજે જગહિતકારી ॥ પૂજો૦ ॥ ૪ ॥ સુર પાતાલિક ગતિગત મતિ શ્રુત, અવધિજ્ઞાનના ધારી ॥ ગર્ભે રહ્યા વાદલગત રવિપરે, ગુઢગર્ભે હિત-

કારી ॥ પૂજો૦ ॥ ૫॥ અશિવ ઉપદ્રવ દૂર પલાયે, હરખે સુર નર નારી ॥ નારકી પણ ખિણ સુખ લહે મીઠાં, દુઃખ દોહગ વિસારી ॥ પૂજો૦ ॥ ૬ ॥ તિર્થંકરપદ ઉદય તે અભિમુખ, હરિ રવિપરે નિરધારી ॥ આસન કંપે સુરપતિ જંપે, અવધિ જ્ઞાને વિચારી ॥ પૂજો૦ ॥ ૭ ॥ સિંહાસનથી સુરપતિ ઉઠી, પાદુકા પગથી ઉતારી ॥ સાત આઠ પદ સન્મુખ જઇને, જિનદિસે અંબકધારી ॥ પૂજો૦ ॥ ૮ ॥ પ્રભુપદ પદ્મ નમે મનરંગે, અંજલિ શિરપર ધારી ॥ રૂપવિજય કહે નમોથુણં ભણે, હરિ સમકિત શુચિકારી ॥ પૂજો૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ શાર્દુલવિક્રીડિતવૃત્તમ્ ॥

॥ ગર્ભસ્થાપિસ્યાત્સ્તુતા હરિગણૈર્જાતાસ્તુ સ્વર્ણાચલે ॥ સદ્ભક્ત્યાશચિનાયકૈઃ શુચિતરૈઃ કુંભાંબુભિસ્નાપીતાઃ ॥ દીક્ષાકેવલજ્ઞાનપર્વણિ મહાનંદાપ્તિકાલેસુરૈઃ ॥ સદ્બોધાપ્તિ કૃતેઽર્ચિતા જિનવરાઃ પાંતુ સદાદેહિનામ્ ॥ ૧ ॥

॥ અથ મંત્રઃ ॥ ૐ ह्रीं શ્રીં પરમાત્મને અનંતાંનતજ્ઞાનશક્તયે જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રી પરમેષ્ટિને જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા ॥

॥ આ કાવ્ય તથા મંત્ર દરેક પૂજાદીઠ કહેવાં ॥

॥ ઇતિ પ્રથમ શ્રી ચ્યવનકલ્યાણકપૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ ગીત ॥ દોહા ॥

મઘવા મન હરખીત થઈ, જઈ જિન જનની પાસ ॥
કહે દેવી સુત તાહરો, પુરશે જગની આશ ॥ ૧ ॥
ચૌદભુવનનાયક ચતુર, સુરપતિ સેવિત પાય ॥
તીર્થંકર કુળ તમતણે, હોશે જગસુખદાય ॥ ૨ ॥
વાસભુવન સુખ સેજમાં, સુતી જગપતિ માય ॥
ચૌદસુપન દેખી તદા, હરખે પુલકિત થાય ॥ ૩ ॥

॥ ઢાળ બીજી ॥

(ઋષભ જિનેસર રાયજી.—એ દેશી.)

કંતને જઈ કહે કામની રે, સામી સુપન દીઠાં સુણો તેહ વાલા ॥ ગયવર પહેલે સોહતો રે, બીજે વૃષભ મનોહર દેહ વાલા ॥ ૧ ॥ હરિ સિરી દામ સોહામણી રે, શશિ રવિ ધ્વજ સોહાય વાલા ॥ કલશ ને પદમ સરોવરૂ રે, ખીરસાયર આવ્યો દાય વાલા ॥ ૨ ॥ ભુવન વિમાન તે જાણીએ રે, રયણરાશી મન આણ વાલા ॥ નિર્ધૂમ અગની ચૌદમે રે, દીઠો સુણો ગુણની ખાણ વાલા ॥ ૩ ॥ નૃપ કહે સુત હોશે ગુણી રે, સુપનપાઠક પરભાત વાલા ॥ તેડી પૃછ્યાથી કહે રે, અરિહા સુત હોશે ખ્યાત વાલા ॥ ૪ ॥ સાંભળી દંપતિ હરખીયાં રે, દીએ દાન કરી સન્માન વાલા ॥ ગર્ભપોષણ જનની કરે રે, મન ધરતી ધર્મનું ધ્યાન વાલા ॥ ૫ ॥ હરિ જિનભગતિરસે કરી રે, શ્રીપતિને કહે તામ વાલા ॥ રયણ

કંચને નૃપ ઘર ભરી રે, કરો જિનભગતિ અભિરામ વાલા ॥૬॥ આળસ ટાળી અંગથી રે, કરશું શ્રી જિનસેવ વાલા ॥ પરમેષ્ટિપદ ધ્યાઇને રે, અમે ગાશું દેવાધિદેવ વાલા ॥ ૭ ॥ શુચિતર સમકિત પાળીને રે, કરશું આતમ શુદ્ધ વાલા ॥ કારણે કારજ નિપજે રે, બોધકથી હોય બુદ્ધ .વાલા ॥ ૮ ॥ જિન ઉત્તમ પદપદ્મની રે, કરશું ભગતિ એક ચિત્ત વાલા ॥ રૂપવિજય સુખસંપદા રે, પામશું ચડતી નિત્ય વાલા ॥ ૯ ॥

॥ ઇતિ પ્રથમ શ્રી ચ્યવનકલ્યાણકપૂજા ગીત સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय श्री जन्मकल्याणकपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

મેદનિ અન્નભરે ભરી, સુખકારી ગંધવાહ ॥
પુષ્પફલે તરૂગણ લસે, સહુ જન મન ઉત્સાહ ॥ ૧ ॥
અર્કાદિક ગ્રહ ઉચ્ચના, છત્રાદિક બહુ જોગ ॥
મધ્યરયણી જનમે જિના, પ્રગટ્યા પુન્ય સંજોગ ॥૨॥
સકલ દિશા સુપ્રસન્ન થઈ, ત્રિભુવન થયો પ્રકાશ ॥
છપ્પન દિશિકુમરી તદા, આવી ધરી ઉલ્લાસ ॥ ૩ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(આવ્યાં છું આશ ભર્યાં રે, વાલાજી અમે આવ્યાં રે આશ ભર્યા.—એ દેશી.)

આવ્યાં અમે હરખ ભર્યાં રે, વાલાજી અમે આવ્યાં રે હરખ ભર્યાં ॥ એ ટેક ॥ શ્રી જિનરાજની સેવા કરતાં, સઘળાં

કાજ સર્યાં ॥ દુલ્લભ જિનમુખ નયણે નીરખત, હરખીત હઇડાં ઠર્યાં રે ॥ વા૦ ॥ ૧ ॥ અડથાનિકથી અષ્ટપ્રકારે, નિજનિજ કાજ કર્યાં ॥ જ્યોતિ ઝગમગ દેખી પ્રભુની, હરખે હિયડાં ભર્યાં રે ॥ વા૦ ॥ ૨ ॥ જનમગેહથી જોજન ખેત્રનાં, કચવર દૂર હર્યાં ॥ જાનું પ્રમાણે જલ થલ કુસુમે, ફુલનાં પગર ભર્યાં રે ॥ વા૦ ॥ ૩ ॥ રંભાત્રિકઘર જિન જિનઅંબા, ભગતિ રસથી ભર્યાં ॥ પુણ્યની ભરણી સૂતક કરણી, કરી સંસાર તર્યાં રે ॥ વા૦ ॥૪॥ વિંજણ ચામર દરપણ દીપક, કરમાં કળશ ભર્યા ॥ નિજ નિજ દિશ રહી જિનગુણ ગાઇ, પરમ પ્રમોદ ભર્યા રે ॥ વા૦ ॥ ૫ ॥ ત્રિભુવન નાયક મુખડું જોતાં, પાતિક દૂરે હર્યાં ॥ સમકિત શુદ્ધિકરણ કરી કરણી, ભવસાગરને તર્યાં રે ॥ વા૦ ॥ ૬ ॥ ધન્ય ધન્ય સુરભવ ભગતિ અમારી, જન્મકારજ એ કર્યાં ॥ અવિરતિપણે પણ વિરતિતણિપરે, અમ્હ સવિ કાજ સર્યાં રે ॥ વા૦ ॥ ૭ ॥ શ્રી જિનવર મુખ પદ્મ નિહાલી, ભવસાયરને તર્યા ॥ રૂપ કહે જિન રૂપ નિહાળી, કારજ સકલ સર્યાં રે ॥ વા૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ ગર્ભસ્થાપિ૦ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંત જ્ઞાનશક્તયે જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમદર્હતે જલમ્ ચંદનં૦ ॥ યાવત્ ફલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ દ્વિતીય શ્રી જન્મકલ્યાણકપૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ ગીત ॥ દોહા ॥

ઇણે અવસર સવિ ઇંદ્રિના, થીર આસન ડોલાય ॥
અવધિજ્ઞાને જિન જનમિયા, જાણે સવિ સૂરરાય ॥૧॥
સન્મુખ જઈ આસન તજી, કરી શક્રસ્તવ પાઠ ॥
જિન જન્મોત્સવ કારણે, કરી રિદ્ધિનો ઠાઠ ॥ ૨ ॥
ત્રેસઠ સુરપતિ સુરસુરી, સાથે સુરગિરિ જાય ॥
સોહમપતિ જિનપતિ ધરે, નમી જિનજનની પાય ॥૩॥
ધન્ય કૃતારથ સફળ તુજ, જીવિત ભાગ્ય અનંત ॥
પ્રાચિ સવિતાની પરે, તેં જાયો ભગવંત ॥ ૪ ॥

॥ ઢાળ ચોથી ॥

(આવે આવે રે અચિરાનો નંદ, લટકે આવે રે—એ દેશી.)

આવે આવે રે હરિ જિનગેહ, હરખે આવે રે ॥ જિનરાજતણા ગુણગ્રામ, ભગતે ગાવે રે ॥ એ ટેક ॥ અવસ્વાપિણિ નિદ્રા દઈ માતને, પડિબિંબ મૂકી પાસે રે ॥ પંચરૂપ કરી જિન કરપુટ ગ્રહી, ધરતો મન ઉલ્લાસ ॥ હ૦ ॥ ૧ ॥ છત્ર ધરે એક રૂપ કરી હરિ, દો તિમ ચામર વિંઝે રે ॥ પંચમ રૂપે વજ્ર ઉલાળતો. શચિપતિ હિયડે રીઝે ॥ હ૦ ॥ ૨॥ સુરગિરિશિખરે આસન ઉપરે, હરિ જિન અંકે થાપે રે ॥ તવ અચ્યુતપતિ સેવક સુરને, આણા ઈણીપરે આપે ॥ હ૦ ॥૩॥ સુરસરિ સાયર દ્રહ તીરથના, જળકુંભા ભરી લાવો રે ॥ આઠસહસને ચોસઠ કલશા. ઓષધિવાસિત ઠાવો ॥ હ૦ ॥૪॥

અચ્યુતપતિ સામાનિક પમુહા, સાથે જિન ન્હવરાવે રે ॥ અંગ લુહી ચંદને તનુ ચરચી, આભૂષણ પહેરાવે ॥ હ૦ ॥૫॥ ઇમ ત્રેસઠ સુરનાથે નાથનું, સ્નાત્ર કર્યું મનરંગે રે ॥ ઈશાન ઇંદ્રને અંકે જિનને, હરિ થાપી ઉછરંગે ॥ હ૦ ॥ ૬ ॥ વૃષભ રૂપ ચઉ આઠ સિંગની, ગગનધાર થઈ એક રે ॥ છત્રાકારે જિનતનું સિંચિ, ધરી મન અધિક વિવેક ॥ હ૦ ॥૭॥ વિધિ પૂર્વક પૂજી જિન કર કરી, હરિ આવે જિનગેહ રે ॥ જનની પાસે થાપી જિનને, વરસી ધન ધન મેહ ॥ હ૦ ॥ ૮ ॥ નિદ્રા અપહરી નંદિસર જઈ, ઉત્સવ કરી ગયા ઠામ રે ॥ રૂપવિજય કહે બીજે કલ્યાણકે, જપો અર્હંતે નામ ॥ હ૦ ॥ ૯ ॥

॥ ઇતિ દ્વિતીય શ્રી જન્મકલ્યાણકપૂજા ગીત સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय श्री दिक्षाकल्याणकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નરપતિ પણ સુત જન્મનો, ઉત્સવ કરે પ્રભાત ॥ બંધીખાનાં છોડીયાં, ધવલ મંગળ વિખ્યાત ॥ ૧ ॥ નગર સચલ સિણગારીયું, ઉરણ કીધાં લોક ॥ સ્વજન સયલ સનમાનિયા, રયણ કંચન દેઈ રોક ॥ ૨ ॥ માનોન્માન વધારીયાં, દીધાં દાન અપાર ॥ તોરણ બાંધ્યાં ઘરઘરે, ઉત્સવનો નહિ પાર ॥ ૩ ॥ ગુણ રૂચિ મતિ અનુમાનથી, શુચિ અભિધા ધરે તામ ॥ કલ્પાંકુરપરે જિનવરા, વધે નિત ગુણ અભિરામ ॥ ૪ ॥ સદંસક સંચારિયો, અમૃતનું કરે પાન ॥

પણ જિનવર ધાવે નહિ, નિજપર જનની થાન ॥ ૫ ॥ બાલ કાલ ચેષ્ટા નહીં, જ્ઞાનત્રિકે અભિરામ ॥ મધુરાલાપિ પ્રિયંકરા, જગદોત્તમ ગુણધામ ॥ ૬ ॥

॥ ઢાળ પાંચમી ॥

(વૃન્દાવનમાં વીણા બજાવી, ગોપીને વિન્હલ કીધી રે.—એ દેશી)

શ્રી જિનરાજ જગત્ હિતકારી, મૂરતી મોહનગારી રે ॥ સકલકળા પૂરણ શશિની પેરે, હું જાઉં બલિહારી રે ॥શ્રી૦॥ ॥ ૧ ॥ દેહ સુગંધી રૂપ અનોપમ, અનુત્તરસુર છબી હારી રે ॥ કમલ સુગંધી શ્વાસ મનોહર, દૃષ્ટિ સુધારસ ક્યારી રે ॥ શ્રી૦ ॥ ૨ ॥ તીન લોકમાં જાસ ન ઉપમ, જગદોત્તમ જયકારી રે ॥ જોવને ઇંદ્રીજયી થીર આતમ, તત્ત્વરૂચિ શુચિ ધારી રે ॥ શ્રી૦ ॥ ૩ ॥ ભોગકરમફળ રોગતણી પરે, ભોગવે રાગ નિવારી રે ॥ પરવાલાપરે બાહ્ય રંગ ધરે, પણ અંતર અવિકારી રે ॥ શ્રી૦ ॥ ૪ ॥ હવે જગદીશ્વર દિક્ષા અવસર, જુએ અવધિ સંભારી રે ॥ તવ લોકાંતિક સુર તિહાં આવી, કરે વિનતિ મનોહારી રે ॥ શ્રી૦ ॥ ૫ ॥ જયજય જગદાનંદ જગદ્ ગુરૂ, ધર્મતીરથ વિસ્તારી રે ॥ મોક્ષમારગ સુખસાગર માંહી, ઝીલાવો નરનારી રે ॥ શ્રી૦ ॥ ૬ ॥ ધર્મપ્રભાવના કારણ જગગુરૂ, અનુકંપા પણ ધારી રે ॥ વરસીદાન દીએ જગદીશ્વર, દારિદ્રરોર નિવારી રે ॥ શ્રી૦ ॥ ૭ ॥ શ્રી જિનહાથે દાન ગ્રહે જે, ભવ્ય તેહ નરનારી રે ॥ પ્રભુકર પદ્મ ધરે

જસ ઉપર, તે ચિદ્રૂપના ધારી રે ॥ શ્રી૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ ગર્ભસ્થાપિ૦ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંત જ્ઞાનશક્તયે જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રી પરમાત્મને જલં ચંદનં યાવત્ ફલં યજામહે સ્વાહા ॥ ૩ ॥

॥ ઇતિ તૃતીય શ્રી દિક્ષાકલ્યાણક પૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ ગીત ॥ દોહા ॥

સુરતરૂપરે હવે જિનવરૂ, મનવંછિત દિએ દાન ॥
વસ્ત્ર આભૂષણ ગજ તુરી, ઘણું કરી સનમાન ॥ ૧ ॥
વિ.વિધ જાતિ ભોજન ભરે, સંતોષી બહુ લોક ॥
દિન પ્રતે કોડિને લાખ અડ, દિએ સોનૈઆ રોક ॥ર ॥
ત્રણસેં અઠ્યાસી અધિક, કોડિ ઉપર અસીલાખ ॥
દાન સંવચ્છરી જિન દિએ, કલ્પભાષ્યની શાખ ॥૩॥
અનુમતિ લેઈ સ્વજનની, કરી ઉચિત તપ ખાસ ॥
વ્રત લેવાને જિનવરા, ધરે મન અધિક ઉલ્લાસ ॥ ૪ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(મ્હારો પીયુડો વ્રતધર થાય, સખી શું કહીએ રે; મને દાખો કોઈ ઉપાય, નેમજીને વરીએ રે.—એ દેશી.)

જિનરાજ લીએ વ્રત આજ, સુણો સવિ દેવા રે ॥ કરો ત્રિકરણ જોગ સમારી, ચરણની સેવા રે ॥ એ ટેક ॥ સુરપુરીસમ સોહામણી રે, જિનપુરી સોહે એહ ॥ દિક્ષાકલ્યા-

ણક મહકરી, અમ્હે કરશું નિર્મળ દેહ ॥ સુ૦ ॥ ક૦ ॥ ૧ ॥ ભગતિકરણ ભગવંતની રે, સગતિ છતે કરે ન્યૂન ॥ પુ-ણ્યાનુંબંધી પુણ્યનાં, તે પામે ફળમાં ઉન ॥ સુ૦ ॥ ક૦ ॥ ॥ ૨ ॥ ઇંદ્રિવચણ ભગતિરસે રે, લચ્છીતણે અનુસાર ॥ દેવ દેવી હરખે કરી, સહુ આવે જિન દરબાર ॥ સુ૦ ॥ ક૦ ॥ ॥ ૩ ॥ ભગતીરસે ભગવંતની રે, રયણ સિંહાસને તામ ॥ ઓષધિયુત તીર્થોદકે, સામગ્રી કરે અભિરામ ॥ સુ૦ ॥ ક૦ ॥ ॥ ૪ ॥ રજત કનક મણિના કરી રે, કલશા શચિપતિ તેહ ॥ નૃપકૃત કલશાંતર ઠવિ, અભિષેક કરે ધરી નેહ ॥ સુ૦ ॥ક૦॥ ॥ ૫ ॥ નૃપશિબિકા મધ્યે ઠવી રે, સુરશિબિકા અભિરામ ॥ સિંહાસન ઠવિ નાથને, વહે નર પૂર્વક સુર તામ ॥ સુ૦ ॥ ॥ ક૦ ॥ ૬ ॥ શક્ર ઇશાન સુરેશ્વરૂ રે, વિંજે ચામર દોય પાસ ॥ જયજયધ્વનિ સુરનર કરે, મન ધરતા હરખ ઉલ્લાસ ॥ સુ૦ ॥ ક૦ ॥ ૭ ॥ દેવ બજાવે દુંદુભિ રે, વરસે કુસુમના મેહ ॥ નાચે સાચે ભાવથી, સુરસુંદરી ધરતી નેહ ॥ સુ૦ ॥ ॥ ક૦ ॥૮॥ નરનારી થોકે મળી રે, ગાતી જિન ગુણ ગિત ॥ રૂપ કાંતિ સૌભાગ્યતા, અભિલાષ ધરે નિજ ચિત્ત ॥ સુ૦ ॥ ॥ ક૦ ॥ ૯ ॥ નયરબાહીર ઉધાનમાં રે, અશોકતરૂને ઠામ ॥ તજી આભૂષણ અનુક્રમે, પંચમુષ્ટિ લોચ કરે તામ ॥ સુ૦ ॥ ॥ ક૦ ॥૧૦॥ કોલાહળ વારે હરિ રે, વ્રત ઉચરે જિનરાજ ॥ દેવદુષ્ય ખંધે ઠવી, કહે સુરપતિ સારો કાજ ॥ સુ૦ ॥ ક૦ ॥

॥ ૧૧ ॥ " નમોનાથાય " કહી સહુ રે, ઇંદ્ર નંદિસરે જાય ॥ પ્રભુપદ પદ્મ પૂજન કરી, ચિદ્રૂપ વિજયપદ ધ્યાય ॥ સુણો સવિ દેવા રે ॥ કરો ત્રિકરણજોગ સમારી૦ ॥ ૧૨ ॥

॥ ઇતિ તૃતીય શ્રી દિક્ષાકલ્યાણકપૂજા ગીત સમાપ્ત ॥૩॥

॥ अथ चतुर्थ श्री केवलज्ञानपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચરણ શુદ્ધ પ્રતિપત્તિને, લગતે સમયે તામ ॥ ચોથું જ્ઞાન તે ઉપજે, મનઃપર્યવ અભિરામ ॥ ૧ ॥ તદનંતર જિન સ્વજનને, પૂછી કરે વિહાર ॥ દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી, નહિ પ્રતિબંધ લગાર ॥ ૨ ॥ કર્મ કઠિન દલ ખંડવા, તપ તપતા જિન સુર ॥ દિનદિન હાટકની પરે, વરતે ચઢતે નૂર ॥ ૩ ॥ પારણું જસધર જિન કરે, કર્મ સબલ મદમોડી ॥ સોવનવૃષ્ટિ સુર કરે, સાડીબારહ કોડી ॥ ૪ ॥

॥ ઢાળ સાતમી ॥

(પંથડો નિહાળુ ૨ બાજા જિનતણો રે—એ દેશી.)

શ્રી જિન પૂજો રે ભાવે ભવિજના રે, કરી શુચિરૂચિ નિરધાર ॥ ચરણ કરણ ગુરૂગણધર જિનવરૂ રે, તિનભુવન શિણગાર ॥ શ્રી૦ ॥ ૧ ॥ પરિષહઝીપક દીપક જગતના રે, કરૂણારસ ભંડાર ॥ ઉપસર્ગ સોલટોલ દૂરે કરી રે, પ્રતિમા પાલનહાર ॥ શ્રી૦ ॥ ૨ ॥ સંજમગુણ શ્રેણી પગથાલીએ રે, ચઢતા શ્રી જિનરાજ ॥ ધર્મધ્યાનધોરી વસુધાતળે રે, સાધે

આતમકાજ ॥ શ્રી૦ ॥ ૩ ॥ નિજનિજ છઉમત્થકાલ પ્રમાણથી રે, સાધે સાધન સાર ॥ સાધ્યપદે રમતા સમતાધરે રે, શુકલધ્યાન ધરનાર ॥ શ્રી૦ ॥ ૪ ॥ ખંતિ મુત્તિ મદ્દવ અજ્જવા રે, આલંબન ગ્રહિ ચાર ॥ ચઉ અણુપેહાએ સંસારનો રે, ધ્યાયે અસાર પ્રકાર ॥ શ્રી૦ ॥ ૫ ॥ ધ્યાતા ધ્યેય ધ્યાન એકત્વતા રે, દ્રવ્યાદિક ત્રિકમાંહિ ॥ આત્મઅભેદે સોહંપદ વરૂ રે, ન કરે થિરપદ કયાંહિ ॥ શ્રી૦ ॥૬॥ દ્વિતીયભેદે એકત્વગુણે રમે રે, ગુણપરજાય મુઝાર ॥ અંતરમુહૂરત ચઉ ઘાતી હણી રે, થયા સનાતક સાર ॥ શ્રી૦ ॥૭॥ શુકલધ્યાન દોય ભેદે ધ્યાઇને રે, પામ્યા કેવળજ્ઞાન ॥ જિન ઉત્તમ મુખ પદ્મ વચન સુણી રે, લહો ચિદ્રૂપ નિધાન ॥ શ્રી૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ ગર્ભસ્થાપિ૦ ॥

॥ અથ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે સર્વજ્ઞાય જલં ચંદનં યાવત્ ફલં યજામહે સ્વાહા ॥ ૪ ॥

॥ ઇતિ ચતુર્થ શ્રી કેવલજ્ઞાનકલ્યાણકપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ ગીત ॥ દોહા ॥

જાણે અનંતા દ્રવ્યના, ગુણ પરજાય અનંત ॥
ત્રણ કાળના તતખિણે, એક સમે ભગવંત ॥ ૧ ॥
ગતિ આગતિ થીતિ જીવની, મનચિંતિત કૃત દેહ ॥
ભક્તની સેવિત સવિ લહે, છન્ન પ્રગટ સવિ તેહ ॥ ૨ ॥

વાચ્ય અવાચ્ય અરૂપ રૂપ, જાણે જ્ઞાને તંત ॥
વાચ્ય પદારથનો કહે, અનંત ભાગ ભગવંત ॥ ૩ ॥
તિજે ભવે તીરથપતિ, કર્મ નિકાચ્યું જેહ ॥
ઉદયવિપાકે જિનવરા, આવ્યું ભોગવે તેહ ॥ ૪ ॥
તતખિણ આસનકંપથી, જાણી ઉપનું નાણ ॥
હરખે સુરપતિ તિહાં મળે, જિહાં વિચરે જિનભાણ ॥૫॥

॥ ઢાળ આઠમી ॥

(મોહનજિ હો આયા વ્યાહને કાજ, કુરંગ પોકારે હો રથડો તે વાળિયો રે; સામળીયા તું પ્રિત સભાળ.—એ દેશી.)

સુરપતિ આયા વંદન કાજ, ભગતિ ભરાણા રે હો ॥ કરે જિન પૂજના રે ॥ જિનજી તું ભવજલ તાર, પ્રભુજી તું પાર ઉતાર, સરસ સુધારસી રે હો, દેઈ અમ દેશના રે ॥ એ ટેક ॥૧॥ સમવસરણ કરી સાર, જોયણ પ્રમાણે રે હો, ચઉવિહ સુર ઘણા રે ॥ જિનજી૦ ॥ પ્ર૦ ॥સ૦॥ સગનય ને સગભંગ, ચઉ અનુજોગે રે હો, ચઉગઈ વારણી રે ॥ જિન-જી૦ ॥ પ્ર૦ ॥ ખટ્દ્રવ્ય ગુણ પરજાય, ગર્ભિત વાણી રે હો, ભવજલ તારણી રે ॥ જિનજી૦ ॥ પ્ર૦ ॥ સ૦ ॥૨॥ પાંત્રીશ ગુણથી રસાલ, દેશના વરસી રે હો, જનમન રંજણો રે ॥ જિનજી૦॥પ્ર૦॥ ચોત્રીશ અતિશય ધાર, જિનજી તું સોહે રે હો, સંશય ભંજણો રે ॥ જિનજી૦ ॥ પ્ર૦ ॥ સ૦ ॥ ૩ ॥ સોહે અડ પ્રતિહાર, જનમન મોહે રે હો, બોહે ગુણ ભરે રે

॥ જિનજી૦ ॥ પ્ર૦ ॥ ભગતીરસે લયલીન, તે ભવિપ્રાણી રે હો, ચઉગઇને તરે રે ॥ જિનજી૦ ॥ પ્ર૦ ॥ સ૦ ॥ ૪ ॥ રત્નત્રયી દેઈ ખાસ, ગણધર થાપે રે હો, ચઉવિહ સંઘથી રે ॥ જિનજી૦ ॥પ્ર૦॥ ભૂતલ કરે રે વિહાર, જગજન તારે રે હો, વારે કુધર્મથી રે ॥ જિનજી૦ ॥ પ્ર૦ ॥ સ૦ ॥ ૫ ॥ ધ્વજ ચક્ર ચામર છત્ર, ગગનમાં ચાલે રે હો, સિંહાસન વળી રે ॥ જિનજી૦॥પ્ર૦॥ ચાર નિકાયના દેવ, સેવા સારે રે હો, કોડિગમે મળી રે ॥ જિનજી૦ ॥ પ્ર૦ ॥ સ૦ ॥ ૬ ॥ નમનસ્તવન કરી ખાસ, જિનજીને પૂજે રે હો, તે ભવિ ભવ તરે રે ॥ જિનજી૦॥ ॥ પ્ર૦ ॥ પ્રભુપદ પદ્મની સેવ, રૂપવિજય ભાખે રે હો, કરી શિવવહુ વરે રે ॥ જિનજી૦ ॥ પ્ર૦ ॥ સ૦ ॥ ૭ ॥

॥ ઇતિ ચતુર્થ શ્રી કેવલજ્ઞાનકલ્યાણકપૂજા ગીત સમાપ્ત ॥૪॥

॥ अथ पंचम श्री निर्वाणकल्याणकपूजा प्रारंज ॥

॥ દોહા ॥

એમ ભૂતલપરે વિચરતા, કરતા ભવિ ઉપકાર ॥ સ્વાયુ શેષ જાણી વિભૂ, કરે અણસણ નિરધાર ॥૧॥ વેદની આયુ કર્મની, વિષમથિતી સમકાજ ॥ સમુદ્‍ઘાત કરે સાતમો, અડસમયિક જિનરાજ ॥ ૨ ॥ દંડ કપાટ મંથાન તિમ, અંતર પુરી તામ ॥ સર્વ વ્યાપી ચોથે ક્ષણે, સમકરે કરમને ઠામ ॥ ૩ ॥ ચાર સમય સંહરણ કરી, રૂંધવા ત્રિકરણ જોગ ॥ ત્રીજો ચરણ તે શુકલનો, ધ્યાએ ચિદ્‍ઘનભોગ ॥ ૪ ॥ સૂક્ષ્મ

ક્રિયા અનિવ્રત્તિતા, લક્ષણ આત્મ અભેદ ॥ સૂક્ષ્મ તનુ જોગે રહિ, પંચજોગ કરે છેદ ॥ ૫ ॥

॥ ઢાળ નવમી ॥

(વાંકું તુમ્હારૂ મોલિયું, વાંકો તુમ્હારો ટેક; વાંકા વનમાલી.—એ દેશી)

વારી જાઉં શ્રી અરિહંતની, જે નિજ ગુણ રસ પીન ॥ વંદુ જિનરાજા ॥ શૈલેશી કરણે કરી, જોગાતીત પદ લીન ॥ જિનવર જયકારી ॥ ૧ ॥ સમુચ્છિન્નકિરીયા કરી, સૂક્ષ્મજોગની જેહ ॥ જિ૦ ॥ સમુચ્છિન્નકિરીયા અનિવૃત્તિ, શુકલ તુરીય ભેદ તેહ ॥ જિ૦ ॥ ૨ ॥ ધ્યેય ધ્યાન ધ્યાતાપદે, આતમ એક અભિરામ ॥ જિ૦ ॥ પંચ હ્રસ્વાક્ષર માનથી, રહી ચઉદમે ગુણઠાણ ॥ જિ૦ ॥ ૩ ॥ પયડિ પંચાસી ક્ષય કરી, પામ્યા મહોદય ઠાણ ॥ જિ૦ ॥ આસન કંપે સુરપતિ, જાણી જિન નિર્વાણ ॥ જિ૦ ॥ ૪ ॥ નિજ નિજ પરિકરે પરિવર્યા, નિજાનંદ તતખેવ ॥ જિ૦ ॥ જિનભુવન વંદન કરી, ત્રિકરણે કરે જિન સેવ ॥ જિ૦ ॥ ૫ ॥ ઉચિત કરણી સઘળી કરી, લીએ હરિ જમણી દાઢ ॥ જિ૦ ॥ સર્વ ઉપદ્રવ નાશીની, ધરતા ભગતિ તે ગાઢ ॥ જિ૦ ॥ ૬ ॥ શેષ સુરાસુર નર વરા, ભૂતિરજ લે જાય ॥ જિ૦ ॥ સયલ પરાભવ જેહથી, એક પલકમાં પલાય ॥ જિ૦ ॥ ૭ ॥ રયણ શુભ શચિપતિ કરી, જઈ નંદીસર ઠામ ॥ જિ૦ ॥ અઠ્ઠાઈ મહોત્સવ કરી, જાયે નિજ નિજ ધામ ॥ જિ૦ ॥ ૮ ॥ ચૈત્યથંભ મણિ ડા-

ભડે, થાપી સકૃથા તેહ ॥ જિ૦ ॥ પ્રભુપદ પદ્મ પૂજનપરે, હરિ પૂજે ધરી નેહ ॥ જિ૦ ॥ ૯ ॥ જિન ઉત્તમપદ પદ્મની, સેવના કરે ભવિ તેહ ॥ જિ૦ ॥ રૂપવિજય પદ સંપદા, પામી લહે ચિદ્‌ગેહ ॥ જિનવર જયકારી ॥ ૧૦ ॥

॥ કાવ્યં ॥ ગર્ભસ્થાપિ૦ ॥

॥ અથ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંત જ્ઞાનશક્તયે જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે પારંગતાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા ॥ ૫ ॥

॥ ઇતિ પંચમ નિર્વાણકલ્યાણકપૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ ગીત ॥ દોહા ॥

એક સમયે પરમાતમા, લોકશિખર કરી વાસ ॥
સાદિ અનંત સુખ અનુભવે, પરમાનંદ વિલાસ ॥૧॥
સિદ્ધ બુદ્ધ પરમાતમા. પાવન પરમ પ્રધાન ॥
જ્યોતિ સરૂપી જગ જયો, ચિદાનંદ ભગવાન ॥ ૨ ॥
અજર અમર અજ અરૂપ જે, અવિનાશિ અકલંક ॥
સકલ કરમ મલ ક્ષય કરી, થયા સિદ્ધ નિકલંક ॥૩॥

॥ ઢાળ દશામી ॥

(વાંસલી વૃંદાવન વાજ, અનહો મહારી બેની રે; વાંસલી વૃંદાવન વાજે.—એ દેશી.)

સિદ્ધિએ નમો સિદ્ધ અનંતા ॥ એ આંકણી ॥ વર્ણાદિક

ચઉ અલગાં કીધાં, ખટ્ સંઠાણ નહિ પરસિદ્ધા ॥ એતો સાદિ અનંત સ્થિતિ સિદ્ધા રે ॥ સિ૦ ॥ અ૦ ॥ ૧ ॥ ચિદ્ અવગાહનમાં જે ઠાયા, દેહાતીત સિદ્ધ કહાયા ॥ એતો ચિદાનંદ લય પાયા રે ॥ સિ૦ ॥ અ૦ ॥ ૨ ॥ અનંત જ્ઞાનદર્શન સોહાયા, અવ્યાબાધ સુખે વળી ઠાયા ॥ એતો ખાયક સમકિત પાયા રે ॥ સિ૦ ॥ અ૦ ॥ ૩ ॥ એકસમય સગરાજ સધાયા, લોકશિખર ફરશીને ઠાયા ॥ એતો અજ અવિનાશી કહાયા રે ॥ સિ૦ ॥ અ૦ ॥ ૪ ॥ અરૂપી અક્ષયથિતિ જાસ વખાણી, અગુરૂ લઘુ અવગાહન જાણી ॥ એતો અનંતવીરજની ખાણી રે ॥ સિ૦ ॥ અ૦ ॥ ૫ ॥ આપ સરૂપે જેહ સરૂપી, પુદ્ગલત્યાગે વર્ત્તે અરૂપી ॥ એતો નહિ નહિ રૂપારૂપી રે ॥ સિ૦ ॥ અ૦ ॥ ૬ ॥ સકલ સુરાસુર સુખ સમુદાયા, તેહથી અનંત ગુણ સુખ જે પાયા ॥ તેતો વચનાતીત કહાયા રે ॥ સિ૦ ॥ અ૦ ॥ ૭ ॥ સિદ્ધ નિરંજનના ગુણ ગાવો, પરમાનંદ મહોદય પાવો ॥ થિર તન મન કરીને ધ્યાવો રે ॥ સિ૦ ॥ અ૦ ॥ ૮ ॥ રૂપવિજય કહે સિદ્ધનું ધ્યાન, ધ્યાયે તત્પર થઈ એક તાન ॥ તે હોયે સિદ્ધ ભગવાન રે ॥ સિદ્ધિએ નમો સિદ્ધ અનંતા ॥ ૯ ॥

॥ ઇતિ પંચમ શ્રી નિર્વાણકલ્યાકણપૂજા
ગીત સમાપ્ત ॥ ૫ ॥

॥ અથ કલશ ॥ ઢાળ ૧૧ મી ॥

(રાગ ધન્યાશ્રી.)

ગાયા ગાયા રે જિનરાજ, ભગતિરસે ગાયા ॥ એ ટેક ॥ અકલ અસંગ અનંત અરૂપી, પૂર્ણાનંદ પદ પાયા ॥ ધ્યાતા ધ્યેય ધ્યાન એકતાને, આત્મ અભેદે ઠાયા રે ॥ જિ૦ ॥ ૧ ॥ સમકિતધારી અણુવ્રતકારી, શુચિ શરધા મન લાયા ॥ પારંગતપદ પૂજન કારણ, ભગતે ચિત્ત ભરાયા રે ॥ જિ૦ ॥૨॥ તદ્‌ગતચિત્ત સૂત્ર અનુસારે, ભાવની વૃદ્ધિ સોહાયા ॥ જે જિનરાજ ભગતિ કરેંગે, તસ ઘર સુજસ સવાયા રે ॥ જિ૦ ॥ ॥૩॥ તપગચ્છ વિજયદેવસૂરિ પાટે, વિજયસિંહ સૂરિ રાયા ॥ સત્યવિજય તસ શિષ્ય મનોહર, સંવેગ મારગ ધ્યાયા રે ॥ જિ૦ ॥ ૪ ॥ કપૂર ક્ષમા જિન ઉત્તમ નામે, દિન દિન સુજસ સવાયા ॥ શ્રી ગુરૂ પદ્મવિજય પદપંકજ, નમતાં દુરિત ગમાયા રે ॥ જિ૦ ॥ ૫ ॥ નંદ ૯ દિશાગજ ૮ ગજ ૮ ચંદ ૧ વર્ષે, મધુ સુદિ પુનિમે ધ્યાયા ॥ શ્રી સિદ્ધાચળ તીરથ ફરસી, રૂપવિજય ગુણ ગાયા રે ॥ જિ૦ ॥ ૬ ॥

॥ ઇતિ પંડિત શ્રી રૂપવિજયજીકૃત
॥ પંચકલ્યાણકપૂજા સમાપ્ત ॥

॥ अथ श्री पंचज्ञाननी पूजानी विधि ॥

એક પીઠ ઉપર પવિત્રપણે કુંકુમના ૫૧ સાથીયા કરીએ, તે ઉપર અક્ષત પુરીએ, તે ઉપર નાગરવેલનાં પત્ર એકેક મુકીએ, તે ઉપર સોપારી, બદામ, પૈસો, ફળ ફુલ, નૈવેદ્ય મુકીએ, ૫૧ દીવા કરીએ, ૫ નાળીએર મુકીએ, ઘી, ખાંડ સહિત ૫ ચગોલક થાપીએ, ત્રીવેદિકા પીઠ થાપી સ્વસ્તિક કરી અક્ષત ફળ ધરીએ, પંચ તીર્થીની પ્રતિમા થાપીએ, પછી સ્નાત્ર ભણાવીએ. પછી પૂજા ભણાવીએ. હવે પહેલી પૂજાના ૨૮ સાથીઆ, બીજીના ૧૪, ત્રીજીના ૬, ચોથીના ૨, પાંચમીનો ૧ સાથીઓ નદ્યાવર્ત્તનો કરીએ. ૩ શ્રીફળ મુકીએ, એની પાંચ પીઠ થાપીએ, ન હોય તો એક મોટી પીઠ ઉપર ભેળા પાંચ થાપીએ. ઇતિ વિધી.

અથ શ્રી

પંચજ્ઞાનની પૂજા પ્રારંભ.

॥ तत्र ॥

॥ प्रथम श्री मतिज्ञानपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સકલ કુશલ કમલાવલી, ભાસક ભાણ સમાન ॥ શ્રી શંખેશ્વર પાસના, ચરણ નમી ધરી ધ્યાન ॥ ૧ ॥ કરમ તિમિરભર ટાળવા, જ્ઞાન તે અભિનવ સુર ॥ જ્ઞાની જ્ઞાનબળે લહે, સ્વપર સ્વભાવ પડુર ॥ ૨ ॥ શ્રદ્ધા મૂળ ક્રિયા કહી, તેહનું મૂળ તે જ્ઞાન ॥ તેહથી શિવસુખ બહુ જના, પામ્યા પ્ર-

રી એક તાન ॥ ૩ ॥ અસંખ્ય ભેદ કિરીયાતણા, ભાખ્યા શ્રી અરિહંત ॥ જ્ઞાનમૂલ સફલા સવે, પચભેદ તસ તંત ॥ ૪ ॥ મઈ સુઅ ઉહિ મણપજ્જવા, પંચમ કેવલ જાણ ॥ પૂજા કરતાં તેહની, લહીએ પંચમ નાણ ॥ ૫ ॥ જાણે કેવળે કેવળી, શ્રુતથી કરે વખાણ ॥ ચઉ મુગા શ્રુત બોલતું, ભાખે ત્રિભુવન ભાણ ॥ ૬ ॥ પંચ જ્ઞાન અનુક્રમે લહી, જેહ થયા અરિહંત ॥ અષ્ટપ્રકારે પૂજતાં, લહીએ ગાન અનંત ॥ ૭ ॥

॥ ઢાળ પહેલી ॥

(ઝુંબખડાની દેશી.)

પરમપુરૂષ પરમાતમા રે, પુરસાદાણિ પાસ ॥ જિનેસર પૂજિએ ॥ જળ ચંદન કુસુમે કરી રે, પૂજો ધરી ઉલાસ ॥ જિ૦ ॥ ૧ ॥ જાસ પસાયે નિરમલું રે, પ્રગટ હોયે મઈનાણ ॥ જિ૦ ॥ ભેદ અઠાવીસ તેહના રે, સમજો ચતુર સુજાણ ॥ જિ૦ ॥ ૨ ॥ દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી રે, ચઉહા છે મઈનાણ ॥ જિ૦ ॥ દ્રવ્યથી મઈનાણી લહે રે, દ્રવ્ય છક્ક પરિમાણ ॥ જિ૦ ॥૩॥ ખેત્રથી લોકાલોકને રે, કાલથી તિવિહા કાલ ॥ જિ૦ ॥ ભાવથી પાંચે ભાવને રે, જાણે આદશે રસાલ ॥ જિ૦ ॥ ૪ ॥ જિન ઉત્તમ મુખ પદ્મની રે, વાણી સુણી લહે બોધ ॥ જિ૦ ॥ શુદ્ધ ચિદાનંદ રૂપથી રે, કરી નિજ આતમશોધ ॥ જિનેસર પૂજિએ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ શાર્દુલવિક્રીડિતવૃત્તમ્ ॥

અષ્ટાવિંશતિધા (૨૮) મતિશ્રુતમપિ પ્રોક્તં મનુ (૧૪) સંમીતમ્, ષોઢા (૫) ચાવધિ રૂપિદ્રવ્યવિષયં જ્ઞાનંનિદાનં શ્રિયાઃ ॥ શ્રીમનપર્યવસંજ્ઞિકં ચ દ્વિવિધં (૨) કૈવલ્ય (૧) મધ્યેંતિકં, જ્ઞાનં પંચવિધં યજેહમનીશં સિદ્ધચગનારાધનં ॥૧॥

॥ મંત્રઃ ॥ ૐ નમો જ્ઞાનાય લોકાલોકપ્રકાશકાય, નવતત્ત્વસ્વરૂપાય અનંતદ્રવ્યગુણપર્યાયમયાય મતિ શ્રુતાવધિમનપર્યવ કેવલજ્ઞાનાય જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા ॥

॥ આ કાવ્ય તથા મંત્ર દરેક પૂજાદીઠ કહેવાં ॥

॥ ગીત ॥ દોહા ॥

એક જીવ અંગી કરી, છાસઠ સાગર ઠાણ ॥
અંતરમુહૂર્ત્ત જઘન્યથી, વરતે થિર મઈનાણ ॥ ૧ ॥

॥ ઢાળ બીજી ॥

(ચંદજસા જિનરાજિયા મનમોહન મેરે.—એ દેશી.)

શ્રી જિનરાજની પૂજના, મનમોહન મેરે ॥ કરી થીર મન કરી સાર ॥ મન૦ ॥ ધૂપ દીપ અક્ષત ધરી ॥ મન૦ ॥ નૈવેદ્ય ફળ મનોહાર ॥ મન૦ ॥ ૧ ॥ શ્રુતવાસિત મતિજ્ઞાનના ॥ મન૦ ॥ ભેદ અઠ્ઠાવીશ જોય ॥ મન૦ ॥ અસ્સુય નિસ્સિય મઈતણા ॥ મન૦ ॥ ચઉહા બુદ્ધિ હોય ॥ મન૦ ॥૨॥ શ્રોતૃ ઘ્રાણ રસ ફરસથી ॥ મન૦ ॥ વ્યંજનાવગ્રહ ચ્યાર

॥ મન૦ ॥ અથ્થુગહ ઈહા વલિ ॥ મન૦ ॥ અપાય ધારણા સાર ॥ મન૦ ॥ ૩ ॥ પંચઈંદ્રી મન મેલતાં ॥ મન૦ ॥ ચો-વીશ ભેદ સુહાય ॥ મન૦ ॥ અડવિસ ભેદ ઉભય મળી ॥ મન૦ ॥ ભાખે શ્રી જિનરાય ॥ મન૦ ॥ ૪ ॥ ત્રણસેં છ-વીશ પણ કહ્યા ॥ મન૦ ॥ શ્રુતનિશ્રિત મઈ ભેદ ॥ મન૦ ॥ શ્રી જિનવર સેવાથકી ॥ મન૦ ॥ પાપ તાપ હોય છેદ ॥ મન૦ ॥ ૫ ॥ સમકિત મઈ સુઅ સંપજે ॥ મન૦ ॥ ત્રણ્યે એકે કાળ ॥ મન૦ ॥ જિન ઉત્તમ પદ પદ્મની ॥ મન૦ ॥ સેવના રૂપ રસાલ ॥ મનમોહન મેરે ॥ ૬ ॥

॥ ઈતિ પ્રથમ શ્રી મતિજ્ઞાનપૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ અથ દ્વિતીય શ્રી શ્રુતજ્ઞાનપૂજા પ્રારંભઃ ॥

॥ દોહા ॥

શ્રુતઅક્ષર એકેકના, સ્વપર ભાગ વિચાર ॥
કરતાં પજ્જવની કહી, રાશિ અનંતી સાર ॥ ૧ ॥
શરધાવંત સુસંયમી, ગુરૂકુલવાસી સાધ ॥
શ્રુત અભ્યાસ કરી ભજે, તરે સંસાર અગાધ ॥ ૨ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(નલિનાવતિ વિજયે જયકારી રે.—એ દેશી.)

જિનવર જગગુરૂ જગઉપકારી, પૂજે ભાવે નર નારી રે ॥ શ્રુતના અધિકારી ॥ એ ટેક ॥ જિનવર ભગતે શરધા આવે, તેહથી શ્રુતરસ બહુ પાવે રે ॥ શ્રુ૦ ॥ ૧ ॥ છાસઠ સા-

ગર સુઅથિતિ જાણો, એક જીવ ઉક્રીઠુ પ્રમાણો રે ॥ શ્રુ૦ ॥ અનાદિ અનંત પ્રવાહથી જાણો, સેવો શ્રુત અનુભવ આણો રે ॥ શ્રુ૦ ॥ ૨ ॥ ચઉભેદ સુઅનાણના સાર, ભાખે જિનવર ગણધાર રે ॥ શ્રુ૦ ॥ અહવા વિશભેદ પણ જાણો, થિરશરધા હિઅડે આણો રે ॥ શ્રુ૦ ॥ ૩ ॥ અર્થથી શ્રી અરિહંતે વખાણ્યું, સૂત્રે ગણધર વિરચાણું રે ॥ શ્રુ૦ ॥ એ શ્રુત ભાવ ધર્મ દાતાર, પૂજી લહો ભવજળ પાર રે ॥ શ્રુ૦ ॥ ૪ ॥ શ્રુત દાયક જિનરાજને ધ્યાવો, જીમ અતિશય જ્ઞાનને પાવો રે ॥ શ્રુ૦ ॥ શ્રુત ફળ વિરતિ વિરતિ ફળ ધ્યાન, ધ્યાને લહે સમયિકજ્ઞાન રે ॥ શ્રુ૦ ॥ ૫ ॥ ક્ષમાવિજય જિન ઉત્તમજ્ઞાને, શિવસુંદરી વરે એકતાને રે ॥ શ્રુ૦ ॥ શ્રીગુરૂ પદ પદ્મે દિલ રાખે, ચિદ્રૂપવિજય સુખ ચાખે રે ॥ શ્રુ૦ ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ અષ્ટાવિં૦ ॥

॥ અથ મંત્રઃ ॥ ઓઁ નમો૦ યજામહે સ્વાહા ॥ ૨ ॥

॥ ગીત ॥ દોહા ॥

શ્રુતથી શરધા થિર રહે, શરધાથી વ્રત સાર ॥
વ્રતથી શિવસુખ પામીએ, તિણે શ્રુત જગદાધાર ॥૧॥
શ્રુત વિણ જે કિરિયા કરે, તે સંસારનું મૂળ॥
શ્રુત ઉપયોગે જે ક્રિયા, તે શિવપદ અનુકુળ ॥ ૨ ॥

॥ ઢાળ ચોથી ॥

(મને કાંઈક કામણ કીધું રે, પાછા વળજો શામળીયા —એ દેશી.)

તુમે આગમ પૂજા કરજો રે, હો મન માન્યા મોહનીયા ॥

॥ તુમે ભવસાયરને તરજો રે ॥ હો૦ ॥ એ આગમ અમૃત દરીઓ રે ॥ હો૦ ॥ એતો સ્યાદ્વાદ રસ ભરીઓ રે ॥ હો૦॥ ॥ ૧ ॥ સુખ અંગ અનંત પ્રકારે રે ॥ હો૦ ॥ તિમ બદ્ધ અબદ્ધ વિચારે રે ॥ હો૦ ॥ કાલિક ઉતકાલિક જાણો રે ॥હો૦॥ દોય ભેદ કહે જિનભાણો રે ॥ હો૦ ॥ ૨ ॥ અગ્યાર અંગ મનરંગે રે ॥ હો૦ ॥ શ્રુત પૂજો અધિક ઉમંગે રે ॥હો૦॥ વળી બાર ઉપાંગ રસાળા રે ॥ હો૦॥ પૂજી લહો મંગલમાળા રે ॥ હો૦ ॥ ૩ ॥ પયન્ના દશ ગુણખાણી રે ॥ હો૦ ॥ પ્રત્યેક બુદ્ધ મુનિવાણી રે ॥ હો૦ ॥ ખટ્ છેદસૂત્ર ગુણ ભરીયા રે ॥ હો૦ ॥ એતો ચરણ કરણ ગુણ દરિયા રે ॥ હો૦ ॥૪॥ મૂળ સૂત્ર ચ્યાર અનુસરજ્યો રે ॥ હો૦ ॥ સંસાર સમુદ્રને તરજ્યો રે ॥ હો૦ ॥ નંદીને અનુયોગદ્વારા રે ॥હો૦॥ પૂજી લહો ભવજળપારા રે ॥ હો૦ ॥૫॥ ભાવપૂજા પંચ પ્રકારો રે ॥ હો૦॥ દ્રવ્યપૂજા ભેદ અપારો રે ॥ હો૦ ॥ પ્રભુવદન પદ્મની વાણી રે ॥ હો૦ ॥ ચિદ્રૂપ સુધારસ ખાણી રે ॥ હો૦ ॥ ૬ ॥

॥ ઇતિ દ્વિતીય શ્રી શ્રુતજ્ઞાનપૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय श्री अवधिज्ञानपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અવધિજ્ઞાન આરાધતાં, કરજો ત્રિકરણ જોગ ॥
ભાવવિશુદ્ધિ ચિત્ત ધરી, ટાળો કર્મના રોગ ॥ ૧ ॥
ત્રણ જ્ઞાનધર જિનવરા, ત્રિભુવનને હિતકાર ॥
પૂજી પદકજ તેહના, પામો ભવજળ પાર ॥ ૨ ॥

॥ ઢાળ પાંચમી ॥

(ઘેર આવોને નેમ વરણાગિયા રે.– એ દેશી.)

હાં રે વાલા ભાવભગતિ મનમાં ધરી, જિનપૂજા કરો મન સંવરીજી રે ॥ ભાવે પૂજો રે મનમોહના ॥ એ દેશી ॥ હાં રે વાલા ખયઉપશમ ભાવે કરી, પરિણતિ કરી જ્ઞાનરસે ભરીજી રે ॥ ભાવે૦ ॥ ૧ ॥ ત્રણજ્ઞાની જિનરાજીયા, વિલસે નિજ ગણ સત્તા ભરીજી રે ॥ ભાવે૦ ॥ અનુગામી પમુહા લહો, ખટ્ભેદ ઉહિના દિલ ધરીજી રે ॥ ભાવે૦ ॥ ૨ ॥ જનમસમે જિનરાજને, ચળે આસન સુરના થરહરીજી રે ॥ ભાવે૦ ॥ ચોશઠ સુરપતિ અવધિએ, જિન જનમ્યા લહી જઈ સુરગિરિજી રે ॥ ભાવે૦ ॥ ૩ ॥ રજત કનકને રત્નના, કલશા ખીરોદકથી ભરીજી રે ॥ ભાવે૦ ॥ ન્હવણ ઉચ્છવ જિનનો કરે, સમકિત ગુણ નિર્મલતા કરીજી રે ॥ ભાવે૦ ॥ ॥ ૪ ॥ મિથ્યાસર અવધિ લહે, જે પૂજે જિન ભગતે ખરીજી રે ॥ ભાવે૦ ॥ જિન ઉત્તમ પદ પદ્મની, પૂજા ચિદ્રૂપ વિજયે કરીજી રે ॥ ભાવે પૂજો રે મનમોહના ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ અષ્ટાવિં૦ ॥

॥ અથ મંત્ર ॥ ૐ નમો૦ યજામહે સ્વાહા ॥ ૩ ॥

॥ ગીત ॥ દોહા ॥

દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી, ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન ॥
મનુજ ગતિમાં પામીએ, વધતે શુચિ પ્રણિધાન ॥ ૧ ॥

લોકાવધિ અવધિ લગે, પડિવાઈ પણ હોય ॥
તદુપરિ અવધિ જે હોયે, અપડિવાઈ તે જોય ॥ ૨ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(મોહનજી મોકલો રે મોસાળું—એ દેશી)

નિર્મળ કરી મન વચ કાયા, છંડી સવે મમતા માયા, પરમાતમ ધ્યાન સુહાયા ॥ ઉહિજિન પૂજીએ મનરંગે ॥ જીમ રમીએ સમકિત સંગે ॥ ઉ૦ ॥ ૧ ॥ ખેત્રકાલથી ઉહિનાણી, ચઉહા લહે વુઢિ ને હાણી, ઇમ કહે જિન કેવળનાણી ॥ ઉ૦ ॥ ૨ ॥ દ્રવ્યથી દુગવુઢિ વખાણી, ભાવથી ખટ્ વૃદ્ધિ જાણી, સમુદાઈ ચઉહા કહાણી ॥ ઉ૦ ॥ ૩ ॥ જિનવર નાણી ગુણખાણી, પૂજો મન ઉલટ આણી, વરીએ જીમ શિ-વ પટરાણી ॥ ઉ૦ ॥૪॥ જિનવર ઉત્તમ ગુણ ગાવો, પ્રભુના પદ પદ્મ વધાવો, જીમ રૂપવિજય પદ પાવો ॥ ઉહિ૦ ॥૫॥

॥ ઇતિ તૃતીય શ્રી અવધિજ્ઞાનપૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ श्री मनःपर्यवज्ञानपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અપ્રમત્ત મુનિવર ગુણી, નિર્મળ ચારિત્રવંત ॥
ચડતે સંજમથાનકે, લહે મનપજ્જવ તંત ॥ ૧ ॥
જિનવર જગગુરૂ જગધણી, જબ સંયમ ગ્રહે સાર ॥
મણપજ્જવ તવ ઉપજે, ચોથું જ્ઞાન ઉદાર ॥ ૨ ॥

॥ ઢાળ સાતમી ॥

(મનમોહના રે લાલ.—એ દેશી.)

અપ્રમત્ત ગુણઠાણમાં રે, મનમોહના રે લાલ ॥ વર્ત્તતા શ્રી અરિહંત રે ॥ જગસોહના રે લાલ ॥ સંયમઠાણ વિશોધતા રે ॥ મ૦ ॥ લહે મનપજ્જવ તંત રે ॥ જ૦ ॥ ૧ ॥ ઋજુમતિ વિપુલમતિ તથા રે ॥ મ૦ ॥ મણપજ્જવ દોય ભેદ રે ॥ જ૦ ॥ દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી રે ॥ મ૦ ॥ ચઉહા કહે ગતખેદ રે ॥ જ૦ ॥ ૨ ॥ સન્નિપણિંદીના લહે રે ॥ મ૦ ॥ મનનતણા પરજાય રે ॥જ૦॥ નરક્ષેત્રે મણનાણથી રે ॥મ૦॥ જાણે જે નિરમાય રે ॥ જ૦ ॥૩॥ અઢી અંગુલ ન્યૂનાધિકા રે ॥ મ૦ ॥ ક્ષેત્રથી જાણો દોય રે ॥ જ૦ ॥ પલ્ય અસંખ્ય ભાગ કાળથી રે ॥ મ૦ ॥ ગતિ આગતિ લહે સોય રે ॥જ૦॥ ॥ ૪ ॥ ખમણ દમણ ગુણસાગરૂ રે ॥ મ૦ ॥ જિન ઉત્તમ મહારાજ રે ॥ જ૦ ॥ તસ પદ પદ્મને પૂજતાં રે ॥ મ૦ ॥ લહો ચિદ્રૂપ સમાજ રે ॥ જગ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ અષ્ટાવિં૦ ॥

॥ અથ મંત્ર ॥ ૐ નમો યજામહે સ્વાહા ॥ ૪ ॥

॥ ગીત ॥ દોહા ॥

અલખ અસંગ અભંગજસ, જોગારાધન ખાસ ॥
સયમતણી વિશુદ્ધતા, કરી તોડે ભવપાસ ॥ ૧ ॥
ચરણ કરણ ગુણ આગરા, શરધાવંત સુધીર ॥
મણપજ્જવનાણી મુણિ, નમતાં ટળે ભવપીર ॥ ૨ ॥

॥ ઢાળ આઠમી ॥

(અનેહાં રે ગોકુળ ગામને ગોંદરે રે—એ દેશી.)

અનેહાં રે સંયમઠાણ વિશુદ્ધતા રે, અપ્રમત્ત ગુણઠાણ ॥ ફરસી પાસપ્રભુ લહ્યા રે, મણપજ્જવ વરનાણ ॥ ૧ ॥ પૂજા કરો જિનરાજની રે ॥ એ ટેક ॥ અનેહાં રે સંજમઠાણ અનંતના રે, ઉલંઘી અહિઠાણ ॥ ફરસતા શુદ્ધ સંયમ ગુણે રે, ધ્યાયે ધર્મનું ઝાંણ ॥ પૂ૦ ॥ ૨ ॥ અનેહાં રે આણા અપાય વિપાકથી રે, સંઠાણ વિચય પ્રકાર ॥ ધ્યાતા ધ્યાન સોહામણું રે, સાધ્યપદે મનોહાર ॥ પૂ૦ ॥ ૩ ॥ અનેહાં રે અપ્રમત્તગુણ ભૂમિકા રે, આલંબન ગ્રહી ચાર ॥ દશધા સંયમ પાળતા રે, ભાવદયા ભંડાર ॥ પૂ૦ ॥ ૪ ॥ અનેહાં રે ભાવથકી મનોદ્રવ્યના રે, લહે પરજાય અનંત ॥ ગુણશ્રેણિ પગથાલિએ રે, નિત ચઢતા ભગવંત ॥ પૂ૦ ॥ ૫ ॥ અનેહાં રે ક્ષમાવિજય જિનરાજના રે, ઉત્તમ એ અવદાત ॥ તસ પદ પદ્મ પૂજા કરી રે, લહો ચિદ્રૂપ વિખ્યાત ॥ પૂજા૦ ॥ ૬ ॥

॥ ઇતિ ચતુર્થ શ્રી મનઃપર્યવજ્ઞાનપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम श्री केवळज्ञानपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સકલ વિભાવ ઉપાધિના, કારક ઘાતિ ચાર ॥
ક્ષય કરી કેવળ પામિયા, જિનવર જગદાધાર ॥ ૧ ॥
પૂજો ધ્યાવો ધ્યાનમાં, સોહંપદ કરો જાપ ॥
ચિદાનંદ પદ સંપજે, હોય ધ્યેયપદ આપ ॥ ૨ ॥

॥ ઢાળ નવમી ॥

(ચક્રી ભરત નરેસરૂ રે, સાંભળી દેશના તાત સલુણા.—એ દેશી.)

વીતરાગ પરમાતમા રે, ખીણમોહી અરિહંત ॥સલુણા॥ ક્ષપકશ્રેણિ અંગી કરી રે, કરી ઘાતિ ચઉ અંત ॥ સ૦ ॥ પંચમ જ્ઞાનને પૂજીએ રે, પંચમગતિ દાતાર ॥ સ૦ ॥ ૧ ॥ ॥ એ આંકણી ॥ કેવલ કમળાને વર્યા રે, કેવળ દરીસણ સાથ ॥ સ૦ ॥ લોકાલોક પ્રકાશતા રે, જે થયા ત્રિભુવનનાથ ॥ સ૦ ॥ ૨ ॥ ચારે જ્ઞાનતણી પ્રભા રે, એહમાં સયલ સમાય ॥ સ૦ ॥ તારા ઉડુ ગ્રહ ચંદ્રની રે, ભા રવિમાં લય થાય ॥ સ૦ ॥ ૩ ॥ એકસમે અરિહા મુણે રે, ષટ્દ્રવ્ય ગુણ પરજાય ॥ સ૦ ॥ અનંત વિરજિની શક્તિએ રે, વ્યાપકતા તે ઠરાય ॥ સ૦ ॥ ૪ ॥ જ્ઞેય પ્રમાણે જ્ઞાનના રે, અહવા છે પરજાય ॥ સ૦ ॥ બૃહત્કલ્પના ભાષ્યમાં રે, કહે સોહમ ગણરાય ॥ સ૦ ॥ ૫ ॥ કેવળગ્નાન કળા ભર્યા રે, જિન ઉત્તમ મહારાજ ॥ સ૦ ॥ તસ પદ પદ્મની પૂજના રે, કરતાં ચિદ્રૂપ રાજ ॥ સલુણા ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ અષ્ટાવિં૦ ॥

॥ અથ મંત્ર ॥ ૐ નમો૦ યજામહે સ્વાહા ॥

॥ ગીત ॥ દોહા ॥

સમ[૧] દમ[૨] ઉપરતિ[૩] નિત કરે, ચોથી તિતિક્ષા[૪] સાર ॥
સમાધાન[૫] શ્રદ્ધા[૬] કરી, લહે કેવળ ચિદ્ ફાર ॥ ૧ ॥

પરમજ્યોતિ પાવનકરણ, પરમાતમ પરધાન ॥
કેવળજ્ઞાન પૂજા કરી, પામો કેવળજ્ઞાન ॥ ૨ ॥

॥ ઢાળ દશમી ॥

(વારી જાઉં શ્રી અરિહંતની.—એ દેશી.)

પૂજા શ્રી અરિહંતની, કરીએ ધરીએ એકતાન ॥ મોહન ॥ નાગકેતુપરે નિરમળી, પામો કેવળજ્ઞાન ॥ મોહન ॥ ॥ પૂજા૦ ॥ ૧ ॥ પૂજક પૂજ્યની પૂજના, કરતા પૂજ્ય તે થાય ॥ મો૦ ॥ કેવલ કમળા પામીને, અજરામર પદ ઠાય ॥મો૦॥ ॥પૂજા૦॥૨॥ બંધ ઉદય ઉદીરણા, સત્તા કર્મ ખપાય ॥મો૦॥ સિદ્ધ બુદ્ધ પરમાતમા, અકલ અસંગ અમાય ॥ મો૦ ॥ ॥ પૂજા૦ ॥ ૩ ॥ જ્ઞાનાનંદી આતમા, પામી મહોદય ઠાય ॥ મો૦ ॥ સાદિ અનંત સુખ અનુભવે, વાચ્ય અગમ્ય કહાય ॥ મો૦ ॥ પૂજા૦ ॥ ૪ ॥ અનંતગુણી કેવળી પ્રભુ, શ્રી શંખેશ્વર પાસ ॥ મો૦ ॥ તસ પદ પદ્મ પૂજી કરી, લહો ચિદ્રૂપ ઉલ્લાસ ॥ મોહન ॥ પૂજા૦ ॥ ૫ ॥

॥ ઇતિ પંચમ શ્રી કેવળજ્ઞાનપૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ ઢાળ ૧૧ મી ॥ કળસ ॥ રાગ ધન્યાશ્રી ॥

પૂજો પૂજો રે ભવિ પંચજ્ઞાન નિત પૂજો ॥ પંચજ્ઞાન પૂજન સમવટમાં, ઓર ન સાધન દૂજો રે ॥ ભવિ૦ ॥૧॥ મઈ સુઅ ઉહિ ને મનઃપર્યવ, કેવળ પંચમ જાણો ॥ અઠ્ઠાવીશ ચઉદસ ખટ્ દુગ ઇગ, ભેદ પ્રમાણ વખાણો રે ॥ ભ૦ ॥ ૨ ॥ જ્ઞાન આરાધન સિદ્ધિનું, સાધી કર્મ ખપાયા ॥ કેવલકમલા

પામી અનંતી, સિદ્ધિએ સિદ્ધ સુહાયા રે ॥ ભ૦ ॥ ૩ ॥ જ્ઞાન જ્ઞાનીની સેવા કરતાં, ચિરસંચિત અઘ જાય ॥ પુણ્ય મહોદગ કમળા વિમળા, ઘટમાં પરગટ થાય રે ॥ ભ૦ ॥ ૪ ॥ શ્રી વિજયદેવ સૂરિશ્વર પાટે, વિજયસિંહ સૂરિરાયા ॥ તાસ શિષ્ય શ્રી સત્યવિજયગણિ, સંવેગમારગ ધ્યાયા રે ॥ ભ૦ ॥ ॥ ૫ ॥ શિષ્ય કપૂર ખિમા જિન ઉત્તમ, વિજયપદે સોહાયા ॥ શ્રી ગુરૂ પદ્મવિજય પદપંકજ, નમતાં શ્રુત બહુ પાયા રે ॥ ભ૦ ॥ ૬ ॥ ઋષિ ૭ ગજ ૮ દિગ્ગજ ૮ ચંદ ૧ સવત્સરે, જ્ઞાન ભગતિ મન લાયા ॥ નેમીશ્વર કલ્યાણક દિવસે, પંચજ્ઞાન ગુણ ગાયા રે ॥ ભ૦ ॥ ૭ ॥ તપગચ્છ વિજયદિણંદ્ર સૂરિશ્વર, દીપે તેજે સવાયા ॥ તસરાજ્યે ભવિજન હિતકાજે, રૂપવિજે ગુણ ગાયા રે ॥ ભવિ૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ ॥

જ્ઞાનં સ્યાત્ કુમતાંધકારતરણિ ર્જ્ઞાનં જગલ્લોચનં, જ્ઞાનં નીતિતરંગિણીકુલગિરિ ર્જ્ઞાનં કષાયાપહં ॥ જ્ઞાનંનિર્વૃત્તિવશ્યમંત્રમમલં જ્ઞાનં મનઃપાવનં, જ્ઞાનં પંચવિધં યજેહમનિશં સ્વર્ગાપવર્ગપ્રદમ્ ॥ ૧ ॥

॥ અથ મંત્રઃ ॥ ૐ નમો જ્ઞાનાય લોકાલોક પ્રકાશકાય જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલ ૮, યજામહે સ્વાહા ॥ ૧ ॥

॥ ઇતિ શ્રી રૂપવિજયજીકૃત પંચજ્ઞાનની પૂજા સમાપ્ત ॥

અથ શ્રી

વિશસ્થાનક પૂજા પ્રારંભ.

॥ तत्र ॥

॥ प्रथम अरिहंतपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સુરપતિ શ્રીપતિ નરપતિ, ગુણતતિ જસ નિત ગાય ॥ પુરીસાદાણી પાસજી, સંખેશ્વર પુર રાય ॥ ૧ ॥ સકલ સમી હિત પુરવા, સુરતરૂ સમ સોહાય ॥ પ્રણમી પદ યુગ તેહના, ભક્તિ ભાવ ચિત્ત લાય ॥ ૨ ॥ સમકિતધારી જીવને, જિન પદ પ્રાપ્તિ હેત ॥ વિશસ્થાનક પૂજા રચું, પામી શાસ્ત્ર સંકેત ॥ ૩ ॥ દાન શીલ તપના કહ્યા, ત્રણ અઢાર ને બાર ॥ ભેદ સર્વ ભાવે ભજ્યા, જિનપદ ફળ દાતાર ॥ ૪ ॥ વિવિધ જાતિ તપ જિને કહ્યાં, સુખ સંપત્તિનાં મૂળ ॥ વિશસ્થાનક સમ કો નહીં, જિનપદને અનુકૂળ ॥ ૫ ॥ દાન શીલ તપ પૂજના, અણુવ્રત મહાવ્રત જોય ॥ દયા તીર્થની સેવના, સમકિતે સફળાં હોય ॥ ૬ ॥ ત્રણ કાળ ત્રિકરણે કરી, પૂજી વીર જિણંદ ॥ તીર્થંકરપદ પામશે, શ્રી શ્રેણિક રાજીંદ ॥૭॥ સુંદર સિંહાસન ઠવી, અરિહંત પડિમા સાર ॥ અડ નવ સત્તર અઠોતરી, પૂજા કરો મનોહાર ॥ ૮ ॥ પૂજક પૂજ્યની પૂજના, કરતો પૂજ્ય તે થાય ॥ પંચ પરમેષ્ટિમાં પ્રથમ, તિણે પૂજો જિનરાય ॥ ૯ ॥

॥ ઢાળ પહેલી ॥

(પ્રથમ પૂરવ દિશે —એ દેશી.)

શ્રી અરિહંત ભગવંત પરમાતમા, દેવનો દેવ ગુણરયણ ખાણી ॥ સાત શુદ્ધિ કરી મલિનતા પરિહરી, પૂજીએ ભવિજના પ્રેમ આણી ॥ શ્રી૦ ॥ ૧ ॥ અરતિ મોહ નિદ્રા ન હાંસી ભય, રાગ નહિ દ્વેષ નહિ જાસ અંગે ॥ કામ મિથ્યાત્વ અજ્ઞાન જસ ખય થયાં, ધ્યાઇએ તે પ્રભુ અધિક રંગે ॥ શ્રી૦ ॥ ૨ ॥ ધ્યાન પિંડસ્થ પદસ્થ રૂપસ્થથી, ધ્યેય ધ્યાતા લહે એક તાને ॥ દ્રવ્ય પર્યાય ગુણ તેહના ધ્યાઇએ, પાઇએ સિદ્ધિ બહુ તત્વજ્ઞાને ॥ શ્રી૦ ॥ ૩ ॥ જનમના ચ્યાર અગીઆર ઘાતી ખયે, દેવકૃત જાસ ઓગણીસ રાજે ॥ ચઉત્રીસ અતિશયા અંગ ચોથે કહ્યા, પણતીસ વયણ ગુણ જાસ છાજે ॥ શ્રી૦ ॥ ૪ ॥ અડ અધિક સહસ લંચ્છન ધરે અંગમાં, ગુણ અનંતે ભર્યો નાથ સોહે ॥ જાસ કલ્યાણકે જગતનું તમ ટળે, ઇંદ્ર ઉપેંદ્રનાં ચિત્ત મોહે ॥ શ્રી૦ ॥ ૫ ॥ નામને થાપના દ્રવ્ય ભાવે કરી, જે નરા ચિત્તમેં નિત ધ્યાવે ॥ દેવપાલાદિ ભૂપાળ પરે તે નરા, તીર્થપતિ સંપદા હસ્ત પાવે ॥શ્રી૦॥૬॥ જે મહા ગોપ ખટકાય ગોકુળતણો, તિમ મહા માહણ જાસ કહીએ ॥ ભવોદધિ બુડતાં ભવ્ય નિસ્તારણો, સાર્થપતિ મુગતિનો જેહ લહીએ ॥ શ્રી૦ ॥ ૭ ॥ દ્રવ્ય ભાવે કરી પૂજના જે કરે, સ્વર્ગ અપવર્ગ તે નિયત પામે ॥ ત્રણ્ય પણ અષ્ટ

નવ સત્તર એગવીસ વિહ, પૂજના કરી વસે સિદ્ધિ ધામે ॥ શ્રી૦ ॥૮॥ પ્રથમ પદ પૂજતો રાય શ્રેણિક પ્રથમ, ભાવી ચોવીશી જિનરાજ થાશે ॥ તાસ પદ પદ્મની સેવના સુર કરી, રૂપવિજયાદિ નિત સુજસ ગાશે ॥ શ્રી૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ પુષ્પપ્રદીપાક્ષતધૂપપુંગી, ફલૈર્જિનેંદ્રપ્રતિમાં પ્રપુજ્ય ॥ યે લક્ષશઃ શ્રી પરમેષ્ટિમંત્રં, જપંતિ તે તીર્થકૃતો ભવંતિ ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥

॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મ જરા મૃત્યુ નિવારણાય ॥ શ્રીમતે અર્હતાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં, યજામહે સ્વાહા ॥

॥ ઇતિ પ્રથમ શ્રી અરિહંતપદપૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय श्री सिद्धपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સકલ વિભાવ અભાવથી, પ્રગટ્યો શુદ્ધ સ્વભાવ ॥
જ્ઞેયથી જ્ઞાન અનંત જસ, તે સિદ્ધ નમો ધરી ભાવ ॥૧॥
અનંત જ્ઞાન દરશન ધણી, રૂપ બળ જાસ અનંત ॥
સાદિ અનંત સુખ અનુભવે, નમો સિદ્ધ ભગવંત ॥૨॥

॥ ઢાળ બીજી ॥

(રાગ આશાઉરી.—દીપ પૂજન ભવિ ભાવ ધરીને.—એ દેશી)

નમો સિદ્ધ મહા ઉપકારી, અવિકારી અણાહારી રે ॥

દેહ અભાવે પણ ગુણ ધારી, જાઉં હું બલિહારી રે ॥નમો૦॥ ॥ ૧ ॥ પણ ગુણ વરણ વિરામથી પ્રગટ્યા, રસથી પણ તીમ હોય રે ॥ ગંધ સંબંધ રહિત દોય જાણો, ફરસ નામ અડ જોય રે ॥ નમો૦ ॥ ૨ ॥ વેદ ખેદ તજી ગુણ ત્રણ્ય પાયા, અશરીરી સોહાયા રે ॥ અરૂહ અસંગી નિજ ગુણ રંગી, એ એકત્રીસ ગુણ રાયા રે ॥ નમો૦ ॥ ૩ ॥ અરિહંતને પણ માન્યપણે જે, અષ્ટકરમથી ન્યારા રે ॥ રૂપાતીત દિશા જે પાયા, રહે સંસારને પારા રે ॥ નમો૦ ॥૪॥ જાતિ જરા રૂજ મરણ ન વેદન, અકલ અચળ અવિકારી રે ॥ પુરણાનંદ પરમપદ ભોક્તા, અનંત ચતુષ્ટયધારી રે ॥ નમો૦ ॥ ૫ ॥ બંધ ઉદય ઉદીરણ સત્તા, કરમ ભરમ સવિ ટારી રે ॥ સમય પએસંતર અણફરસી, વરીયા શિવવહુ સારી રે ॥ નમો૦ ॥ ૬ ॥ પન્નર ભેદે સિદ્ધ વિચારી, જાપ જપો હિતકારી રે ॥ શ્રી સિદ્ધાચળ પમુહા તિરથ, પૂજો સિદ્ધ સંભારી રે ॥ નમો૦ ॥ ૭ ॥ સમેતશિખર અર્બુદ અષ્ટાપદ, વૈભાર ને ગિરનાર રે ॥ " નમોસિદ્ધાણં " જપીએ તિરથે, હોયે સિદ્ધ નિરધાર રે ॥ નમો૦ ॥ ૮ ॥ હસ્તિપાલ નૃપ એ પદ સેવી, હુવો વિદેહે જિનેશ રે ॥ તસ પદ પદ્મવિજય પદ દાઈ, દીયે ચિદ્રૂપ વિશેષ રે ॥ નમો૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ યદ્દીર્ઘકાલસુનિકા ચિતબંધ બદ્ધ, મષ્ટાત્મક વિષમચારમભેદ્યકર્મ ॥ નશં નિહત્ય પરમં પદ માપયૈસ્તે

સિદ્ધા દિશંતુ મહતીમિહ કાર્યસિદ્ધિં ॥ ૨ ॥
॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પૂર્વવત્ શ્રીમતે સિદ્ધાય યજા૦ ॥
॥ ઇતિ દ્વિતીય શ્રી સિદ્ધપૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय श्री प्रवचनपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સમકિતિ અણુવ્રતિ મહાવ્રતિ, જેહમાં સયલ સમાય ॥
તે પ્રવચન પદ સેવતાં, સમકિત નિરમળ થાય ॥ ૧ ॥
સકલ સુરાસુર પૂજ્યને, પૂજ્યપને છે જેહ ॥
તે પવયણ પદ પૂજતાં, પાપ તાપ હોય છેહ ॥ ૨ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(અજીત જિણંદશુ પ્રિતડી.—એ દેશી.)

શ્રી પ્રવચનપદ પૂજીએ, દ્રવ્ય ભાવે રે મન ધરી ઉલ્લાસ કે ॥ આધારા ધ્યેય ભાવથી, એ પદમે રે ત્રિપદી નિવાસ કે ॥ ૧ ॥ શ્રી પ્રવચનપદ પૂજીએ ॥ એ ટેક ॥ દશ વિધ ધર્મ ધુરા ધરા, ભલા મુનિવરા રે તસ ભક્તિને કાજ કે ॥ અશન વસન આસન દીએ, ખાન પાન કરે કલપીત સુભ્રાજ કે ॥ શ્રી૦ ॥ ૨ ॥ સમકિતિ અણુવ્રતી ગુણવ્રતી, શ્રાવકની રે કરી ભક્તિ અપાર કે ॥ સાધ્વી સાવીયાની વળી, ભક્તિથી રે મુગતિ નિરધાર કે ॥ શ્રી૦ ॥ ૩ ॥ જિનપડિમા જિનમંદિરા, જિનપૂજા રે ભક્તે કરી ખાસ કે ॥ ભાવથી શ્રી દાતા પ્રતે, કરે નિશ્ચલ રે ધરમે ઉલ્લાસ કે ॥ શ્રી૦ ॥ ૪ ॥ “ નમો

પવયણ" પદ નિત જપે, સંઘ ચઉવિહ રે જિનરાજ્યનો જેહ કે ॥ ધ્યાન પદસ્થ પ્રકારથી, હોય ધ્યાતા રે ગુણગણનો ગેહ કે ॥ શ્રી૦ ॥ ૫ ॥ પાપખેત્ર સવિ પરિહરી, ખેત્ર પુણ્યનાં રે આરાધો સાત કે ॥ લાખ સવા જિન દેહરાં, નૃપ સંપ્રતિ રે કરાવ્યાં વિખ્યાત કે ॥ શ્રી૦ ॥ ૬ ॥ એ પદથી જિનપદ લહે, જીમ જિનદત્ત રે શ્રાવક શ્રીકાર કે ॥ જિન ઉત્તમપદ પદમ-ની, કરી સેવો રે લહો રૂપ અપાર કે ॥ શ્રી૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ એવં ત્રતીયપદ ભક્તિફલ પ્રકાશં, વૃત્ત નિશમ્ય જિનદત્તમહાર્હતસ્ય ॥ ભક્તિર્દૃઢા પ્રવચને રચયંતુ હર્ષાત્, યેનાર્હતં પરમદંભતયા ભવેદ્ધઃ ॥ ૩ ॥

॥મંત્રઃ ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ શ્રીમતે પ્રવચનાય જલં યજા૦॥

॥ ઇતિ તૃતીય શ્રી પ્રવચનપદપૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ श्री सूरिपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સમાચારી દશ કરે, ધરે દશ ચિત્ત સમાધ ॥
ભાવાચારજ પરિહરે, સોલ કષાય વડ વ્યાધ ॥ ૧ ॥
દ્વાદશ અંગ ઉપાંગનાં, સૂત્ર અરથના જાણ ॥
દશધા રૂચિ શિક્ષા દુવિહ, ધરે સૂરિ ગુણ ખાણ ॥ ૨ ॥

॥ ઢાળ ચોથી ॥

(નિંબુડી રાયણ તરૂ તળે.—એ દેશી.)

પંચાચાર સુધા ધરે, સુણો સંતાજી ॥ જીતે ઇંદ્રી પંચ ॥

ગુણવંતાજી ॥ પંચ સમિતિ સુમતા રહે ॥ સુ૦ ॥ ગુપ્તિ ત્રણ કરે સંચ ॥ ગુ૦ ॥૧॥ પંચ મહાવ્રત પાળતા ॥ સુ૦ ॥ જીપે ચ્યાર કષાય ॥ ગુ૦ ॥ નવ વિધ બ્રહ્મ ગુપતી ધરે ॥ સુ૦ ॥ આચારજ નીરમાય ॥ ગુ૦ ॥ ૨ ॥ અષ્ટાંગ જોગ સાધન કરે ॥ સુ૦ ॥ લહે અડ કર્મ સ્વરૂપ ॥ ગુ૦ ॥ જાણે અડ લબધી ભલી ॥ સુ૦ ॥ તીમ અડદીઠી સરૂપ ॥ ગુ૦ ॥ ૩ ॥ ચઉ અનુયોગ વખાણતા ॥ સુ૦ ॥ શાસનના સીણગાર ॥ ગુ૦ ॥ બારસેં છનું ગુણે ભર્યા ॥ સુ૦ ॥ ભાવાચારજ સાર ॥ગુ૦॥ ॥ ૪ ॥ પંચ પ્રસ્થાન સાધન કરે ॥ સુ૦ ॥ મુનિ ગણી પંડિત ભાવ ॥ ગુ૦ ॥ વાચક આચારજપણું ॥ સુ૦ ॥ પામે ગુણને દાવ ॥ ગુ૦ ॥ ૫ ॥ ચઉરસેં બાવન ગણધરા ॥ સુ૦ ॥ લબ્ધીતણા ભંડાર ॥ ગુ૦ ॥ તસ પદ પંકજ પૂજીએ ॥ સુ૦ ॥ દ્રવ્ય ભાવે નિરધાર ॥ ગુ૦ ॥ ૬ ॥ જુગ પ્રધાન વીર શાસને ॥ સુ૦ ॥ દોય હજારને ચાર ॥ ગુ૦ ॥ વર્ત્તમાન શ્રુતના ધણી ॥ સુ૦ ॥ તે પૂજો ધરી પ્યાર ॥ ગુ૦ ॥ ૭ ॥ અશનાસન વસ્ત્રાદિકે ॥ સુ૦ ॥ પાનક ઔષધ પાત્ર ॥ ગુ૦ ॥ નમનાભિગમન વંદના ॥ સુ૦ ॥ કરે નિત નામી ગાત્ર ॥ ગુ૦ ॥ ૮ ॥ આચારજ પદ સેવતો ॥ સુ૦ ॥ શ્રી પુરૂષોત્તમ ભૂપ ॥ ગુ૦ ॥ તીર્થંકરપદ બાંધીયું ॥સુ૦॥ લહેસ્યે ચિદ્‌ઘનરૂપ ॥ ગુ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ સૂરિસદાચારવિચારસારા, નાવારયંતઃ સ્વપરાન્ યથેષ્ટઃ ॥ ઉગ્રોપસર્ગૈકનિવારણાર્થં, મભર્ચ્ય યામ્યક્ષતગંધ ધૂપૈઃ ॥ ૪ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ શ્રીમતે સૂરયે પૂજા૦ ॥

॥ ઇતિ ચતુર્થ શ્રી સૂરિપદપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम श्री स्थिवीरपूजा प्रारंज ॥

॥ દોહા ॥

ભાવ જ્ઞાનમેં જે રમે, વચનાતીત સ્વભાવ ॥
થિર કરે સીદાતા પ્રતે, થિવીર તે ભવજલ નાવ ॥૧॥
રમે સદા નિજ રૂપમેં, ધમે કરમ મલ સર્વ ॥
ઇંદ્રી તુરંગમ વશ કરે, ગુણનો ન કરે ગર્વ ॥ ૨ ॥

॥ ઢાળ પાંચમી ॥

(પ્રભુ નિરમળ દરિશણ કીજીએ.—એ દેશી.)

નીત નમીએ થીવીર માહા મુણી ॥ એ ટેક ॥ માહા વ્રતધારી માહા ઉપગારી, પંચમપદ ધારક ગુણી ॥ તપશ્રુત ધૃતિમય સંજમ ધરતા, ધ્યાન રયણ રોહણ ખણી ॥નીત૦॥ ॥ ૧ ॥ દ્રવ્યથકી પલિતાંકુર સ્ત્રી નર, સાઠ વરસ વયના ધણી ॥ વિશ વરસ પરજાય સ્થીવીર મુણી, જસ સંજમ પ્રણતી ઘણી ॥ નીત૦ ॥ ૨ ॥ ચોથા અંગથી દ્રષ્ટિવાદ લગે, શ્રુત સ્થીવીરા હીરા ખણી ॥ આચારજ ઉવઝાય પ્રવર્ત્તક, સ્થીવીર રત્નાદિક ગુણમણી ॥ નીત૦ ॥ ૩ ॥ અહવા ઠાણાંગે દશ ભેદે, ભાખે શ્રી સોહમગણી ॥ લોકિક લોકોત્તર પદ ભેદે, સીદાતા પ્રાણી ભણી ॥ નીત૦ ॥ ૪ ॥ લોકિક લોકોત્તર શિક્ષા કરે, પુત્ર શિષ્યાદિકને ઘણી ॥ તેહની સેવના અશના-

દિક ચઉ, ભેદે કહે ત્રિભુવન ધણી ॥ નીત૦ ॥ ૫ ॥ નમના-ભિગમન વંદન પૃછન, વીનયાંજલિ કરે અવહણી ॥ જ્ઞાન ધ્યાન તપ સંજમ કિરીયા, સીદાતા સાધુ ભણી ॥ નીત૦ ॥ ॥ ૬ ॥ મેઘકુમારાદિક થીર કીધા, હેતુ જુગતી કારણ ભણી ॥ તેહ સ્થીવીરપદ ભગતી કરીયે, કુમતી કુસંગ દૂરે હણી ॥ નીત૦ ॥ ૭ ॥ મુનિસુવ્રત નેમિ જિન જપીએ, કરમવેલી મૂલે લણી ॥ નીચ ગોત્રનો નાશ કરીને, પૂજક હોય ત્રિભુવન ધણી ॥ નીત૦ ॥ ૮ ॥ પદ્મોત્તર નૃપ એ પદ સેવી, તીરથ-પતિ થાશે ગુણી ॥ તસ પદ પદ્મની સેવના કરશે, રૂપવિજય ભગતે ધણી ॥ નીત૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ વસ્ત્રં પાત્રં ભક્તપાનં પવિત્રં, સ્થાનં જ્ઞાનં ભેષજં પુણ્યહેતુ ॥ યે યચ્છતિ સ્વાત્મભાવૈકસારં, તે સર્વાંગ સૌખ્યા માસાદયંતિ ॥ ૫ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં ॥ પરમ૦ શ્રીમતે સ્થિવીરાય યજા૦॥

॥ ઇતિ શ્રી પંચમ સ્થિવીરપદ પૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ अथ षष्ठ श्री उपाध्यायपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સત્ય શૌચ સંતોષ યુત, ચિત્ત પ્રસન્ન દયાળ ॥
ખક્ષત્યાગી ઇંદ્રી જયી, સાતે સુખે સુખાલ ॥ ૧ ॥
શ્રુતધર તત્ત્વ સુધારસી, ખસી વિભાવ વિરાધી ॥
વસી બુદ્ધિ જિન આગમે, તે ઉવઝાય આરાધી ॥ ૨ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(ઝુંબખડાની દેશી.)

બહુ શ્રુત શ્રી ઉવઝાયની, સેવના કરી શુભ ચિત્ત ॥ સલુને ॥ આતમા બદ્ધાબદ્ધ ભેદે કરી, આરાહીજે નિત ॥ સલુને ॥ ૧ ॥ કાલિક ઉતકાલિકપણે, છે શ્રુતના દોય ભેદ ॥ સ૦ ॥ અંગાનંગ પ્રકારથી, અહવા કહે ગતખેદ ॥ સ૦ ॥ ॥ ૨ ॥ જોગાદિક કિરીયા કરી, સૂત્ર ભણાવણ કાજ ॥ સ૦ ॥ ઉદ્દેશાદિક અનુક્રમે, પામે શ્રુત સામ્રાજ્ય ॥ સ૦ ॥ ૩ ॥ ચઉદપુરવી દસપુરવી, અંગ ઉપાંગના જાણ ॥ સ૦ ॥ વર્ત્તમાન શ્રુતના ધણી, પાવયણી ગુણ ખાણ ॥ સ૦ ॥ ૪ ॥ શિષ્ય વર્ગને શિખવે, સૂત્રારથ ધરી નેહ ॥ સ૦ ॥ પહાણને રયણ સમા કરે, પણવીસ ગુણના ગેહ ॥ સ૦ ॥ ૫ ॥ ભાવવાચક ત્રીજે ભવે. લહે શિવસુખ નિરધાર ॥ સ૦ ॥ ગણ ચિંતક નૃપ સુતપરે, લબ્ધિતણા ભંડાર ॥ સ૦ ॥ ૬ ॥ વાદી મતંગજ કેસરી, પણવીસ ભાવના દ્વાર ॥ સ૦ ॥ ઉપમા સોલે શોભતા, વંદું વારોવાર ॥ સ૦ ॥ ૭ ॥ બહુ શ્રુતની સેવા કરે, ભક્તિ તથા બહુ માન ॥ સ૦ ॥ દ્વાદશાદ્વા વંદન કરે, અશનાદિક ચઉદાન ॥ સ૦ ॥ ૮ ॥ મહેંદ્રપાલ એ પદથકી, થાશે શ્રી જિનરાજ ॥ સ૦ ॥ તસ પદ પદ્મ સેવાથકી, રૂપનાં સરશે કાજ ॥ સલુને ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ પાષાણતુલ્યોપિ નરોયદીય, પ્રસાદલેશ્યા લ-

ભતે સપક્ષાં ॥ જગદ્ધિતઃ પાઠકસંચયઃ, સ કલ્યાણમાલાં વિ-
તનોતુ સંઘે ॥ ૬ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ શ્રીમતે ઉપાધ્યાય યજા૦ ॥

॥ ઇતિ ષષ્ઠ શ્રી ઉપાધ્યાયપદ પૂજા સમાપ્ત ॥

॥ अथ सप्तम श्री साधुपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

આસન જયથીરૂજ હરે, પ્રાણાયમે પાવ ॥
મનવિકાર મુનિવર હરે, પ્રત્યાહાર પ્રભાવ ॥ ૧ ॥
બાહ્ય અભ્યંતર તપ તપે, "સોહં" પદ કરે જાપ ॥
તે મુનિવરને વંદતાં, પલકમાં જાએ પાપ ॥ ૨ ॥

॥ ઢાળ સાતમી ॥

(ત્રાજે ભવ વરથાનક તપ કરી.—એ દેશી.)

ખટ્ વ્રતધારી છકાયના રક્ષક, પંચ ઇંદ્રી વશ કરતા ॥ ભાવ વિશુદ્ધિ પડિલેહણ કરે, કરણ વિશુદ્ધિ ધરતા રે ॥ ભવિકા એહવા મુનિવર વંદો ॥ જીમ લહો પરમાણંદો રે ॥ ભ૦ ॥ એ આંકણી ॥ ૧ ॥ લોભ નિગ્રહ કરી ખંતિ સૂરા, સંજમના અધિકારી ॥ અકુશલ મન વચ કાય નિગેહે, સહે પરિસહ અતિ ભારી રે ॥ ભ૦ ॥ ૨ ॥ દેવ તિરી નર આત્મ સમુદ્ભવ, ઉપસર્ગ સોલે સહતા ॥ સતાવીશ મુનિવર ગુણ ધારી, સમિતિ ગુપતિ નિરવહતા રે ॥ ભ૦ ॥ ૩ ॥ બાહ્ય અભ્યંતર તપ નિત તપતા, કઠિન કરમ ખયકારી ॥ દોષ

સીયાલીશ રહિત અશન કરે, અતિક્રમ ચ્યાર નિવારી રે ॥ ભ૦ ॥ ૪ ॥ દ્રવ્યાદિક અભિગ્રહ ચઉ કરતા, ખટ્ વિધ વિગયના ત્યાગી ॥ ચાર પ્રકારે સંલીનતાકારી, જ્ઞાન ધ્યાન મતિ જાગી રે ॥ ભ૦ ॥ ૫ ॥ નરના દોષ અઢાર નિવારી, દીક્ષા યોગ્યને આપે ॥ નવ વિધ ભાવ લોચનાકારક, કેશ લોચ ત્રિક થાપે રે ॥ ભ૦ ॥ ૬ ॥ ચઉદ અભ્યંતર ગ્રંથી તજીને, જેહ થયા નિગ્રંથ ॥ અશરણ શરણ તરણ તારણ મુનિ, ચલવે શિવપુર પંથ રે ॥ ભ૦ ॥ ૭ ॥ બહુ શ્રુત તપસી લબ્ધિના ધોરી, વ્રત દૂષણ પરિહારી ॥ અપ્રમત્ત ગુણઠાણંગ વારિ, મુનિ નમો જોગ સમારી રે ॥ ભ૦ ॥ ૮ ॥ વીરભદ્ર એ મુનિપદ સેવી, હોશ્યે વિદેહે જિણંદ ॥ તસ મુખ પદમ વચન રસ પામી, રૂપવિજય આણંદ રે ॥ ભવિકા૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ શ્રી તીર્થકૃત્પદવિધાયિ તપસ્વિવર્ગ, વાત્સલ્યપુણ્ય પદવીમધિગમ્ય સમ્યક્ ॥ શ્રી વીરભદ્રમુનિવદ્વિધિના વિધેયં, સ્થાનંહિ સપ્તમમિદં શિવસૌખ્યહેતુ ॥ ૭ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે સાધવે યજા૦ ॥

॥ ઇતિ સપ્તમ શ્રી સાધુપદ પૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम श्री ज्ञानपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અક્ષય સુખ આધાર જે, ધ્યાન કલ્પતરૂ મૂલ ॥
તરણ હેતુ શ્રુત જ્ઞાન છે, શિવ સુખને અનુકૂળ ॥ ૧ ॥

મઈ સુઅ ઓહિ મણપજ્જવા, પંચમ કેવળ નાણ ॥
ભેદ એકાવન તેહના, જપીએ થિર કરી ઝાંણ ॥ ૨ ॥

॥ ઢાળ આઠમી ॥

(તુંગીયાગિરિ શિખર સોહે—એ દેશી.)

નાણ પદ આરાધી અપ્પા, નાણથી નિરવાણ રે ॥ નાણથી અન્નાણ નાસે, નાણ અખય નિહાણ રે ॥ ના૦ ॥ ૧ ॥ શુદ્ધ જ્ઞાનાનંદી ચેતન, કર્મ કરે ચકચૂર રે ॥ મિથ્યાત્વ ઘોર અંધાર ટાલણ, જ્ઞાન અભિનવ સૂર રે ॥ નાણ૦ ॥ ૨ ॥ જ્ઞાન પૂર્વક જેહ કરણી, તે હરે સવિ દુઃખ રે ॥ જ્ઞાન અમૃત પાન કરતાં, પ્રગટ ભવિ લહે સુખ રે ॥ નાણ૦ ॥ ૩ ॥ જ્ઞાન પંચમે જેહ સદાગમ, સ્વપરભાસક તેહ રે ॥ ચઉદ ભેદે સેવીએ તે, જેમ ટળે અઘ રેહ રે ॥ નાણ૦ ॥ ૪ ॥ અગીયાર અંગ ઉપાંગ દ્વાદશ, દશ પયન્નાં સાર રે ॥ ખટ્ છેદસૂત્ર વિચિત્ર રચના, મૂળ સૂત્ર જે ચ્યાર રે ॥ નાણ૦ ॥ ૫ ॥ નંદી અનુયોગદ્વાર, સૂત્ર પણયાલીસ રે ॥ નિર્યુક્તિ ટીકા ભાષ્ય ચૂર્ણિ, પૂજી વિશ્વાવિશ રે ॥ નાણ૦ ॥ ૬ ॥ નાણે જાણે સ્વભાવ જગના, ભક્ષાભક્ષ વિચાર રે ॥ તત્ત્વાતત્ત્વ સ્વરૂપ જાણે, જ્ઞાનને આચાર રે ॥ નાણ૦ ॥ ૭ ॥ દ્રવ્ય ગુણ પરજાય પરિણતિ, દ્રવ્ય ષટકે જેહ રે ॥ જ્ઞાની જ્ઞાને સર્વ જાણે, સ્વપર ભાવે અછેહ રે ॥ નાણ૦ ॥ ૮ ॥ જ્ઞાનભકતે તીર્થપતિપદ, જયંત નૃપ લહી સાર રે ॥ તસ વદન પદ્મની દેશના સુણી, રૂપ લહે ભવપાર રે ॥ નાણ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ જ્ઞાનદ્વિદંતિ ખલુ કૃત્યમકૃત્યજાતં, જ્ઞાનાચ્ચ-શ્ચિત્રમમલં ચ સમાચરંતિ ॥ જ્ઞાનાચ્ચ ભવ્યભવિનઃ શિવ-માપ્નુવંતિ, જ્ઞાનં નિદાન મખિલોત્તમ શર્મ લક્ષ્માઃ ॥ ૮ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે જ્ઞાનાય યજા૦ ॥

॥ ઇતિ અષ્ટમ શ્રી જ્ઞાનપદ પૂજા સમાપ્ત ॥ ૮ ॥

॥ अथ नवम श्री दर्शनपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શુદ્ધ દેવ ગુરૂ ધર્મની, શરધા મન વચ કાય ॥
તે સમકિતપદ સેવીએ, જીમ સુર શિવ સુખ થાય ॥૧॥
દુવિહ ધરમનું મૂળ જે, દરશણ પરમ નિધાન ॥
તીર્થંકરપદ પ્રાપ્તિનું, એહીજ પરમ નિદાન ॥ ૨ ॥

॥ ઢાળ નવમી ॥

(જિન વચને વઈરાગીયો હો ધન્ના.—એ દેશી.)

દરશણ પદ નિરમળ કરો હો મિતા, ત્રિકરણ જોગ સ-મારિ ॥ ગુણ અનંતની ભૂમિકા હો મિતા, સમકિત શુદ્ધ વિચાર રે ॥ હું વારી મિતા ॥ ૧ ॥ સમકિત ધરીએ બે ॥ સમકિત ધરીએ સોહામણું હો મિતા, છંડી દૂષણ પંચ રે ॥ હુ વારી મિતા ॥ સમકિત ધરીએ બે ॥ એ ટેક ॥ એગ-વિહ દુવિહ તિહાપણે હો મિતા, ચઉ પણ દશવિહ જોય ॥ શુદ્ધ રીતે તે સેવતાં હો મિતા, ગુણનિધિ આતમ હોય રે ॥ હું૦ ॥ સ૦ ॥ ૨ ॥ કાલ કરાલે રંકને હો મિતા, દોહીલો

અશન સંજોગ ॥ પંચામૃત ભોજન મીલે, હો મિતા, તેતો ભાગ્યને જોગ રે ॥ હું૦ ॥ સ૦ ॥ ૩ ॥ તિમ પરમાદી જીવને હો મિતા, દુષમકાળ મોજાર ॥ અમૃત સમ સમકિત લહી હો મિતા, મત પરમાદે હાર રે ॥ હું૦ ॥ સ૦ ॥ ૪ ॥ તરૂમાં જીમ સુરતરૂ વડો હો મિતા, સુરમણિ રયણ મોજાર ॥ તીમ સઘળા ગુણમાં વડો હો મિતા, સમકિત ગુણ નિરધાર રે ॥ હું૦ ॥ સ૦ ॥ ૫ ॥ નિશ્ચય ને વ્યવહારથી હો મિતા, એ સવિ ખટ્વિધ હોય ॥ ખય ઉપશમ ખય ઉપશમે હો મિતા, તિવિહા સમકિત જોય રે ॥ હું૦ ॥ સ૦ ॥ ૬ ॥ જિન ભગતિ ગુરૂ સેવના હો મિતા, કરૂણા જીવની સાર ॥ સંઘ ભગતી તીર્થ જાતરા હો મિતા, સમકિત નિરમળકાર રે ॥ હું૦ ॥ ॥ સ૦ ॥૭॥ જંગમ થાવર તીર્થની હો મિતા, સેવના શિવ સુખ મૂળ ॥ હરિવિક્રમ પરે જે કરે હો મિતા, તસ જિનપદ અનુકૂળ રે ॥ હું૦ ॥ સ૦ ॥ ૮ ॥ જિન ઉત્તમ પદ પદમની હો મિતા, જે કરે ત્રિવિધે સેવ ॥ રૂપવિજય પદ સંપદા હો મિતા, લહી હોય દેવાધિદેવ રે ॥ હું૦ ॥ સ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ સકલ મંગલ કેલીનિકેતનં, કુમતધ્વાંતવિઘાતનભાસ્કરં ॥ શુચિતરનિજબોધસમુદ્ભવં, ભવવિઘાતકૃતે યજ દર્શનં ॥ ૯ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે દર્શનાય યજા૦ ॥

॥ ઇતિ નવમ શ્રી દર્શનપદ પૂજા સમાપ્ત ॥ ૯ ॥

॥ अथ दशम श्री विनयपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

મોક્ષ સાધક શુભ જોગથી, સાધન કરે શ્રીકાર ॥
ક્ષાંત્યાદિક ગુણ ગણ ભર્યો, મૈત્ર્યાદિક ભંડાર ॥ ૧ ॥
મોક્ષ વિનય મનમાં ધરે, પરિહરે સકલ પ્રમાદ ॥
વિનયવંત ગુણ ગણ ભર્યો, તજે સકલ ઉન્માદ ॥ ૨ ॥

॥ ઢાળ દશમી ॥

(સંભવજિન અવધારીએ.—એ દેશી.)

વિનય કરો ભવિયણ ભલો, વિનય તે ગુણ ગણ મૂલ ॥ સલુને ॥ વિનયથી ગુરૂ સંતોષણા, તેહથી શ્રુત અનુકૂળ ॥ સ૦ ॥ વિનય કરો ભવિયણ ભલો ॥ એ ટેક ॥ શ્રુતથી દરીશણ નિરમલુ, તેહથી ચરણ પવિત્ત ॥ સ૦॥ ચારિત્ર સર્વ સંવર કરે, સંવરથી તપ નિત્ય ॥ સ૦ ॥ વિ૦ ॥ ૨ ॥ નિર્જરા થાએ તપથકી, નિર્જરાથી અઘ નાશ ॥ સ૦ ॥ કેવળજ્ઞાન નિરમલ લહે, કેવળથી શિવ વાસ ॥ સ૦ ॥ વિ૦ ॥૩॥ સાદિ અનંત સુખ સંપદા, ભોગવે સિદ્ધ અનંત ॥ સ૦ ॥ તેહનું મૂળ વિનય ભલો, સેવીએ નિત્ય ગુણવંત ॥ સ૦ ॥ ॥ વિ૦ ॥ ૪ ॥ નાણ દંસણ ચારિત્રનો, તપ ઉપચારિક પંચ ॥ સ૦ ॥ દશવિધ વૈયાવચ્ચ કરે, છંડી સયલ ખલ ખંચ ॥ સ૦ ॥ વિ૦ ॥ ૫ ॥ મન વચ કાય વિનયતણા, દુગ ચઉ અડ ભેય હોય ॥ સ૦ ॥ પડિરૂવ જોગ યુંજણતણા, ચઉદ

ભેદ એમ જોય ॥ સ૦ ॥ વિ૦ ॥ ૬ ॥ અરિહંત સિદ્ધ સૂરિ ભલા, વાચક મુનિ કુળ ધર્મ ॥ સ૦ ॥ જ્ઞાન ક્રિયા સંઘ ગણ તણો, જ્ઞાની થિવિર હરે કર્મ ॥ સ૦ ॥ વિ૦ ॥ ૭ ॥ અનાશાતના એહની, ભક્તિ સ્તુતિ સન્માન ॥ સ૦ ॥ બાવન ભેદ એ વિનયના, બિહું મિલે છાસઠ માન ॥ સ૦ ॥ વિ૦ ॥ ૮ ॥ અરિહંતાદિક પદતણો, વિધિએ વિનય કરે જેહ ॥ સ૦ ॥ નિત્ય ભોજી ઉપવાસનો, અહનિશ ફળ લહે તેહ ॥ સ૦ ॥ ॥ વિ૦ ॥ ૯ ॥ દોય હજાર ચિહુત્તરે, દેવ વંદન વિધિ બોલ ॥ સ૦ ॥ ચારસેં બાણું બોલે કરી, ગુરૂ વંદે રંગચોલ ॥સ૦॥ ॥ વિ૦ ॥ ૧૦ ॥ દ્રવ્ય ભાવ વિનયે કરી, ધન્ને જિનપદ લીધ ॥ સ૦ ॥ તસ પદ પદમવિજય દીએ, કરે ચિદ્રૂપ સમૃદ્ધિ ॥ સલુને ॥ વિનય કરો ભવિયણ ભલો ॥ ૧૧ ॥

॥ કાવ્યં ॥ ભો ભો પ્રમાદમવધૂય ગુણાપહારી, ભક્ત્યા સૃજંતુ વિનયં ગુણવત્સુ સમ્યક્ ॥ યેન ત્રિલોકજન વાંછિત પુણ્યપુણ્યા, તીર્થંકરસ્ય પદવી નદવીયસીસ્યાત્ ॥ ૧૦ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે વિનયાય યજા૦ ॥

॥ ઇતિ દશમ શ્રી વિનયપદપૂજા સમાપ્ત ॥ ૧૦ ॥

॥ अथ एकादश श्री चारित्रपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

રત્નત્રયી નિરમલ ધરે, કરે કરમ ચકચૂર ॥
જ્ઞાન ધ્યાન તપ હેતિએ, મુનિવર જંગમે સૂર ॥ ૧ ॥

કરમ ભરમ દુરે હરિ, તરી સંસાર અગાધ ॥
નિજ ગુણ પરયવમેં રમે, તે નમો મુનિ સુસમાધ ॥૨॥

॥ ઢાળ અગીઆરમી ॥

(પથડો નિહાળુ રે બીજા જિનતણો રે.—એ દેશી.)

ભવિ તુમે સેવો રે ચારિત્રપદ ભલું રે, શુચિ કરી તન મન કાય ॥ દેશ સરવ ભેદે જિનવર કહે રે, ચારિત્ર હોય અમાય ॥ ભવિ૦ ॥ ૧ ॥ દેશ ચરણ ગ્રહીને વ્રત બારનું રે, મુનિને મહાવ્રત પંચ ॥ દેશવિરતિ વૈમાનિક પદ લહે રે, મુનિ લહે શિવ સુખ સંચ ॥ ભવિ૦ ॥ ૨ ॥ મુહૂર્ત્ત માત્ર ચારિત્ર સેવ્યાથકી રે, વૈમાનિક સુર થાય ॥ ભાવ વિશુદ્ધે સાધે સિદ્ધિને રે, જીમ શ્રી મરૂદેવા માય ॥ ભવિ૦ ॥ ૩ ॥ ત્રિકરણ શુદ્ધ ચરણ ફરશન કરે રે, બાર કષાય નિવારી ॥ બાર માસે અનુત્તર સુખ અતિક્રમિ રે, શુકલ શુકલ નિરધાર ॥ ભવિ૦ ॥ ૪ ॥ ત્રિવિધ અવંચક જોગે જોડતા રે, ખટ્ આવશ્યક સાધ ॥ સાધ્ય પદે રમતા સમતા ધરે રે, ટાળે વિભાવ ઉપાધ ॥ ભવિ૦ ॥ ૫ ॥ શબ્દ રૂપ રસ ફરશ વિષય સુખે રે, જસ મન નહીં લપટાય ॥ તારણ જહાજ તે મુનિવરા રે, બીજું નામ કહાય ॥ ભવિ૦ ॥ ૬ ॥ શ્રીદેવી ઉપસરગે થિર રહ્યા રે, અરૂણદેવ ખટ્ માસ ॥ થિર ચારિત્રિ સંજમ સાધીને રે. જિનપદ બાંધ્યું ઉલ્લાસ ॥ ભવિ૦ ॥૭॥ બારમે સરગે સુર સુખ અનુભવિ રે, થાશ્યે વિદેહે જિણંદ ॥ તસપદ પદ્મની સેવન કરી ભલી રે, લહે ચિદ્રૂપ અમંદ ॥ ભવિ૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ કઠિનકર્મઘનાઘનભેદકં, શમદમાદિગુણાવલિમંડનં ॥ જિનગુણાધિપં સાધુસુસેવિતં, ચરણપંચવિધં યજામ્યહં ॥ ૧૧ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે ચારિત્રાય યજા૦ ॥

॥ ઇતિ અગીયારમી શ્રી ચારિત્રપદપૂજા સમાપ્ત ॥ ૧૧ ॥

॥ अथ द्वादश श्री ब्रह्मचर्यपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

તપસૂરા જગમાં ઘણા, દાન સૂરા નહીં પાર ॥
વિદ્યાસૂર વિચારતાં, શીલ સૂર જગસાર ॥ ૧ ॥
શીલે સદ્ગતિ પામીએ, શીલે સુધરે કાજ ॥
શીલે નર સુર સંપદા, શીલે શિવપુર રાજ ॥ ૨ ॥

॥ ઢાળ બારમી ॥

(શીતલજિન સહજાનંદી.—એ દેશી)

આગમ વાસિત કરી બુદ્ધિ, લહિ ત્રિકરણ જોગની શુદ્ધિ ॥ ચલ ઇંદ્રિ જોગને રૂંધી, તજી પરિણતિ કામની ઉંધી ॥ "નમો બંભયારિણ" પદ જપિએ, ભવ ભવનાં પાતિક ખપિએ ॥ નમો૦ ॥૧॥ એ ટેક ॥ દશ કામની અવસ્થા છંડી, પંચ ઇંદ્રિ તુરંગને દંડી ॥ અધ્યાતમ જ્ઞાનમાં મંડી, કામવાસના નાખે ખંડી ॥ નમો૦ ॥૨॥ વૈક્રિયને ઉદારિક કામ, દોય ભેદ એ વિષયનાં ઠામ ॥ કૃત્ય કારિત અનુમતિ નામ, ત્રિક જોગે તજો ગુણ ધામ ॥ નમો૦ ॥ ૩ ॥ દ્રવ્ય ભાવથી દુવિહા

શીલ, જે પાળે ધરી બહુ લીલ ॥ દ્રવ્યથી ચૌદ્દાર નિવારે, ભાવે રાગ દ્વેષથી ટાળે ॥ નમો૦ ॥ ૪ ॥ સદાચાર શીલ એક જાણો, બીજો શીલાંગ વખાણો ॥ નવ બ્રહ્મ ગુપ્તિ ધરે શાણો, તે થાએ ત્રિભુવન રાણો ॥નમો૦॥૫॥ ચારિત્રનો પ્રાણાધાર, અધ્યાતમ ભાવનો સાર ॥ જગજંતુનો નિસ્તાર, સઘળાં વ્રતનો શણગાર ॥ નમો૦ ॥ ૬ ॥ દશ ચિત્ત સમાધિને ધારે, વળી વિષય ત્રેવીસ નિવારે ॥ શીલધારી જન્મ સુધારે, આવે ભવ વારિધિ આરે ॥ નમો૦ ॥૭॥ દાન આપે કનકની કોડી, દિવસે દિવસે કર જોડી ॥ પણ નાવે શીલની હોડી, એમ કહે જિન ગણધર જોડી ॥ નમો૦ ॥૮॥ ચંદ્રવર્મા નૃપ મુનિરાયો, શીલવ્રતથી જિનપદ પાયો ॥ પ્રભુ વદન પદ્મ કહેવાયો, રૂપવિજયે ભગતે ગાયો ॥ નમો૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ ઇત્થંલસચ્છિલમહાનુભાવં, યે દ્વાદશસ્થાનક માશ્રયંતિ ॥ તે ચંદ્રવર્મેવ જિનેંદ્રલક્ષ્મી, માસાદ્યનિત્યોદયમાશ્રયંતિ ॥ ૧૨ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રી પરમ૦ શ્રીઅતે બ્રહ્મવૃત્તાય યજા૦ ॥

॥ ઇતિ દ્વાદશ શ્રી બ્રહ્મચર્યપદપૂજા સમાપ્ત ॥ ૧૨ ॥

॥ अथ त्रयोदश श्री क्रियापदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અનુભવ જ્ઞાન વિના ક્રિયા, કેવળ કાય કલેશ ॥
દાવાનલ જળ ઘટ ભરે, કેમ ઓલાય અશેષ ॥ ૧ ॥

દ્રવ્ય ક્રિયા નિરમળ કરે, ભાવ ક્રિયા ચિદ્ બોધ ॥
ઉભય જોગ નિત સાધતા, કરે મુનિ કર્મનો રોધ ॥ ૨ ॥

॥ ઢાળ તેરમી ॥

(ધર્મ જિનેશ્વર ગાઉ રંગશુ.– એ દેશી.)

સકલ પ્રમાદ દશા દૂરે તજી, કરી ખીણ ખીણ શુભ-ધ્યાન ॥ મુનિસર ॥ સમતા જોગે મમતા છંડીએ, ધરીએ તત્ત્વનું તાન ॥ મુનિસર ॥૧॥ "નમો કિરીયાણં" જપો પદ તેરમું, જેહથી શિવસુખ થાય ॥ મુ૦ ॥ ધર્મ શુકલ દોય ધ્યાનને સેવીએ, થિર કરી મન વચ કાય ॥ મુ૦ ॥ નમો૦ ॥ ॥ ૨ ॥ જિન સાધુ ગુણ કિર્ત્તન નિત કરે, દાન વિનય સન-માન ॥ મુ૦ ॥ સંજમ શ્રુત શીલાદિક સાધતો, નિત ધ્યાયે ધર્મનું ધ્યાન ॥ મુ૦ ॥ નમો૦ ॥ ૩ ॥ શુકલધ્યાન આલંબન ભૂમિકા, ખંતી પમુહારે ચાર ॥ મુ૦ ॥ શરદ્ પુનમ શશિ સમ નિજ આતમા, ધ્યાયે પિંડસ્થ વિચાર ॥ મુ૦ ॥નમો૦॥ ॥ ૪ ॥ પાંત્રીસ સોલ છપન ચઉ દુગ ઈમ, પદથી પરમેષ્ટિ જાપ ॥ મુ૦ ॥ લોકાલોક પ્રમાણોંકારનો, કરીએ પદસ્થ પદ જાપ ॥ મુ૦ ॥નમો૦॥૫॥ પ્રાતિહારજ શોભિત જિન કેવળી, સમવસરણના રે ભાણ ॥ મુ૦ ॥ હૃદયકમલ મધ્ય થાપી ધ્યાઇએ, એહીજ રૂપસ્થ ઝાંણ ॥ મુ૦ ॥ નમો૦ ॥૬॥ પરમા-નંદ પરમ પરમાતમા, સિદ્ધ બુદ્ધ નિકલંક ॥ મુ૦ ॥ રૂપા-તીત ધ્યાન મન ધ્યાઇએ, જીમ ટળે ભવનો રે વંક ॥ મુ૦ ॥

॥ નમો૦ ॥ ૭ ॥ પચવીશ આશ્રવ ક્રિયા પરિહરિ, છંડો કાઠીઆ તેર ॥ મુ૦ ॥ જ્ઞાન ક્રિયા એ અડદિઠી લહી, કીજે કરમને જેર ॥ મુ૦ ॥ નમો૦ ॥૮॥ તેરે કિરિયાથાનક પરિહરિ, વચન અસંગ અનુઠાણ ॥ મુ૦ ॥ દુષ્ટ ધ્યાન ત્રેસઠ દૂરે તજી, સાધો પદ નિરવાણ ॥ મુ૦ ॥ નમો૦ ॥ ૯ ॥ હરિવાહન મુનિ એ પદ સેવતો, ધ્યાન રસે ધિર ચિત્ત ॥ મુ૦ ॥ હરિ ઇંદ્રાણી હેજે પરખીયો, ખટ્ મહિના લગે નિત્ય ॥ મુ૦ ॥નમો૦॥૧૦॥ તીર્થંકરપદ બાંધી નિરમળું, હોશ્યે વિદેહે જિણંદ ॥ મુ૦ ॥ તસ મુખ પદ્મની સાંભળી દેશના, રૂપવિજય સુખ વૃંદ ॥ મુનિસર ॥ નમો૦ ॥ ૧૧ ॥

॥ કાવ્યં ॥ કુરૂત ધ્યાન મનિંદિત મુત્તમા, ભવતિ યેન મહોદય સંપદા ॥ શુચિતરં નિજ ધ્યેયપદં સદા, નયતિ ચેતસિ કશ્મલક્ષાલનાત્ ॥ ૧૩ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમત્યૈ ક્રિયાયૈ યજા૦ ॥

॥ ઇતિ તેરમી શ્રી ક્રિયાપદ પૂજા સમાપ્ત ॥ ૧૩ ॥

॥ अथ चतुर्दश श्री तपपदपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

કર્મ તપે તપ જોગથી, તપથી જાય વિકાર ॥
ભાવ મંગળ તપ જિન કહે, શિવસુખનો દાતાર ॥૧॥
બાહ્ય અભ્યંતર તપ તપે, જપે સદા જિન જાપ ॥
લબ્ધિવંત મહિમા નિલા, ટાળે સંચિત પાપ ॥ ૨ ॥

॥ ઢાળ ચૌદમી ॥

(ના કરીએજી નેહા ના કરીએ, નિગુણાશું રે નેહા ના કરીએ—એ દેશી.)

તપ કરીએ જી નિત તપ કરીએ, સમતાસું રે ઘટમાં તપ કરીએ ॥ ભવ સાયર જિમ ઝટ તરીએજી, સમતાસું રે ઘટમાં તપ કરીએ ॥ ૧ ॥ એ ટેક ॥ તપથી વિઘન પરંપરા જાએ, સુરનર આણા શીર ધરીએજી ॥ સ૦ ॥ કામ શમન ને ઇંદ્રિ દમનતા, નિત મંગલમાળા વરીએજી ॥ સ૦ ॥ રિદ્ધિ સિદ્ધિ નવનિધિ ઘર આવે, સાતે સુખ નિત અનુસરીએજી ॥ સ૦ ॥ ૨ ॥ સુર સુખ શિવ સુખ સલહું તેહને, મંગલમાળા નિત વરિએજી ॥ સ૦ ॥ સચિત પાપકરમ ક્ષય જાયે, નિરમળ ચેતનને કરીએજી ॥ સ૦ ॥ ૩ ॥ રત્ન કનક મુક્તાવળિ રૂડા, સિંહનિક્રીડિત મન ધરીએજી ॥ સ૦ ॥ વર્ધમાન તપ પુરવ ભવ કરી, પાંડવ જયકમળા વરીએજી ॥ સ૦ ॥ ॥ ૪ ॥ નંદન મુનિ એક લાખ વરસ લગે, માસખમણ પારણું કરીએજી ॥ સ૦ ॥ નારકી કોડિ વરસે અઘ ટાળે, તેટલું અઠ્ઠમ તપ કરીએજી ॥ સ૦ ॥૫॥ દુષ્ટ કરમ તરૂ ભંજન ગજ સમ, દુવિહા તપ વિધિ આચરીએજી ॥ સ૦ ॥ ઈહ પરલોક આશંસા છાંડી, હેલે ભવસાયર તરીએજી ॥ સ૦ ॥ ॥ ૬ ॥ વિષ્ણુ કુમારાદિક માહા તપસી, ખંધક સમતા અનુસરીએજી ॥ સ૦ ॥ ચઉદ સહસ્સ અણગારમાં ધોરી, ધન

ધન્નો મુનિ ઉચરિએજી ॥ સ૦ ॥૭॥ સનત્કુમાર બાહુબળી ગૌતમ, વિશલ્યા તપ દુઃખ હરિએજી ॥ સ૦ ॥ સાઠ હજાર વરસ આંબિલ તપ, સુંદરી શિવ સુખડાં વરિએજી ॥ સ૦॥ ॥ ૮ ॥ તપ પદ સેવી કનકકેતુ મુનિ, તીર્થંકર પદ અનુસરીએજી ॥ સ૦ ॥ તસ પદ પદ્મની સેવના કરીને, રૂપવિજય શિવસુખ વરિએજી ॥ સ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ ઇતિ ચતુર્દશમાર્હતભક્તિતઃ પદમનંતસુખોદયદાયકં ॥ કનકકેતુનરેંદ્ર ઇવાનિશં, સૃજતિ યઃ સભવેત્ત્રિજગત્પતિઃ ॥ ૧૪ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે તપસે યજા૦ ॥

॥ ઇતિ ચૌદમી શ્રી તપપદ પૂજા સમાપ્ત ॥ ૧૪ ॥

॥ अथ पंचदश श्री दानपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

દાને દુરગતિ દુઃખ ટળે, દાને દાલિદ્ર જાય ॥
દાને જશ કીરતિ ઘણી, દાને પાપ પલાય ॥ ૧ ॥
દાન સુપાત્રે જે દિએં, તે લહે નિરમળ નાણ ॥
શ્રી શ્રેયાંસતણી પેરે, જગમાં હોય વખાણ ॥ ૨ ॥

॥ ઢાળ પંદરમી ॥

(જંબુદ્વીપના ભરતમાં રે, નયરી પદમપુરી ખાસ.—એ દેશી)

શુદ્ધ મને શુભ રીતશું રે, કરી આદર સતકાર ॥ આહારાદિક ચઉ આપીએ રે, ભાવ અખંડે ઉદાર રે ॥ પ્રાણી,

દિજે સુપાત્રે દાન ॥ જીમ લહો મુક્તિ નિધાન રે ॥ પ્રાણી, દિજે સુપાત્રે દાન ॥ ૧ ॥ એ આંકણી ॥ નામ થાપન દ્રવ્ય ભાવથી રે, પાત્ર અનેક પ્રકાર ॥ ભાવ પાત્ર પડિલાભતાં રે, પામે ભવજળ પાર રે ॥ પ્રાણી, દિજે૦ ॥ ૨ ॥ યથાખ્યાત ચારિત્રિઆ રે, ક્ષીણમોહિ ગુણ ધામ ॥ રત્નપાત્ર સમ જિનવરા રે, પડિલાભે શિવઠામ રે ॥ પ્રાણી, દિજે૦ ॥ ૩ ॥ સમ્યગ્ જ્ઞાન ક્રિયા ભર્યા રે, તપ જપ સમતાવંત ॥ સ્વર્ણપાત્ર સમ મુનિવરા રે, દાને મહોદયદિંત રે ॥ પ્રાણી, દિજે૦ ॥૪॥ સમકિતિ અણુવ્રતિ ગુણવ્રતિ રે, ધરે શિક્ષાવ્રત ચાર ॥ રજતપાત્ર સમ તે કહ્યા રે, તસ ભગતે ભવપાર રે ॥ પ્રાણી, ॥ દિજે૦ ॥ ૫ ॥ ચોથે ગુણઠાણે રહ્યા રે, તામ્રપાત્ર સમ તેહ ॥ માટી લોહ ભોજન સમા રે, મિથ્યામતિ અઘ ગેહ રે ॥ પ્રાણી, ॥ દિજે૦ ॥ ૬ ॥ માર્ગાનુસારિ મિથ્યામતિ રે, સહસ્સથી અણુવ્રતી એક ॥ તહ સહસ્સથી મહાવ્રતી રે, સાધુ સહસ્સ જીવ એક રે ॥ પ્રાણી, દિજે૦ ॥ ૭ ॥ જ્ઞાન જ્ઞાનાદિક જિનવરે રે, સૂત્ર કહ્યા બહુ ભેદ ॥ અન્ન દાનાદિક તેહમાં રે, મુખ્ય દાન ગતખેદ રે ॥ પ્રાણી, દિજે૦ ॥ ૮ ॥ નરવાહન નરપતિ મુનિરે, કરી અતિથિસંવિભાગ ॥ તીર્થંકરપદ બાંધીયું રે, જેહથી ભવજળ તાગ રે ॥ પ્રાણી, દિજે૦ ॥ ૯ ॥ તસ પદ પદ્મની સેવના રે, કરશે જે ધરી પ્યાર ॥ રૂપવિજયપદ સંપદા રે, લહેશે તે નિરધાર રે ॥ પ્રાણી, દિજે સુપાત્રે દાન ॥ ૧૦ ॥

॥ કાવ્યં ॥ જિનવરાન્ જગતિ તિલકોપમાન્, ગણધરાન્ ગપાવ્રતપોધનાન્ ॥ અશનપાનકખાદિમસ્વાદિમૈ, જિન પદં લભતે પ્રતિલંભયન્ ॥ ૧૫ ॥

॥ મંત્રઃ ॥ ૐ ર્હ્રીં શ્રીં પરમ૦ ॥ શ્રીમતે દાનાય યજા૦ ॥

॥ ઇતિ પંદરમી શ્રી સુપાત્રદાનપદ પૂજા સમાપ્ત ॥ ૧૫ ॥

॥ अथ षोडश श्री वैयावृत्यपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અનંત જ્ઞાન દરશણ ધર, સુખ બલ જાસ અનંત ॥
લોકાલોક પ્રકાશકર, વંદુ શ્રી અરિહંત ॥ ૧ ॥
ચઉતિશ અતિસય સોહતાં, ગુણ સાયર ગંભીર ॥
વૈયાવચ્ચ તેહનું કરી, લહીએ ભવજળ તીર ॥ ૨ ॥

॥ ઢાળ સોલમી ॥

(વંદુ વીર જિનેશ્વર રાયા.—એ દેશી.)

સેવો રે ભવિયાં જિન સુખદાઈ, શુચિ તન મન સ્થિર લાઈ રે ॥ રાગ દ્વેષ પરણુતિ તજી ભાઈ, સંવર જોગ જગાઈ રે ॥ સેવો૦ ॥ ૧ ॥ સોલ કષાયને દુર નિવારી, નિરહંક્રત તજ માઈ રે ॥ જગ ભાસન શાસન જગ જેહનો, ત્રણ્ય ભુવન ઠકુરાઈ રે ॥ સેવો૦ ॥ ૨ ॥ અરિહંત આચારજ ઉવઝાયા, સાધુ બાલ સમુદાયા રે ॥ વૃદ્ધ ગીલાન તપસ્વી મુનિવર, ચૈત્ય ને સંઘ સુહાયા રે ॥ સેવો૦ ॥ ૩ ॥ સાધુ શ્રાવક એ દશ પદની, અતિશય હરખ ભરાયા રે ॥ વિવિધ પ્રકારે

વૈયાવચ્ચ કરતા, લહે જશ વાદ સવાયા રે ॥ સેવો૦ ॥ ૪ ॥ ચઉહા કેવળી ચઉહા જિનની, ભકતે ચિત્ત ભરાયા રે ॥ ભક્ત પાન ઔષધ વસ્ત્રાસન, વૈયાવચ્ચ સુખદાયા રે ॥સેવો૦॥ ॥ ૫ ॥ પ્રતિપાતી જગમાંહી પદારથ, કહે જિનરાજ સદાઈ રે ॥ અપ્રતિપાતિ વૈયાવચ્ચ જાણો, ઉંચ ગોત્ર ફલદાઈ રે ॥ સેવો૦ ॥૬॥ બાહુબલ નૃપ વૈયાવચ્ચથી, લહ્યો જગ જીત સવાઈ રે ॥ કઠિન કરમદલ શીથલ એહથી, કરી લહે ફળ શિવદાઈ રે ॥ સેવો૦ ॥ ૭ ॥ જીમૂતકેતુ જિનપદ પાયો, ત્રણ ભુવન સુખદાઈ રે ॥ સુરનર કિન્નર ભૂચર ખેચર, ગાએ સુજસ કમાઈ રે ॥ સેવો૦ ॥ ૮ ॥ તસ પદ પદમની સેવના કરતાં, પાતિક દૂર ગમાઈ રે ॥ રૂપવિજય કહે જિનપદ સેવા, પરમાનદ પદ દાઈ રે ॥ સેવો૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ જિનગણાધિપશૈક્ષતપસ્વિનાં, સ્થવિરબાલરૂજાકૂલસાધુનાં ॥ કુલગણાદિષુ ભક્તિવિતન્વતા, જિનપદે લભતે શુચિભાવતા ॥ ૧૬ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ શ્રીમતે વૈયાવૃત્ત્યાય યજા૦ ॥

॥ ઇતિ ષોડષક શ્રી વૈયાવૃત્ત્યપદપજા સમાપ્ત ॥ ૧૬ ॥

॥ अथ सप्तदश श्री संयमपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

તત્ત્વ જ્ઞાનમેં નિત રમે, દમે તે ઇંદ્રિ પંચ ॥
વમે કષાય કુબોધને, ધમે કરમનો સંચ ॥ ૧ ॥

સમયઉક્ત સાધન કરે, હરે ઉપાધિ વિરાધ ॥
તરે સંસાર સમુદ્રને, વરે નિજ શુદ્ધ સમાધ ॥ ૨ ॥

॥ ઢાળ સત્તરમી ॥

(જેમ મધુકર મન માલતી રે—એ દેશી)

સંજમ શુદ્ધ આરાધીએ રે, કરી તન મન નિરમાય રે ॥ મુનિસર ॥ ચિત્ત સમાધિ સંજમ ધરો રે, એહીજ મુક્તિ ઉપાય રે ॥ મુ૦ ॥ સં૦ ॥ ૧ ॥ દ્રવ્યથકી દુઃખીયાં ભણી રે, મનવંછિત દેઈ દાન રે ॥ મુ૦ ॥ જે સંતોષ ઉપાઇયે રે, દ્રવ્ય સમાધિ તે જાણ રે ॥ મુ૦ ॥ સં૦ ॥ ૨ ॥ સારણ વારણ ચોયણા રે, પડિચોયણ પ્રકાર રે ॥ મુ૦ ॥ કરી રે થાપે થિર સંજમે રે, ભાવ સમાધિ તે ધાર રે ॥ મુ૦ ॥ સં૦ ॥૩॥ અજ્ઞાની પણ તપે રે, ધન સુખ રાજને કાજ રે ॥ મુ૦ ॥ ચિત્ત સમાધિ મુનિ ધરે રે, તેતો શિવસુખ સાજ રે ॥ મુ૦ ॥સં૦॥ ॥ ૪ ॥ ત્રિવિધ અવંચક જોગથી રે, કરતા જ્ઞાન અભ્યાસ રે ॥ મુ૦ ॥ ચઉ અનુયોગ ચિંતન કરે રે, સગ નયથી સુવિલાસ રે ॥ મુ૦ ॥ સં૦ ॥ ૫ ॥ ખટ્ દ્રવ્ય સગ ભંગે કરી રે, કરતાં ચિત્ત વિચાર રે ॥ મુ૦ ॥ રમતા સુમતા સંવરે રે, કરે આતમ નિસ્તાર રે ॥ મુ૦ ॥ સ૦ ॥ ૬ ॥ સંઘ ચતુરવિધની કરે રે, ભગતે સાન્નિધ્ય જેહ રે ॥ મુ૦ ॥ દ્રવ્ય અશન વસને ઘણી રે, જિન પદવી લહે તેહ રે ॥ મુ૦ ॥ સં૦ ॥૭॥ રાજા પુરંદર મુનિપણે રે, કરી બહુ સંઘ સમાવ રે ॥ મુ૦ ॥

તીર્થંકર પદ પામશે રે, થાશે જગત્ આધાર રે ॥ મુ૦ ॥ ॥ સં૦ ॥૮॥ તસ પદ પદ્મની સેવના રે, કરશે સુર નર કોડ રે ॥ મુનિસર૦ ॥ સં૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ શ્રીસંઘવાત્સલ્ય મુદાર ચિત્તતા, કૃતજ્ઞતા સર્વજનેષ્વનુગ્રહઃ ॥ પ્રપન્નધર્મે દૃઢતાર્ચ્યપૂજનં, તીર્થંકરૈશ્વર્ય નિબંધનાનિ ॥ ૧૭ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ શ્રીમતે સંજમાય યજા૦ ॥

॥ ઇતિ સત્તરમી શ્રી સંજમપદપૂજા સમાપ્ત ॥ ૧૭ ॥

॥ अथ अष्टादश श्री अभिनवज्ञानपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સમકિતદૃષ્ટિ સંજમી, અપ્રમત્ત શુભ ચિત્ત ॥
સૂત્ર અરથ નિત નવ નવ, ભણતાં હોય પવિત્ત ॥ ૧ ॥
તત્ત્વ જ્ઞાન ચિંતન ભણી, લય લાગી જસ ચિત્ત ॥
તે મુનિવર ભવ કોડનાં, કરમ ખપાવે નિત ॥ ૨ ॥

॥ ઢાળ અઢારમી ॥

(કુંઅર ગભારો નજર દેખતાજી.—એ દેશી.)

મુનિવર ભણજો નિત શ્રુત નવ નવું રે, અંગથી આળસ છંડી દુર રે ॥ શ્રુત ઉપયોગે કરમ કઠિણ તળે રે, વાધે નિત અનુભવ અમૃત પુર રે ॥ મુ૦ ॥૧॥ એ ટેક ॥ અપુરવ જ્ઞાન ભણે બહુ નિર્જરા રે, સમકિત નિરમળ તેહથી થાય

રે ॥ તત્ત્વ પ્રકાશે જડતા સવિ ટળે રે, આતમ શક્તિ અનંત સુહાય રે ॥ મુ૦ ॥ ૨ ॥ અજ્ઞાની બહુ કોડો વરસે કરી રે, કરમ ખપાવે જેટલું આપ રે ॥ જ્ઞાની ત્રિગુપ્તે ગુપ્તો તેટલું રે, ક્ષણમાં ખપાવે સચિત પાપ રે ॥ મુ૦ ॥ ૩ ॥ છઠ્ઠ અઠ્ઠમ ચઉ પણ ઉપવાસથી રે, કરમ અનાણી ટાળે જેહ રે ॥ તેહથી અનંતગુણ શુદ્ધિ જ્ઞાનીને રે, ભોજન કરતાં નિત હોય એહ રે ॥ મુ૦ ॥ ૪ ॥ જ્ઞાન અકારણ બંધુ જીવને રે, કરમ કઠિન તમ ટાલણ ભાણ રે ॥ સંસાર સાગર તારણ તરી સમો રે, નાણથી લહિયે પદ નિરવાણ રે ॥ મુ૦ ॥ ૫ ॥ સકલ પદારથ જાણે નાણથી રે, જ્ઞાનથી હેય જ્ઞેય પ્રકાર રે ॥ જ્ઞાનથી જાણે સ્વપર સ્વભાવને રે, જ્ઞાનથી મન થિર રહે નિરધાર રે ॥ મુ૦ ॥ ૬ ॥ ચઉદ આશાતના ટાળી જે ભણે રે, બુદ્ધિના અડગુણ પામે તેહ રે ॥ આઠ ગુણે કરી શ્રુત અભ્યાસતો રે, થાએ સુખ રયણનો મુનિવર ગેહ રે ॥ મુ૦ ॥ ॥ ૭ ॥ જ્ઞાન રહિત કિરિઆ ખજુઆ સમી રે, કિરિયા વિણ નાણ તે જલહલ ભાણ રે ॥ દેશ આરાધક કિરિયાનિધિ કહ્યો રે, સરવ આરાધક નાણ પહાણ રે ॥ મુ૦ ॥ ૮ ॥ જિનપદ બાંધ્યું જ્ઞાન અભ્યાસથી રે, સાગરચંદ મુણીંદે સાર રે ॥ તસ મુખ પદ્મ વચનરસ પાનથી રે, રૂપવિજય લહેશે ભવપાર રે ॥ મુનિવર૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ પઠતિ યઃ શ્રુતજ્ઞાન મન ઉત, વિનયતઃ શુ-

ચિબુદ્ધિગુણાચિતઃ ॥ સ લભતે જિનરાજ પદં મુદા, નિખિ-
લભાવવિભાસન ભાસ્કરં ॥ ૧૮ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં૦ શ્રીમતેઽભિનવ જ્ઞાનાય યજા૦ ॥

॥ ઇતિ અઢારમી શ્રી અભિનવજ્ઞાનપદપૂજા સમાપ્ત ॥ ૧૮ ॥

॥ अथ एकोनविंशति श्री श्रुतपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શ્રુતથી શુભમતિ સંપજે, શ્રુતથી જાય વિકાર ॥
શ્રુતવાસિત જાણે ભલા, તત્ત્વાતત્ત્વ વિચાર ॥ ૧ ॥
શ્રુતજ્ઞાની સંસારનો, તરી પામે ભવપાર ॥
શ્રુત વિણ ભૂલા પ્રાણિયા, ઇત ઇત ઉત ફિરે સંસાર ॥૨॥

॥ ઢાળ ઓગણીસમી ॥

(તું તો જિન ભજન કર હો —એ દેશી.)

તું તો શ્રુતપદ નિત અનુસરે રે ॥ રંગીલે જીઉરા ॥ પંચ જ્ઞાનમાં સ્વપર પ્રકાશી, છે એક શ્રુત તત્પર હો ॥ રંગીલે જીઉરા ॥ અંગ અનંગ દુવિહ સુઅજાણો, દુવિહ ધરમ હિત કર હો ॥ રંગીલે જીઉરા ॥ ૧ ॥ તું તો શ્રુતપદ નિત અનુસર રે ॥ રંગીલે જીઉરા ॥ એ ટેક ॥ કઠિણ કરમ તમ હરણ તરણિસમ, ભક્તિ કર હો તતપર હો ॥ રં૦ ॥ મન વચ કાય શ્રી શ્રુતધરની, સેવના કર હિતકર હો ॥ રં૦ ॥ તું૦ ॥ ॥ ૨ ॥ અર્થથકી અરિહંતે પ્રકાશ્યું, સૂત્રે રચ્યું ગણધર હો ॥ રં૦ ॥ પ્રત્યેકબુધને શ્રુત કેવલીએ, સૂત્ર રચ્યાં શુચિતર

હો ॥ ૨ં૦ ॥ તું૦ ॥ ૩ ॥ દસ પુરવધર ગણી કૃત સુતર, સેવના કરી અઘ ઝર હો ॥ ૨ં૦ ॥ નૃપ સમ સૂત્ર અર્થે મંત્રી સમ, દોય દીએ સુખભર હો ॥ ૨ં૦ ॥ તું૦ ॥ ૪ ॥ શ્રુત આશાતના દુરે છંડી, દુવિહ ભક્તિ નિત કર હો ॥ ૨ં૦ ॥ શ્રુત પાઠક એક વરણથી, સહસ્સ સહસ્સ સમ ધર હો ॥ ૨ં૦ ॥ ॥ તું૦ ॥૫॥ સુર ભુવને સુખ વિલસી સુંદર, અનુક્રમે શિવ વધૂ વર હો ॥ ૨ં૦ ॥ અગિયાર અ ગ સુરંગ ભણીને, રત્નચૂડ મુણીશર હો ॥ ૨ં૦ ॥ તું૦ ॥ ૬ ॥ ત્રણ કોડી અડસઠ લખ ઉપર, સહસ છેતાલીસ ધર હો ॥ ૨ં૦ ॥ અંગ અગ્યારના એ પદ શાખી, થાશે શ્રી જિનવર હો ॥ ૨ં૦ ॥ તું૦ ॥ ॥ ૭ ॥ તસ પદ પદ્મવિજય સુખદાઈ, સેવશે સવિ સુરનર હો ॥ ૨ં૦ ॥ રૂપવિજય પ્રભુ ધ્યાન પસાએ, લહેશે પરમ સુખભર હો ॥ રંગીલે જીઉરા ॥ તું૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ શ્રુતપદં હિ સદા શુચિભાવતઃ, પઠતિ પાઠય તે રૂચિરારવૈઃ ॥ સ લભતે જિનરાજપદંવરં, નિખિલઘાતિકુકર્મ વિરામત ॥ ૧૯ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે શ્રુતાય યજા૦ ॥

॥ ઇતિ ઓગણીસમી શ્રી શ્રુતપદપૂજા સમાપ્ત ॥ ૧૯ ॥

॥ अथ विंशतिम श्री तीर्थपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ભવજલ તરાએ જેહથી, તીરથ કહિએ તેહ ॥

દ્રવ્યભાવથી સેવતાં, ટાળે પાપની રેહ ॥ ૧ ॥
તીરથ સેવી બહુ જના, પામ્યા ભવનો પાર ॥
જંગમ થાવર તીરથના, ભાખ્યા દોય પ્રકાર ॥ ૨ ॥

॥ ઢાળ વીશમી ॥

(નલિનાવતી વિજય જયકારી.—એ દેશી.)

સમકિત દરીશણ નિરમળકારી, કરો તીરથ ભક્તિ મનોહારી રે ॥ તીરથ જયકારી ॥ ત્રણ કારણ જિનવર પૂજીજે, માનવભવ લાહો લીજે રે ॥ તી૦ ॥ ૧ ॥ મલતરષાને દાહ નિવારે, તે તીરથ ભવજળ તારે રે ॥ તી૦ ॥ નામ ઠ-વણ દ્રવ્યભાવ પ્રકારે, તીરથ ચઉહા મન ધારે રે ॥ તી૦ ॥ ॥ ૨ ॥ દ્રવ્ય તીરથના દોય પ્રકાર, જંગમ થાવર સુખકાર રે ॥ તી૦ ॥ ગણધર કેવળી ને અણગાર, ચઉદ પુરવિ થિ-વિર ઉદાર રે ॥ તી૦ ॥ ૩ ॥ મનપજ્જવ ને અવધિ નાણી, પરભાવક અડ ગુણખાણી રે ॥તી૦॥ સંઘ ચતુરવિધ તીરથ કહીયે, જંગમ ભેદ એ લહીએ રે ॥ તી૦ ॥૪॥ વિમલાચળ ગિરનાર વખાણો, તારંગગિરિ અરબુદ જાણો રે ॥ તી૦ ॥ શંખેશ્વર ગોડીપ્રભુ પાસ, સમેતશિખર ઉલ્લાસ રે ॥ તી૦ ॥ ॥ ૫ ॥ અંતરિક્ષ મગશી ને નિમરી, નમો થાવર તીરથ સ-મરી રે ॥ તી૦ ॥ અસંખ્ય તીરથ શાશ્વતા જેહ, પ્રણમો ભ-વી ભાવે તેહ રે ॥ તી૦ ॥ ૬ ॥ તીરથજાત્રા રથજાત્રા જેહ, કરી લહિએ ચિદાનંદ ગેહ રે ॥ તી૦ ॥ વિહરમાન જિન

વિશ બિરાજે, દોય કોડી કેવળી જશ રાજે રે ॥ તી૦ ॥ ૭ ॥ ભાવ તીરથ એ જગ સુખદાઈ, તુમે સેવો ભક્તિ મન લાઈ રે ॥ તી૦ ॥ મણિ મુક્તાફલે તીર્થ વધાવી, નિરખી હરખી સુખ પાવો રે ॥ તી૦ ॥ ૮ ॥ મેરૂપ્રભુ એ તીર્થ પ્રકાશી, થાશે જિનવર ગુણરાશિ રે ॥ તી૦ ॥ જિન ઉત્તમ પદ પદ્મ વધાવે, તે રૂપવિજય પદ પાવે રે ॥ તીરથ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ કુર્વંતિ યે તીર્થપદે હિ નિત્યં પ્રપૂજનં સદ્ગુરૂ વંદનં ચ ॥ સંઘાર્ચનં, સદ્ ગુણવર્ણનં ચ, તીર્થેશ્વરત્વ મિહતે લભંતે ॥ ૨૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીમતે તીર્થાય યજા૦ ॥

॥ ઇતિ વિશમી શ્રી તીર્થપદપૂજા સમાપ્ત ॥ ૨૦ ॥

॥ ઢાળ એકવીશમી ॥

(ઘણુ જીવ તુ જીવ જિનરાજ જીવો ઘણું.—એ દેશી.)

સકલ મંગળતણી વેલી વિસ્તારણી, વિશસ્થાનકતણી સરસ પૂજા ॥ ભક્તિ શક્તિ કરી પૂર્ણ આદર ધરી, જે કરે તેહનાં પાપ ધ્રુજ્યાં ॥ સ૦ ॥ ૧ ॥ પ્રથમને ચરમ જિનરાજે પુરાં કર્યાં, અવર જિને દોય ત્રણ ઠાણ કીધાં ॥ તીર્થપતિપદ લહી સકલ પાતિક દહી, શાશ્વતાનંદ પદે તેહ સિદ્ધા ॥ સ૦ ॥ ॥ ૨ ॥ સાધુ ને સાધવી શ્રાવક શ્રાવિકા, ભવિકા જેહ એ તપ આરાધે ॥ ઉજવી ઉદ્યમે રીઝવી આતમા, સકલ સુખ સિદ્ધિનાં તેહ સાધે ॥ સ૦ ॥ ૩ ॥ શ્રી વિજયસિંહ સુરીશ

તપ ગણપતિ, શિષ્ય તસ સત્યવિજયાભિહાણો ॥ કપૂર ખીમાદી જિન ઉત્તમ શબ્દથી, વિજયપદે શિષ્ય સંતાન જાણો ॥ સ૦ ॥ ૪ ॥ તત્ત્વ ૩ ગજ ૮ દિગ્ગજ ૮ ચંદ્ર ૧ વરસે ભલી, શુકલ એકાદશી ભદ્રમાસે ॥ સકલ સુખસદ્મ ગુરૂ પદ્મવિજયાંતિષત, રૂપવિજયાભિધો વાણી ભાષે ॥ સ૦ ॥ ૫ ॥

॥ કળશ ॥

એમ સકલ મંગલ શ્રેણિ દાતા, પાર્શ્વ શ્રી શંખેશ્વરો ॥ વર ભક્તિ દાવે શુદ્ધ ભાવે, સંથુણ્યો અલવેસરો ॥ સંવેગ માર્ગે તત્ત્વરાગી, પદ્મવિજય મુણીશરો ॥ તસ શિષ્ય ભાખે શાસ્ત્ર શાખે, રૂપવિજય સુહંકરો ॥ ૧ ॥

॥ ઇતિ પંડિત શ્રી રૂપવિજયજી કૃત ॥
॥ વિશસ્થાનકની પૂજા સમાપ્ત ॥

અથ શ્રી

પીસ્તાલીશઆગમની પૂજા પ્રારંભ.

॥ अथ एकादश अंग पूजा प्रारंभ ॥

॥ तत्र ॥

॥ प्रथम श्री आचारांगसूत्र पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ભવિકજીવ હિતકારિણી, સ્યાદ્વાદ જસ વાણી ॥ તે પરમા-

તમ પ્રણમિયે, વિમલ અનંત ગુણ ખાણી ॥ ૧ ॥ જિનમુખ પદ્મદ્રહ થકી, પ્રગટી ત્રિપદી ગંગ ॥ મુનિ માહન ઝીલે સદા, અર્થ પીયે ગ્રહી ચંગ ॥૨॥ મિથ્યા તમ ભર ટાળવા, જિનવર અભિનવ સૂર ॥ તસ ગોભર શ્રુત પૂજીને, પામો સમકિત નૂર ॥૩॥ જિનવર જિન આગમતણી, પૂજા કરે ધીર ભાવ ॥ તે ભવીયણ ભવજળ તરી, પામે શુદ્ધ સ્વભાવ ॥ ૪ ॥ તીગ પણ અડ નવ ભેદથી, સત્તર એકવીશ ભેદ ॥ અષ્ટોત્તરી પૂજા કરી, ટાળો ભવિ ભવખેદ ॥ ૫ ॥ અષ્ટ પ્રકારે પૂજીયે, જિન આગમ ધરી ભાવ ॥ અષ્ટમ ગતિને પામવા, જ્ઞાન છે અભિનવ દાવ ॥૬॥ વાસ[૧] વસુ[૨] અક્ષત[૩] કુસુમ[૪], ધૂપ[૫] દીપક[૬] મનોહાર ॥ નૈવેદ્ય[૭] ફળ- પૂજા કરી, પામો ભવિ ભવપાર ॥ ૭ ॥ તીર્થપતિ નમે તીર્થને, તીર્થ તે દ્વાદશ અંગ ॥ તે સેવી જિનપદ લહો, શ્રી જયંત નૃપ ચંગ ॥ ૮ ॥

॥ ઢાળ પહેલી ॥

(નીલુડી રાયણ તરૂ તળે રે, સુણો સુંદરી —એ દેશી.)

વર્દ્ધમાન ગુણ આગરૂ, અરિહંતાજી ॥ વર્દ્ધમાન જિનભાણ ॥ ભગવંતાજી ॥ મહસેન વનમાં સમોસર્યા ॥ અ૦ ॥ ચઉવિહ સુર મંડાણ ॥ ભ૦ ॥ ૧ ॥ માધવ શુદિ એકાદશી ॥ અ૦ ॥ પ્રથમયામ ગુણધામ ॥ ભ૦ ॥ ત્રિપદીયે અર્થ પ્રકાશિયો ॥ અ૦ ॥ ગણિ રચે સૂત્ર તે ઠામ ॥ ભ૦ ॥૨॥ આચારંગે વખાણીયા ॥ અ૦ ॥ સુઅખંધ દોય તે ખાસ ॥ ભ૦ ॥

પણવિશ અઝયણા ભલાં ॥ અ૦ ॥ કરે અન્નાણનો નાસ ॥ ભ૦ ॥૩॥ અઢાર સહસ્સ પદે ભર્યું ॥ અ૦ ॥ અર્થ અનંત ભંડાર ॥ ભ૦ ॥ નિશ્ચય નાણ ચરણ ભર્યું ॥ અ૦ ॥ પૂજી લહો ભવપાર ॥ ભ૦ ॥૪॥ જિન ઉત્તમ મુખ પદ્મની ॥અ૦॥ વાણી અમૃત ખાણ ॥ ભ૦ ॥ રૂપવિજય કહે પૂજતાં ॥અ૦॥ લહીયે શિવપુર ઠાણ ॥ ભગવંતાજી ॥ ૫ ॥

॥ ઇતિ પ્રથમ શ્રી આચારાંગસૂત્ર પૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय श्री सूगमांगसूत्रपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સમકિત દર્શન શુદ્ધતા, કારક બીજું અંગ ॥
પૂજો ધ્યાઓ ભવિજના, ઝીલો જ્ઞાન તરંગ ॥ ૧ ॥

॥ ઢાળ બીજી ॥

(ગોવાચ્છરૂઆં ચારતી, આહીરનો અવતાર;
રૂડું ગોકળીયુ.—એ દેશી)

બીજું અંગ આરાધીયે, સૂગડાંગ જેહનું નામ ॥ આગમ એ રૂડો ॥ સુઅખધ દોય સોહામણા, શોહે અતિ અભિરામ ॥ આ૦ ॥ ૧ ॥ સ્યાદ્વાદ વાણી ભર્યાં, અઝયણાં ત્રેવીશ ॥ આ૦ ॥ સ્વપર સમયની વારતા, ભાખી શ્રી જગદીશ ॥ આ૦ ॥ ૨ ॥ કુપાવયણી દાખિયા, ત્રણશે ત્રેશઠ ભેદ ॥ આ૦ ॥ તે છંડી એ શ્રુત ગ્રહો, સમકિત આત્મ અભેદ ॥ આ૦ ॥ ૩ ॥ આર્દ્રકુમાર મુનિપરે, નિર્મળ કરજો ચિત્ત

॥ આ૦ ॥ ત્રિકરણ યોગ સમારીને, પૂજો આગમ નિત્ય ॥ આ૦ ॥ ૪ ॥ જ્ઞાને જ્ઞાતા જ્ઞેયનો, જાણે સ્વપર સ્વભાવ ॥ આ૦ ॥ જિન ઉત્તમ મુખ પદ્મની, વાણીયે તજ્ય વિભાવ ॥ આગમ એ રૂડો ॥ ૫ ॥

॥ ઇતિ દ્વિતીય શ્રી સૂગડાંગસૂત્ર પૂજા સમાપ્ત ॥૨॥

॥ अथ तृतीय श्री ठाणांगसूत्रपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ત્રિવિધ અવંચક યોગથી, પૂજો ત્રીજું અંગ ॥
ઠાણ આસન મુદ્રા કરી, લહો શિવવધૂ નવરંગ ॥ ૧ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(સાબરમતિયે આવીયા ભરપુરજો.—એ દેશી.)

શ્રી ઠાણાંગસૂત્રની સેવના સાર જો, કરિયે રે ભવિ તરિયે ભવજળ વારિધિ જો ॥ દશ અધ્યયને વધતા છે દશ બોલ જો, સુણિયે રે ભવિ મુણિયે થુણિયે સારધી રે લો ॥૧॥ સંગ્રહ નયથી "એગે આયા" સૂત્ર જો, ભાખે રે જિનરાયા તાજા તેજથી રે લો ॥ મહાસત્તા સામાન્યપણું ઇહાં હોય જો, બીજા રે અધ્યયન અવાંતર ભેદથી રે લો ॥ ૨ ॥ સૂત્ર અર્થ તદુભયથી સેવે જેહ જો, તે આરાધક શ્રુતનો ભાખ્યો ગણધરે રે લો ॥ પ્રત્યનીક વળી ત્રિવિધ કહ્યાં છે તત્ત્વ જો, તેણે જે વિધિયે સેવે તે ભવજળ તરે રે લો ॥ ૩ ॥ દ્રવ્ય તથા ગુણપર્જવ ક્ષેત્ર ને કાલ જો, સલિલા સેલ સમુદ્ર વિમાન તે

સુરતણાં રે લો ॥ જીવાજીવ પરૂવણા પુરીસા જાત જો, ભાંખ્યા તે જિને દાખ્યા તે ગણધરે ઘણા રે લો ॥ ૪ ॥ તેણે એ સૂત્ર છે સદ્‌ગતિ ફળ દાતાર જો, સેવો ગાવો ધ્યાવો પાદસુખ ઘણાં રે લો ॥ જિન ઉત્તમ મુખ પદ્મ વચન રસ લીન જો, રૂપવિજય કહે તેહને, સુખની નહીં મણા રે લો ॥ ૫ ॥

॥ ઇતિ તૃતીય શ્રી ઠાણાંગસૂત્ર પૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ અથ ચતુર્થ શ્રી સમવાયાંગસૂત્રપૂજા પ્રારંભઃ ॥

॥ દોહા ॥

સત સમવાય વખાણીયા, ચઢતા ચોથે અંગ ॥
પૂજો ધ્યાઓ એહને, ભાવથકી ધરી રંગ ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥

(સાંભળ રે તું સજની મહારી, રજની કિહાં રમી આવીજી.—એ દેશી.)

આતમ સત્તા શુદ્ધ પ્રકાશી, અવિનાશી અવિકારી જી ॥ ત્રિશલાનંદન ત્રિગડે બેશી, વાણી કહી હિતકારી જી ॥ ૧ ॥ શ્રુતપદ જપીયેજી, ભવભવ સંચીત પાપ, દુરે ખપીયેજી ॥ ॥ એ આંકણી ॥ જીવાજીવ સુરાસુર નર તિરી, નારય પમુહા ભાવાજી ॥ ભુવણો ગાહણ વેયણ ઇંદ્રી, ભાખ્યા વિવિહ સહાવા ॥ શ્રુત૦ ॥ ૨ ॥ કુલગિરિ જિનવર જીધર હલધર, ચક્રી ભરતના ઇશાજી ॥ એ સમવાય વખાણ્યા સઘળા, ગણધરને જગદીશ ॥ શ્રુત૦ ॥ ૩ ॥ એક લાખ ને સહસ્સ ચુંઆલીશ,

પદ એ શ્રુતના કહીયેજી ॥ સંખ્યાતે વરણે કરી ભરીયો, અરથ અનંતા લહીયે ॥ શ્રુત૦ ॥ ૪ ॥ શ્રુતપદ ભણજો શ્રુત પદ ગણજો, શ્રુતપદ ગાવો ધ્યાવોજી ॥ ગુરૂ મુખ પદ્મથી અર્થ વચન સુણી, રૂપવિજય પદ પાવો ॥ શ્રુત૦ ॥ ૫ ॥

॥ ઇતિ ચતુર્થ શ્રી સમવાયાંગસૂત્ર પૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ અથ પંચમ શ્રી ભગવતી અંગસૂત્ર પૂજા પ્રારંભ ॥

॥ દોહા ॥

પાવન પંચમ અંગમાં, પ્રશ્ન છત્રીશ હજાર ॥
ગૌતમ ગણધરે પુછીયાં, વીરે કહ્યાં નિરધાર ॥ ૧ ॥

॥ ઢાળ પાંચમી ॥

(મહારૂ મન મોહ્યું રે આ સિદ્ધાચળે રે —એ દેશી)

ભવિ તુમે પૂજો રે ભગવતી સૂત્રને રે, વિવાહપન્નતિ નામ ॥ પંચમ અંગ એ પંચમ ગતિ દીયે રે, ચરણ કરણ ગુણ ઠામ ॥ ભવિ૦ ॥ ૧ ॥ એકશો આડત્રીશ શતકે શોહતું રે, વળી બેતાલીશ ધાર ॥ ઉદ્દેશા ઓગણીશસેં ઉપરે રે, પચ્ચીશ છે નિરધાર ॥ ભવિ૦ ॥૨॥ સહસ્સ ચોરાશીપદ વૃંદે કરી રે, શોહે સૂત્ર ઉદાર ॥ વિવિધ સુરાસુર નર નૃપ મુનિવરે રે, પુછ્યાં પ્રશ્ન પ્રકાર ॥ ભવિ૦ ॥ ૩ ॥ ષટ્દ્રવ્ય ચરણ કરણ નભ કાલના રે, પજ્જવ ને પરદેશ ॥ અસ્તિ નાસ્તિતા સ્વપર વિભાવથી રે, ભાખ્યા અર્થ વિશેષ ॥ ભવિ૦ ॥ ૪ ॥ ઉપક્રમ નિક્ષેપ અનુગમ નય વળી રે, ચાર પ્રમાણ વિચાર ॥

લોકાલોક પ્રકાશક જિને કહ્યાં રે, પ્રશ્ન છત્રીશ હજાર ॥ભ૦॥ ॥ ૫ ॥ શ્રદ્ધા ભાસન રમણપણું કરી રે, સાંભળો સૂત્ર ઉદાર ॥ ત્રિવિધ ભક્તિ કરી પૂજો સૂત્રને રે, મણિ મુક્તાફળે સાર ॥ ભવિ૦ ॥ ૬ ॥ સોના મહોર સહસ્સ છત્રીશથી રે, સંગ્રામ સોનીયે સાર ॥ રૂપવિજય કહે પૂજ્યું ભગવતી રે, તિમ પૂજો નર નાર ॥ ભવિ૦ ॥ ૭ ॥

॥ ઇતિ પંચમ શ્રી ભગવતીઅંગસૂત્ર પૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ अथ षष्ठ श्री ज्ञातांगसूत्रपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ષટ્વ્રતધારી ષટ્પદે, લેતા ઉચ્છારિહાર ॥
યુગ પ્રધાન શ્રી જંબુયે, પૂછ્યા અર્થ વિચાર ॥ ૧ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(ટુક અને ટોડા વિચે રે, મેંદીના દોય રૂખ; મેંદી રંગ લાગો —એ દેશી.)

ષટ્વ્રતધારી મહામુનિ રે, જંબુ જુગ પરધાન ॥ આગમ એ રૂડો ॥ સ્વામિ સુધર્માને નમી રે, પૂછે અર્થ નિધાન ॥ આ૦ ॥ ૧ ॥ કહે સોહમ જંબુ સુણો રે, જ્ઞાતા સુય ખંધ દોય ॥ આ૦ ॥ ઓગણીશ અધ્યયન છે રે, પદ સંખ્યાતાં જોય ॥ આ૦ ॥ ૨ ॥ મેઘકુમારાદિક મુનિ રે, સંયમ ધોરી સાધ ॥ આ૦ ॥ સાધન સાધી સિદ્ધિનાં રે, પામશે અવ્યાબાધ ॥ આ૦ ॥ ૩ ॥ ઘોર પરિસહ જીતવા રે, દીપતા સંયમ તેજ ॥ આ૦ ॥ પાળે પંચાચારને રે, લેવા શિવવહુ સેજ

॥ આ૦ ॥ ૪ ॥ ચરણ કરણ રયણે ભર્યો રે, શ્રુત રત્નાકર સાર ॥ આ૦ ॥ જિન ઉત્તમ મુખ પદ્મથી રે, લહો ચિદ્રૂપ અપાર ॥ આગમ એ રૂડો ॥ ૫ ॥

॥ ઇતિ ષષ્ઠ શ્રી જ્ઞાતાઅંગસૂત્ર પૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम श्री उपासकदशांगसूत्र पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અંગ ઉપાસકમાં કહ્યા, દશ શ્રાવક અધિકાર ॥
વીર જિણંદ વખાણીયા, ધન્ય તેહના અવતાર ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥

(પદ્મપ્રભુજીના નામની હું જાઉં બલિહારી.—એ દેશી.)

સગ ભય વારક સાતમું, અંગ સુરંગ વિચાર ॥ ભવિજન ॥ સુઅબંધ એક સોહામણો, અઝયણાં દશ સાર ॥ ભવિ૦ ॥ ૧ ॥ આણંદ[૧] કામદેવ[૨] ગુણી, ચુલણીપિયા[૩] સુરદેવ[૪] ॥ ભવિ૦ ॥ ચુલ્લશતક[૫] કુંડકોલીયો[૬], કરે જિન આગમ સેવ ॥ ભવિ૦ ॥ ૨ ॥ સકડાલપુત્ર[૭] છે સાતમા, મહાશતક[૮] ગુણવંત ॥ ભવિ૦ ॥ નંદિનીપિયા[૯] નવમા લહુ, લેધણીપિયા[૧૦] પુણ્યવંત ॥ ભવિ૦ ॥ ૩ ॥ વર્દ્ધમાનજિન દેશના, સાંભળી વ્રત લીયે બાર ॥ ભવિ૦ ॥ ચૌદ વરસ ઘરમાં રહ્યા, ષટ્ વર્ષ પૌષધાગાર ॥ ભવિ૦ ॥ ૪ ॥ અગિયાર પડિમા તપ તપી, અણસણ કરી લહી સગ્ગ ॥ ભવિ૦ ॥ મહાવિદેહે મનુજ થઈ, જાશે દશ અપવગ્ગ ॥ ભવિ૦ ॥ ૫ ॥

આગમ અમૃત રસ ભર્યો, જે પીયે નરનાર ॥ ભવિ૦ ॥ રૂપ-
વિજય પદ સંપદા, તે લહે નિરધાર ॥ ભવિ૦ ॥ ૬ ॥

॥ ઇતિ સપ્તમ શ્રી ઉપાસકદશાંગસૂત્રપૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम श्री अंतगम्दशांगसूत्रपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નિરૂપમ નેમિ જિણંદની, સાંભળી દેશના સાર ॥
સમુદ્ર સાગર પમુહ, પામ્યા ભવજળ પાર ॥ ૧ ॥

॥ ઢાળ આઠમી ॥

(જુંબખડાની.—નીરખી નીરખી તુજ બિંબને.—એ દશી.)

અંતગડ અંગ તે આઠમું રે, અષ્ટમી ગતિ દાતાર ॥ ન-
મો વીતરાગને ॥ આઠ વરગ જે તેહના રે, અધ્યયન નેવું
ઉદાર ॥ નમો૦ ॥ ૧ ॥ સુઅખંધ એક સોહામણો રે, અર્થ
અનંતનું નામ ॥ નમો૦ ॥ ચરણ કરણ રયણે ભર્યો રે, આ-
પે અવિચળ ઠામ ॥ નમો૦ ॥ ૨ ॥ યદુવંશી યાદવ ઘણા રે,
ત્યજી સંસાર ઉપાધિ ॥ નમો૦ ॥ સંયમ શુદ્ધ આરાધીને રે,
કાઢયો કર્મનો વ્યાધિ ॥ નમો૦ ॥ ૩ ॥ અજ્જવ મદ્દવ ગુણે
ભર્યા રે, સંયમ સત્તર પ્રકાર ॥ નમો૦ ॥ સમિતિ ગુપ્તિ તપ
સ્યા કરી રે, પામ્યા ભવજળ પાર ॥ નમો૦ ॥ ૪ ॥ આગમ
રીતે ચાલતાં રે, થયા મુનિ સિદ્ધ અનંત ॥ નમો૦ ॥ આગમ
પૂજી ભવિજના! રે, લહો ચિદ્રૂપ મહંત ॥ નમો૦ ॥ ૫ ॥

॥ ઇતિ અષ્ટમ શ્રી અંતગડદશાંગસૂત્રપૂજા સમાપ્ત ॥ ૮ ॥

॥ अथ नवम श्री अनुत्तरोववाइसूत्रपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જાલિ મયાલિ ઉવયાલિ મુનિ, પુરિષસેણ વારિસેણ ॥
સંયમ લઈ અનુત્તર ગયા, હું વંદુ ત્રિવિહેણ ॥ ૧ ॥

॥ ઢાળ નવમી ॥

(સુણ ગોવાલણી ગોરસડાંવાળી રે ઉભી રહેને —એ દેશી.)

નવમું અંગ સેવો ભવિ પ્રાણી, નામ અણુત્તરોવવાઈ ગુણખાણી ॥ એ તો સોહમ ગણધરની વાણી ॥ ૧ ॥ તુમે પૂજો લાલ, અનુત્તરોવવાઇ અંગ, સુગંધી ચૂરણે ॥ એ સેવો લાલ, ઉદયે આવે ભાગ્ય હોયે જો પૂરણે ॥ એ આંકણી ॥ સુંદર એક સુઅખંધ સોહે છે, ત્રણ્ય વર્ગે ભવિ મન મોહે છે, તેત્રીશ અધ્યયને બોહે છે ॥ તુમે૦ ॥ એ૦ ॥ ૨ ॥ સગ સેણિક ધારણી સુત જાણો, નંદા સુત અભયકુમર શાણો, દોય ચેલણા નંદન મન આણો ॥ તુમે૦ ॥ એ૦ ॥૩॥ વૈશાલિક વચન સુણી કાને, બુઝયા વ્રત લીયે ઘણા બહુ માને, અનુત્તર સુર થયા સંયમતાને ॥ તુમે૦ ॥ એ૦ ॥૪॥ શ્રેણિક ધારણી સુત તેર ભલા, દીર્ઘસેનાદિક ગુણનિલા, લહ્યા સંયમે અનુત્તર સુખ ભલાં ॥ તુમે૦ ॥ એ૦ ॥ ૫ ॥ ધન ધન્નો કાકંદીવાસી, બત્રીશ રમણી ત્યજી ગુણરાશી, લઈ સંયમ થયો અનુત્તરવાસી ॥ તુમે૦ ॥ એ૦ ॥૬॥ જિન ઉત્તમ મુખ પદ્મની વાણી, સુન ક્ષેત્રાદિક નવ ગુણ ખાણી, લહ્યા રૂપવિ-

જય અનુત્તર નાણી ॥ તુમે૦ ॥ એ૦ ॥ ૭ ॥

॥ ઇતિ નવમ શ્રી અનુત્તરો૦વાઈ અંગપૂજા સમાપ્ત ॥ ૯ ॥

॥ अथ दशम श्री प्रश्नव्याकरण अंगपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ત્રિપદી અર્થ પ્રકાશીયો, ગણધરને જિનરાજ ॥
તે જિનદેવને પૂજતાં, લહિયે શિવસામ્રાજ ॥ ૧ ॥

॥ ઢાળ દશમી ॥

(વાલાજી પાંચમ મંગળવાર, પ્રભાતેમ્હચાલવુ રે લો—એ દેશી)

ભવિ તુમે પૂજો શ્રી મહાવીર, સરસ કેશર ઘસી રે લો ॥ ભવિ તુમે કસ્તુરી બરાસ, અંબર ભેળી વસી રે લો ॥ ભવિ તુમે પંચવરણી વર કુસુમ, હાર કંઠે ધરો રે લો ॥ ભવિ તુમે ધૂપ ઉખેવો ભાવથી, જીમ ભવજળ તરો રે લો ॥ ૧ ॥ ભવિ તુમે જગદીપક જિન આગળ, દ્રવ્યદીપક પુરો રે લો ॥ ભવિ તુમે ભાવદીપક લહો કેવળ, નાણ ઉલટ ધરો રે લો ॥ ભવિ તુમે અક્ષત નૈવેદ્ય ફળ ઠવી, ભવસાયર તરો રે લો ॥ ભવિ તુમે સેવી સંવર ભાવ, એ શિવરમણી વરો રે લો ॥ ॥ ૨ ॥ ભવિ તુમે છંડી આશ્રવ પંચ, પૂજા પ્રેમે કરો રે લો ॥ ભવિ તુમે જિન પૂજા જે શુદ્ધ, દયા તે મન ધરો રે લો ॥ ભવિ તુમે શીલ સંયમ શિવ સમિતિ, સંવર જાણીયે રે લો ॥ ભવિ તુમે સમિતિ ભદ્રા બોધિ, પૂજા વખાણીયે રે લો ॥ ૩ ॥ ભવિ તુમે જાણો દશમે અંગ, સુઅખંધ એક છે રે લો ॥ ભ-

વિ તુમે સમજો દશ અધ્યયન, અર્થથી છેક છે રે લો ॥ ભવિ તુમે કર્મ નિર્જરા હેતે, ચૈત્ય ભક્તિ કરો રે લો ॥ ભવિ તુમે પૂજો ધ્યાઓ સમરો, જીમ ભવજળ તરો રે લો ॥ ૪ ॥ ભવિ તુમે શ્રી જિનરાજ ઉત્તમ મુખ, પદ્મની દેશના રે લો ॥ ભવિ તુમે ટાળો અનાદિ કર્મ, દાયક જે ક્લેશના રે લો ॥ ભવિ તુમે રૂપવિજય પદકમલા, વિમલા પાવજો રે લો ॥ ભવિ તુમે સરસ સુકંઠે શ્રી જિન, આગમ ગાવજો રે લો ॥ ૫ ॥

॥ ઇતિ દશમ શ્રી પ્રશ્નવ્યાકરણાંગપૂજા સમાપ્ત ॥ ૧૦ ॥

॥ अथ एकादश श्री विपाक अंगसूत्रपूजा प्रारंज ॥

॥ દોહા ॥

બાંધ્યાં યોગ કષાયથી, કર્મ અશુભ શુભ જેહ ॥
જિન જૈનાગમ સેવથી, ક્ષય કરી લહો શિવગેહ ॥ ૧ ॥

॥ ઢાળ અગીઆરમી ॥

(ધર્મ જિનેશ્વર ગાઉં રંગશુ —એ દશી.)

અંગ અગ્યારમું શ્રી જિનવરે કહ્યું, ભવિજનને હિત કાજ ॥ મુનિવર ॥ ઇંદ્રિય કષાય પ્રમાદને પરિહરિ, લહો શાશ્વત શિવરાજ ॥ મુનિ૦ ॥ ૧ ॥ શ્રી જિન પૂજો પ્રેમે ભવિજના ॥ એ આંકણી ॥ અરિહંત સિદ્ધ સૂરિ ઉવઝાયની, સાધ્યપદે રહ્યા સાધ ॥ દર્શન નાણ ચરણ તવ સેવના, કરી લહે સુખ અગાધ ॥ મુનિ૦ ॥ શ્રી૦ ॥ ૨ ॥ કર્મ શુભાશુભ ઉદયથી જીવને, દુઃખ સુખ પ્રગટે રે અંગ ॥ મુનિ૦ ॥ જ્ઞાન

ધ્યાન તપ સંયમ સાધના, કરી લહો સુખ અભંગ ॥મુનિ૦॥ ॥ શ્રી૦ ॥ ૩ ॥ પુણ્ય પાપ ફળ ત્યજવાં જીવને, ભજવો સંવર ભાવ ॥ મુનિ૦ ॥ સિદ્ધિ સંસાર પદારથ ઉપજે, સમપરિણામનો દાવ ॥ મુનિ૦ ॥ શ્રી૦ ॥ ૪ ॥ પુણ્યપાપ પયડિ સવી ક્ષય કરી, દૃષ્ટિ પ્રભાપરાધાર ॥ મુનિ૦ ॥ જિન ઉત્તમ મુખ પદ્મની દેશના, સુણી લહે ચિદ્રૂપ સાર ॥ મુનિ૦ ॥ શ્રી૦ ॥ ॥ ૫ ॥ સુઅખંધ દોય અઝયણા વિશ છે, પદ સંખ્યા સુણો સાર ॥ મુનિ૦ ॥ એક કોડી લાખ ચોરાશી ઉપરે, સહસ્સ બત્રીશ ઉદાર ॥ મુનિવર ॥ શ્રી૦ ॥ ૬ ॥

॥ ઇતિ એકાદશ શ્રી વિપાકસૂત્રપૂજા સમાપ્ત ॥ ૧૧ ॥

॥ अथ अंगपूजा उपर कलश प्रारंभ ॥

ગાયા ગાયા રે જિનરાજ ભક્તિરસે ગાયા ॥ શ્રી જિનરાજની પૂજા કરતાં, મનુષ્યજન્મ ફળ પાયા રે ॥ જિનરાજ ભક્તિરસે ગાયા ॥ એ આંકણી ॥ અગીયાર અંગના અર્થ ત્રિપદીયે, ગણધરને સમજાયા ॥ તે આગમની પૂજા કરતાં, પાતક દૂર ગમાયા રે ॥ જિન૦ ॥ ૧ ॥ સૂત્ર અર્થથી સાહુ સાહુણી, અર્થે સુર નર રાયા ॥ જસ અધિકારી કહ્યા જિનરાજે, તે શ્રુત બહુ સુખદાયા રે ॥ જિન૦ ॥ ૨ ॥ ધન્ય ધન્ય મનુઅ જન્મ શ્રાવક કુલ, જીહાં જિનભક્તિ પાયા ॥ સમકિત સૂરજ ઘટમાં પ્રગટયો, મિથ્યા તિમિર ગમાયા રે ॥ જિન૦ ॥

॥ ૩ ॥ શ્રી વિજયદેવ સૂરિશ્વર પાટે, વિજયસિંહ સૂરિરાયા ॥ સત્ય કપુર ખીમા જિન ઉત્તમ, શિષ્ય પરંપર આયા રે ॥ જિન૦ ॥ ૪ ॥ શ્રી ગુરૂ પદ્મવિજય પદપંકજ, નમતાં શ્રુત બહુ પાયા ॥ રૂપવિજય કહે આગમ પૂજા, કરી લહો સુજસ સવાયા રે ॥ જિનરાજ૦ ॥ ૫ ॥

॥ ઇતિ પંડિત શ્રી રૂપવિજયજી કૃત પીસ્તાલીશ આગમપૂજામાં એકાદશ અંગપૂજા સમાપ્ત ॥

॥ अथ द्वादश उपांगपूजा प्रारंभ ॥

॥ तत्र ॥

॥ प्रथम श्री उववाइउपांग पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અંગતણા પદ એકનો, વિસ્તર તેહ ઉપાંગ ॥
સેવો ધ્યાવો એહને, મન ધરી અધિક ઉમંગ ॥ ૧ ॥
આચારાંગનો ભાંખિયો, થિવિરે કરી વિસ્તાર ॥
સૂત્ર ઉવવાઈ સુહામણું, પૂજી લહો ભવપાર ॥ ૨ ॥

॥ ઢાળ પહેલી ॥

(અજિત જિણંદશું પ્રિતડી—એ દેશી)

શાસન નાયક ગુણનીલો, ત્રિભુવન તીલો રે જગ વીર-જિણંદ ॥ દેવ સુરાસુર નરવરા, સેવે ભકતે રે જસપદ અરવિંદ ॥ શાસન૦ ॥ ૧ ॥ ચઉદ સહસ્સ ભલા મુનિવરા, સંઘ

સાહુણી રે છત્રીશ હજાર ॥ ચાર નિકાયના દેવતા, પદ સેવતા રે કોડાકોડી સાર ॥ શાસન૦ ॥ ૨ ॥ પાઉ ધાર્યા ચંપાપુરી, રચ્યું સુરવરે રે સમોસરણ ઉદાર ॥ કોણિક દેઈ વધામણી, આયો વંદન રે ભકતે કરી સાર ॥ શાસન૦ ॥૩॥ ચઉ ગઈ ગમણ નિવારણી, ભવ તારણી રે સુણી દેશના ખાસ ॥ પરષદા લોક યથોચિતે, ગ્રહે મહાવ્રત રે અણુવ્રત ઉલ્લાસ ॥ શાસન૦ ॥૪॥ સૂત્ર ઉવવાઈમાં કહ્યા, જે વિસ્તરે રે ગણધરે ઉચ્છાહ ॥ તે શ્રુત પૂજો ભવિજના, જીમ નિસ્તરો રે ભવજલધિ અથાહ ॥ શાસન૦ ॥ ૫ ॥ જિનપડિમા જિન આગમે, જસ ભક્તિ રે તે લહે શિવસાર ॥ શ્રી ગુરૂ પદ્મવિજય તણો, શિષ્ય ભાખે રે કવિ રૂપ ઉદાર ॥ શાસન૦ ॥ ૬ ॥

॥ ઇતિ પ્રથમ શ્રી ઉવવાઇઉપાંગ પૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय श्री रायप्रश्नीयोपांग पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સ્વેતાંબી નામ નગરી ધણી, નામ પ્રદેશી રાય ॥
કેશી ગણધર દેશના, સાંભળી શ્રાવક થાય ॥ ૧ ॥
સમકિત ધારી શુભમતિ, પાળી નિર્મળ ધર્મ ॥
નિરૂપમ સુરસુખ અનુભવી, મનુઅ ભવે શિવશર્મ ॥૨॥

॥ ઢાળ બીજી ॥

(નાયતા રે તુમે ચાલ્યા ગઢ આગરે રે લાલ.—એ દેશી)

સુરિયાભરે સુરવરે અવધિનાણથી રે લાલ, આમલ ક-

લ્પા ઉદ્યાન રે લાલ ॥ મોરે મન માન્યો એ જિનવરૂ રે લા- લ ॥ વિચરતા રે વીર જિણંદ વિલોકીને રે લાલ, કરે વંદન સન્માન રે લાલ ॥ મોરે૦ ॥૧॥ ભાખે રે અભિયોગિક સુરને તદા રે લાલ, ઉદ્ઘોષણા કરો સાર રે લાલ ॥ મોરે૦ ॥ આ- વજો રે જિનવંદન કરવા ભણી રે લાલ, પામવા ભવજળ પાર રે લાલ ॥ મોરે૦ ॥ ૨ ॥ સુરવર રે સાથે વંદી વીરને રે લાલ, પૂજી પદકજ ખાસ રે લાલ ॥ મોરે૦ ॥ પૂછે રે ભવ્યા- દિક ષટ્પદ ભલાં રે લાલ, પામો મન ઉલ્લાસ રે લાલ ॥મો૦॥ ॥ ૩ ॥ જિનપતિ રે જંપે ભવ્ય તું સમકિતી રે લાલ, ચરમ શરીરી ખાસ રે લાલ ॥ મોરે૦ ॥ સાંભળી રે હરખે નાટક તે કરે રે લાલ, બત્રીશ બદ્ધ ઉલ્લાસ રે લાલ ॥ મોરે૦ ॥ ૪ ॥ એક શત રે આઠ દેવદેવી નચે રે લાલ, થેઈ થેઈ કરતી ચંગ રે લાલ ॥ મોરે૦ ॥ દેતી રે ફીરતી ચાહું દિશી ફુદડી રે લાલ, જિનગુણ ગાતી ઉમંગ રે લાલ ॥ મોરે૦ ॥ ૫ ॥ વાજે રે વાજાં છંદે નવ નવે રે લાલ, હાવ ભાવ લય તાલ રે લાલ ॥ મોરે૦ ॥ આસ કરે વાસક અતર ભાવના રે લાલ, દ્વાદશ કિરણે રસાળ રે લાલ ॥ મોરે૦ ॥ ૬ ॥ વિસ્તાર રે રાયપસે- ણી સૂત્રમાં રે લાલ, જિન ઉત્તમ મહારાજ રે લાલ ॥મોરે૦॥ ભાખે રે નિજ મુખ પદ્મથી દેશના રે લાલ, રૂપવિજય પદ કાજ રે લાલ ॥ મોરે૦ ॥ ૭ ॥

॥ ઇતિ દ્વિતીય શ્રી રાયપ્રશ્નીયઉપાંગ પૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय श्री जीवाभिगमउपांग पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જીવાજીવ પદાર્થનો, અભિગમ જેહથી થાય ॥
જીવાભિગમ ઉપાંગને, પૂજતાં પાપ પલાય ॥ ૧ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(શ્રી સિદ્ધપદ આરાધીયે રે.—એ દેશી.)

ત્રિશલા નંદન વંદીયે રે, ત્રિભુવન જન આધાર રે ॥ગુ-ણરશીયા ॥ ત્રિવિધ અવંચક યોગથી રે, સેવી લહો ભવ-પાર રે ॥ ગુ૦ ॥ ૧ ॥ જીવાભિગમ ઉપાંગમેં રે, નવ પડિ-વત્તિ ઉદાર રે ॥ ગુ૦ ॥ ભાખી ગણધરને મુદા રે, જિનવર જગદાધાર રે ॥ ગુ૦ ॥ ૨ ॥ વિજયદેવ વક્તવ્યતા રે, ભાખી બહુ વિસ્તાર રે ॥ ગુ૦ ॥ જિનપૂજા યુક્તે કરી રે, લહેશો ભવ નિસ્તાર રે ॥ ગુ૦ ॥ ૩ ॥ નંદીશ્વર દ્વીપે વળી રે, શાશ્વત જિન પ્રાસાદ રે ॥ ગુ૦ ॥ તે પૂજી સુરનર લહે રે, સમકિત શુદ્ધ સંવાદ રે ॥ ગુ૦ ॥ ૪ ॥ શિવસુખદાયી એ શ્રુતે રે, ષટ્ દ્રવ્ય બહુ અધિકાર રે ॥ ગુ૦ ॥ શ્રદ્ધા ભાસન રમણતા રે, કરી પૂજો નિરધાર રે ॥ ગુ૦ ॥ ૫ ॥ જિન ઉત્તમ મુખ પદ્મ-ની રે, વાણી અમૃત ધાર રે ॥ ગુ૦ ॥ રૂપવિજય કહે પૂજીએ રે, ધર્મ યૌવન દાતાર રે ॥ ગુણરશીયા ॥ ૬ ॥

॥ ઇતિ તૃતીય શ્રી જીવાભિગમઉપાંગ પૂજા સમાપ્ત ॥૩॥

॥ अथ चतुर्थ श्री पन्नवणाउपांग पूजा प्रारंभः ॥

॥ દોહા ॥

પન્નવણામાં પ્રેમથી, પદ છત્રીશ ઉદાર ॥
ભાખ્યાં બહુ અર્થે ભર્યાં, તે પૂજો નરનાર ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥

(વેણુ મ વાજો રે વીઠલ વારૂં તુજને અથવા ભવી તુમે વંદો રે સુરીશ્વર ગચ્છરાયા.—એ દેશી.)

મુનિવર ભણજો રે, સૂત્ર પન્નવણા નામે ॥ ભવિ તુમે સુણજો રે, વધતે શુભ પરિણામે ॥ એ આંકણી ॥ એ આગમની ભક્તે પૂજા, કરતાં પાપ પલાય ॥ કુમતિ કુસંગ કુવાસના જાયે, સમકિત નિર્મળ થાય ॥ મુનિ૦ ॥ ભવિ૦ ॥ ૧ ॥ પન્નવણામેં ઠાણ અલ્પ બહુ, થિતિ વિશેષ વુકલંતી ॥ ઉસાસ સન્ના જોણી પરમપદ, ભાષા પદ સમરંતી ॥ મુનિ૦ ॥ ॥ ભવિ૦ ॥ ૨ ॥ શરીરપદે પણ દેહ પરૂવણ, પરિણામ તેરમો જાણો ॥ કષાય ઇંદ્રિય પ્રયોગ લેશ્યાપદ, ષટ્ ઉદ્દેશ વખાણો ॥ મુનિ૦ ॥ ભવિ૦ ॥ ૩ ॥ કાય સ્થિતિ સમકિત અંત કિરિયા, અવગાહન સંઠાણ ॥ કિરિયા કર્મ પ્રકૃતિ બંધ વેદન, વેદ બંધપદ જાણ ॥ મુનિ૦ ॥ ભવિ૦ ॥ ૪ ॥ વેદ વેદ આહાર ને ઉપયોગ, પાસણયા પદ સુણીયે ॥ સન્નિ સંયત અવધી ચોત્રીશમો, પરિચારણી પદ મુણિયે ॥ મુનિ૦ ॥ ભવિ૦ ॥ ॥ ૫ ॥ પરિવેદનાને સમુદ્ઘાત કરી, તુલ્ય કર્મ થિતિ કરતા ॥

અંતર મુહુર્ત્તે યોગ નિરોધી, રૂપવિજય પદ વરતા ॥મુનિ૦॥
॥ ભવિ તુમે સુણજો રે ॥ ૬ ॥

॥ ઇતિ ચતુર્થ શ્રી પન્નવણાઉપાંગ પૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम श्री सूरपन्नतिउपांग पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સૂરપન્નતિ સૂત્રમાં, યમુના જનક વિચાર ॥
ભાખ્યા સોહમ ગણધરે, ચારતણો વિસ્તાર ॥ ૧ ॥

॥ ઢાળ પાંચમી ॥

(ઓલગડી આદિનાથની જો - એ દેશી)

સુરપન્નતિ ઉપાંગમાં જો, સત્તાવન્ન પાહુડા સાર જો ॥ વીરજિણંદે વખાણીયા જો, તે સુણજો ભવિ નિરધાર જો ॥ ॥ સુર૦ ॥૧॥ એકશો ચોરાશી ભલાં જો, મંડળ રવિ ચારના ખાસ જો ॥ પાંચસેં ને દશ જોયણા જો, મંડળનો ચાર ઉલ્લાસ જો ॥ સુર૦ ॥૨॥ દુગ દુગ જોયણ અંતરે જો, નિત્ય ઉગે સવિતા સાર જો ॥ ઉડુપતિ ગ્રહ ઉડુતારકા જો, નિજ યોગ્ય ખેતર કરે ચાર જો ॥ સુર૦ ॥૩॥ જિનપતિ કલ્યાણકને દિને જો, સમકીતિ સવિતા ધરી ભાવ જો ॥ ભક્તે કરે જિન સેવના જો, ભવવારિધિ તરવા નાવ જો ॥ સુર૦ ॥ ૪ ॥ સૂરપન્નતિ સૂત્રની જો, સેવનાથી કેવળ સૂર જો ॥ જિન ઉત્તમપદ પદ્મની જો, ભગતે ચિદ્રૂપનો પૂર જો ॥ સુર૦ ॥ ૫ ॥

॥ ઇતિ પંચમ શ્રી સૂરપન્નતિઉપાંગ પૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ अथ षष्ठ श्री जंबुद्वीप पन्नतिउपांग पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચોશઠ સુરપતિ સુરતતિ, સમકિતધારી સુરંગ ॥
જનમમહોત્સવ જિનતણો, કરે મન ધરી ઉચ્છરંગ ॥૧॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(રાગ સારંગ.)

જિન પૂજે હરિ ભકતે કરી ॥ એ આંકણી ॥ દ્રહ નદી ખીર સમુદ્ર કુંડથી, લાવે જળ કળશા ભરી ॥ જળપૂજા જિનરાજની કરતાં, નાવે તે ભવમાં ફરી ॥ જિન૦ ॥ ૧ ॥ કુલગિરિ વખ્ખારા ગજદંતા દોયસેં, તિમ કંચનગિરિ ॥ ઔષધિ કમલ ફુલ બહુ જાતિનાં, લાવે છાબ ભરી ॥ જિન૦ ॥ ૨ ॥ ચોશઠ સુરપતિ નિજ નિજ કરણી, કરતા બહુ ભકતે કરી ॥ રાચે નાચે ને વળી માચે, સાચે ભાવે ફરી ફરી ॥ જિન૦ ॥ ૩ ॥ જિનમુખ જોવતી પાતક ધોતી, નાચે સુર વહુ મનહરી ॥ ઠમક ઠમક વીંછુઆ ઠમકાવે, ધમધમ ધમકંતી ઘુઘરી ॥ જિન૦ ॥ ૪ ॥ ખલલ ખલલ ચુડી ખલકાવતી, રણઝણ પાયે નેઉરી ॥ થેઈ થેઈ કરતી દીયે ફુદડી, લળી લળી નમતિ કિંકરી ॥ જિન૦ ॥ ૫ ॥ સુરવર સુરવધૂ ઇંદ્રિ ઇંદ્રાણી, માને નિજ સફલી ઘરી ॥ તિણવિધ શ્રાવક શ્રાવિકા જિનની, પૂજા કરે ભવજળ તરી ॥ જિન૦ ॥ ૬ ॥ જંબૂદ્વીપ પન્નત્તિ પાઠ સુણી, કુમતિ કુવાસના પરિહરી ॥ રૂપવિજય

કહે કરજો પૂજા, શિવવહુ સેજ રમણ કરી ॥ જિન૦ ॥ ૭ ॥

॥ ઇતિ ષષ્ઠ શ્રી જંબૂદ્વીપ પન્નત્તિઉપાંગપૂજા સમાપ્ત ॥૬॥

॥ अथ सप्तम श्री चंदपन्नत्तिउपांग पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચંદપન્નત્તિ સૂત્રમાં, જ્યોતિષ ચાર વિચાર ॥
શીખો ગુરૂ સેવા કરી, જેમ લહો અર્થ ઉદાર ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥

(ઉભો રહેને ગોવાળીયા, તહારી વાંસલી મીઠી વાય.—એ દેશી)

ઉભો રહેને હો જીઉરા, તું તો સાંભળ આગમ વાણ ॥ કામ ક્રોધને છાંડીને, નિત્ય અનુભવ દિલડે આણ ॥ ઉ૦ ॥ ॥ ૧ ॥ અમૃતરસથી મીઠડી, એતો ગણધર મુખની ભાખ ॥ રોમ રોમ રસ સંચરે, જીમ સાકર સરસી સાખ ॥ ઉ૦ ॥૨॥ ચંદપન્નત્તિ સૂત્રના, કહ્યા પાહુડા સરસ પચ્ચાસ ॥ સાંભળતાં મન રીઝશે, નિત્ય વધશે જ્ઞાન અભ્યાસ ॥ ઉ૦ ॥ ૩ ॥ શ્રાવણ વદી પડવાથકી, ઘડી દિવસ માસ ઋતુ ખાસ ॥ અયન સંવત્સર જુગતણી, નિત્ય કરી કલના અભ્યાસ ॥ ઉ૦ ॥ ॥૪॥ સંખ્ય અસંખ્ય અનંતતા, કરી કાળની કલના તીન ॥ તથા ભવ્ય પરિપાકથી, થાય શિવસુંદરી રસ લીન ॥ ઉ૦ ॥ ॥ ૫ ॥ જિન ઉત્તમ મુખ પદ્મથી, સુણી ચંદપન્નત્તિ સાર ॥ પૂજી ધ્યાયી પામજો, નિજ રૂપવિજય જયકાર ॥ ઉ૦ ॥ ૬ ॥

॥ ઇતિ સપ્તમ શ્રી ચંદપન્નત્તિઉપાંગ પૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम श्री निरयावलिसूत्रउपांगपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

આશા દાસી રસ પડ્યા, જડ્યા કર્મ જંજીર ॥
પરિગ્રહ ભાર ભરે નડ્યા, સહે નરકની પીર ॥ ૧ ॥

॥ ઢાળ આઠમી ॥

(મધુકર માધવને કહેજો.—એ દેશી.)

પરિગ્રહ ભાર ભર્યાં પ્રાણી, પામે અધોગતિ દુઃખખાણી ॥ જસ મતિ લોભે લલચાણી રે ॥ ચેતન ચતુર સુણો ભાઈ, લોભદશા તજો દુઃખદાયી રે ॥ ચેતન૦ ॥ ૧ ॥ લોભે લાલચ જાસ ઘણી, પરિણતિ નીચી તેહતણી ॥ લટપટ કરે બહુ લોક ભણી રે ॥ ચે૦ ॥ લો૦ ॥ ૨ ॥ લોભી દેશ વિદેશ ભમે, ધન કારણ નિજ દેહ દમે, તડકા ટાઢના દુઃખ ખમે રે ॥ ચે૦ ॥ લો૦ ॥ ૩ ॥ લોભે પુત્ર પિતા ઝગડે, લોભે નરપતિ રહે વગડે, લોભે બંધવ જોર લડે રે ॥ ચે૦ ॥ લો૦ ॥ ૪ ॥ હાર હાથી લોભે લીનો, કોણિકે સંગ્રહ બહુ કીનો, માતામહને દુઃખ દીનો રે ॥ ચે૦ ॥ લો૦ ॥ ૫ ॥ લોભારંભે બહુ નડીયા, કાલાદિક નરકે પડીયા, નિરયાવલિ પાઠે ચડીયા રે ॥ ચે૦ ॥ લો૦ ॥ ૬ ॥ લોભ તજી સંવર કરજો, ગુરૂપદ પદ્મને અનુસરજો, રૂપવિજય પદને વરજો રે ॥ ચે૦ ॥ લો૦ ॥ ૭ ॥

॥ ઇતિ અષ્ટમ શ્રી નિરયાવલિસૂત્રઉપાંગપૂજા સમાપ્ત ॥૮॥

॥ अथ नवम श्री कप्पविमंसीयाउपांग पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કપ્પવિડંસીયા સૂત્રમાં, જે ભાખ્યા અણગાર ॥
તસ પદ પદ્મ વંદન કરૂં, દિવસમાંહે સો વાર ॥ ૧ ॥

॥ ઢાળ નવમી ॥

(સખી પડવા તે પહેલી જાણો રે.—એ દેશી.)

શાસનપતિ વીર જિણંદ રે, સુણી દેશના મન આણંદ રે, લહ્યા ચારિત્ર ગુણ મકરંદ ॥ વાલા હો સાંભળો જિન વાણી રે, આગમ અનુભવ રસ ખાણી ॥ વા૦ ॥ આ૦ ॥૧॥ શ્રેણિક સુત કાલ કુમાર રે, પમુહા દશ મહા જુઆર રે, નંદન તેહના દશ સાર ॥ વા૦ ॥ આ૦ ॥ ૨ ॥ પદ્માદીક દશ ગુણ ભરીયા રે, સંયમ રમણીને વરીયા રે, ભવસાયર પાર ઉતરીયા ॥ વા૦ ॥ આ૦ ॥ ૩ ॥ જેણે માયા મમતા છોડી રે, એ તો સંયમરથના ધોરી રે, વરશે શિવસુંદરી ગોરી ॥ વા૦ ॥ આ૦ ॥ ૪ ॥ નાક નવમ અગ્યારમો છંડી રે, દશ દેવલોકે ૨૯ મંડી રે, થયા સુરવર પાપને ખંડી ॥ વા૦ ॥ ॥ આ૦ ॥ ૫ ॥ વિદેહે પરમપદ વરશે રે, એ સૂત્રને જે અનુસરશે રે, તે ભવસાગરને તરશે ॥ વા૦ ॥ આ૦ ॥ ૬ ॥ શ્રી પદ્મવિજય ગુરૂરાયા રે, સેવાથી આગમ પાયા રે, કવિ રૂપવિજય ગુણ ગાયા ॥ વાલા૦ ॥ આગમ૦ ॥ ૭ ॥

॥ ઇતિ નવમ શ્રી કપ્પવિડંસીયાઉપાંગ પૂજા સમાપ્ત ॥ ૯ ॥

॥ अथ दशम श्री पुष्फियासूत्रउपांग पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પુષ્ફિયાસૂત્રની પૂજના, કરજે પંચ પ્રકાર ॥
જૈનાગમની પૂજના, શિવસુખ ફળ દાતાર ॥ ૧ ॥

॥ ઢાળ દશમી ॥

(બાચકે બાચકે પુણી આપે, વહુ ચુલામાં ચાંપે રે;
મોરી સહી રે સમાણી —એ દેશી.)

જિનવર શ્રી મહાવીરને વંદી, સુરિયાભ પરે આણંદી ॥ સમકિત ગુણધારી ॥ જિન ઉત્તમ મુખ પદ્મની વાણી, સાંભળી હીયડે હરખાણી રે ॥ સમ૦ ॥ ૧ ॥ સોહમ દેવલોકની વસનારી, બહુ પુત્રિકા દેવી સારી રે ॥ સમ૦ ॥ બત્રીશ બદ્ધ નાટક મંડાણ, કરે જિનગુણને બહુ માન રે ॥ સમ૦ ॥ ॥ ૨ ॥ દેવકુમરિ કુમરી તિહાં નાચે, જિન મુખડું જોઈ જોઈ નાચે રે ॥ સમ૦ ॥ નાચે ઠમક ઠમક પદ ધરતી, તત થેઈ થેઈ નાટક કરતી રે ॥ સમ૦ ॥ ૩ ॥ તાલ કંસાલ મુરજ ડફ વીણા, સારંગીના સ્વર ઝીણા રે ॥ સમ૦ ॥ ભેરી શ્રીમંડલ શરણાઈ, સ્વરમાં જિનવર ગુણ ગાઈ રે ॥ સમ૦ ॥ ૪ ॥ સમકિત કરણી ભવજળ તરણી, શિવમંદિર નિસરણી રે ॥ સમ૦ ॥ બહુ પુત્તિયા દેવી ભવ તરશે, ત્રીજે ભવે શિવ વરશે રે ॥ સમ૦ ॥ ૫ ॥ પુષ્ફિયાસૂત્રનાં દશ અઝયણાં, એ તો શ્રી જિનરાજનાં વયણાં રે ॥ સમ૦ ॥ પૂજે ભાવે જે નર

નારી, તે રૂપવિજય પદ ધારી રે ॥ સમ૦ ॥ ૬ ॥

॥ ઇતિ દશમ શ્રી પુપ્ફિયાસૂત્રઉપાંગ પૂજા સમાપ્ત ॥૧૦॥

॥ अथ एकादश श्री पुप्फिचूलियाउपांग पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પુપ્ફચૂલિકા સૂત્રમાં, શ્રી ધૃતિ કીર્ત્તિ બુદ્ધિ ॥
દશ દેવી જિનભક્તિથી, આગલે ભવે લહે સિદ્ધિ ॥ ૧ ॥

॥ ઢાળ અગીઆરમી ॥

(ખતરા દુર કરનાં, દુર કરનાં, ધ્યાન શાંતિજિકા ધરણા.—એ દેશી)

જિન પૂજા ભવતરણી, પૂજા ભવતરણી, શિવમંદિર નિસરણી ॥ ભવતરણી ॥ શિવ૦ ॥ જલ ચંદન કુસુમાવલી ધરણી, ધૂપ દીપ તતિ કરણી ॥ પૂજા૦ ॥ ૧ ॥ અક્ષત નૈવેદ્ય ફલસે વરણી, ભવસાયર ઉતરણી ॥ પૂજા૦ ॥ સમકિતધારી કુ આચરણી, કુમતિકું રવિ ભરણી ॥ પૂજા૦ ॥ ૨ ॥ સીરી હરિ ધૃતિ દેવી આચરણી, અવિધિ દોષની ઝરણી ॥પૂજા૦॥ બત્રીશ બદ્ધ નાટકની કરણી, કરી શિવલાડી વરણી ॥પૂજા૦॥ ॥ ૩ ॥ અવધિ આશાતના દોષની ખરણી, સંવર નૃપની ધરણી ॥ પૂજા૦ ॥ ભાવથકી નિત્ય નિત્ય આચરણી, ચઉ પંચમ ગુણ ઠરણી ॥ પૂજા૦ ॥ ૪ ॥ કાઉસ્સગ્ગધ્યાને મુનિકું વરણી, પાપ સંતાપકી હરણી ॥ પૂજા૦ ॥ શ્રી ગુરૂ પદ્મવિજય મુખ વરણી, રૂપવિજય સુખ કરણી ॥ પૂજા૦ ॥ ૫ ॥

॥ ઇતિ એકાદશ શ્રી પુપ્ફચૂલિકાઉપાંગ પૂજા સમાપ્ત ॥૧૧॥

॥ अथ द्वादश श्री वह्निदशाउपांग पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચારિત્ર નિરતિચાર જે, પાળે નિર્મળ મન્ન ॥
નિષધાદિક મુનિવર પરે, સરવારથ ઉપ્પન્ન ॥ ૧ ॥
વહ્નિદશામાં વરણવ્યાં, નિષધાદિક મુનિ બાર ॥
કર જોડી તેહને સદા, વંદુ વાર હજાર ॥ ૨ ॥

॥ ઢાળ બારમી ॥

(વંદુ મહાવીર જિનેશ્વર રાયા.—એ દેશી)

પૂજો રે ભવિયા જિન સુખદાયી, જેહ અકોહી અમાયી રે ॥ અવિનાશી અકલંક મનોહર, તિન ભુવન ઠકુરાઈ રે ॥ પૂજો૦ ॥૧॥ નેમિ જિનેશ્વર વચન અમૃત રસ, પીવા બુદ્ધિ ઠરાઈ રે ॥ નિષધ કુમારાદિક મુનિ દ્વાદશ, લીયે સંયમ લય લાઈ રે ॥ પૂજો૦ ॥ ૨ ॥ ઈગ્યાર અંગ સુરંગ ભણીને, ચરણ કરણ થિર ઠાઈ રે ॥ સરવારથ સિદ્ધ થયા સુરવર, લવ સત્તમીયા જાયી રે ॥ પૂજો૦ ॥ ૩ ॥ બાર અઝયણે વહ્નિ દશામેં, કહે સોહમ સુખદાયી રે ॥ એ આગમને પૂજો ધ્યાવો, ગાવો હરખ ભરાઈ રે ॥ પૂજો૦ ॥૪॥ સત્ય કપુર ખિમાજિન ઉત્તમ, પદ્મવિજય ગુરૂ પાયી રે ॥ અનુભવ યોગે રૂપવિજય ગણિ, આગમપૂજા ગાયી રે ॥ પૂજો૦ ॥ ૫ ॥

॥ ઇતિ દ્વાદશ શ્રી વહ્નિદશાઉપાંગ પૂજા સમાપ્ત ॥ ૧૨ ॥

॥ ઇતિ પંડિત શ્રી રૂપવિજયજી કૃત પીસ્તાલીશ
આગમપૂજામાં દ્વાદશ ઉપાંગ પૂજા સમાપ્ત ॥

॥ अथ दश प्रकीर्णक पूजा प्रारंभ ॥

॥ तत्र ॥

॥ प्रथम श्री चतुःशरण प्रकीर्णक पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શ્રુતધર વીર જિણંદના, ચઉદ સહસ્સ અણગાર ॥
પ્રત્યેક બુદ્ધ તેણે રચ્યા, પઇન્ના ચઉદ હજાર ॥ ૧ ॥
સંપ્રતિ પણ વરતે ઘણા, પણ દશનો પડઘોષ ॥
તે આગમને પૂજતો, કરે પુણ્યનો પોષ ॥ ૨ ॥

॥ ઢાળ પહેલી ॥

(જગજીવન જગવાલહો —એ દેશી.)

ચારિત્ર શુદ્ધ આરાધના, સામાયિકથી થાય લાલ રે ॥ સાવદ્ય યોગને છાંડતાં, પાતક દૂર પલાય લાલ રે ॥ ચા૦ ॥ ॥ ૧ ॥ દર્શનાચારની શુદ્ધતા, ચઉવીસત્થે થાય લાલ રે ॥ ગુણ ગાતાં જિનરાજના, સમકિત દૂષણ જાય લાલ રે ॥ ચા૦ ॥ ૨ ॥ જ્ઞાન દર્શન ચારિત્રના, આરાધક ગુરૂરાય લાલ રે ॥ દ્વાદશધા વંદન કરી, પૂજજે શ્રી ગુરૂરાય લાલ રે ॥ ચા૦ ॥૩॥ અતિક્રમ વ્યતિક્રમતણા, દર્શન ચરણ ને નાણ લાલ રે ॥ તેહના દુષણ છંડીયે, પડિક્કમણું ને જાણ લાલ રે ॥ ચા૦ ॥ ૪ ॥ વ્રણ રૂઝે જેમ પટ્ટિયે, તિમ કાઉસ્સગ્ગે દોષ લાલ રે ॥ પડિક્કમતાં બાકી રહ્યા, કરીયે તેહનો શોષ લાલ રે ॥ ચા૦ ॥ ૫ ॥ ગુણ ધારણ કરવા ભણી, કરજે દશ પ-

ચ્ચખ્ખાણ લાલ રે ॥ વીર્યાચાર વિશુદ્ધતા, કરી સઘલે સુઅજઝાણ લાલ રે ॥ ચા૦ ॥ ૬ ॥ ચઉશરણે જિનરાજની, પૂજના કરશે જેહ લાલ રે ॥ જિન ઉત્તમપદ પદ્મની, રૂપવિજય લહે તેહ લાલ રે ॥ ચા૦ ॥ ૭ ॥

॥ ઇતિ પ્રથમ શ્રી ચતુઃશરણ પયન્ના પૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय श्री आउरपच्चक्खाणपयन्ना पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

રાગ દ્વેષને છેદજે, ભેદજે આઠે કર્મ ॥
સ્નાતક પદને અનુસરી, ભજજે શાશ્વત શર્મ ॥ ૧ ॥

॥ ઢાળ બીજી ॥

(ઈડર આંબા આંબલી રે, ઈડર દાડિમ દ્રાખ —એ દેશી)

દેશ વિરતિ ગુણઠાણમેં રે, વરતે શ્રાવક જેહ ॥ આણંદાદિકની પરે રે, તજે મિથ્યાત્વને તેહ ॥૧॥ સુગુણનર, પૂજો શ્રી જિનદેવ ॥ એ આંકણી ॥ બારે વ્રતના પરિહરે રે, પ્રત્યેકે અતિચાર ॥ કરમાદાન પન્નર તજી રે, સમકિતના પંચ છાર ॥ સુ૦ ॥૨॥ જ્ઞાન દર્શન ચારિત્રના રે, તપ વીરજના જેહ ॥ અતિચાર અલગા કરી રે, ભજ જિનવર ગુણગેહ ॥ સુ૦ ॥ ॥ ૩ ॥ પારંગત પદ પૂજિયે રે, તજી ત્રેશઠ દુર્ધ્યાન ॥ ઇંદ્રિય કષાયને ઝીપીને રે, પામે સમયિક ગ્યાન ॥ સુ૦ ॥ ૪ ॥ આઉર પચ્ચખ્ખાણ સૂત્રની રે, કરે આરાધના જેહ ॥ ત્રીજે ભવે શિવ સંપદા રે, નિશ્ચય પામે તેહ ॥ સુ૦ ॥૫॥ તેણે એ

સૂત્રની પૂજના રે, કરજો ધરી શુહઝાંણ ॥ રૂપવિજય કહે પામજો રે, શાશ્વત સુખ નિર્વાણ ॥ સુ૦ ॥ ૬ ॥

॥ ઇતિ દ્વિતીય શ્રી આઉરપચ્ચખ્ખાણ પયન્નાપૂજા સમાપ્ત ॥

॥ अथ तृतीय श्री महापच्चक्काणपयन्ना पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

મહા પચ્ચખ્ખાણ પયન્નામાં, પંડિત વીરજવંત ॥
અનશન શુદ્ધ આરાધતાં, હોય મુનિ શિવવધૂ કંત ॥૧॥

॥ ઢાળ ત્રીજી ॥

(આવો હરિ લાસરીયા વાલા.—એ દેશી)

પૂજા જિનરાજતણી કરિયે, ચોરાશી આશાતના હરીયે, જુગતિથી અષ્ટ દરવ ધરીયે ॥ પૂજા૦ ॥ ૧ ॥ આણા શ્રી જિનવરની કરિયે, મિથ્યા શ્રુત દૂરે પરિહરીયે, જિનાગમ પૂજા અનુસરીયે ॥ પૂજા૦ ॥ ૨ ॥ દર્શન જ્ઞાન ચરણ જેહ, સયમ તપ સંવર ગેહ, કમી જિન ભાવપૂજા એહ ॥ પૂજા૦ ॥ ૩ ॥ મુનીશ્વર તેહના અધિકારી, નિયાણાં નવના પરિહારી, નમો નમો સંયમ ગુણધારી ॥ પૂજા૦ ॥ ૪ ॥ સંવરમેં મન જાસ રમે, ક્રોધ દાવાનલ તાસ સમે, તેહને અણસણ તીન ગમે ॥ પૂજા૦ ॥ ૫ ॥ પંચ પરમેષ્ટિની પૂજા, જે કરે તસ પાતક ધ્રુજ્યાં, કર્મ અરિ સાથે તે ઝુજ્યા ॥ પૂજા૦ ॥ ૬ ॥ જિન ઉત્તમ પૂજન કરિયે, તસ પદ પદ્મને અનુસરિયે, રૂપવિજય શિવ પદ વરીયે ॥ પૂજા૦ ॥ ૭ ॥

॥ ઇતિ તૃતીય શ્રી મહાપચ્ચખ્ખાણપયન્ના પૂજા સમાપ્ત ॥૩॥

॥ अथ चतुर्थ श्री भत्त पयन्ना पूजा प्रारंभः ॥

॥ દોહા ॥

જિન આણા આરાધતાં, તપ જપ કિરિયા જેહ ॥
ભત્ત પરિજ્ઞા સૂત્રમાં, કહ્યું શિવપદ લહે તેહ ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥

(મોહનગારા રાજ રૂડા, મ્હારા સાંભળ સલુણા સુડા.–એ દેશી.)

ત્રિકરણ યોગ સમારિજેજી, આલોઈ અતિચાર ॥ સંવર જોગે સંવરીજી, કરી શુચિ તન મન સારકે ॥ મોહનગારા રાજ વંદો, જિનરાજ પરમ સુખકંદો ॥ ૧ ॥ એ આંકણી॥ કૃષ્ણનાગ મહા મંત્રથીજી, પામે ઉપશમ જેમ ॥ જિન પૂજા પ્રણિધાનથીજી, મન ઉપસમ લહે તેમકે ॥ મો૦ ॥ ૨ ॥ કામ સ્નેહને દ્દિષ્ટિનાજી, નવલા છંડી રાગ ॥ ધર્મરાગ વાસિત મનેજી, પામે ભવજળ તાગકે ॥ મો૦ ॥ ૩ ॥ સમકિત નિર્મલ કારણિજી, જિનપૂજા નિરધાર ॥ નાગકેતુ પરે જે કરેજી, તે લહે ભવજળ પારકે ॥ મો૦ ॥ ૪ ॥ અરિહંત સિદ્ધને ચૈત્યનીજી, પ્રવચન સૂરિ સાધ ॥ ષટ્પદ પૂજી ભાવથીજી, તરી સંસાર અગાધકે ॥ મો૦ ॥ ૫ ॥ શ્રી ગુરૂ પદ્મવિજય મુખેજી, ભત્તપયન્નુ સાર ॥ સાંભળીને જે પૂજશેજી, તસ ચિદ્રૂપ અપારકે ॥ મો૦ ॥ ૬ ॥

॥ ઇતિ ચતુર્થ શ્રી ભક્તપચ્ચખ્ખાણ પ્રકીર્ણકપૂજા સમાપ્ત ॥

॥ अथ पंचम श्री तंदुलवेयालीप्रकीर्णक पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જન્મ જરા મરણે કરી, ભમીયો જિઉ સંસાર ॥
કિમહિક જોગે નરભવ લહ્યો, તો કરી ધર્મ ઉદાર ॥૧॥

॥ ઢાળ પાંચમી ॥

(શિતળ જિન સહેજાનંદી.—એ દેશી.)

શ્રી જિનવર જગદાધાર, અડ પ્રાતિહારજ સાર ॥ ચઉ વિધ સુર સેવાકાર, એક કોડી જઘન્ય વિચાર ॥ ૧॥ ભવિક જન પૂજિયે જિનરાજ ॥ જિમ લહિયે શિવ સુખ તાજાં ॥ ॥ ભ૦ ॥ એ આંકણી ॥ પંચવરણી કુસુમની માલ, જિન કંઠે ઠવો સુરસાલ ॥ જિન ગુણ ગાવો ભાવ વિશાલ, શિવરમણી વરો તતકાલ ॥ ભ૦ ॥ ૨ ॥ અશુચિ પુદ્ગલથી ભરીયો, દેહ ઔદારીક દુઃખ દરીયો ॥ નરભવ શુચિપદ અનુસરીયો, જિન ભક્તિ કરી ભવ તરીયો ॥ ભ૦ ॥ ૩ ॥ જિનવર પૂજા પ્રભાવે, દુઃખ દોહગ ઉદય ન આવે ॥ જિનવર પદવી ભલી પાવે, તસ સુરવધુ મળી ગુણ ગાવે ॥ ભ૦ ॥ ॥ ૪ ॥ તંદુલી વિયાલી મઝાર, કહ્યો ગર્ભતણો અધિકાર ॥ તે સાંભળી ધર્મ વિચાર, કરી પામો ભવજળ પાર ॥ ભ૦ ॥ ॥ ૫ ॥ જિનવર મુખ પદ્મની વાણી, સાંભળી વરો શિવ પટરાણી ॥ જિમ દુઃખ દોહંગ હોયે હાણી, લહો રૂપવિજય સુખખાણી ॥ ભવિક૦ ॥ ૬ ॥

॥ ઇતિ પંચમ શ્રી તંદુલવિયાલિપ્રકીર્ણકપૂજા સમાપ્ત ॥૫॥

॥ अथ षष्ठ श्री गणिविज्जापयन्ना पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

તિથિ વાર કરણે ભલું, શુભ મુહૂર્ત્ત લઈ જેહ ॥
સાધે ધર્મ સોહામણો, નિશ્ચય ફળ લહે તેહ ॥ ૧ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(અરણિક મુનિવર ચાલ્યા ગોચરી.—એ દેશી.)

સમકિતધારી રે નરનારી મળી, અવિધિ દોષ સવિ ટાળી રે ॥ જિનવર પૂજા રે જુક્તિ થકી કરો, આગમ રીત સંભાળી રે ॥ ૧ ॥ શ્રી જિન પૂજો રે ભાવે ભવિજના ॥ એ આંકણી ॥ અંગ ચઢાવી રે કેશર કુસુમને, કસ્તુરી ને બરાસ રે ॥ રતન જડિત સુંદર આભૂષણે, પૂજો મનને ઉલ્લાસો રે ॥ શ્રી૦ ॥ ૨ ॥ ધૂપ દીપ નૈવેદ્યને ફલ ઠવો, જિન આગળ ધરી રાગ રે ॥ વીર્ય ઉલ્લાસે રે નિત્ય પૂજા કરે, તે પામે ભવ તાગો રે ॥ શ્રી૦ ॥ ૩ ॥ જિન ગુણ સ્તુતિ કરતાં મન નિર્મલુ, તેહીજ શિવસુખ મૂલ રે ॥ સંવર વાધે રે સાધે સિદ્ધિને, લહે શિવસુખ અનુકૂળ રે ॥ શ્રી૦ ॥ ૪ ॥ ગણિવિઝા સૂત્ર મન થિર કરી, આરાધો નરનાર રે ॥ જિન ઉત્તમ પદ પદ્મને પૂજતાં, લહો ચિદ્રૂપ ઉદ્દાર રે ॥ શ્રી૦ ॥ ૫ ॥

॥ ઇતિ ષષ્ઠ શ્રી ગણિવિઝાપ્રકીર્ણક પૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम श्री चंदाविजय पयन्ना पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કેવળનાણ દર્શનધરા, ત્રણ્ય જગત્ શિરતાજ ॥
લોકાલોક પ્રકાશકર, નમો સકલ જિનરાજ ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥

(કાંઈ બનડી રે કાજે બનડો અડ રહ્યો વારૂજી.—એ દેશી

જિનવર પૂજો જયકારી, જે ત્રણ્યભુવન ઉપગારી રે ॥ દિલડો અડ રહ્યો વારૂજી ॥ જિનરાજ ભક્તિને કાજે॥ દિ૦॥ ॥ ૧ ॥ તિવિહા પૂજા હિતકારી, ત્રણ્ય ભાવ અવસ્થા પ્યારી રે ॥ દિ૦ ॥ ત્રિદિશી નિરખણ પરિહારી, જિન સન્મુખ અંબક ધારી રે ॥ દિ૦ ॥ ૨ ॥ પય ભૂમિ તિહાં પ્રમાર્જી, જિન પૂજા કરજે તાજી રે ॥ દિ૦ ॥ આલંબન તિન વિચારી, કરી મુદ્રા ત્રિક મનોહારી રે ॥ દિ૦ ॥૩॥ ઈંદ્રિય ચંચળતા છારી, પ્રણિધાન સમર ત્રણ ધારી રે ॥ દિ૦ ॥ નાણ દંસણ ચરણ વિચારી, કરો જિનપૂજા મનોહારી રે ॥દિ૦॥૪॥ ચંદા વિજય શ્રુત ધારી, અણગારની જાઉં બલિહારી રે ॥ દિ૦॥ શ્રી જિન ઉત્તમ દિલધારી, લહો રૂપવિજય નરનારી રે ॥ દિ૦ ॥ ૫ ॥

॥ ઇતિ સપ્તમ શ્રી ચંદાવિજય પ્રકીર્ણક પૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम श्री देवेंद्रस्तवप्रकीर्णक पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચઉવ્વિહ દેવ નિકાયના, ઇંદ્રિ વૃંદ નમે જાસ ॥
તે જિનરાજને પૂજતાં, પાપ તાપ હોય નાશ ॥ ૧ ॥

॥ ઢાળ આઠમી ॥

(ગુણશીલ વનમાં દેશના કાંઇ, ભાંખે સોહમસ્વામિ રે.—એ દેશી.)

સુરપતિ સઘળા નિજ નિજ પરિકર, સાથે સુરગિરિ શ્રૃંગ રે ॥ શ્રી જિનરાજની પૂજા કરવા, આવે અતિ ઉછરંગ ॥ ૧ ॥ સુરપતિ રસીયા રે, જિનરાજ પૂજા નવરંગ, કરે ઉલ્લસીયા રે ॥ એ આંકણી ॥ પંચ રૂપ કરી હરિ જિન ઘરથી, ધરતો વિનય અમંદ રે ॥ સુરવર સાથે જિન ગ્રહી હાથે, આવે મેરૂ ગિરીંદ ॥ સુ૦ ॥ જિ૦ ॥ ૨ ॥ ઔષધિ મિશ્રિત તીર્થ જળથી, કળશા ભરી મનોહાર રે ॥ પારંગતનું અંગ પખાળી, કરે આતમ નિસ્તાર ॥ સુ૦ ॥ જિ૦ ॥૩॥ બાવના ચંદને જિન તનુ ચરચી, પહેરાવે ફુલમાળ રે ॥ સુરબાળા જિનવર ગુણ માળા, ગાવે રંગ રસાળ ॥ સુ૦ ॥ જિ૦॥૪॥ તિણવિધ ભાવિક શ્રાવક ભકતે, પૂજે પ્રભુપદ પદ્મરે ॥ રૂપવિજય પ્રભુ ધ્યાન પસાયે, લહે શાશ્વત શિવસદ્મ ॥ સુરપતિ રસીયા રે, જિનરાજ પૂજા નવરંગ૦ ॥ ૫ ॥

॥ ઇતિ અષ્ટમ શ્રી દેવેંદ્રસ્તવપ્રકીર્ણક પૂજા સમાપ્ત ॥ ૮ ॥

॥ अथ नवम श्री मरणसमाधिपयन्ना पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સાધન સાધે સિદ્ધિનાં, સાવધાનપણે સાર ॥
તે મુનિવર આરાધના, કરી પામે ભવપાર ॥ ૧ ॥

॥ ઢાળ નવમી ॥

(અનેહાં રે ગોકુળ ગામને ગોંદરે રે.—એ દેશી.)

અનેહાં રે સિદ્ધ નિરંજન પૂજતાં રે, પાતક દૂર પલાય ॥ પૂજક પૂજ્યની પૂજના રે, કરતાં પૂજ્ય તે થાય ॥ સિદ્ધ૦ ॥ ॥ ૧ ॥ અનેહાં રે દંસણ નાણ ચરણતણી રે, હોય આરાહણ ખાસ ॥ શ્રી જિનરાજ પૂજાથકી રે, ચિર સચિત અઘનાશ ॥ સિદ્ધિ૦ ॥ ૨ ॥ અનેહાં રે સાધન જોગથી સંપજે રે, સાધ્ય પણું નિરધાર ॥ ધ્યાતા ધ્યેયના ધ્યાનથી રે, ધ્યેય હોયે જગ સાર ॥ સિદ્ધિ૦ ॥ ૩ ॥ અનેહાં રે તિવિહ પૂજાએ પૂજ્યની રે. કરતાં જિનપદ થાય ॥ તિવિહ અવચક જોગથી રે, ભાવ પૂજાશું ઠહરાય ॥ સિદ્ધિ૦ ॥ ૪ ॥ અનેહાં રે જિન ઉત્તમ-પદ પદ્મની રે, પૂજના કરશે જેહ ॥ રૂપવિજય પદ સંપદા રે, અવિચળ લહેશે તેહ ॥ સિદ્ધિ૦ ॥ ૫ ॥

॥ ઇતિ નવમ શ્રી મરણસમાધિપ્રકીર્ણક પૂજા સમાપ્ત ॥૯॥

॥ अथ दशम श्री संस्तारकप्रकीर्णक पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ભાવ તીર્થ આધાર છે, જંગમ તીર્થ ચાર ॥
થાવર તીર્થ અસંખ્યમાં, મુખ્ય શત્રુંજય ગિરનાર ॥૧॥
પાદપોપ અણસણ કરી, સિદ્ધિ લહ્યા જિન સર્વ ॥
તે જિનવરની પૂજના, કરીયે મૂકી ગર્વ ॥ ૨ ॥

॥ ઢાળ દશમી ॥

(ગોકુળ મથુરાં રે વાલા —એ દેશી)

ત્રિશલા નંદન રે દેહે, રચિયે પૂજા અધિકે નેહે ॥ નવ નવ ભાંતે રે કરીયે, જિમ ભવસાયર હેલે તરીયે ॥ ૧ ॥ ચેતન પ્યારા રે માહારા, જિન પૂજા કરી લહો ભવપારા ॥ચે૦॥ ॥ એ આંકણી ॥ નમણ કરો મન રંગે, ચરચો કેશર પ્રભુ નવ અંગે ॥ ફુલની ફુતડી રે માળા, કંઠે ઠવો પંચ રંગ રસાલા ॥ ચેતન૦ ॥ ૨ ॥ ધૂપ દીપ મનોહાર, અક્ષત નૈવેદ્ય ફળ સુરસાળ ॥ જિનવર જગ શણગાર, ગાવો ગીત જ્ઞાન મનોહાર ॥ ચેતન૦ ॥ ૩ ॥ દરિસણ ચરણ ને નાણ, તપ એ ચઉહા પૂજા જાણ ॥ આરાધક તે કહીયે, પૂજા દ્વાદશ ભેદે લહીયે ॥ ચેતન૦ ॥ ૪ ॥ પાટપોપ પદ ધારી, વરીયા જિન ઉત્તમ શિવનારી ॥ તસ પદ પદ્મને રે વંદો, રૂપવિજય પદ લહી આણંદો ॥ ચેતન૦ ॥ ૫ ॥

॥ ઇતિ દશમ શ્રી સંસ્તારક પ્રકીર્ણક પૂજા સમાપ્ત ॥ ૧૦ ॥

॥ ઇતિ પંડિત શ્રી રૂપવિજયજી કૃત પીસ્તાલીશ આગમપૂજામાં દશ પ્રકીર્ણક પૂજા સમાપ્ત ॥

॥ अथ श्री छ छेद सूत्र पूजा प्रारंभ ॥

॥ तत्र ॥

॥ प्रथम श्री दशाश्रुत स्कंध छेदसूत्र पूजा ॥

॥ દોહા ॥

ષટ્વ્રત પાલક મુનિતણા, ભાખ્યા ષટ્ શ્રુત જેહ ॥
છેદ સૂત્ર તે જાણીયે, ધરીયે તેહશું નેહ ॥ ૧ ॥
શ્રુત શ્રુતપદ દાયકતણી, પૂજા વિવિધ પ્રકાર ॥
કરતાં જિનપદ પામીયે, સકલ જંતુ હિતકાર ॥ ૨ ॥

॥ ઢાળ પહેલી ॥

(હરખીજી હરખીજી, હું તો હરખી રે નિરખીજી—એ દેશી)

જિનવરની જિનવરની, પૂજા કીજે લાલ જિનવરની ॥ શિવમંદીર નિસરણી ॥ પૂજા૦ ॥ એ આંકણી ॥ નામ ગોત્ર જિનવરના કાને, સુણતાં પાપ પલાય ॥ તે જિનવરની ભાવે પૂજા, કરતાં શિવસુખ થાય ॥ પૂજા૦ ॥ ૧ ॥ જિન આણા રંગી ગુણી સંગી, આંગી જેહ રચાવે ॥ સકલ વિભાવ અભાવ કરીને, જિનવર લીલા પાવે ॥ પૂજા૦ ॥૨॥ શ્રેણિકરાયે વીર જિણંદની, ભક્તિ કરી બહુ માને ॥ તીર્થંકરપદ નિર્મળ બાંધ્યું, જિનપૂજા પ્રણિધાને ॥ પૂજા૦ ॥૩॥ નમનાભિગમન વંદન કરણી, થય થુઈ મંગળ સાર ॥ ભાવ સ્થાપના જિનને કરતાં, લહીયે ભવજલ પાર ॥ પૂજા૦ ॥ ૪ ॥ દશા સૂત્રનાં દશ અઝયણાં, ગુરૂ મુખ પદ્મથી જાણી ॥ રૂપવિજય કહે સં-

યમ સાધો, વરવા શિવ પટરાણી ॥ પૂજા૦ ॥ ૫ ॥

॥ ઇતિ પ્રથમ શ્રી દશાશ્રુતસ્કંધ છેદસૂત્ર પૂજા સમાપ્ત ॥૧॥

॥ अथ द्वितीय श्री बृहत्कल्पसूत्र पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

બૃહત્કલ્પમાં ભાખિયા, મુનિવરના આચાર ॥
કલ્પાકલ્પ વિભાગથી, શ્રી જિનવરે નિરધાર ॥ ૧ ॥

॥ ઢાળ બીજી ॥

(ના કરીયેજી નેડા ના કરીયેજી, નિગુણાશુ રે નેડા ના કરીયે.—એ દેશી.)

નિત્ય કરીયેજી પૂજા નિત્ય કરીયેજી, વિધિયોગે રે પૂજા નિત્ય કરીયે ॥ ભવસાયર જિમ ઝટ તરીયેજી ॥ વિધિ૦॥ એ આંકણી ॥ તદ્ગત ચિત્ત સમય અનુસારે ॥ ભાવ ભક્તિ મન અનુસરીયેજી ॥ વિધિ૦ ॥ સંવર યોગમાં ચિત્ત લગાઇ, ષટ્ પલિમંથ દૂરે કરીયેજી ॥ વિધિ૦ ॥ ૧ ॥ સંયમનો પલિમંથ કુકુઇતા, મૌખર્યપણું દૂરે કરીયેજી ॥ વિધિ૦ ॥ સત્ય વચન પલિમંથ મુખરતા, તજી સંયમ રમણી વરીયેજી ॥ વિધિ૦॥ ॥ ૨ ॥ ચક્ષુ લોલ ઇરિજા પલિમંથુ, મુનિજન નિત્ય નિત્ય પરિહરીયેજી ॥ વિધિ૦ ॥ તિંતણીક એષણા પલિમંથુ, સત્ય વચન વ્રત વિખરીયેજી ॥ વિધિ૦ ॥ ૩ ॥ ઇચ્છા લોલ મુક્તિ પલિમંથુ, મુનિવર મન નવિ આચરિયેજી ॥ વિધિ૦ ॥ ભિજાનિયાણ મોક્ષ પલિમંથુ, તજી જિન આણા શિર ધરીયેજી

॥ વિધિ૦ ॥૪॥ જિનઆણાધારી મહામાહણ, ભવસાયર હેલે તરીયેજી ॥ વિધિ૦ ॥ દ્રવ્યપૂજા આરાધક શ્રાવક, ભાવક સુરપદ અનુસરાયેજી ॥ વિધિ૦ ॥ ૫ ॥ જિન ઉત્તમપદ પદ્મ પૂજનથે, નવયૌવન શિવવહુ વરીયેજી ॥ વિધિ૦ ॥ બૃહત્કલ્પ આચરણ કરતાં, રૂપવિજય ભવજળ તરીયેજી ॥વિધિ૦॥૬॥

॥ ઇતિ દ્વિતીય શ્રી બૃહત્કલ્પછેદસૂત્ર પૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय श्री व्यवहारछेदसूत्र पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

વ્યવહાર સૂત્રમાં ભાંખીયો, વ્યવહાર પંચ પ્રકાર ॥
ગણધરને શ્રી જિનવરે, વરવા શિવવહુ સાર ॥ ૧ ॥

॥ ઢાળ ત્રીજી ॥

સંભવજિન અવધારીયે.—એ દેશી.)

વિધિપૂર્વક જિનરાજની, પૂજા કરી શુભચિત્ત ॥ સલુણે ॥ આપ શક્તિ અનુસારથી, ત્રણ્ય ટંક સુપવિત્ત સલુણે ॥ વિધિ૦ ॥ ૧ ॥ સુરભિ દુગ્ધ ઘટે કરી, કરે અભિષેક જે સાર સલુણે ॥ તે સુર સુખ ઉજ્જવલ લહી, વરે શિવસુખ નિરધાર સલુણે ॥ વિધિ૦ ॥ ૨ ॥ દધિ ઘૃત કુંભ ભરી ભરી, પૂજે જે નરનારી સલુણે ॥ તે સુર સુખ તાજાં લહી, પામે ભવજળ પાર સલુણે ॥ વિધિ૦ ॥ ૩ ॥ આગમ[1] શ્રુત[2] આણા[3] ભલી, ધારણા[4] જિત[5] એ પંચ સલુણે ॥ જે જે કાળે જે હોયે, તે સેવે ગત ખંચ સલુણે ॥ વિધિ૦ ॥૪॥ વ્યવહાર

જિત છે સંપ્રતિ, તીણ વિધિ જે કરે કાજ સલુણે ॥ જિન ઉ-ત્તમ મુખ પદ્મની, વાણીયે ચિદ્રૂપ રાજ સલુણે ॥વિધિ૦॥૫॥

॥ ઇતિ તૃતીય શ્રી વ્યવહારછેદસૂત્રપૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ श्री जीतकल्पछेदसूत्र पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જીતકલ્પ સૂત્રે કહ્યો, આલોયણ અધિકાર ॥
શ્રી જિનરાજે જીવનો, કરવા ભવ નિસ્તાર ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥

(નંદ સલુણા નંદના રે લોલ, તુમે મને નાંખી ફંદમાં રે લોલ.—એ દેશી.)

શ્રી જિનરાજ પૂજા કરો રે લો, પાયચ્છિત સવિ પરિહરો રે લો ॥ વિનય કરીને ધ્યાઇયે રે લો, મધુરસ્વરે ગુણ ગાઇ-યે રે લો ॥ ૧ ॥ આણાયે કરણી કરે રે લો, તે પ્રાણી ભવ-જળ તરે રે લો ॥ અવિધિ દોષને છંડિયે રે લો, વિધિયોગે સ્થિર મંડિયે રે લો ॥ ૨ ॥ દોષ તજી નિજ દેહથી રે લો, આલોચણ કરી નેહથી રે લો ॥ પડિક્કમણે અઘ વારિયે રે લો, મિસ વિવેગ મન ધારીયે રે લો ॥ ૩ ॥ કાઉસ્સગ્ગે અઘ ટાળિયે રે લો, તપ કરી પાતક ગાળીયે રે લો ॥ છેદ તથા મૂલ જાણિયે રે લો, અણુવટ્ઠિયપદ માણિયે રે લો ॥ ૪ ॥ પા-રંચિત દશમો વળી રે લો, કહે જિન ગણધર કેવળી રે લો ॥ જિનઆણા પૂજા હચો રે લો, કરી ઉત્તમ શિવપદ

ગયો રે લો ॥ ૫ ॥ જીતકલ્પ જે જાણશે રે લો, તે હઠવાદ ન તાણશે રે લો ॥ શ્રી ગુરૂ પદ્મવિજય કહી રે લો, વાણી રૂપ-વિજય લહી રે લો ॥ ૬ ॥

॥ ઇતિ ચતુર્થ શ્રી જીતકલ્પછેદસૂત્રપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम श्री लघु निशीथसूत्र पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

લઘુ નિશિથમાં સાધુનો, ઉત્તમ કહ્યો આચાર ॥
ધન્ય તેહ અણગારને, જે ધરે નિરતિચાર ॥ ૧ ॥

॥ ઢાળ પાંચમી ॥

(આવો હરિ લાસનિયા વાલા.—એ દેશી.)

જગદ્ ગુરૂ જિનવર જયકારી, સેવો તુમે ભાવે નરના-રી ॥ આસાયણ ચોરાશી વારી ॥ જગ૦ ॥ ૧ ॥ જલ[1] ચં-દન[2] કુસુમે[3] કરીયે, ધૂપ[4] દીપ[5] અક્ષત[6] ધરીયે ॥ નૈવેદ્ય[7] ફળ[8] આગળ કરીયે ॥ જગ૦ ॥ ૨ ॥ થય થુઈ ભાવ પૂજા સારી, નાટક ગીતથી મનોહારી ॥ ત્રિધા શુદ્ધિ કરે હિતકારી ॥ જગ૦ ॥ ૩ ॥ ભાવથી દ્રવ્યપૂજા કરશે, તે ભવસાયરને તરશે ॥ સરસ શિવસુંદરીને વરશે ॥ જગ૦ ॥ ૪ ॥ વિશ ઉદ્દેશાથી સાર, સૂત્ર નિશીથ છે મનોહાર ॥ ભણી લહો રૂપવિજય પાર ॥ જગ૦ ॥ ૫ ॥

॥ ઇતિ પંચમ શ્રી લઘુ નિશીથછેદસૂત્ર પૂજા સમાપ્ત ॥૫॥

॥ अथ षष्ठ श्री महानिशीथसूत्र पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

મહાનિશીથ સિદ્ધાંતમાં, મુનિમારગ નિરધાર ॥
વીરજિણંદ વખાણીયો, પૂજું તે શ્રુત સાર ॥ ૧ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(મુજરો લ્યોને ઝાલિમ જાટણી રે.—એ દેશી.)

શ્રી જિનરાજને જાઉં ભામણે રે, જાસ સુરાસુર ખાસ ॥ સેવા સારે તારે આપને રે, નિર્મળ સમકિત જાસ ॥ શ્રી જિ-ન૦ ॥ ૧ ॥ દુવિહા પૂજા ભાખી સૂત્રમાં રે, દ્રવ્ય ને ભાવથી ખાસ ॥ ભાવ પૂજા સાધક સાધુ ભલા રે, ગ્રહીને દોય ઉલ્લાસ ॥ શ્રી જિન૦ ॥ ૨ ॥ દાનાદિક ચઉ સમ જિન પૂજના રે, બારમો સર્ગ નિવાસ ॥ ભાવ પૂજાથી શિવ સુખ સંપજે રે, કહે જિન આગમ ખાસ ॥ શ્રી જિન૦ ॥ ૩ ॥ તિગપણ અડ નવ સત્તર પ્રકારથી રે, એકવિશ અડ સય ભેદ ॥ ભક્તિ યુક્તિથી જે પૂજા કરે રે, ન લહે તે ભવખેદ ॥ શ્રી જિન૦ ॥ ॥ ૪ ॥ જિનવરને જિન આગમ પૂજતાં રે, કર્મ કઠિન ક્ષય થાય ॥ તીરથપતિપદ પામી નિર્મળું રે, સાદિ અનંત પદ હોય ॥ શ્રી જિન૦ ॥ ૫ ॥ ક્ષમાવિજય જિનરાજે ભાખીયું રે, ઉત્તમ જિન મુખ પદ્મથી ખાસ ॥ મહાનિશીથ સૂત્ર તે પૂજતાં રે, રૂપવિજય સુખ વાસ ॥ શ્રી જિન૦ ॥ ૬ ॥

॥ ઇતિ ષષ્ઠ શ્રી મહાનિશીથછેદસૂત્ર પૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ श्री चार मूल सूत्र पूजा प्रारंभ ॥

॥ तत्र ॥

॥ प्रथम श्री आवश्यकसूत्र पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચારિત્ર તરૂના મૂલસમ, મૂલ સૂત્ર છે ચાર ॥
શ્રી જિનરાજે વખાણીયાં, પૂજી લહો ભવપાર ॥ ૧ ॥
આવશ્યક આરાધિયે, ખટ્ અધ્યયને ખાસ ॥
નમન સ્તવન પૂજન કરી, કરો આતમ સુપ્રકાશ ॥૨॥

॥ ઢાળ પહેલી ॥

(પંથડો નિહાલતી રે, જોતી વૃંદાવનની વાટ.—એ દેશી.)

ચોખે ચિત્તથી રે, કરીયે શ્રી જિનરાજની સેવ ॥ જગમાં કો નહીં રે, દિસે અધિકો દુજો દેવ ॥ કરૂણા જલનિધિ રે, જગમાં કલ્પતરૂ ભગવાન ॥ કરીયે પૂજના રે, અષ્ટપ્રકારી રૂડે ધ્યાન ॥૧॥ ભાવો ભાવના રે, ધારો શુદ્ધ નિરંજન દેવ ॥ ગાવો ગુણ ભલા રે, સારો ત્રિકરણ યોગે સેવ ॥ દાતા ધરમના રે, ત્રાતા ષડ્વિધ જીવના સાર ॥ તે પ્રભુ પૂજતાં રે, લહિયે ભવસાયરનો પાર ॥ ૨ ॥ સૂત્ર આવશ્યકે રે, ભાંખ્યાં ષટ્ અધ્યયન રસાલ ॥ તેહને સેવતાં રે, પાતક જાયે સહુ વિસરાલ ॥ સમભાવે કરી રે, કરીયે આવશ્યક દોય ટંક ॥૩॥ સાવદ્ય યોગની રે, વિરતિ જિન ગુણનો બહુ માન ॥ ચરણે ગુરૂતણે રે, વાંદણા દીજે ધરી શુભ ધ્યાન ॥ આલોઇયે મને

રે, વાસર રયણીના અતિચાર ॥ કાઉસ્સગ્ગધ્યાનથી રે, સોહી આતમની કરે સાર ॥ ૪ ॥ કરી પચ્ચખ્ખાણને રે, આતમ તારે ગૃહી અણગાર ॥ વીરજ ફોરવી રે, પામે ભવસાયરનો પાર ॥ વાણી સાંભળે રે, ઉત્તમ ગુરૂ મુખ પદ્મની જેહ ॥ રૂપવિજય કહે રે, તે લહે અવિચળ શિવપુર ગેહ ॥ ૫ ॥

॥ ઇતિ પ્રથમ શ્રી આવશ્યકમૂલસૂત્ર સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय श्री दशवैकालिकसूत्र पूजा प्रारंभ॥

॥ દોહા ॥

દશવૈકાલિક સૂત્રમાં, મુનિ મારગ અધિકાર ॥
ભાવે તેહ આરાધતાં, પામીજે ભવ પાર ॥ ૧ ॥

॥ ઢાળ બીજી ॥

(વેસરદે ગઈ રે ગમાઈ, મ્હારે ન્હાને દેવર પાઈ લાલ. વેસરદે૦.—એ દેશી.)

શ્રી જિનવર મુખની વાણી, અનુભવ અમૃત રસ ખાણી ॥ લાલ જિનવાણી ॥ ચઉ અનુયોગે કહેવાણી, સગ ભંગી જોગ ઠરાણી ॥ લા૦ ॥૧॥ નય સાતથકી ગુંથાણી, સ્યાદ્વાદની છાપ અંકાણી ॥ લા૦ ॥ પાંત્રીશ વચણ ગુણ જાણી, ગણધર દીલડે સોહાણી ॥ લા૦ ॥ ૨ ॥ ભવતાપને દૂર ગમાવે, શુચિ આતમ બોધને પાવે ॥ લા૦ ॥ મિથ્યાત્વ તિમિરકું તરણી, દુર્મતી વતીને રવિ ભરણી ॥ લા૦ ॥ ૩ ॥ શ્રુત શ્રદ્ધાવંત જે પ્રાણી, વિધિયોગે શ્રદ્ધા આણી ॥ લા૦ ॥ કરે

પૂજા નવ નવ રંગે, ધન્ન ખરચે અધિક ઉમંગે ॥ લા૦ ॥૪॥
પૂજા તે દયારસ ખાણી, ભાવ ધર્મની એ નિશાણી ॥ લા૦ ॥
શ્રીગુરૂમુખપદ્મની વાણી, ચિદ્રૂપવિજયપદ ખાણી ॥લા૦॥૫॥

॥ ઇતિ દ્વિતીય શ્રી દશવૈકાલિકમૂલસૂત્ર પૂજા સમાપ્ત ॥૨॥

॥ अथ तृतीय श्री उत्तराध्ययनमूलसूत्र पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ઉત્તરાધ્યયન ઉપદીશ્યાં, અઝયણાં છત્રીશ ॥
સમજી અર્થ સોહામણા, પૂજો શ્રી જગદીશ ॥ ૧ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(હુંતો જાઉં નિત્ય બલિહારી જી, મુખને મરકલડે.—એ દેશી.)

જિનરાજ જગત્ ઉપકારી જી, પૂજો નરનારી ॥ એતો તિનભુવન હિતકારી જી, જિનવર જયકારી ॥ પ્રભુ નામે નવનિધિ થાય જી ॥ પૂજો૦ ॥ દુઃખ દોહગ દૂર પલાય જી ॥ જિન૦ ॥ ૧ ॥ પારંગત પાર ઉતારે જી ॥ પૂજો૦ ॥ આણે ભવસાયર આરે જી ॥ જિન૦ ॥ ભવ ભવનાં પાપ ગમાવે જી ॥ પૂજો૦ ॥ મિથ્યા જવર તાપ શમાવે જી ॥ જિન૦ ॥ ૨ ॥ જલ ચંદન કુસુમને ધૂપે જી ॥ પૂજો૦ ॥ જીમ ન પડો ભવને કૂપે જી ॥ જિન૦ ॥ જમણી દિશા દીપક ઠાવો જી ॥પૂજો૦॥ જીમ કેવલનાણને પાવો જી ॥ જિન૦ ॥ ૩ ॥ થય થુઈ જિન રાજની કરિયે જી ॥ પૂજો૦ ॥ અક્ષતં નૈવેદ્ય ફલ ધરિયે જી ॥ જિન૦ ॥ દ્રવ્ય ભાવથી પૂજા જેહ જી ॥ પૂજો૦ ॥ આપે

અવિચલ સુખ તેહ જી ॥ જિન૦ ॥ ૪ ॥ ઉત્તરાધ્યયન સૂત્ર જે ધ્યાવેજી ॥પૂજો૦॥ તે ત્રીજે ભવે શિવ પાવે જી ॥જિન૦॥ શ્રી પદ્મવિજય ગુરૂ વાણી જી ॥ પૂજો૦ ॥ દીપે રૂપવિજય સુખ ખાણી જી ॥ જિન૦ ॥ ૫ ॥

॥ ઇતિ તૃતીય શ્રી ઉત્તરાધ્યયનમૂલસૂત્ર પૂજા સમાપ્ત ॥૩॥

॥ अथ चतुर्थ श्री पिंम निर्युक्तिमूलसूत्र पूजा प्रारंभः ॥

॥ દોહા ॥

ક્રોધ માન માયા તજી, લોભ ન જાસ લગાર ॥
શુદ્ધ તુચ્છ આહાર લે, વંદું તે અણગાર ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥

(દેહુ દેહુ નણદ હઠીલી.—એ દેશી.)

જય જય જિનવર જયકારી, જસ મૂરતિ મોહનગારી રે ॥ ભવિ પૂજિયે જિનરાજા ॥ જીમ લહીયે શિવસુખ તાજાં રે ॥ ભવિ૦ ॥ અશોકથી શોક નિવારે, સંસાર સમુદ્રથી તારે રે ॥ ભવિ૦ ॥ ૧ ॥ પંચવરણી કુસુમ વરસાવે, સુર ભક્તિયે સમકિત પાવે રે ॥ ભવિ૦ ॥ વાંસલીયે સમસર પૂરે, નિજ આતમ તમ કરે દૂરે રે ॥ ભવિ૦ ॥ ૨ ॥ ઉજ્જવલ ચામર સોહંતાં, પરખદ જન મન મોહંતાં રે ॥ ભવિ૦ ॥ સિંહાસન આસનકારી, પ્રભુ દર્શનની બલિહારી રે ॥ ભવિ૦ ॥ ૩ ॥ ભામંડલ રવિ સમ સોહે, દેવ દુંદુંભિ જન મન મોહે રે ॥ ભવિ૦ ॥ ત્રણ છત્ર પ્રભુ શીર ધારે, ત્રણ જગત્‌ની આપ

વારે રે ॥ ભવિ૦ ॥ ૪ ॥ પિંડ નિર્યુક્તિ પ્રકાશી, જિન ઉત્તમ ગુણની રાશિ રે ॥ ભવિ૦ ॥ શ્રી પદ્મવિજય ગુરૂ શિષ્ય, કહે રૂપ નમો જગદીશ રે ॥ ભવિ૦ ॥ ૫ ॥

॥ ઇતિ ચતુર્થ શ્રી પિંડ નિર્યુક્તિમૂલસૂત્ર પૂજા સમાપ્ત ॥૪॥

॥ ઇતિ પંડિત શ્રી રૂપવિજયજી કૃત પીસ્તાલીશ આગમપૂજામાં ચાર મૂલ સૂત્ર પૂજા સમાપ્ત ॥

॥ અથ શ્રી ચૂલિકાસૂત્ર પૂજા પ્રારંભ ॥

॥ તત્ર ॥

॥ પ્રથમ શ્રી નંદિસૂત્ર પૂજા પ્રારંભ ॥

॥ દોહા ॥

મઈ સુઅ ઓહિ મન પજ્જવા, પંચમ કેવળનાણ ॥
નંદિસૂત્ર માંહે કહ્યાં, પૂજું તે સુહઝાંણ ॥ ૧ ॥

॥ ઢાળ પહેલી ॥

(સરોવર પાણી હું ગઇ, મા મોરારી રે; સન્મુખ મળીયો કાન, ગાગર ફેરી રે—એ દેશી)

જિનવર જગગુરૂ જગધણી, ઉપકારી રે ॥ તમે પૂજો ધરી મન રંગ, મળી નરનારી રે ॥ સમવસરણમાં સોહતા ॥ ઉ૦ ॥ નિર્મળ જેહ નિઃસંગ, જગત્ ઉપગારી રે ॥ ૧ ॥ મતિ શ્રુત નાણના જાણીયે ॥ ઉ૦ ॥ અડવીશ ચઉદશ ભેદ

॥ જ૦ ॥ અવધિ ષટ્ ભેદે લહો ॥ ઉ૦ ॥ દુગ મણપજ્જવ ભેદ ॥ જ૦ ॥ ૨ ॥ ક્ષાયિકભાવે કેવલી ॥ ઉ૦ ॥ લોકાલોકના જાણ ॥ જ૦ ॥ ચાર જ્ઞાનની જે પ્રભા ॥ ઉ૦ ॥ એહમાં તસ મંડાણ ॥ જ૦ ॥ ૩ ॥ સેવો ધ્યાઓ ભાવથી ॥ ઉ૦ ॥ ગાઓ જિનગુણ ગીત ॥ જ૦ ॥ ભાવના ભાવો ભાવશું ॥ ઉ૦ ॥ ભક્તિ કરો ધરી પ્રીત ॥ જ૦ ॥૪॥ નાણ નાણીની પૂજના ॥ ઉ૦ ॥ કરતાં લહીયે નાણ ॥ જ૦ ॥ નંદિસૂત્રની પૂજના ॥ ઉ૦ ॥ કરો ભવિયણ સુહ ઝાણ ॥ જ૦ ॥૫॥ જિન ઉત્તમ પદ પદ્મની ॥ ઉ૦ ॥ પૂજા કરો ધરી રાગ ॥જ૦॥ રૂપવિજય પદ સંપદા ॥ ઉ૦ ॥ પામો નિત્ય અથાગ ॥જ૦॥૬॥

॥ ઇતિ પ્રથમ શ્રી નંદિસૂત્ર પૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय श्री अनुयोगद्वारसूत्र पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શ્રી અનુયોગ દુવારમાં, ચઉ અનુયોગ વિચાર ॥
શ્રદ્ધાભાસન રમણતા, કરી પૂજો નરનાર ॥ ૧ ॥
ધન્ય ધન્ય આગમ જિનતણું, બોધિબીજ ભંડાર ॥
નાણ ચરણ રયણે ભર્યો, શાશ્વત સુખ દાતાર ॥ ૨ ॥

॥ ઢાળ બીજી ॥

(ચંદ્રજશા જિનરાજિયા, મનમોહન મેરે.—એ દેશી.)

શ્રી અનુયોગ દુવારની ॥ મનમોહન મેરે ॥ હું જાઉં બલિહારી ॥ મન૦ ॥ ત્રિશલાનંદન જિનવરે ॥ મન૦ ॥ ભા-

ખ્યા અર્થ વિચાર ॥ મન૦ ॥૧॥ ઉપક્રમ નિક્ષેપ અનુગમા ॥ મન૦ ॥ નય અનુયોગ એ ચાર ॥ મન૦ ॥ ષટ્ ચઉ દુગ સગ ભેદથી ॥ મન૦ ॥ સૂત્રતણો વિસ્તાર ॥ મન૦ ॥ સૂત્ર સુણે સંશય ટળે ॥ મન૦ ॥ શ્રદ્ધા નિર્મળ થા ॥ મન૦ ॥ તત્વજ્ઞાનમાં ચિત્ત રમે ॥ મન૦ ॥ દુર્મતિ દૂર પલાય ॥મન૦॥ ॥ ૩ ॥ શ્રુત વાસિત જે પ્રાણિયા ॥ મન૦ ॥ તે લહે ભવજળ પાર ॥ મન૦ ॥ જ્ઞાન ભાણ જસ જળહળે ॥ મન૦ ॥ તે કરે જગ નિસ્તાર ॥ મન૦ ॥ ૪ ॥ સૂત્ર લખાવે સાચવે ॥મન૦॥ પૂજે ધ્યાયે સાર ॥ મન૦ ॥ ભણે ભણાવે શુભ મને ॥ મ૦ ॥ અનુમોદે ધરી પ્યાર ॥ મન૦ ॥ ૫ ॥ તે સુર નરવર સુખ લહી ॥ મન૦ ॥ કર્મ કઠિન કરે દૂર ॥ મન૦ ॥ કેવલ કમલા પામીને ॥ મન૦ ॥ શિવવહુ વરે સસનૂર ॥ મન૦ ॥ ૬ ॥ ગુરૂ મુખ પદ્મની દેશના ॥ મન૦ ॥ સાંભળી હર્ષ અપાર ॥ મન૦ ॥ રૂપવિજય કહે તે લહે ॥ મન૦ ॥ નિત્ય નિત્ય મંગલ ચાર ॥ મનમોહન મેરે ॥ ૭ ॥

॥ ઇતિ દ્વિતીય શ્રી અનુયોગદ્વારસૂત્ર પૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ દોહા ॥

રાજનગરમાં રાજસમ, ઓશ વંશ શણગાર ॥
શેઠ હેમાભાઈ ભલો, પુણ્યવંત સરદાર ॥ ૧ ॥
આગમ સાંભળે આદરે, શ્રદ્ધાવંત સુધીર ॥
તસ સમરણને કારણે, રચી પૂજા ગંભીર ॥ ૨ ॥

॥ અથ કળશ ॥

(રાગ ધન્યાશ્રી.)

ગાયા ગાયા રે પણયાલીશ આગમ ગાયા ॥ જિનવર ભાખિત ગણધર ગુંફિત, મુનિવર કંઠ મલાયા રે ॥ પણયાલીશ આગમ ગાયા ॥૧॥ જ્ઞાનારાધન સાધન મોક્ષનું, કરતાં કર્મ ખપાયા ॥ શ્રદ્ધા ભાસન રમણ કરણથી, નિર્મલ મન વચ કાયા રે ॥ પણ૦ ॥ ૨ ॥ છઠ્ઠ અઠ્ઠમને દશમ દુવાલસ, તપ કરી કર્મ ખપાયા ॥ નિત્ય ભોજી જ્ઞાની મુનિ તેહથી, પરમ વિશુદ્ધતા ઠાયા રે ॥ પણ૦ ॥ ૩ ॥ શ્રી વિજયદેવ સૂરિશ્વર પટધર, વિજયસિંહ સૂરિરાયા ॥ સત્યવિજય તસ શિષ્ય મનોહર, સંવેગ મારગ ધ્યાયા રે ॥ પણ૦ ॥૪॥ કપુર ખીમા જિન ઉત્તમ નામથી, વિજયપદે સોહાયા ॥ શ્રી ગુરૂ પદ્મવિજય પદ પંકજ, નમતાં નવનિધિ પાયા રે ॥ પણ૦ ॥ ૫ ॥ બાણ ૫ નાગ ૮ ગજ ૮ ચંદ્ર ૧ (૧૮૮૫) સંવત્સર, આસો માસ સુહાયા ॥ ત્રીજે સવિતાસુત વારે ભલા, કંઠે ગીત મલાયા રે ॥ પણ૦ ॥ ૬ ॥ તપગચ્છ વિજય દિણેંદ્ર સૂરિશ્વર, રાજે સુજસ સુહાયા ॥ રૂપવિજય કહે આગમ પૂજા. કરતાં સવિ સુખ પાયા રે ॥ પણયાલીશ૦ ॥ ૭ ॥

॥ ઇતિ પંડિત શ્રી રૂપવિજયજી કૃત પીસ્તાલીશ આગમપૂજા સમાપ્ત ॥

શ્રી દેવવિજયજી કૃત
અષ્ટપ્રકારીપૂજા પ્રારંભ.

॥ तत्र ॥

॥ प्रथम न्हवणपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અજર અમર નિકલંક જે, અગમ્ય રૂપ અનંત ॥ અલખ અગોચર નિત્ય નમું, પરમ પ્રભુતાવંત ॥ ૧ ॥ શ્રી સંભવજિન ગુણનિધિ, ત્રિભુવન જન હિતકાર ॥ તેહના પદ પ્રણમી કરી, કહીશું અષ્ટપ્રકાર ॥ ૨ ॥ પ્રથમ ન્હવણ પૂજા કરો, બીજી ચંદન સાર ॥ ત્રીજી કુસુમ વળી ધૂપની, પંચમ દીપ મનોહાર ॥ ૩ ॥ અક્ષત ફળ નૈવેદ્યની, પૂજા અતિહિ ઉદાર ॥ જે ભવિયણ નિત નિત કરે, તે પામે ભવપાર ॥૪॥ રત્નજડિત કળશે કરી, ન્હવણ કરો જિનભૂપ ॥ પાતક પંક પખાલતાં, પ્રગટે આત્મસ્વરૂપ ॥ ૫ ॥ દ્રવ્ય ભાવ દોય પૂજના, કારણ કાર્ય સંબંધ ॥ ભાવસ્તવ પુષ્ટિ ભણી, રચના દ્રવ્ય પ્રબંધ ॥ ૬ ॥ શુભ સિંહાસન માંડીને, પ્રભુ પધરાવો ભક્ત ॥ પંચ શબ્દ વાજીંત્રશું, પૂજા કરીયે વ્યક્ત ॥ ૭ ॥

॥ ઢાળ પહેલી ॥

(અનેહાં રે જિનમંદિર રળિયામણું રે.—એ દેશી.)

અનેહાં રે ન્હવણ કરો જિનરાજને રે, એતો શુદ્ધાલંબન દેવ ॥ પરમાતમ પરમેસરૂરે, જસુ સુરનર સારે સેવ ॥ન્હ૦॥

॥ ૧ ॥ અ૦ ॥ માગધતીર્થ પ્રભાસના રે, સુરનદી સિંધુનાં લેવ ॥ વરદામ ક્ષીરસમુદ્રનાં રે, નીરે ન્હવે જેમ દેવ ॥ન્હ૦॥ ॥ ૨ ॥ અ૦ ॥ તેમ ભવિ ભાવે તીર્થોદકે રે, વાસો વાસ સુવાસ ॥ ઔષધિયો પણ ભેળી કરો રે, અનેક સુગંધિત ખાસ ॥ ન્હ૦ ॥ ૩ ॥ અ૦ ॥ કાળ અનાદિ મળ ટાળવા રે, ભાળવા આતમરૂપ ॥ જળપૂજા યુક્તે કરી રે, પૂજો શ્રી જિન ભૂપ ॥ ન્હ૦ ॥ ૪ ॥ અ૦ ॥ વિપ્રવધૂ જળપૂજથી રે, જેમ પામી સુખ સાર ॥ તેમ તમે દેવાધિદેવને રે, અર્ચી લહો ભવપાર ॥ ન્હવણ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ વિમલકેવલદર્શનસંયુતં, સકલજંતુ મહોદયકારણં ॥ સ્વગુણશુદ્ધિકૃતે સ્નપયામ્યહં, જિનવરં નવ રંગ મયાંભસા ॥ ૧ ॥ ઇતિ પ્રથમ જળપૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

હવે બીજી ચંદનતણી, પૂજા કરો મનોહાર ॥
મિથ્યા તાપ અનાદિનો, ટાળો સર્વ પ્રકાર ॥ ૧ ॥
પુદ્ગલ પરિચય કરી ઘણો, પ્રાણી થયો દુર્વાસ ॥
સુગંધ દ્રવ્ય જિનપૂજને, કરો નિજ શુદ્ધ સુવાસ ॥૨॥

॥ ઢાળ બીજી ॥

(મનથી ડરણાં, પરનારી સંગ ન કરણાં.—એ દેશી.)

ભવિ જિન પૂજો, દુનિયામાં દેવ ન દૂજો ॥ જે અરિહા

પૂજે, તસ ભવનાં પાતક ધ્રૂજે ॥ ભવિ૦ ॥૧॥ પ્રભુ પૂજા બહુ ગુણ ભરી રે, કીજે મનને રંગ ॥ મન વચ કાયા થીર કરી રે, અર્ચો અરિહા અંગ ॥ ભવિ૦ ॥ ૨ ॥ કેસર ચંદન ઘસી ઘણું રે, માંહે ભેળી ઘનસાર ॥ રત્નકચોળીમાંહે ધરી રે, પ્રભુ પદ ચર્ચો સાર ॥ ભવિ૦ ॥ ૩ ॥ ભવદવ તાપ શમાવવા રે, તરવા ભવજળ તીર ॥ આતમ સ્વરૂપ નિહાળવા રે, રૂડો જગગુરૂ ધીર ॥ ભવિ૦ ॥ ૪ ॥ પદ જાનું કર અંશ શિરે રે, ભાળ ગળે વળી સાર ॥ હૃદય ઉદર પ્રભુને સદા રે, તિલક કરો મન પ્યાર ॥ ભવિ૦ ॥ ૫ ॥ એણિવિધ જિનપદ પૂજાના રે, કરતાં પાપ પલાય ॥ જેમ જયસુરને શુભમતિ રે, પામ્યા અવિચળ ઠાય ॥ ભવિ જિન પૂજો ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ જગદુપાધિચયાદ્રહિતંહિતં, સહજતત્ત્વકૃતે ગુણમંદિરં ॥ વિનયદર્શન કેશર ચંદનૈ, રમલહૃન્મલહૃજ્જિનમર્ચ્ચયે ॥ ૧ ॥

॥ ઇતિ દ્વિતીય ચંદનપૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय कुसुमपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ત્રીજી કુસુમતણી હવે, પૂજા કરો સદ્‌ભાવ ॥
જેમ દુષ્કૃત દૂરે ટળે, પ્રગટે આત્મસ્વભાવ ॥ ૧ ॥
જે જન ષટ્ ઋતુ ફુલશું, જિન પૂજે ત્રણ કાળ ॥
સુર નર શિવ સુખ સંપદા, પામે તે સુરસાલ ॥ ૨ ॥

॥ ઢાળ ત્રીજી ॥
(સાહેલડીયાંની દેશી)

કુસુમ પૂજા ભવિ તુમે કરો ॥ સાહેલડીયાં ॥ આણી વિવિધ પ્રકાર ॥ ગુણ વેલડીયાં ॥ જાઈ જાઈ કેતકી ॥ સા૦ ॥ દમણો મરૂઓ સાર ॥ ગુણ૦ ॥ ૧ ॥ મોઘરો ચંપક માલતી ॥ સા૦ ॥ પાડલ પદ્મને વેલ ॥ ગુણ૦ ॥ બોલસિરી જાસૂલશું ॥ સા૦ ॥ પૂજો મનને ગેલ ॥ ગુણ૦ ॥ ૨ ॥ નાગ ગુલાબ સેવંતરી ॥ સા૦ ॥ ચંપેલી મચકુંદ ॥ ગુણ૦ ॥ સદા સોહાગણ દાઉદી ॥ સા૦ ॥ પ્રિયંગુ પુન્નાગના વૃંદ ॥ ગુણ૦ ॥ ૩ ॥ બકુલ કોરંટ અંકોલથી ॥ સા૦ ॥ કેવડો ને સહકાર ॥ગુણ૦॥ કુંદાદિક પમુહા ઘણે ॥ સા૦ ॥ પુષ્પતણે વિસ્તાર ॥ગુણ૦॥ ॥ ૪ ॥ પૂજે જે ભવિ ભાવશું ॥ સા૦ ॥ શ્રી જિનકેરા પાય ॥ ગુ૦ણ ॥ વણિકસુતા લીલાવતી ॥ સા૦ ॥ જિમ લહે શિવપુર ઠાય ॥ ગુણ વેલડીયાં ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ સુકરૂણાસુનૃતાર્જર્જવમાર્દવૈઃ, પ્રશમશૌચશમાદિસુમૈર્જનાઃ ॥ પરમપૂજ્યપદસ્થિતમર્ચિત, પરમુદારમુદારગુણં જિનં ॥ ૧ ॥

॥ ઇતિ તૃતીય પુષ્પપૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અર્ચા ધૂપતણી કરો, ચોથી હર્ષ અમંદ ॥

કર્મે ધન દાહન ભણી, પૂજો શ્રી જિનચંદ ॥ ૧ ॥
સુવિધિ ધૂપ સુગંધશું, જે પૂજે જિનરાય ॥
સુરનર કિન્નર તે સવિ, પૂજે તેહના પાય ॥ ૨ ॥

॥ ઢાળ ચોથી ॥

(સામરી સુરતપર મેરો દિન અટકયો.—એ દેશી)

અરિહા આગે ધૂપ કરીને, નરભવ લાહો લીજેરી ॥ અગર ચંદન કસ્તૂરી સંયુક્ત, કુંદરૂ માંહે ધરીજેરી ॥ અરિ૦ ॥ ॥ ૧ ॥ ચૂરણ શુદ્ધિ દશાંગ અનોપમ, તુરક્ક અંબર ભાવીજેરી ॥ રત્નજડિત ધૂપધાણા માંહે, શુભ ઘનસાર ઠવીજેરી ॥ અરિ૦ ॥૨॥ પવિત્ર થઈ જિનમંદિર જઇને, આશય શુદ્ધ કરીજેરી ॥ ધૂપ પ્રગટ વામાંગે ધરતાં, ભવ ભવ પાપ હરીજેરી ॥ અરિ૦ ॥ ૩ ॥ સમતારસ સાગર ગુણ આગર, પરમાતમ જિન પૂરારી ॥ ચિદાનંદ ઘન ચિન્મય મૂરતિ, ઝગમગ જ્યોતિ સનૂરારી ॥ અરિ૦ ॥ ૪ ॥ એહવા પ્રભુને ધૂપ કરતાં, અવિચળ સુખડાં લહિયેરી ॥ ઇહિ ભવ પરભવ સંપતિ પામે, જેમ વિનયંધર કહિયેરી ॥ અરિહા૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ અશુભપુદ્ગલસંચયવારણં, સમસુગંધકરં તપધૂપનં ॥ ભગવતા સુપુરોહિતકર્મણાં, જયવતો યવતોઽક્ષયસંપદા ॥ ૧ ॥

॥ ઇતિ ચતુર્થ ધૂપપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નિશ્ચય ધન જે નિજતણું, તિરોભાવ છે તેહ ॥
પ્રભુમુખ દ્રવ્યદીપક ધરી, આવિરભાવ કરેહ ॥ ૧ ॥
અભિનવ દીપક એ પ્રભુ, પૂજી માગો હેવ ॥
અજ્ઞાન તિમિર જે અનાદિનું, ટાળો દેવાધિદેવ ॥ ૨ ॥

॥ ઢાળ પાંચમી ॥

(ઝુંમખડાની દેશી.)

ભાવદીપક પ્રભુ આગળે, દ્રવ્યદીપક ઉત્સાહે ॥ જિનેસર પૂજીયે ॥ પ્રગટ કરી પરમાતમા, રૂપ ભાવો મનમાંહે ॥જિ૦॥ ॥૧॥ ધૂમ કષાય ન જેહમાં, ન છીપે પતંગને હેજ ॥ જિ૦ ॥ ચરણ ચિત્રામણ નવિ ચળે, સર્વ તેજનું તેજ ॥ જિ૦ ॥ ૨ ॥ અધન કરે જે આધારને, સમીરતણે નહીં ગમ્ય ॥ જિ૦ ॥ ચંચલ ભાવ જે નવિ લહે, નિત્ય રહે વળી રમ્ય ॥જિ૦॥૩॥ તૈલ પ્રક્ષેપ જિહાં નહીં, શુદ્ધ દશા નહિ દાહ ॥ જિ૦ ॥ અપર દીપક એ અરચતાં, પ્રગટે પ્રશમ પ્રવાહ ॥ જિ૦ ॥ ૪ ॥ જેમ જિનમતિને ધનસિરિ, દીપપૂજનથી દોય ॥ જિ૦ ॥ અમરગતિ સુખ અનુભવી, શિવપુર પહોતી સોય ॥ જિ૦ ॥૫॥

॥ કાવ્યં ॥ બહુલમોહતમિસ્ત્રનિવારકં, સ્વપરવસ્તુ વિકાસનમાત્મનઃ ॥ વિમલબોધસુદીપકમાદધે, ભુવનપાવનપારગતાગ્રતઃ ॥ ૧ ॥ ઇતિ પંચમ દીપકપૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સમકિતને અજુઆળવા, ઉત્તમ એહ ઉપાય ॥
પૂજાથી તુમે પ્રીછજો, મનવંછિત સુખ થાય ॥ ૧ ॥
અક્ષત શુદ્ધ અખંડશું, જે પૂજે જિનચંદ ॥
લહે અખંડિત તેહ નર, અક્ષય સુખ આણંદ ॥ ૨ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(ધર્મજિણંદ દયાલજી, ધર્મતણો દાતા —એ દેશી.)

અક્ષતપૂજા ભવિ કીજેજી, અક્ષત ફળ દાતા ॥ શાલિ ગોધૂમ પણ લીજેજી ॥ અ૦ ॥ પ્રભુ સન્મુખ સ્વસ્તિક કીજેજી ॥ અ૦ ॥ મુક્તાફળ વીચમે દીજેજી ॥ અ૦ ॥૧॥ એહવા ઉજ્જવલ અક્ષત વાસીજી ॥ અ૦ ॥ શુભ તંદુલ વાસ ઉલ્લાસીજી ॥ અ૦ ॥ ચૂરક ચઉગતિ ચિત્ત ચોખેજી ॥ અ૦ ॥ પૂરી અક્ષયસુખ લહો જોખેજી ॥ અ૦ ॥ ૨ ॥ પુનરાવર્ત્ત હરવા હાથેજી ॥ અ૦ ॥ નંદાવર્ત્ત કરો રંગ સાથેજી ॥ અ૦ ॥ કરજોડી જિનમુખ રહીનેજી ॥અ૦॥ એમ આખો શિવ દીયો વહીનેજી ॥ અ૦ ॥ ૩ ॥ જગનાયક જગગુરૂ જેતાજી ॥અ૦॥ જગબંધુ અમલ વિભુ નેતાજી ॥ અ૦ ॥ બ્રહ્મા ઇશ્વર વડભાગીજી ॥ અ૦ ॥ યોગીશ્વર વિદિત વૈરાગીજી ॥ અ૦ ॥૪॥ એહવા દેવાધિદેવને પૂજેજી ॥ અ૦ ॥ ભવભવનાં પાતક ધ્રુજેજી ॥ અ૦ ॥ જેમ કીરયુગલ ભવપારજી ॥ અ૦ ॥ લહે અક્ષત પૂજ પ્રકારજી ॥ અક્ષત૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ સકલ મંગલ સંભવકારણં, પરમમક્ષત-ભાવકૃતે જિનં ॥ સુપરિણામમયૈરહમક્ષતૈઃ, પરમયારમયા-યુતમર્ચ્ચયે ॥ ૧ ॥

॥ ઇતિ ષષ્ઠ અક્ષતપૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम फळपूजा प्रारंज ॥

॥ દોહા ॥

શ્રીકાર ઉત્તમ વૃક્ષનાં, ફળ લેઈ નર નાર ॥
જિનવર આગે જે ધરે, સફલો તસ અવતાર ॥ ૧ ॥
ફળપૂજાનાં ફળથકી, કોડિ હોય કલ્યાણ ॥
અમર વધૂ ઉલટ ધરી, તસ ધરે ચિત્તમાં ધ્યાન ॥ ૨ ॥

॥ ઢાળ સાતમી ॥

(બિંદલીની દેશી.)

ફળપૂજા કરો ફળકામી, અભિનવ પ્રભુ પુણ્યે પામી હો ॥ પ્રાણી જિન પૂજો ॥ શ્રીફળ અખોડ બદામ, સીતાફળ દાડિમ નામ હો ॥ પ્રા૦ ॥ ૧ ॥ જમરૂખ તરબૂજ કેળાં, નિમજાં કોહલાં કરો ભેળાં હો ॥ પ્રા૦ ॥ પીસ્તાં ફનસ નારંગ, પૂંગી ચૂળફળ ઘણું ચંગ હો ॥ પ્રા૦ ॥ ૨ ॥ ખરબૂજ દ્રાખ અંજીર, અન્નાસ રાયણ જંબીર હો ॥ પ્રા૦ ॥ મિષ્ટ લીંબુ ને અંગુર, શિંગોડા ટેટી બીજપૂર હો ॥ પ્રા૦ ॥ ૩ ॥ એમ જે જે વિષય લહંત, તે તે જિનભુવને ઢોયંત હો ॥ પ્રા૦ ॥ અનુપમ થાળ વિશાળ, તેહમાં ભરીને સુરસાળ હો ॥પ્રા૦॥૪॥

ફળપૂજા કરે જે ભાવે, તે શિવરમણી સુખ પાવે હો ॥પ્રા૦॥ દુર્ગતા નારી જેમ, લહે કીરયુગલ વળી તેમ હો ॥ પ્રા૦ ॥૫॥

॥ કાવ્યં ॥ અમલશાંતિરસૈકનિધિં શુચિં, ગુણફલૈર્મલદોષહરૈર્હરં ॥ પરમશુદ્ધિફલાય યજે જિનં, પરહિતં રહિત પરભાવતઃ ॥ ૧ ॥

॥ ઇતિ સપ્તમ ફળપૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ભવદવ દહન નિવારવા, જલદ ઘટા સમ જેહ ॥
જિન પૂજા યુગતે કરી, ત્રિવિધે કીજે તેહ ॥ ૧ ॥
પૂજા કુગતિની અર્ગલા, પુણ્ય સરોવર પાળ ॥
શિવગતિની સાહેલડી, આપે મંગલમાળ ॥ ૨ ॥
શુભ નૈવેદ્ય શુભ ભાવશું, જિન આગે ધરે જેહ ॥
સુરનર શિવપદ સુખ લહે, હલીય પુરૂષ પરે તેહ ॥૩॥

॥ ઢાળ આઠમી ॥

(શ્રાવણ માસે સ્વામિ, મહેલી ચાલ્યા રે.—એ દેશી.)

હવે નૈવેદ્ય રસાલ, પ્રભુજી આગે રે ॥ ધરતાં ભવિ સુખકાર, પ્રભુતા જાગે રે ॥ કંચન જડિત ઉદાર, થાળમાં લાવો રે ॥ તાર તાર મુજ તાર, ભાવના ભાવો રે ॥ ૧ ॥ લાપસી સેવ કંસાર, લાડુ તાજા રે ॥ મનોહર મોતિચૂર, ખુરમાં ખાજાં રે ॥ બરફી પેંડા ખીર, ઘેવર ઘારી રે ॥ સાટા સાંકલી

સાર, પૂરી ખારી રે ॥ ૨ ॥ કસમસીયા ફૂલેર, સક્કરપારા રે ॥ લાખણસાઈ રસાલ, ધરો મનોહારા રે ॥ મોતૈયા કલિસાર, આગે ધરિયે રે ॥ ભવ ભવ સંચિત પાપ, ક્ષણમાં હરિયે રે ॥ ૩ ॥ મુરકી મેસુર દહીંથરા, વરસોલાં રે ॥ પાપડ પૂરી ખાસ, દોઠાં ઘોલાં રે ॥ ગુંદવડાં ને રેવડી, મન ભાવે રે ॥ ફેણી જલેબી માંહે, સરસ સોહાવે રે ॥ ૪ ॥ શાલિ દાલને સાલણાં, મન રંગે રે ॥ વિવિધ જાતિ પકવાન, ઢોવો ચંગે રે ॥ તાલ કંસાલ મૃદંગ, વીણા વાજે રે ॥ ભેરી નફેરી ચંગ, મધુરધ્વનિ ગાજે રે ॥ ૫ ॥ શોલ સજી શણગાર, ગોરી ગાવે રે ॥ દેતાં અઢળક દાન, જિનઘર આવે રે ॥ એણીપરે અષ્ટ પ્રકાર, પૂજા કરશે રે ॥ નૃપ હરિચંદ્ર પરે તેહ, ભવજળ તરશે રે ॥ ૬ ॥

॥ કાવ્યં ॥ સકલ ચેતનજીવિતદાયિની, વિમલભક્તિ વિશુદ્ધિસમન્વિતા ॥ ભગવતઃ સ્તુતિસારસુખાસિકા, શ્રમહરા મહરાસ્તુ વિભોઃ પુરઃ ॥

॥ ઇતિ અષ્ટમ નૈવેદ્યપૂજા સમાપ્ત ॥ ૮ ॥

॥ ઢાળ નવમી ॥

(નમો ભવિ ભાવશું એ—એ દેશી)

અષ્ટપ્રકારી ચિત્ત ભાવિયે એ, આણી હર્ષ અપાર ॥ ભવિજન સેવિયે એ ॥ અષ્ટ મહાસિદ્ધિ સંપજે એ, અડબુદ્ધિ દાતાર ॥ ભવિ૦ ॥ ૧ ॥ અડદિટ્ઠિ પણ પામીયે એ, પૂજથી

ભવિ શ્રીકાર ॥ ભ૦ ॥ અનુક્રમે અષ્ટ કરમ હણી એ, પંચમી ગતિ લહો સાર ॥ ભ૦ ॥ ૨ ॥ શા ન્હાનાસુત સુંદરૂ એ, વિનયાદિક ગુણુવંત ॥ ભ૦ ॥ શાહ જીવણુના કહેણથી એ, કીયો અભ્યાસ એ સંત ॥ ભ૦ ॥ ૩ ॥ સકલ પંડિત શિર સેહરો એ, શ્રી વિનિતવિજય ગુરૂ રાય ॥ ભ૦ ॥ તાસ ચરણ સેવાથકી એ, દેવનાં વંચ્છિત થાય ॥ ભ૦ ॥ ૪ ॥ શશિ નયન ગજ વિધુ વરૂ એ, (૧૪૨૧) નામ સંવત્સર જાણ ॥ભ૦॥ તૃતીયા સિત આસોતણી એ, શુકરવાર પ્રમાણ ॥ ભ૦ ॥૫॥ પાદરા નગર વિરાજતા એ, શ્રી સંભવ સુખકાર ॥ ભ૦ ॥ તાસ પસાયથી એ રચી એ, પૂજા અષ્ટપ્રકાર ॥ ભ૦ ॥ ૬ ॥

॥ અથ કળશ ॥

ઈહ જગત્ સ્વામી, મોહ વામી, મોક્ષગામી સુખકરૂ ॥ પ્રભુ અકલ અમલ અખંડ નિર્મલ, ભવ્ય મિથ્યા તમ હરૂ ॥ દેવાધિદેવા ચરણસેવા, નિત્ય મેવા આપીયે ॥ નિજ દાસ જાણી દયા આણી, આપ સમોવડ થાપીયે ॥ ૧ ॥ શ્લોક ॥ ઇતિ જિનવરવૃંદં, શુદ્ધભાવેન કીર્ત્તિ, વિમલમિહ જગત્યાં, પૂજયંત્યષ્ટધાયે ॥ નિજ કલિમલહેતોઃ, કર્મણોંતં વિધાય, પરમગુણમયં તે, યાંતિ મોક્ષં હિ વીરાઃ ॥ ૧ ॥

॥ ઇતિ શ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારીપૂજા સમાપ્ત ॥

પંડિત શ્રી ઊત્તમવિજયજી કૃત અષ્ટપ્રકારી પૂજા પ્રારંભ.

॥ तत्र ॥

॥ प्रथम जल (न्हवण) पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શ્રુતધર જસ સમરે સદા, શ્રુતદેવી સુખકાર ॥ પ્રણમી પદકજ તેહનાં, પભણું પૂજા પ્રકાર ॥ ૧ ॥ અર્થ સુણી જિન મુખથકી, સૂત્ર રચે ગણધાર ॥ તે આગમને અનુસરી, રચશ્યું અષ્ટપ્રકાર ॥ ૨ ॥ નમણ[૧] વિલેપન[૨] કુસુમની[૩], ધૂપ[૪] દીપ[૫] મનોહાર ॥ અખંડ અક્ષત[૬] નવેદ્યની[૭], અષ્ટમી ફલ[૮] સુવિચાર ॥૩॥ ભાવસ્તવનને કારણે, દ્રવ્યસ્તવ અધિકાર ॥ કારણથી કારજ સધે, તિણે ધૂર પૂજા ઉદાર ॥૪॥ પિઠ મનોહર થાપીને, અરિહંત પ્રતિમા સાર ॥ તાલ મૃદંગ વાજિંત્રયુત, કરિયે હર્ષ અપાર ॥૫॥ તીર્થોદક કુંભો ભરી, રત્ન પ્રમુખ શ્રીકાર ॥ અષ્ટ સહસ્સ અડજાતિના, અથવા કલશા ચ્યાર ॥૬॥

॥ ઢાળ પહેલી ॥

(રાગ ભૈરવ.—તાલ સુરફાગ.)

પ્રથમ શુભ ભવિજના, જિનવર પૂજના, કીજિયે લીજિયે મુક્તિથાનો ॥ જળતણી આદિ તેણે કર્મમલ ખાલના, ત્રિગડે બેસી કહે, ત્રિજગભાનો ॥ પ્રથમ૦ ॥ ૧ ॥ કૃતશુચિ

સ્નાનજલ, કુંભ ગ્રહી શુભમના, માનું ભવસમુદ્ર તરવા જ-
હાનો ॥ ક્રોધ પાવક બળ્યા, તાસ ઉપશમતા, કરણ જલપૂ-
જ માનું પ્રધાનો ॥ પ્રથમ૦ ॥ ૨ ॥ પાપની ઘો જલાંજલિ,
એમ ખ્યાપના, જિનતણો એહ આશ્ચર્ય જાણો ॥ પાકશાસન
પરે, પ્રભુપદ પૂજના, આત્મ હોવે નિજશુદ્ધ જ્ઞાનો ॥પ્રથ૦॥૩॥

॥ દોહા ॥

એણિપરે જળપૂજા કરી, કરિયે અપ્પા શુદ્ધ ॥
માને છિણુજે એહમાં, જાણો તેહ અબુદ્ધ ॥ ૭ ॥

॥ ઢાળ બીજી ॥ રાગ દેવગંધાર—તાલ ચંપક ॥

સુરપતિ મેરૂશિખર ન્હવરાવે ॥ એ ટેક ॥ જનમકાળ
જિનવરકો જાણી, પંચરૂપ કરી ભાવે ॥ સુર૦ ॥ ૧ ॥ રતન
પ્રમુખ અડજાતિના કળશા, ઉષધિ ચૂરણ મિલાવે ॥ ખીર-
સમુદ્ર તીર્થોદક આણી, સ્નાન કરી ગુણ ગાવે ॥ સુર૦ ॥
॥ ૨ ॥ એણિપરે જિનપ્રતિમાકો ન્હમણ કરી, બોધબીજ
માનું વાવે ॥ અનુક્રમે ગુણરત્નાકર ફરસી, જિન ઉત્તમપદ
પાવે ॥ સુરપતિ૦ ॥ ૩ ॥

॥ ઇતિ પ્રથમ જળપૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

હવે કરવા ગુણવાસના, અસંખ્યાત પ્રદેશ ॥
ચંદનની પૂજા કરો, આણિ ભાવ વિશેષ ॥ ૮ ॥

॥ ઢાળ ત્રીજી ॥ રાગ પ્રભાતી ॥

આત્મ સાધન રસી, સરસ ચંદન ઘસી, શુદ્ધ ઘનસાર માંહી ધરીજે ॥ નિજ કરસ્યું લશી, ચંદ્રકિરણ જિશી, રત્ન કચોળી માંહિ ભરીજે ॥ આત્મ૰ ॥ ૧ ॥ જિનપતિ ગુણ કસી, નિજ ગુણમાં વસી, વિધિશું નવ અંગ પ્રભુ તિલક કીજે ॥ ભવિજન ઉલસી, આતપે જ્યું શશિ, કર્મ આતપ હરણ એ રચીજે ॥ આત્મ૰ ॥ ૨ ॥ દેહ સૌગંધ તિસી, મહકી રહે દશદિશિ, દેશ પરદેશ આતમ ઠરીજે ॥ શુદ્ધ ગુણઠાણ વસી, શિવ સન્મુખ ધસી, અનોપમ જ્ઞાનાદિક ગુણ વરીજે ॥ આત્મ૰ ॥ ૩ ॥

॥ દોહા ॥

પૂજાને પરિણામ દો, કરો ચંદનકી રીતિ ॥
શીતળતાને સુગંધતા, જિણે ભાજે ભવભીતિ ॥ ૯ ॥

॥ ઢાળ ચોથી ॥ રાગ ષટ્ ॥

ચંદનપૂજા કરો ભવિ ભાવે, જિમ નિજ અપ્પા શુદ્ધજ થાવે ॥ સંપૂરણ શીતલતાઈ આવે, પૂર્ણિમાએ શશિ પૂર્ણ સ્વભાવે ॥ ચંદન૰ ॥ ૧ ॥ અગર કસ્તુરી બરાસભિ લાવો, બાવના ચંદનમાંહિ મિલાવો ॥ એ સવિહું પ્રભુ અંગ ચડાવો, આત્મ પરિણતિ શુદ્ધ સુહાવો ॥ ચંદન૰ ॥ ૨ ॥ એણિપરે ચંદનપૂજા બનાવે, તો શિવસુંદરી ધ્રુવ પરણાવે ॥ ભવ અર્ણવ પ્રભુપદકજ નાવે, જિન ઉત્તમઠાણ લહે એ જણાવે ॥ ચંદન૰ ॥ ૩ ॥ ઇતિ દ્વિતીય ચંદનપૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय कुसुमपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

હવે ત્રીજી સુમનસતણી, પૂજા અતિહિ ઉદાર ॥
સુમનસ સુખ જિણથી લહે, તિણે સુમનસ પ્રકાર ॥૧૦॥

॥ ઢાળ પાંચમી ॥ રાગ વિભાગ ॥

વિવિધવર કુસુમથી જિનવર પૂજના, કીજીયે ભવિજન ધરિય રાગો ॥ ચંપકાશોક પુન્નાગ વરકેતકી, મહમહતિ વિસ્તરે સુહ પરાગો ॥ વિવિધ૰ ॥ ૧ ॥ બકુલ કોરિંટ અંકોલ્લ નવમાલિકા, જાઈ જુઈ સહકાર નાગો ॥ પાડલપઉમ મરૂઓ મચકુંદનાં, સરસ અતિમુક્ત દમણ પિયંગો ॥ વિવિધ૰ ॥ ॥ ૨ ॥ મોગરો માલતી કુંદ જાસુલવર, વોલ્લસિરિ વેલિ ભવિ ગહી અથાગો ॥ લાલ ગુલાબ સેવંતરી કેવડે, પૂજા કરી પામીયે ભવહ તાગો ॥ વિવિધ૰ ॥ ૩ ॥

॥ દોહા ॥

પ્રણિધાને સદ્‌ગતિ હોયે, પૂજાથી કિમ નવિ હોય ॥
સુમનસભાવે દુર્ગતા, પૂજે પંચાશક જોય ॥ ૧૧ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥ રાગ રામકલિ ॥

પૂજા કરો જિનવરકી ભવિ તુમે ॥ પૂજા૰ ॥ વિવિધ જાતિવર કુસુમ ગ્રહીને, રચના કરો સુખકરકી ॥ ભવિ૰ ॥૧॥ જાઈ જુઈ વરદમણ ચંબેલી, ભરીય છાબ રૂપનકી ॥ જિમ સુરપતિ જિનભક્તિ કરત શુભ, તિમ ભવિ તુમે કરો જિ-

નકી ॥ ભવિ૦ ॥ ૨ ॥ કાલ અનાદિ કુવાસ ટાલનકું, પીર-હરન મદનકી ॥ દ્રવ્યપૂજહે ભાવકો કારણ, જિનવાણી એ વદનકી ભવિ૦ ॥ ૩ ॥

॥ ઇતિ તૃતીય પુષ્પપૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

હુતાશનથી કક્ષ જ્યું, તિમ ધ્યાનાનલે કર્મ ॥
તિણે મિસિ ધૂપપૂજા કરો, પામો જ્યું શિવશર્મ ॥૧૨॥

॥ ઢાળ સાતમી ॥ રાગ દેશાખ ॥

શુદ્ધ દશાંગ ચૂરણ કરી, ઘનસાર મિલાવો ॥ કૃષ્ણાગરૂ માંહી વલિ, અંબરયુત ભાવો ॥ શુદ્ધ૦ ॥ ૧ ॥ તુરૂક ચંદન કસ્તૂરિકા, કુંદરૂક અણાવો ॥ રતનજડિત કંચનતણું, ધૂપ-ધાણું કરાવો ॥ શુદ્ધ૦ ॥૨॥ જિનપતિસંગે આયકે, વામાંગ ધરાવો ॥ દશદિશી પરિમલ વિસ્તરે, અશુભ રજકું ખોભાવો ॥ શુદ્ધ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

ઇણિપરે ધૂપપૂજા કરી, જિન આગળ શુભભાવ ॥
ટાળી વિભાવની પરિણતી, દૂરિ કરો પરભાવ ॥ ૧૩ ॥

॥ ઢાળ આઠમી ॥ રાગ વેલાવલ ॥

ધૂપ પ્રગટ કરી રે ભવિઆં, જિનમંદિર જઇયે રે ॥ જેમ જેમ પરિમલ દિશોદિશ મહકત, અશુભકરમ તેમ દહિયે રે ॥

॥ ભવિ૦ ॥ ૧ ॥ દોય કર જોડી સન્મુખ પ્રભુકું, નિરખી હરખી સુખ પઇયે રે ॥ ભાંજી ડારો મદ મોહ મદનકો, એમ જિનવરકું કહીયે રે ॥ ભવિ૦ ॥ ૨ ॥ જ્ઞાનાદિકગુણ અમચા અનોપમ, તે તુમથી અબ લહીયે રે ॥ જિન ઉત્તમકું ધૂપ કરણથી, જ્યું વિનયંધર કહિયે રે ॥ ભવિ૦ ॥ ૩ ॥

॥ ઇતિ ચતુર્થ ધૂપપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम दीपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જગપ્રદીપપુર દીપ શુભ, કરતાં ભાવો એહ ॥
અવરાણું જે અનાદિનું, જ્ઞાન લક્ષ નિજ તેહ ॥૧૪॥

॥ ઢાળ નવમી ॥ રાગ આશાઉરી ॥

દીપપૂજન ભવિ ભાવ ધરીને, જિનપતિ મંદિર કરીયે રે ॥ રતનજડિત વર્ત્તુલ અતિ અનોપમ, ગવોરીનું ઘૃત ભરીયે રે ॥ દીપ૦ ॥ ૧ ॥ જીવદયા હેતે કરી ફાનસ, દીપ પ્રગટ કર ધરીયે રે ॥ જિનપતિ દક્ષિણ અંગ ઠવીને, અજ્ઞાન તિમિરદલ હરીયે રે ॥ દીપ૦ ॥ ૨ ॥ ભાવદીપક પરગટ કરવાને, દ્રવ્યદીપક આચરિયે રે ॥ જ્ઞાનાદિક ગુણ પિંડ નિહાળી, જ્ઞાનાદિક ગુણ વરિયે રે ॥ દીપ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

કેવળનાણ પઇવશું, જ્યું લહે લોકાલોક ॥
ત્યું પૂજા દ્રવ્ય દીપની, કરતાં શિવફળ રોક ॥ ૧૫ ॥

॥ ઢાળ દશમી ॥ રાગ ટોડી ॥

દીપ પ્રગટ ભવિ કરી જિનવર મુખ, પાવન ભવજળ તીર રે ॥ જગત્ પ્રગટ પ્રભુ દીપ અનોપમ, હરત મિથ્યા ભટ વીર રે ॥ દીપ૦ ॥ ૧ ॥ નિર્ધૂમવર્ત્તિ ન તેલ ન ઇંનિમે, લાગત નાહિ સમીર રે ॥ નિકટ પતંગ ન આવત કબહી, હરવ્યો પતંગ તમીર રે ॥ દીપ૦ ॥ ૨ ॥ ઇસો રૂપ નિહાલત ઘટમાં. તોરત કર્મજંજીર રે ॥ જિન ઉત્તમપદ પૂજ લહત ભવિ, નિજ આતમ ગુણધીર રે ॥ દીપ૦ ॥ ૩ ॥

॥ ઇતિ પંચમી દીપપૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

હવે અક્ષતપૂજા કરો, શાલિ વ્રીહિ ગોધામ ॥
ઉજ્વલ પ્રભુપૂર ઢોઇને, ટાળો મોહનું ધામ ॥ ૧૬ ॥

॥ ઢાળ અગીઆરમી ॥ રાગ સારંગ ॥

પ્રભુ સન્મુખ સ્વસ્તિક કીજીઇ ॥ મુક્તાફળ ઉજ્વલકી રચના, વિચિવિચે રત્ન ધરીજીઇ રે ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ અથ ઉજ્વલ અક્ષત તંદુલ, શુભ વાસિત ભૂરિ ભરીજી એ ॥ ચિંહું ગતિ ચૂરક ચોખે ચિતશ્યું, પૂરી અક્ષય સુખ લિજિયે ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ અથવા નંદાવર્ત્ત કરીને, ભવ આવર્ત્ત હરિજિયે ॥ કર જોડી જિનવર પુર રહીને, એમ કહિયે શિવ દિજિયે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

અક્ષયફળ લેવા ભણી, અક્ષતપૂજા ઉદાર ॥
ઈહ ભવ પણ નવિ ક્ષય હોય, રાજઋદ્ધિ ભંડાર ॥૧૭॥

॥ ઢાળ બારમી ॥ રાગ કાફી ॥

સ્વસ્તિક પૂરો ઉદાર રે, મ્હારા પ્રભુજીકે આગે ॥ સ્વસ્તિક૦॥ રતન રકેબીમાંહિ મનોહર, વાસિત કરી ઘનસાર રે ॥ મ્હારા૦ ॥૧॥ અક્ષતપૂજા પ્રસિદ્ધ પ્રવચનમાં, અક્ષય ફળ દાતાર રે ॥ મ્હારા૦ ॥ ૨ ॥ ભાવ મંગલકો એહિજ કારણ, દ્રવ્ય પ્રધાન વિચાર રે ॥ મ્હારા૦ ॥ ૩ ॥ એણી વિધિ પૂજા કરત જિનવરકી, લહત ઉત્તમ ભવપાર રે ॥ મ્હારા૦ ॥૪॥

॥ ઈતિ ષષ્ઠ અક્ષતપૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

હવે નૈવેદ્ય નિવેદના, કિજે જિમ હલિરાય ॥
ભવ નિર્વેદ પ્રભુ મુખે, માગો અવિચળ ઠાય ॥૧૮॥

॥ ઢાળ તેરમી ॥ રાગ મલ્હાર ॥

રતનજડિત હેમ થાળમાં રે, ભરી વિવિધ જાતિ પકવાન્ન ॥ પુરો પરિગલ ભાવશ્યું, આણી ચિત્તમાંહિ બહુ માન ॥ ૧ ॥ ભવિ કીજે રે, શિવ લીજે, મહારા પ્રભુજીની નૈવેદ્ય પૂજાનો વિધિ જોય ॥ એ આંકણી ॥ ઘૃત પુર મોદક લાપસી

રે, વળી પંચામૃત પરધાન ॥ શાલિ દાલિ શુભ શાલના રે, ધરી સંપૂરણ સુહધ્યાન ॥ ભવિ૦ ॥ ૨ ॥ પંચ શબ્દ વાજિત્રશ્યું રે, વળી ગોરી કરે ગીત ગાન ॥ અતિ આડંબરે જિન ધરે, આવો દેતા બહુ દાન ॥ ભવિ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

કર્ત્તા ભોક્તા મુજ નહિં, પુદ્ગલ ભાવનો જીવ ॥
તિણે પુદ્ગલની ત્યાજના, કરતાં શર્મ સદૈવ ॥ ૧૯ ॥

॥ ઢાળ ચૌદમી ॥ રાગ નટ્ટ ॥

નૈવેદ્ય થાળ ભરીજે, જીણંદ મુખ ॥ નૈવેદ્ય૦ ॥ કર જોડી સન્મુખ પ્રભુ નિરખી, ઇણીપરે ભાવના કીજે ॥ જી૦ ॥નૈ૦॥ ॥ ૧ ॥ પુદ્ગલિ પુદ્ગલ સંગી અનાદિકૌ, પુદ્ગલભાવ તજીજે ॥ શુભ પુદ્ગલ પ્રભુ પાય ઠવીને, અણાહારીકું ભજીજે ॥ જી૦ ॥ નૈ૦ ॥ ૨ ॥ વિગ્રહ ગતિ અણાહારી હોવે, પણ વિગ્રહ તે વહિજે ॥ વિગ્રહાતીત અણાહારી પદ, તિણે જિન ઉત્તમ મુજ દિજે ॥ જીણંદ૦ ॥ નૈવેદ્ય૦ ॥ ૩ ॥

॥ ઇતિ સપ્તમ નૈવેદ્યપૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम फळपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ફલપૂજા કરતાં થકાં, સફળ કરો અવતાર ॥
ફળ માગો પ્રભુ આગળે, તાર તાર મુજ તાર ॥૨૦॥

॥ ઢાળ પંદરમી ॥ રાગ સોરઠા ॥

શ્રીફલ સરસ અખોડ નિમજ્જાં, પિસ્તાં ફનસ નારંગ રે ॥ જાયફલ ને કમલકાંકરી, પૂગીચુઅ ફલ અંગ રે ॥ મન રંગ રે, જિન સંગ, થાલ અભંગ રે ॥ મન૦ ॥ ૧ ॥ વિવિધ જાતિ ફલ ભરિય જીણંદ મુખ, ઠવિઅ લહો શિવ સંગ રે ॥ મન૦ ॥ ૨ ॥ સિંગોડાં અંજીર અંગુર, લિંબુ મિષ્ટ બદામ રે ॥ દાડિમ દ્રાખ જમરૂખ તરબૂજ, કોહલાં ખરબૂજ નામ રે ॥ મન૦ ॥ ૩ ॥ ટેટી અન્નાસ રાયણ બિજોરૂ, જે જે દેશ મિલંત રે ॥ તે તે જિનપતિ ગેહ બહુ માને, ભવિજન આય ઢોયંત રે ॥ મન૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

જસ ફલ ઉપમ જગ નહિ, પામ્યા પછી ન અંત ॥
અવ્યાબાધ અચલ અરૂજ, માગે સુખ અનંત ॥૨૧॥

॥ ઢાળ સોલમી ॥ રાગ પૂર્વી ॥

પૂજન ફલ મોયે દીજે, જિણંદરાય ॥ પૂજન૦ ॥ સવિ સાધન એ ફલકે કાજે, સાધક પ્રારભી જે ॥ જિ૦ ॥ પૂ૦ ॥ ॥ ૧ ॥ તે શિવફળ અનોપમ એક માગું, ઓર ન કયું જાચી જે ॥ શુદ્ધ નિમિત્ત પ્રભુ જો થાઉં, તો નિજ ઋદ્ધિ પ્રગટી જે ॥ જિ૦ ॥ પૂ૦ ॥ ૨ ॥ એણી પેરે પૂજ્યની પૂજા કરતાં, પૂજક ભવિ પૂજી જે ॥ તે કારણ જિનવર ઉત્તમ પદ, નિત નિત પૂજન કીજે ॥ જિણંદરાય ॥ પૂજન૦ ॥ ૩ ॥

॥ અથ કળશ ॥

(રાગ ધન્યાશ્રી)

ભાવો ભાવો રે ભવિ, અષ્ટપ્રકાર ચિત્ત ભાવો ॥ અષ્ટ ભેદ જિન પૂજા કરતાં, અષ્ટ મહાસિદ્ધિ પાવો રે ॥ ભવિ૦ ॥ ॥ ૧ ॥ અષ્ટ કરમકી ઘાત કરીને, અષ્ટમગતિ તુમે પાવો ॥ જીમ ધનોઘાદિક પૂજ એકેકથી, પામ્યા શુદ્ધ સહાવો રે ॥ ભવિ૦ ॥૨॥ નિજ ગુણ ઋદ્ધિ તિરોભાવે થઈ, ગ્રહણ કરત પર ભાવો ॥ પ્રભુ ગુણ ગ્યાન ધ્યાનમાં રહેતાં, હોવત આવિર્ભાવો રે ॥ ભવિ૦ ॥ ૩ ॥ સત્ય વચન ભાષક સત્યવિજયો, સંવેગી તસ હાવો ॥ કર્પૂર સમી ઉજ્જવલ જસ કીર્ત્તિ, કર્પૂરવિજય બુધ ધ્યાવો રે ॥ ભવિ૦ ॥ ૪ ॥ તત્ત્વ ૩ શશિ ૧ અડ ૮ ચંદ ૧ સંવત્સર, (૧૮૧૩) ક્ષમાવિજય જિન ગાવો ॥ ઉત્તમ પદ કજ પૂજ કરંતાં, ઉત્તમ પદવી પાવો રે ॥ભ૦॥૫॥

॥ ઇતિ અષ્ટમ ફળપૂજા સમાપ્ત ॥ ૮ ॥

॥ ઇતિ શ્રી ઉત્તમવિજયજીકૃત અષ્ટપ્રકારીપૂજા સમાપ્ત ॥

इति श्री विविध पूजासंग्रह

भाग २ जो समाप्त.

॥ श्री ॥

॥ विविध पूजासंग्रह ॥

ભાગ ૩ જો.

અથ

શ્રી વિજયલક્ષ્મીસૂરિ કૃત

વિશસ્થાનક તપ: પૂજા પ્રારંભ.

॥ विधि ॥

વિશસ્થાનકનું તપ માંડતા અથવા એક એક ઓળી સંપૂર્ણ થાય તેવારે, અથવા તપ ન કર્યું હોય અને સ્વાભાવિક ભાવ-ભક્તિયે પૂજા ભણાવવી હોય, તો તેનો વિધિ આ પ્રમાણે છે–

દિનશુદ્ધિયે શુભ ઉત્સવે આસન ઉપર એક પંક્તિયે વિશ પ્રતિમા અલંકારસહિત સ્થાપિયે. તેની આગળ વળી ઉપરાઉપર ત્રણ બાજોઠ માંડીને, તેની ઉપર પંચતિર્થી પ્રતિમા સ્થાપન કરીને, પ્રથમ લઘુ સ્નાત્ર ભણાવીયે. પછી તિર્થકૂપાદિકના પવિત્ર જળ આડંબરે સહિત પ્રથમથીજ લાવી મૂકેલ હોય, તે જળને

સુવાસિત કરી, તે જળમાંથી થોડે થોડે જળે કરી વિશ કળશ ભરીને, પવિત્ર થયેલા વિશ પુરૂષના હાથમા આપી તેમને ઉભા રાખવા.

વળી તે વિશ અભિષેક કરવાને અર્થે એક પુરૂષ ફુલની માળા એક પાત્રમા રાખે, એક પુરૂષ ચંદન કેશરનો પ્યાલો રાખે, એક પુરૂષ દીવામા પૂરવાને અર્થે ઘૃતનું પાત્ર રાખે, એમજ ફળ, અક્ષત, નૈવેદ્ય, ધૂપ પ્રમુખ જે સામગ્રી મેળવેલી હોય, તે સર્વ ચીજ એક એક પુરૂષ પોતપોતાના સ્વાધિનમા રાખે.

તેવાર પછી એક પંક્તિયે રાખેલી વિશ પ્રતિમા માહેથી એક પ્રતિમા લેઇને, સ્નાત્ર ભણાવેલી પંચતિર્થી પ્રતિમા પાસે સ્થાપન કરી સર્વ જનો વિશસ્થાનકની પૂજા માહેલુ પ્રથમ સ્તવન, રૂડી રીતે ભણીને પ્રતિમાજી ઉપર વિશે કળશ નામે. તેવાર પછી એક જણ પ્રતિમાજીને અંગલુહણુ કરે, એક પુરૂષ પ્રતિમાનું પૂજન કરે એક પુરૂષ ફુલની માળા ચઢાવે, એક પુરૂષ પ્રતિમા આગળ બાર સ્વસ્તિક કરીને તેની ઉપર ફળ મુકે, એ જેમ પ્રથમ શ્રી અરિહંતપદના બાર ગુણ છે, તો ત્યાં બાર સ્વસ્તિક કરવા કહ્યા. તેમજ જે જે પદના જેટલા જેટલા ગુણ હોય, તે તે પદની પૂજામા તેટલા તેટલા સ્વસ્તિક કરવા એવી રીતે નૈવેદ્યાદિક સર્વ વસ્તુ ચઢાવીને, જિન પ્રતિમાને રૂપાનાણે પૂજન કરી ફરી પ્રથમ સ્થાનકે પધરાવીને, પછી પૂર્વોક્ત વિશ પ્રતિમાની પંક્તિમાથી બીજી પ્રતિમા લેઇને પંચતિર્થીકની પ્રતિમા પાસે સ્થાપન કરે. તેવાર પછી ફરી વિશ કળશ થોડે થોડે જળે ભરીને બીજુ સ્તવન કહી, પ્રથમની પરે બીજો સર્વ વિધિ કરે. એમ વિશે પદને વિષે વિધિ કરવો વિધિ પૂર્ણ થયા પછી છેવટ આરતી, મંગળ

દીવો કરે. એ ઉત્કૃષ્ટ વિધિ કહ્યો. અંતમાં " મિચ્છામિ દુક્કડ " દેવું. પછી ગુરૂપૂજા, પ્રભાવના, સ્વામિવાત્સલ્ય કરવાં.

અને ઘણી શક્તિ ન હોય તો એક પુરૂષ એક કળશ લઇ એક એક સ્તવન કહી પંચતિર્થીનીજ પૂજા કરે. એમ વિશ વખત વિશ સ્તવન કહીને પૂજે. એમ એકજ પંચતિર્થીક આગળ યથાશક્તિ ક્રિયા કરે તોપણ ચાલે. કારણકે દ્રવ્યથકી અશકતને, જો ભાવનું બાહુલ્ય છે, તો તેને તેટલું પણ અત્યંત ફળદાયક થાય છે.

॥ ઇતિ વિશસ્થાનકતપઃપૂજા વિધિઃ ॥

॥ तत्र ॥

॥ प्रथम श्री अरिहंतपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શ્રી શંખેશ્વર પાસજી, સકળજંતુ હિતકાર ॥ પ્રણમી પદયુગ તેહનાં, સ્તવનપૂજા રચું સાર ॥ ૧ ॥ બહુવિધ તપ જપ દાખિયા, લોક લોકોત્તર સત્થ ॥ વિશસ્થાનક સમ કો નહિ, સદ્ગુરૂ વદે પસત્થ ॥ ૨ ॥ અરિહંતાદિક પદતણું, કારણ એ તપ સત્ય ॥ ત્રિકયોગે પ્રભુ પૂજીયે, ભાવશું જેહવી શક્ત ॥ ૩ ॥ નિર્મલ પીઠ ત્રિકોપરિ, સ્થાપી જિનવર વીશ ॥ પૂજોપકરણ મેળવી, પૂજિયે વિશ્વાવીશ ॥ ૪ ॥ એક એક પદ વર્ણવ કરી, પૂજા પંચ પ્રકાર ॥ અડવિધ એકવીશ જાણિયે, સેવા સત્તર ઉદાર ॥ ૫ ॥ સજલ કળશ અડજાતિના, જિનઆણા શિર ધાર ॥ પૂજે સ્થાનક વિશને, તસ નહિ દુ-

રિત પ્રચાર ॥ ૬ ॥ પરમ પંચ પરમેષ્ટિમાં, પરમેશ્વર ભગવાન ॥ ચાર નિખેપે ધ્યાઇયે, નમો નમો જિનભાણ ॥ ૭ ॥

॥ ઢાળ પહેલી ॥

(આદિજિણંદ મયા કરો.—એ દેશી.)

શ્રી અરિહંત પદ ધ્યાઇએ, ચોત્રીશ અતિશયવંતા રે ॥ પાંત્રીશ વાણી ગુણે ભર્યા, બાર ગુણે ગુણવંતા રે ॥ શ્રી૦ ॥ ॥૧॥ અડહિય સહસ લક્ષણ દેહે, ઇંદ્રિ અસંખ્ય કરે સેવા રે ॥ ત્રિહુ કાળના જિન વાંદવા, દેવ પંચમ મહાદેવા રે ॥ શ્રી૦ ॥ ॥૨॥ પંચ કલ્યાણક વાસરે, ત્રિભુવન થાય ઉદ્યોત રે ॥ દોષ અઢારરહિત પ્રભુ, તરણ તારણ જગ પોત રે ॥ શ્રી૦ ॥૩॥ ષટ્કાય ગોકુળ પાળવા, મહાગોપ કહેવાય રે ॥ દયા પડહ વજડાવવા, મહા માહણ જગતાય રે ॥ શ્રી૦ ॥ ૪ ॥ ભવોદધિ પાર પમાડતા, ચોથો વર્ગ દેખાવે રે ॥ ભાવ નિર્યામક ભાવિયો, મહાસત્થવાહ સોહાવે રે ॥ શ્રી૦ ॥ ૫ ॥ અસંખ્ય પ્રદેશ નિર્મળ થયા, છતિપર્યાય અનંતા રે ॥ નવ નવા જ્ઞેયની વર્ત્તના, અનંત અનંતી જાણંતા રે ॥ શ્રી૦ ॥૬॥ પિંડ પદસ્થ રૂપસ્થમાં, દ્રવ્ય ગુણ પર્યાયે ધ્યાયા રે ॥ દેવપાલાદિ સુખી થયા, સૌભાગ્યલક્ષ્મીપદ પાયા રે ॥ શ્રી૦ ॥ ૭ ॥

॥ ઇતિ શ્રી અરિહંતપદ પૂજા પ્રથમા ॥ ૧ ॥

॥ अथ द्वितीय श्री सिद्धपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ ॥
અષ્ટ કર્મમલ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ ॥ ૧ ॥

॥ ઢાળ બીજી ॥

(ગુણરસિયા.—એ દેશી.)

શ્રી સિદ્ધપદ આરાધિયે રે, ક્ષય કીધાં અડ કર્મ રે ॥ શિવ વસિયા ॥ અરિહંતે પણ માનીયા રે, સાદિ અનંતસ્થિતિ શર્મ રે ॥ શિવ૦ ॥ ૧ ॥ ગુણ એકત્રીશ પરમાતમા રે, તુરિય દશા આસ્વાદ રે ॥ શિવ૦ ॥ એવંભૂતનયે સિદ્ધ થયા રે, ગુણગણનો આલ્હાદ રે ॥ શિવ૦ ॥ ૨ ॥ સુરગણ સુખ ત્રિહું કાળનાં રે, અનંતગુણાં તે કીધ રે ॥ શિવ૦ ॥ અનંત વર્ગ વર્ગિત કર્યા રે, તોપણ સુખ સમીધ રે ॥ શિવ૦ ॥૩॥ બંધ ઉદય ઉદીરણા રે, સત્તાકર્મ અભાવ રે ॥ શિવ૦ ॥ ઉર્ધ્વ ગતિ કરે સિદ્ધજી રે, પૂર્વ પ્રયોગ સદ્‌ભાવ રે ॥ શિવ૦ ॥૪॥ ગતિ પરિણામિક ભાવથી રે, બંધન છેદન યોગ રે ॥શિવ૦॥ અસંગ ક્રિયા બળે નિર્મળો રે, સિદ્ધગતિનો ઉદ્યોગ રે ॥ શિવ૦ ॥ ૫ ॥ પએસંતર અણ ફરસતા રે, એક સમયમાં સિદ્ધ રે ॥ શિવ૦ ॥ ચરમ ત્રિભાગ વિશેષથી રે, અવગાહન ઘન કીધ રે ॥ શિવ૦ ॥ ૬ ॥ સિદ્ધશિલાની ઉપરે રે, જ્યોતિમાં જ્યોતિ નિવાસ રે ॥ શિવ૦ ॥ હસ્તિપાલ પરે સેવતાં

રે, સૌભાગ્યલક્ષ્મી પ્રકાશ રે ॥ શિવ૦ ॥ ૭ ॥

॥ ઇતિ શ્રી સિદ્ધપદપૂજા દ્વિતીયા ॥ ૨ ॥

॥ अथ तृतीय प्रवचनपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ભાવામય ઓષધસમી, પ્રવચન અમૃતવૃષ્ટિ ॥
ત્રિભુવનજીવને સુખ કરી, જયજય પ્રવચનદૃષ્ટિ ॥૧॥

॥ ઢાળ ત્રીજી ॥

(મેં કીનો નહિ પ્રભુબિન ઓરશું રાગ.—એ દેશી.)

પ્રવચનપદને સેવિયે રે, જૈનદર્શન સંઘરૂપ ॥ અરિહા પણ નમે તીર્થને રે, સમવસરણના ભૂપ ॥ મેં કીનો સહિ ॥ પ્રવચન પદશું રાગ ॥ પ્રવચન પદશું રાગ, મેં કીનો સહિ ॥ પ્ર૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પ્રવચન ભક્તિરાગથી રે, થયા સંભવજિનરાય ॥ સઘળા ધર્મ કારજતણા રે, એહમાં પુણ્ય સમાય ॥ મેં૦ ॥ ૨ ॥ પાપક્ષેત્ર સાત વારિયે રે, પુણ્યક્ષેત્ર સાત ઠામ ॥ સવા લાખ જિનમંદિરાં રે, જિનમંડિત પુર ગ્રામ ॥ મેં૦ ॥ ૩ ॥ સવા કોડી જિનબિંબને રે, ભરાવે સંપ્રતિરાય ॥ જ્ઞાનભંડાર એકવીશ કર્યા રે, કુમર નરિંદ શુભઠાય ॥ મેં૦ ॥ ૪ ॥ યથોચિત્ત ચઉવિહ સંઘની રે, ભરતાદિક પરે ભક્તિ ॥ દ્રવ્યભાવથી આદરો રે, યોગ અવંચક શક્તિ ॥ મેં૦ ॥ ૫ ॥ પદસ્થધ્યાને કરી આત્મને રે, તન્મય કરણ પ્રકાર ॥ સહજાનંદ વિલાસતાં રે, સૌભાગ્યલક્ષ્મી પદ

ધાર ॥ મેં કીનો સહિ ॥ પ્રવચન૦ ॥ ૬ ॥

॥ ઇતિ પ્રવચનપદપૂજા તૃતીયા ॥ ૩ ॥

॥ अथ चतुर्थ आचार्यपदपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

છત્રીશ છત્રીશી ગુણે, યુગપ્રધાન મુણીંદ ॥
જિનમત પરમત જાણતા, નમો તેહ સૂરીંદ ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥

(આવો આવો રે સયણ, ભગવતીસુત્રને સુણિયે.—એ દેશી.)

સરસતી ત્રિભુવનસ્વામિની દેવી, સિરિદેવી યક્ષરાયા ॥ મંત્રરાજ એ પંચ પ્રસ્થાને, સેવે નિત્ય સુખદાયા ॥ ભવિ તુમે વંદો રે, સૂરિશ્વર ગચ્છરાયા ॥ ૧ ॥ એ આંકણી ॥ ત્રણ કાળના જિનવંદન હોયે, મંત્રરાજ સમરણથી ॥ યુગપ્રધાન સમ ભાવાચારજ, પંચાચાર ચરણથી ॥ ભવિ૦ ॥ ૨ ॥ પડિરૂવાદિક ચૌદ ગુણધારી, ક્ષાંતિ પ્રમુખ દશ ધર્મ ॥ બાર ભાવના ભાવિત નિજ આતમ, એ છત્રીશ ગુણ વર્મ ॥ભવિ૦॥ ॥ ૩ ॥ આઠ પ્રમાદ તજી ઉપદેશે, વિકથા સાત નિવારે ॥ ચાર શિક્ષા કરી જિન પડિબોહે, ચઉ અનુયોગ સંભારે ॥ ભવિ૦ ॥ ૪ ॥ બારસેં છન્નુ ગુણે ગુણવંતા, સોહમ જંબૂ મહંતા ॥ આયરિયા દીઠે તે દીઠા, સ્વરૂપસમાધિ ઉલ્લસંતા ॥ ભવિ૦ ॥૫॥ યુગપ્રધાન સૂરિ ત્રેવીશ ઉદયે, દોય હજારને ચાર ॥ સમયાગમ અનુભવ અભ્યાસી, થાશે જગ જન મ-

નોહાર ॥ ભવિ૦ ॥૬॥ એ પદ સેવતો પુરૂષોત્તમ નૃપ, જિનવર પદવી લહિયા ॥ સૌભાગ્યલક્ષ્મીસૂરિ ભાવે ભજતાં, ભવિક જીવ ગહગહિયા ॥ ભવિ૦ ॥ ૭ ॥

॥ ઇતિ આચાર્યપદપૂજા ચતુર્થી ॥ ૪॥

॥ अथ पंचम श्री थविरपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

તજી પરપરિણતિ રમણતા, લહે નિજભાવ સ્વરૂપ ॥
થિર કરતા ભવિ લોકને, જય જય થવિર અનૂપ ॥૧॥

॥ ઢાળ પાંચમી ॥

(તપશુ રંગ લાગ્યો —એ દેશી.)

પંચમ પદને ગાઇયે રે, ભાવ થવિર અધિકાર રે ॥ લૌકિક માત પિતા કહ્યાં રે, લોકોત્તર વ્રત ધાર ॥ ગુણિજન વંદો રે ॥ વંદો વંદો રે થવિર મહારાજ, દુરિત નિકંદો રે ॥ ૧ ॥ એ આંકણી ॥ સંયમયોગે સીદતા રે, બાલગિલાનાદિ સાધુ રે ॥ યથોચિત્ત સહાય દેવે કરી રે, ટાળે સર્વ ઉપાધિ ॥ ગુ૦ ॥૨॥ વિશ વર્ષ પર્યાયથી રે, સાઠ વર્ષ વય હુંત રે ॥ ચોથા અંગ ઉપર ભણ્યા રે, શ્રુત થવિરા એ ભણંત ॥ગુ૦॥ ॥ ૩ ॥ મેઘ અઇમિત્તા થિર કર્યા રે, ત્રિશલાનંદન દેવ રે ॥ પચાશ સહસ સાધુ સાધવી રે, સંબંધ કહી કામદેવ ॥ગુ૦॥ ॥૪॥ ઠાણાંગે દશ થવિરા કહ્યા રે, રત્નત્રયના નિધાન રે ॥ તે ઇહાં પ્રશસ્તભાવે ગ્રહ્યા રે, દ્રવ્યાદિક અનુમાન ॥ ગુ૦ ॥૫॥

તપ શ્રુતધીરજ ધ્યાનથી રે, દ્રવ્ય ગુણપર્યાય જ્ઞાતા રે ॥ સ્વરૂપરમણ થવિરા ભલા રે, નહિ પલિતાંકુર ત્રાતા ॥ ગુ૦ ॥૬॥ એ પદ સાધતો ભાવથી રે, પદ્મોત્તર મહારાય રે ॥ તીર્થંકર પદવી લહી રે, સૌભાગ્યલક્ષ્મી સુખદાય ॥ ગુણિજન૦ ॥ ૭॥

॥ ઇતિ થવિરપદપૂજા પંચમી ॥ ૫ ॥

॥ अथ षष्ठ उपाध्यायपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

બોધ સૂક્ષ્મ વિણુ જીવને, ન હોય તત્ત્વપ્રતીત ॥
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત ॥ ૧ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(રસિયાની.)

શ્રી ઉવજ્ઝાય બહુશ્રુત નમો ભાવશું, અંગ ઉપાંગના જાણ મુણીંદા ॥ ભણે ભણાવે શિષ્યને હિત કરી, કરે નવ પલ્લવ પહાણ વિનીતા ॥ શ્રી૦ ॥ ૧ ॥ અર્થસૂત્ર કહેવાના વિભાગથી, સૂરિશ્વર પાઠક સાર સોહંતા ॥ ભવ ત્રીજે અવિનાશી સુખ લહે, યુવરાજપરે અણગાર મહંતા ॥ શ્રી૦ ॥ ॥ ૨ ॥ ચૌદ દોષ ભર્યા અવિનીત શિષ્યને, કરે પન્નર ગુણવંત વિદીતા ॥ ગ્રહણ આસેવન શિક્ષાદાનથી, સમય જાણે અનેકાંત સુજ્ઞાની ॥ શ્રી૦ ॥ ૩ ॥ આવશ્યક પચવીશ શીખવે વાંદણે, પચવીશ ક્રિયાનો ત્યાગ વિચારી ॥ પચવીશ ભાવના ભાવે મહાવ્રતી, શુભ પચવીશી ગુણરાગ સુધારી

॥ શ્રી૦ ॥ ૪ ॥ પય ભર્યો દક્ષિણાવર્ત્ત શંખ શોભિયે, તેમ નયભાવ પ્રમાણ પ્રવીણા ॥ હય ગય વૃષભ પંચાનન સરિખા, ટાળે પરવાદી અભિમાન અદીના ॥ શ્રી૦ ॥ ૫ ॥ વાસુદેવ નરદેવ સુરપતિ ઉપમા, રવિ શશિ ભંડારીરૂપ દીપંતા ॥ જંબૂ સીતાનદી મેરૂ મહીધરો, સ્વયંભૂ ઉદધિ રયણ ભૂપ ભણંતા ॥ શ્રી૦ ॥ ૬ ॥ એ સોળ ઉપમા બહુશ્રુતને કહી, ઉત્તરાધ્યયને રસાલ જિણંદા ॥ મહીંદ્રપાલ વાચકપદ સેવનો, સૌભાગ્યલક્ષ્મી સુવિશાલ સૂરિંદા ॥ શ્રી૦ ॥ ૭ ॥

॥ ઇતિ ઉપાધ્યાયપદપૂજા ષષ્ઠી ॥ ૬ ॥

॥ अथ सप्तम साधुपदपूजा प्रारंज ॥

॥ દોહા ॥

સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ ॥
સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભ રંગ ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥

(કર્મપરિક્ષા કરણ કુમર ચઢયો રે.—એ દેશી.)

મુનિવર તપસી ઋષિ અણગારજી રે, વાચંયમ વ્રતી સાધ ॥ ગુણ સત્તાવીશે જેહ અલંકર્યા રે, વિરમી સકલ ઉપાધ ॥ ભવિયણ વંદો રે, સાતમુ પદ ભલું રે ॥ ૧ ॥ એ આંકણી ॥ નવવિધ ભાવલોચ કરે સંયમી રે, દશમો કેશનો લોચ ॥ ઓગણત્રીશ પાસત્થા ભેદ છે રે, વારે તસ નહિ જગ શોચ ॥ ભ૦ ॥ ૨ ॥ દોષ સડતાલીશ આહારના વારતા રે,

અતિક્રમ ન કરે ચાર ॥ મુનિને અર્થે સમારે મંદિરાં રે, પરિહરે એહ આચાર ॥ ભ૦ ॥ ૩ ॥ નરના દોષ અઢાર નિવારિને રે, દિક્ષા શિક્ષા દિયે સાર ॥ પુણ્ય પાપ પુદ્ગલ હેયરૂપતા રે, સમભાવે મુગતિ સંસાર ॥ ભ૦ ॥ ૪ ॥ સત્યહેતુ ભવ અટવી મૂકવા રે, ફરસ્યુ છઠ્ઠું ગુણઠાણું ॥ ॥ યોગ અધ્યાતમ ગ્રંથની ચિંતના રે, કિરિયા નાણ પહાણ ॥ ભ૦ ॥ ॥ ૫ ॥ પૂરવવ્રત વિરાધક યોગથી રે, કૂટલિંગીપણું થાય ॥ દંભજાળ જંજાળ સવિ પરિહરે રે, ચરણ રસિક કહેવાય ॥ ભ૦ ॥ ૬ ॥ કોડી સહસ નવ સાધુ સંયમી રે, સ્તવિયે ગીતારથ જેહ ॥ વીરભદ્ર પરે તીર્થપતિ હુવે રે, સૌભાગ્યલક્ષ્મી ગુણગેહ ॥ ભવિયણ૦ ॥ ૭ ॥

॥ ઇતિ સાધુપદપૂજા સપ્તમી ॥ ૭ ॥

॥ अथ अष्टम ज्ञानपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમ ભીતિ ॥
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો જ્ઞાનની રીતિ ॥ ૧ ॥

॥ ઢાળ આઠમી ॥

(અરણીક મુનિવર ચાલ્યા ગોચરી —એ દેશી.)

જ્ઞાનપદ ભજિયે રે જગત્ સુહંકરૂ, પાંચ એકાવન્ન ભેદે રે ॥ સમ્યગ્જ્ઞાન જે જિનવરે ભાખિયું, જડતા જનની ઉચ્છેદે રે ॥ જ્ઞાન૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ભક્ષાભક્ષ વિવેચન

પરગંડો, ખીર નીર જેમ હંસો રે ॥ ભાગ અનંતમો રે અ-ક્ષરનો સદા, અપ્રતિપાતિ પ્રકાશ્યો રે ॥ જ્ઞાન૦ ॥૨॥ મનથી ન જાણે રે કુંભકરણવિધિ, તેહથી કુંભ કેમ થાશે રે ॥ જ્ઞાન દયાથી રે પ્રથમ છે નિયમા, સદસદ્ભાવ વિકાશે રે ॥જ્ઞાન૦॥ ॥૩॥ કંચનનાણું રે લોચનવંત લહે, અંધો અંધ પુલાય રે ॥ એકાંતવાદી રે તત્ત્વ પામે નહીં, સ્યાદ્વાદ રસ સમુદાય રે ॥ જ્ઞાન૦ ॥૪॥ જ્ઞાન ભણ્યા ભરતાદિક ભવ તર્યા, જ્ઞાન સકળ ગુણ મૂળ રે ॥ જ્ઞાની જ્ઞાનતણી પરિણતિથકી, પામે ભવજળ કૂળ રે ॥ જ્ઞાન૦ ॥૫॥ અલ્પાગમ જઈ ઉગ્રવિહાર કરે, વિચરે ઉદ્યમવંત રે ॥ ઉપદેશમાળામાં કિરિયા તેહની, કાય કલેશ તસ હુંત રે ॥ જ્ઞાન૦ ॥૬॥ જયંત ભૂપો રે જ્ઞાન આરાધતો, તીર્થંકરપદ પામે રે ॥ રવિ શશિ મેહપરે જ્ઞાન અનંતગુણી, સૌભાગ્યલક્ષ્મી હિત કામે રે ॥ જ્ઞાનપદ૦ ॥ ૭ ॥

॥ ઇતિ જ્ઞાનપદપૂજા અષ્ટમી ॥ ૮ ॥

॥ अथ नवम सम्यक्त्वदर्शनपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

લોકાલોકના ભાવ જે, કેવલિભાષિત જેહ ॥
સત્ય કરી આરાધતો, નમો નમો દર્શન તેહ ॥ ૧ ॥

॥ ઢાળ નવમી ॥

'નમો રે નમો શ્રી શત્રુંજ[ય] ... [illegible]

શ્રી દર્શનપદ પામે પ્રાણી, દર્શનમોહની દૂર રે ॥ કેવલી દીઠું તે મીઠું માને, શ્રદ્ધા સકલ ગુણ ૨ રે ॥ પ્રભુજી સુખ-

કર સમકિત દીજે ॥ દ૦ ॥૧॥ એ આંકણી ॥ વિઘટે મિથ્યા પુદ્ગલ આતમથી, તેહજ સમકિત વસ્ત રે ॥ જિનપ્રતિમા દર્શન તસ હોવે, પામ્યાને સમકિત દસ્ત રે ॥ પ્ર૦ ॥ ૨ ॥ દોવિધ દર્શન શાસ્ત્રે ભાંખ્યું, દ્રવ્ય ભાવ અનુસાર રે ॥ જે નિજ નયણે ધર્મમેં જોવે, તે દ્રવ્ય દર્શન ધાર રે ॥ પ્ર૦ ॥ ૩ ॥ જિનવંદન પૂજન નમનાદિક, ધર્મબીજ નિરધાર રે ॥ યોગદૃષ્ટિ સમુચ્ચયમાંહે, એહ કહ્યો અધિકાર રે ॥ પ્ર૦ ॥ ૪ ॥ યદ્યપિ અબલ અછે તોહી પણ, આયતિ હિતકર સોય રે ॥ સિજ્જંભવપરે એહથી પામે, ભાવદર્શન પણ કોય રે ॥ પ્ર૦ ॥ ૫ ॥ સમકિત સકળ ધર્મનો આશ્રય, એહનાં ખટ્ ઉપમાન રે ॥ ચારિત્ર નાણ નહિ વિણ સમકિત, ઉત્તરાધ્યયન વખાણ રે ॥ પ્ર૦ ॥ ૬ ॥ દર્શન વિણ કિરિયા નવિ લખે, બિંદુ યથા વિણ અંક રે ॥ દશમાંહે નવ અંક અભેદ છે, તેમ કુસંગે નિકલંક રે ॥ પ્ર૦ ॥ ૭ ॥ અંતર્મુહૂર્ત પણ જે જીવે, પામ્યું દર્શન સાર રે ॥ અર્ધાપુદ્ગલ પરિયટમાંહે, નિશ્ચય તસ સંસાર રે ॥ પ્ર૦ ॥ ૮ ॥ ગત સમકિત પૂરવ બદ્ધાયુષ, દો વિનુ સમકિતવંત રે ॥ વિણ વૈમાનિક આયુ ન બાંધે, વિશેષાવશ્યક કહંત રે ॥ પ્ર૦ ॥ ૯ ॥ ભેદ અનેક છે દર્શન કેરા, સડસઠ ભેદ ઉદાર રે ॥ સેવતો હરિવિક્રમ જિન થાયે, સૌભાગ્યલક્ષ્મી વિસ્તાર રે ॥ પ્રભુજી૦ ॥ ૧૦ ॥

॥ ઇતિ સમ્યક્ત્વદર્શનપદપૂજા નવમી ॥ ૯ ॥

॥ अथ दशम विनयपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શૌચમૂલથી મહા ગુણી, સર્વ ધર્મનો સાર ॥
ગુણ અનંતનો કંદ એ, નમો વિનય આચાર ॥ ૧ ॥

॥ ઢાળ દશમી ॥

(માળા કિહાં છે રે —એ દેશી.)

વિનયપદ દશમુ પ્રકાશ્યુ, પચ ભેદ સામાન્યે રે ॥ દશવિહ તેર પ્રકારે જાણો, બાવનભેદ વિધાને રે ॥ વિનયપદ સેવો રે ॥ અરિહંતા જિહાં મુખ્ય ॥ વિનય૦ ॥૧॥ એ આંકણી ॥ છાશઠભેદ સિદ્ધાંતે ગાયા, સઘળા ગુણનો આધાર રે ॥ શમદમાદિક ગુણ સવિ સાચા, રાચ્યા જે વિનય વિચાર રે ॥ વિનય૦ ॥૨॥ અરિહાદિકનો ભાવ પ્રશસ્તે, વિધિયે વિનય કરંતો રે ॥ આહારી પણ ઉપવાસતણુ ફળ, નિરંતર અનુસરંતો રે ॥વિનય૦॥૩॥ દોયહજાર ને બોલ ચિહુ ત્તર, દેવવદન વિધિ ધારો રે ॥ ચારશેંબાણું બોલ વિચારી, ગુરૂવંદન અવધારો રે ॥ વિનય૦ ॥૪॥ ગુરૂ વિનયે રત્નત્રય પામે. સંવર તપ નિજ્જરણા રે ॥ કર્મક્ષયે કેવળ ગુણ તેહથી, મોક્ષ અનત સુખવરણા રે ॥ વિનય૦ ॥૫॥ પાંચ વદનમાં ભાવવદન તે, ઉપયોગે શુભ લહિયે રે ॥ અરિહાદિકનો વિનય ભાવતો, ચેતન તદ્રૂપ કહિયે રે ॥ વિનય૦ ॥ ૬ ॥ દ્રવ્ય ભાવ દોય નય વિશુદ્ધા. ધન્નો એ પદ સેવંતો રે ॥ શ્રદ્ધા ભાસન તત્ત્વરમણ

લહિ, સૌભાગ્યલક્ષ્મી દીપંતો રે ॥ વિનય૦ ॥ ૭ ॥

॥ ઇતિ વિનયપદપૂજા દશમી ॥ ૧૦ ॥

॥ अथ एकादश चारित्रपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

રત્નત્રય વિણુ સાધના, નિષ્ફળ કહી સદીવ ॥
ભાવરયણનું નિધાન છે, જય જય સંજમ જીવ ॥૧॥

॥ ઢાળ અગીઆરમી ॥

(અજિત જિણંદશું પ્રીતડી.—એ દેશી.)

ચારિત્રપદ શુભ ચિત્ત વસ્યું, જેહ સઘળા હો નયનો ઉદ્ધાર ॥ આઠ કરમ ચય રિક્ત કરે, નિરૂત્તે હો ચારિત્ર ઉદાર ॥ ચા૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ચારિત્રમોહ અભાવથી, દેશ સંયમ હો સર્વ સંયમ થાય ॥ આઠ કષાય મિટાવીને, દેશવિરતિ હો મનમાં ઠહરાય ॥ ચા૦ ॥ ૨ ॥ બાર કષાય મનથી મટે, સર્વ વિરતિ હો પ્રગટે ગુણરાશિ ॥ દેશથી સર્વ સંયમ વિષે, અનંતગુણી હો વિશુદ્ધિ સમાસ ॥ ચા૦ ॥ ૩ ॥ સંયમગુણઠાણુ ફરશ્યા વિના, તત્ત્વરમણુતા હો કેમ નામ કહેવાય ॥ ગજપાખર ખર નહિ વહે, એહની ગુરૂતા હો આતમમાં સમાય ॥ ચા૦ ॥ ૪ ॥ વર્ષ સંયમના પર્યાયમાં, અનુત્તરનાં હો સુખ અતિક્રમ હોય ॥ શુકલ શુકલ પરિણામથી, સંયમથી હો ક્ષણમાં સિદ્ધિ જોય ॥ ચા૦ ॥ ૫ ॥ સર્વ સંવર ચારિત્ર લહી, પામે અરિહા હો સહિ મુક્તિનું રાજ ॥

અનંતર કારણ ચરણ છે, શિવપદનું હો નિશ્ચય મુનિરાજ ॥ ચા૦ ॥૬॥ સત્તર ભેદ સંયમતણા, ચરણસિત્તરી હો કહી આગમમાંહિ ॥ વરૂણદેવ :જિનવર થયો, વિજયલક્ષ્મી હો પ્રગટે ઉત્સાહિ ॥ ચારિત્રપદ૦ ॥ ૭ ॥

॥ ઇતિ ચારિત્રપદપૂજા એકાદશી ॥ ૧૧ ॥

॥ अथ द्वादश ब्रह्मचर्यपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જિનપ્રતિમા જિનમંદિરાં, કંચનનાં કરે જેહ ॥
બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે, નમો નમો શિયલ સુદેહ ॥૧॥

॥ ઢાળ બારમી ॥

(કયુ જાણ્યું કયું બનિ આવહી.—એ દેશી.)

બ્રહ્મચર્યપદ પૂજીયે, વ્રતમાં મુકુટસમાન હો વિનીત ॥ શિયળ સુરતરૂ રાખવા, કહી નવ વાડ ભગવાન હો વિનીત ॥ નમો નમો બંભવયધારિણં ॥ ૧ ॥ એ આંકણી ॥ કૃતકારિત અનુમતિ તજે, દીવ્ય ઔદારિક કામ હો વિનીત ॥ ત્રિકરણયોગે એ પરિહરે, ભેદ અઢાર ગુણધામ હો વિનીત ॥ નમો૦ ॥ ૨ ॥ દશ અવસ્થા કામની, ત્રેવીશ વિષય હરંત હો વિનીત ॥ અઢારસહસ શીલાંગરથે, બેઠા મુનિ વિચરંત હો વિનીત ॥ નમો૦ ॥ ૩ ॥ દ્રવ્યથી ચાર દારા તજે, ભાવે પરપરિણતિ ત્યાગ હો વિનીત ॥ દશ સમાહિ ઠાણ સેવતાં, ત્રીશ અબંભનાં મયાગ હો વિનીત ॥ નમો૦ ॥ ૪ ॥ દીયે

દાન સોવન કોડીનું, કંચનચૈત્ય કરાય હો વિનીત ॥ તેહથી બ્રહ્મવ્રત ધારતાં, અગણિત પુણ્ય સમુદાય હો વિનીત ॥ન૦॥ ॥ ૫ ॥ ચોરાશી સહસ મુનિદાનનું, ગૃહસ્થભક્તિ ફળ જોય હો વિનીત ॥ ક્રિયાગુણઠાણે મુનિ વડા, ભાવતુલ્ય નહિ કોય હો વિનીત ॥ નમો૦ ॥ ૬ ॥ દશમે અંગે વખાણિયો, ચંદ્રવર્મા નરિંદ હો વિનીત ॥ તેમ આરાધી પ્રભુતા વર્યા, સૌભાગ્યલક્ષ્મી સૂરિંદ હો વિનીત ॥ નમો૦ ॥ ૭ ॥

॥ ઇતિ બ્રહ્મચર્યપદપૂજા દ્વાદશી ॥ ૧૨ ॥

॥ अथ त्रयोदश क्रियापदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

આત્મબોધ વિણ જે ક્રિયા. તેતો બાલકચાલ ॥
તત્ત્વારથથી ધારિયે, નમો ક્રિયા સુવિશાલ ॥ ૧ ॥

॥ ઢાળ તેરમી ॥

(સુણ બહેના પિયુડા પરદેશી—એ દેશી.)

ધ્યાનક્રિયા મનમાં આણીજે, ધર્મ શુક્લ ધ્યાયીજે રે ॥ આર્ત્ત રૌદ્રનાં કારણ કિરિયા, પંચવીશને વારીજે રે ॥ ધ્યાન ક્રિયા ભજો નિશ દિન પ્રાણી ॥ એ આંકણી ॥ કંચનકાંતિ પરમેષ્ટિરૂપે, લોકાલોક પ્રમાણ રે ॥ સર્વ શાંતિકર ભાલ ઠેકાણે, ધ્યાવો પ્રણવ ગુણખાણ રે ॥ ધ્યા૦ ॥ ૨ ॥ તેર ક્રિયા ઠાણ તેર કાઠિયા તજી, કરણ સિત્તરી ભજીયે રે ॥ યોગ અડદિઠ્ઠી સમ્યક્ત્વ કિરિયા, આતમ સુખકર જજીયે રે ॥ધ્યા૦॥

॥ ૩ ॥ પહેલી ચઉદ્દિઠ્ઠી જ્ઞાનાધારે, રત્નત્રયાધારે ચાર રે ॥ અડ કર્મક્ષયે ઉપશમે વિચિત્રા, ઓઘદૃષ્ટિ બહુ પ્રકાર રે ॥ ધ્યા૦ ॥ ૪ ॥ વિષ ગરલ હીનાધિક વારો, તદ્દહેતુ અમૃત ધારો રે ॥ પ્રીતિ ભક્તિ વચન અસંગે, શુભપરિણતિ સુધારો રે ॥ ધ્યા૦ ॥ ૫ ॥ અંતરતત્ત્વ વિષય પ્રતીતે, એ જ્ઞાનકિરિયા સાચી રે ॥ અક્રિયાવાદી કૃષ્ણપક્ષિયો, શુક્લપક્ષિયો કિરિયાવાચી રે ॥ ધ્યા૦ ॥ ૬ ॥ અશુભ ધ્યાન ઠાણ ત્રેશઠ વારી, ધ્યાન શતક મન ધારી રે ॥ હરિવાહન તીર્થંકર હુઓ, સૌભાગ્યલક્ષ્મી દીલ ધારી રે ॥ ધ્યાન૦ ॥ ૭ ॥

॥ ઇતિ ક્રિયાપદપૂજા ત્રયોદશી ॥ ૧૩ ॥

॥ अथ चतुर्दश तपःपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કર્મ તપાવે ચીકણાં, ભાવ મંગળ તપ જાણ ॥
પચ્ચાશ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ ॥૧॥

॥ ઢાળ ચૌદમી ॥

(અલગી રહેને, રહેને, રહેને, રહેને, અલગી રહેને —એ દેશી.)

તપપદને પૂજીજે હો પ્રાણી, તપપદને પૂજીજે ॥ એ આંકણી ॥ સર્વ મંગળમાં પહેલું મંગળ, કર્મ નિકાચિત ટાળે ॥ ક્ષમાસહિત જે આહાર નિરીહતા, આતમઋદ્ધિ નિહાળે હો પ્રાણી ॥ તપ૦ ॥ ૧ ॥ તે ભવમુક્તિ જાણે જિનવર, ત્રણ ચઉ જ્ઞાને નિયમા ॥ તોયે તપ આચરણ ન મૂકે, અનંતગુણો તપ

મહિમા હો પ્રાણી ॥ તપ૦ ॥ ૨ ॥ પીઠ અને મહાપીઠ મુનિશ્વર, પૂરવભવ મલ્લિ જિનનો ॥ સાધવી લખમણા તપ નવિ ફળિયું, દંભ ગયો નહિ મનનો હો પ્રાણી ॥ તપ૦ ॥ ૩ ॥ અગ્યાર લાખને એંશી હજાર, પાંચસેં પાંચ દિન ઉણા ॥ નંદનઋષિયે માસખમણ કરી, કીધાં કામ સંપુન્નાં હો પ્રાણી ॥ તપ૦ ॥૪॥ તપ તપિયા ગુણરત્ન સંવત્સર, ખંધક ક્ષમાના દરિયા ॥ ચૌદહજાર સાધુમાં અધિકા, ધન્ના તપગુણ ભરિયા હો પ્રાણી ॥ તપ૦ ॥ ૫ ॥ ષડ્ ભેદ બાહેરતપના પ્રકાશ્યા, અભ્યંતર ષડ્ ભેદ ॥ બાર ભેદે તપ તપતાં નિર્મળ, સફળે અનેક ઉમેદ હો પ્રાણી ॥ તપ૦ ॥ ૬ ॥ કનકકેતુ એહ પદને આરાધી, સાધી આતમ કાજ ॥ તીર્થંકરપદ અનુભવ ઉત્તમ, સૌભાગ્યલક્ષ્મી મહારાજ હો પ્રાણી ॥ તપ૦ ॥ ૭ ॥

॥ ઇતિ તપઃપદપૂજા ચતુર્દશી ॥ ૧૪ ॥

॥ अथ पंचदश गोयमपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

છઠ્ઠ છઠ્ઠ તપ કરે પારણું, ચઉનાણી ગણધામ ॥
એ સમ શુભ પાત્ર કો નહિ, નમો નમો ગોયમસ્વામ ॥૧॥

॥ ઢાળ પંદરમી ॥

(દાદાજી મોહે દર્શન દીજે હો —એ દેશી.)

દાન સુપાત્રે દીજે હો ભવિયા, દાન સુપાત્રે દીજે ॥ એ-આંકણી ॥ લબ્ધિ અઠ્ઠાવીશ ગ્નાની ગોયમ, ઉત્તમપાત્ર ક-

હીજે હો ॥ ભ૦ ॥ ૧ ॥ મુહૂર્ત્તમાં ચૌદપૂરવ રચિયાં, ત્રિપદી વીરથી પામી ॥ ચૌદસેં બાવન ગણધર વાંધા, એ પદ અંતરજામી હો ॥ ભ૦ ॥ ૨ ॥ ગણેશ ગણપતિ મહામંગળ પદ, ગોયમવિણ નવિ દૂજો ॥ સહસ્ત્ર કમલદલ સોવન પંકજ,બેઠા સૂર નર પૂજો હો ॥ ભ૦ ॥ ૩ ॥ ક્ષીણમોહી મુનિ રત્નપાત્ર સમ. બીજા કંચનસમ પાત્ર ॥ રજતનાં શ્રાવક સમકિત ત્રંબા. અવિરતિ લોહમટ્ટી પત્તા હો ॥ ભ૦ ॥ ૪ ॥ મિથ્યાત્વી સહસથી એક અણુવ્રતી, અણુવ્રતી સહસથી સાધુ ॥ સાધુ સહસ્ત્રથી ગણધર જિનવર, અધિકા ટાળે ઉપાધિ હો ॥ભ૦॥ ॥ ૫ ॥ પાંચ દાન દશ દાનમાં મોહોટાં, અભય સુપાત્ર વિદિતા ॥ એહથી હરિવાહન હુઓ જિનવર. સૌભાગ્યલક્ષ્મી ગુણગીતા હો ભવિયા૦ ॥ ૬ ॥

॥ ઇતિ ગોયમપદપૂજા પંચદશી ॥ ૧૫ ॥

॥ अथ षोमश जिनपदपूजा प्रारंज्ञ ॥

॥ દોહા ॥

દોષ અઢારે ક્ષય ગયા, ઉપના ગુણ જસ અંગ ॥
વૈયાવચ્ચ કરિયે મુદા, નમો નમો જિનપદ સંગ ॥ ૧ ॥

॥ ઢાળ સોલમી ॥

(ચૌદ લોકકે પાર કહાવે—એ દેશી)

જિનપદ જગમાં જાચું જાણો, સ્વરૂપરમણ સુવિલાસી ॥
સોલ કષાય જીતે તે જિનજી, ગુણગણ અનંત ઉજાસી ॥

જિનપદ જપિયે, જિનપદ ભજિયે, જિનપદ અતિ સુખદાયી ॥ ૧ ॥ એ આંકણી ॥ શ્રુત ઓહિ મનઃપર્યવ જિનજી, છઉમત્થા વીતરાગી ॥ કેવળી જિનને વચન અગોચર, મહિમા જિન વડભાગી ॥ જિ૦ ॥૨॥ જિનવર, સૂરિ, વાચક, સાધુ; બાળ, થવિર, ગિલાણી ॥ તપસી, ચૈત્ય, શ્રમણ, સંઘ કેરી; વૈયાવચ્ચ ગુણખાણી ॥ જિ૦ ॥ ૩ ॥ ગુણિજન દશનો વૈયાવચ્ચ કીજે, સહુમાં જિનવર મુખ્ય ॥ વૈયાવચ્ચ ગુણ અપ્રતિવાઈ, જિનઆગમ હિત શિખ્ય ॥ જિ૦ ॥ ૪ ॥ નીચ ગોત્ર બાંધે નહિ કબહું, કરે ઉંચ ગોત્રનો બંધ ॥ ગાઢ કર્મ બંધ શિથિલ હોવે, ઉત્તરાધ્યયને પ્રબંધ ॥ જિ૦ ॥ ૫ ॥ મનશુદ્ધ એ પદને આરાધી, જિમૂતકેતુ જિન હોવે ॥ વિજય સૌભાગ્યલક્ષ્મીસૂરિ સંપદ્, પરમાનંદ પદ જોવે ॥ જિ૦ ॥૬॥

॥ ઇતિ જિનપદપૂજા ષોડશી ॥ ૧૬ ॥

॥ अथ सप्तदश संयमपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શુદ્ધાતમગુણમેં રમે, તજી ઇંદ્રિય આશંસ ॥
થિર સમાધિ સંતોષમાં, જય જય સંયમવંશ ॥ ૧ ॥

॥ ઢાળ સત્તરમી ॥

(કુંવર ગભારો નજરેં દેખતાંજી.—એ દેશી)

સમાધિગુણમય ચારિત્રપદ ભલુંજી, સત્તરમું સુખકાર રે ॥ વીશ અસમાધિ દોષ નિવારીનેજી, ઉપન્યો ગુણ સંતોષ

શ્રીકાર રે ॥ નમો નમો સંયમપદને મુનિવરાજી ॥ ૧ ॥ એ આંકણી ॥ અનુકંપા દીનાદિકની જે કરેજી, તે કહિયે દ્રવ્ય સમાધિ રે ॥ સારણાદિક કહી ધર્મમાંહે સ્થિર કરેજી, તે લહિયે ભાવ સમાધિ રે ॥ નમો૦ ॥ ૨ ॥ વ્રત શ્રાવકનાં બાર ભેદે કહ્યાંજી, મુનિના મહાવ્રત પંચ રે ॥ સત્તર એ દ્રવ્યભાવથી જાણીનેજી, યથોચિત કરે સંયમ સંચ રે ॥ નમો૦ ॥ ॥ ૩ ॥ ચાર નિક્ષેપે સાત નયે કરીજી, કારણ પાંચ સંભાર રે ॥ ત્રિપદી સાતે ભાંગે કરી ધારિયેજી, જ્ઞેયાદિક ત્રિક અવધાર રે ॥ નમો૦ ॥ ૪ ॥ ચાર પ્રમાણે ષડ્ દ્રવ્યે કરીજી, નવ તત્ત્વે દિલ લાવ રે ॥ સામાયિક નવ દ્વારે વિચારિયેજી, એમ ષટ્ આવશ્યકભાવ રે ॥ નમો૦ ॥ ૫ ॥ ચાર સામાયિક આગમમાં કહ્યાંજી, સર્વ વિરતિ અવિરૂદ્ધ રે ॥ પાંચ ભેદ છે સંયમ ધર્મનાજી, નિર્મળ પરિણામે સવિ શુદ્ધ રે ॥ નમો૦ ॥ ॥ ૬ ॥ સમાધિવર ગણધરજી જાચિયોજી, ચોવીશ જિનને કરી પ્રણામ રે ॥ પુરંદર તીર્થંકર થયો એહથીજી, સૌભાગ્યલક્ષ્મી ગુણધામ રે ॥ નમો૦ ॥ ૭ ॥

॥ ઇતિ સંયમપદપૂજા સપ્તદશી ॥ ૧૭ ॥

॥ अथ अष्टादश अभिनवज्ञानपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જ્ઞાનવૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂલ ॥
અજર અગમ પદ ફળ લહો, જિનવર પદવી ફુલ ॥૧॥

॥ ઢાળ અઢારમી ॥

(કોઈ લો પર્વત ધુંધલો રે લાલ.—એ દેશી.)

અભિનવજ્ઞાન ભણો મુદારે લાલ, મૂકી પ્રમાદ વિભાવ રે ॥ હું વારી લાલ ॥ બુદ્ધિના આઠ ગુણ ધારિયે રે લાલ, આઠ દોષનો અભાવ રે ॥ હું વારી લાલ ॥ પ્રણમો પદ અઢારમું રે લાલ ॥ ૧ ॥ એ આંકણી ॥ દેશારાધક કિરિયા કહી રે લાલ, સર્વારાધક જ્ઞાન રે ॥ હું૦ ॥ મુહૂર્ત્તાદિક કિરિયા કરે રે લાલ, નિરંતર અનુભવ જ્ઞાન રે ॥ હું૦ ॥ પ્ર૦ ॥ ૨ ॥ જ્ઞાનરહિત કિરિયા કરે રે લાલ, કિરિયા રહિત જે જ્ઞાન રે ॥ હું૦ ॥ અંતર ખજુઆ રવિ જિશ્યો રે લાલ, ષોડશકની એ વાણ રે ॥ હું૦ ॥ પ્ર૦ ॥ ૩ ॥ છટ્ઠ અટ્ઠમાદિ તપે કરી રે લાલ, અજ્ઞાની જે શુદ્ધ રે ॥ હું૦ ॥ તેહથી અનંતગુણી શુદ્ધતા રે લાલ, જ્ઞાની પ્રગટપણે લબ્ધ રે ॥ હું૦ ॥ પ્ર૦ ॥૪॥ રાચે ન જૂઠ કિરિયા કરી રે લાલ, જ્ઞાનવંત જુવો યુક્તિ રે ॥ હું૦ ॥ જૂઠ સાચ આતમજ્ઞાનથી રે લાલ, પરખે નિજ નિજ વ્યક્તિ રે ॥ હું૦ ॥ પ્ર૦ ॥ ૫ ॥ પાંચ ભેદ છે જ્ઞાનના રે લાલ, તેહ આરાધે જેહ રે ॥ હું૦ ॥ સાગરચંદ્ર પરે પ્રભુ હુવે રે લાલ, સૌભાગ્યલક્ષ્મી ગુણગેહ રે ॥ હું વારી લાલ ॥ ॥ પ્રણમો પદ અઢારમું રે લાલ ॥ ૬ ॥

॥ ઇતિ અભિનવજ્ઞાનપદપૂજા અષ્ટાદશી ॥ ૧૮ ॥

॥ अथ एकोनविंशति श्रुतपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

વક્તા શ્રોતા યોગ્યથી, શ્રુત અનુભવરસ પીન ॥
ધ્યાતા ધ્યેયન એકતા, જય જય શ્રુતસુખ લીન ॥૧॥

॥ ઢાળ ઓગણીશમી ॥

(અવિનાશીની સેજડીયે રંગ, લાગો મોરી સજનીજી.—એ દેશી.)

શ્રુતપદ નમિયે ભાવે ભવિયા, શ્રુત છે જગત્ આધાર જી ॥ દુઃસમરજની સમયે સાચો, શ્રુતદીપક વ્યવહાર ॥ શ્રુત પદ નમિયે જી ॥ ૧ ॥ એ આંકણી ॥ બત્રીશ દોષરહિત પ્રભુ આગમ, આઠ ગુણે કરી ભરિયું જી ॥ અર્થથી અરિહંતજીયે પ્રકાશ્યું, સૂત્રથી ગણધર રચિયું ॥ શ્રુત૦॥૨॥ ગણધર પ્રત્યેક બુદ્ધે ગુંથ્યું, શ્રુતકેવલી દશપૂર્વી જી ॥ સૂત્ર રાજાસમ અર્થ પ્રધાન છે, અનુયોગ ચારની ઉર્વી ॥ શ્રુત૦ ॥ ૩ ॥ જેટલા અક્ષર શ્રુતના ભણાવે, તેટલા વર્ષ હજાર જી ॥ સ્વર્ગનાં સુખ અનંતાં વિલસે, પામે ભવજળ પાર ॥ શ્રુત૦ ॥૪॥ કેવળથી વાચકતા માટે, છે સુઅનાણ સમત્થજી ॥ શ્રુતજ્ઞાની શ્રુતજ્ઞાને જાણે, કેવળી જેમ પસત્થ ॥ શ્રુત૦ ॥ ૫ ॥ કાળવિનય પ્રમુખ છે અડવિધ ॥ સૂત્રે જ્ઞાનાચાર જી ॥ શ્રુતજ્ઞાનીનો વિનય ન સેવે, તો થાયે અતિચાર ॥ શ્રુત૦ ॥૬॥ ચઉદભેદે શ્રુત વીશ ભેદે છે, સૂત્ર પિસ્તાલીશ ભેદે જી ॥ રત્નચૂડ આરાધતો અરિહા, સૌભાગ્યલક્ષ્મી સુખ વેદે ॥ શ્રુત૦ ॥ ૭ ॥

॥ ઇતિ શ્રુતપદપૂજા એકોનવિંશતિઃ ॥ ૧૯ ॥

॥ अथ विंशति तीर्थपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

તીરથયાત્ર પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ ॥
પરમાનંદ વિલાસતાં, જય જય તીર્થઝહાજ ॥ ૧ ॥

॥ ઢાળ વીશમી ॥

(ગિરૂઆ રે ગુણ તુમતણા.—એ દેશી.)

શ્રી તીરથપદ પૂજો ગુણિજન, જેહથી તરિયે તે તીરથ રે ॥ અરિહંત ગણધર નિયમા તીરથ, ચઉવીહ સંઘ મહાતીરથ રે ॥ શ્રી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ લૌકિક અડસઠ તીર્થને તજિયે, લોકોત્તરને ભજિયે રે ॥ લોકોત્તર દ્રવ્યભાવ દુભેદે, થાવર જંગમ જજિયે રે ॥ શ્રી૦ ॥ ૨ ॥ પુંડરીકાદિક પાંચે તીરથ, ચૈત્યના પાંચ પ્રકાર રે ॥ થાવર તીરથ એહ ભણીજે, તીર્થયાત્રા મનોહાર રે ॥ શ્રી૦ ॥ ૩ ॥ વિહરમાન વીશ જંગમતીરથ, બે કોડી કેવળી સાથ રે ॥ વિચરંતાં દુઃખ દોહગ ટાળે, જંગમતીરથ નાથ રે ॥ શ્રી૦ ॥ ૪ ॥ સંઘ ચતુર્વિધ જંગમતીરથ, શાસનને શોભાવે રે ॥ અડતાલીશ ગુણે ગુણવંતા, તીર્થપતિ નમે ભાવે રે ॥ શ્રી૦ ॥ ૫ ॥ તીરથપદ ધ્યાવો ગુણ ગાવો, પંચરંગી રયણને લાવો રે ॥ થાળ ભરી ભરી તીર્થ વધાવો, ગુણ અનંત દિલ લાવો રે ॥ શ્રી૦ ॥૬॥ મેરૂપ્રભ પરમેશ્વર હૂઓ, એહ તીરથને પ્રભાવે રે ॥ વિજય સૌભાગ્યલક્ષ્મી સૂરિ સંપદ્, પરમ મહોદય પાવે રે ॥શ્રી૦॥૭

॥ ઇતિ તીર્થપદપૂજા વિંશતિઃ ॥ ૨૦ ॥

॥ ઢાળ એકવીશમી ॥

(ઘણુ જીવ તું જીવ, જિનરાજ જીવો ઘણું.—એ દેશી.)

ઘણું પૂજ તું પૂજ, થાનકપદ પૂજ તું ॥ સમ્યગ્ભાવ ગુણ, ચિત્ત આણી ॥ જિનવર પદતણું, હેતુ છે એ ભલું ॥ કો નહીં એહ સમું, સમયવાણી ॥ ઘણું૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ વીશ વીશ વસ્તુ મેળવી, કરી ઉજવો, નરભવ પામીને, લાહો લીજે ॥ તપફળ વાધશે, ઉજમણાથકી, જિનવર ગણધર, એમ વદીજે ॥ ઘણું૦ ॥ ૨ ॥ ખંભાયત બંદિરે, સુંદર ભાવિયા, શ્રાવક શ્રાવિકા, પુણ્યવંતા ॥ વીશથાનકતણી, ભક્તિ કરે ભાવથી, શાસન ઉન્નતિ, અતિ કરંતા ॥ ઘણું૦ ॥ ૩ ॥ તાસતણે આગ્રહે, સ્તવન પૂજા રચી, શુદ્ધ કરો શ્રુતધરા, પુણ્ય જાણી ॥ વિજય આનંદગણિ, વિજયસૌભાગ્યસૂરિ, વિજય લક્ષ્મીસૂરિ જૈનવાણી ॥ ઘણું૦ ॥ ૪ ॥ ઇતિ ઢાળ સમાપ્ત ॥

॥ અથ કળશ ॥ એમ વિશથાનક, તવન કુસુમે, પૂજિયો શંખેશ્વરો ॥ સંવત્ સમિતિ, વેદ, વસુ, શશી, (૧૮૪૫), વિજયદશમી મન ધરો ॥ તપગચ્છ વિજયાનંદ પટધર, શ્રી વિજયસૌભાગ્ય સૂરિશ્વરો ॥ શ્રી વિજયલક્ષ્મી સૂરિ પભણે, સયલ સંઘ મંગલ કરો ॥ ૧ ॥

॥ ઇતિ શ્રી વિજયલક્ષ્મીસૂરિ કૃત વિંશતિસ્થાનકપદ પૂજા સમાપ્ત ॥

અથ

શ્રી સકલચંદજી ઉપાધ્યાય કૃત
એકવીશપ્રકારી પૂજા પ્રારંભ.

॥ तत्र ॥

॥ प्रथम जलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પ્રણમું પ્રથમ જિણંદને, ભગવતિ કર સુપસાય ॥ પૂજા એકવીશ દ્રવ્યશું, ભાવમંગલ ઉપાય ॥ ૧ ॥ ન્હવણ વસ્ત્ર ચંદન કરી, કુસુમ વાસ ચૂનાર ॥ માલા અષ્ટમંગલ ભણી, દીપ ધૂપાક્ષત ધાર ॥ ૨ ॥ ધર્મધ્વજ ચામર સહી, છત્રે મુકુટ વિશેષ ॥ દર્પણ દર્શન દાખવે, નૈવેદ્ય ફલ સુગ્રહેશ ॥ ૩ ॥ ગીત નટ્ટ વાજિંત્રશું, જન પૂજે જિનઇંદ ॥ કાઉસ્સગ્ગધ્યાને જેણે કરી, પૂજા સકલ મુનિચંદ ॥ ૪ ॥

॥ પ્રથમ પૂરવદિશે—એ દેશી ॥ રાગ દેશાખ ॥

પ્રથમ જિનનાયકં, પૂજી સુખદાયકં, ખીરસમુદ્ર જળ શું ભરી એ ॥ ૧ ॥ કનક કલશા ધરી, ગંધોદકે તેહ ભરી, શ્રી જિન ચરણે નમન કરે એ ॥ ૨ ॥ ઇંદ્ર ઇંદ્રાણી કરે, હર્ષ ઉલટ ધરે, ધન્ય કૃતારથ ભવ કરે એ ॥ ૩ ॥ પ્રથમ જિન પૂજના, એણી વિધે ભવિજના, સકલમુનિ કાઉસ્સગ્ગે એમ ભણે એ ॥ ૪ ॥ ઇતિ પ્રથમ જળપૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय वस्त्रपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નિર્મલ એહ જિનગાત્રશું, નિર્મલ જેહની કાંતિ ॥
અંગલુહણા અંગે કરી, ટાળો મનની ભ્રાંતિ ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ આશાવરી તથા ગોડીરાગેણ ગીયતે ॥

ઉજ્જવલ વસ્ત્રાદિક ભણી, ઉજ્જવલ ચિત્ત આણી ॥ વસ્ત્ર શ્વેત જિન પૂજતાં, પરમાનંદ નિશાણી ॥ ૧ ॥ ઈંદ્રાદિક પ્રભુ પૂજીયો, તે પરે કેમ હોય પ્રાણી ॥ તોપણ મુજ તુજ રીઝશું, પૂજા અધિક મેં જાણી ॥ ઈંદ્રા૦ ॥ ૨ ॥ દેવદુષ્ય વસ્ત્ર લાયકે, અંગલૂહણાં કરિયે ॥ ઈંદ્રિ ભક્તિ કરે ભાવશું, ચપળ ચિત્ત ઠરિયે ॥ ઈંદ્રા૦ ॥ ૩ ॥ ઉજ્જવલ ચિત્ત લગાયકે, પ્રભુ પૂજા કીજે ॥ ઉપશમ રસ ભરી તે પીયે, પરમ મહારસ લીજે ॥ ઈંદ્રાદિક પ્રભુ પૂજીયો૦ ॥ ૪ ॥

॥ ઇતિ દ્વિતીય વસ્ત્રપૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय चंदनपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શીતલ ગુણ જેમાં રહ્યા, શીતલ જિન સુખસંગ ॥
ચંદનઘન શુભ સારશું, પૂજજે મનરંગ ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ આશાવરી રાગેણ ગીયતે ॥

ભાવના ચંદન, ઘસી ઘનસારશું, કનક કચોળી, લેઇયે

એ ॥ વાસ સુવાસ, બરાસ ભેળીને, સુરભિવર કસ્તૂરી, દેઇયે એ ॥ બાવના૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પ્રથમ ચરણમેં, પૂજી જાનુ કરે, અંસ શિર ભાલમાં સોહિયે એ ॥ કંઠ હૃદિ ઉદર નવ દીજીયે, એણી વિધે પ્રભુપૂજા મોહિયે એ ॥ બાવના૦ ॥ ૨ ॥ ઇંદ્રાદિક પરે, કેમ હમ હોવત, તોભી હમ:તુમ મંગિયે એ ॥ દેવી દેવાદિક, ગાત્ર વિલેપિને, સકલ દુરિત ભય, ભંજીયે એ ॥ બાવના૦ ॥ ૩ ॥

॥ ઇતિ તૃતીય ચંદનપૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જાઈ જુઈ સેવંતરી, પ્રફુલ્લિત વેલી વિશાલ ॥
જિનચરણે ચઢાવતાં, દુરિત હરે તત્કાળ ॥ ૧ ॥

॥ આશાવરી રાગેણ ગીયતે ॥

કમલ કુસુમવર વિવિધ જાતિશું, વેલી વાલો વિશાલ રે ॥ ચંપક કેતકી કુંદ જાસુલવર, પાડલ લાલ ગુલાલ રે ॥ કમલ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ મોગરો માલતી દમણ જાતિશું, વોલસિરી નાગ પ્રિયંગો રે ॥ કુંદ મચકુંદ વિમાલયા જાતિશું, દાઉદી સંગ અભંગો રે ॥ કમલ૦ ॥ ૨ ॥ ઇંદ્ર ઇંદ્રાદિક ભક્તિ કરે મળી, હર્ષ ધરી મન રંગે રે ॥ વિવિધજાતિ વરકુસુમ ગ્રહીને, પ્રભુ પૂજે ચિત્ત ચંગે રે ॥ કમલ૦ ॥ ૩ ॥

સૂર્યાભ ભાવે કરી જિનપૂજા, શુભ શુભ ફળ તેમ લીજે રે ॥ તસ ફળ ભાવ સુણી જિન આગમ, ચોથી પૂજા કીજે રે ॥ કમલ૦ ॥ ૪ ॥

॥ ઇતિ ચતુર્થ કુસુમપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम वासपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નંદનવન સુરપતિરમણ, અભિનંદન મુજ સ્વામ ॥
વાસ સુગંધમાં મેળવી, પૂજીજે જિનધામ ॥ ૧ ॥

॥ સારંગ તથા આશાવરી રાગેણ ગીયતે ॥

નંદના વનતણું બાવનાચંદન, ભવિજન આણો શુદ્ધ કરી એ ॥ વાસ સુવાસ બરાસ ભેળીને, શુદ્ધ ઘનસાર તેહમાં ધરી એ ॥ ૧ ॥ જાઈ મંદારશું વાસિત તે સહી, અગર ચંદનશું વિરચિયા એ ॥ વિવિધ સુગંધ દ્રવ્યાદિક ભેળીને, તિહાં જેમ સુરપતિ અરચિયા એ ॥ ૨ ॥ તેમ પ્રભુસંગે કરી મનરંગે, આજ ઉલટ ધરી હર્ષ ભરી એ ॥ કુમર કુમરી પૂજે મનને આણંદે, સંસાર સાયર જેમ તરીયે ॥ ૩ ॥ પંચમી પૂજાના પંચમ ગતિ કારણ, વાસવિલાસ દે સરસીયા એ ॥ પ્રભુતણે અંગે હર્ષ ભરી પૂજતા, તેણે સવિ દુરિત ભય ખરચીયા એ ॥ ૪ ॥

॥ ઇતિ પંચમ વાસપૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ अथ षष्ठ चूआचूर्णपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અગરચુઓ ચંદનમયી, ઘનસારાદિક સાર ॥
પ્રભુચરણે પૂજા કરે, તસ હોય ભવનો પાર ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ કાફી રાગેણ ગીયતે ॥

ઘનસારાદિક ચૂર્ણ મેલી, ચૂઆ ચંદન માંહે ભેળી ॥ પૂજો પ્રભુ મનરંગે રે ॥ ૧ ॥ શિવસુખ લેવા જો મન ધરિયે તો, ચૂરણ પૂજા પ્રભુ કરિયે ॥ આતમ આનંદમય ગુણ ભરિયે ॥ ૨ ॥ ચૂરણ ગંધવાસિત બહુ સાર, સુરપતિ પૂજા કરે નિરધાર ॥ જન્મ કૃતારથ તેહ નિસ્તાર ॥૩॥ અમર અમરી કરે પૂજા ગુણ પામી, ચિત્ત ધરે શિવપુર આરામી ॥ પર પરિણતિ કરિયે નિષ્કામી ॥ ૪ ॥

॥ ઇતિ ષષ્ઠ ચૂઆચૂર્ણપૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम पुष्पमाळापूजा प्रारंभ ॥

॥ દોહા ॥

રત્નમાલ સુરપતિ કરે, કુસુમ સહિત સુગંધ ॥
પ્રભુ કંઠે આરોપીને, પ્રફુલ્લિત હોય સુરવૃંદ ॥ ૧ ॥

॥ સારંગ રાગેણ ગીયતે ॥

મનમોહન માલા કીજીયે, વિવિધ જાતિ સુર કુસુમ ગ્રહીને, ગુંથી જિનકંઠે દિજીયે ॥ મન૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ચંપક કેતકી કુંદ જાસુલવર, લાલ ગુલાલ માંહે લીજીયે

॥ મન૦ ॥ ૨ ॥ મોગરો માલતી દમણો પુન્નાગશું, ગુંથી સુરપતિ રીઝીયે ॥ મન૦ ॥ ૩ ॥ સપ્તમી પૂજા કરત એમ સુરપતિ, અનુભવરસશું ભીંજીયે ॥ મન૦ ॥ ૪ ॥ સૂર્યાભ ભાવે કરી જિનપૂજા, ઉપશમ રસ ભરી પીજીયે ॥ મન૦ ॥ ૫ ॥

॥ ઇતિ સપ્તમ પુષ્પમાલપૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम अष्टमांगलिकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સુરપતિ અષ્ટ મંગલ રચી, મણિ તંદુલ વિસ્તાર ॥
રત્ન વિવિધ મણિ તેહશું, પુરે અખંડિત ધાર ॥ ૧ ॥

॥ નટ્ટ રાગેણ ગીયતે ॥

મંગલ મોહે ઘર કીજે ॥ જિણંદરાય ॥ મંગલ૦ ॥ એ આંકણી ॥ સવિ સાધન એક સિદ્ધિ કીજે, મંગલ આઠ રચીજે ॥ જિણંદરાય ॥ મંગલ૦ ॥૧॥ સ્વસ્તિક શ્રીવત્સ કુંભ ભદ્રાસન, ચાર ગતિકું છીજે ॥ તંદુલ વાસિત અષ્ટમંગલ ધરી, અક્ષયપદ એ લીજે ॥ જિણંદરાય ॥ મંગલ૦ ॥ ૨ ॥ નંદાવર્ત્ત કરી જિણંદમુખ, વર્દ્ધમાન તિહાં સાર ॥ મત્સ્યયુગલ તેહમાંહે રચીજે, દર્પણ અષ્ટ પ્રકાર ॥ જિણંદરાય ॥ મંગલ૦ ॥ ૩ ॥ એહ વિધ મંગલ આઠ લખીને, સુરનર જિન પૂજીજે ॥ અષ્ટમી પૂજા કરો તુમે ભવિજન, અષ્ટ કર્મ દૂર કીજે ॥ જિણંદરાય ॥ મંગલ૦ ॥ ૪ ॥

॥ ઇતિ અષ્ટમ અષ્ટમાંગલિકપૂજા સમાપ્ત ॥ ૮ ॥

॥ अथ नवम दीपकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

દ્રવ્યદીપ પૂજા કરી, ભાવદીપ શુદ્ધ વાસ ॥
અજ્ઞાનતા દૂરે કરી, જ્ઞાનદીપ પરકાશ ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ કાફી રાગેણ ગીયતે ॥

દીપ પ્રગટ કર લીજે, જિણંદ મુખ, દીપ પ્રગટ કર લીજે ॥ એ આંકણી ॥ જિનપતિ સન્મુખ દીપ ગ્રહીને, આત્મપ્રકાશક કીજે ॥ જિ૦ ॥ દી૦ ॥૧॥ મિથ્યાત તિમિર રહ્યો ત્રટ અંતર, તાકું જ્યોતિ ધરીજે ॥ જ્ઞાનદશા પ્રગટે ચિત્ત અંતર, ચિદાનંદઘન રીઝે ॥ જિ૦ ॥ દી૦ ॥ ૨ ॥ દ્રવ્યદીપ દયા કરી ફાનસ, અનુકંપા કરી લીજે ॥ જીવદયા કારણ કરી કરૂણા, એહ વિધ ભક્તિ કરીજે ॥ જિ૦ ॥ દી૦ ॥ ૩ ॥ એહ વિધ દીપકપૂજા કીજે, તત્ત્વ તે નવ ગ્રહીજે ॥ નવ ગ્રૈવેયકે આતમ પ્રકાશે, કાલ અનાદિ છીજે ॥ જિ૦ ॥ દીપ૦ ॥ ૪ ॥

॥ ઇતિ નવમ દીપકપૂજા સમાપ્ત ॥ ૯ ॥

॥ अथ दशम धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કર્મદહનને કારણે, ધ્યાનાનલ કરી જેહ ॥
દ્રવ્યધૂપ પૂજા કરી, નિર્મલ કરી નિજ દેહ ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ પૂર્વી રાગેણ ગીયતે ॥

ધૂપ પ્રગટ કરી લીજે, ભવિકજન ધૂપ પ્રગટ કરી લી-

જે ॥ સુરપતિ ધૂપ ગ્રહી જિન આગળ, કૃષ્ણાગરૂ માંહે દીજે ॥ ભ૦ ॥ ધૂપ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ કુંદરૂ કસ્તૂરી અંબર ભેળી, વળી ઘનસાર મેળાવો ॥ શુદ્ધ બરાસ અગર તગરશું, દિશોદિશ ધૂપ કરાવો ॥ ભ૦ ॥ ધૂપ૦ ॥૨॥ ચંદનચૂરણ કરી માંહે વળી, શર્કરાદિક મેળાવો ॥ જેમ સુરપતિ જિનભક્તિ કરત શુભ, તેમ તુમે કરી ભવિ ભાવો ॥ ભ૦ ॥ ધૂપ૦ ॥૩॥ જિનમુખ આગળ ધૂપ કરીને, નિર્ધૂમ આત્મ કરીજે ॥ તે કારણ ધૂપપૂજા કરતાં, ભવસાયર તરીજે ॥ ભ૦ ॥ધૂપ૦॥૪॥

॥ ઇતિ દશમ ધૂપપૂજા સમાપ્ત ॥ ૧૦ ॥

॥ अथ एकादश अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અક્ષયપદ લેવા ભણી, અક્ષતપૂજા સાર ॥
અખંડાક્ષત જિન પૂજીયે, તો લહિયે જયકાર ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ કાફી રાગેણ ગીયતે ॥

ચિત્ત તમે કરો ભવિકજન, મણિ તંદુલ ઉદાર ॥ ચિ-ત્ત૦ ॥ અખંડ અક્ષત આણી ભાવે, થાલ ભરો જયકાર ॥ ચિત્ત૦ ॥ મણિ૦ ॥૧॥ એ આંકણી ॥ જિન આગળ સવિ આય કરો તુમ, સ્વસ્તિક પૂરો વિશાલ ॥ બિચ્ચ બિચ્ચ રત્ન ધરીજે અમૂલક, નિજ ચિત્તે ઝાકઝમાલ ॥ ચિત્ત૦ ॥મણિ૦॥ ॥ ૨ ॥ ઉજ્જવલ અક્ષત ભરી તંદુલ શુભ, વાસવાસિત ઘ-નસાર ॥ મુક્તાફળ વળી માંહે મનોહર, શોભે અતિ શિર-

દાર ॥ ચિત્ત૦ ॥ મણિ૦ ॥ ૩ ॥ એહ વિધ પૂજા કરત જિનવરકી, પાવત હે ભવપાર ॥ દ્રવ્યવિધાને ભક્તિશું કીજે, ભાવ પ્રગટે નિરધાર ॥ ચિત્ત૦ ॥ મણિ૦ ॥ ૪ ॥

॥ ઇતિ એકાદશ અક્ષતપૂજા સમાપ્ત ॥ ૧૧ ॥

॥ अथ द्वादश ध्वजपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ઇંદ્રિ ઇંદ્રાદિક ભાવશું, ભક્તિ કરે વળી જેહ ॥
ઇંદ્રિ ધ્વજશું શોભતા, હર્ષ ધરે વળી તેહ ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ ગોડી રાગેણ ગીયતે ॥

કનક દંડકર રત્નજડિત વળી, સુરપતિ ગ્રહે મનરંગે રે ॥ વળી ઉપર મુક્તાફળ માળા, કુસુમમાલ સુખસંગે રે ॥ કનક૦ ॥૧॥ દંડ ગગનશું વાદ કરે જે, કિંકિણી નાદ ઘન ગાજે રે ॥ ચપલા કરી પતાકા એમ કહે, ઘોષણ દે સુરરાજે રે ॥ કનક૦ ॥ ૨ ॥ સહસ યોજન દંડ ઉત્તંગ સોહે, ભવિજનનાં મન મોહે રે ॥ લઘુપતાકે પૂજા કરતાં, જેમ જિન આગળ જોહે રે ॥ કનક૦ ॥ ૩ ॥ સુરનરનાં મન મોહે સુંદર, સુરનર ધ્વજ જેમ કીધો રે ॥ તેમ ભવિકજન ધ્વજપૂજા કરતાં, તેણે નરભવ ફળ લીધો રે ॥ કનક૦ ॥ ૪ ॥

॥ ઇતિ દ્વાદશ ધ્વજપૂજા સમાપ્ત ॥ ॥ ૧૨ ॥

॥ अथ त्रयोदश चामरपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સિંહાસન જિન થાપીને, પૂજા કરે સુરરાય ॥
ચામર પ્રભુ શિર ઢાળતાં, કરતાં પુણ્ય ઉપાય ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ કાફી રાગેણ ગીયતે ॥

તેમ તુમે કરો ભવિકજન, ચામર વીંજે સુરરાજ ॥ તેમ તુમે૦ ॥ ઇંદ્રિ ઇંદ્રાદિક સન્મુખ ઢાઢે (ઢાળે), કરતા જન્મ શુભ કાજ ॥ તેમ તુમે૦ ॥૧॥ એ આંકણી ॥ હેમ તાર સુર ગુંથી કરથી, કરતા જડીત જડાવ ॥ રત્નમયી દંડ રત્નમેં જડતા, કરતા ભક્તિ પ્રભાવ ॥ તેમ તુમે૦ ॥ ૨ ॥ મણિ માણેક મોતીમેં જડતા, હીરા લાલ વિશાળ ॥ ચામર વીંજે સુર મન રીજે, વીંજે થઈ ઉજમાળ ॥ તેમ તુમે૦ ॥ ૩ ॥ ઇણવિધ પૂજા તેરમી કીજે, કુશલ ક્ષેમ તસ દીજે ॥ સુરપતિ ભક્તિસહિત કરે પૂજા, સુરસુખ શુભફળ લીજે ॥ તેમ તુમે૦ ॥૪॥

॥ ઇતિ ત્રયોદશ ચામરપૂજા સમાપ્ત ॥ ૧૩ ॥

॥ अथ चतुर्दश छत्रपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

રત્નજડિત ઘટ ઉપરે, થાપી શ્રી જિનરાજ ॥
સુરપતિ છત્રાદિક ધરે, સાધે, વાંચ્છિત કાજ ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ સોરઠ રાગેણ ગીયતે ॥

વિવિધ જુગતે જડચું, છત્ર શોભા બન્યું, પ્રભુ શિર

સોહતું ॥ ૧ ॥ રયણ કંચનતણું, જડિત જડાવનું, સુર મન મોહતું ॥ ૨ ॥ મણિ માણિક સહી, હીરલા પુખરાજમયી, લાલ લીલમ સોહતું ॥ ૩ ॥ ઇંદ્રિ ઇંદ્રાણી ભક્તિ કરે, હર્ષ મનશું ધરે, ઉત્સાહ કરે જોહતું ॥ ૪ ॥

॥ ઇતિ ચતુર્દશ છત્રપૂજા સમાપ્ત ॥ ૧૪ ॥

॥ अथ पंचदश मुकुटपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કર્ણ કુંડલશું જડ્યાં, રયણાદિક વળી જેહ ॥
મુકુટ પ્રભુ શિર સોહતો, નિરખે ઇંદ્રિ વળી તેહ ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ ગોડી રાગેણ ગીયતે ॥

મુકુટ ઇંદ્રિ જડિત લઇ આવે, પ્રભુ શિર તેહ સોહાવે રે ॥ ઇંદ્રિ ઇંદ્રાણી મળી કુસુમ ભરાવે, મુક્તાફળશું જડાવે રે ॥ મુકુટ૦ ॥૧॥ એ આંકણી ॥ ઉરપર હાર રચિત બહુ ભૂષણ, જિનકંઠે તેહ પહેરાવે રે ॥ ભુજજુગ વર બહેરખા દેઈ, ભાલ તિલક જડાવે રે ॥ મુકુટ૦ ॥ ૨ ॥ સુરપતિ ભક્તિ કરે મનરંગે, સહસ લોચન કરી નિરખે રે ॥ તેમ ભવિકજન નિર્મળ ચિત્તે, પૂજે પ્રભુ મન હર્ષે રે ॥ મુકુટ૦ ॥ ૩ ॥

॥ ઇતિ પંચદશ મુકુટપૂજા સમાપ્ત ॥ ૧૫ ॥

॥ अथ षोमश दर्प्पणपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પ્રભુદર્શન કરવા ભણી, દર્પ્પણપૂજ વિશાલ ॥
આતમદર્પ્પણથી જૂએ, દર્શન હોય તત્કાલ ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ કાફી રાગેણ ગીયતે ॥

શુદ્ધ દેવ ગુરૂધર્મ ધરો રે, તબ દર્શન તમે આતમ કરો રે ॥ શુદ્ધ૦ ॥ દર્પ્પણપૂજા દર્શન કારણ, જિનપૂજી તમે આપ તરો રે ॥ શુદ્ધ૦ ॥૧॥ એ આંકણી ॥ શુદ્ધ દેવ મનમાંહે ધરીને, ચિત્તદર્પ્પણશું આપ જૂઓ રે ॥ ગુરૂ ઉપદેશ ધર્મ ચિત્ત ધારી, પરપરિણતિ તુમે આપ ખૂઓ રે ॥ શુદ્ધ૦ ॥૨॥ ચેતન ઋદ્ધિ અનંત ધરાવે, દર્શન વિણ ઋદ્ધિ આપ ખૂએ રે ॥ દર્પ્પણપૂજા કરત જિનવરકી, તબ નિજ ઋદ્ધિ આપ જૂએ રે ॥ શુદ્ધ૦ ॥ ૩ ॥ એહવિધ પૂજા કરત જિનવરકી, ચેતન આવરણ સર્વ મટે રે ॥ શુદ્ધ દશા દર્પ્પણપૂજાથી, અશુભદશા તસ સર્વ કટે રે ॥ શુદ્ધ૦ ॥ ૪ ॥

॥ ઇતિ ષોડશ દર્પ્પણપૂજા સમાપ્ત ॥ ૧૬ ॥

॥ अथ सप्तदश नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

વિવિધ યુક્તિ પકવાન્નશું, લેઈ ચિત્ત ઉદાર ॥
અણાહારિપદ પામવા, વિનવું વારંવાર ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ પૂર્વી સોરઠ રાગેણ ગીયતે ॥

જિણંદરાય ! નૈવેદ્યથાલ ભરી રી ॥ જિણંદ૦ ॥ નૈ૦ ॥ હેમપાત્ર ભરી વિવિધશું રે, કંસાર શીંગ ધરી રી ॥ જિ૦ ॥ ॥ નૈ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ઘેબર ફીણી પેંડા પતાસાં, સાકરપાક કરી રી ॥ ખાજાં ખુરમાં ખાંતશું લાવો, ખીર ખાંડ ઘૃતશું પુરી રી ॥ જિ૦ ॥ નૈ૦ ॥ ૨ ॥ શાલ દાલ શુભ સાલણાં રે, શાક પાક કરી જેહ ॥ એહવિધિ નૈવેદ્ય થાલ ભરીને, અણાહારિપદ લિયે તેહ ॥ જિણંદરાય ॥ નૈવેદ્ય૦ ॥ ૩ ॥

॥ ઇતિ સપ્તદશ નૈવેદ્યપૂજા સમાપ્ત ॥ ૧૭ ॥

॥ अथ अष्टादश फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પૂજા કરતાં નીપજે, તરૂવર સીંચે જેમ ॥
તરૂવર ફળ જેમ આપશે, પૂજાફળ હોય તેમ ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ સોરઠી તથા આશાવરી રાગેણ ગીયતે ॥

ભવિ ભાવે શ્રી ફળપૂજા કરો ॥ ભવિ૦ ॥ જેમ હોયે ફળ અનંત રે ॥ ભવિ૦ ॥ વિવિધજાતિ ફળ ગ્રહી જિન આગે, કીજે નિર્મળ ચિત્ત રે ॥ ભવિ૦ ॥૧॥ એ આંકણી ॥ દાડિમ દ્રાખ ખારેક અખોડ, પૂંગીફળ મનરંગે રે ॥ કદલી બદામ મિષ્ટાંગ લીંબુ, પૂજીજે જિનસંગે રે ॥ ભવિ૦ ॥ ૨ ॥ ઇંદ્રાદિક વળી પૂજા કારણ, ફળ લાવે ધરી રાગે રે ॥ ફળપૂજા કરતાં મનશુદ્ધે, શિવફળ પ્રભુપેં માગે રે ॥ ભવિ૦ ॥ ૩ ॥

॥ ઇતિ અષ્ટાદશ ફલપૂજા સમાપ્ત ॥ ૧૮ ॥

॥ अथ एकोनविंशति गीतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ઇંદ્ર ઇંદ્રાણી તે મળી, ગાવે ગીત રસાળ ॥
તાલ મૃદંગ વાજિંત્રશું, પ્રભુ ગુંથી ગુણમાળ ॥ ૧ ॥

॥ ધ્રુવપદં ॥ સોરઠી રાગેણ ગીયતે ॥

પ્રભુ ગુણધ્યાન કરે જે સુરપતિ, ગાવે ધરી આણંદો રે ॥ ધન્ય ભાગ્ય ધન્ય આજ હમારો, દુરિત સકલ નિકંદો રે ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ ગાજતિ વાજતિ ઇંદ્રિ દદામા, શ્રીમંડલ ઘનઘોર રે ॥ સાત સ્વર તિન ગ્રામ મૂર્છના, ગીત ગાયે રંગ રોલ રે ॥ પભુ૦ ॥ ૨ ॥ ઇંદ્રિ ઇંદ્રાણી ગાય સ્વર મધુરે, પ્રભુ-ગુણ ચિત્તમેં ધરતા રે ॥ તેમ ભવિકજન પ્રભુગુણ ગાતાં, દુરિત તિમિર સવિ હરતા રે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥

॥ ઇતિ એકોનવિંશતિ ગીતપૂજા સમાપ્ત ॥ ૧૯ ॥

॥ अथ विंशति नाटकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સૂરિયાભાદિક જેમ કરે, નાટકપૂજા જેહ ॥
નાટક પ્રભુ આગળ કરી, કર્મ ખપાવે તેહ ॥ ૧ ॥

॥ સોરઠ રાગેણ ગીયતે ॥

સરસ નાટક કરી, શુદ્ધ ભાવજ ધરી, કરી નિજ આ-તમા મતિઅ સારી ॥ એકશત આઠ કુમર, કુમરી કરથી

કરે, વિવિધ સંગીત વાજિંત્ર ધારી ॥ સરસ૦ ॥૧॥ શોલ શ્રૃં-ગાર કરી, કુમરી નાચતી વલી, થૈયાં થૈયાં થેઈયાં કરંતી ॥ દેખાવતી હસ્તગત, ઘૂઘરીનાદશું, ઘૂટણ દેઈ ભમરિય ફરંતી ॥ સરસ૦ ॥ ૨ ॥ વિવિધ પ્રકાર એમ, નાટક કરતી, લાજ મર્યાદ મનમાં ધરંતી ॥ એહવિધ ભવિકજન, નાટક કરતાં, સંસારસમુદ્ર વહેલાં તરંતી ॥ સરસ૦ ॥ ૩ ॥

॥ ઇતિ વિંશતિ નાટકપૂજા સમાપ્ત ॥ ૨૦ ॥

॥ अथ एकविंशति वाजिंत्रपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સમોસરણ દેવે રચ્યું, થાપી શ્રી જિનરાજ ॥
વાજિંત્રની પૂજા કરી, સાધે વાંચ્છિત કાજ ॥ ૧ ॥

॥ ધન્યાશ્રી રાગેણ ગીયતે ॥

સમવસરણ સુરરચિત સિંહાસન, વાજિંત્રપૂજા સાર રે ॥ દેવદુંદુભિ મહુવર ભેરી, વીણા વંસી જયકાર રે ॥ સ૦ ॥ ॥૧॥ એ આંકણી ॥ ઢોલ નિશાલ કંસાલ તાલશું, શરણાઈ રણકારો રે ॥ ભુંગલ ભેરી અંબર ગાજે, કહે જગ તુંહી આધારો રે ॥ સ૦ ॥ ૨ ॥ વાજિંત્ર વાજે દે આશિષો, કહે પ્રભુ તું જગદીવો રે ॥ દિયે આશિષ વાજિંત્ર સવિ બોલે, કહે પ્રભુ તું ચિરંજીવો રે ॥ સમવસરણ૦ ॥ ૩ ॥

॥ ઇતિ એકવિંશતિ વાજિંત્રપૂજા સમાપ્ત ॥ ૨૧ ॥

॥ અથ કળશ ॥

થુણિયો થુણિયો રે, પ્રભુ ચિત્ત અંતરમેં થુણિયો ॥ ત્રણ્ય ભુવનમાં નહીં તુજ તોલે, તે મેં મનમાં ધરિયો રે ॥ પ્રભુ૦ ॥ ॥ ૧ ॥ એ આંકણી ॥ એકશત પંચ કવિત કરી અનુપમ, તુજ ગુણ ગુંથી ગુણીયો ॥ ભવિકજીવ તુજ પૂજા કરતાં, દુરિત તાપ સવિ ટળિયો રે ॥ પ્રભુ૦ ॥૨॥ એણી વિધ એકવીશ પૂજા કરતાં, શિવસુખફળ સહુ મળિયો ॥ સકલ મુનિશ્વર કાઉસ્સગ્ગ ધ્યાને, ચિદાનંદશું ભળિયો રે ॥ પ્રભુ૦ ॥ ॥ ૩ ॥ શ્રી તપગચ્છે દિનકર શોભે, વિજયદાન ગુરૂ ગુણિયો ॥ શ્રી હીરવિજય પ્રભુધ્યાને ધ્યાતાં, હેમ હીરો જેમ જડીયો રે ॥ પ્રભુ૦ ॥ ૪ ॥ ઇતિ કળશ ॥

॥ ઇતિ શ્રી સકલચંદજી ઉપાધ્યાય કૃત
એકવીશપ્રકારીપૂજા સમાપ્ત ॥

અથ

શ્રી સકલચંદજી ઉપાધ્યાય કૃત

સત્તરભેદીપૂજા પ્રારંભ.

॥ વિધિ ॥

પ્રથમ સ્નાત્ર કરે, પછી અષ્ટપ્રકારી પૂજા કરે, ઉજ્જવલ રૂપા પ્રમુખની રકેબીમાં કુંકુમ તથા કેશર વિગેરેનો સ્વસ્તિક કરે. પછી

સુંદર કળશ, કેશર પ્રમુખ મિશ્રિત શુદ્ધજળે ભરી સ્થાપનાનો રૂપૈયો કળશમાં નાંખે. પછી કળશ રકેબીમા રાખી સ્નાત્રીયા મુખકોશ ઉત્તરાસગથી કરી ત્રણ નવકાર ગણી નમસ્કાર કરે, હાથે ધૂપ દેઇ રકેબી હાથમા ધારણ કરે, મન સ્થિર રાખે, છીંક વર્જન કરે, સ્નાત્રીયા પ્રભુજી સન્મુખ ઉભા રહે, પંચામૃતનો કળશ અડગ્ર રાખે, અને મુખથકી પહેલી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પછી પ્રભુને પચામૃતનું ન્હવણ કરે તથા પ્રભુની ડાબી બાજુને અંગુઠે જળધારા આપે.

૨ પછી સુદર સૂક્ષ્મ અગલૂહણે જિનબિંબ પ્રમાર્જી કેશર, ચંદન, મૃગમદ, અગર, કર્પૂરાદિકથી કચોલી ભરી હાથમાં લઇ ઉભો રહીને મુખથકી બીજી પૂજાનો પાઠ ભણે, તે ભણીને વિલેપન કરી નવ અગે પૂજન કરે.

૩ પછી અત્યત સુકોમલ સુગધિત અમુલક વસ્ત્રયુગ્મ ઉપર કેશરનો સ્વસ્તિક કરી, પ્રભુજી આગળ ઉભો રહી, મુખથકી ત્રીજી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પ્રભુજી આગળ વસ્ત્રયુગ્મ ચઢાવે.

૪ પછી અગરચદન, કપૂર, કુંકુમ, કસ્તુરીનું ચુર્ણ કરી, કચોલી ભરી, પ્રભુ આગળ ઉભો રહી, મુખથકી ચોથી પૂજાનો પાઠ ભણે, તે ભણીને વાસચુર્ણ બિબ ઉપર છાટે. જિનમદિરમાં ચુર્ણ ઉછાળે.

૫ પછી ગુલાબ, કેતકી, ચંપો, કુદ, મચકુદ, સોવનજાતિ, જૂઇ, વિઉલસરી, ઇત્યાદિ સુગધયુક્ત પચવર્ણ ફુલ લેઇ, ઉભો રહી, મુખથકી પાચમા પૂજાનો પાઠ ભણે, તે ભણીને, પંચવર્ણ ફુલ ચઢાવે.

૬ પછી નાગ, પુન્નાગ, મરુઓ, દમણો, ગુલાબ, પાડલ,

મોગરો, સેવત્રી, ચબેલી, માલતી પ્રમુખ પંચવર્ણના કુસુમની સુંદર માળા ગુંથીને હાથમાં લેઇ ઉભો રહી છઠ્ઠી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પ્રભુને કંઠે ફુલની માળા પહેરાવે.

૭ પછી પંચવર્ણ ફુલની કેશરથી આગી રચી, હાથમા લેઇ મુખથકી સાતમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને સુગંધિત પુષ્પે કરી, અત્યંત ભક્તિયે સહિત ભગવંતના શરીરે આંગી રચે.

૮ પછી ઘનસાર, અગર, સેલારસ પ્રમુખ સુગંધવટી ઇત્યાદિક સુગંધચુર્ણ રકેબીમાં નાંખી, હાથમા લઈ પરમેશ્વર આગળ ઉભો રહી, મુખથકી આઠમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પ્રભુજીને સુગંધિચૂર્ણ ચઢાવે.

૯ પછી સધવા સ્ત્રીઓ એકઠી થઇને, પંચવર્ણી ધ્વજા, ધૂપ સહિત સુવર્ણમય દંડે કરી સંયુક્ત, ઉજ્જ્વલ થાળમા કુંકુમનો સ્વસ્તિક કરી અક્ષત, શ્રીફળ, રૂપાનાણુ ધરીને તે થાળમા ધ્વજા ધારણ કરે. પછી તે સધવા સ્ત્રીના મસ્તકે રાખી ગીતગાન ગાતા સર્વ જાતિનાં વાજિંત્ર વાજતા, ત્રણ પ્રદક્ષિણા આપે. પછી ધ્વજા ઉપર ગુરૂ પાસે વાસક્ષેપ કરાવે. પ્રભુ સન્મુખ ગહુંળી કરે. ઉપર અક્ષતથી સ્વસ્તિક કરે. સોપારી ચઢાવી મુખથકી નવમી પૂજાનો પાઠ ભણે, તે પાઠ ભણી ધ્વજા ચઢાવે.

૧૦ પછી પીરોજા, નીલમ, લસણીયા, મોતી માણેકથી જડેલા એવા મુકુટ, કુંડલ, હાર, તિલક, બહેરખા, કંદોરા, કડાં ઇત્યાદિક આભરણ લેઇ મુખથકી દશમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને આભરણ તથા રોકડનાણું ડબલ ચઢાવે.

૧૧ પછી કોલ, અંકોલ, કુંદ, મચકુંદ, એવાં સુગંધિત પુષ્પોનું ગૃહ બનાવી, છાજલી, ગોખ, કોરણી પ્રમુખની રચના

કરી, હાથમાં લેઇ મુખથકી અગીઆરમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને ફુલઘર ચઢાવે, ફુલની ચદનમાળા, ફુલના ચદ્રવા, પુંઠીયા પ્રમુખ બાંધે.

૧૨ પછી પચવર્ણ સુગધિત પુષ્પ લેઇ, ફુલનો મેઘ વરસાવતો બારમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પુષ્પ ઉછાળે.

૧૩ પછી અખડ તંદુલને રગી, પચવર્ણ કરી, એક થાળમા દર્પણ, ભદ્રાસન, નંદાવર્ત્ત, શરાવસપુટ, પૂર્ણકુંભ, મત્સ્યયુગ્મ, શ્રીવત્સ, વર્દ્ધમાન અને સ્વસ્તિક, એ અષ્ટ માગલિક રચી, તે થાળ હાથમા લેઇ પ્રભુજીની આગળ ઉભો રહી તેરમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને રૂપાનાણે સયુક્ત તે થાળ પ્રભુજી આગળ ધરે.

૧૪ પછી કૃષ્ણાગરૂ, કુદરૂક, સેલારસ, સુગધબટી, ઘનસાર, ચંદન, કસ્તૂરી, અબર ઇત્યાદિક વસ્તુનું ધૂપધાણુ રકેબીમાં ધરી મુખથકી ચૌદમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને ધૂપધાણુ ઉખેવે.

૧૫ પછી સુદર સ્વરૂપવાન એવાં કુમાર કુમારિકાઓ મધુર સ્વરે પ્રભુજીની આગળ ઉભાં થકાં ગીત ગાન કરે, અને મુખથકી પદરમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પદરમી પૂજા કરે.

૧૬ પછી પંચેદ્રિયે પરિપૂર્ણ એવાં સુદર કુમાર અને કુમારિકાઓ અથવા સમાન અવસ્થાવાળી સધવા સ્ત્રીઓ અથવા એકલી કુમારિકાઓ સુંદર વસ્ત્ર આભૂષણ પહેરી, પ્રભુની સન્મુખ ઉભી રહી, શકા કાંક્ષારહિત નાટક કરે, કદાપિ સ્ત્રીયોનો યોગ ન બને તો સમાન અવસ્થાવાળા પુરૂષ મળી નાટક કરતા થકા મુખથકી સોલમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને સોલમી પૂજા કરે.

૧૭ પછી મદ્દલ, કંસાલ, તબલ, તાલ, ઝાંગ, વેણા, સતાર,

તૂરી, ભેરી, ફેરી, દુંદુભિ, શરણાઇ, ચંગ, નફેરી પ્રમુખ સર્વ જાતિનાં વાજિંત્ર બજાવતા થકા મુખથકી સત્તરમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને સત્તરમી પૂજા કરે.

પછી આરતિ કરે. તેનો વિધિ કહે છે.—પૂજા ભણી રહ્યા પછી સર્વ વસ્ત્રપ્રમુખ પહેરી, ઉત્તરાસંગ કરે. પછી અંતરપટ કરી પોતાને લલાટે કુંકુમનું તિલક કરે, પછી અંતરપટ દૂર કરી, રકેબીમાં સ્વસ્તિક કરી માહે રૂપાનાણુ, તંદુલ, સોપારી ધરે. પછી આરતિ દીપક સાથે સંયોજીને પ્રભુની સન્મુખ દક્ષિણાવર્ત્તથી સર્વ વાજિંત્ર વાજતાં આરતિ કરે.

॥ ઇતિ સત્તરભેદીપૂજા વિધિઃ ॥

॥ દોહા ॥

અરિહંત મુખકજ વાસિની, ભગવતિ ભારતિ દેવિ ॥
સમરિય પૂજાવિધિ ભણું, તું મુજ મુખપદ સેવિ ॥૧॥

॥ આર્યા, ગાથા ॥

ન્હવણ વિલેપન અંગે, ચખુ જુઅલં ચ વાસ પૂઆએ ॥ પુપ્ફા રોહણ માલા, રોહણં તહ વન્ણયારોહણં ॥ ૧ ॥ ચુન્નારોહણ જિણપું, ગવાણ (જઝયારોહણ) આહરણરોહણં ચેવ ॥ પુપ્ફગિહ પુપ્ફપગરં, આરત્તી મંગલ પઇવો ॥ ૨ ॥ દીવો ધૂવખ્ખેવા, નેવજ્જ સુહ ફલાણ ઢોવણયં ॥ ગીયં નટ્ટં વજ્જં, પૂયા ભેયા ઇમે સત્તર ॥ ૩ ॥

॥ प्रथम न्हवणपूजा प्रारंभ ॥

॥ ઢાળ રત્નમાળાની ॥ દેશાખરાગેણ ગીયતે ॥

પ્રથમ પૂરવ દિશે, કૃત શુચિ સ્નાનકો, દંતમુખ શુદ્ધકો, ધોતિ રાજી ॥ કનક મણિ મંડિત, વિશદ ગંધોદકે, ભરિય મણિ કનકની, કલશરાજી ॥ ૧ ॥ જિનપભવનં ગતો, ભગવદાલોકિને, નમતિ તં પ્રથમતો, માર્જતીશં ॥ દિવિ યથેંદ્રાદિક સ્તીર્થ ગંધોદકે, સ્નપયતિ શ્રાવકો તિમ જિનેશં ॥ ૨ ॥

॥ ગીત ॥ રાગ અડાણો, મલ્લાર—કેદારમિશ્રિત ॥

ભવિ તુમ દેખો, અબ તુમ દેખો, સત્તરભેદ જિનભક્તિ ॥ અંગ ઉપંગ કહી જિન ગણધર, કુગતિ હરી દે મુક્તિ ॥ ભવિ તુમ૦ ॥ ૧ ॥ શુચિતનુ ધોતિ ધરી ગંગોદક, ભરી મણિ (કનક) ની કલશાલિ ॥ જિન દીઠે નમી પૂજી પખાળી, દે નિજ પાતક ગાળી ॥ ભવિ તુમ૦ ॥ ૨ ॥ સમકિત શુદ્ધ કરી દુઃખહરણી, વિરતાવિરતિ કરણી ॥ યોગીસર પણ ધ્યાને સમરી, ભવસમુદ્રકી તરણી ॥ ભવિ તુમ૦ ॥ ૩ ॥ દેખાવતી નહીં કબહું વૈતરણી, કુમતીકું રવિભરણી ॥ સકલ મુનીસરકું શુભ લહરી, શિવમંદિર નીસરણી ॥ ભવિ તુમ૦ ॥૪॥

॥ ઇતિ પ્રથમ ન્હવણપૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय चंदनविलेपनपूजा प्रारंभ ॥

॥ ઢાળ જયમાલાની ॥ રામગ્રી રાગેણ ગીયતે ॥

આવના ચંદના, સરસ ગોસીસમા, ઘસિય ઘનસારશું

કુંકુમા એ ॥ કનકમણિ ભાજનાં, સુરભિરસ પૂરિયાં, તિલક નવ પ્રભુ કરો, અંગમાં એ ॥૧॥ ચરણ જાનુ કરે, અંસ શિર ભાળ ગળે, કંઠ હૃદિ ઉદર જિન, દાજીયે એ ॥ દેવના દેવનુ, ગાત્ર વિલેપતાં, હર પ્રભુ દુરિત, કહી લીજીયે એ ॥ ૨ ॥

॥ ગીત ॥ રાગ ટોડી, અથવા વૈરાડી ॥

તિલક કરો પ્રભુ નવ અંગે, કુંકુમ ચંદન ઘસી શુચિ ઘનસાર ॥ પ્રભુ પગે જાનુ કર અંસ શિર ભાલ, ગળ કંઠી હૃદિ ઉદરેં ચાર ॥ અહો ભાલ ગળ કંઠ હૃદિ ઉદરેં ચાર, સ્વયં પૂજાકાર ॥તિલક૦॥૧॥ કરિય યક્ષ કર્દમ અગરચુઓ મર્દન, લેપો મેરે જગગુરૂ ગાત ॥ હરિ જિમ મેરૂપર ઋષભક્રી પૂજા કરી, દેખાવતી કૌતુક ઓર ઓર ભાતિ ॥તિલક૦॥ ॥૨॥ હમેં તુમ તન લીંપ્યો, તોભી ભાવ નાંહી છીપ્યો, દેખો પ્રભુ વિલેપનક્રી બાત ॥ હરિયો હમ તાપ, એ દૂજી પૂજા વિલેપનક્રી, હરો દુરિતકું શુચિ ક્રીનો ગાત ॥ તિલક૦ ॥ ૩ ॥

॥ ઇતિ દ્વિતીય ચંદનવિલેપનપૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय चक्षुयुगलपूजा प्रारंभ ॥

॥ રામગ્રી રાગેણ ગાયતે ॥

તિમિર સંકોચનાં, રયણનાં લોચનાં, એમ કહી જિન મુખે, ભવિક થાપો ॥ કેવળજ્ઞાન ને કેવળદર્શન, લોચન દોય હમ, દેવ આપો ॥ ૧ ॥ અહવ પાઠંતરે ત્રીજીય પૂજામાં, ભુ-

વન વૈરોચન, જિનપ આગે ॥ દેવ ચીવર સમું, વસ્ત્ર યુગ પૂજતાં, સકલ સુખ સ્વામિની, લીલ માગે ॥ ૨ ॥

॥ ગીત ॥ રાગ અધરસ ॥

રયણ નયણ કરી દોય લે કે, મેરે પ્રભુમુખ દીજે ॥ કેવળ જ્ઞાન ને કેવળદર્શન, હમપર કૃપા કર પ્રસાદ કીજે ॥રયણ૦॥ ॥ ૧ ॥ દેવદુષ્યસમ વસ્ત્ર જોડ અહવા, ત્રીજી પૂજા કીજે ॥ ઉપશમ રસ ભરી નયણ કટોરડે, દેખી દેખી પ્રભુમુખ દીજે ॥ રયણ૦ ॥ ૨ ॥

॥ ઇતિ તૃતીય ચક્ષુયુગલપૂજા તથા વસ્ત્રયુગલ દેવદુષ્ય વસ્ત્ર, (અંગલૂહણાં) એ પૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ वासपूजा प्रारंभ ॥

॥ રામગ્રી રાગેણ ગીયતે ॥

નંદન વનતણાં, બાવના ચંદનાં, વાસ વિધિ ચૂરણ, વિરચિયાં એ ॥ જાઈ મંદારશું, શુદ્ધ ઘનસારશું, સુરભિસમ કુસુમશું ચરચિયાં એ ॥ ૧ ॥ ચઉથીય પૂજમાં, સુગંધ વાસે કરી, જે જિન સુરપતે, અરચિયાં એ ॥ પ્રભુતણે અંગ, મન રંગ ભરી પૂજતાં, આજ ઉચ્ચાટ સવિ ખરચિયા એ ॥ ૨ ॥

॥ ગીત ॥ રાગ રામગ્રી ॥

સૂનો જિનરાજ, તવ મહનં ॥ એ આંકણી ॥ ઇંદ્રાદિક પરે કિમ હમ હોવત, તોભી તુમ સબ સહનં ॥ સૂનો૦ ॥૧॥

સત્તરભેદે દ્રુપદરાયકી, કુમરી પૂજતિ અંગે ॥ જેમ સૂરિયાભ સુરાદિક પ્રભુને, પૂજત ભવિ મન રંગે ॥સૂનો૦॥૨॥ વિવિધ સુગંધિત ચૂરણવાસં, મુંચતિ અંગ ઉવંગે ॥ ચઉથીય પૂજ કરત મન જાનત, મિલાવતિયા સુખ સંગે ॥ સૂનો૦ ॥ ૩ ॥

॥ ઇતિ ચતુર્થ સુગંધવાસપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम पुष्पपूजा प्रारंभ ॥

॥ આશાવરી રાગેણ ગીયતે ॥

મોગરલાલ ગુલાબ માલતી, ચંપક કેતકી વેલી ॥ કુંદ પ્રિયંગુ નાગવર જાતિ, બોલસિરી શુચિ મેલી ॥ મો૦ ॥૧॥ ભૂમંડલ જળ મોકલે ફુલે, તે પણ શુદ્ધ અખંડે ॥ જિનપદ પંકજ જેમ હરિ પૂજે, તેણીપેરે ભવિ તું મંડે ॥ મો૦ ॥૨॥

॥ ગીત ॥ રાગ નૃત્યકી, આશાવરી નટ, તથા શ્રીરાગ ॥

પારગ તેરે પદપંકજપર, વિવિધ કુસુમ સોહે ॥ હાંરે વિવિધ કુસુમ સોહે ॥ ઓર દેવનકું આક ધતુરે, તુજ સમો નહીં કોહે ॥ પારગ૦ ॥ ૧ ॥ વિવિધ કુસુમજાતિશું જબ, પંચમી પૂજા પૂજે ॥ તબ ભવિજનકે રોગ શોગ, સવિ ઉપદ્રવ ધ્રુજે ॥ પારગ૦ ॥ ૨ ॥

॥ ઇતિ પંચમ પુષ્પપૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ अथ षष्ठ पुष्पमालपूजा प्रारंभ ॥

॥ દેશાખ રાગેણ ગીયતે ॥

ચંપકાશોગ પુન્નાગ વર મોગરા, કેતકી માલતી મહમ-

હંતી ॥ નાગ પ્રિયુંગુ શુચિ કમલ સુબોલસિરી, વેલિ વાસં-તિકા દમન જાતિ ॥ ૧ ॥ કુંદ મચકુંદ નવમાલિકા વાલકો, પાડલ કોમલ કુસુમ ગુંથી ॥ સુરભિવર દામ જિનકંઠે બેઠી વદે, ભ્રમર મુખ હું તુમ્હે સુખી મુંથી ॥ ૨ ॥

॥ ગીત ॥ રાગ સબાબ ॥

કંઠપીઠે દામ દીઠે પ્રભુ હમે રે પાપ નીઠે, જ્યું શશી દેખત જાય તન તાપ ॥ પંચવર્ણી સબ કુસુમકી કંઠ ઠવી, ગગને સોહતી જેસેં સુરપતિ ચાપ ॥ કંઠ૦ ॥ ૧ ॥ લાલ ચંપ ગુલાલવેલી, જાઈ મોગર દમન ભેલી ॥ ગુંથી વિવિધ કુસુમ સબ જાતિ, છકી માલ ચડે દિશિ વાસતી ॥ તવ સુર વધૂપરેં નરવધૂ ગાતી ॥ કંઠ૦ ॥ ૨ ॥

॥ ઇતિ ષષ્ઠ પુષ્પમાલપૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम कुसुमआंगीरचनारूपपूजा प्रारंभ ॥

॥ ગોડી રાગેણ ગીયતે ॥

સાતમી પૂજામાં વરએક ફુલશું ભવિ કરે એ ॥ ચંપક દમણલો મરૂઓ જાસુલશું ચિત્તરે એ ॥ આંગીય કેતકી વિચ વિચ શોભતી દેખીયેં એ ॥ આંગીય મિશ શિવનારી ને કાગળ લેખીયેં એ ॥ ૧ ॥

॥ ગીત ॥ રાગ માલવી–ગોડી ॥

કુસુમ જાતિ આંગી મન ખંતે, પંચવર્ણની જાતે રે ॥ માંહે વિવિધ કથીપા ભાતે રે ॥ સૂરિયાભાદિ કરે જિન પૂજા,

સકલ સુરાસુર ગાતે રે ॥ કુસુમ૦ ॥૧॥ ચંપકશું દમણો મ-નરમણો, સંજારાગ જ્યું શ્યામા રે ॥ પંચ વર્ણ આંગી પ્રભુ અંગે, રચયતિ જ્યું સુરરામા રે ॥ ઋષભ કૂટી ચક્રી નામા રે ॥ કુસુમ૦ ॥ ૨ ॥

॥ ઇતિ પંચવર્ણ કુસુમજાતિ આંગીરચના રૂપ
સપ્તમ પૂજા સમાપ્ત ॥ ૭ ॥

(હમણાં પણ તે સંપ્રદાયે વિવિધ જાતિનાં ફુલની આંગી કરતા દેખાય છે.)

॥ अथ अष्टम चूर्णपूजा प्रारंभ ॥

॥ કેદાર, કમોદ, કલ્યાણ રાગેણ ગીયતે–દોહા ॥

ઘનસારાદિક ચૂરણું, મનહર પાવન ગંધ ॥ જિનપતિ અંગ સુપૂજતાં, જિનપદ ભવિ કરે બંધ ॥૧॥ અગર ચૂઓ અતિ મર્દિયો, હિમવાલુકા સમેત ॥ દશ દિશિ ગંધે વાસતાં, પૂજો જિનપદ હેત ॥ ૨ ॥

॥ ગીત ॥ રાગ કાનડો ॥

ચૂરોરી માઈ જિનવર અંગ સાર કપૂરે ॥ સબ સુખ પૂ-રણ ચૂરણ ચર્ચિત, તનુ ભરી આણંદ પૂરે ॥ ચૂરોરી૦ ॥૧॥ પાવન ગંધિત ચૂરણ ભરશું, મુંચતિ અંગ ઉવંગે ॥ આઠમી પૂજ કરત તિમ ભવિજન, મિલાવતીયા સુખ સંગે ॥ ચૂરો-રી૦ ॥ ૨ ॥

॥ ઇતિ અષ્ટમ ચૂર્ણપૂજા સમાપ્ત ॥ ૮ ॥

(યદ્યપિ વાસપૂજા પહેલી પણ છે, પરંતુ તે વાસ ચંદનનોજ જાણવો, અને આ ચૂર્ણપૂજા તે વાસ વિના બીજા સુગંધદ્રવ્ય કર્પૂરાદિકની છે.)

॥ अथ नवम ध्वजपूजा प्रारंभ ॥

॥ ગોડી રાગ—વસ્તુ છંદ—જાફરતાલેન ગીયતે ॥

દેવનિર્મિત દેવનિર્મિત, ગગને અતિ ઉતુંગ ॥ ધર્મધ્વજા જન મનહરણ, કનક દંડગત સહસ્સ જોયણ, રણઝણંત કિંકિણી નિકર ॥ લઘુપતાકયુત, નયનભૂષણ, જેમ જિન આગળ સુર વહે ॥ તેમ નિજ ધન અનુસાર, નવમી પૂજા ધ્વજતણી, કહે પ્રભુ તું હમ તાર ॥ ૧ ॥

॥ ગીત ॥ રાગ ગોડી નટ ॥

માઈ સહસ્સ જોયણ દંડ ઉંચો, જિનકો ધ્વજ રાજે ॥ લઘુપતાક કિંકિણીજૂત, પવન પ્રેરિત વાજે ॥ માઈ૦ ॥ ૧ ॥ સુરનર મનમોહન સોહન, જેમ સુરધ્વજ કીનો ॥ તેમ ભવિ ધ્વજપૂજા કરતાં, નરભવફળ લીનો ॥ માઈ૦ ॥ ૨ ॥

॥ ઇતિ નવમ ધ્વજપૂજા સમાપ્ત ॥ ૯ ॥

॥ अथ दशम आभूषणपूजा प्रारंभ ॥

॥ ગોડી—ધવલરાગેણ ગીયતે ॥

લાલવર હીરડા, પાંચ પીરોજડા, વિધિ જડ્યા એ ॥ મોતીય નીલુઆ, લસણિયા ભૂષણા, તિહાં ચડ્યા એ ॥ કાને રવિમંડળ, સમ જિન કુંડળ, દીજીયે એ ॥ અંગદ રયણ-

નો, મુકુટ કંઠાવલિ, કીજીયે એ ॥ ૧ ॥

॥ ગીત ॥ રાગ ગોડી ત્રિતાલ ॥

મુકુટ દીયો કનક ઘડ્યો, રયણ જડ્યો, જિનવર શીશ ॥ ઉરવર હાર રચિત કહે ભૂષણ, દૂષણ હર જગદીશ ॥ મુકુટ૦ ॥ ૧ ॥ લાલડે ખરે હીરે, પાંચ મોતીયન રયણજડે દો કુંડળ ॥ અંગદ જડિત સિંહાસન ચામર, દિઓ પદ લિયો આખંડલ ॥ મુકુટ૦ ॥ ૨ ॥

॥ ઇતિ દશમ આભૂષણપૂજા સમાપ્ત ॥ ૧૦ ॥

॥ अथ एकादश कुसुमगृहपूजा प्रारंभ ॥

॥ કેદાર–ગોડી રાગેણ ગીયતે ॥

વિવિધ કુસુમે રચ્યું, વિશ્વકર્મ્મા સચ્યું, કુસુમગેહં ॥ રૂચિરસમ ભાગશું, સુરવિમાના જિશ્યું, રયણરેહં ॥ ૧ ॥ તોરણ જાશું, કુસુમની માળશું, શોભતું એ ॥ ગુચ્છં ચંદ્રોદય, ઝુંમખાવૃંદ જે, થોભતું એ ॥ ૨ ॥

॥ ગીત ॥ રાગ કેદારો અને બિહાગ ॥

મેરો મન રમ્યો જિનવર કુસુમઘરે, હાંરે કુસુમઘરે ॥ મેરો૦ ॥ વિવિધ જુગતિવર કુસુમકી જાતિ ભાતિ, જેસી અમર ઘરે ॥ મેરો૦ ॥ ૧ ॥ કુસુમ ઝુમખ ચંદ્રોદય તોરણ, જાલિક મંડપ ભાગ ॥ એકાદશમી પૂજા કરતાં, અવિચળ પદ ભવિ માગ ॥ મેરો૦ ॥ ૨ ॥

॥ ઇતિ એકાદશ કુસુમગૃહપૂજા સમાપ્ત ॥ ૧૧ ॥

॥ अथ द्वादश कुसुममेघपूजा प्रारंभ ॥

॥ મલ્લાર રાગેણ ગીયતે ॥

પંચવર વરણનો, વિબુધ જેમ કુસુમનો, મેઘ બરસે ॥ ભ્રમર ભ્રમરીતણાં, યુગલ રસિયાં ફરે, ત્રિજગ હરશે ॥ ૧ ॥ પગરવર ફુલનો, પંચવર્ણો કરી, સુકૃત તરશે ॥ બારમી પૂજામાં, હર્ષ તેમ જેમ મળે, કનક પરસે ॥ ૨ ॥

॥ ગીત ॥ રાગ મેઘમલ્લાર ॥

મેહુલા જ્યું મળી વરસે, કરો ફુલપગર હર્ષે ॥ મેહુ૦ ॥ પંચવર્ણ જાનુમાને, સમવસરણ જેમ સુર મળી, તેમ કરે શ્રાવક લોક, દ્વાદશામી એમ જિન પૂજતાં, જન મન મુદ પરસે ॥ મેહુલા૦ ॥ ૧ ॥ ભમરપેં કહાવતી ઉડતે, જાનુ અધોવૃંદ પડતે, તાણ અધોગતિ નાંહીં, જો હમપરે પ્રભુ આગળ પડે ॥ હમપરે તસ નહીં પીડા, કુસુમપુંજ કહે સુખ લહે, દિન દિન જશ ચઢતે ॥ મેહુલા૦ ॥ ૨ ॥

॥ ઇતિ દ્વાદશ કુસુમમેઘપૂજા સમાપ્ત ॥ ॥ ૧૨ ॥

॥ अथ त्रयोदश अष्टमांगलिकपूजा प्रारंभ ॥

॥ વસંત રાગેણ ગીયતે ॥

રયણહીરા જિશાં, શાલિવર તંદુલા, વર ફળ્યા એ ॥ સ્વસ્તિક દર્પ્પણ, કુંભ ભદ્રાસન, શું મળ્યા એ ॥ નંદયાવર્ત્તક, ચારૂ શ્રીવત્સક, વર્દ્ધમાનં ॥ મત્સ્યયુગલં લિખિ, અષ્ટમંગલ અખે, શોભમાનં ॥ ૧ ॥

॥ ગીત ॥ રાગ વસંત ॥

જિનપ આગળ વિરચો ભવિ લોઈ, જસુ દર્શન શુભ હોઈ, જ્યું રે દેખત સબ કોઈ ॥ જિનપ૦ ॥ અતુલ તંદુલ કરી, અષ્ટ મંગલાવલી, તેમ કરો જેમ તુમ ઘરે ફરિ હોઈ ॥ જિનપ૦ ॥ ૧ ॥ સ્વસ્તિક શ્રીવસ્ત, કુંભ ભદ્રાસન, નંદાવર્ત્તક, વર્દ્ધમાનં ॥ મત્સ્યયુગ દર્પણ, તેમ વર ફલગણ, તેરમી પૂજા સબ, કુશલ નિધાનં ॥ જિનપ૦ ॥ ૨ ॥

॥ ઇતિ ત્રયોદશ અષ્ટમાંગલિકપૂજા સમાપ્ત ॥ ૧૩ ॥

॥ अथ चतुर्दश धूपदीपकपूजा प्रारंभ ॥

॥ માલવી ગોડી રાગેણ ગીયતે ॥

કૃષ્ણાગરૂતણું, ચૂરણ કરી ઘણું, શુદ્ધ ઘનસારશું, ભેળીયું એ ॥ કુંદરૂ કોતુર, ફ્રાસુકસ્તૂરિકા, અંબર તગરશું, મેલીયું એ ॥ ૧ ॥ રયણ કંચનતણું, ધૂપધાણું ઘણું, પ્રગટ પ્રદીપશું, શોભતું એ ॥ દશ દિશે મહમહે, અગર ઉખેવતાં, ચઉદમી પૂજા રજ, ક્ષોભતું એ ॥ ૨ ॥

॥ ગીત ॥ રાગ કલ્યાણ ॥

ધૂપી ધૂમાવળી, જિનમુખ દાહિણાવર્ત્ત કરંતી, દેવગતિ સૂચતી ચાલી ॥ ધૂપી૦ ॥ કૃષ્ણાગરૂ અંબર મૃગમદશું, ભેળી તેમ ઘન સારો ॥ ધૂપ પ્રદીપ દશાંગ કરંતાં, ચૌદમી પૂજા ભવિ તારો ॥ ધૂપી૦ ॥ ૧ ॥

॥ ઇતિ ચતુર્દશ ધૂપદીપકપૂજા સમાપ્ત ॥ ૧૪ ॥

॥ अथ पंचदश गीतपूजा प्रारंभ ॥

॥ ત્રીવેણી ગોડી, રાગ ગાથાબંધેન ગીયતે ॥

ગગનનું નહીં જેમ માનં, તેમ અનંતફળ જિનગુણ ગાનં ॥ તાન માન લયશું કરી ગીતં, સુખ દીયે જેમ અમૃત પીતં ॥ ૧ ॥ વીણ વંશ તલ તાલ ઉવંગે, સુરતિ રાખી વરતંતિ મૃદંગે ॥ જયત માન પડતાલિક તાલો, આયત ધરીને પાતક ગાળો ॥ ૨ ॥

॥ ગીત ॥ શ્રીરાગ ॥

તું શુભ પાર નહીં સુયણો, માનાતીત યથા ગયણો ॥ ॥ તું૦ ॥ તાન માન લયશું જિનગીતં, દુરિત હરે જેમ રજ પવણો ॥ તું૦ ॥ ૧ ॥ વંશ ઉપગ તાલ સિરિમંડલ, ચંગ મૃદગ તંતિ વીણો ॥ વાજતિ તાન માન કરી ગીતં, પીતામૃતપરે કર લીનો ॥ તું૦ ॥ ૨ ॥ ગાવતિ સુર ગાયન જેમ મધુરં, તેમ જિન ગુણગણ મણિરયણો ॥ સકલ સુરાસુર મોહન તું જિન, ગીત કહ્યો હમ તુમ નયણો ॥ તું૦ ॥ ૩ ॥

॥ ઇતિ પંચદશ ગીતપૂજા સમાપ્ત ॥ ૧૫ ॥

॥ अथ षोडश नृत्यपूजा प्रारंभ ॥

॥ સોરઠ–મધુમાદન રાગેણ ગીયતે ॥

સરસ વય વેષ મુખરૂપ કુચ શોભતી, વિવિધ ભૂષાંગિની સુરકુમારી ॥ એકશત આઠ સુરકુમર કુમરી તિહાં, વિવિધ વીણાદિ વાજીંત્ર ધારી ॥સરસ૦॥૧॥ અભિનવ હસ્તકી

હાવભાવે કરી, વિવિધ જુગતે બહુ નાચકારી ॥ દેવના દેવને દેવરાજી યથા, કરતિ નૃત્યં તથા ભૂમિચારી ॥ સરસ૦ ॥ ૨ ॥

॥ ગીત ॥ રાગ શુદ્ધ નટ્ટ ॥

એકશત આઠ નાચે, દેવકુમર કુમરી, દોંદોંદોં મુરજ ગુજતી, નાચતી દઈ ભમરી ॥ એક૦ ॥ ૧ ॥ ઘનકુચયુગ હાર રાજિ, કશિ કંચૂકી બંધી ॥ સોલસ સિંગાર શોભિત, વેણી કુસુમગંધી ॥ એક૦ ॥ ૨ ॥ નટ કટિકટ ઠાહ ઠાહ, વિચ પટ્ટિ તાલ વાજે ॥ દેખાવતી જિન હસ્તકી, નૃત્યકી નવિ લાજે ॥ ॥ એક૦ ॥૩॥ તિન તિનાતિ તંતિ વાજે, રણઝુણંતિ વીણા॥ તાંડવ જેમ સુર કરંત, તેમ કરો ભવિ લીણા ॥ એક૦ ॥૪॥

॥ ઇતિ ષોડશ નૃત્યપૂજા સમાપ્ત ॥ ૧૬ ॥

॥ अथ सप्तदश मववाद्यपूजा प्रारंभ ॥

॥ સામેરી રાગેણ ગીયતે ॥

સમવસરણ જેમ વાજાં વાજે, દેવ દુંદુભિ અંબર ગાજે, ઢોલ નિશાન વિશાળ ॥ ભૂંગળ જહ્લરિ પણવ નફેરી, કંસાલા પુડબડી વર ભેરી, શરણાઈ રણકાર ॥ ૧ ॥ મુરજ વંશ સુરતી નવિ મૂકે, સત્તરમી ભવિ પૂજ ન ચૂકે, વીણા વંશ કહે જિન જીવો, આરતિ તેમ મંગળ પઈવો ॥ ૨ ॥

॥ ગીત ॥ રાગ ગુર્જરી ॥

ઘણું જીવ તૂં જીવ જિનરાજ જીવો ઘણું, શંખ સરણાઈ વાજિંત્ર બોલે ॥ મહુઅરી પરિપરિ દેવકી દુંદુભી, હે

નહિ જિન તણે કોઈ તોલે ॥ ધણું૦ ॥ ૧ ॥ ઢોલ નિશાન કંસાલ તલ તાલશું, જલ્લરી પણવ ભેરી નફેરી ॥ વાજતાં દેવ વાજિંત્ર જાણે કહે, સકલ ભવિકો પ્રભો ભવ નફેરી ॥ ધણું૦ ॥ ૨ ॥ એણીપરે ભવિક વાજિંત્ર પૂજા કરી, કહે મુખે તું પ્રભુ ત્રિજગ દીવો ॥ ઇંદ્રિપરે કેમ અમે જિનપપૂજા કરૂં, આરતિ સાખિ મંગળ પઇવો ॥ ધણું૦ ॥ ૩ ॥

॥ ઇતિ સપ્તદશ સર્વવાદ્યપૂજા સમાપ્ત ॥ ૧૭ ॥

॥ અથ કળશ ॥

(ધનાશ્રી રાગેણ ગીયતે)

થુણીયો થુણીયો રે પ્રભુ તું સુરપતિ જેમ થુણિયો ॥ તીન ભુવન મનમોહન લોચન, પરમ હર્ષ તબ જણિયો રે ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ એક શત આઠ કવિત નિત્ય અનુપમ, ગુણ મણિ ગુંથી ગુણિયો ॥ ભવિક જીવ તુમ થય થુઈ કરતાં, દુરિત મિથ્યામતિ ખણિયો રે ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ તપગચ્છ અંબર દિનકર સરિખો, વિજયદાન ગુરૂ મુણિયો ॥ જિન ગુણ સંઘ ભગતિ કરી પસરી, કુમતિ તિમિર સબ હણિયો રે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ એણીપરે સત્તરભેદ પૂજા વિધિ, શ્રાવકકું જિન ભણિયો ॥ સકલ મુનિશ્વર કાઉસ્સગ્ગ ધ્યાને, ચિંતવિત તસ ફળ ચુણિયો રે ॥ પ્રભુ૦ ॥ ૪ ॥ ઇતિ કળશ ॥

॥ ઇતિ શ્રી સકલચંદજી ઉપાધ્યાય કૃત
સત્તરભેદીપૂજા સમાપ્ત ॥

અથ •

શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાય કૃત
નવપદપૂજા પ્રારંભ.

॥ વિધિ ॥

આ પૂજામાં જે જે ચીજો અવશ્ય જોઇયે, તેમાંની કેટલીએક ચીજોનાં નામ લખીયે છીયેઃ—

દુધ, દધિ, ઘૃત, શર્કરા, શુદ્ધજળ, એ પંચામૃત. તથા કેશર, સુગંધી ચંદન, કર્પૂર, કસ્તૂરી, અમર, રોલી, મોલી, છુટા ફુલ, ફુલોની માળા, ફુલોના ચંદ્રુવા, ધૂપ, તંદુલ પ્રમુખ નવ જાતિનાં ધાન્ય, નવ પ્રકારનાં નૈવેદ્ય, નવ પ્રકારના ફળ, નવ પ્રકારની પકવ વસ્તુ, મિશ્રી, પતાસાં, ઓલા પ્રમુખ, તથા અંગલૂહણાંને વાસ્તે સપેત વસ્ત્ર, અને પહેરાવવાને વાસ્તે ઉત્તમ રેશમી વસ્ત્ર, વાસક્ષેપ, ગુલાબજળ, અત્તર, ઇત્યાદિક બીજા પણ નવ નવ નાલીના કળશ, નવ રકેબી, પરાત (ત્રાસ), તસલા, આરતી, મંગલદીપક, ભગવાનની આંગી, સમવસરણ, ઇત્યાદિક સર્વ વસ્તુ પ્રથમથી ઠીક કરીને રાખવી. એ થકી પૂજામાં વિઘ્ન ન હોય. એ સંક્ષેપ વિધિ કહ્યો. વિશેષ વિધિ ગુરૂથકી જાણવો.

॥ કળશઢાલન વિધિ ॥

ચૈત્ર તથા આશ્વિન માસમા એ પૂજાઓ ભણાયે, તેવારે નવ આંત્રિયા કરિયે. મહોટા કળશ પ્રમુખમાં પંચામૃત ભરિયે, સ્થાપનામાં શ્રીફળ તથા રોકડ નાણું ધરિયે, તેને ગુરુની પાસેથી મં-

ત્રાવી કેશરથી તિલક કરે, કકણદોરો હાથે બાંધે, ડાબા હાથમા સ્વસ્તિક કરીને વિધિસંયુક્ત સ્નાત્ર ભણાવે. પછી શ્રી અરિહંત-પદમાં તાદુલ, ધૂપ, દીપ, નૈવેદ્ય પ્રમુખ અષ્ટ દ્રવ્ય, વાસક્ષેપ, નાગરવેલ પ્રમુખનાં પાન. રકેબીમાં ધરીને તે રકેબી હાથમાં રાખે. નવ કળશને મૌલીસૂત્ર બાંધી, કુકુમના સ્વસ્તિક કરી, પચામૃતથી ભરીને તે કળશો હાથમા લેઇ, પ્રમથ શ્રી અરિહંતપદની પૂજા ભણે. તે સપૂર્ણ ભણી રહ્યા પછી મહોટી પરાતમા (થાલમાં) પ્રતિમાજીને પધરાવે. પછી " ૐ હ્રીઁ નમો અરિહંતાણં " એ પ્રમાણે કહેતો થકો, શ્રી અરિહંતપદની પૂજા કરે. અષ્ટદ્રવ્ય અનુક્રમે ચઢાવે. ઇતિ પ્રથમપદપૂજા વિધિ.

૨ બીજું સિદ્ધપદ રક્તવર્ણે છે, માટે ઘઉ રકેબીમા ધરી શ્રીફળ તથા અષ્ટ દ્રવ્ય લેઇને નવ કળશ પંચામૃતથી ભરીને બીજી પૂજા ભણે તે સંપૂર્ણ થયાથી " ૐ હ્રીઁ નમો સિદ્ધસ્સ " એમ કહી કળશ ઢોળે, અષ્ટદ્રવ્ય ચઢાવે. ઇતિ દ્વિતીયપદપૂજા વિધિ.

૩ ત્રીજુ આચાર્યપદ પીળે વર્ણે છે, માટે ચણાની દાળ, અષ્ટ દ્રવ્ય, શ્રીફળ પ્રમુખ લઇ, નવ કળશ પચામૃતથી ભરીને ત્રીજી પૂજાનો પાઠ ભણે. તે સપૂર્ણ થયાથી " ૐ હ્રીઁ નમો આયરિયાણં " એમ કહી કળશ ઢોળે, અષ્ટ દ્રવ્ય ચઢાવે. ઇતિ તૃતીયપદપૂજા વિધિ.

૪ ચોથું ઉપાધ્યાયપદ નીલ વર્ણે છે, માટે મગ પ્રમુખ તથા અષ્ટ દ્રવ્ય લઇને પૂર્વોક્ત વિધિયે પૂજા ભણી સંપૂર્ણ થવાથી " ૐ હ્રીઁ નમો ઉપાધ્યાયેભ્ય: " એમ કહી કળશ ઢોળે. અષ્ટ દ્રવ્ય ચઢાવે ઇતિ ચતુર્થપદપૂજા વિધિ.

૫ પાચમું શ્રી સાધુપદ શ્યામવર્ણે છે, માટે અડદ પ્રમુખ લેઇ બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરી પૂજા ભણે તે સંપૂર્ણ થયાથી " ૐ હ્રીં નમો સર્વસાધુભ્ય " કહે ઇતિ પંચમપદપૂજા વિધિ.

૬ તેમજ છઠ્ઠુ દર્શનપદ શ્વેતવર્ણે છે, માટે તાદુલ પ્રમુખ લેઇ " ૐ હ્રીં નમો દસણસ્સ " કહેવું, બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો. ઇતિ ષષ્ઠપદપૂજા વિધિ.

૭ સાતમુ જ્ઞાનપદ શ્વેતવર્ણે છે, માટે ચાવલ પ્રમુખ લેઇ " ૐ હ્રીં નમો નાણસ્સ " કહેવુ. બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો. ઇતિ સપ્તમપદપૂજા વિધિ.

૮ આઠમુ ચારિત્રપદ પણ શ્વેત વર્ણે છે, માટે ચોખા પ્રમુખ લેઈ " ૐ હ્રીં નમો ચારિત્તસ્સ " કહેવું. બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો. ઇતિ અષ્ટમપદપૂજા વિધિ.

૯ નવમું તપપદ શ્વેતવર્ણે છે, માટે ચોખા પ્રમુખ લેઇ પૂર્વોક્ત વિધિ કરીને " ૐ હ્રીં નમો તવસ્સ " કહી કળશ ઢોળે. અષ્ટ દ્રવ્ય ચઢવે પછી અષ્ટપ્રકારી પૂજા કરે, આરતિ કરે. ઇતિ શ્રી નવમપદપૂજા વિધિ.

॥ ઇતિ નવપદપૂજાવિધિ સમાપ્ત ॥

॥ तत्र ॥

॥ प्रथम श्री अरिहंतपद पूजा प्रारंभ ॥

॥ કાવ્યં ॥ ઉપજાતિવૃત્તમ્ ॥

ઉપ્પન્નસન્નાણમહોમયાણં, સપ્પાડિહેરાસણસંઠિયાણં ॥
સદેસણાણંદિયસજ્જણાણં, નમો નમો હોઉ સયા જિણાણં ॥૧

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

નમોઽનંતસંતપ્રમોદપ્રદાન, પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય ॥ થયા જેહના ધ્યાનથી સૌખ્યભાજા, સદા સિદ્ધચક્રાય શ્રીપાલરાજા ॥ ૨ ॥ કર્યાં કર્મ દુર્મર્મ ચકચૂર જેણે, ભલાં ભવ્ય નવપદ ધ્યાનેન તેણે ॥ કરી પૂજના ભવ્ય ભાવે ત્રિકાળે, સદા વાસિયો આતમા તેણે કાળે ॥ ૩ ॥ જિકે તીર્થકર કર્મ ઉદયે કરીને, દિયે દેશના ભવ્યને હિત ધરીને ॥ સદા આઠ મહાપાડિહારે સમેતા, સુરેશે નરેશે સ્તવ્યા બ્રહ્મપુત્તા ॥ ૪ ॥ કર્યાં ઘાતિયાં કર્મ ચારે અલગ્ગાં, ભવોપગ્રહી ચાર જે છે વિલગ્ગાં ॥ જગત્ પંચ કલ્યાણકે સૌખ્ય પામે, નમો તેહ તીર્થંકરા મોક્ષકામે ॥ ૫ ॥

॥ ઢાળ ॥ ઉલાલાની દેશી ॥

તીર્થપતિ અરિહા નમું, ધર્મ ધુરંધર ધીરો જી ॥ દેશના અમૃત વરસતા, નિજવીરજ વડ વીરો જી ॥ ૧ ॥ ઉલાલો ॥ વરઅખય નિર્મલ જ્ઞાનભાસન, સર્વ ભાવ પ્રકાશતા ॥ નિજ શુદ્ધ શ્રદ્ધા આત્મભાવે, ચરણથિરતા વાસતા ॥ જિનનામ કર્મપ્રભાવ અતિશય, પ્રાતિહારજ શોભતા ॥ જગજંતુ કરૂણાવંત ભગવંત, ભવિકજનને ક્ષોભતા ॥ ૨ ॥

॥ પૂજા ॥ ઢાળ ॥ શ્રીપાળના રાસની ॥

ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી, જેણે બાંધ્યું જિન નામ ॥ ચોસઠ ઇંદ્રે પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામ રે

॥ ભવિકા ॥ સિદ્ધચક્રપદ વંદો, જેમ ચિરકાળે નંદો રે ॥ ભવિકા ॥ સિ૦ ॥૧॥ એ આંકણી ॥ જેહને હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું ॥ સકળ અધિક ગુણ અતિશય ધારી, તે જિન નમી અઘ ટાળું રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૨ ॥ જે તિહું નાણ સમગ્ગ ઉપ્પન્ન, ભોગકરમ ક્ષીણ જાણી ॥ લેઈ દિક્ષા શિક્ષા દિયે જનને, તે નમિયે જિનનાણી રે ॥ભવિકા॥ ॥ સિ૦ ॥ ૩ ॥ મહાગોપ મહામાહણ કહિયે, નિર્યામક સત્થવાહ ॥ ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમિયે ઉત્સાહ રે ॥ ભવિકા ॥ સિ૦॥૪॥ આઠ પ્રાતિહારજ જસ છાજે, પાંત્રીશ ગુણયુત્ત વાણી ॥ જે પ્રતિબોધ કરે જગજનને, તે જિન નમિયે પ્રાણી રે ॥ ભવિકા ॥ સિદ્ધચક્ર૦ ॥ ૫ ॥

॥ ઢાળ ॥

અરિહંતપદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે ॥ ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે ॥ ૧ ॥ વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે ॥ આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે ॥ વીર૦ ॥ ૨ ॥

॥ ઇતિ પ્રથમ અરિહંતપદપૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय श्री सिद्धपदपूजा प्रारंभ ॥

॥ કાવ્યં ॥ ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

સિદ્ધાણમાણંદરમાલયાણં ॥ નમો નમોઽણંતચઉક્કયાણં ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

કરી આઠકર્મ ક્ષયે પાર પામ્યા, જરાજન્મમરણાદિ ભય જેણે વામ્યા ॥ નિરાવરણ જે આત્મરૂપે પ્રસિદ્ધા, થયા પાર પામી સદા સિદ્ધબુદ્ધા ॥ ૧ ॥ ત્રિભાગોનદેહાવગાહાત્મદેશા, રહ્યા જ્ઞાનમય જાતવર્ણાદિ લેષા ॥ સદાનંદ સૌખ્યાશ્રિતા જ્યોતિરૂપા, અનાબાધ અપુનર્ભવાદિસ્વરૂપા ॥ ૨ ॥

॥ ઢાળ ॥ ઉલાલાની દેશી ॥

સકલ કરમમલ ક્ષય કરી, પૂરણ શુદ્ધસ્વરૂપો જી ॥ અવ્યાબાધ પ્રભુતામયી, આતમ સંપત્તિભૂપો જી ॥ ૧ ॥ ઉલાલો ॥ જેહ ભૂપ આતમ સહજ સંપત્તિ, શક્તિ વ્યક્તિપણે કરી ॥ સ્વદ્રવ્ય ક્ષેત્ર સ્વકાલ ભાવે, ગુણ અનંતા આદરી ॥ સુસ્વભાવ ગુણપર્યાય પરિણતિ, સિદ્ધસાધન પરભણી ॥ મુનિરાજ માનસહંસ સમવડ, નમો સિદ્ધ મહાગુણી ॥ ૨ ॥

॥ પૂજા ॥ ઢાળ ॥ શ્રીપાળના રાસની ॥

સમયપએસંતર અણફરસી, ચરમ તિભાગ વિશેષ ॥ અવગાહન લહી જે શિવ પોહોતા, સિદ્ધ નમો તે અશેષ રે ॥ ભવિકા ॥ સિ૦ ॥૬॥ પૂર્વ પ્રયોગને ગતિ પરિણામે, બંધન છેદ અસંગ ॥ સમય એક ઉર્ધ્વગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગ રે ॥ ભવિકા ॥ સિ૦ ॥૭॥ નિર્મળ સિદ્ધશિલાની ઉપરે, જોયણ એક લોગંત ॥ સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો સંત રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૮ ॥ જાણે પણ

ન શકે કહી પરગુણ, પ્રાકૃત તેમ ગુણ જાસ ॥ ઉપમા વિણ નાણી ભવમાંહે, તે સિદ્ધ દીયો ઉલ્લાસ રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ॥૯॥ જ્યોતિશું જ્યોતિ મળી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ ॥ આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ રે ॥ ભવિકા ॥ સિદ્ધચક્ર૦ ॥ ૧૦ ॥

॥ ઢાળ ॥

રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંશણનાણી રે ॥ તે ધ્યાતા નિજ આતમા, હોયે સિદ્ધ ગુણખાણી રે ॥ વીર૦ ॥ ૩ ॥

॥ ઇતિ દ્વિતીય સિદ્ધપદપૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय श्री आचार्यपदपूजा प्रारंभ ॥

॥ કાવ્યં ॥ ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

॥ સૂરીણદુરીકયકુગ્ગહાણં ॥ નમો નમો સૂરસમપ્પહાણં ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

નમું સૂરિરાજા સદા તત્ત્વતાજા, જિનેંદ્રાગમે પ્રૌઢ સામ્રાજ્યભાજા ॥ ષટ્‌વર્ગ વર્ગિત ગુણે શોભમાના, પંચાચારને પાલવે સાવધાના ॥ ૧ ॥ ભવિપ્રાણીને દેશના દેશ કાળે, સદા અપ્રમત્તા યથા સૂત્ર આલે ॥ ઝિકે શાસનાધારદિગ્દંતિ કલ્પા, જગે તે ચિરંજીવજો શુદ્ધ જલ્પા ॥ ૨ ॥

॥ ઢાળ ॥ ઉલાલાની દેશી ॥

આચારજ મુનિપતિ ગણિ, ગુણછત્રીશી ધામો જી ॥ ચિદાનંદ રસ સ્વાદતા, પરભાવે નિઃકામો જી ॥ ૧ ॥ ઉલાલો ॥

નિઃકામ નિર્મળ શુદ્ધચિદ્‌ઘન, સાધ્યનિજ નિરધારથી ॥ નિ-
જ જ્ઞાન દર્શન ચરણ વીરજ, સાધનાવ્યાપારથી ॥ ભવિજીવ
બોધક તત્ત્વશોધક, સયલગુણ સંપત્તિધરા ॥ સંવરસમાધિ
ગતઉપાધિ, દુવિધ તપગુણ આગરા ॥ ૨ ॥

॥ પૂજા ॥ ઢાળ ॥ શ્રીપાળના રાસની ॥

પંચ આચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો ॥ તે
આચારજ નમિયે તેહશું, પ્રેમ કરીને જાચો રે ॥ ભવિકા ॥
॥ સિ૦ ॥ ૧૧ ॥ વર છત્રીશ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન
મોહે ॥ જગ બોહે ન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે રે
॥ ભવિકા ॥ સિ૦ ॥ ૧૨ ॥ નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે,
નહીં વિકથા ન કષાય ॥ જેહને તે આચારજ નમિયે, અક-
લુષ અમલ અમાય રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૧૩ ॥ જે દિયે
સારણ વારણ ચોયણ, પડિચોયણ વળી જનને ॥ પટધારી
ગચ્છ થંભ આચારજ, તે માન્યા મુનિ મનને રે ॥ ભવિકા ॥
॥ સિ૦ ॥ ૧૪ ॥ અત્થમિયે જિન સૂરજ કેવળ, ચંદે જે જ-
ગદીવો ॥ ભુવન પદારથ પ્રકટન પટુ તે, આચારજ ચિરં-
જીવો રે ॥ ભવિકા ॥ સિદ્ધચક્ર૦ ॥ ૧૫ ॥

॥ ઢાળ ॥

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે ॥ પંચ
પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે ॥ વીર૦ ॥ ૪ ॥

॥ ઇતિ તૃતીય આચાર્યપદપૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ श्री उपाध्यायपदपूजा प्रारंभ ॥

॥ કાવ્યં ॥ ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

॥ સુતત્થવિત્થારણતપ્પરાણં ॥ નમો નમો વાયગકુંજરાણં॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

નહીં સૂરિ પણ સૂરિગણને સહાયા, નમું વાચકા ત્યક્ત-મદમોહમાયા ॥ વળિ દ્વાદશાંગાદિ સૂત્રાર્થદાને, ઝિકે સાવધાના નિરૂદ્ધાભિમાને ॥ ૧ ॥ ધરે પંચને વર્ગ વર્ગિત ગુણૌઘા, પ્રવાદિ દ્વિપોચ્છેદને તુલ્ય સિંઘા ॥ ગુણી ગચ્છસંધારણે સ્થભભૂતા, ઉપાધ્યાય તે વંદિયે ચિત્પ્રભૂતા ॥ ૨ ॥

॥ ઢાળ ॥ ઉલાલાની દેશી ॥

ખંતિજુઆ મુત્તિજુઆ, અજ્જવ મદ્દવ જુત્તાજી ॥ સચ્ચં સોય અકિંચણા, તવ સંજમ ગુણરત્તાજી ॥ ૧ ॥ ઉલાલો ॥ જે રમ્યા બ્રહ્મસુગુત્તિ ગુત્તા, સમિતિ સમિતા શ્રુતધરા ॥ સ્યાદ્વાદવાદે તત્ત્વવાદક, આત્મપરવિભજનકરા ॥ ભવભીરૂ સાધન ધીરશાસન, વહન ધોરી મુનિવરા ॥ સિદ્ધાંત વાયણ દાન સમરથ, નમો પાઠક પદધરા ॥ ૨ ॥

॥ પૂજા ॥ ઢાળ ॥ શ્રીપાળના રાસની ॥

દ્વાદશ અંગ સિજ્ઝાય કરે જે, પારગ ધારગ તાસ ॥ સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસ રે ॥ભવિકા॥ ॥ સિ૦ ॥ ૧૬ ॥ અર્થ સૂત્રને દાન વિભાગે, આચારજ ઉવજ્ઝાય ॥ ભવ ત્રીજે જે લહે શિવસંપદ્, નમિયે તે સુપસાય

રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૧૭ ॥ મૂરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ, પાહાણને પલ્લવ આણે ॥ તે ઉવજ્ઝાય સકલજન પૂજિત, સૂત્ર અર્થ સવિ જાણે રે ॥ ભવિકા ॥ સિ૦ ॥૧૮॥ રાજકુમર સરિખા ગણચિંતક, આચારજ પદ યોગ ॥ જે ઉવજ્ઝાય સદા તે નમતાં, નાવે ભવભય સોગ રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ॥ ૧૯ ॥ બાવનાચંદન રસ સમવયણે, અહિતતાપ સવિ ટાળે ॥ તે ઉવજ્ઝાય નમીજે જે વળી, જિનશાસન અજુવાળે રે ॥ ભવિકા ॥ સિદ્ધચક્ર પદ વંદો ॥ ૨૦ ॥

॥ ઢાળ ॥

તપસજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે ॥ ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે ॥ વીર૦ ॥૫॥

॥ ઇતિ ચતુર્થ ઉપાધ્યાયપદપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम श्री मुनिपदपूजा प्रारंभ ॥

॥ કાવ્યં ॥ ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

સાહૂણ સંસાહિઅ સંજમાણં ॥ નમો નમો સુદ્ધદયાદમાણં ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

કરે સેવના સૂરિવાયગ ગણિની, કરૂં વર્ણના તેહની શી મુણિની ॥ સમેતા સદા પંચસમિતિ ત્રિગુપ્તા, ત્રિગુપ્તે નહીં કામ ભોગેષુ લિપ્તા ॥૧॥ વળિ બાહ્ય અભ્યંતર ગ્રંથિ ટાળી, હોયે મુક્તિને યોગ્ય ચારિત્ર પાળી ॥ શુભાષ્ટાંગ યોગે રમે ચિત્ત વાળી, નમું સાધુને તેહ નિજ પાપ ટાળી ॥ ૨ ॥

॥ ઢાળ ॥ ઉલાલાની દેશી ॥

સકલ વિષય વિષ વારીને, નિઃકામી નિઃસંગી જી ॥ ભવદવતાપ શમાવતા, આતમસાધન રંગીજી ॥૧॥ ઉલાલો ॥ જે રમ્યા શુદ્ધ સ્વરૂપ રમણે, દેહ નિર્મમ નિર્મદા ॥ કાઉસ્સગ્ગ મુદ્રા ધીર આસન, ધ્યાન અભ્યાસી સદા ॥ તપ તેજ દીપે કર્મ ઝીપે, નૈવ છીપે પરભણી ॥ મુનિરાજ કરૂણાસિંધુ ત્રિભુવન, બંધુ પ્રણમું હિત ભણી ॥ ૨ ॥

॥ પૂજા ॥ ઢાળ ॥ શ્રીપાળના રાસની ॥

જેમ તરૂફુલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે ॥ લેઈ રસ આતમ સંતોષે, તેમ મુનિ ગોચરી જાવે રે ॥ ભવિકા ॥ ॥ સિ૦ ॥ ૨૧ ॥ પંચ ઇંદ્રિયને જે નિત્ય ઝીપે, ષટ્કાયક પ્રતિપાલ ॥ સંયમ સત્તર પ્રકારે આરાધે, વંદું તેહ દયાળ રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૨૨ ॥ અઢાર સહસ્સ શીલાંગના ધોરી, અચળ આચાર ચરિત્ર ॥ મુનિમહંત જયણાયુત વંદી. કીજે જન્મ પવિત્ર રે ॥ ભવિકા ॥ સિ૦ ॥૨૩॥ નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાળે, બારસવિહ તપ શૂરા ॥ એહવા મુનિ નમિયે જો પ્રગટે, પૂરવપુણ્ય અંકૂરા રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૨૪ ॥ સોનાતણી પરે પરિક્ષા દીસે, દિન દિન ચઢતે વાને ॥ સંજમખપ કરતા મુનિ નમિયે, દેશ કાળ અનુમાને રે ॥ ભવિકા ॥ સિ૦॥૨૫॥

॥ ઢાળ ॥

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે ॥

સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચે રે ॥ વીર૦ ॥ ૬ ॥

॥ ઇતિ પંચમ મુનિપદપૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ अथ षष्ठ श्री सम्यक्त्वदर्शनपदपूजा प्रारंभ ॥

॥ કાવ્યં ॥ ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

જિણુત્તતત્તે રૂઇલિખ્ખણસ્સ ॥ નમો નમો નિમ્મલદંસણસ્સ ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

વિપર્યાસ હઠવાસનારૂપ મિથ્યા, ટળે જે અનાદિ અચ્છે જેમ પથ્યા ॥ જિનોક્તે હોયે સહજથી શ્રદ્ધાનં, કહિયે દર્શનં તેહ પરમં નિધાનં ॥ ૧ ॥ વિના જેહથી જ્ઞાન અજ્ઞાન રૂપં, ચરિત્રં વિચિત્રં ભવારણ્યકૂપં ॥ પ્રકૃતિ સાતને ઉપશમે ક્ષય તે હોવે, તિહાં આપરૂપે સદા આપ જોવે ॥ ૨ ॥

॥ ઢાળ ॥ ઉલાલાની દેશી ॥

સમ્યગ્દર્શન ગુણ નમો, તત્ત્વ પ્રતીત સ્વરૂપો જી ॥ જસુ નિરધાર સ્વભાવ છે, ચેતનગુણ જે અરૂપો જી ॥ ૧ ॥ ॥ ઉલાલો ॥ જે અનુપ શ્રદ્ધા ધર્મ પ્રગટે, સયલ પરઇહા ટળે ॥ નિજશુદ્ધસત્તા પ્રગટ અનુભવ, કરણરૂચિતા ઉચ્છળે ॥ બહુમાન પરિણતિ વસ્તુતત્ત્વે, અહવ તસુ કારણપણે ॥ નિજ સાધ્યદૃષ્ટે સર્વકરણી, તત્ત્વતા સંપત્તિ ગણે ॥ ૨ ॥

॥ પૂજા ॥ ઢાળ ॥ શ્રીપાળના રાસની ॥

શુદ્ધદેવ ગુરૂધર્મ પરિક્ષા, સદ્દહણા પરિણામ ॥ જેહ પામીજે તેહ નમીજે, સમ્યગ્દર્શન નામ રે ॥ ભવિકા ॥ સિ૦ ॥

॥ ૨૬ ॥ મલઉપશમ ક્ષય ઉપશમક્ષયથી, જે હોય ત્રિવિધ અભંગ ॥ સમ્યગ્દર્શન તેહ નમીજે, જિનધર્મે દૃઢરંગ રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૨૭ ॥ પંચ વાર ઉપશમિય લહીજે, ક્ષયઉપશમિય અસંખ ॥ એકવાર ક્ષાયિક તે સમકિત, દર્શન નમિયે અસખ રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૨૮ ॥ જે વિણ નાણ પ્રમાણ ન હોવે, ચારિત્ર તરૂ નવિ ફળિયો ॥ સુખ નિર્વાણ ન જે વિણ લહીયે, સમકિતદર્શન બળિયો રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૨૯ ॥ સડસઠ બોલે જે અલંકરિયો, જ્ઞાનચારિત્રનું મૂળ ॥ સમકિતદર્શન તે નિત્ય પ્રણમું, શિવપંથનું અનુકૂળ રે ॥ ભવિકા ॥ સિદ્ધચક્ર૦ ॥ ૩૦ ॥

॥ ઢાળ ॥

શમ સંવેગાદિક ગુણા, ક્ષયઉપશમ જે આવે રે ॥ દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવે રે ॥ વીર૦ ॥ ૭ ॥

॥ ઇતિ ષષ્ઠ સમ્યક્ત્વદર્શનપદપૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम श्री सम्यग्ज्ञानपदपूजा प्रारंभ ॥

॥ કાવ્યં ॥ ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

અન્નાણસંમોહતમોહરસ્સ ॥ નમો નમો નાણદિવાયરસ્સ ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

હોયે જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધે, યથાવર્ણ નાસે વિચિત્રાવબોધે ॥ તેણે જાણિયે વસ્તુ ષડ્ દ્રવ્યભાવા, ન હુયે વિતત્થા (વાદ) નિજેચ્છા સ્વભાવા ॥ ૧ ॥ હોય પંચ મત્યાદિ

સુજ્ઞાનભેદે, ગુરૂપાસ્તિથી યોગ્યતા તેહ વેદે ॥ વળી જ્ઞેય હેય ઉપાદેય રૂપે, લહે ચિત્તમાં જેમ ધ્વાંત પ્રદીપે ॥ ૨ ॥

॥ ઢાળ ॥ ઉલાલાની દેશી ॥

ભવ્ય નમો ગુણજ્ઞાનને, સ્વપર પ્રકાશક ભાવેજી ॥ પરજય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવે જી ॥ ૧ ॥ ઉલાલો ॥ જે મુખ્યપરિણતિ સકલજ્ઞાયક, બોધ ભાવવિલચ્છના ॥ મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધ સાધન લચ્છના ॥ સ્યાદ્વાદસંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદાભેદતા ॥ સવિકલ્પને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા ॥ ૨ ॥

॥ પૂજા ॥ ઢાળ ॥ શ્રીપાળના રાસની ॥

ભક્ષાભક્ષ ન જે વિણ લહિયે, પેય અપેય વિચાર ॥ કૃત્ય અકૃત્ય ન જે વિણ લહિયે, જ્ઞાન તે સકલ આધાર રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૩૧ ॥ પ્રથમ જ્ઞાનને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું, જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીયે શિવસુખ ચાખ્યું રે ॥ ભવિકા ॥ સિ૦ ॥૩૨॥ સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહિયે ॥ તેહ જ્ઞાન નિત નિત વંદીજે, તે વિણ કહો કેમ રહિયે રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૩૩ ॥ પંચ જ્ઞાનમાંહિ જેહ સદાગમ, સ્વપર પ્રકાશક જેહ ॥ દીપકપરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિ શશિ મેહ રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૩૪ ॥ લોક ઉર્ધ્વ અધો તિર્યગ્ જ્યોતિષ, વૈમાનિક ને સિદ્ધ ॥ લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાન

મુજ શુદ્ધ રે ॥ ભવિકા ॥ સિદ્ધચક્ર૦ ॥ ૩૫ ॥

॥ ઢાળ ॥

જ્ઞાનાવર્ણી જે કર્મ છે, ક્ષયઉપશમ તસ થાય રે ॥ તો હુએ એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાય રે ॥ વી૦ ॥૮॥

॥ ઇતિ સપ્તમ સમ્યગ્જ્ઞાનપદપૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम श्री चारित्रपदपूजा प्रारंभ ॥

॥ કાવ્યં ॥ ઇંદ્રવજ્રાવૃત્તમ્ ॥

આરાહિઅખંડીઅ સક્કિઅસ્સ ॥ નમો નમો સંજમવીરિઅસ્સ ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

વળી જ્ઞાનફળ ચરણ ધરીયે સુરંગે, નિરાશસતા દ્વાર-રોધપ્રસંગે ॥ ભવાંભોધિસંતારણે યાનતુલ્યં, ધરૂં તેહ ચારિત્ર અપ્રાપ્તમૂલ્યં ॥ ૧ ॥ હોયે જાસ મહિમાથકી રંક રાજા, વળી દ્વાદશાંગી ભણી હોય તાજા ॥ વળી પાપરૂપોપિ નિઃપાપ થાય, થઈ સિદ્ધ તે કર્મને પાર જાય ॥ ૨ ॥

॥ ઢાળ ॥ ઉલાલાની દેશી ॥

ચારિત્રગુણ વળી વળી નમો, તત્ત્વરમણ જસુ મૂલોજી ॥ પરરમણીયપણું ટળે, સકલસિદ્ધ અનુકૂલોજી ॥ ૧ ॥ ઉલાલો ॥ પ્રતિકૂળ આશ્રવ ત્યાગ સંયમ, તત્ત્વથિરતા દમમયી॥ શુચિ પરમ ખંતિ મુત્તિ દશ પદ, પંચ સંવર ઉપચઈ ॥ સામાયિકાદિક ભેદ ધર્મે, યથાખ્યાતે પૂર્ણતા ॥ અકષાય અકલુષ અમલ ઉજ્જવલ, કામકશ્મલ ચૂર્ણતા ॥ ૨ ॥

॥ પૂજા ॥ ઢાળ ॥ શ્રીપાળના રાસની ॥

દેશ વિરતિને સરવ વિરતિ જે, ગૃહિ યતિને અભિરા-મ ॥ તે ચારિત્ર જગત્ જયવંતુ, કીજે તાસ પ્રણામ રે ॥ભ-વિકા ॥ સિ૦ ॥ ૩૬ ॥ તૃણપરે જે ષટ્ખંડ સુખ છંડી, ચક્ર-વર્તી પણ વરિયો ॥ તે ચારિત્ર અક્ષયસુખ કારણ, તે મેં મનમાંહે ધરિયો રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૩૭ ॥ હુઆ રાંક પણ જે આદરી, પૂજિત ઇંદ નરિંદે ॥ અશરણ શરણ ચરણ તે વંદૂ, પૂર્યું જ્ઞાન આનંદે રે ॥ ભવિકા ॥ સિ૦ ॥૩૮॥ બાર માસ પર્યાયે જેહને, અનુત્તર સુખ અતિક્રમિયે ॥ શુકલ શુકલ અભિજાત્ય તે ઉપરે, તે ચારિત્રને નમિયે રે ॥ ભવિકા ॥ ॥ સિ૦ ॥ ૩૯ ॥ ચય તે આઠ કરમનો સંચય, રિક્ત કરે જે તેહ ॥ ચારિત્ર નામ નિરૂત્તે ભાંખ્યુ, તે વંદૂ ગુણગેહ રે ॥ ભવિકા । સિદ્ધચક્ર૦ ॥ ૪૦ ॥

॥ ઢાળ ॥

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે ॥ લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે ॥ વી૦ ॥૯॥

॥ ઇતિ અષ્ટમ ચારિત્રપદપૂજા સમાપ્ત ॥ ૮ ॥

॥ અથ નવમ શ્રી તપઃપદપૂજા પ્રારંભ ॥

॥ કાવ્યં ॥ ઇંદ્રિવજ્રાવૃત્તમ્ ॥

કમ્મદ્દુમોમ્મૂલણકુંજરસ્સ ॥ નમો નમો તિવ્વતવોભરસ્સ ॥

॥ માલિનીવૃત્તમ્ ॥

ઇયનવપયસિદ્ધં, લદ્ધિવિજ્ઝાસમિદ્ધં ॥ પયડિયસુરવગ્ગં, હ્રીંતિરેહાસમ્મગ્ગં ॥ દિસવઇસુરસારં, ખોણિપીઢાવયારં ॥ તિજયવિજય ચક્કં, સિદ્ધચક્કં નમામિ ॥ ૧ ॥

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

ત્રિકાલિકપણે કર્મ કષાય ટાળે, નિકાચિતપણે બાંધિયાં તેહ બાળે ॥ કહ્યું તેહ તપ બાહ્ય અંતર દુભેદે, ક્ષમાયુક્ત નિર્હેતુ દુર્ધ્યાન છેદે ॥ ૨ ॥ હોયે જાસ મહિમાથકી લબ્ધિ સિદ્ધિ, અવાંછકપણે કર્મ આવરણશુદ્ધિ ॥ તપો તેહ તપ જે મહાનંદ હેતે, હોય સિદ્ધિ સીમંતિની જિમ સંકેતે ॥ ૩ ॥ ઇસ્યિ નવપદ ધ્યાનને જેહ ધ્યાવે, સદાનંદ ચિદ્રુપતા તેહ પાવે ॥ વળી જ્ઞાન વિમલાદિ ગુણરત્નધામા, નમું તે સદા સિદ્ધચક્ર પ્રધાના ॥ ૪ ॥

॥ માલિનીવૃત્તમ્ ॥

ઇમ નવપદ ધ્યાવે, પર્મ આનંદ પાવે ॥ નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે ॥ જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે ॥ સવિ દુરિત સમાવે, વિશ્વ જયકાર પાવે ॥ ૫ ॥

॥ ઢાળ ॥ ઉલાલાની દેશી ॥

ઇચ્છારોધન તપ નમો, બાહ્ય અભ્યંતર ભેદેજી ॥ આતમ સત્તા એકતા, પરપરિણતિ ઉચ્છેદેજી ॥ ૧ ॥ ઉલાલો ॥ ઉચ્છેદ કર્મ અનાદિ સંતતિ, જેહ સિદ્ધપણું વરે ॥ યોગ

સંગે આહાર ટાળી, ભાવ અક્રિયતા કરે ॥ અંતર મુહૂરત તત્ત્વ સાધે, સર્વ સંવરતા કરી ॥ નિજ આત્મસત્તા પ્રગટ ભાવે, કરો તપ ગુણ આદરી ॥ ૨ ॥

॥ ઢાળ ॥

એમ નવપદ ગુણ મંડલં, ચઉ નિક્ષેપ પ્રમાણે જી ॥ સાત નયે જે આદરે, સમ્યગ્જ્ઞાનને જાણેજી ॥૩॥ ઉલાલો ॥ નિર્દ્ધારસેતી ગુણી ગુણનો, કરે જે બહુમાન એ ॥ તસુ કરણ ઈહા તત્ત્વ રમણે, થાય નિર્મળ ધ્યાન એ ॥ એમ શુદ્ધસત્તા ભળ્યો ચેતન, સકલ સિદ્ધિ અનુસરે ॥ અક્ષય અનંત મહંત ચિદ્ઘન, પરમ આનંદતા વરે ॥ ૪ ॥

॥ અથ કળશ ॥

ઈય સયલ સુખકર ગુણપુરંદર, સિદ્ધચક્ર પદાવળિ ॥ સવિ લદ્ધિ વિધા સિદ્ધિમંદર, ભવિક પૂજો મનરૂલી ॥ ઉવ-ઝાયવર શ્રી રાજસાગર, જ્ઞાનધર્મ સુરાજતા ॥ ગુરૂ દીપ-ચંદ સુવરણ સેવક, દેવચંદ સુશોભતા ॥ ૧ ॥

॥ પૂજા ॥ ઢાળ ॥ શ્રીપાળના રાસની ॥

જાણંતા ત્રિહું જ્ઞાને સંયુત, તે ભવમુક્તિ જિણંદ ॥ જેહ આદરે કર્મ ખપેવા, તે તપ શિવતરૂ કંદ રે ॥ ભવિકા ॥ ॥ સિ૦ ॥ ૪૧ ॥ કર્મ નિકાચિત પણ ક્ષય જાયે, ક્ષમા સહિત જે કરંતાં ॥ તે તપ નમિયે જેહ દીપાવે, જિનશાસન ઉજ-મંતાં રે ॥ ભવિકા ॥ સિ૦ ॥ ૪૨ ॥ આમોસહી પમુહા બહુ

લદ્ધિ, હોવે જાસ પ્રભાવે ॥ અષ્ટ મહા સિદ્ધિ નવનિધિ પ્રગટે, નમિયે તે તપ ભાવે રે ॥ ભવિકા ॥ સિ૦ ॥૪૩॥ ફળ શિવ-સુખ મહોટું સુર નરવર, સંપત્તિ જેહનું ફુલ ॥ તે તપ સુ-રતરૂ સરિખો વંદૂં, સમ મકરંદ અમુલ રે ॥ભવિકા॥ સિ૦॥ ॥ ૪૪ ॥ સર્વ મંગલમાં પહેલું મંગળ, વરણવીયે જે ગ્રંથે ॥ તે તપપદ ત્રિહું કાળ નમીજે, વર સહાય શિવપંથે રે ॥ ભ-વિકા ॥ સિ૦ ॥ ૪૫ ॥ એમ નવપદ થુણતો તિહાં લીનો, હુઓ તન્મય શ્રીપાળ ॥ સુજશવિલાસે ચોથે ખંડે, એહ અગ્યારમી ઢાળ રે ॥ ભવિકા ॥ સિદ્ધચક્ર૦ ॥ ૪૬ ॥

॥ ઢાળ ॥

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે ॥ તપ તે એહિજ આતમા, વર્ત્તે નિજગુણ ભોગે રે ॥ વીર૦ ॥ ૧૦ ॥ આગમ નોઆગમતણો, ભાવ તે જાણો સાચો રે ॥ આતમ-ભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે ॥ વીર૦ ॥૧૧॥ અ-ષ્ટક સકલ સમૃદ્ધિની, ઘટમાંહે ઋદ્ધિ દાખી રે ॥ તેમ નવપદ ઋદ્ધિ જાણજો, આતમરામ છે સાખી રે ॥ વીર૦ ॥ ૧૨ ॥ યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે ॥ એહતણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે ॥ વીર૦ ॥ ॥ ૧૩ ॥ ઢાળ બારમી એહવી, ચોથે ખંડે પૂરી રે ॥ વાણી વાચકજસતણી, કોઈ નયે ન અધૂરી રે ॥ વીર૦ ॥ ૧૪ ॥

॥ ઇતિ નવમ તપઃપદપૂજા સમાપ્ત ॥ ૯ ॥

॥ અથ કાવ્યં ॥ દ્રુતવિલમ્બિતવૃત્તમ્ ॥

વિમળકેવળભાસનભાસ્કરં,જગતિજંતુમહોદયકારણં ॥ જિનવરં બહુમાનજલૌઘનં, શુચિમનાઃ સ્નપયામિ વિશુદ્ધયે ॥ ૧ ॥ ઇતિ કાવ્યમ્ ॥ (આ કાવ્ય પ્રત્યેક પૂજાદીઠ કહેવું.)

સ્નાત્ર કરતાં જગદ્‌ગુરૂ શરીરે, સકલદેવે વિમલ કળશ નીરે ॥ આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા ॥ ૨ ॥ હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે ॥ જિહાં લગે સુરગિરિ જંબુદીવો, અમતણા નાથ દેવાધિદેવો ॥ ૩ ॥

॥ अथ नवपद काव्यानि प्रारभ्यते ॥

॥ શ્રી અરિહંતપદ કાવ્યમ્ ॥

॥ ઇંદ્રિવજ્રાવૃત્તમ્ ॥

નિયંતરંગારિગણે સુનાણે, સપ્પાડિહેરાઇસયપ્પહાણે ॥
સંદેહસંદોહરયં હરંતો, ઝાએહ નિચ્ચંપિ જિણે રહંતો ॥૧॥

॥ શ્રી સિદ્ધપદ કાવ્યમ્ ॥

દુઠ્ઠઠકમ્માવરણ પ્પમુક્કે, અનંતનાણાઈ સીરીચઉક્કે ॥
સમગ્ગલોગગ્ગ પયચ્છસિદ્ધે, ઝાએહ નિચ્ચંપિ સમગ્ગસિદ્ધે ॥

॥ શ્રી આચાર્યપદ કાવ્યમ્ ॥

સુતત્થસંવેગમયં સુએણં, સંનીરખીરામયવિસુએણં ॥
પીનંતિ જે તે ઉવઝ્ઝાયરાએ, ઝાએહ નિચ્ચંપિ કયપ્પસાએ॥

॥ શ્રી ઉપાધ્યાયપદ કાવ્યમ્ ॥

નનં સુહં નહિ પીયા ન માયા, જે દંતિ જિવાન્હિ સૂરિ-

સપાયા ॥ તમ્હાહુ તે ચેવ સયા ભજેહ, જં મુખ્ખ મુખ્ખાઈ લહુ લહેહ ॥ ૪ ॥

॥ શ્રી સાધુપદ કાવ્યમ્ ॥

ખંતેય દંતેય સુગુત્તિગુત્તા, મુત્તેય સંતે ગુણજોગજુત્તા ॥
ગયપ્પમાએ ગયમોહમાએ, ઝાએહ નિચ્ચં મુણિરાયપાએ ॥૫॥

॥ શ્રી સમ્યગ્દર્શનપદ કાવ્યમ્ ॥

જં દવત્થિકાયેસુ સદ્દહાણં, તં દંસણં સવ્વગુણપ્પહાણં ॥
કુગ્ગાહિ વાહી ઉવયંતિ જેણં, જહા વિધેણ રસાયણેણં ॥૬॥

॥ શ્રી સમ્યગ્જ્ઞાનપદ કાવ્યમ્ ॥

નાણં પહાણં નયચક્કસિદ્ધં, તતવ્વબોહીકમયં પસિદ્ધં ॥
ધરેહ ચિત્તાવસએ ફુરંતં, માણિક્કદિઓવતમો હરંતં ॥૭॥

॥ શ્રી ચારિત્રપદ કાવ્યમ્ ॥

સુસંવરં મોહનિરોધસારં, પંચપ્પયારં વિગમાઇયારં ॥
મૂલોત્તરાણેગગુણં પવિત્તં, પાલેહનિચ્ચંપિહુ સચ્ચરિત્તં ॥૮॥

॥ શ્રી તપઃપદ કાવ્યમ્ ॥

બદ્ભં તહા ભિંતરભેયમેય, કયાય દુધેય કુકમ્મ ભેયં ॥
દુખ્ખખ્ખયચ્છે કયપાવનાસં, તાવેણદાહાગમયં નિરાસં ॥૯॥

॥ ઇતિ નવપદ કાવ્યાનિ સંપૂર્ણ ॥

॥ ઇતિ શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયકૃત ॥

॥ નવપદપૂજા સમાપ્ત ॥

અથ પંડિત શ્રી પદ્મવિજયજી કૃત નવપદજીની પૂજા પ્રારંભ.

॥ प्रथम श्री अरिहंतपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શ્રુતદાયક શ્રુત દેવતા, વંદૂ જિન ચોવીશ ॥ ગુણ સિદ્ધચક્રના ગાયતાં, જગમાં હોય જગીશ ॥ ૧ ॥ અરિહંત સિદ્ધ સૂરિ નમું, પાઠક મુનિ ગુણધામ ॥ દંસણનાણ ચરણ વળી, તપગુણ માંહે ઉદ્દામ ॥ ૨ ॥ ઇમ નવપદ ભક્તિ કરી, આરાધો નિત્ય મેવ ॥ જેહથી ભવદુઃખ ઉપશમે, પામે શિવ સ્વયમેવ ॥ ૩ ॥ તે નવપદ કાંઈ વરણવું, ધરતો ભાવ ઉલ્લાસ ॥ ગુણિગુણ ગણ ગાતાં થકાં, લહિયે જ્ઞાન પ્રકાશ ॥૪॥ પ્રતિષ્ઠા કલ્પે કહી, નવપદ પૂજા સાર ॥ તેણે નવપદ પૂજા ભણું, કરતો ભક્તિ ઉદાર ॥ ૫ ॥

॥ ઢાળ પહેલી ॥ રાગ ભૈરવ ॥

પ્રથમ પદ જિનપતિ, ગાઇએ ગુણતતિ, પાઇયે વિપુલ ફળ સહજ આપ ॥ નામ ગોત્રજ સુણ્યાં, કર્મ મહા નિર્જર્યાં, જાય ભવ સંતતિ બંધ પાપ ॥ ૧ ॥ એક વર રૂપમાં, વરણ પંચે હોયે, એક તુજ વર્ણ તે જગ ન માયો ॥ એક તિમ શ્લોકમાં, વરણ બત્રીશ હોએ, એક તુજ વર્ણ કિણહી ન ગવાયો ॥ વાચ ગુણ અતિશયા, પાડિહેરા સયા, બાહ્ય પણ એ

ગુણ કુણે ન ગવાયા ॥ કેવળ નાણ તહ, કેવળ દંસણ, પમુહ અભયંતરા જિનપ આયા, તેહ મુહ પદ્મથી કેમ કહાયા ॥૩॥

॥ દોહા ॥

જિણ ગુણ અનંત અનંત છે, વાચ ક્રમ મિત દીહ ॥
બુદ્ધિરહિત શક્તિ વિકલ, કેમ કહું એકણ જીહ ॥ ૬ ॥

॥ ઢાળ બીજી ॥ રાગ દેશાખ ॥

ભાવ ધરી ભવિ પૂજીયે, તિગ અડપણ ભેય ॥ તિમ સત્તર ભેદે કરી, પૂજો ગત ખેય ॥ભાવ૦ ॥ ૧ ॥ ઇગ વીશ અડસય ભેદથી, જિન ભાવ સંભારી ॥ પૂજો પરિગલ ભાવશું, પ્રભુ આણાકારી ॥ ભાવ૦ ॥ ૨ ॥ પૂજા કરતાં પૂજ્યની, પૂજ્ય પોતે થાવે ॥ તુજ પદ પદ્મ સેવક તિણે, અક્ષય પદ પાવે ॥ ભાવ૦ ॥ ૩ ॥

॥ ઇતિ પ્રથમ શ્રી અરિહંતપદપૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय श्री सिद्धपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સિદ્ધ સ્વરૂપી જે થયા, કર્મ મેલ સવિ ધોય ॥
જેહ થશે ને થાય છે, સિદ્ધ નમો સહુ કોય ॥ ૭ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(પારી રે જાતિનું ફુલ સરગથી.—એ દેશી.)

નમો સિદ્ધાણં હવે પદ બીજે, જે નિજ સંપદ વરીયા ॥ જ્ઞાન દર્શન અનંત ખજાનો, અવ્યાબાધ સુખ દરિયા કે ॥

સિદ્ધ બુદ્ધકે સ્વામિ નિજ રામી કે, હાં રે વાલા પ્રણમો નિજ ગુણ કામી રે ॥ ગુણકામી ગુણકામી ગુણવંતા, જે વચનાતીત હુઆ રે ॥ ૧ ॥ એ આંકણી ॥ ક્ષાયિક સમકિત ને અક્ષય સ્થિતિ, જેહ અરૂપી નામ ॥ અવગાહન અગુરૂ લઘુ જેહની, વીર્ય અનંતનું ધામ કે ॥ સિદ્ધ૦ ॥ ૨ ॥ ઇમ અડકર્મ અભાવે અડ ગુણ, વળી ઇગતિસ કહેવાય ॥ વળી વિશેષે અનંત અનંત ગુણ, નાણ નયણ નિરખાય ॥ નિત્ય નિત્ય વંદના થાય કે ॥ સિદ્ધ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

જિહાં નિજ એક અવગાહના, તિહાં નમું સિદ્ધ અનંત॥
ફરસિત દેશ પ્રદેશને, અસંખ્યગુણા ભગવંત ॥ ૮ ॥

॥ ઢાળ ચોથી ॥ રાગ ફાગ ॥

સિદ્ધ ભજો ભગવંત, પ્રાણી પૂર્ણાનંદી ॥ સિદ્ધ૦ ॥ લોકાલોક લહે એક સમયે, સિદ્ધ વધૂ વરકંત ॥ પ્રાણી૦ ॥ અજ અવિનાશી અક્ષય અજરામર, સ્વદ્રવ્યાદિકવંત ॥ પ્રાણી૦ ॥ ૧ ॥ વર્ણ ન ગંધ ન રસ નહીં ફરસ ન, દીર્ઘ હ્રસ્વ ન હુંત ॥ પ્રાણી૦ ॥ નહીં સૂક્ષ્મ બાદર ગત વેદી, ત્રસ થાવર ન કહંત ॥ પ્રાણી૦ ॥ ૨ ॥ અક્રોહી, અમાની, અમાયી, અલોભી, ગુણ અનંત ભદંત ॥ પ્રાણી૦ ॥ પદ્મવિજય નિત્ય સિદ્ધ સ્વામિને, લળિ લળિ લળિ પ્રણમંત ॥ પ્રાણી૦ ॥૩॥

॥ ઇતિ દ્વિતીય શ્રી સિદ્ધપદપૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय श्री आचार्यपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પડિમા વહે વળિ તપ કરે, ભાવના ભાવે બાર ॥
નમીયે તે આચાર્યને, પાળે પંચાચાર ॥ ૯ ॥

॥ ઢાળ પાંચમી ॥

(સંભવ જિનવર વીનતિ.—એ દેશી)

આચારજ ત્રીજે પદે, નમીય જે ગચ્છ ધોરી રે ॥ ઇં-
દ્રિય તુરંગમ વશ કરે, જે લહી જ્ઞાનની દોરી રે ॥આચા૦॥
॥ ૧ ॥ શુદ્ધ પ્રરૂપક ગુણથકી, જે જિનવર સમ ભાખ્યા રે॥
છત્રીશ છત્રીશી ગુણે, શોભિત સમયમાં દાખ્યા રે ॥ આ૦॥
॥ ૨ ॥ ઉત્કૃષ્ટા ત્રીજે ભવે, પામે અવિચલ ઠાણ રે ॥ ભાવા-
ચારય વંદના, કરિયે થઈ સાવધાન રે ॥ આચારજ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

નવવિધ બ્રહ્મ ગુપ્તિ ધરે, વર્જે પાપ નિયાણ ॥
વિહાર કરે નવ કલ્પ નવ, સૂરિ તત્ત્વના જાણ ॥ ૧૦ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥ રાગ બિહાગડો ॥

(મુજ ઘર આવજો રે નાથ - એ દેશી.)

સત્તાવીશ ગુણ સાધુના, શોભિત જ્યાસ શરીર ॥ નવ-
કોટી શુદ્ધ આહાર લે, ઇમ ગુણ છત્રીશે ધાર ॥ ભવિજન
ભાવશું નમો આજ ॥ ૧ ॥ જિમ પામો અક્ષયરાજ ॥ ભ-
વિ૦ ॥ એ આંકણી ॥ જે પ્રગટ કરવા અતિ નિપુણ, વર
લબ્ધિ અઠ્ઠાવીશ ॥ કહે અડવિધ પ્રભાવકપણું ધરે, એ સૂ-

રિગુણ છત્રીશ ॥ ભવિ૰ ॥ ૨ ॥ તજે ચૌદ અંતર ગ્રંથીને, પરિષહ જીતે બાવીશ ॥ કહે પદ્મ આચારય નમો, બહુ સૂરિ ગુણ છત્રીશ ॥ ભવિ૰ ॥ ૩ ॥

॥ ઇતિ તૃતીય શ્રી આચાર્યપદપૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ श्री उपाध्यायपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચોથે પદ પાઠક નમું, સકલ સંઘ આધાર ॥
ભણે ભણાવે સાધુને, સમતા રસ ભંડાર ॥ ૧૧ ॥

॥ ઢાળ સાતમી ॥ રાગ વસંત ॥

(તુંતો જિન ભજ વિલંબ ન કર હો, હોરીકે ખેલઇયા —એ દેશી.)

તુંતો પાઠક પદ મન ધર હો, રંગીલે જીઉરા ॥ રાય રાંક જસુ નિકટે આવે, પણ જસ નહિ નિજ પરહો ॥ રંગીલે૰ ॥ ॥ ૧ ॥ સારણાદિક ગચ્છ માંહે કરતાં, પણ રમતા નિજ ઘર હો ॥ રંગીલે૰ ॥૨॥ દ્વાદશાંગ સજ્ઝાય કરણકું, જે નિશદિન તત્પર હો ॥ રંગીલે૰ ॥ ૩ ॥ એ ઉવજ્ઝાય નિર્યામક પામી, તુ તો ભવસાયર સુખે તરહો ॥ રંગીલે૰ ॥ ૪ ॥ જે પરવાદિ મતંગજ કેરો, ન ધરે હરિપરે ડર હો ॥ રંગીલે૰ ॥૫॥ ઉત્તમ ગુરૂ પદ પદ્મ સેવનથેં, પકડે શીવવધૂ કરહો ॥ રંગીલે૰ ॥૬॥

॥ દોહા ॥

આચારજ મુખ આગળે, જે યુવરાજ સમાન ॥
નિદ્રા વિકથા નવિ કરે, સર્વ સમય સાવધાન ॥ ૧૨ ॥

॥ ઢાળ આઠમી ॥

(જિનવચને વૈરાગીયો હો ધન્ના.—એ દેશી)

નમો ઉવજ્ઝાયાણં જપો હો મિત્તા, જેહના ગુણ પચ્ચવીશ રે, એકાગર ચિત્તા ॥ એ પદ ધ્યાયો બે ॥ એ પદ ધ્યાયો ધ્યાનમાં રે મિત્તા, મૂકી રાગ ને રીશ રે ॥ એકા૦ ॥ ॥ ૧ ॥ અંગ ઇગ્યાર પૂર્વધરા હો મિત્તા, પરિષહ સહે બાવીશ રે ॥ ત્રણ્ય ગુપ્તિ ગુપ્તા રહે હો મિત્તા, ભાવે ભાવન પચ્ચવીશ રે ॥ એકા૦ ॥ ૨ ॥ અંગ ઉપાંગ સોહામણા હો મિત્તા, ધરતાં જેહ ગુણીશ ॥ ગણતાં મુખ પદ પદ્મથી હો મિત્તા, નંદી અણુયોગ જગીશ રે ॥ એકાગર ચિત્તા૦ ॥૩॥

॥ ઇતિ ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम श्री साधुपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

હવે પંચમપદે મુનિવરા, જે નિર્મમ નિઃસંગ ॥
દિન દિન કંચનની પરે, દીસે ચઢતે રંગ ॥ ૧૩ ॥

॥ ઢાળ નવમી ॥ રાગ વસંત ॥

(મો મન ભવન વિસાલ સાંઇયાં, મોમન.—એ દેશી.)

મુનિવર પરમ દયાલ ભવિયાં ॥ મુનિ૦ ॥ તુમે પ્રણમોને ભાવ વિશાલ ॥ ભવિયાં ॥ મુનિ૦ ॥ એ આંકણી ॥ કુખી સંબલ મુનિવર ભાંખ્યા, આહાર દોષ ટાળે બિયાલ ॥ ભ-

વિયાં ॥ મુનિ૦ ॥ બાહ્ય અભ્યંતર પરિગ્રહ છાંડી, છાંડી સવિ જંજાલ ॥ ભવિયાં ॥ મુનિ૦ ॥ ૧ ॥ જિણે એ ઋષિનું શરણ કર્યું તિણે, પાણી પહેલી બાંધી પાળ ॥ ભવિયાં ॥ મુનિ૦ ॥ જ્ઞાન ધ્યાન કિરિયા સાધંતા, કાઢે પૂર્વના કાળ ॥ ભવિયાં ॥ ॥ મુનિ૦ ॥ ૨ ॥ સંયમ સત્તર પ્રકારે આરાધે, છ જીવના પ્રતિપાળ ॥ ભવિયાં ॥ મુનિ૦ ॥ ઇમ મુનિગુણ ગાવે તે પહેરે, સિદ્ધ વધૂ વરમાળ ॥ ભવિ૦ ॥ મુનિ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

પાંચે ઇંદ્રિય વશ કરે, પાળે પંચાચાર ॥
પંચ સમિતિ સમિતા રહે, વંદૂ તે અણગાર ॥ ૧૪ ॥

॥ ઢાળ દશમી ॥

(ગિરિરાજકુ સદા મોરી વંદના રે.—એ દેશી.)

મુનિરાજકું સદા મોરી વંદના રે ॥ મુનિ૦ ॥ ભોગ વમ્યા તે મનશું ન ઇચ્છે, નાગ જ્યું હોય અગંધના રે ॥ મુનિ૦ ॥ પરિસહ ઉપસર્ગે સ્થિર રહેવે, મેરૂપરે નિકંપના રે ॥ મુનિ૦ ॥ ॥ ૧ ॥ ઇચ્છા મિચ્છા આવસિયા નિસિહિયા, તહકારને વલિ છંદના રે ॥ મુનિ૦ ॥ પૃચ્છા પ્રતિપૃચ્છા ઉપસંપદા, સામાચારી નિમંતના રે ॥ મુનિ૦ ॥ ૨ ॥ એ દશવિધ સામાચારી પાળે, કહે પદ્મ લેઉં તસ ભામણા રે ॥ મુનિ૦ ॥ એ ઋષિરાજ વંદનથી હોવે, ભવ ભવ પાપ નિકંદના રે ॥ મુનિરાજકું૦ ॥ ૩ ॥

॥ ઇતિ પંચમ શ્રી સાધુપદપૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ अथ षष्ठ श्री दर्शनपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સમકિત વિણ નવ પૂરવી, અજ્ઞાની કહેવાય ॥
સમકિત વિણ સંસારમાં, અરહો પરહો અથડાય ॥૧૫॥

॥ ઢાળ અગીઆરમી ॥ રાગ સારંગ ॥

પ્રભુ નિર્મલ દર્શન કીજીયે ॥ એ આંકણી ॥ આતમજ્ઞાનકો અનુભવ દર્શન, સરસ સુધારસ પીજીયે ॥ પ્રભુ૦ ॥૧॥ જસ અનુભવ અનંત પરિયટ્ટા, ભવ સસાર સહુ છીજીયે ॥ પ્રભુ૦ ॥ ભિન્ન મુહૂર્ત્ત દર્શન ફરસનથે, અર્ધ પરિયટ્ટે સીઝીયે ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ જેહથી હોવે દેવ ગુરૂ પુનિ, ધર્મ રંગ અઠ્ઠ મિજીયે ॥ પ્રભુ૦ ॥ ઇસ્યો ઉત્તમ દર્શન પામી, પદ્મ કહે શિવ લીજીયે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

સમકિત અડ પયવણ ધણી, પણ જ્ઞાની કહેવાય ॥
અર્દ્ધ પુર્ગલ પરાવર્ત્તમાં, સકલ કર્મમલ જાય ॥ ૧૬ ॥

॥ ઢાળ બારમી ॥

(ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા.—એ દેશી.)

સમ્યગ્ દર્શન પદ તુમે પ્રણમો, જે નિજ ધુર ગુણ હોય રે ॥ ચારિત્ર વિણ લહે શાશ્વત પદવી, સમકિત વિણ નહિ કોય રે ॥ સમ્યગ્૦ ॥ ૧ ॥ સદ્દહણા ચઉ લક્ષણ દૂષણ, ભૂષણ પંચ વિચારો રે ॥ જયણા ભાવણ ઠાણ આગારા, ષટ્ ષટ્

તાસ પ્રકારો રે ॥ સમ્યગ્૦ ॥ ૨ ॥ શુદ્ધિ લિંગ ત્રણ આઠ પ્રભાવક, દશવિધ વિનય ઉદારો રે ॥ ઈમ સડસઠ્ઠ ભેદે અલંકરિયો, સમકિત શુદ્ધ આચારો રે ॥ સમ્યગ્૦ ॥ ૩ ॥ કેવલી નિરખીત સૂક્ષ્મ અરૂપી, તે જેહને ચિત્ત વસિયો રે ॥ જિન ઉત્તમ પદ પદ્મની સેવા, કરવામાં ઘણું રસિયો રે ॥સમ્યગ્૦॥૪॥

॥ ઇતિ ષષ્ઠ શ્રી દર્શનપદપૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम श्री ज्ञानपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નાણ સ્વભાવ જે જીવનો, સ્વપર પ્રકાશક તેહ ॥
તેહ નાણ દીપક સમું, પ્રણમો ધર્મ સનેહ ॥ ૧૭ ॥

॥ ઢાળ તેરમી ॥ નારાયણાની દેશી ॥

(જિમ મધુકર મન માલતી રે—એ દેશી)

નાણ પદારાધન કરો રે, જેમ લહો નિર્મલ નાણ રે ॥ ભવિક જન ॥ શ્રદ્ધાપણ થિરતો રહે રે, જો નવ તત્ત્વ વિનાણ રે ॥ ભવિ૦ ॥ નાણ૦ ॥ ૧ ॥ અજ્ઞાની કરશે કિશ્યું રે, શું લહેશે પુણ્ય પાપ રે ॥ ભવિ૦ ॥ પુણ્ય પાપ નાણી લહેરે, કરે નિજ નિર્મલ આપ રે ॥ ભવિ૦ ॥નાણ૦॥૨॥ પ્રથમ જ્ઞાન પછી દયા રે, દશવૈકાલિક વાણી રે ॥ભવિ૦॥ ભેદ એકાવન તેહના રે, સમજો ચતુર સુજાણ રે ॥ ભવિક૦ ॥નાણ૦॥ ૩ ॥

॥ દોહા ॥

બહુ કોડચો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ ॥
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ ॥ ૧૮ ॥

॥ ઢાળ ચૌદમી ॥

(હો મતવાલે સાજનાં.—એ દેશી.)

નાણ નમો પદ સાતમે, જેહથી જાણે દ્રવ્યભાવ ॥ મેરે લાલ ॥ જાણે જ્ઞાન ક્રિયા વળી, તિમ ચેતનને જડભાવ ॥ મેરે૦ ॥ નાણ૦ ॥૧॥ નરગ સરગ જાણે વળી, જાણે વળી મોક્ષ સંસાર ॥ મેરે૦ ॥ હેય જ્ઞેય ઉપાદેય લહે, નિશ્ચય ને વ્યવહાર ॥ મેરે૦ ॥ નાણ૦ ॥ ૨ ॥ નામ ઠવણ દ્રવ્યભાવ જે, વળી સગનયને સપ્તભંગ ॥ મેરે૦ ॥ જિન મુખ પદ્મ દ્રહથકી, લહો જ્ઞાન પ્રવાહ સુગંગ ॥ મેરે૦ ॥ નાણ૦ ॥ ૩ ॥

॥ ઇતિ સપ્તમ શ્રી જ્ઞાનપદપૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम श्री चारित्रपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચારિત્ર ધર્મ નમો હવે, જે કરે કર્મ નિરોધ ॥
ચારિત્ર ધર્મ જસ મન વર્યો, સફલો તસ અવબોધ ॥૧૯॥

॥ ઢાળ પંદરમી ॥

(ટુક અને ટોડ વચેરે, મેંદી કેરો છોડ, મેંદી રંગ લાગ્યો.—એ દેશી)

ચારિત્ર પદ નમો આઠમે રે, જેહથી ભવ ભય જાય ॥ સંયમ રંગ લાગ્યો ॥ સત્તર ભેદ છે જેહના રે, સીતેર ભેદ પણ થાય ॥ સંયમ૦ ॥૧॥ સમિતિ ગુપ્તિ મહાવ્રત વળી રે, દશ ખંત્યાદિક ધર્મ ॥ સંયમ૦ ॥ નાણ કારય વિરતિય છે

રે, અનુપમ સમતા શર્મ ॥ સંયમ૦ ॥ ૨ ॥ બાર કષાય ક્ષય ઉપશમે રે, સર્વ વિરતિ ગુણઠાણ ॥ સંયમ૦ ॥ સંયમ ઠાણ અસંખ્ય છે રે, પ્રણમો ભવિક સુજાણ ॥ સંયમ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

હરિકેશી મુનિ રાજીયો, ઉપન્યો કુલ ચંડાલ ॥
પણ નિત્ય સુર સેવા કરે, ચારિત્ર ગુણ અસરાલ ॥૨૦॥

॥ ઢાળ સોલમી ॥

(સાહિબ કબ મિલે, સસનેહી પ્યારો હો સા૦—એ દેશી.)

સંયમ કબ મિલે, સસનેહી પ્યારો હો ॥ સંયમ૦ ॥ એ આંકણી ॥ યું સમકિત ગુણ ઠાણ ગબ્હારા, આતમસેં કરત બિચારા હો ॥ સંયમ૦ ॥૧॥ દોષ બહેંતાલીશ શુદ્ધ આહારા, નવકલ્પી ઉગ્ર વિહારા હો ॥ સંયમ૦ ॥૨॥ સહસ તેવીશ દોષ રહિત નિહારા, આવશ્યક દોય વારા હો ॥ સંયમ૦ ॥ ૩ ॥ પરિસહ સહનાદિક પરકારા, એમ વહે વ્યવહારા હો ॥ સંયમ૦ ॥ ૪ ॥ નિશ્ચય નિજ ગુણ વરણ ઉદારા, લહત ઉત્તમ ભવપારા હો ॥ સંયમ૦ ॥ ૫ ॥ મોહાદિક પરભાવસેં ન્યારા, દુગ નય સંયુત સારા હો ॥ સંયમ૦ ॥૬॥ પદ્મ કહે ઈમિ સુણી ઉજમાલા, લહે શિવવધૂ વરહારા હો ॥ સંયમ૦ ॥ ૭ ॥

॥ ઇતિ અષ્ટમ શ્રી ચારિત્રપદપૂજા સમાપ્ત ॥ ૮ ॥

॥ अथ नवम श्री तपःपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

દ્રઢપ્રહારી હત્યા કરી, કીધાં કર્મ અઘોર ॥
તોપણ તપના પ્રભાવથી, કાઢયાં કર્મ કઠોર ॥ ૨૧ ॥

॥ ઢાળ સત્તરમી ॥

(પુરૂષોત્તમ સમતા છે તાહરા ઘટમાં – એ દેશી.)

તપ કરિયે સમતા રાખી ઘટમાં ॥ તપ૦ ॥ તપ કરવાલ કરાલ લે કરમાં, લડીએ કર્મ અરિભટમાં ॥ તપ૦ ॥ ૧ ॥ ખાવત પીવત મોક્ષ જે માને, તે સિરદાર બહુજટમાં ॥ તપ૦ ॥૨॥ એક અચરિજ પ્રતિશ્રોતે તરતાં, આવે ભવસાગર તટમાં ॥ તપ૦ ॥ ૩ ॥ કાલ અનાદિકો કર્મ સંગતિથે, જીઉ પડીયો જ્યું ખટપટમાં ॥ તપ૦ ॥ ૪ ॥ તાસ વિયોગ કરણએ કરણં, જેણે નવિ ભમિયે ભવતટમાં ॥ તપ૦ ॥ ૫ ॥ હોયે પુરાણ તે કર્મ નિર્જરે, એ સમ નહિ સાધન ઘટમાં ॥ તપ૦ ॥ ૬ ॥ ધ્યાન તપે સવિ કર્મ જલાઈ, શિવવધૂ વરિયે ઝટપટમાં ॥ તપ૦ ॥ ૭ ॥

॥ દોહા ॥

વિઘ્ન ટળે તપ ગુણથકી, તપથી જાય વિકાર ॥
પ્રશંસ્યો તપ ગુણથકી, વીરે ધન્નો અણગાર ॥ ૨૨ ॥

॥ ઢાળ અઢારમી ॥

(સચ્ચા સાંઈ હો, ડંકા જોર બજાયા હો.—એ દેશી.)

તપસ્યા કરતાં હો ડંકા જોર બજાયા હો ॥ એ આંકણી॥

ઉજમણા તપ કેરા કરતાં, શાસન સોહ ચઢાયા હો ॥ વીર્ય ઉલ્લાસ વધે તેણે કારણ, કર્મ નિર્જરા પાયા ॥ તપ૦ ॥ ૧ ॥ અડસિદ્ધિ અણિમા લબ્ધિમાદિક, તિમ લબ્ધિ અડવીસા હો ॥ વિષ્ણુ કુમારાદિક પરે જગમાં, પામત જયત જગીશા ॥ તપ૦ ॥ ૨ ॥ ગૌતમ અષ્ટાપદ ગિરિ ચઢિયા, તાપસ આહાર કરાયા હો ॥ જે તપ કર્મ નિકાચિત તપવે, ક્ષમાસહિત મુનિરાયા ॥ તપ૦ ॥૩॥ સાડા બાર વર્ષ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા હો ॥ ઘોર તપે કેવળ લહ્યા તેહના, પદ્મવિજય નમે પાયા ॥ તપ૦ ॥ ૪ ॥

॥ ઇતિ નવમ શ્રી તપઃપદપૂજા સમાપ્ત ॥ ૯ ॥

॥ અથ કળશ ॥

(રાગ ધનાશ્રી.)

આજ માહારે ત્રિભુવન સાહેબ તૂઠો, અનુભવ અમૃત વૂઠો ॥ ગુણિ અનુયાયી ચેતના કરતાં, કિશું અકરે મોહ રૂઠો ॥ ભવિ પ્રાણી હો ॥ આજ૦ ॥ ૧ ॥ એ નવપદનું ધ્યાન ધરંતાં, નવ નિધિ ઋદ્ધિ ઘરે આવે ॥ નવય નિયાણાનો ત્યાગ કરીને, નવક્ષાયિક પદ પાવે ॥ ભવિ૦ ॥ આજ૦ ॥ ૨ ॥ વિજયસિંહસૂરિ શિષ્ય અનુપમ, ગીતારથ ગુણ રાગી ॥ સત્યવિજય તસ શિષ્ય વિબુધવર, કપૂરવિજય વડભાગી ॥ ભવિ૦ ॥ આજ૦ ॥ ૩ ॥ તાસ શિષ્ય શ્રી ખિમાવિજયવર, જિનવિજય પન્યાસ ॥ શ્રી ગુરૂ ઉત્તમવિજય સુશિષ્યો, શા-

સ્વાભ્યાસ વિલાશ ॥ ભવિ૦ ॥ આજ૦ ॥ ૪ ॥ ગજ વન્હિ મદ ચંદ્ર (૧૮૩૮) સંવત્સર, મહા વદિ બીજ ગુરૂવારો ॥ રહી ચોમાસું લીંબડી નગરે, ઉધમ એહ ઉદારો ॥ ભવિ૦ ॥ ॥ આજ૦ ॥ ૫ ॥ તપગચ્છ વિજય ધર્મસૂરિ રાજે, શાંતિ- જિણંદ પસાયો ॥ શ્રી ગુરૂ ઉત્તમ ક્રમ કજ અલિ સમ, પદ્મ વિજય ગુણ ગાયો ॥ ભવિ૦ ॥ આજ૦ ॥૬॥ ઇતિ કળશ ॥

॥ ઇતિ પંડિત શ્રી પદ્મવિજયજી કૃત ॥

॥ શ્રી નવપદ પૂજા સમાપ્ત ॥

અથ શ્રી ધર્મચંદ્રજી કૃત

શ્રી નંદીશ્વરદ્વીપ પૂજા પ્રારંભ.

॥ अथ प्रथम पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પ્રણમું શાંતિ જિણંદને, ચઉદ રયણપતિ જેહ ॥ કંચ- નવર્ણે સોહતા, લક્ષણ લક્ષિત દેહ ॥ ૧ ॥ સુરગિરિ અષ્ટાપદ ગિરિ, ગિરનાર આબુ તેમ ॥ સમેતશિખર એ પાંચમો, વંદું બહુ ધરી પ્રેમ ॥ ૨ ॥ સમરી શારદ માતને, રચું પૂજા હું રસાળ ॥ જેમ સુણતાં ભવિ પ્રાણિને, હર્ષ વધે તત્કાળ ॥૩॥ વિસ્તીર્ણ જિનભુવનમાં, રચી નંદીશ્વર દ્વીપ ॥ તદનંતર

પ્રભુ થાપીને, કરો અભિષેક પ્રદીપ ॥ ૪ ॥ એકાદશ અભિષેક ઇહાં, સામાન્યે ધરો ચિત્ત ॥ આઠ અધિક શત તો કરો, હોયે વિશેષે પ્રિત ॥ ૫ ॥ સકલ સામગ્રી મેળવી, શ્રદ્ધાવંત નર નાર ॥ જળ કળશા નિજ કર ધરો, પામવા ભવજળ પાર ॥ ૬ ॥ રહી સમશ્રેણિ બિંહુ દિશે, વાજતે મંગળ તૂર ॥ પૂજા પ્રભુની ભણાવિયે, કરવા અઘ ચકચૂર ॥ ૭ ॥

॥ ઢાળ ૧ લી ॥

(અને હાં રે વાલો વસે વિમલાચલે રે.—એ દેશી.)

અને હાં રે શાસનનાયક જગ વિભુ રે, સ્યાદ્વાદના ભાપણહાર ॥ જ્ઞાન વડો ગુણ પ્રભુ કહે રે ॥ શ્રી ત્રીશલા નંદન વીર ॥ જ્ઞાન૦ ॥ અને૦ ॥ પાંચ પ્રકારે તે જ્ઞાન છે રે, મતિ શ્રુત અવધિ શ્રીકાર ॥ જ્ઞાન૦ ॥ ૧ ॥ અને૦ ॥ મનઃપર્યવ કેવળ ભલું રે, જે પ્રગટે દુઃખ નહીં કોય ॥ જ્ઞાન૦ ॥અને૦॥ ઉર્ધ્વ અધો તિર્છા લોકનુ રે, જે નિશ્ચે જ્ઞાનથી હોય ॥ જ્ઞાન૦ ॥ ૨ ॥ અને૦ ॥ સુરલોક ગ્રૈવિજ્જ અણુત્તરે રે, જિનપ્રતિમા પૂજે જે દેવ ॥ જ્ઞાન૦ ॥ અને૦ ॥ જાણે તે કેવળજ્ઞાનથી રે, ઉર્દ્ધ લોકે રહ્યા સિદ્ધદેવ ॥ જ્ઞાન૦ ॥ ૩ ॥ અને૦ ॥ ભુવનપતિ અધોલોકમાં રે, પ્રભુની કરે ભક્તિ રસાળ ॥ જ્ઞાન૦ ॥ અને૦ ॥ તિર્છાલોકે વ્યંતર જ્યોતિષી રે, જિનપૂજા કરે ત્રણ કાળ ॥ જ્ઞાન૦ ॥ ૪ ॥ અને૦ ॥ જંબૂ ધાતકીખંડમાં રે, પુષ્કરાર્દ્ધદ્વીપ મોઝાર ॥ જ્ઞાન૦ ॥અને૦॥ કરી ન કરી

પ્રતિમાતણી રે, કરે પૂજા સુરનર નાર ॥ જ્ઞાન૦ ॥૫॥અને૦॥ દશ ક્ષેત્રે દશ ચોવિશી રે, પાંચ વિદેહે વીશ વિહરમાન ॥જ્ઞાન૦ ॥ અને૦ ॥ તેહ પ્રભુની વાણી સુણે રે, ભવિ પામવા નિશ્ચય જ્ઞાન ॥ જ્ઞાન૦ ॥ ૬ ॥ અને૦ ॥ તે માટે શ્રાવક ભાવશું રે, પ્રભુ પૂજો થઈ ઉજમાળ ॥ જ્ઞાન૦ ॥ અને૦ ॥ કહે ધર્મચંદ્ર જિનધ્યાનથી રે, લહે કેવળજ્ઞાન વિશાળ ॥ જ્ઞાન૦॥ ॥ ૭ ॥ ઇતિ શ્રી પ્રથમ ઢાળ સમાપ્ત ॥

॥ સ્તુતિઃ ॥ કાવ્યં ॥ શાર્દુલવિક્રીડિત વૃત્તમ્ ॥

સ્નાતસ્યાઽપ્રતિમસ્યમેરૂશિખરે, શચ્યા વિભોઃ શૈસવે ॥
રૂપાલોકન વિસ્મયાહ્તરસ, ભ્રાંત્યા ભ્રમચ્ચક્ષુષા ॥
ઉન્મૃષ્ટં નયનપ્રભાધવલિતં, ક્ષીરોદકાશંકયા ॥
વક્ત્ર યસ્ય પુનઃ પુનઃ સજયતિ, શ્રી વર્દ્ધમાનોજિનઃ ॥૧॥

(એ કાવ્ય પ્રત્યેક પૂજાદીઠ કહેવું, અને ત્યાર પછી કળશ ઢાળવા.)

॥ દોહા ॥

સહુ પ્રભુને કલ્યાણકે, ચલિતાસન હરિ હોય ॥ આવી જે ઉત્સવ કરી, જાય નંદીસર સોય ॥ ૧ ॥ એક ગિરિનિશ્રાયે કહ્યા, ગિરિ દધિમુખ જે ચાર, ગિરિ રતિકર અડ જાણવા, ચૈત્ય તેર સુવિચાર ॥ ૨ ॥ એમ ચઉદિશિના મેળવ્યાં, બાવન ચૈત્ય તે હોય ॥ બિંબ છ સહસ્સ ચારશેં, અડતાલીશને જોય ॥ ૩ ॥ હરિ આદે સૂર બહુ મળી, મુક્તાફળ લેઈ હાથ ॥ હર્ષે વધાવે નાથને, જાચે અનંતી આથ ॥ ૪ ॥ પૂર્વ

દિશે અંજનગિરે, સોહમઇંદ્ર મનરંગ ॥ આવી તિહાં ઉત્સવ કરે, તજવા ચઉગતિ સંગ ॥ ૫ ॥

॥ ઢાળ બીજી ॥

(ભરતને પાટે ભૂપતિ રે.—એ દેશી.)

હવે નંદિસર દ્વીપની રે, દેખી રચના સાર ॥ સલૂણા ॥ સુરમન મધુકર જઈ વસ્યા રે, પ્રભુપદ કમલે અપાર ॥સ૦॥ ॥ હવે૦ ॥ ૧ ॥ સો કોડીને ત્રેશઠ વળી રે, જોયણ ચોરાશી લાખ ॥ સ૦ ॥ પહોળપણે દ્વીપ આઠમો રે, સૂત્રમાં જેહની સાખ ॥ સ૦ ॥ હવે૦ ॥ ૨ ॥ પૂર્વદિશિ મધ્યભાગમાં રે, ગિરિ અંજન દેવ રમણ ॥ સ૦ ॥ ચોરાશી સહસ્સ તે જોયણા રે, છે ઉંચો કહે શ્રમણ ॥ સ૦ ॥ હવે૦ ॥ ૩ ॥ હજાર દશ નીચે ઉપરે રે, જાડપણું એક સહસ્સ ॥ સ૦ ॥ સહસ્સ જોયણ કંદ છે રે, લહિયે ગુરૂથી રહસ્ય ॥ સ૦ ॥ હવે૦ ॥ ૪ ॥ છસેં એકત્રીશ સહસ્સ છે રે, ઉપર ત્રેવીશ જાણ ॥ સ૦ ॥ અધોપરિધિના એ જોયણા રે, અંજનગિરિનાં પ્રમાણ ॥ સ૦ ॥હવે૦॥ ॥૫॥ ત્રણ સહસ્સ એકશો બાસઠ રે, જે ઉર્ધ્વ પરિધિના હોય ॥ સ૦ ॥ જગતારક અરિહા વિના રે, કહી ન શકે તે કોય ॥ સ૦ ॥ હવે૦ ॥ ૬ ॥ જે દેવરમણે ચૈત્ય છે રે, ઉંચું બહોતેર જોયણ ॥સ૦॥ સો જોયણ લાંબુ પહોળું રે, પચ્ચાસ એ પ્રભુવયણ ॥ સ૦ ॥ હવે૦ ॥ ૭ ॥ ચઉબારો મણિ રત્નનો રે, સૂત્રમાં કહે ભગવંત ॥ સ૦ ॥ દેવ નામે પૂર્વદ્વાર છે રે, તિહાં

દેવ ગુણવંત ॥ સ૦ ॥ હવે૦ ॥ ૮ ॥ દક્ષિણે અસુર દેવતા રે,
પશ્ચિમ ઉત્તર જાણ ॥ સ૦ ॥ નાગને સોવન્ન સોહતા રે, એ
નામે દ્વાર વખાણ ॥ સ૦ ॥ હવે૦ ॥ ૯ ॥ ચૈત્યમધ્યે મણિપી-
ઠિકા રે, લાંબી પહોળી શોલ ॥ સ૦ ॥ જોયણ આઠ ઉંચી
કહી રે, લોક પ્રકાશે એ બોલ ॥ સ૦ ॥ હવે૦ ॥૧૦॥ લાંબો
પહોળો પીઠિકા સમો રે, દેવછંદો અભિરામ ॥ સ૦ ॥ જોયણ
શોલ અધિક ઉંચો રે, સોહે પીઠિકા ઠામ ॥ સ૦ ॥ હવે૦ ॥
॥૧૧॥ તે મધ્યે સિંહાસને રે, જિનપ્રતિમા જયકાર ॥ સ૦ ॥
સગવીશ સગવીશ ચિહું દિશે રે, શાશ્વતી નામે ચાર ॥સ૦॥
॥ હવે૦ ॥ ૧૨ ॥ તે જિનપ્રતિમા વંદીને રે, છાંડી પ્રમાદને
છેક ॥ સ૦ ॥ તીર્થજળે કળશા ભરી રે, દેવ કરે અભિષેક
॥ સ૦ ॥ હવે૦ ॥ ૧૩ ॥ કેસરે પૂજી ગુણ સ્તવે રે, દેવ દેવી
ધરી નેહ ॥ સ૦ ॥ ધર્મચંદ્ર જિન પૂજતાં રે, વર્ષે મોતીના
મેહ ॥ સલૂણા ॥ હવે૦ ॥ ૧૪ ॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

॥ ઇતિ પ્રથમાભિષેકે પ્રથમપૂજા સમાપ્ત ॥

॥ अथ द्वितीयपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કરૂં વર્ણન બહુ ભાવથી, શેષ રહ્યો અધિકાર ॥
સુણો ભવિજન એક ચિત્તથી, ન રહે પાપ લગાર ॥૧॥
દક્ષિણે અંજનગિરિ તિહાં, ચમર નામે સુરનાથ ॥
કરે મહોચ્છવ અઠ્ઠાઇનો, વરવા શિવવધૂ હાથ ॥ ૨ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે, એ૦.—એ દેશી.)

દક્ષિણદિશિયે અંજનગિરિ જે, નામે તે નિત્યોદ્યોત ॥ ભ્રમર સમ જે શ્યામરતન, તેહની છે બહુ જ્યોત ॥ મેરે પ્યારે, વંદો બે કર જોડી ॥ ૧ ॥ શ્રી નંદીશ્વર ચૈત્યને પૂજ્યાં, નાંખે કર્મને ત્રોડી ॥ મેરે૦ ॥ એ આંકણી ॥ તિહાં પ્રાસાદ દ્વાર ચાર જે, તે ઉંચાં જોયણ શોલ ॥ આઠ જોયણ વિસ્તારે છે તેમ, પ્રવેશ જોયણ આઠ બોલ ॥ મેરે૦ ॥ ૨ ॥ દ્વાર દીઠ એક એક મુખમંડપ, તે વળી પડસાલ સરિખા ॥ તે આગળ પ્રેક્ષામંડપ જે, ઘર સમ જ્ઞાનીયે નિરખ્યા ॥ મેરે૦ ॥ ૩ ॥ એ મંડપ જોયણ સો લાંબા, પહોળા જોયણ પચ્ચાસ ॥ શોલ જોયણના ઉંચા ભાખ્યા, સુણતાં હોય ઉલ્લાસ ॥ મેરે૦ ॥૪॥ બહુ મંડપે ત્રણ ત્રણ દ્વાર, તે વળી કહ્યા ચાર ચાર ॥ હવે પ્રેક્ષા મંડપ મધ્યે, વજ્ર અક્ષાટક સાર ॥ મેરે૦ ॥૫॥ તે મધ્યે મણિપીઠિકા એક પહોળી, લાંબી જોયણ આઠ ॥ ચાર જોયણની ઉંચી જાણો, જીવાભિગમે એ પાઠ ॥ મેરે૦ ॥ ૬ ॥ તે ઉપર હરિયોગ્ય સિંહાસન, ચંદ્રુવે ઝાક ઝમાળ ॥ વચ્ચે વજ્રને આંકડે વળગી, મુક્તાફળની જે માળ ॥ મેરે૦ ॥ ૭ ॥ તે પ્રેક્ષામંડપની આગળ, મણિપીઠિકા એક સોહે ॥ શોલ જોયણ લાંબીને પહોળી, દેખતાં સુર મન મોહે ॥ મેરે૦ ॥ ૮ ॥ આઠ જોયણ ઉંચી તે ઉપર, ચૈત્ય થુભ કહે નાણી ॥ તે શોલ જો-

યણ લાંબી પહોળી, શોલ અધિક ઉંચી જાણી ॥ મેરે૦ ॥૯॥ તે ઉપર આઠ મંગલ દીપે, તેથી ચાર દિશે ચાર ॥ છે મણિ-પીઠિકા લાંબી પહોળી, આઠ જોયણ ચિત્ત ધાર ॥ મેરે૦ ॥ ॥૧૦॥ ચાર જોયણની છે તે ઉંચી, તે પીઠ ઉપર ગુણધામ ॥ શુભ સન્મુખ અરિહંતની પ્રતિમા, બેઠી તસ કીજે પ્રણામ ॥ મેરે૦ ॥ ૧૧ ॥ દેવ દેવી તે અરિહા પૂજે, મનમાં. આણી વિવેક ॥ કહે ધર્મચંદ્ર ભવિજન પ્રેમે, કરો જિનને અભિ-ષેક ॥ મેરે૦ ॥ ૧૨ ॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

॥ ઇતિ દ્વિતીયાભિષેકે દ્વિતીયપૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

વળી ઇંદ્ર ઓચ્છવ કરે, પશ્ચિમ ગિરિયે સાર ॥
તેહનું વર્ણન હવે કરૂં, બુદ્ધિતણે અનુસાર ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥

(સાંભળ રે તુ સજની મોરી —એ દેશી.)

પશ્ચિમ દિશે અંજનગિરિ જે, ચૈત્ય એક તિહાં લહિયે જીરે ॥ તે ચૈત્યનાં દ્વાર ચારથી, મુખમંડપ પ્રેક્ષા કહીયે ॥ જિનવર નમિયે જીરે ॥ જિનવર નમિયે ભાવે ભવિજન, જિન છે જગત્ આધાર ॥ જિન૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ તે આગળ ચૈત્ય શુભ ધારો, વારો મનથી અજ્ઞાન જીરે ॥ મણિ-પીઠ ને આગળ સોહે, જે શુભ પીઠિકા સમાન ॥ જિન૦॥૨॥

ચૈત્યતરૂ તે ઉપર દીપે, તે ચૈત્યવૃક્ષને આગે જીરે ॥ એક મણિપીઠિકા લાંબી પહોળી, ચંદ્રકલાને અર્દ્ધભાગે ॥ જિન૦ ॥ ॥૩॥ ચાર જોયણ ઉંચી તે ઉપર, મહેંદ્રધ્વજ જે રૂડો જીરે ॥ સાઠ જોયણ તે ઉંચો સોહે, જોયણ એક પહોળો ઉંડો ॥ જિન૦ ॥ ૪ ॥ નંદા પુષ્કરિણી તે આગે, જોયણ સોને પચ્ચાસ જીરે ॥ લાંબી પહોળી ઉંડી દશ જે, દેખતાં હોવે ઉલ્લાસ ॥ જિન૦ ॥૫॥ તિહાંથી ચાર દિશે વન ચાર વળી, તે નંદીશ્વર દ્વીપે જીરે ॥ ઋષભાનન ચદ્રાનન સ્વામિ, વારિષેણ વર્દ્ધમાન દીપે ॥ જિન૦ ॥ ૬ ॥ તે પ્રભુની પૂજા સુર સારે, કરવા ભવભય દૂર જીરે ॥ કહે ધર્મચંદ્ર જિન અભિષેક, ભવિ કરો વાજતે તૂર ॥ જિન૦ ॥ ૭ ॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

॥ ઇતિ તૃતીયાભિષેકે તૃતીયપૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ઇશાનવજ્રી ઉત્તર દિશે, અંજન ગિરિયે આય ॥
કરે ઉત્સવ અઠ્ઠાઇના, જિન ગુણ રંગે ગાય ॥ ૧ ॥

॥ ઢાળ પાંચમી ॥

(મ્હારી સહી રે સમાણી.—એ દેશી.)

ઉત્તરદિશે અંજનગિરિ નામ, કહ્યો રમણિક અભિરામ રે ॥ ધન ધન જિનવાણી ॥ જેમાં સર્વની સંખ્યા વખાણી રે

॥ ધન૦ ॥ એ આંકણી ॥ તિહાં ચૈત્યે એકશોને આઠ, પડિમા એ સૂત્રમાં પાઠ રે ॥ ધન૦ ॥ ૧ ॥ નાગ ભૂત યક્ષને આશાધર, એ દો દો પ્રભુ દીઠ અમર રે ॥ ધન૦ ॥ પ્રતિમા આઠ એ વિનય કરંતી, પ્રતિમા દોય ચમર વિઝંતી રે ॥ ધન૦ ॥ ॥ ૨ ॥ પ્રભુ પૂંઠે એક છત્રધર જાણો, એ સાશય ભાવે વખાણો રે ॥ ધન૦ ॥ હવે પૂજા ઉપકરણ કહિયે, આઠે અધિક સો લહિયે રે ॥ ધન૦ ॥ ૩ ॥ જે અષ્ટ મંગલ ફુલની દામ, કુંભ ધ્વજ દર્પણ અભિરામ રે ॥ ધન૦ ॥ પુષ્પ ચંગેરી છત્ર ભૃંગાર, ઘંટ ધૂપ ઘટી શ્રીકાર રે ॥ ધન૦ ॥ ૪ ॥ એ આદિ ઉપકરણ ઘણેરાં, રજત મણિનાં ભલેરાં રે ॥ ધન૦ ॥ પ્રાસાદ ભૂમિયે વેલને બૂટા, ઠામ ઠામ સોનાના છૂટા રે ॥ધન૦॥ ॥ ૫ ॥ મૂલ પ્રાસાદ મધ્યે શત આઠ, શોલ જિનનો દ્વારે ઠાઠ રે ॥ ધન૦ ॥ સર્વ એ પડિમા એકશો ચોવીશ, સુર પ્રણમે નમાવી શીશ રે ॥ ધન૦ ॥ ૬ ॥ કર ધરી કલશા રજત મણિના, સુર ગુણ ગાયે જગત્ ધણીના રે ॥ ધન૦ ॥ વીણા મૃદગ તાલને અમરી, વજાવે જે રાગને સમરી રે ॥ ધન૦ ॥ ॥ ૭ ॥ કરે જિન સ્નાત્ર વિધિયે એમ, ચંદને પૂજે ધરી પ્રેમ રે ॥ ધન૦ ॥ પ્રભુ ગુણ ગાવાની નિત્યમેવ, ધર્મચંદ્ર મુનિને એ ટેવ રે ॥ ધન૦ ॥ ૮ ॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

॥ ઇતિ ચતુર્થાભિષેકે ચતુર્થપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

લોકપાલનો દધિમુખે, ઉત્સવનો અધિકાર ॥
કહિશું ભવિજન સાંભળો, જેમ સુખ લહો અપાર ॥૧॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(રંગ રસીયા રંગરસ બન્યો—એ દેશી.)

પ્રભુ શિવરસિયા વસિયા દિલે, મનમોહનજી ॥ વિધિ વિષ્ણુ શંકર ન સોહાય ॥ મનડું મોહ્યું રે મનમોહનજી ॥ પૂજતાં પડિમા જિનરાજની ॥ મન૦ ॥ ભવભવનાં દુરિત પલાય ॥ મનડું૦ ॥ ૧ ॥ અંજનગિરિએ ચારથી ॥ મન૦ ॥ ચાર દિશાયે લાખ લાખ ॥ મનડું૦ ॥ જોયણ ગયે જે વાવ્ય છે ॥ મન૦ ॥ લાખ જોયણની તે ભાખ્ય ॥ મનડું૦ ॥૨॥ જોયણ દશ ઉંડી કહી ॥ મન૦ ॥ મત્સ્ય વિનાનું જળ સોય ॥ મનડું૦ ॥ વાવ્ય એકને ચારે દિશે ॥મન૦॥ ત્રણ ત્રણ સોપાન તે હોય ॥ મનડું૦ ॥૩॥ રત્નતોરણ ચારે દિશે ॥મન૦॥ તે ઝલકે તેજે અપાર ॥ મનડું૦ ॥ પણસય જોયણ દૂર વાવ્યથી ॥ મન૦ ॥ ચઉ દિશાયે વન ચાર ॥ મનડું૦ ॥ ૪ ॥ પહોળપણે શત પાંચના ॥ મન૦ ॥ લાંબા પુષ્કરિણી પ્રમાણ ॥ મનડું૦ ॥ વાવ્યમધ્યે એક દધિમુખ ॥મન૦॥ સ્ફટિક રત્નનો જાણ ॥મનડું૦॥૫॥ ચોશઠ સહસ્સ જોયણ ઉંચો ॥મન૦॥ નિચે ઉપર દશહજાર ॥મનડું૦॥ જાડપણે તે જાણવો ॥મન૦॥

સહસ્સ જોયણ કંદ વિચાર ॥ મનડું૦ ॥૬॥ એમ શોલે દધિમુખ જાણજો ॥ મન૦ ॥ સર્વ પ્યાલાને આકાર ॥ મનડું૦ ॥ શોલ ઉપર શોલ ચૈત્ય છે ॥ મન૦ ॥ અંજનગિરિ સરખા ધાર ॥ મનડું૦ ॥ ૭ ॥ એકશો ચોવીશ ચૈત્ય દીઠ ॥ મન૦॥ અરિહંતની પ્રતિમા સાર ॥મનડું૦॥ લોકપાળ સઘળા તિહાં મળી ॥ મન૦ ॥ કરે અભિષેક કહે તાસ ॥ મનડું૦ ॥ ૮ ॥ તેમ શ્રાવક મનરંગશું ॥ મન૦ ॥ જિનવરને કરો અભિષેક ॥ મનડું૦ ॥ કહે ધર્મચંદ્ર જિન પૂજતાં ॥ મન૦ ॥ પામિયે શિવગતિને એક ॥ મનડું૦ ॥ ૯ ॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

॥ ઇતિ પંચમાભિષેકે પંચમ પૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ अथ षष्ठ पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચંદ્રકળા બમણી કર્યાં, હોય રતીકર માન ॥
તિહાં જૈનચૈત્યે મૂરતિ, પાંચશેં ધનુષ્ય પ્રમાણ ॥ ૧ ॥
ભુવનપતિ વ્યંતરતણા, જ્યોતિષીના વળી દેવ ॥
વૈમાનિક સુરવર ઇહાં, કરે જિનવરની સેવ ॥ ૨ ॥

॥ ઢાળ સાતમી ॥ રાગ સારંગ ॥

જિનરાજ પૂજી લાહો લીજીયે ॥ એ આંકણી ॥ શિવસુખનો અભિલાષ કરો તો, જિન આણા શિર વહીજીયે ॥ જિન૦ ॥ વાવ્ય વાવ્યના અંતર વચ્ચે, રતિકર દો દો લ-

હીજીયે ॥ જિન૦ ॥ ૧ ॥ દશ સહસ્સ જોયણ લાંબા પહોળા, એક સહસ્સ ઉંચા કહીજીયે ॥ જિન૦ ॥ પદ્મરાગ મણિના જે દીપે, જલરીસંઠાણ સુણીજીયે ॥ જિન૦ ॥ ૨ ॥ બત્રીશ રતિકરે બત્રીશ ચૈત્યે, પ્રભુ વંદી સુર હર્ષીજીયે ॥ જિન૦ ॥ તીર્થોદકના કળશ ભરીને, જિન અભિષેક કરીજીયે ॥જિન૦॥ ॥ ૩ ॥ કેસર ચંદને અરિહા પૂજી, ફુલ ટોડર કંઠે ઠવીજીયે ॥ જિન૦ ॥ કનકપત્ર કોરણી કરીને, વચ્ચે વચ્ચે રત્ન જડીજીયે ॥ જિન૦ ॥ ૪ ॥ સુરપરે ભવિજન પૂજા રચાવી, લખમીનો લાહો લીજીયે ॥ જિન૦ ॥ કહે ધર્મચંદ્ર જિનેશ્વર સાહિબ, હવે શિવસુખ મુજ દીજીયે ॥ જિન૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

॥ ઇતિ ષષ્ઠાભિષેકે ષષ્ઠપૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સોહમ ઇશાનંદ્રની, અગ્રમહિષી આઠ આઠ ॥
તેહના ભદ્ર જે શોલમા, પ્રભુચૈત્યનો ઠાઠ ॥ ૧ ॥

॥ ઢાળ આઠમી ॥ ઝુમખડાની દેશી ॥

એ દ્વીપના મધ્યભાગમાં રે, ચાર વિદેશે જે ચાર ॥ પ્રભુ ઉપદેશિયા ॥ રતિકર સર્વ રતનમયી રે, સહસ્સના ઉંચા ધાર ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ દશ સહસ્સ લાંબા પહોળા રે, અઢીશેં જોયણ કંદ ॥ પ્રભુ૦ ॥ એકત્રીશ સહસ્સ ઉપર છશેં રે, ત્રે-

વીશ કહે જિનચંદ ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ પરિધિના જોયણ ધારી-યે રે, નાખીયે અજ્ઞાન ચૂર ॥ પ્રભુ૦ ॥ રતિકરથી ચારે દિશે રે, લાખ જોયણ જઇયે દૂર ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ રાજધાની ચારે તિહાં રે, ગિરિ ચાર મળીને શોલ ॥ પ્રભુ૦ ॥ અગ્નિ નૈઋત-ના ગિરિ પૂંઠે રે, ધૂર હરિલલનાની બોલ ॥ પ્રભુ૦ ॥ ૪ ॥ વાવ્ય ઇશાનના ગિરિ પૂઠે રે, ઇશાન ઇંદ્રની આઠ ॥પ્રભુ૦॥ રાજધાની અગ્રમહિષીની રે, છે સિદ્ધાંતે એ પાઠ ॥ પ્રભુ૦ ॥ ॥ ૫ ॥ જોયણ એક લાખ લાખની રે, નગરી સોહે એ શોલ ॥ પ્રભુ૦ ॥ એ પ્રભુવાણી તે સદ્દહે રે, જેને ધર્મશું રંગચોલ ॥ પ્રભુ૦ ॥૬॥ જિહાં શોલ ચૈત્ય દીઠ છે રે, પ્રતિમા એકશો વીશ ॥ પ્રભુ૦ ॥ તિહાં અગ્રમહિષી આવીને રે, સ્નાત્ર કરે વસા વીશ ॥ પ્રભુ૦ ॥ ૭ ॥ નેમ તુમે ભવિજન ભાવશું રે, પૂજો શ્રી અરિહંત ॥ પ્રભુ૦ ॥ ધર્મ કહે જિન સેવતાં રે, પા-મિયે સુખ અનંત ॥ પ્રભુ૦ ॥ ૮ ॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

॥ ઇતિ સપ્તમાભિષેકે સપ્તમ પૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम पूजा प्रारंभ ॥

તિર્છાલોકે દેહરાં, બત્રીસશેં મન આણ ॥
ઓગણશાઠ ઉપર કહ્યાં, હવે કરૂં બિંબ વખાણ ॥ ૧ ॥
ત્રણ લાખ એકાણું સહસ્સ, ત્રણશેં ને વળી વીશ ॥
શાશ્વતી પડિમા એટલી, હું પ્રણમું નિશિ દીશ ॥ ૨ ॥

॥ ઢાળ નવમી ॥

(મનમોહના રે.—એ દેશી.)

કુંડલદ્વીપ સોહામણો ॥ મનમોહન મેરે ॥ ચાર તિહાં જિનગેહ ॥ મ૦ ॥ જિનપડિમા ચારશે છન્નું ॥ મન૦॥ વંદું હું ધરી નેહ ॥ મન૦ ॥૧॥ રૂચકદ્વીપે ચાર ચૈત્ય છે ॥ મ૦ ॥ ચારશેં છન્નું જિનરાજ ॥ મન૦ ॥ મેરૂવને એંશી દેહરાં ॥ મ૦ ॥ છન્નુંશેં જિન વંદુ આજ ॥ મન૦ ॥૨॥ પાંચ મેરૂ ચૂલિકાયે ॥ મ૦ ॥ પ્રાસાદે છશેં જિનરાય ॥મન૦॥ ગજદંતે વીશ દેહરાં ॥ મ૦ ॥ બિંબ ચોવીસશેં સમુદાય ॥મન૦॥૩॥ દેવઉત્તર કુરૂક્ષેત્રમાં ॥ મ૦ ॥ જિનઘર દશ વિશાળ ॥મન૦॥ બારશેં બિંબને પૂજતાં ॥મ૦॥ પાપ જાયે પાયાળ ॥મન૦॥ ॥ ૪ ॥ એંશી વખારાગિરિયે ॥ મ૦ ॥ પ્રાસાદ એશી ધાર ॥ મન૦ ॥ છન્નું અધિક જિન શાશ્વતા ॥ મ૦ ॥ પૂજીયે નવ હજાર ॥ મન૦ ॥ ૫ ॥ કુલગિરિયે ત્રીશ દેહરાં ॥ મ૦ ॥ છત્રીસશેં જિનવર જાણ ॥મન૦॥ ચૈત્ય ચાલીશ દિગજ્જે ॥મ૦॥ અડતાલી શત જિનભાણ ॥ મન૦ ॥૬॥ દીર્ઘવૈતાઢચે દેહરાં ॥ મ૦ ॥ એકશો સિત્તેર પ્રમાણ ॥મન૦॥ વીશ હજાર બિંબ ચારશેં ॥ મ૦ ॥ ભવિજન પૂજો સુજાણ ॥મન૦॥૭॥ જંબુ પ્રમુખ તરૂયે વળી ॥મ૦॥ ચૈત્ય અગ્યારશેં સિત્તેર ॥મન૦॥ ચાલીશ હજારને ચારશેં ॥ મ૦ ॥ લાખ પૂજીને લ્યો શિવશેહેર ॥ મન૦ ॥૮॥ ચૈત્ય હજાર કંચનગિરિયે ॥ મ૦ ॥ બિંબ

લાખને વીશહજાર ॥મન૦॥ એંશી દ્રહે એંશી દેહેરાં ॥મ૦॥ છન્નુંશેં બિંબ જુહાર ॥ મન૦ ॥૯॥ ચૈત્ય કુંડે ત્રણશેં એંશી ॥ મ૦ ॥ બિંબ પીસ્તાલીશ હજાર ॥મન૦॥ ઉપર છશેં જિનવરા ॥ મ૦ ॥ સમરો ઉઠી સવાર ॥ મન૦ ॥૧૦॥ મહાનદિયે સિત્તેર કહ્યા ॥મ૦॥ ચોરાસીશેં અરિહંત ॥મન૦॥ વીશ પ્રાસાદ યમકગિરે ॥ મ૦॥ ચોવીસશેં ભગવંત ॥મન૦॥૧૧॥ વૃત્તવૈતાઢયે વીશ છે ॥ મ૦ ॥ શાશ્વતા જિનગેહ ॥ મન૦ ॥ બિંબ ચોવીસશેં પૂજતાં ॥મ૦॥ થાયે નિર્મળ દેહ ॥ મન૦ ॥ ॥ ૧૨ ॥ ઈખુકારે ચાર દેહરાં ॥ મ૦ ॥ ચારશેં એંશી જિન બિંબ ॥મન૦॥ તે જિનવરને પૂજતાં ॥મ૦॥ પાપ જાયે અવિલંબ ॥ મન૦ ॥ ૧૩ ॥ મનુષ્યોત્તરે ચાર દેહરાં ॥ મ૦ ॥ ચારશેં એંશી ભગવાન ॥ મન૦ ॥ વ્યંતરમાંહે અસંખ્ય છે ॥ મ૦ ॥ જિનવર બિંબનું માન ॥ મન૦ ॥ ૧૪ ॥ અસંખ્ય જ્યોતિષીમાં કહ્યાં ॥ મ૦ ॥ જિનવર ને જિનરાય ॥ મન૦ ॥ ધર્મ કહે પ્રભુ પૂજતાં ॥ મ૦ ॥ શિવસુખ વહેલું થાય ॥ મનમોહન મેરે ॥ ૧૫ ॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

॥ ઇતિ અષ્ટમાભિષેકે અષ્ટમ પૂજા સમાપ્ત ॥ ૮ ॥

॥ अथ नवम पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સાત કોડી બહોત્તેર લાખ, અધોલોકે જિનગેહ ॥
તેરશેં નેવ્યાશી કોડી, સાઠ લાખ બિંબ એહ ॥ ૧ ॥

॥ ઢાળ દશમી ॥

(કાજ સિદ્ધ્યા સકલ હવે સાર.—એ દેશી.)

હવે અસુરકુમારે દેહરાં, કહ્યાં ચોશઠ લાખ ભલેરાં ॥ એકશો પન્નર કોડી જાણું, પડિમા વીશ લાખ વખાણું ॥૧॥ સાશય જિનવરને પૂજીજે, નરભવનો લાહો લીજે ॥ વળી નાગકુમારે કહિયે, ચૈત્ય લાખ ચોરાશી લહિયે ॥ એકશોને એકાવન કોડી, વીસ લાખ નમું કર જોડી ॥ સા૦ ॥૨॥ ચૈત્ય બહોત્તેર લાખ વિચાર, સુવર્ણકુમારે શ્રીકાર ॥ એકશોને ઓગણત્રીશ કોડ, સાઠ લાખ ઉપર જિન જોડ ॥ સા૦ ॥૩॥ વિદ્યુત્ અગ્નિ દ્વીપ કુમાર, ઉદધિ દિગ સ્તનિત સાર ॥ ચૈત્ય ષટ્નિકાયે વખાણો, લાખ છોતેર છોતેર જાણો ॥ સા૦ ॥૪॥ કોડી એકશોને છત્રીશ, લાખ એંશી નમો નિશદીશ ॥ એક નિકાયે એટલા હોય, તેમ પાંચ નિકાયે જોય ॥ સા૦ ॥ ૫ ॥ જિન પ્રાસાદ છન્નું લાખ, વાયુકુમારમાંહે ભાંખ ॥ કોડ એકશો બહોત્તેર જિનરાય, એંશી લાખ પૂજે દુઃખ જાય ॥સા૦॥ ॥ ૬ ॥ અધોલોકના જિનવર ગાયા, જગ સુજશ પડહ વજાયા ॥ કહે ધર્મ ભવિ ઉજમાલ, થઈ પૂજો જગત્દયાલ ॥ સાશય૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

॥ ઇતિ નવમાભિષેકે નવમ પૂજા સમાપ ॥ ૯ ॥

॥ अथ दशम पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ઉર્ધ્વલોકે જિનવર ઘર, લાખ ચોરાશી જાણ ॥
સહસ સત્તાણું ઉપરે, ત્રેવીશનું પરિમાણ ॥ ૧ ॥
એકશો બાવન કોડી જિન, લાખ ચોરાણું સાર ॥
સહસ ચુમ્માલીશ વદિયે, સાતશેં સાઠ ધાર્ય ॥ ૨ ॥

॥ ઢાળ અગીઆરમી ॥

(સિદ્ધાચળ શિખરે દીવો રે, આદેશ્વર૦—એ દેશી.)

સૌધર્મે ચૈત્યજ કહિયે રે, અરિહા પૂજો અલબેલા ॥ લાખ બત્રીશ સંખ્યા લહિયે રે ॥ અ૦ ॥ લાખ સાઠ સત્તાવન કોડી રે ॥ અ૦ ॥ પડિમા વંદો કર જોડી રે ॥ અ૦ ॥૧॥ ચૈત્ય અડવીશ લાખ જાણો રે ॥ અ૦ ॥ ઈશાન સ્વર્ગે વખાણો રે ॥ અ૦ ॥ કોડી પચ્ચાસ ને લાખ ચાલી રે ॥ અ૦ ॥ વંદો પ્રતિમા રઢિયાલી રે ॥ અ૦ ॥ ૨ ॥ જિનવરનાં બાર લાખ દેહેરાં રે ॥ અ૦ ॥ સનત્ કુમારે ભલેરાં રે ॥ અ૦ ॥ સાઠ લાખને કોડી એકવીશ રે ॥ અ૦ ॥ પડિમા કહે ત્રિજગ ઈશ રે ॥ અ૦ ॥૩॥ માહેંદ્ર ચોથું ચિત્ત ધારો રે ॥ અ૦ ॥ પ્રાસાદ આઠ લાખ સંભારો રે ॥ અ૦ ॥ કોડી ચૌદ ને લાખ ચાલી રે ॥ અ૦ ॥ પ્રભુધ્યાને સદા દીવાળી રે ॥ અ૦ ॥ ૪॥ પાંચમે પ્રાસાદ લાખ ચાર રે ॥ અ૦ ॥ સાત કોડી વીશ લાખ જિન ધાર્ય રે ॥ અ૦ ॥ લાંતકે સહસ્સ પચ્ચાસ રે ॥ અ૦ ॥ નેવું

લાખ જિન નમિયે ઉલાસ રે ॥ અ૦ ॥ ૫ ॥ સાતમે શુક્રદેવ-લોકે રે ॥ અ૦ ॥ પ્રાસાદ ચાલીશ સહસ્સ થોકે રે ॥ અ૦ ॥ પડિમા બહોત્તેર લાખ માન રે ॥ અ૦ ॥ સદા ધરિયે એહનું ધ્યાન રે ॥ અ૦ ॥૬॥ આઠમું સહસ્રાર તે કહિયે રે ॥ અ૦ ॥ જિનઘર હજાર છ લહિયે રે ॥ અ૦ ॥ દશ લાખને એંશી હજાર રે ॥ અ૦ ॥ હું પ્રણમું ઉઠી સવાર રે ॥ અ૦ ॥ ૭ ॥ આણત પ્રાણતે જિનગેહ રે ॥ અ૦ ॥ ભાંખે ચારશેં અરિહા તેહ રે ॥ અ૦ ॥ બહોત્તેર હજાર જિનરાય રે ॥ અ૦ ॥ જસ પ્રણમ્યાં પાતક જાય રે ॥ અ૦ ॥ ૮ ॥ આરણ અચ્યુતે વંદો રે ॥ અ૦ ॥ ચૈત્ય ત્રણસેં સુણી આણંદો રે ॥ અ૦ ॥ ચોપન સહસ્સ દેવાધિદેવ રે ॥ અ૦ ॥ જસ સારે સુરપતિ સેવ રે ॥ અ૦ ॥ ૯ ॥ એકશો અગ્યાર ધુર ત્રિકે રે ॥ અ૦ ॥ જિન ચૈત્ય ધારો સુવિવેકે રે ॥ અ૦ ॥ ત્રણસેં વીશ તેર હજાર રે ॥ અ૦ ॥ પૂજતાં પામે ભવપાર રે ॥ અ૦ ॥ ૧૦ ॥ ત્રિક બી-જીયે એકસો સાત રે ॥અ૦॥ પડિમા બાર સહસ્સ વિખ્યાત રે ॥ અ૦ ॥ આઠસેં અધિક નમો ચાલી રે ॥અ૦॥ સુર પૂજે ભાવે નિહાળી રે ॥ અ૦ ॥ ૧૧ ॥ ત્રિક ત્રીજીયે એકસો સાર રે ॥ અ૦ ॥ પ્રણમો બિંબ બાર હજાર રે ॥ અ૦ ॥ અનુત્તરે પાંચ ચૈત્ય વિશાળ રે ॥ અ૦ ॥ છસેં જિન નમો થઈ ઉજ-માળ રે ॥ અ૦ ॥૧૨॥ એમ કલ્પકલ્પાતીત દેવા રે ॥ અ૦ ॥ દ્રવ્યભાવે કરે જિનસેવા રે ॥ અ૦ ॥ કહે ધર્મ ભવિ નિત્ય

પૂજો રે ॥ અ૦ ॥ જગતારક દેવ ન દૂજો રે ॥ અરિહા૦॥૧૩॥

॥ કાવ્યં ॥ સ્નાતસ્યા૦ ॥

॥ ઇતિ દશમાભિષેકે દશમપૂજા સમાપ્ત ॥

॥ अथ एकादश पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પન્નર ક્ષેત્રે પ્રભુતણી, પડિમા અસાશય જેહ ॥
તેહનાં પદપંકજ નમું, કરવા પાપનો છેહ ॥ ૧ ॥

॥ ઢાળ બારમી ॥ ચોવીશ ચોકની દેશી ॥

હે સાહેબજી ! નેક નજર કરી નાથ સેવકને તારો ॥ હે સાહેબજી ! મેહેર કરી પૂજાનું ફળ મુજ આલો ॥ એ આંકણી ॥ પ્રભુ તુજ મૂરતિ મોહનવેલી, પૂજે સુર અપછરા અલબેલી, વર ઘનસાર કેશરશું ભેલી ॥ હે સા૦ ॥૧॥ સિદ્ધાચળ તીર્થ ભવિ સેવો, ચઉદક્ષેત્રે તીર્થ નહીં એહવો, એમ બોલે દેવાધિ દેવો ॥ હે સા૦ ॥ ૨ ॥ ગિરનારે જઇયે નેમ પાસે, ઇહાં ભાવી જિન સિદ્ધિ જાસે, જસ ધ્યાને પાતકડાં નાસે ॥ હે સા૦ ॥ ૩ ॥ આબૂગઢે આદિ જિનરાયા, નેમનાથ શિવાદેવી જાયા, જસ ચોશઠ ઇંદ્રે ગુણ ગાયા ॥ હે સા૦ ॥ ॥૪ ॥ વળી સમેતશિખરે જગના ઇશ, ગયા મોક્ષે જિનરાયા વીશ, ધ્યેય ધ્યાવો ભવિજન નિશ દીશ ॥ હે સા૦ ॥ ૫ ॥ અષ્ટાપદે સકલ કરમ ટાળી, પ્રભુ વરિયા શિવવધૂ લટકાળી,

આદિશ્વર પૂજતાં દીવાળી ॥ હે : સા૦ ॥ ૬ ॥ એ આદે તીર્થ પ્રણમો રંગે, વળી પૂજો પ્રભુને નવ અંગે, કહે ધર્મચંદ્ર અતિ ઉમંગે ॥ હે સાહેબજી૦ ॥ ૭ ॥

॥ અથ કળશ ॥

(રાગ ધન્યાશ્રી.)

ગાયો ગાયો રે નંદીશ્વર તીર્થ મેં ગાયો ॥ જંઘા વિદ્યાચારણ મુનિવર, જિહાં સુરનો સમુદાયો ॥ કિન્નર કિન્નરી ખેચર આવે, તેમ ચોશઠ સુરરાયો રે ॥ નંદી૦ ॥ ૧ ॥ અપછરા ઇંદ્રાણી મનરંગે, સ્નાત્ર કરે સુખદાયો ॥ કરે નૃત્ય સુકંઠે ગાવે, જિન પૂજી મોહ ઘટાયો રે ॥ નંદી૦ ॥ ૨ ॥ તપગચ્છપતિ શ્રી દયાસૂરિના, ખુશાલવિજય ઉવજ્ઝાયો ॥ તાસ બંધવ સુગુણ ગીતારથ, કલ્યાણચંદ્ર સવાયો રે ॥ નંદી ॥ ૩ ॥ વિજયદેવેંદ્ર સૂરીશ્વર રાજ્યે, એ અધિકાર રચાયો ॥ દમણ બંદરે રહી ચોમાસું, ઋષભદેવ સુપસાયો રે ॥ નંદી૦ ॥ ૪ ॥ અઢારશેં છન્નું ભાદ્રપદ માસે, સંવચ્છરી દિન ગાયો ॥ પ્રભુ સમુદાય કવિ ધર્મચંદ્રે, સંઘ સકલ હરખાયો રે ॥ નંદીશ્વર૦ ॥ ૫ ॥

॥ ઇતિ એકાદશાભિષેકે એકાદશપૂજા સમાપ્ત ॥ ૧૧ ॥

॥ ઇતિ કવિ ધર્મચંદ્રજી કૃત શ્રી નંદીશ્વર દ્વીપ પૂજા સમાપ્ત ॥

અથ શ્રી દીપવિજયજી કૃત
અષ્ટાપદજીની પૂજા પ્રારંભ.

॥ अथ प्रथम जलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ઋષભ શાંતિ નેમિ પ્રભુ, પારસ શ્રી મહાવીર ॥ નમું પદપંકજ તેહનાં, જે જગતારણ ધીર ॥ ૧ ॥ પૂજન દોય પ્રકારનાં, જિનશાસનમાં જેહ ॥ દ્રવ્ય ભાવ પૂજા બહુ, મહાનિશીથમાં તેહ ॥ ૨ ॥ ભાવસ્તવ મુનિવર કરે, ચારિત્ર જિન ગુણગ્રામ ॥ જેહથી શિવસંપદ્ વરે, અક્ષય અવિચલ ઠામ ॥ ૩ ॥ દ્રવ્યસ્તવન જિનપૂજના, ત્રિવિધ પચ પ્રકાર ॥ આઠ સત્તર એકવીશની, અષ્ટોત્તર જયકાર ॥ ૪ ॥ શ્રાવક કરણી દોય છે, દ્રવ્ય ભાવ ગુણગ્રામ ॥ સીંચે ભાવજલે કરી, સમકિત તરૂવર ઠામ ॥ ૫ ॥ ભાવે બહુ ફલ સંપજે, ગુણી ગુણાકર જેહ ॥ વર્ણવું ભાવપૂજક ગુણી, વર્ત્તમાન ગુણગેહ ॥૬॥

॥ ઢાળ ૧ લી ॥

(શ્રી સિદ્ધપદ આ ાધિયે રે.—એ દેશી.)

લક્ષ્મીસૂરિ તપગચ્છપતિ રે, શ્રુતગંભીર ઉદાર રે ॥ મન વસિયા ॥ ભાવસ્તવન પૂજન કિયો રે, સ્થાનક વીશ પ્રકાર રે ॥ ગુણ રસિયા ॥ ૧ ॥ સ્થાનક વીશને સેવતાં રે, તીર્થંકર

પદ પાય રે ॥ મન૦ ॥ અહો જગમાં મહિમા વડો રે, કરે રંકને રાય રે ॥ ગુણ૦ ॥ ૨ ॥ વળી જસવિજય વાચકગણી રે, કીધો પૂજન ભાવ રે ॥ મન૦ ॥ સિદ્ધચક્ર નવપદ ભણી રે, પૂજા વિવિધ બનાવ રે ॥ ગુણ૦ ॥ ૩ ॥ રૂપવિજય પૂજન કિયો રે, ભાવસ્તવન ગુણગ્રામ રે ॥ મન૦ ॥ પીસ્તલીશ આગમ ભણી રે, પંચજ્ઞાન ગુણધામ રે ॥ ગુણ૦ ॥ ૪ ॥ વીરવિજય વર્ણવ કર્યો રે, ભાવસ્તવન ભગવાન રે ॥ મન૦ ॥ અષ્ટ કર્મસૂડણતણી રે, ચોસઠ પૂજા જ્ઞાન રે ॥ ગુણ૦ ॥ ૫ ॥ પીસ્તાલીશ આગમ ભણી રે, વળી નવાણું પ્રકાર રે ॥મન૦॥ પૂજા વળી વ્રત બારની રે, શ્રાવકને હિતકાર રે ॥ ગુણ૦ ॥ ॥૬॥ અસ્મત્કૃત પૂજા અછે રે, અડસઠ આગમ દેવ રે ॥મન૦॥ ગણધર વચનો જેહમાં રે, ભાવસ્તવન ગુણ સેવ રે ॥ગુણ૦॥ ॥૭॥ વળી નંદીશ્વરદ્વીપની રે, મહાપૂજા ગુણગ્રામ રે ॥મન૦॥ વર્ત્તમાન પૂજા અછે રે, શ્રાવક ગુણ ગણધામ રે ॥ ગુણ૦ ॥ ॥ ૮ ॥ વર્ણવું અષ્ટાપદતણી રે, પૂજા અષ્ટપ્રકાર રે ॥મન૦॥ અષ્ટાપદ દૂરે હરે રે, અષ્ટાપદ જયકાર રે ॥ ગુણ૦ ॥ ૯ ॥ કિહાં છે અષ્ટાપદગિરિ રે, કેટલા કોશ પ્રમાણ રે ॥ મન૦ ॥ કેમ હુવો અષ્ટાપદગિરિ રે, વર્ણવું તાસ વખાણ રે ॥ગુણ૦॥ ॥ ૧૦ ॥ આશરે એક લાખ ઉપરે રે, ગાઉ પંચાસી હજાર રે ॥ મન૦ ॥ સિદ્ધગિરિ છે વેગળો રે, અષ્ટાપદ જયકાર રે ॥ ગુણ૦ ॥ ૧૧ ॥ તેહનો વિધિ સુણિયે સહુ રે, ગુણિજન

મન ઉલ્લાસ રે ॥ મન૦ ॥ અષ્ટાપદ મહોત્સવ કરે રે, જે નર ભાવપ્રકાશ રે ॥ ગુણ૦ ॥ ૧૨ ॥ જોઈ નિરવદ્ય ભૂમિકા રે, શોધન કરો વિચાર રે ॥ મન૦ ॥ અષ્ટાપદ ગિરિવરતણો રે, સુંદર કરી આકાર રે ॥ ગુણ૦ ॥ ૧૩ ॥ દોય ચાર અઠ દશ પ્રભુ રે, પૂરવ દક્ષિણ જાણ રે ॥ મન૦ ॥ પશ્ચિમ ઉત્તર ચિહું દિશે રે, થાપો જિનવર ભાણ રે ॥ ગુણ૦ ॥૧૪॥ આઠ આઠ નર ચિહું દિશે રે, કલશ ગ્રહી મનોહાર રે ॥ મન૦ ॥ એણી પરે આઠે દ્રવ્યથી રે, પૂજા કરો વિહાર રે ॥ ગુણ૦ ॥ ૧૫ ॥ દીપવિજય કવિરાજજી રે, સહુ જિનવર મહારાજ રે ॥ મન૦ ॥ ચઢતે ભાવે પૂજિયે રે, ભવોદધિ તારણ ઝહાજ રે ॥ ગુણ રસિયા ॥ ૧૬ ॥

॥ ઢાળ ॥ રાગ આશાવરી ॥

(ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા.—એ દેશી.)

ગઈ ચોવીશીના ત્રણ જે આરા, સાગર નવ કોડી રે ॥ તેહમાં યુગલનો કાળ ગવેષો, કહે ગણધર ગણિ જોડી રે ॥ ધન ધન જિનઆગમ સાહિબા ॥ ૧ ॥ ઋષભ ચોવીશીના ત્રણ જે આરા, તેહમાં પણ એ રીત રે ॥ ઋષભ પ્રભુજીના જન્મ સમય લગ, અઢાર કોડાકોડી જીત રે ॥ ધન૦ ॥ ૨ ॥ અઢાર કોડાકોડી સાગરમાંહે, દશ ક્ષેત્રે સરિખા ભાવ રે ॥ ભૂમિ થાળીસમ સરખી હોઈ, જંબૂદ્વીપપન્નત્તિ બનાવે રે, જીવાભિગમમાં બનાવે રે ॥ ધન૦ ॥ ૩ ॥ ત્રીજા આરાના

વરસ થાકતે, ચોરાશી લખ પૂર્વ વાસ રે ॥ નાભિનૃપ સરિખા કુલમેં પ્રગટે, પ્રથમ જિનના હંસ રે ॥ ધન૦ ॥૪॥ ત્રીજા આરાનાં વર્ષ ચોરાશી, લાખ પૂર્વ રહે શેષ રે ॥ દશ ક્ષેત્રે સમ કાળે હોઈ, અંદર ભરતક્ષેત્ર પ્રમાણે હોઈ, વાદલ પ્રગટે તે જલધર વરસે રે ॥ ધન૦ ॥ ૫ ॥ પંચજાતિના જલધર વરસે, સમભૂમિ જળથી ખોદાય રે ॥ નહાના મહોટા પર્વત પ્રગટે, સમભૂમિ વિષમ તે થાય રે ॥ ધન૦ ॥ ૬ ॥ અવસર્પિણી ઉત્સર્પિણી એહવાં, લોમ વિલોમ છે ભાવ રે ॥ શાશ્વતા ભાવ કહ્યા વીતરાગે, કાળ સ્વભાવ બનાવ રે, જંબૂદ્વીપપન્નત્તિમાંહી ભાવ રે ॥ ધન૦ ॥ ૭ ॥ જંબૂના દક્ષિણ દરવાજેથી, વૈતાઢયની મધ્યમ ભાગ રે ॥ નયરી અયોધ્યા ભરતની જાણો, કહે ગણધર મહાભાગ રે ॥ ધન૦ ॥ ૮ ॥ જંબૂના ઉત્તર દરવાજેથી, વૈતાઢયથી મધ્યમ ભાગે રે ॥ અયોધ્યા ઐરવતની જાણો, કહે ગણધર મહાભાગ રે ॥ ધન૦ ॥ ૯ ॥ બાર યોજન છે લાંબી પહોળી, નવ યોજનને પ્રમાણ રે ॥ નયરી અયોધ્યા નજીક અષ્ટાપદ, બત્રીશ કોશ ઉંચાણ રે ॥ ધન૦ ॥ ૧૦ ॥ તેહ અયોધ્યામાં નાભિ નરપતિ, કુલ વહુ મરૂદેવી નાર રે ॥ ઋષભ પ્રભુજીનાં માતા પિતા એહ, ધન ધન જસ અવતાર રે ॥ ધન૦ ॥ ૧૧ ॥ સરવારથનાં સુર સુખ પાળી, સાગર તેત્રીસ આપ રે ॥ આષાઢ વદ ચોથે જિન ચવિયા, ચ્યવન કલ્યાણીક થાય રે ॥ ધન૦ ॥ ૧૨ ॥ ચૈત્ર વદ

નિશિ અષ્ટમી જન્મ્યા, ત્રિભુવન થયો ઉદ્યોત રે ॥ દીપવિજય કવિરાજ પ્રભુજી, તારણ ભવજળ પોત રે ॥ધન૦॥૧૩॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય ॥ પૂર્વદિશા સંસ્થિત ઋષભ ૧, અજીત ૨ ॥ દક્ષિણદિશા સંસ્થિત સંભવ ૧, અભિનંદન ૨, સુમતિ ૩, પદ્મપ્રભ ૪ ॥ પશ્ચિમદિશા સંસ્થિત સુપાર્શ્વ ૧, ચંદ્રપ્રભ ૨, સુવિધિ ૩, શીતલ ૪, શ્રેયાંસ ૫, વાસુપૂજ્ય ૬, વિમલ ૭, અનંત ૮ ॥ ઉત્તરદિશા સંસ્થિત ધર્મ ૧, શાંતિ ૨, કુંથુ ૩, અર ૪, મલ્લિ ૫, મુનિસુવ્રત ૬, નમિ ૭, નેમિ ૮, પાર્શ્વ ૯, વર્દ્ધમાન ૧૦ ॥ નિષ્કલંકાય, ચત્તારિ અટ્ઠ દસ દોય જિન વિશ્વનાથાય, દેહવર્ણલાંછનસહિતાય, ચતુર્વિંશતિ જિનાધિપાય, જલં યજામહે સ્વાહા ॥

॥ ચારેકોરે કલશ ઢોળે ॥

॥ અથ શ્લોક ॥ વિમલકેવલભાસનભાસ્કરં, જગજ્જંતુમહોદયકારણમ્ ॥ જિનવરં બહુમાનજલૌઘતઃ, શુચિમનાઃ સ્નપયામિ વિશુદ્ધયે ॥ ૧ ॥

॥ ઇતિ પ્રથમ જલપૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ અથ દ્વિતીય ચંદનપૂજા પ્રારંભ ॥

॥ દોહા ॥

બીજી પૂજા ભવિ કરો, ચંદનની સુખકાર ॥
ચંદનથી તનુ લેપતાં, વાંછિત ફલ દાતાર ॥ ૧ ॥

॥ ઢાળ બીજી ॥

(દલવાદલના પાણી કુણ ભરે.—એ દેશી.)

અષ્ટમી ચૈત્ર વદીની મધ્ય રયણી, ઋષભના જન્મ સોહાય છે રે ॥ જેનાં માંગલિક નામ ગવાય છે ॥ કોડાકોડી દેવ ઈંદ્ર મેરૂગિરિ લાવે, જોતાં તે આનંદ પાય છે રે ॥ જેનાં૦ ॥ ॥ ૧ ॥ પાંચ રૂપ ઇંદ્ર કરે બહુ લાભ લેવા, જોઈ જોઈ ચિત્ત હરખાય છે રે ॥ જેનાં૦ ॥ ગ્રહે પ્રભુ એક રૂપ વળી રૂપે ચમર એક, રૂપે છત્રને ધરાય છે રે ॥ જેનાં૦ ॥ ૨ ॥ રૂપ એકથી ગ્રહી વજ્રને ઉલાળે, પ્રભુને આગળ ઉજાય છે રે ॥ જેનાં૦ ॥ શું કામ કરે દેવરાજ દેવ ઉપરે, સુકૃત લાભ કમાય છે રે ॥ જેનાં૦ ॥ ૩ ॥ કલશા એક કોડ સાઠ લાખ સંખ્યા, તે સહુ નીરથી ભરાય છે રે ॥ જેનાં૦ ॥ અઢીશેં વાર અભિષેક પ્રભુ ઉપરે, દેવનાં જીત એ જણાય છે રે ॥ જેનાં૦ ॥ ॥૪॥ બહુ ચિરંજીવ માત મરૂદેવ જાયા, ઈમ આશિષ કહાય છે રે ॥ જેનાં૦ ॥ ચાર ઘડી શેષ રાત પાછલી જે વારે, મરૂદેવી માત પાસ લાય છે રે ॥ જેનાં૦ ॥ અંગુઠડે તે અમૃત ઠવાય છે રે ॥ જેનાં૦ ॥ ૫ ॥ નાભિ નૃપતિ ઇંદ્ર મળી પ્રભુજીના, ઋષભદેવ તે નામ ઠવાય છે રે ॥ જેનાં૦ ॥ રાણી સુનંદા સુમંગળાની જોડલી, સો બેટા દો બેટડી થાય છે રે ॥ જેનાં૦ ॥ ॥ ૬ ॥ ભાઈ બેનના સંભોગ નિવારી, યુગલાધર્મને હરાય છે રે ॥ જેનાં૦ ॥ બાહુબળ બ્રાહ્મી ને ભરતને સુંદરી, સગપણ

વિવાહ ઠરાય છે રે ॥ જેનાં૦ ॥ ૭ ॥ આરા અવસર્પિણીના અનંતા, એહ રીત જીતતે લખાય છે રે ॥ જેનાં૦ ॥ દીપવિજય કવિરાજ ધર્મ નિત્ય એ, ઋષભપ્રભુના પસાય છે રે ॥ જેનાં૦ ॥ ૮ ॥

॥ ઢાળ ॥ ગીત ॥

(હું તો મોહીરે નંદલાલ, મોરલીને તાને; તથા મહારે દીવાળી થઇ આજ, પ્રભુ મુખ જોવાને.—એ દેશી.)

ઋષભનાં વંશ ને ગોત્ર વખાણું, સ્થાપ્યાં જે સુરરાજે રે ॥ એક કોડાકોડી સાગરમાંહે, પ્રત્યક્ષ વરતે આજ ॥ ૧ ॥ ॥ ધન એ કુલને રે ॥ જેમાં પ્રગટ્યા જિન બાવીશ, ધન એ કુલને રે ॥ એ આંકણી ॥ પંચ મેઘથી હુઈ વનરાઈ, હુવો કાશ સમુદાય રે ॥ સાત વાર ફરી ફરીને ઉગે, શેલડી તેહની થાય ॥ ધન૦ ॥ જેમાં૦ ॥ ૨ ॥ પ્રભુનાં ગોત્ર વંશને કરવા, હરિ ઉછરંગે જાયે રે ॥ મારગમાંથી શેલડી સાંઠો, લેઈ જિન પાસે આવે ॥ ધન૦ ॥ જેમાં૦ ॥ ૩ ॥ હાથ પસારી લેઈ ઋષભજી, ઇંદ્ર અવસર જાણી રે ॥ કાશ્યપગોત્ર વંશ ઇક્ષ્વાકુ એ, થાપે કહી સુરવાણી ॥ ધન૦ ॥ જેમાં૦ ॥ ૪ ॥ નેમનાથ મુનિ સુવ્રત જિનનો, શ્રીહરિવંશ સોહાવે રે ॥ એ દોય પ્રભુના ગુણ રત્નાકર, ગૌતમ ગોત્ર સોહાવે ॥ ધન૦ ॥ ॥ જેમાં૦ ॥ ૫ ॥ બાવીશ જિન સહુ કાશ્યપગોત્રી, ઇક્ષ્વાગ વંશી છાજે રે ॥ એ માંહેથી છત્રીસ કુલ પ્રગટ્યાં, રાજકુલી

જેહ રાજે ॥ ધન૦ ॥ જેમાં૦ ॥ ૬ ॥ ઈક્ષ્વાગમાંથી સૂરજવં-શી, ભરતેશ્વર નૃપ દીપે રે ॥ ઈક્ષ્વાગમાંથી ચંદ્રવંશ તે, બાહુબળી જગ જીતે ॥ ધન૦ ॥ જેમાં૦ ॥ ૭ ॥ ઋષભાદિક ચોવીશ જિનવરનાં, ગોત્ર ને વંશ વખાણ્યાં રે ॥ દીપવિજય કવિરાજ પ્રભુજી, કલ્પસૂત્રથી જાણ્યાં ॥ ધન૦ ॥જેમાં૦॥૮॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રી પરમપુરૂષાય પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય ॥ પૂર્વદિશા સંસ્થિત ઋષભ ૧, અજીત ૨ ॥ દક્ષિણદિશા સંસ્થિત સંભવ ૧, અભિનંદન ૨, સુમતિ ૩, પદ્મપ્રભ ૪ ॥ પશ્ચિમદિશા સંસ્થિત સુપાર્શ્વ ૧, ચંદ્રપ્રભ ૨, સુવિધિ ૩, શીતલ ૪, શ્રેયાંસ ૫, વાસુપૂજ્ય ૬, વિમલ ૭, અનંત ૮ ॥ ઉત્તરદિશા સંસ્થિત ધર્મ ૧, શાંતિ ૨, કુંથુ ૩, અર ૪, મલ્લિ ૫, મુનિસુવ્રત ૬, નમિ ૭, નેમિ ૮, પાર્શ્વ ૯, વર્દ્ધમાન ૧૦ ॥ નિષ્કલંકાય, ચત્તારિ અઠ્ઠ દશ દોય જિન વિશ્વનાથાય, દેહવર્ણલાંછનસહિતાય, ચતુર્વિંશતિ જિનાધિપાય ॥ ચંદનં યજામહે સ્વાહા ॥

॥ ચારે કોરે ચંદન ધરે ॥

॥ શ્લોકઃ ॥ સકલમોહતમિસ્રવિનાશનં, પરમશીતલભાવયુતં જિનમ્ ॥ વિનયકુંકુમદર્શનચંદનૈઃ, સહજતત્ત્વવિકાશકૃતેઽર્ચ્યયે ॥ ૧ ॥

॥ ઇતિ દ્વિતીય ચંદનપૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ત્રીજી પૂજા કુસુમની, કીજે ભવિ ગુણ હેત ॥
ઇહભવ પરભવ સુખ લહે, સિદ્ધિતણા સંકેત ॥ ૧ ॥
માલતી મરૂઓ મોગરો, કેતકી જાઈ ફુલ ॥
જિનવર હિત જતના કરી, પૂજો ભાવ અમૂલ ॥ ૨ ॥

॥ ઢાળ ત્રીજી ॥

(વેણુ મ વાજ્યો રે વિઠ્ઠલ વારૂં તમને—એ દેશી)

પ્રભુની રાજનીતિ હવે વર્ણવું, ઇંદ્રે કીધી કરણી કોષ અડતાલીશ, ફરતો મંડપ જેમ દોય રાણી પરણી ॥ ૧ ॥ અવસર પામી રે પ્રથમ જિણંદનો, જીત ઉત્સર્પિણીમાં રે કુલગરની એ રીત ॥ એ આંકણી ॥ સિંહાસન ઉપર પ્રભુ થાપે, જલ ઓઘે નવરાવે ॥ ચમર છત્ર ને રાજચિન્હ વળી, અલંકાર પહિરાવે ॥ અ૦ ॥ ૨ ॥ યુગલ સહુ જલ લેઈ આવે, ઠામ નહિં અભિષેક ॥ જમણે અંગુઠે જલ સિંચ્યા, મન આણી સુવિવેક ॥ અ૦ ॥ ૩ ॥ જુગલ સહુનો વિનય જાણી, વિનિતાનયરી વાસી ॥ નયરી અયોધ્યા એહિજ વિનિતા, મંદિર માળ ઉજાસી ॥ અ૦ ॥ ૪ ॥ એકવીસો પચવીસ યોજન માનેં, દક્ષિણ દરવાજેથી ॥ એકશો પચવીશ યોજન માનેં, મધ્ય વૈતાઢ્ય પર્વતથી ॥ અ૦ ॥ ૫ ॥ નયરી અયોધ્યા બેહુ મધ્ય ભાગે, બીજું વિનિતા નામ ॥ જંબૂદીવ

પન્નત્તિમાંહી, કહે ગણધર ગુણગ્રામ ॥ અ૦ ॥ ૬ ॥ તે વિનિતાનો રાજા થઈ, પંચ શિલ્પ પ્રગટાવે ॥ વીશ વીશ એક એકની પાછળ, એકસો શિલ્પ બતાવે ॥ અ૦ ॥ ૭ ॥ પુરૂષ કળા બોહોતેર ને ચોશઠ, નારી કળા પ્રગટાવે ॥ લેખક ગણિતક્રિયા અષ્ટાદશ, ઇમ સહુ નિત્ય બતાવે ॥ અ૦ ॥ ૮ ॥ નિજ નંદનને નામે મહોટા, મહોટા દેશ વસાવે ॥ રાજનીતિ સેના ચતુરંગી, આરજખંડ સોહાવે ॥ અ૦ ॥ ૯ ॥ કુંમરપણે લખવીશ પૂર્વ ને, ત્રેસઠ લખ પૂર્વરાજ ॥ વરસ ત્રાસી લખ પૂરવ પ્રભુની, ગૃહવાસે જિનરાજ ॥ અ૦ ॥ ૧૦ ॥ ચૈત્ર વદી આઠમને દિવસે, લેઈ સંયમ શુભધ્યાન ॥ ચાર હજાર મુનિવર સાથે, પુરિમતાલ ઉદ્યાન ॥ અ૦ ॥ ૧૧ ॥ નમો સિદ્ધાણં પદ ઉચ્ચરતાં, પ્રગટે ચોથું જ્ઞાન ॥ અવધિય ભાવ અનંતા જિનના, ભૂત ભવિષ્ય વર્ત્તમાન ॥ અ૦ ॥ ૧૨ ॥ એક હજાર વર્ષ લગે જિનજી, છદ્મસ્થાલય પાળે ॥ તેહમાં એક વર્ષ તપ કીધું, સકલ કર્મમલ ટાળે ॥ અ૦ ॥ ૧૩ ॥ પારણું કીધું ઇક્ષુરસથી, દાતા નૃપ શ્રેયાંસ ॥ ચિત્ત વિત્ત ને પાત્ર વડાઈ, ઇક્ષાગકુલ અવતંસ ॥ અ૦ ॥ ૧૪ ॥ ઋષભપ્રભુને ઇક્ષુરસ છે, ત્રેવીશ જિનને ખીર ॥ ઋષભ પ્રભુને દાતા ક્ષત્રી, ત્રેવીશ બ્રાહ્મણ ધીર ॥ અ૦ ॥ ૧૫ ॥ નિયમાં દેવલોકનાં આયુ, બાંધે કે શિવ જાવે ॥ દીપવિજય કવિરાજ દાનના, મહિમા એહ કહાવે ॥ અવસર૦ ॥ ૧૬ ॥

॥ મંત્ર ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય ॥ પૂર્વદિશા સંસ્થિત ઋષભ ૧, અજીત ૨ ॥ દક્ષિણદિશા સંસ્થિત સંભવ ૧, અભિનંદન ૨, સુમતિ ૩, પદ્મપ્રભુ ૪ ॥ પશ્ચિમદિશા સંસ્થિત સુપાર્શ્વ ૧, ચંદ્રપ્રભુ ૨, સુવિધિ ૩, શિતલ ૪, શ્રેયાંસ ૫, વાસુપૂજ્ય ૬, વિમલ ૭, અનંત ૮ ॥ ઉત્તરદિશા સંસ્થિત ધર્મ ૧, શાંતિ ૨, કુંથુ ૩, અર ૪, મલ્લિ ૫, મુનિસુવ્રત ૬, નમિ ૭, નેમિ ૮, પાર્શ્વ ૯, વર્દ્ધમાન ૧૦ ॥ નિષ્કલંકાય ચત્તારિ અટ્ઠ દશ દોય જિન વિશ્વનાથાય, દેહવર્ણલાંછનસહિતાય, ચતુર્વિંશતિ જિનાધિપાય ॥ કુસુમપુષ્પાણિ યજામહે સ્વાહા ॥

॥ ચારે કોરે પુષ્પ ચઢાવે ॥

॥ શ્લોકઃ ॥ વિકચનિર્મલશુદ્ધમનો નમે, વિશદચેતન ભાવસમુદ્ભવૈઃ ॥ સુપરિણામપ્રસન્નધનૈર્નવૈઃ, પરમ તત્ત્વમહં હિ યજામ્યહમ્ ॥ ૧ ॥

॥ ઇતિ તૃતીય પુષ્પપૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પૂજા ધૂપતણી કરો, ચોથી ચતુર સનેહ ॥
ભાવવૃક્ષને સીંચવા, માનું અમૃત મેહ ॥ ૧ ॥

॥ ઢાળ ચોથી ॥

(અમે વાટ તુમારી જોતાં રે, સાચું બોલો શામળીયા.—એ દેશી.)

વિચરંતા પ્રભુજી આયા રે, જગજીવન જગ સાહેબ-

યા ॥ વિનિતાનયરી સુખદાયા રે ॥ જ૦ ॥ વદ આઠમ ફા- ગુણ માસે રે ॥ જ૦ ॥ જસ ધ્યાન શુકલ ઉજાશે રે ॥ જ૦॥ ચઉઘાતિ કર્મ ખપાવે રે ॥ જ૦ ॥ દોય કેવલપદ નિપજાવે રે ॥ જ૦ ॥ ૧ ॥ થયા લોકાલોક પ્રકાશી રે ॥ જ૦ ॥ જિન રેખા હાથ ઉજાસી રે ॥ જ૦ ॥ નૃપ ભરતજી વંદન આવે રે ॥ જ૦ ॥ મરૂદેવા માડીને લાવે રે ॥ જ૦ ॥ ૨ ॥ નિસુણી માતા સુરવાણી રે ॥ જ૦ ॥ સુત મુખ જોવા હરખાણી રે ॥ જ૦ ॥ ફાટ્યાં દોય પડલ તે દેખે રે ॥ જ૦ ॥ મુખ જોઈ મા- તા હરખે રે ॥ જ૦ ॥૩॥ માતાને નવિ બોલાવ્યાં રે ॥જ૦॥ માડી મન બહુ દુઃખ પાવ્યા રે ॥ જ૦ ॥ એતો વીતરાગ નિઃસ્નેહી રે ॥ જ૦ ॥ થયા બંધન પ્રેમ વિછોહી રે ॥ જ૦ ॥ ॥ ૪ ॥ ગજ સ્કંધે પદ શિવ વરિયાં રે ॥ જ૦ ॥ ત્રીજે ભવ ભવજળ તરિયાં રે ॥જ૦॥ જિનવાણી અમૃતધારા રે ॥જ૦॥ માડીના શોક નિવાર્યા રે ॥ જ૦ ॥ ૫ ॥ પ્રભુ સંઘ ચતુર્વિધ થાપે રે ॥ જ૦ ॥ પ્રભુ આદિ ધર્મને સ્થાપે રે ॥ જ૦ ॥ જસ કીર્ત્તિ જગમાં વ્યાપે રે ॥ જ૦ ॥ ગણિ ઋષભસેન ગણધાર રે ॥ જ૦ ॥ સાધવિ બ્રાહ્મી વ્રતધાર રે ॥ જ૦ ॥ ૬ ॥ શ્રાવક નૃપ ભરત સુભદ્રા રે ॥ જ૦ ॥ શ્રાવક ગુણ મણિ મુદ્રા રે ॥ જ૦ ॥ એ સંઘ ચતુર્વિધ સ્થાપી રે ॥ જ૦ ॥ હિતશિક્ષા સહુને આપી રે ॥ જ૦ ॥ ૭ ॥ એક લાખ પૂરવ વર્ષ નિર્મળ રે ॥ જ૦ ॥ પાળે પ્રભુ અવિચળ કેવલ રે ॥ જ૦ ॥ નિર્વાણ

ભૂમિકા જાણી રે ॥જ૦॥ અષ્ટાપદ ચઢિયા નાણી રે ॥જ૦॥૮॥ દશ સહસ્ર મુનિવર સંગે રે ॥ જ૦ ॥ કીધાં અણસણ મન-રંગે રે ॥ જ૦ ॥ મહા વદિ તેરસ જયકારી રે ॥જ૦ ॥ શિવ પહોતા જગત તારી રે ॥ જ૦ ॥ ૯ ॥ ચોશઠ સુરપતિ સુર આવે રે ॥ જ૦ ॥ ક્ષીરોદકે જિન નવરાવે રે ॥ જ૦ ॥ જિન ગણધર મુનિવર કાજે રે ॥ જ૦ ॥ કીધી ત્રણ ચય સુર રાજે રે ॥ જ૦ ॥ ૧૦ ॥ તિહાં અગ્નિકુમાર ઉજાળે રે ॥ જ૦ ॥ ચંદન કાષ્ટે પરજાળે રે ॥ જ૦ ॥ કરી પીઠ પાદુકા સ્થાપે રે ॥ જ૦ ॥ કીર્ત્તિ જગમાં જસ વ્યાપે રે ॥ જ૦ ॥૧૧॥ જુઓ જંબુદ્વીવ પન્નત્તી રે ॥ જ૦ ॥ નિરખો આવશ્યક નિર્યુક્તિ રે ॥ જ૦ ॥ એમ પૂજા ચારમાં વર્ણવી રે ॥ જ૦ ॥ પ્રભુ ઋષ-ભતણી આચરણી રે ॥ જ૦ ॥ ૧૨ ॥ હવે વર્ણવું અષ્ટાપદ ગિરિ રે ॥ જ૦ ॥ જે વંદે 'અહોનિશ સુરનર રે ॥ જ૦ ॥ પ્રભુ દીપવિજય કવિરાજે રે ॥ જ૦ ॥ જસ પડહો જગમાં વાજે રે ॥ જગજીવન જગ સાહેબિયા ॥ ૧૩ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય ॥ પૂર્વદિશા સંસ્થિત ઋષભ ૧, અજીત ૨ ॥ દક્ષિણદિશા સંસ્થિત સંભવ ૧, અ-ભિનંદન ૨, સુમતિ ૩, પદ્મપ્રભુ ૪ ॥ પશ્ચિમદિશા સંસ્થિત સુપાર્શ્વ ૧, ચંદ્રપ્રભુ ૨, સુવિધિ ૩, શીતલ ૪, શ્રેયાંસ ૫, વાસુપૂજ્ય ૬, વિમલ ૭, અનંત ૮ ॥ ઉત્તરદિશા સંસ્થિત

ધર્મ ૧, શાંતિ ૨, કુંથુ ૩, અર ૪, મલ્લિ ૫, મુનિસુવ્રત ૬, નમિ ૭, નેમિ ૮, પાર્શ્વ ૯, વર્દ્ધમાન ૧૦ ॥ નિષ્કલંકાય ચત્તારિ અટ્ઠ દશ દોય વિશ્વનાથાય દેહવર્ણલાંછનસહિતાય ચતુર્વિંશતિ જિનાધિપાય ॥ ધૂપં યજામહે સ્વાહા ॥

॥ ધૂપ ચારે કોરે ઉખેવે ॥

॥ શ્લોક: ॥ સકલકર્મમહેંધનદાહનં, વિમલભાવ સુગંધ સુધૂપનમ્ ॥ અશુભપુદ્ગલસંગવિવર્જિતં, જિનપતેઃ પુરતો હસ્તિસહર્ષિતમ્ ॥ ૧ ॥

॥ ઇતિ ચતુર્થ ધૂપપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम दीपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પૂજા પાંચમી દીપની, કીજે મંગલ હેત ॥
દ્રવ્ય ભાવ દીપકથકી, ઇચ્છિત ફળ સંકેત ॥ ૧ ॥

॥ ઢાળ પાંચમી ॥

(કપૂર હોયે અતિ ઉજળો રે —એ દેશી.)

તાતનું નિર્વાણ સાંભળી રે, ભરતજી શોક કરાય ॥ આવ્યો ગિરિ અષ્ટાપદે રે, પરિકર લેઈ સમુદાય રે ॥ ૧ ॥ પ્રભુજી દિયો દર્શન મહારાજ ॥ ઇક્ષાગકુલની લાજ રે ॥પ્ર૦॥ કાશ્યપ વંશ શિરતાજ રે ॥ પ્ર૦ ॥ મોક્ષનગરની પાજ રે ॥ પ્ર૦ ॥ તારણ તરણ ઝહાજ રે ॥ પ્ર૦ ॥ એ આંકણી ॥ વંદી થુભ ને પગલાં પ્રભુનાં, બેસે તેહને તીર ॥ વિનતિ કરે

ઉપકાર સંભારી, નયને ઝરતે નીર રે ॥ પ્ર૦ ॥ ૨ ॥ થુભ પરે પ્રાસાદ કરાવે, તિહાં નિષેધા નામ ॥ મંડપે ચોરાશી ચિહું પાસે, ચૌમુખ જિનનાં ધામ ॥ પ્ર૦ ॥ ૩ ॥ નિજ નિજ દેહ પ્રમાણે જિનની, પ્રતિમા ભરાવે નરેશ ॥ ઋષભથી વીર જિણંદ લગે રે, ચોવીશ ત્રિભુવન ઇશ રે ॥ પ્ર૦ ॥ ૪ ॥ પૂર્વ દિશિ દોય ચાર દક્ષિણ, આઠ પશ્ચિમદિશિ જાણ ॥ ઉત્તર દિશિ દસ પ્રભુજી બિરાજે, નાસિકા ભાગ સમાન રે ॥ પ્ર૦ ॥ ॥ ૫ ॥ લાંછન વર્ણ ને દેહ પ્રમાણ, જક્ષિણિ જક્ષ પ્રમાણ ॥ ચૌમુખ સરખી ભૂમિ બિરાજે, પ્રત્યક્ષ મુક્તિ સોપાન રે ॥પ્ર૦॥ ॥૬॥ ભાઈ નવાણું ને મરૂદેવી બ્રાહ્મી, સુંદર સહુ પરિવાર ॥ રયણમાં પ્રતિમા સહુની ભરાવે, ભરતજી જયજયકાર રે ॥ પ્રભુજી૦ ॥ ૭ ॥

(ઇહાં આગળથી શેર દશ, તાંદુલ કેશરે પીળા કરી રાખવા. તેમાં સોના રૂપાનાં ફુલડે ચ્યારે કોરે વધાવતા જવું. અને ભરતજીનું નામ વચન ભણતાં જવું. પછી વર્ત્તમાન પૂજાકારક સંઘનું નામ ભણતાં જવું. અને તાંદુલ ફુલ વધાવતા જવું. ખેલા હોય તે પણ રમે.)

॥ રાગ મારૂ ॥ રયણે વધાવે રે, ભરતરાય રયણે વધાવે રે ॥ ફુલે વધાવે રે પ્રભુજીને રયણે વધાવે રે ॥ સૂર્યજસા રયણે વધાવે રે ॥ વધાવે વધાવે વધાવે રે ॥ ચંદ્રયશાજી મુક્તાયે વધાવે રે ॥ જિનને મલ્હાવે રે ॥ સુભદ્રાજી રયણે વધાવે

રે ॥ ઇક્ષાગકુલ અજુવાળે, પ્રભુજીને ફુલે વધાવે રે ॥

॥ હવે પૂજાકારક સંઘની વિનંતિ ॥ રયણે વધાવો રે, સકલ સંઘ ફુલે વધાવો રે ॥ સ૦ ॥ ફુલે૦ ॥ અષ્ટાપદ મોતીયે વધાવો રે ॥ અ૦ ॥ મો૦ ॥ સંઘપતિ ફુલે વધાવો રે ॥ સંઘપતિ ફુલે વધાવો રે ॥

॥ ઢાળ ॥

(અબોલા શ્યાના હયો છો.—એ દેશી.)

ભરતજી ચિંતે આગળ ભાવી, કોડાકોડી સાગર માન ॥ તીર્થ એહ જગ જયવંતું ॥ આગળ વિષમકાળથી હોશે, લોભી લોક અજાણ ॥ તીર્થ૦ ॥ ૧ ॥ તીરથ આશાતના કોઈ કરશે, ચિંતે ભરત નરેશ ॥ તી૦ ॥ પર્વત ભાગની ભૂમિ જે, વિષમ કીધી પાજ પ્રવેશ ॥ તીર્થ૦ ॥ ૨ ॥ બત્રીશ કોશનો પર્વત ઉંચો, આઠ ચોક બત્રીશ ॥ તીર્થ૦ ॥ યોજન યોજન અંતરે કીધાં, પગથીયાં આઠ નરેશ ॥ તીર્થ૦ ॥ ૩ ॥ ઇમ અષ્ટાપદ તીરથ સ્થાપી, અનુભવી ભરત મહારાજ ॥તીર્થ૦॥ આરિસાભુવનમાં કેવલ લહીને, લીધાં મુક્તિનાં રાજ ॥ તીર્થ૦ ॥ ૪ ॥ અનુક્રમે આઠ પાટ લગે કેવલ, આરિસાભુવન મઝાર ॥ તીર્થ૦ ॥ ઠાણાંગસૂત્રમાં આઠમે ઠાણે, જો જો નામ વિચાર ॥ તીર્થ૦ ॥ ૫ ॥ પાંચમી પૂજામાં તીરથ સ્થાપન, અષ્ટાપદ ગિરિરાજ ॥ તીર્થ૦ ॥ દીપવિજય કવિરાજ પ્રભુજી, ચોવીશે જિનરાજ ॥ તીર્થ૦ ॥ ૬ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય ॥ પૂર્વદિશા સંસ્થિત ઋષભ ૧, અજીત ૨ ॥ દક્ષિણદિશા સંસ્થિત સંભવ ૧, અભિનંદન ૨, સુમતિ ૩, પદ્મપ્રભ ૪ ॥ પશ્ચિમદિશા સંસ્થિત સુપાર્શ્વ ૧, ચંદ્રપ્રભ ૨, સુવિધિ ૩, શીતલ ૪, શ્રેયાંસ ૫, વાસુપૂજ્ય ૬, વિમલ ૭, અનંત ૮ ॥ ઉત્તરદિશા સંસ્થિત ધર્મ ૧, શાંતિ ૨, કુંથુ ૩, અર ૪, મલ્લિ ૫, મુનિસુવ્રત ૬, નમિ ૭, નેમિ ૮, પાર્શ્વ ૯, વર્દ્ધમાન ૧૦ ॥ નિષ્કલંકાય, ચત્તારિ અઠ્ઠ દશ દોય વિશ્વનાથાય, દેહવર્ણલાંછનસહિતાય, ચતુર્વિંશતિ જિનાધિપાય ॥ દીપં યજામહે સ્વાહા ॥

॥ ચારે કોરે દીપક દેખાડે ॥

॥ શ્લોકઃ ॥ ભવિકનિર્મલબોધ દિવાકરં, જિનગૃહે શુભદીપકદીપકમ્ ॥ સુગુણ રાગ સુવૃત્તિસમન્વિતં, દધતુ નાથ પુરઃ શુભદીપકમ્ ॥ ૧ ॥

॥ ઇતિ પંચમ દીપકપૂજા સમાપ્ત ॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

છઠ્ઠી પૂજા ભવિ કરો, અક્ષતની સુખકાર ॥
જિન વિદ્યાધર સુખ લહે, કીજે તેહ પ્રકાર ॥ ૧ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

(તીરથપતિ અરિહા નમુ, ધર્મધુરંધર ધીરોજી.—એ દેશી.)

પચાસ લાખ કોડી સાગરૂ, આરય ઋદ્ધિ પ્રમાણો જી ॥

શાસન અચલ પ્રભુ ઋષભનું, સુરપદ શિવપદ ખાણ જી ॥ ટેક ॥ સુરને શિવપદ ખાણ પરગટ, પાપ અસંખ્ય મુગતે ગયા ॥ વલી સર્વાર્થસિદ્ધં પહોતા, સિદ્ધ દંડીમો કહ્યા ॥ પદ વિના નૃપ સિદ્ધિ વરિયા, સંખ્ય અસંખ્ય ગણના કહી ॥ નૃપરાજ બળીયા સિંહ સમવડ, વર્ણવ આગમમાં સહી ॥ ૧ ॥ બ્રહ્મ ક્ષત્રિય વૈશ્ય વળી શુદ્ર, જે વર્ણ એ ચાર અઢાર જી ॥ એક એકમાં શિવ પદવી વર્યાં, સંખ્ય અસંખ્ય અપારજી ॥ ટેક ॥ સંખ્ય અસંખ્ય જિન મુક્તિ પોહોતા, વર્ણ ચાર અઢારમાં ॥ ધન્ય ધન્ય સહુ એ ઋષભ શાસન, કૃતારથ જયકારમાં ॥ દીખ્ખેશે તાપસ જોગી જંગમ, મિથ્યા ગુણઠાણું તજી ॥ સમકિત પામી ક્ષાયકશ્રેણિ, વેગે સિદ્ધિવહૂ ભજી ॥ ૨ ॥ અર્ધ આરામાં એક ઋષભનું, શાસન અવિચળ જાણુંજી ॥ અર્ધમાં ત્રેવીશ જિનપતિ, શાસન ગુણમણિ ખાણજી ॥ ટેક ॥ શાસન ગુણમણિ, ખાણ જિનના, તીર્થ સ્થાપન રીત એ ॥ દ્વાદશાંગી પ્રભુ સંઘ તીરથ, સંઘ ચતુર્વિધ રીત એ ॥ ત્રેવીશ શાસનમાંહી મુનિવર, સંખ્ય અસંખ્ય સિદ્ધિ વર્યા ॥ કવિરાજ દીપ અષ્ટાપદે તે, વેગે ભવસાગર તર્યા ॥ ૩ ॥

॥ ઢાળ ॥

(આઠ કુઆ નવ વાવડી, હુ તો શે મિશે દેખણ જાઉં;
મહારાજ દધિનો દાણી કાનુડો —એ દેશી.)

ઋષભ પ્રભુજીને પાટ પરંપર, સિદ્ધિને કેઈ અનુત્તર રાજ ॥ આજ સફલ દિન એ રૂડો ॥ હું વર્ણવું ત્રિભુવનના ડા-

કોર રાજ ॥ આજ સફલ દિન એ રૂડો ॥ એ આંકણી ॥૧॥ પ્રભુજીનો વંશ ગુણગણ આકર, પાટ અસંખ્ય પ્રભાકર રાજ ॥ આજ૦ ॥ ઋષભ પ્રભુને ચક્રી ભરતજી, અજિતને ચક્રી સગરજી રાજ ॥ આજ૦ ॥ જિતશત્રુ નૃપના પુત્ર સવાઈ, પુણ્ય અતુલ અધિકાઈ રાજ ॥ આજ૦ ॥૨॥ માહા શુદ અષ્ટમી અજિત જિનેશ્વર, જન્મ્યા જગપરમેશ્વર રાજ ॥ આજ૦ ॥ અજિતપ્રભુ જિન ચક્રી સગરજી, બાંધવ દોયે ગુણકર રાજ ॥ આજ૦ ॥ ૩ ॥ એક જિનપતિ એક ચક્રી બિરાજે, જોડી જગત બિરાજે રાજ ॥ આજ૦ ॥ દીપવિજય કવિરાજ સવાઈ, જેહના જગત વડાઈ રાજ ॥ આજ૦ ॥૪॥

॥ મંત્રઃ ॥ ઑ ઼્હીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય ॥ પૂર્વદિશા સંસ્થિત ઋષભ ૧, અજીત ૨ ॥ દક્ષિણદિશા સંસ્થિત સંભવ ૧, અભિનંદન ૨, સુમતિ ૩, પદ્મપ્રભ ૪ ॥ પશ્ચિમદિશા સંસ્થિત સુપાર્શ્વ ૧, ચંદ્રપ્રભ ૨, સુવિધિ ૩, શીતલ ૪, શ્રેયાંસ ૫, વાસુપૂજ્ય ૬, વિમલ ૭, અનંત ૮ ॥ ઉત્તરદિશા સંસ્થિત ધર્મ ૧, શાંતિ ૨, કુંથુ ૩, અર ૪, મલ્લિ ૫, મુનિસુવ્રત ૬, નમિ ૭, નેમિ ૮, પાર્શ્વ ૯, વર્દ્ધમાન ૧૦ ॥ નિષ્કલંકાય, ચત્તારિ અઠ્ઠ દસ દોય વિશ્વનાથાય, દેહવર્ણલાંછનસહિતાય, ચતુર્વિંશતિ જિનેશ્વરાય ॥ અક્ષતાન્ યજામહે સ્વાહા ॥

॥ ચારે કોરે અક્ષત ધરે ॥

॥ શ્લોક ॥ ભવિકનિર્મલબોધદિવાકરં, જિનગૃહે શુભ અક્ષતઢોકનમ્ ॥ સુગુણરાગસુવૃત્તિસમન્વિતં, દધતુ નાથપુરોઽક્ષતસ્વસ્તિકમ્ ॥ ૧ ॥

॥ ઇતિ ષષ્ઠ અક્ષતપૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પૂજા ફલની સાતમી, મહા ફળ કારણ હેત ॥
કીજે ભવિ ભાવે કરી, પુણ્યતણા સંકેત ॥ ૧ ॥

॥ ઢાળ સાતમી ॥

(અવિનાશીની સેજડીયે રંગ, લાગો મોરી સજનીજી રે એ દેશી.)

અષ્ટાપદગિરિ વંદને, રંગ લાગો માહરી સજનીજી રે ॥ એ આંકણી ॥ ચક્રી સગરના બલવંત યોદ્ધા, પુત્ર તે સાઠ હજારજી રે ॥ અષ્ટાપદ જિનવંદન ચઢિયા, દક્ષિણદિશિ પ્રાકાર ॥ ૧ ॥ સાંભળ સજનીજી રે ॥ દક્ષિણ દિશિયે શ્રી સંભવથી, પદ્મપ્રભુ લગે ચારજી ॥ વીતરાગનાં વંદન કીધાં, તરવા ભવજળ પાર ॥ સાં૦ ॥ ૨ ॥ પશ્ચિમદિશિ સુપાર્શ્વ પ્રભુથી, અનંત પ્રભુ લગે આઠજી ॥ વંદન કીધાં ભાવ ભલે રે, નિર્યુક્તિમાં પાઠ ॥ સાં૦ ॥ ૩ ॥ ઉત્તર દિશિ દશ ધર્મ પ્રભુજી, વર્દ્ધમાન લગે વંદેજી ॥ પૂર્વ દિશિ દોય શુભ અજિતને, પ્રણમી મન આનંદે ॥ સાં૦ ॥ ૪ ॥ પચાસ લાખ કોડસાગ-

રના, પૂર્વજ પ્રતિ સંભારેજી ॥ આપણા કુળમાં ભરતનરેશ્વર, કીધાં એહ વિકાર ॥ સાં૦ ॥ ૫ ॥ ધન ભરતેશ્વર ધન મરૂદેવા, ધન નવાણું ભાઈજી ॥ લાભ હેત એ સુકૃત કીધાં, એ આપણા પીતરાઈ ॥ સાં૦ ॥ ૬ ॥ આગળ વિષમકાળને જાણી, તીરથ રક્ષા કીજેજી ॥ યોજન યોજન અંતર કીધાં, પગથીયાં આઠ સમાન લીજે ॥ સાં૦ ॥ ૭ ॥ ધન તીરથ અષ્ટાપદ ગિરિવર, ધન ભરતેશ્વરરાયાજી ॥ દીપવિજય કવિરાજ પનોતા, જે જસસુકૃત કમાયા ॥ સાંભળ૦ ॥ ૮ ॥

॥ ઢાળ ॥

(ગોપી મહિ વેચવા ચાલી, મટુકીમાં ગોરસ ઘાલી.—એ દેશી)

ચિંતી તિહાં સાઠ હજાર, તીર્થરક્ષાના લાભ અપાર ॥ અષ્ટાપદ આગળ ખાઈ, કરિયે તો સુકૃત થાઈ ॥ ૧ ॥ પહોળી ચ્યાર ગાઉ પ્રમાણો, શેત્રુંજા મહાતમમાં વખાણો ॥ ખારી રજ રેણ નાગનિકાઈ, નાગ આવી કહે સુણ ભાઈ ॥ ૨ ॥ કરી બાળકબુદ્ધિ ઉપાધિ, નાગલોકના છો અપરાધી ॥ અપરાધ જુવો મનમાંહિ, બાળી ભસ્મ કરૂં ક્ષણમાંહિ ॥ ૩ ॥ પણ ઋષભવંશી છો સપૂતા, તેથી ક્રોધ અમે નથી કરતા ॥ ભુવન રત્નતણાં જે કહાય, રજ રેણુથી મેલાં થાય ॥ ૪ ॥ અમ્હ હિતશિક્ષા સુણો સંતા, હવે માફ કરો ગુણવંતા ॥ કહી નાગ ગયા જેવારે, ચક્રી નંદન એમ વિચારે ॥ ૫ ॥ ગંગા નીરથી ભરિયે જો ખાઈ, બહુ કાળ રહે થિર ઠાઈ ॥ ઇમ

ચિંતીને દંડ રતનથી, ગંગા ખોદીને લાવ્યા જતનથી ॥૬॥ ગંગાજળથી ખાઈ ભરાય, નીર પહોતાં નાગ નિકાય ॥ ધમ ધમતા સુર સમકાળે, આવી સાઠ હજાર પ્રજાળે ॥ ૭ ॥ તીરથ બહુ ભાવ સમ હોતા, સહુ બારમે સ્વર્ગે પહોતા ॥ કહે દીપવિજય કવિરાજ, જુવો તીર્થતણા સામ્રાજ ॥ ૮ ॥

॥ મંત્ર ॥ ઔઁ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય ॥ પૂર્વદિશા સંસ્થિત ઋષભ ૧, અજીત ૨ ॥ દક્ષિણદિશા સંસ્થિત સંભવ ૧, અભિનંદન ૨, સુમતિ ૩, પદ્મપ્રભુ ૪ ॥ પશ્ચિમદિશા સંસ્થિત સુપાર્શ્વ ૧, ચંદ્રપ્રભુ ૨, સુવિધિ ૩, શિતલ ૪, શ્રેયાંસ ૫, વાસુપૂજ્ય ૬, વિમલ ૭, અનંત ૮ ॥ ઉત્તરદિશા સંસ્થિત ધર્મ ૧, શાંતિ ૨, કુંથુ ૩, અર ૪, મલ્લિ ૫, મુનિસુવ્રત ૬, નમિ ૭, નેમિ ૮, પાર્શ્વ ૯, વર્દ્ધમાન ૧૦ ॥ નિષ્કલંકાય ચત્તારિ અઠ્ઠ દશ દોય વિશ્વનાથાય, દેહવર્ણલાંછનસહિતાય, ચતુર્વિંશતિ જિનેંદ્રાય જિનાધિપાય ॥ ફલં યજામહે સ્વાહા ॥

॥ એમ કહી ફલ ચઢાવવાં ॥

॥ શ્લોકઃ ॥ કટુકકર્મવિપાકવિનાશનં, સરસપકવફલકૃત ઢૌકનમ્ ॥ વિહિતવૃક્ષફલસ્ય વિભોઃ પુરઃ, કુરૂત સિદ્ધિ ફલાય મહાજનાઃ ॥ ૧ ॥

॥ ઇતિ સપ્તમ ફલપૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નૈવેદ્યપૂજા આઠમી, ભાતિશત પકવાન્ન ॥
થાળ ભરી જિન આગળે, ઠવિયે ચતુર સુજાણ ॥ ૧ ॥

॥ ઢાળ આઠમી ॥

(શ્રાવણ વરસેરે સ્વામિ, મેલી મ જાઓરે અંતરજામિ—એ દેશી.)

ભરતેશ્વરને રે અષ્ટાપદ, થયું નામ તેવા રે ॥ ચક્રી સગરથી રખાઈ, અષ્ટાપદ ગિરિરાજ વડાઈ ॥ ૧ ॥ વંદો તીરથ રે વારૂ ॥ ચોવીશ જિન પડિમા જગ તારૂ ॥ વંદો તીર૦॥ અજિત જિનેશ્વરથી રે જાણો, પંચમ આરો અંત પ્રમાણો ॥ પચાસ લાખ ક્રોડ રે સાગર, બાવીશ જિનપતિ ગુણ રત્નાકર ॥ અરધો આરો ગુણ રત્નાકર ॥ વંદો૦ ॥ ચોવીશ૦ ॥ ॥ ૨ ॥ વર્દ્ધમાન જિનને રે વારે, ગૌતમ ગણધર જગ જયકાર ॥ અષ્ટાપદ ગિરિપર રે જાવે, દક્ષિણ દ્વાર પ્રવેશ સોહાવે ॥ વંદો૦ ॥ ચોવીશ૦ ॥૩॥ પહેલાં વંધા રે ચાર, જિનવંધા ચક્રીસુત પાર ॥ ચત્તારિ અઠ્ઠ દશ દોય ભાતિ, ચાલી તેહથી જગમાં ખ્યાતી ॥ વંદો૦ ॥ ચોવીશ૦ ॥ ૪ ॥ પન્નરસેં ત્રણ તાપસ તારે, ભવજળધિથી પાર ઉતારે ॥ તાપસ જમતાં રે ભાવે, પાંચશેં એકને કેવલ થાવે ॥ વંદો૦ ॥ ચોવીસ૦ ॥ ॥ ૫ ॥ સમવસરણને રે જોતાં, પાંચશેં એકને કેવલ હોતાં ॥ પ્રભુજીની સુણી રે વાણી, પાંચશેં એક હુઆ તિહાં નાણી

॥ વંદો૦ ॥ ચોવીસ૦ ॥ ૬ ॥ નમો તિથ્થસ્સ ઇમ કહી મુખ વાણી, કેવલી પરખદા બેસે નાણી ॥ દીપવિજય કવિરાજ સવાઈ, અષ્ટાપદ ગિરિરાજ વડાઈ ॥ વંદો૦ ॥ ચોવીસ૦ ॥ ૭॥

॥ ઢાળ ॥ રાગ ધન્યાશ્રી ॥

(ગિરૂઆ રે ગુણ તુમતણા.—એ દેશી.)

ચત્તારિ અઠ દસ દોય મળીને, ચોવીશ જિન ગુણ ગાયા રે ॥ કૈલાસશિખરે પ્રભુજી બિરાજે ॥ અષ્ટાપદગિરિયે પ્રભુજી બિરાજે, ભરતે બિંબ ભરાયા રે ॥ લાંછનવર્ણ સોહાયા રે ॥ દેહ પ્રમાણ કહાયા રે ॥ ગાયા રે મેં જિનપતિ ગાયા ॥ ૧ ॥ તપગચ્છ પતિ વિજયાનંદ સૂરિ, લક્ષ્મીસૂરિ ગચ્છરાયા રે ॥ તાસ પરંપર ધરસૂરિશ્વર, ધનેશ્વરસૂરિ સવાયા રે ॥ ગાયા૦॥ ॥ ૨ ॥ રાંદેર બંદર સંઘ વિવેકી, લાયક ગુણ નિપજાયા રે॥ અષ્ટાપદના મહોત્સવ કારણ, પૂજા ગુણ ગવરાયા રે ॥ ગાયા૦ ॥ ૩ ॥ આગમ અભ્યાસી ઉપદેશી, રાજેંદ્રવિજય કહાયા રે ॥ તેહનાં વચન સંકેતને હેતે, સુકૃત લાભ કમાયા રે ॥ ગાયા૦ ॥ ૪ ॥ સંવત્ અઢાર બાણું વરસે, ફાગણ માસ સોહાયા રે ॥ પ્રેમ રત્ન ગુરૂચરણ પસાયે, અમૃત ઘન વરસાયા રે ॥ ગાયા૦ ॥ ૫ ॥ દીપવિજય કવિરાજ સવાઈ, મંગલ ધવલ સવાયા રે ॥ મુગતા અક્ષત ફુલ વધાવો, અષ્ટાપદ ગિરિરાયા રે ॥ ગાયા૦ ॥ ૬ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય, જન્મ

જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય ॥ પૂર્વદિશા સંસ્થિત ઋષભ ૧, અજીત ૨ ॥ દક્ષિણદિશા સંસ્થિત સંભવ ૧, અભિનંદન ૨, સુમતિ ૩, પદ્મપ્રભુ ૪ ॥ પશ્ચિમદિશા સંસ્થિત સુપાર્શ્વ ૧, ચંદ્રપ્રભુ ૨, સુવિધિ ૩, શીતલ ૪, શ્રેયાંસ ૫, વાસુપૂજ્ય ૬, વિમલ ૭, અનંત ૮ ॥ ઉત્તરદિશા સંસ્થિત ધર્મ ૧, શાંતિ ૨, કુંથુ ૩, અર ૪, મલ્લિ ૫, મુનિસુવ્રત ૬, નમિ ૭, નેમિ ૮, પાર્શ્વ ૯, વર્દ્ધમાન ૧૦ ॥ નિષ્કલંકાય, ચત્તારિ અટ્ઠ દસ દોય વિશ્વનાથાય, દેહવર્ણલાંછનસહિતાય, ચતુર્વિંશતિ જિનાધિપાય ॥ નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

॥ સર્વ દિશાયે નૈવેદ્ય ધરે ॥

॥ શ્લોકઃ ॥ સકલપુદ્ગલસંગવિવર્જનં, સહજચૈતન્યભાવવિલાસનમ્ ॥ સરસભોજનકસ્ય નિવેદનાત્, પરમનિર્વૃત્તિભાવમહ સ્રજે ॥ ૧ ॥

॥ ઇતિ શ્રી અષ્ટમ નૈવેદ્યપૂજા સમાપ્ત ॥ ૮ ॥

॥ ઇતિ શ્રી કવિવર શ્રી દીપવિજય કૃત ॥

॥ અષ્ટાપદજીની પૂજા સમાપ્ત ॥

॥ વિવિધ પૂજાસંગ્રહ ભાગ ૩ જો ॥

॥ સમાપ્ત ॥

॥ श्री ॥

॥ विविध पूजासंग्रह ॥

ભાગ ૪ થો.

શ્રીમદ્ આત્મારામજી મહારાજજીકૃત પૂજાઓ.

અષ્ટપ્રકારી પૂજા પ્રારંભ.

॥ अथ प्रथम न्हवणपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જિનવર વાણી ભારતી, દારતિ તિમિર અજ્ઞાન ॥ સારતિ કવિજન કામના, વારતિ વિઘ્ન નિદાન ॥૧॥ ચિદાનંદ ઘન સુરતરૂ, શ્રી સંખેશ્વર પાસ ॥ પદકજ પ્રણમી તેહનાં, આણી ભાવ ઉલ્લાસ ॥ ૨ ॥ પૂજા અષ્ટપ્રકારની, અંગ તીન ચિત્ત ધાર ॥ અગ્ર પંચ મનમોહસે, કરિ તરિયે સંસાર ॥૩॥

ન્હવણ વિલેપન સુમનવર, ધૂપ દીપ અતિ ચંગ ॥ વર અક્ષત નૈવેદ્ય ફળ, જિન પૂજન મન રંગ ॥ ૪ ॥ ઉજ્જ્વળ વિમળ વસન ધરી, શુચિ તનુ મન જિન રાગ ॥ ઉતરાસંગ મુખકોશકો, બાંધી સુભગ સોભાગ ॥ ૫ ॥ અધિક સુગંધ જળે ભરી, કંચન કળશ અનૂપ ॥ નર નારી ભકતે કરી, પૂજે ત્રિભુવન ભૂપ ॥ ૬ ॥

॥ રાગ–માલવકોશ ॥

ન્હવણ કરો જિનચંદ, આનંદભર ॥ ન્હવણ૦ ॥ એ આંકણી ॥ કંચન રતન કળશ જળ ભરકે, મહકે બાસ સુગંધ ॥ આ૦ ॥૧॥ સુરગિરિ ઉપર સુરપતિ સઘરે, પૂજે ત્રિભુવન ઇંદ ॥ આ૦ ॥ ૨ ॥ શ્રાવક તિમ જિન ન્હવણ કરીને, કાટે કરિમલ ફંદ ॥ આ૦ ॥ ૩ ॥ આતમ નિર્મળ સબ અઘ ટારી, અરિહંત રૂપ અમંદ ॥ આનંદભર૦ ॥ ૪ ॥

॥ દોહા ॥

જલપૂજા વિધિસે કરે, ટરે કરમમલ વૃંદ ॥
હરે તાપ સબ જગતકો, કરે મહોદય ચંદ ॥ ૧ ॥

॥ અથ ગીતં ॥

(રાગ જયજયવતી)

સુરગણ ઇંદ મધુર ધ્વનિ છંદ, પઠન કરી કરે ન્હવણ જિનંદા ॥ માગધ વરદામને પરભાસા, અપર તરંગિની ઉદક અમંદા ॥ ૧ ॥ ક્ષીરોદધિ અડજાતિ કળશભર, ન્હવણ

કરે જિમ ચોશઠ ઇંદ્દા ॥ તિમ શ્રાવક જિન ભક્તિરંગે, ન્હ-
વણ કરે જરે કરમકો કંદા ॥ સુર૦ ॥ ૨ ॥ વિપ્રવધૂ સોમેશ્વ-
રી નામે, જલ પૂજનસેં લહે મહાનંદા ॥ કારણ કારજ સ-
મજ ભલીપરે, આતમ અનુભવ જ્ઞાન અમંદા ॥ સુર૦ ॥૩॥

॥ અથ કાવ્યં ॥ મંત્રઃ ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પ-
રમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેંદ્રાય
જલં યજામહે સ્વાહા ॥ ૧ ॥

॥ ઇતિ પ્રથમ પૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय विलेपनपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કુમતિ કુવાસ નિરાસિની, વાસિનિ ચિદ્દ્ઘન રૂપ ॥
ભામિનિ અમર અનઘપદ, નાશિનિ ભવજલ કૂપ ॥૧॥
સુરપતિ જિન અંગે કરે, સરસ વિલેપન સાર ॥
શ્રાવક તિમ લેપન કરે, ચંદન ઘસી ઘનસાર ॥ ૨ ॥

॥ રાગ-જિંદ કાફી ॥

કર રે કર રે કર રે કર રે, શ્રી જિનચંદ વિલેપન કર
રે ॥ શ્રી જિન૦ ॥ એ આંકણી ॥ ચેતન જાન કલ્યાણ કર-
નકોં, આન મિલ્યો અવસર રે ॥ શાસ્ત્ર પ્રમાન જિનંદજી
પૂજી, મન ચંચલ સ્થિર કર રે ॥ શ્રી જિન૦ ॥ ૧ ॥ સરસ
ચંદન કેશર હરિચંદન, ઘસી ઘનસાર સુધર રે ॥ કનક રતન
જરી ભરી રે કચૌરી, મન વચ તનુ શુચિ કર રે ॥ શ્રી જિ-

ન૦ ॥ ૨ ॥ ચરણ જાનુ કર અંશ શિરોપર, ભાલકંઠ પ્રભુ ઉર રે ॥ ઉદર તિલક નવ કર જિનવરકે, આતમ આનંદ ભર રે ॥ શ્રી જિનચંદ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

શીતલ ગુણ જિનમે વસે, શીતલ જિનવર અંગ ॥
આતમ શીતલ કારણે, પૂજો અરિહંત રંગ ॥ ૧ ॥

॥ અથ ગીતં ॥ રાગ કસૂરી જંગલો ॥

સિદ્ધિ વધૂ લઈ રે, જિનરંગ રાચી ॥ જિન૦ ॥ એ આંકણી ॥ હરિચંદન ઘનસાર સુમન હર રે, દ્રવ્ય તિલક નવ દઈ ॥ જિ૦ ॥ ૧ ॥ અચલ સુરંગી સુમન ગુણ ભૃંગી રે, ભાવતિલક શિર ભઈ ॥ જિ૦ ॥ ૨ ॥ પૂજક ચાર તિલક કરી અંગે રે, પૂજે અતિ હરખઈ ॥ જિ૦ ॥ ૩ ॥ જયસુર શુભમતિ જિનવર પૂજી રે, દંપતિ શિવપદ લઈ ॥ જિ૦ ॥ ૪ ॥ આતમાનંદી કરમ નિકંદી રે, આનંદરસ રંગ મઈ ॥જિ૦॥૫॥

॥ અથ કાવ્યં ॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ જિનેંદ્રાય ચંદનં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ દ્વિતીય પૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय कुसुमपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ત્રીજી પૂજા સુમનકી, સુમન કરે ભવિ રંગ ॥
પંચબાણ પીડા હરે, ભાવસુગંધિ અભંગ ॥ ૧ ॥

॥ રાગ ધન્યાશ્રી ॥

(અબ માવડી ગિરિ જાન હૈ, મેરા નેમજીસે કામ હૈ.—એ દેશી.)

અબ ભવિકજન જિન પૂજ લે, જિમ સુધરે સઘરે કામ રે ॥ અબ૦ ॥ એ આંકણી ॥ અતિહી સુગંધી કુસુમ લીજે, ખરચીને બહુ દામ રે ॥ મોગરા ચંપક માલતી, કેતકી પાડલ આમ રે ॥ અબ૦ ॥ ૧ ॥ જાસુલ પ્રિયંગુ પુન્નાગ નાગં, દાઉદી વર નામ રે ॥ મચકુંદ કુંદ ચંબેલી લે, જે ઉગિયાં શુભ થાન રે ॥ ॥ અબ૦ ॥ ૨ ॥ સદા સોહાગન જાઈ જાુઈ, બોલસિરી શુભ દામ રે ॥ લહી કુસુમ જિનવર દેવને, પૂજે જરે જિમ કામ રે ॥ અબ૦ ॥ ૩ ॥ શુભ સુમન કેરી માળ ગુંથી, જિનગળે ધરી જામ રે ॥ આતમ આનંદ સુહંકરૂ, જિમ મિલે શિવવધૂ ધામ રે ॥ અબ૦ ॥ ૪ ॥

॥ દોહા ॥

સુભગ અખંડ કુસુમ ગ્રહી, દૂર કરી સવ પાપ ॥
ત્રિભુવન નાયક પૂજીયે, હરે મદન સંતાપ ॥ ૧ ॥

॥ અથ ગીતં ॥ શ્રીરાગ વા કાલિંગડો ॥

(મંગલપૂજા સુરતરૂ કંદ, મંગલ૦—એ દેશી.)

જિનવર પૂજા શિવતરૂ કંદ ॥ જિનવર૦ ॥એ આંકણી॥ દમનક મરૂવો બકુલ કેવડો, સરસ સુગંધિત અતિ મહકંદ ॥ જિ૦ ॥૧॥ કુસુમાર્ચન ભવિ કરો મન રંગે, તાપ હરે પ્રભુ જિનવરચંદ ॥ જિ૦ ॥૨॥ વિષયી દેવકોં આક ધત્તુરા, પૂજે

નરવાયસ મતિમંદ ॥ જિ૦ ॥ ૩ ॥ વણિક ધુઆ લીલાવતી પૂજી, ફુલેં જિનવર હરિ ભવ ફંદ ॥ જિ૦ ॥ ૪ ॥ આતમ ચિદ્દ્ઘન સહજવિલાસી, પામી સત્ચિદ્ પદ મહાનંદ ॥ જિ-નવર પૂજા શિવતરૂ કંદ ॥ ૫ ॥

॥ અથ કાવ્યં ॥ ॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ જિનેં-દ્રાય પુષ્પાણિ યજામહે સ્વાહા ॥ ઇતિ તૃતીયપૂજા સમાપ્ત ॥

॥ अथ चतुर्थ धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કર્મેંધનકે દહનકોં, ધ્યાનાનલ કરી ચંડ ॥
દ્રવ્ય ધૂપ કરી આતમા, સહજ સુગધિત મંડ ॥ ૧ ॥

॥ રાગ પીલુ અથવા બરવા ॥

ધૂપ પૂજા અઘ ચૂરે ભવિકા, ધૂપ પૂજા અઘ ચૂરે ॥ એ તો ભવ ભય નાસત દૂરે રે ॥ભ૦॥ એ આંકણી ॥ કૃષ્ણાગર અંબર ઘનસારે, તગર કપૂર સનૂરે ॥ કુંદરૂ મૃગમદ તુરક સુ-ગંધિ, ચંદન અગર સચૂરે રે ॥ ભવિકા૦ ॥ ૧ ॥ એ સબ ચૂરણ કરી મનરંગે, ભંગે કરમ અંકૂરે ॥ નવ નવ રંગી શુદ્ધદશાંગી, જિનવર આગે અડૂરેં રે ॥ ભવિકા૦ ॥૨॥ ધૂપ દાન કંચન મણિ રત્ને, જડિત ઘડિત અતિ પૂરે ॥ નિર્ધૂમ પાવક અતિ ચમકંતી, જિનપતિકોં કર તું રે ॥ ભવિકા૦ ॥ ॥ ૩ ॥ જિનવર મંદિરમેં મહમહતી, દશદિગ્ સુગંધ પૂરે ॥

આતમ ધૂપ પૂજન ભવિજનકે, કરમ દુર્ગંધને ચૂરે રે ॥ભ૦॥૪

॥ દોહા ॥

ધૂપદાન નિજ ઘટ કરી, જિનભક્તિવર ધૂપ ॥
કરમ કુગંધી મિટ ગઈ, પૂજે આતમભૂપ ॥ ૧ ॥

॥ અથ ગીતં ॥ રાગ ખમાચકા તિલાના ॥

પૂજિત આનંદ કંદ રી, હેરી માઈ ॥ પૂજિત૦ ॥ એ આંકણી ॥ જિનપ જિનંદ ચંદ, પૂજે સુર નર વૃંદ ॥ સેવત અનૂપ ધૂપ, મિટે દુર્ગંધ રૂપ ॥ જિનવર અંધ ભ્રમ, તિમિર-ભાનુ તું ॥ મરન હરન તુમ, ચરનનનન ॥ પૂ૦ ॥ ૧ ॥ દશ અંગ ધૂપ ખેવી, દશાહી નિદાન સેવી ॥ સુભગ સુરંગી રંગી, મુગતી વધૂટી લેવી ॥ જિનવર સેવી હમ, ઉર્ધ્વ અભંગ ગતિ ॥ તિમ તુમ ગતિ જિન, અરચનનનન ॥ પૂ૦ ॥ ૨ ॥ સિદ્ધ બુદ્ધ અજર, અમર અજ નિર્મળ ॥ કાલવેદી ભવ છેદી, દૂર કરી કલમલ ॥ એસા મહાનંદ પદ, ધૂપ પૂજા ફળ કરે ॥ અખય ભંડાર ભરે, કૌન કરે વરનનનન ॥ પૂ૦ ॥૩॥ વામ અંગે ધૂપ કરી, પૂજી મન શુદ્ધ કરી ॥ ચાર ગતિ દુઃખ હરી, આત્મ આનંદ ભરી ॥ વિનયંધર નૃપ સાત, ભવ સિદ્ધિ વર ॥ નહિં કોઈ તુમ વિન, સરનનનન ॥ પૂજિત૦ ॥૪॥

॥ અથ કાવ્યં ॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ જિનેંદ્રાય ધૂપં યજામહે સ્વાહા ॥ ઇતિ ચતુર્થ પૂજા ॥ ૪ ॥

॥ अथ पंचम दीपकपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પંચમ પૂજા જિનતણી, પંચમી ગતિ દાતાર ॥
દીપકસેં પ્રભુ પૂજિયે, પામીયે કેવલ સાર ॥ ૧ ॥

॥ રાગ સિંધ કાફી ॥

પૂજો અરિહંત રંગે રે, ભવિ ભાવ સુરંગે ॥ પૂજો૦ ॥એ આંકણી ॥ દીપક જ્યોતિ બની નવરંગી, જિનજીકે દાહીણ અંગ ॥ રયણ જડિત ચમકત શુભ રંગે, ગોઘૃત ભરી અતિ ચંગ રે ॥ ભવિ૦ ॥ ૧ ॥ કરૂણારસસેં ધરી શુભ ફાનસ, મરત ન જેમ પતંગ ॥ ઝગમગ જ્યોતિ સુંદર દીપે, અનુભવ દીપ અભંગ રે ॥ ભવિ૦ ॥ ૨ ॥ જિન મંદિરમેં દીપ પ્રગટ કરી, ભાવના શુદ્ધ મન રંગ ॥ ધ્યાન વિમલ કરતાં અઘ નાસે, મિથ્યા મોહ ભુજંગ રે ॥ ભવિ૦ ॥ ૩ ॥ દીપ દરસસેં તસ્કર નાસે, આતમ તિમિર ઉત્તંગ ॥ તિમ જિન પૂજિત મિલે ચિત્ત દીપક, જરત હે સમરપતંગ રે ॥ ભવિ૦ ॥ ૪ ॥

॥ દોહા ॥

દ્રવ્યદીપક વિભાવરી, તિમિર કરે સબ દૂર ॥
ભાવદીપક જિન ભક્તિસેં, પ્રગટે કેવલ સૂર ॥ ૧ ॥

॥ અથ ગીત ॥ રાગ ભૈરવી ॥

દીપ જયંકર ચિદ્ઘન સંગી, કેવલ જગત પ્રકાશે રે ॥ એ આંકણી ॥ દ્રવ્યદીપક અર્ચન કરી રંગે, મિથ્યાતિમિર

નિરાસે રે ॥ તસ ફલ કેવલ દીપ સુહંકર, લોકાલોક વિકાસે રે ॥ દીપ૦ ॥ ૧ ॥ પડત પતંગ ન ધૂપકી રેખા, કેવલ દીપ ઉજાસે રે ॥ જનમ મરણ ગતિ ચાર ભયંકર, દુર્મતિ દુઃખ સબ નાસે રે ॥ દીપ૦ ॥ ૨ ॥ ઘૃત વિન પૂરે જ્યોતિ અખંડિત, વર્તિક મલ ન ચિકાસે રે ॥ પાપ પતંગ જરત સબ છિનમેં, જ્યોતિમેં જ્યોતિ મિલાસે રે ॥ દીપ૦ ॥ ૩ ॥ જિનમતિ ધનસિરિ દીપ પૂજનસેં, સિદ્ધગતિ સુખરાસેં રે ॥ આતમ આનંદઘન પ્રભુ મિલશે, પૂજત ભવિ જો ઉલ્લાસે રે ॥ દીપ૦ ॥ ૪ ॥

॥ અથ કાવ્યં ॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રી પરમ૦ જિનેંદ્રાય દીપં યજામહે સ્વાહા ॥ ઇતિ પંચમ પૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અક્ષય શિવસુખ કારણે, અક્ષતપૂજા સાર ॥
ચૌગતિ ચૂરણ સાથિયો, કરે કુમતિ મત છાર ॥ ૧ ॥

॥ રાગ વઢંસ ॥

તુમ તો સુધર ભયે શિવ સાધો, અક્ષતપૂજા કરો મનમેં રે ॥ તુમ૦ ॥ એ આંકણી ॥ અક્ષત તંદુલ મણિ મુક્તાફલ, સાથીયો કર જિન બિંબ પૂરો રે ॥ માણક મરકત અંક આદિસે, જિન પૂજી મન આનંદ લો રે ॥ તુમ૦ ॥ ૧ ॥ તંદુલ ગોધૂમ અન્ન અખંડિત, આદિ લેઈ ઢિગ પૂજ કરો રે ॥

અક્ષતપૂજા કરી મન રંગે, અક્ષત સુખ ભંડાર ભરો રે ॥ તુમ૦ ॥ ૨ ॥ આતમ અનુભવ રત્ન સુરંગો, ચિંતામણિ સુરદ્રુમ ખરો રે, અક્ષતપૂજાસેં ભવિ પ્રગટે, જિનવર ભક્તિ હ્રદયમેં ધરો રે ॥ તુમ૦ ॥ ૩ ॥

॥ દોહા ॥

શુદ્ધાક્ષત તંદુલ ગ્રહી, નંદાવર્ત્ત વિધાન ॥
જિન સન્મુખ હોય પૂજિયે, જરે કરમસંતાન ॥ ૧ ॥

॥ અથ ગીતં ॥ રાગ મરાઠીમેં ॥

અરિહંત પદ અર્ચન કરી ચેતન, જિન સરૂપમેં રમ રહીયેં ॥ નિજસત્તા પ્રગટે જારકેં, કરમ ભરમ નિજ સુખ લહિયેં ॥ અરિ૦ ॥ એ આંકણી ॥૧॥ તું નિજ અચલ ઇશ વિભુ ચિદ્‌ઘન, રંગ રૂપ વિન તું કહીયેં ॥ અજ અચલ નિ-રાશી, શિવશંકર અઘહર જગ મહીયે ॥ અરિ૦ ॥ ૨ ॥ અ-વ્યય વિભુ નિરંજન સ્વામિ, ત્રિભુવન રામી તું કહીયે ॥ સબ તેરી વિભૂતિ, અક્ષત અર્ચનસેં ઝટ લહિયેં ॥ અરિ૦ ॥ ॥ ૩ ॥ મરૂદેવી નંદન ચરણસુહંકર, કીર જુગલ અક્ષત ગ-હીયેં ॥ કરી અર્ચન સુરનર, અંતમેં પરમાત્મપદ રસ વ-હીયેં ॥ અરિહંત૦ ॥ ૪ ॥

॥ અથ કાવ્યં ॥ મંત્રઃ ॥ ઓઁ હ્રીઁ શ્રીઁ પરમ૦ જિનેંદ્રાય અક્ષતાન્ યજામહે સ્વાહા ॥

॥ ઇતિ ષષ્ઠ પૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શુચિ નિવેદ્યરસ સરસશું, ભરી અષ્ટાપદ થાળ ॥
વિવિધ જાતિ પકવાનસેં, પૂજિયેં ત્રિભુવનપાળ ॥૧॥

॥ રાગ ઠુમરી ॥

જિન અર્ચન સુખદાના રે ॥ ભવિકા ॥ જિન૰ ॥ એ આંકણી ॥ અમૃતિ અમૃત પાક પતાસાં, બરફી કંદ વિદાના રે ॥ ફેણી ઘેબર મોદક પેઠા, મગદળ પેંડા સોહાના રે ॥જિન૰ ॥ ૧ ॥ લાખણસાઈ સક્કરપારા, મોતીચૂર મનમાના રે ॥ ખાજાં ખુરમાં ખીર ખાંડ ઘૃત, સેવ કંસાર વિધાના રે ॥ જિન૰ ॥ ૨ ॥ સાટા દોઠાં મઠડી સબુની, કલાકંદ કલિદાના રે ॥ સીરા લાપસી પૂરી કચોરી, શાલ દાલ ઘૃત આના રે ॥ જિન૰ ॥ ૩ ॥ ઈત્યાદિ નૈવેદ્ય સુરંગા, પૂજિયેં ત્રિભુવન રાના રે ॥ આતમ આનંદ શિવપદ રંગી, સંગી સદા આધાના રે ॥ જિન૰ ॥ ૪ ॥

॥ દોહા ॥

અનાહાર પદ દીજિયેં, હે ! જિન દીનદયાળ ॥
કરૂં અર્ચન નૈવેદ્યશું, ભર ભર સુંદર થાળ ॥ ૧ ॥

॥ અથ ગીતં ॥ રાગ જંગલો ॥

(મહાવીર તોરે સમવસરણકી રે. મહા૰—એ દેશી.)

જિનંદા તોરે ચરણકમલકી રે, જો કરે અર્ચન નર

નારી ॥ નૈવેદ્ય ભરી શુભ થારી, તન મન કર શુદ્ધ આગા-રી ॥ જિનંદા તોરે ચરણ સરણકી રે ॥ જિનંદા૦ ॥ ૧ ॥ વીણા રંગ રાજે રે, મૃદંગ ધ્વનિ ગાજે રે, વાજે વાજિંતર ભારી ॥ મિલ અર્ચન જન શ્રૃંગારી, આયે જિનમંદિર શુ-ભકારી ॥ જિનંદા૦ ॥ ૨ ॥ ભવિજન પૂજે રે, જગમેં દેવ ન દૂજો રે, ધ્રૂજે જિમ કરમ કઠારી ॥ માગું પદ અણાહારી, જ્યું વેગેં વરૂં શિવનારી ॥ જિનંદા૦ ॥૩ ॥ પૂજા ફ્લ જાતા રે, હાલીજન રાજા રે, આતમકોં આનંદકારી ॥ ભવ ભ્રાંતિ મિટ ગઈ સારી, જિન અર્ચનકી બલિહારી ॥ જિનંદા૦॥૪॥

॥ અથ કાવ્યં ॥ મંત્રઃ ॥ ૐ હ્રીઁ શ્રી પરમ૦ જિનેં-દ્રાય નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ સપ્તમ પૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

અષ્ટ કરમકે હરનકોં, આઠમી પૂજા સાર ॥
અડગુણ આતમ પરગટે, ફલ પૂજન ફ્લકાર ॥ ૧ ॥

॥ રાગ ઠુમરી ॥

(મહાવીર ચરણુસે જાય, મેરો મન લાગ રહ્યો.—એ દેશી.)

મેરો મન રંગ રહ્યો, ફલ અર્ચનમેં સુખદાય ॥ મેરો૦ ॥ ॥ એ આંકણી ॥ શ્રીફળ પૂગી પિસ્તા બદામા, દ્રાક્ષ અખોડ મિલાય ॥ મેરો૦ ॥ ૧ ॥ ખારક મીઠે અંબ નારંગી, કદલી

સીતાફળ લાય ॥ મેરે૦ ॥ ૨ ॥ દ્રાખ આલૂચાં ફનસ સંતરાં, અંગુર જંબીર સુહાય ॥ મેરે૦ ॥ ૩ ॥ તરબૂજાં ખરબૂજ સિંગોડાં, સેવ અનાર ગિનાય ॥ મેરે૦ ॥ ૪ ॥ ઇત્યાદિ શુભ ફળ રસ ચંગે, કંચન થાળ ભરાય ॥ મેરે૦ ॥ ૫ ॥ ફળસેં પૂજા અર્હન્ કેરી, આતમ શિવફળ થાય ॥ મેરે૦ ॥ ૬ ॥

॥ દોહા ॥

ઇંદ્રાદિક જિમ ફળ કરી, પૂજે શ્રી અરિહંત ॥
તિમ શ્રાવક પૂજન કરે, ફળ વરે સાદિ અનંત ॥ ૧ ॥

॥ અથ ગીતં ॥ રેખતા ॥

જિનવર પૂજ સુખકંદા, નસે અડકર્મકા ધંદા ॥ સુંદર ભરી થાળ રતનંદા, જિનાલયે પૂજ જિનચંદા ॥ જિન૦ ॥ ॥ ૧ ॥ એ આંકણી ॥ વિવિધ ફળ સાર રસ ચંગા, અપુનરાવૃત્તિ ફળ મંગા ॥ અડ દિદ્ઠિ સંપદા રંગા, બુદ્ધિ સિદ્ધિ શિવ વધુ સંગા ॥ જિન૦ ॥ ૨ ॥ પૂજે ભવિ ભાવશું રંગા, કરી અડકર્મશું જંગા ॥ કરી શુદ્ધ રૂપ અનગા, ઉતરી અનાદિકી ભંગા ॥ જિન૦ ॥ ૩ ॥ કીરયુગ દુર્ગતા તગા, કરી ફળ પૂજના મગા ॥ આતમ શિવરાજ અભંગા, વિમળ અતિ નીર જિમ ગંગા ॥ જિન૦ ॥ ૪ ॥

॥ અથ કાવ્યં ॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં ॥ પરમ૦ જિનેંદ્રાય ફલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ અષ્ટમ પૂજા સમાપ્ત ॥ ૮ ॥

॥ અથ કળશ ॥

(રાગ ધન્યાશ્રી)

પૂજન કરો રે આનંદી, જિનંદ પદ પૂજન કરો રે આનંદી ॥ એ આંકણી ॥ અષ્ટપ્રકારી જન હિતકારી, પૂજન સુરતરૂ કંદી ॥ જિ૦ ॥ ૧ ॥ શ્રાવક દ્રવ્યભાવ કરે અર્ચન, મુનિજન ભાવ સુરંગી ॥ જિ૦ ॥ ૨ ॥ ગણધર સુરગુરૂ સુર પતિ સગરે, જિનગુણ કૌન કહંદી ॥ જિ૦ ॥ ૩ ॥ મેં મતિ મંદહી બાલ રમણ જ્યું, જિનગુણ કથન કરંદી ॥ જિ૦ ॥ ॥ ૪ ॥ તપગચ્છ મુનિપતિ વિજય સિંહવર, સત્યવિજય ગણિ નંદી ॥ જિ૦ ॥ ૫ ॥ કપૂર ક્ષમા જિનોત્તમ સદ્‌ગુરૂ, પદ્મરૂપ સુખકંદી ॥ જિ૦ ॥ ૬ ॥ કીર્ત્તિવિજય કસ્તૂર સુહંકર, મણિવિજય પદ વંદી ॥ જિ૦ ॥ ૭ ॥ શ્રીગુરૂ બુદ્ધિવિજય મહારાજા, કુમતિ કુપંથ નિકંદી ॥ જિ૦ ॥ ૮ ॥ શિખિ જુગ અંક ઈંદુ (૧૯૪૩) શુભ વર્ષે, પાલીતાણા સુરંગી ॥ જિ૦ ॥ ૯ ॥ વિમલાચળ મંડન પદ ભેટી, તન મન અધિક ઉમંગી ॥ જિ૦ ॥ ૧૦ ॥ આતમરામ આનંદ રસ પીનો, જિન પૂજત શિવસંગી ॥ જિનંદ૦ ॥ ૧૧ ॥

॥ ઇતિ શ્રીમહાત્મારામજી (આનંદવિજયજી) મહારાજ વિરચિત અષ્ટપ્રકારીપૂજા સમાપ્ત ॥

શ્રી નવપદપૂજા પ્રારંભ.

॥ अथ प्रथम श्री अरिहंतपदपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

શ્રી સંખેશ્વર પાસજી, પૂરો વંછિત આસ ॥
સિદ્ધચક્ર પૂજા રચુ, જિમ તૂટે ભવપાસ ॥ ૧ ॥
ઉપકારી જિનરાજકી, પૂજા પ્રથમ વિધાન ॥
જો ભવિ સાધે રંગસૂં, અજર અમરકી ખાન ॥ ૨ ॥
ઉત્પન્ન જ્ઞાન સત રૂપ હૈ, પ્રતિહારજ સોભંત ॥
સિંહાસન બેઠે વિભુ, દે ઉપદેશ મહંત ॥ ૩ ॥

॥ રાગ કમાચ ॥

જિન પૂજન આનંદ ખાની (૨) ॥ અંચલી ॥ સંતિ અનંત પ્રમોદ અનંગં, સત્ ચિત્ આનંદ દાની ॥ જિન૦॥૧॥ તીર્થંકર શુભ નામકર્મ કે, ઉદય કહે જિનવાની ॥ જિન૦ ॥ ॥૨॥ ઘાતિકર્મકા નાશ કરીને, અષ્ટાદશ મલ હાની ॥ જિ૦॥ ॥ ૩ ॥ કરે અઘાતિ જીર્ણ વસનસેં, તીર્થેશ્વર પદ ઠાની ॥ ॥ જિન૦ ॥ ૪ ॥ ઐસે અર્હન્ દેવ સુહંકર, ભયભંજન નિર્વાની ॥ જિન૦ ॥ ૫ ॥ આત્મ આનંદ પૂરણ સ્વામિ, નમો દેવ મન માની ॥ જિન૦ ॥ ૬ ॥

॥ દોહા ॥

શાસનપતિ અરિહા નમો, ધર્મધુરંધર ધીર ॥

દેશના અમૃત વર્ષણી, નિજ વીરજ વડવીર ॥ ૧ ॥
નિર્મળ જ્ઞાન અખય નિધિ, શુદ્ધ રમણ નિજરૂપ ॥
થિરતા ચરણ સુહંકરૂ, પૂજો અર્હન્ ભૂપ ॥ ૨ ॥

(મહબૂબજાની મેરા.—યહ ચાલ.)

શ્રી અર્હન્ સ્વામિ મેરા, છિન નાહિ ભૂલાના રે ॥ તુમ પૂજો ભવિ મન રંગે, ભવ ભયહિ મિટાના ॥ શ્રી૦ ॥ ૧ ॥ ભવ તીજે વર તપ કરકે, સેવી નિદાના રે ॥ જિનનામકર્મ શુભ બાંધી, હુએ ત્રિભુવન રાના ॥ શ્રી૦ ॥ ૨ ॥ જિનકે કલ્યાણક દિવસે, નરકે સુહાના રે ॥ ઉદ્યોત હૂએ ત્રિભુવનમેં, અતિશય ગુણ ગાના ॥ શ્રી૦ ॥ ૩ ॥ પ્રભુ તીન જ્ઞાન લેઈ ઉપને, જગમેં સુભાના રે ॥ લેઈ દિક્ષા ભવિજન તારે, હૂએ કેવળજ્ઞાના ॥ શ્રી૦ ॥ ૪ ॥ મહાગોપ સત્થ નિર્યામક, વલિ મહા મહાના રે ॥ યહ ઉપમા જિનકોં છાજે, તે ત્રિભુવન ભાના ॥ શ્રી૦ ॥ ૫ ॥ પ્રતિહાર અડજસ શોભે, ગુણ પેંતીસ વાના રે ॥ પ્રભુ ચૌતિસ અતિશય ધારી, મહાનંદ ભરાના ॥ શ્રી૦ ॥ ૬ ॥ ભવિ અર્હન્પદકોં પૂજો, નિજરૂપ સમાનારે ॥ જિન આત્મધ્યાને ધ્યાવે. તદ્ રૂપ મિલાના ॥ શ્રી૦ ॥ ૭ ॥

॥ કાવ્યમ્ ॥ દ્રુતવિલંબિતવૃત્તમ્ ॥

॥ અખિલવસ્તુવિકાશનભાસ્કરં, મદનમોહતમસ્સુવિનાશકમ્ ॥ નવપદાવલિનામશુભક્તિતઃ, શુચિમનાઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥ ૧ ॥

॥ મંત્રમ્ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ જરામૃત્યુનિવારણાય શ્રીમતેઽર્હતે જલાદિકં યજામહે સ્વાહા॥

॥ ઇતિ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय सिद्धपदपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

અલખ નિરંજન અચર વિભુ, અક્ષય અમર અમાર ॥
મહાનંદ પદવી વરી, અવ્યય અજર ઉદાર ॥ ૧ ॥
અનંત ચતુષ્ટય રૂપ લે, ધારી અચલ અનંગ ॥
ચિદાનંદ ઇશ્વર પ્રભુ, અટલ મહોદય ચગ ॥ ૨ ॥
અષ્ટ કર્મકોં ક્ષય કરી, ફિર નહિ જગ અવતાર ॥
સિદ્ધ બુદ્ધ સતરૂપહી, શિવરમણી ભરતાર ॥ ૩ ॥

(નિજ સ્વરૂપ જાને વિનુ ચેતન.—યહ ચાલ.)

સિદ્ધ સ્વરૂપ જાને વિનુ ચેતન, મિટે નહીં જગકા ફેરા ॥ સદ્ધૂ કુમત વિહંડી છાંડદે, મમતા રંડીકા ડેરા ॥ સિદ્ધ૦ ॥૧॥ ત્રિભાગો નહીં ચરમ દેહસે, જ્ઞાનમય આત્મકેરા ॥ નિરાવરણહી જ્યોતિ નિરાબાધ, વગાહન વિભુ તેરા ॥ સિદ્ધ૦ ॥ ॥ ૨ ॥ સકલ કર્મમલ દૂર કરીને, પુરણ અડગુણ લે સંગી ॥ નિજ ગુણ પર્યાયે બોલતે, જિન મતમેંહી સતભંગી ॥ સિદ્ધ૦ ॥ ૩ ॥ સ્વદ્રવ્યહી ખેતર કાલ સ્વભાવે, સ્વપર સત્તા ગિન જ્ઞાની ॥ નિજગુણહી અનંતે શક્તિ, વ્યક્તિ કર મન માની ॥ સિદ્ધ૦ ॥ ૪ ॥ એક અનેક સ આદિ અનાદિ, અંત

રહિત જિનવર વાની ॥ નિજ આત્મરૂપે અજ અમલ, અખંડિત સુખ ખાની ॥ સિદ્ધ૦ ॥ ૫ ॥

॥ દોહા ॥

પ્રદેશાંતર ફરસે નહિ, એક સમય ગતિ જાસ ॥
સદાનંદમય આત્મા, પાવે શિવપુર વાસ ॥ ૧ ॥

॥ રાગ ભૈરવી તથા કાફીમેં ગજલ ॥

(મુખ બોલ જરા.—યહ ચાલ.)

ટુક ખોજ જરા મન લાય ખરા, સિદ્ધ ઔર નહીં તું ઔર નહીં ॥ ટુક૦ ॥ અંચલી ॥ અતિ પૂજ ખરા સિદ્ધચક્ર ધરા, નિજ કારણ માન અભંગ વરા ॥ જબ પૂજા કરે સબ પાપ ઝરે ॥ સિદ્ધ૦ ॥ ૧ ॥ ઉપાદાન તુંહી સિદ્ધરૂપ વુહી, હૈ નિમિત્ત ખરો સિદ્ધચક્ર મુહી ॥ જબ ધ્યાતા ધ્યેય અરૂ ધ્યાન મિલે ॥ સિદ્ધ૦ ॥ ૨ ॥ બંધન છેદ અસંગ લહી, ગતિ કારણ પૂર્વ પયોગ કહી ॥ જબ ગતિ પરિણામકા રાગ ગહે ॥ સિદ્ધ૦ ॥ ૩ ॥ એક સમય ગતિ ઉર્દ્ધ કરી, થિરરૂપ ભયે સબ વિઘ્ન જરી ॥ જબ જ્યોતિસે જ્યોતિ મિલે સુધરી ॥સિદ્ધ૦॥ ॥ ૪ ॥ નિર્મલ સિદ્ધશિલાથી સહી, એક જોયણ લોકનો અંત કહી ॥ જબ સાદિ અનંત સ્વરૂપ ગહી ॥ સિદ્ધ૦ ॥ ૫ ॥ સુખકી ઉપમા જગમે નહીં, તિણ કેવલજ્ઞાની શકે ન કહી ॥ જબ સહજ સમાધીકે રંગ પગે ॥ સિદ્ધ૦ ॥ ૬ ॥ રૂપાતીત સ્વભાવ ધરે, શુદ્ધ કેવલજ્ઞાનહી દર્શ વરે ॥ જબ આત્મારામ

આનંદ ભરે ॥ સિદ્ધ૦ ॥ ૭ ॥

॥ કાવ્યમ્ ॥ અખિલવસ્તુવિકાશનભાસ્કરં મદનમોહ તમસ્સુવિનાશકમ્ ॥ નવપદાવલિનામસુ ભક્તિતઃ, શુચિમનાઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥ ૨ ॥

॥ મંત્રમ્ ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે સિદ્ધાય જલાદિકં ય૦ સ્વાહા ॥

॥ ઇતિ દ્વિતીય શ્રી સિદ્ધપદ પૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय श्री सूरिपद पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

તીજે પદ સૂરિ નમો, રવિ જિમ તેજ પ્રકાશ ॥
કલહ કદાગ્રહ છોરિને, કરી કુમતિકા નાશ ॥ ૧ ॥

॥ રાગ પરજ કલિંગડા ॥

(જિનવર વચનં શ્રુતિ અમૃત.—યહ ચાલ.)

સુરિજન અર્ચન સુરતરૂ કંદ ॥ સુરિજન૦ ॥ અંચલી ॥ તત્ત્વબોધ જિન આગમ ધારી, સદા નિવારી ભવભય ફંદ ॥ ષટ્ વર્ગે વર્ગિત ગુણ શોભે, પંચાચાર ધરે નિરધંદ ॥ સુ૦ ॥ ॥ ૧ ॥ સૂત્રાનુસારી દીએ દેશના, ભવિ ચકોર શશિ કરત આનંદ ॥ ચિદાનંદ રસ સ્વાદ મગનતા, પરભાવે ન ખચે મુનિચંદ ॥ સુ૦ ॥૨॥ નિષ્કામી નિર્મલ શુદ્ધ ચિદ્ઘન, દર્શન જ્ઞાન ચરણ શિવકંદ ॥ સાધેં સાધ્ય ભવિકજન બોહે, ગુણ સંતપ નિર્મલ જિમ ચંદ ॥ સુ૦ ॥૩॥ સહજ સમાધિ સંવર

ધારી, ગત ઉપાધિ શક્તિ અમંદ ॥ બાહ્ય અભ્યંતર તપ ગુણ ભારી, જારી મોહ કર્મકો કંદ ॥ સુ૦ ॥ ૪ ॥ ષટ્ પંચાશત સંપત્ સોહે, ખોહે નહીં સુર રમણી વૃંદ ॥ જિનશાસન આ-ધાર સુહંકર, આત્મ નિર્મળ સદાહી આનંદ ॥ સુરિ૦ ॥ ૫॥

॥ દોહા ॥

મહા મંત્રકે ધ્યાનસે, આચાર્ય પદ લીન ॥
પંચપ્રસ્થાને આત્મા, અદ્ભુત નિજગુણ પીન ॥ ૧ ॥

(કોયલ ટોક રહી મધુવનમેં.—યહ ચાલ.)

સુરિપદ પૂજન કરો મનતનસેં. પાપ કલંક નાસે ઈક છિનમેં ॥ સુ૦ ॥ અંચલી ॥ પાંચ આચાર જે સુધા પાળે, ભીંજ ગએ સંજમ ઈક રંગમેં ॥ સત્યોપદેશ કરે ભવિજ-નકોં, આચારજ માને મોરે મનમેં ॥ સુ૦ ॥૧॥ વર છત્રીશ ગુણે કરી શોભે, યુગ પ્રધાન શોભે મુનિજનમે ॥ જગ બોહે ન રહે ખિણ કોહે, કર્મ અરિકોં હણે ઈક રનમેં ॥ સુ૦ ॥૨॥ સદા અપ્રમત્ત ધર્મ ઉપદેશે, વિકથા કષાય નહિ જિન મન-મેં ॥ અમલ અકલુષ અમાય અદ્વેષી, રાગરહિત જિમ વ-ર્ષંત ઘનમેં ॥ સુ૦ ॥ ૩ ॥ સારણ વારણ નોદન કરતા, પ્રતિ નોદન દેતા મુનિજનનેં ॥ પટ્ટધારી ગચ્છ થંભ આચાર્ય, જે માન્યા સત ભવિજન મનમેં ॥ સુ૦ ॥૪॥ અત્થમિએ જિન સૂર્ય કેવલ, ચંદ ગએ દીપકસમ તમમેં ॥ ભુવન પદાર્થ પ્ર-ગટન પટુજે, આત્મારામ આનંદ ભવનમેં ॥ સુ૦ ॥ ૫ ॥

॥ કાવ્યમ્ ॥ અખિલવસ્તુવિકાશનભાસ્કરં, મદનમોહ તમસ્સુવિનાશકમ્ ॥ નવપદાવલિનામસુભક્તિતઃ, શુચિમનાઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥ ૧ ॥

॥ મંત્રમ્ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ જરામૃત્યુનિવારણાય શ્રીમતે સૂરયે જલાદિકં યજા૦ સ્વાહા ॥

॥ ઇતિ તૃતીય શ્રી સૂરિપદપૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ श्री उपाध्यायपदपूजा प्रारंजः ॥

॥ દોહા ॥

સૂત્ર અર્થ વિસ્તારણે, તત્પર શ્રી ઉવજ્ઝાય ॥
નહીં સુરિ પણ સુરિસમ, ગણકો અતિહી સહાય ॥ ૧ ॥

॥ રાગ કમાચ ॥

પાઠકપદ જિનવૈન દેંન, મન સમરસ ભીનો રે ॥ પાઠક૦ ॥ અંચલી ॥ મોહ મમતા માયા સબ ભંગ, સૂત્ર અર્થ દીએ દ્વાદશ અંગ ॥ મદન વિહંડન ધર્મ રંગ, મદ સબ તજ દીનો રે ॥ પાઠક૦ ॥ ૧ ॥ પંચ વર્ગ વર્ગિત ગુણ ચંગ, વાદિ દ્વિપ છેદન વલી સિંધ ॥ ગણિગચ્છ ધારણ થંભ સંગ, સુર અસુર પૂજીનો રે ॥ પાઠક૦ ॥ ૧ ॥ દશવિધ જતિ ધર્મ ધરી અંગ, ચરણ કરણ ઉપદેશક રંગ ॥ ધાર બ્રહ્મ નવ ગુપ્તિ સંગ, જિનવચ રસ પીનો રે ॥ પાઠક૦ ॥ ૩ ॥ સ્યાદ્વાદસેં તત્ત્વ વિચારી, નિજ ગુણ લે પરગુણ સબ છારી ॥ કરે જિર્નિંદ

શાસન ઉતંગ, નરભવ ફલ લીનો રે ॥ પાઠક૦ ॥૪॥ વાચન દાન કરણ અતિસુર, શોડષ ઉપમ યોગ્ય સુનૂર ॥ દૂર કરે સબ કર્મ ચૂર, આતમ પદ લીનો રે ॥ પાઠક૦ ॥ ૫ ॥

॥ દોહા ॥

નિકટ હોઈ પઢિયે સદા, જિનવર વચન અભંગ ॥
સદાનંદ પાઠક પદે, લાગ્યો અવિહડ રંગ ॥ ૧ ॥

॥ રાગ બિહાગ ॥

જિનિંદ મત પાઠક પૂજ સુજ્ઞાની ॥ પાઠક૦ ॥અંચલી॥ દ્વાદશ અંગ સિઝાય કરે જે, પારગ ધારક ધામી ॥ સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, પાઠક નમું શિર નામી ॥ જિ૦ ॥ ૧ ॥ અર્થ સૂત્રકે દાન વિભાગે, આચાર્ય ઉવઝાય ॥ ભવ તીજે લહે શિવપદ સંપત્, નમિયે તે હર્ષાય ॥ જિ૦ ॥૨॥ મૂર્ખ શિષ્ય કરે શુદ્ધ જ્ઞાની, ધ્યાની ચિદ્ઘન સંગી ॥ ઉપલકો પલ્લવ સદ્ગુની કરતા, મોહ મિથ્યાત્વ વિરંગી ॥ જિ૦ ॥ ૩ ॥ રાજકુમર સરિસા ગણ ચિંતક, આચારજપદ જોગી ॥ બાવના ચંદન રસસમ વચને, નિજ આત્મ સુખભોગી ॥ જિ૦ ॥૪॥ જિન શાસનકો પ્રકટ કરે જગ, સ્વાધ્યાયતપ પરવિના ॥ આત્મરામ આનંદકે ધ્યાતા, કદેઈ નહીં મન દિના ॥ જિ૦ ॥૫॥

॥ કાવ્યમ્ ॥ અખિલવસ્તુવિકાશન ભાસ્કરં, મદનમોહતમસ્સુવિનાશકમ્ ॥ નવપદાવલિનામસુભક્તિતઃ, શુચિમનાઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥ ૧ ॥

॥ મંત્રમ્ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ જરામૃત્યુનિવારણાય શ્રીમતે પાઠકાય જલાદિકં ય૦ સ્વાહા ॥

॥ ઇતિ ચતુર્થ શ્રી ઉપાધ્યાપદપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम श्री साधुपदपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

સાધુ સંજમ ધારતા, દયાતણા ભંડાર ॥
ઇંદ્રિય મદયુત સંજમી, નમો નમો હિતકાર ॥ ૧ ॥

॥ રાગ ઝિદ કાફી ॥

મુનિજન અર્ચન શુદ્ધ મન કર રે, કરરે કરરે કરરે કરરે ॥ મુનિ૦ ॥ અંચલી ॥ સૂરિજન વાચકની નિત્ય સેવા, સમિતિ ગુપ્તિ શુદ્ધ ધર રે ॥ કામભોગ જલ દૂર તજીને, ઉર્દ્ધ-કમલ જિમ તર રે ॥ મુ૦ ॥ ૧ ॥ બાહ્ય અભ્યંતર ગ્રંથી નિવારી, મુક્તિપંથ પગ ધર રે ॥ અંગ અષ્ટ ચિત્ત સોગ સમાધિ, પાપ પંક સબ ઝર રે ॥ મુ૦ ॥૨॥ સકલ વિષય વિષ દૂર નિવારી, ભવદવ તાપસુ હર રે ॥ શુદ્ધ સ્વરૂપ રમણતા રંગી, નિર્મમ નિર્મદ વર રે ॥ મુ૦ ॥ ૩ ॥ કાઉસગમુદ્રા ધોર ધ્યાનમેં, આશન સહિજસુ થિર રે ॥ તપ તેજે દીપે દયા દરિયો, ત્રિભુવન બંધુ સુગિર રે ॥ મુ૦ ॥ ૪ ॥ ઐસો મુનિપદ પૂજ સુહંકર, આત્મ આનંદ ભર રે ॥ શત્રુ મિત્રસમ જન્મ મરણકો, જગત મોક્ષ ઈક કર રે ॥ મુનિજન૦ ॥ ૫ ॥

॥ દોહા ॥

ક્ષમા મુક્તિ ઋજુ નમ્રતા, સત્ય અકિંચન શર્મ ॥
તપ સંજમ લઘુ રમણતા, બ્રહ્મચર્ય મુનિ ધર્મ ॥ ૧ ॥

(આઃ ઈંદ્રિ નાર કરકર શ્રૃંગાર.—યહ ચાલ.)

ચિદ્ઘન આનંદ મુનિરાજ વંદ, સબિ કટિત ફંદ ભવિ પૂજ રંગ ॥ મનમેં ઉમંગ સમતા રસભીના ॥ ચિ૦ ॥ અંચલી ॥ જિમ તરૂ ફુલે ચૈતભૃંગ, આતમ સંતોષ અધિક રંગ ॥ વિના પીડે લે મકરંદ ચંગ, હોકે આનંદ ગોચર કર લીના ॥ ચિ૦ ॥૧॥ કષાય ટાર પણ ઈંદ્રી રોધ, ષટ્કાય પાર મુનિ શુદ્ધ બોધ ॥ સંજમ સતરે મન શુદ્ધ શોદ્ધ, મચે રણમેં જોધ મનમેં નહીં દીના ॥ ચિ૦ ॥ ૨ ॥ અઠારે સહસ્ર શીલાંગધાર, જયણાયુત અચલ આચાર પાર ॥ નવવિધ ગુપ્તિસેં બ્રહ્મકાર, આતમ ઉજાર ભવવન દવદીના ॥ ચિ૦ ॥ ૩ ॥ જે દ્વાદશવિધ તપ કરત ચંગ, દિન દિન શુદ્ધ સંયમ ચડિત રંગ ॥ સોનાની પરે ધરે પરિખ ચંગ, ચિતમેં અભંગ સંજમરસ લીના ॥ ચિ૦ ॥ ૪ ॥ દેશકાલ અનુમાનનંદ, સંયમ પાળે મુનિરાજચંદ ॥ મિટે હર્ષ શોક પરમાદ ધંદ, આત્મ આનંદ અનુભવરસ પીના ॥ ચિ૦ ॥ ૫ ॥

॥ કાવ્યમ્ ॥ અખિલવસ્તુવિકાશનભાસ્કરં, મદનમોહ તમસ્સુવિનાશકમ્ ॥ નવપદાવલિનામસુભક્તિતઃ, શુચિમનાઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥ ૧ ॥

॥ મંત્રમ્ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ જરામૃત્યુનિવારણાય શ્રીમતે સાધવે જલાદિકં યજા૦ સ્વાહા ॥

॥ ઇતિ પંચમ શ્રી સાધુપદપૂજા સમાપ્ત ॥

॥ अथ षष्ठ श्री सम्यग्दर्शनपदपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

જિનવર ભાષિત તત્ત્વમેં, રૂચિલક્ષણ ચિત્તધાર ॥
સમ્યગ્ દર્શન પ્રણમિએ, ભવદુઃખ ભંજનહાર ॥ ૧ ॥

(થારી ગઇ રે અનાદિ નિંદ.—યહ ચાલ.—રાગ માઢ.)

મિટ ગઈ રે અનાદી પીર, ચિદાનંદ જાગો તો સહી ॥ અંચલી ॥ વિપરીત કદાગ્રહ મિથ્યારૂપ જે, ત્યાગો તો સહી ॥ જિનવર ભાષિત તત્વરૂચિ ઢિગ, લાગો તો સહી ॥ મિટ૦ ॥૧॥ દર્શન વિના ગાન નહીં ભવિને, માનો તો સહી ॥ વિના જ્ઞાન ચરણ ન હોવે, જાણો તો સહી ॥ મિટ૦ ॥ ॥ ૨ ॥ નિશ્ચય કરણરૂપ જસ નિર્મલ, શક્તિ તો સહી ॥ અનુભવ કરત રૂપ સબ છંડી, વ્યક્તિ તો સહી ॥ મિટ૦ ॥૩॥ સત્તા શુદ્ધ નિજ ધર્મ પ્રકટ કર, છાનો તો સહી ॥ કરણરૂચી ઉછલે બહુ માને, ઠાનો તો સહી ॥ મિટ૦ ॥ ૪ ॥ સાધ્ય દૃષ્ટ સર્વ કરણી કારણ, ધારો તો સહી ॥ તત્ત્વજ્ઞાન નિજ સંપત્ માની, કરો તો સહી ॥ મિટ૦ ॥ ૫ ॥ આત્મારામ આનંદ રસ લીનો, પ્યારો તો સહી ॥ જિનવર ભાષિત સત્ય માન કર, સારો તો સહી ॥ મિટ૦ ॥ ૬ ॥

॥ દોહા ॥

દેવ ધર્મ ગુરૂ તત્ત્વકી, સદ્દહણા પરિણામ ॥
સાતોં મલકેં મિટ ગએ, સમ્યગ્ દર્શન નામ ॥ ૧ ॥

(રાગ પરજ.—નિશદિન જોઉં વાટડી.—યહ ચાલ.)

સમ્યગ્ દર્શન પૂજ લે, જિમ મિટે મન ઝોલા ॥ અં- ચલી૦ ॥ મલ ઉપશમ ખય ઉપશમેં, ખયસે દૃગ્ ખોલા ॥ ત્રિવિધ ભંગસમ દર્શને, જિનવર ઇમ બોલા ॥ સ૦ ॥ ૧ ॥ જિનધર્મે દૃઢ સંગસેં, અનુભવ રસ ઘોલા ॥ નિજ પરસત્તા જ્ઞાનસેં, જિમ કૃમિરંગ ચોલા ॥ સ૦ ॥ ૨ ॥ પાંચવાર ઉપ- શમ લહે, ક્ષય ઉપશમ ડોલા ॥ સંખ્યાતીત સો જાનીએ, ક્ષય ઇંદુ અમોલા ॥ સ૦ ॥ ૩ ॥ જિસવિન જ્ઞાન અજ્ઞાન હૈ, વૃત્તિતરૂ નવિ મોલા ॥ સુખ નિર્વાણ ન ભવિ લહે, સમકિત વિન ભોલા ॥ સ૦ ॥ ૪ ॥ સડસઠ બોલે અલંકર્યો, જ્ઞાનન ચરણ અંદોલા ॥ ભવવન મિથ્યા દહનકોં, દાવાનલ તોલા ॥ સ૦ ॥ ૫ ॥ સબ કરણીકા મૂલહૈ, શિવપંથ અમોલા ॥ દ- ર્શન તેહીજ આત્મા, આતમ રંગ રોલા ॥ સ૦ ॥ ૬ ॥

॥ કાવ્યમ્ ॥ અખિલવસ્તુવિકાશનભાસ્કરં, મદનમોહ તમસ્સુવિનાશકમ્ ॥ નવપદાવલિનામસુભક્તિતઃ, શુચિમ- નાઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥

॥ મંત્રમ્ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મ જરામૃત્યુનિવારણાય શ્રીમતે સમ્યગ્ દર્શનાય જલાદિકં

યજામહે સ્વાહા ॥

॥ ઇતિ ષષ્ઠ શ્રી સમ્યગ્ દર્શનપદપૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम श्री सम्यग् ज्ञानपदपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

મિથ્યા મોહ કુપંથહી, અજ્ઞ તિમિર કરે દૂર ॥
નિજપરસત્તા સહૂ લહે, જ્ઞાનહિ નિર્મલ સૂર ॥ ૧ ॥

(રાગ ભૈરવી.—લાગી લગન કહો.—યહ ચાલ.)

જ્ઞાન સુહંકર ચિદ્ઘન સંગી, સપ્તભંગી મત સારે રે ॥ અંચલી ॥ શુદ્ધ જ્ઞાન મિથ્યાત્વ મિટેસે, જ્ઞાનાવરણ વિડારે રે ॥ ષટ્દ્રવ્ય નાના બોધ સ્વરૂપે, નિજ ઇચ્છા સબ વારે રે ॥ જ્ઞાન૦ ॥૧॥ ગુરૂ સેવાસે યોગ્યતા પ્રગટે, હેય ઉપાદેય કારે રે ॥ જ્ઞેય અનત સ્વરૂપેં ભાસે, દીપ તિમિર જિમ ટારે રે ॥ જ્ઞાન૦ ॥ ૨ ॥ નિત્યાનિત્ય નાશ અવિનાશી, ભેદાભેદ અભંગી રે ॥ એક અનેક રૂપહી અરૂપી, સ્યાદ્વાદ નય સંગી રે ॥ જ્ઞાન૦ ॥ ૩ ॥ અર્પિતા નર્પિત મુખ્ય ગૌણુતા, સાધન સિદ્ધ વિરંગી રે ॥ વાચ્યાવાચ્ય સઅંશ નિરંશી, આનંદઘન દુઃખ રંગી રે ॥ જ્ઞાન૦ ॥ ૪ ॥ વિભાવ સ્વભાવી શુદ્ધ સ્વભાવી, વીતરાગ જડ સંગી રે ॥ સંશય સર્વહી દૂર નિવારે, આત્મ સમરસ ચંગી રે ॥ જ્ઞાન૦ ॥ ૫ ॥

॥ દોહા ॥

સૂત્ર સંયુત સૂચીવત્, કચવર પિંડ મઝાર ॥
વિનસે નહીં તિમ શ્રુતયુત, પામે ભવનો પાર ॥ ૧ ॥

(કંકન બોલ દેઉ મહારાજ.—યહ ચાલ.)

સબમેં જ્ઞાનવંત વડવીર, કાટે સકલ કર્મ જંજીર ॥ અંચલી ॥ ભક્ષાભક્ષ ન જે વિન જાને, ગમ્યા ગમ્ય નહીં પીછાને ॥ કાર્યાકાર્ય ન જાને કીર ॥ સ૦ ॥૧॥ પ્રથમ જ્ઞાનહી દયા પીછાને, અજ્ઞાની સરસો નહીં જાને ॥ ઐસે કહે સિદ્ધાંતે વીર ॥ સ૦ ॥ ૨ ॥ શ્રદ્ધા સકલ ક્રિયાકા મૂલ, તિસકા મૂલહી જ્ઞાન અમૂલ ॥ સચ્ચા જ્ઞાન ધરો મન ધીર ॥ સ૦ ॥ ૩ ॥ પંચ જ્ઞાનમેં શ્રુત પ્રધાન, સ્વપર પ્રકાશે તિમિર મિટાન ॥ જગમે અતિ ઉપગારી હીર ॥ સ૦ ॥ ૪ ॥ લોકાલોક પ્રકાશન હારા, ત્રિભુવન સિદ્ધરાજ સુખ ભારા ॥ સત્ચિદ્ આત્મારામ ગંભીર ॥ સબમેં૦ ॥ ૫ ॥

॥ કાવ્યમ્ ॥ અખિલવસ્તુવિકાશનભાસ્કરં મદનમોહતમસ્સુવિનાશકમ્ ॥ નવપદાવલિનામસુભક્તિતઃ, શુચિમનાઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥ ૨ ॥

॥ મંત્રમ્ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે સમ્યગ્ જ્ઞાનાય જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ સપ્તમ શ્રી સમ્યગ્ જ્ઞાનપદપૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम श्री सम्यक् चारित्रपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સકલ જન્મ પૂરણ કરે, નહીં વિરાધે લેશ ॥
આરાધિક ચારિત્રકો, એ જિનવર ઉપદેશ ॥ ૧ ॥

(રાગ વસંત.—હોલીકી ચાલ.)

બંદે કછુ કરલે કમાઈ રે, જાને નરભવ સફળ કરાઈ॥ બંદે કછુ કરલે કમાઈ રે.॥ અંચલી ॥ જ્ઞાનતણા ફલ ચરણ સુરંગા, નિરાશંસતા થાઈ ॥ આશ્રવરોધ ભવાંબુધિ તરીએ, યાનપાત્ર સુખદાઈ ॥ બંદે૦ ॥ ૧ ॥ થારો ચરણ નહીં મિલે મોલે, રંક રાજ્યપદ દાઈ ॥ બારહ અંગ પઢે જસ મહિમા, ક્યોંકર વરની જાઈ ॥ બંદે૦ ॥ ૨ ॥ તત્ત્વ રમણ જસ મૂલ સુહંકર, પરરમણા મિટજાઈ ॥ સકલ સિદ્ધિ અનુકૂળ હૂએ જબ, સમદમ સંયમ પાઈ ॥ બદે૦ ॥ ૩॥ સામાયિક આદિ પંચ ભેદ હૈ, દશવિધ ધર્મ સુહાઈ ॥ સંવર સમિતિ ગુપ્તિ આદિ લે, એ જસ નામપર જાઈ ॥ બંદે૦ ॥ ૪ ॥ અકષાય અતિ ઉજ્વલ નિર્મલ, મદન કદન ચિતલાઈ ॥ આત્મારામ આનંદકે દાતા, ચારિત્રપદ મન ભાઈ ॥ બંદે૦ ॥ ૫ ॥

॥ દોહા ॥

દેશ સર્વ વિરતી ભલી, ગૃહયતી અભિરામ ॥
તે ચારિત્ર સદા જયો, કીજે તાસ પ્રણામ ॥ ૧ ॥

(રાગ ઠુમરી.—બ્રહ્મજ્ઞાન, નહીં જાના રે.—યહ ચાલ.)

ચારિત્ર મુજ મન માના રે ॥ ભવિકા ચા૦ ॥ અંચલી॥ તૃણપરે જે સબ સુખ છંડી, ષટ્ખંડ કેરા રાના રે ॥ ચક્રવર્ત્તિ સંયમસિરિ વરીયા, ચારિત્ર અખે સુખદાના રે ॥ચા૦॥ ॥ ૧ ॥ રંક હૂઆ ચારિત્ર આદરે, ઇંદિ નરિંદ પૂજાના રે ॥અસરણ સરણ ચારિત્રહી વંદુ, સત્ચિદ્ આનંદ ભરાના રે ॥ ચા૦ ॥ ૨ ॥ બારામાસ સંયમ પર્યાયે, અનુત્તર સુખહી ક્રમાના રે ॥ શુક્લશુક્લ અભિજાત્ય તે ઉપર, સો ચારિત્ર મહાના રે ॥ ચા૦ ॥ ૩ ॥ ચયને અષ્ટ કર્મકા સંચય, રિક્ત કરે સબ થાના રે ॥ ચારિત્રનામ નિરૂક્તિએ ભાખ્યો, તે વંદુ ગુણ ઠાના રે ॥ ચા૦ ॥ ૪ ॥ ચારિત્ર સોઇ આત્મા માનો, નિજ સ્વભાવ રમાના રે ॥ મોહવને નહીં ભ્રમણ કરતુહૈ, તબ તું આતમ રાના રે ॥ ચારિત્ર૦ ॥ ૫ ॥

॥ કાવ્યમ્ ॥ અખિલવસ્તુવિકાશનભાસ્કર, મદનમોહ તમસ્સુ વિનાશકમ્ ॥ નવપદાવલિનામસુભક્તિતઃ, શુચિમનાઃ પ્રયજામિ વિશુદ્ધયે ॥

॥ મંત્રમ્ ॥ ૐ હ્રીં શ્રીં પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે સમ્યક્ ચારિત્રાય જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ અષ્ટમ શ્રી સમ્યક્ ચારિત્રપદપૂજા સમાપ્ત ॥ ૮ ॥

॥ अथ नवम श्री सम्यक् तपपदपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

કર્મ દ્રુમ ઉન્મૂલને, વર કુંજર અતિ રંગ ॥
તપ સમૂહ જયવંતહી, નમો નમો મનચંગ ॥ ૧ ॥

(રાગ રામકલી.—તેરો દરસ ભલે પાયો.—યહ ચાલ.)

શ્રી તપ મુજ મન ભાયો, આનંદકર ॥ શ્રી૦ ॥ અંચલી ॥ ઇચ્છારહિત કષાય નિવારી, દુર્ધ્યાન સબહી મિટાયો ॥ બાહ્ય અભ્યંતર ભેદ સુહંકર, નિર્હેતુકચિત્ત ઠાયો ॥ આ૦ ॥ ॥ ૧ ॥ સર્વ કર્મકા મૂલ ઉખારી, શિવરમણી ચિત્ત લાયો ॥ અનાદિ સંતતી કર્મ ઉછેદી, મહાનંદપદ પાયો ॥ આ૦ ॥૨॥ યોગ સંયોગ આહાર નિવારી, અક્રિયતાપદ આયો ॥ અંતર મુહુરત સર્વ સંવરી, નિજ સત્તા પ્રગટાયો ॥ આ૦ ॥ ૩ ॥ કર્મ નિકાચિત છિનકમેં જારે, ક્ષમાસહિત સુખદાયો ॥ તિસ ભવ મુક્તિજાને જિનંદજી, આદર્યો તપ નિરમાયો ॥ આ૦ ॥ ॥ ૪ ॥ આમોસહી આદિ સબ લબ્ધિ, હોવે જાસ પસાયો ॥ અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ પ્રગટે, સો તપ જિનમત ગાયો ॥ આ૦ ॥ ૫ ॥ શિવસુખ ફલ સુર તરવર સંપદ, પુષ્પસમાન સુભાયો ॥ સો તપ સુરતરૂ સમ નિત્ય વંદુ, મનવછિત ફળ દાયો ॥ આ૦ ॥ ૬ ॥ સર્વ મંગળમેં પહિલો મંગળ, જિનવર તંત્રસુ ગાયો ॥ સો તપપદ ત્રિહૂ કાલમેં નમીએ, આતમરામ સહાયો ॥ આ૦ ॥ ૭ ॥

॥ દોહા ॥

ઇચ્છારોધન સંવરી, પરણુતિ સમતા જોગ ॥
તપહૈ સોઇજ આતમા, વરતે નિજગુણ ભોગ ॥ ૧ ॥

॥ રાગ સોરઠ ॥

જિનજીને દીની માને એક જરી, એક ભુજંગ પંચવિષ નાગન, સૂંઘત તુરત મરી ॥ જિ૦ ॥ અંચલી ॥ સમતા સંવર પરગુણ છારી, સમરસ રંગ ભરી ॥ અચલ સમાધિ તપપદ રમતાં, મમતા મૂરજરી ॥ જિ૦ ॥ ૧ ॥ યોગ અસંખહી જિનવર ભાષિત, નવપદ મૂખ્ય કરી ॥ કર અવલંબન ભવિ મન શુદ્ધે, કર્મ જંજીર જરી ॥ જિ૦ ॥ ૨ ॥ આગમ નોઆગમ કરી ભેદે, આતમ રમણ કરી ॥ સપ્તનય સતભંગી અનઘવર, ઘટમેંહી રિદ્ધિ ધરી ॥ જિન૦ ॥ ૩ ॥ એ નવપદ શુદ્ધ અર્ચન કરકે, નિજ ઘટમાંહે ધરી ॥ ચિદાનંદઘન સહજવિલાશી, ભવવન દાહ કરી ॥ જિ૦ ॥ ૪ ॥ સિરીપાલ સિદ્ધચક્ર આરાધી, મન તન રાગ હરી ॥ નવ ભવાંતર શિવ કમલા લે, આતમાનંદ ભરી ॥ જિન૦ ॥ ૫ ॥

॥ કળશ ॥

(ભવિ નંદો જિનંદ જસ વરણીને.—યહ ચાલ.)

ભવિ વંદો જિનંદમત કરણીને ॥ ભ૦ ॥ અંચલી૦ ॥ ઇમ નવપદ મંડલ ગુણ વરણી, ચ્યાર ન્યાસ દુઃખ હરણીને ॥ ભ૦ ॥ ૧ ॥ સમ્યક્ સાત નયેં સબ જાણી, આદરી કુ-

મતિ વિહરણીને ॥ ભ૦ ॥ ૨ ॥ શ્રી તપગચ્છ નભોમણિ વર મુનિપતિ, વિજયસિંહસૂરિ ચરણીને ॥ ભ૦ ॥ ૩ ॥ સત્ય કપૂર ક્ષમા જિન ઉત્તમ, પદ્મરૂપ અઘ ટરણિને ॥ ભ૦ ॥ ૪ ॥ કીર્ત્તિવિજય કસ્તુર સુગંધી, મણિ તિમિર જગ હરણીને ॥ભ૦॥૫॥ શ્રીગુરૂ બુદ્ધિવિજય મહારાજા, વિજયાનંદ જિન સરણીને ॥ ભ૦ ॥ ૬ ॥ જીરાગામ તિહાં સંઘ જયંકર, સુખ સંપત ઉદય કરણીને ॥ ભ૦ ॥ ૭ ॥ તિનકે કથનસેં રચના કીની, સુગમ રીત અઘ હરણીને ॥ ભ૦ ॥ ૮ ॥ વસુયુગ અંક ઇંદુ શુભ વર્ષે, પટ્ટીનગર સુખ ધરણીને ॥ ભ૦ ॥ ૯ ॥ રહી ચૌમાસા યેહ ગુણ ગાયા, આતમ શિવવધૂ પરણીને॥ભ૦॥૧૦॥

॥ કાવ્યમ્ ॥ અખિલવસ્તુવિકાશન ભાસ્કરં, મદનમોહતમસ્સુવિનાશકમ્ ॥ નવપદાવલિનામસુભક્તિતઃ શુચિમના પ્રયજામિ વિશુદ્ધયે ॥

॥ મંત્રમ્ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે સમ્યક્ તપસે જલાદિકં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ નવમી શ્રી સમ્યક્ તપપદ પૂજા સમાપ્ત ॥ ૯ ॥

ઇતિ શ્રીમદ્ આત્મારામજી કૃત
નવપદ પૂજા સમાપ્ત.

શ્રી સત્તરભેદીપૂજા પ્રારંભ.

॥ દોહા ॥

સકલ જિણંદ મુણીંદની, પૂજા સત્તર પ્રકાર ॥ શ્રાવક શુદ્ધ ભાવે કરે, પામે ભવનો પાર ॥ ૧ ॥ જ્ઞાતા અંગે દ્રૌપદી, પૂજે શ્રી જિનરાજ ॥ રાયપસેણિ ઉપાંગમેં, હિત સુખ શિવફલ તાજ ॥ ૨ ॥ ન્હવણ વિલેપન વસ્ત્રયુગ્મ, વાસ ફુલ વરમાલ ॥ વરણ ચુન્ન ધ્વજ શોભતી, રત્નાભરણ રસાલ ॥૩॥ સુમનસગૃહ અતિ શોભતું, પુષ્પવરા મંગલીક ॥ ધૂપ ગીત નૃત્ય નાદશું, કરત મિટે સબ ભીક ॥ ૪ ॥

॥ अथ प्रथम न्हवणपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શુચિતનુ વદન વસન ધરી, ભરે સુગંધ વિશાલ ॥
કનક કલશ ગંધોદકે, આણિ ભાવ વિશાલ ॥ ૧ ॥
નમત પ્રથમ જિનરાજકું, મુખ બાંધી મુખકોશ ॥
ભક્તિ યુક્તિસેં પૂજતાં, રહે ન રંચક દોષ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(રાગ ખમાચ.—તાલ પંજાબી ઠેકો.)
(માન તું કાહે પેં કરતા.—એ દેશી.)

માન મદ મનસેં પરહરતા, કરી ન્હવણ જગદીશ ॥ ॥મા૦॥ એ આંકણી॥ સમકિતની કરની દુઃખ હરની, જિન

પખાલ મનમેં ધરતા ॥ અંગ ઉપાંગ જિનેશ્વર ભાખી, પાપ પડલ જરતા ॥ ક૦ ॥ ૧ ॥ કંચન કળશ ભરી અતિ સુંદર, પ્રભુ સ્નાન ભવિજન કરતા ॥ નરક વૈતરણી કુમતિ નાસે, મહાનંદપદ વરતા ॥ ક૦ ॥ ૨ ॥ કામ ક્રોધકી તપત મિટાવે, મુક્તિપંથ સુખ પગ ધરતા ॥ ધર્મ કલ્પતરૂ કંદ સીંચતા, અમૃતઘન ઝરતા ॥ ક૦ ॥ ૩ ॥ જન્મ મરણકા પંક પખારી, પુણ્યદશા ઉદય કરતા ॥ મંજરી સંપદ્ તરૂ વર્દ્ધનકી, અક્ષય નિધિ ભરતા ॥ ક૦ ॥ ૪ ॥ મનકી તપ્ત મિટી સબ મેરી, પદકજ ધ્યાન હૃદે ધરતા ॥ આતમ અનુભવ રસમેં ભીનો, ભવસમુદ્ર તરતા ॥ કરી૦ ॥ ૫ ॥

(યહ પૂજા પઢકે પંચામૃત તથા તીર્થજલસેં ભગવાનકું સ્નાન કરાવે.)

॥ अथ द्वितीय विलेपनपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

ગાત્ર લુહી મન રંગશું, મહકે અતિહી સુવાસ ॥
ગંધકષાયી વસનશું, સકલ ફલે મન આશ ॥ ૧ ॥
ચંદન મૃગમદ કુંકુમેં, ભેળી માંહે બરાસ ॥
રતનજડિત કચોલીયેં, કરી કુમતિનો નાશ ॥ ૨ ॥
પગ જાનુ કર ખંધમેં, મસ્તક જિનવર અંગ ॥
ભાલ કંઠ ઉર ઉદરમેં, કરે તિલક અતિ ચંગ ॥ ૩ ॥
પૂજક જન નિજ અંગમેં, રચે તિલક શુભ ચાર ॥
ભાલ કંઠ ઉર ઉદરમેં, તપ્ત મિટાવનહાર ॥ ૪ ॥

॥ ઢાળ ॥

(ઠુમરી.—તાલ—પંજાબી ઠેકા.)

(મધુવનમેં મેરે સાંવરીયા.—એ દેશી.)

કરી વિલેપન જિનવર અંગેં, જન્મ સફળ ભવિજન માને ॥ કરી૦ ॥૧॥ મૃગમદ ચંદન કુંકુમ ઘોલી, નવ અંગ તિલક કરી થાને ॥ કરી૦ ॥ ૨ ॥ ચક્રી નવનિધિ સંપદ્ પ્રગટે, કરમ ભરમ સબ ક્ષય જાને ॥ કરી૦ ॥ ૩ ॥ મન તનુ શીતળ સબ અઘ ટારી, જિનભક્તિ મન તનુ ઠાને ॥કરી૦ ॥ ॥ ૪ ॥ ચૌસઠ સુરપતિ સુરગિરિ રંગે, કરી વિલેપન ધન માને ॥ કરી૦ ॥ ૫ ॥ જાગી ભાગ્યદશા અબ મેરી, જિનવર અચન હૃદે ઠાને ॥ કરી૦ ॥ ૬ ॥ પરમ શિશિરતા પ્રભુ તન કરતાં, ચિત્સુખ અધિકે પ્રગટાને ॥ કરી૦ ॥૭॥ આત્માનંદી જિનવર પૂજી, શુદ્ધ સ્વરૂપ નિજ ઘટ આને ॥ કરી૦ ॥ ૮ ॥

(યહ પઢકેં વિલેપન કીજેં, પ્રભુકું નવ અંગે ટીકી દીજેં.)

॥ अथ तृतीय वस्त्रयुगलपूजा प्रारंभ ॥

(અત્યંત કોમળ ચંદન ચર્ચિત ઉજ્જવલ વસ્ત્રયુગલ, રકેબીમેં લેકર, એક શ્રાવક ખડા રહે, ઔર મુખસેં ઇસ મુજબ પઢે, સો લિખતે હૈ.)

॥ દોહા ॥

વસન યુગલ રિતિ ઉજ્જવલેં, નિર્મલ અતિહી અભંગ॥
નેત્રયુગલ સૂરિ કહે, યેહી મતાંતર સંગ ॥ ૧ ॥

કોમળ ચંદન ચરચિયેં, કનક અચિત વરચંગ ॥
હય પલ્લવ શુચિ પ્રભુ શિરેં, પહેરાવે મનરંગ ॥ ૨ ॥
દ્રૌપદી શક્ર સુરિયાભ તે, પૂજે જિમ જિનચંદ ॥
શ્રાવક તિમ પૂજન કરે, પ્રગટે પરમાનંદ ॥ ૩ ॥
પાય લુહણ અંગલૂહણાં, દીજેં પૂજન કાજ ॥
સકલ કરમમલ ક્ષય કરી, પામે અવિચળ રાજ ॥ ૩ ॥

॥ ઢાળ ॥

(રાગ દેશ સોરઠ.—પંજાબી ઠેકો.)
(કુબજાને જાદુ ડારા.—એ દેશી.)

જિનદર્શન મોહનગારા, જિને પાપ કલંક પખારા ॥ જિન૦ ॥ એ આંકણી ॥ પૂજા વસ્ત્રયુગલ શુચિ સંગેં, ભાવના મનમેં વિચારા ॥ નિશ્ચય વ્યવહારી તુમ ધર્મે,વરનું આનંદકારા ॥ જિ૦ ॥ ૧ ॥ જ્ઞાન ક્રિયા શુદ્ધ અનુભવ રંગે, કરૂં વિવેચન સારા ॥ સ્વપર સત્તા ધરૂં હરૂં સબ, કર્મ કલંક પહારા ॥ જિ૦ ॥ ૨ ॥ કેવળ યુગલ વસન અર્ચિતસેં, માંગત હું નિરધારા ॥ કલ્પતરૂ તું વંછિત પૂરે; ચૂરે કરમ કઠારા ॥ જિ૦ ॥૩॥ ભવોદધિ તારણ પોત મિલ્યો તું, ચિદ્ઘન મંગલકારા ॥ શ્રી જિનચંદ જિનેશ્વર મેરે, ચરણ સરણ તુમ ધારા ॥ જિ૦ ॥ ૪ ॥ અજર અમર કર અલખ નિરંજન, ભંજન કરમ પહારા ॥ આત્માનંદી પાપનિકંદી, જીવન પ્રાણ આધાર ॥ જિન૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ अथ चतुर्थ गंधपूजा प्रारंभः ॥

(અગર, ચંદન, કપૂર, કુમકુમ, કુસુમ, કસ્તૂરીકા, ચુર્ણ કર કે કચોળી ભરકે ખડા રહે, ઔર મુખસે ઇસ મુજબ પદ ર લિખતે હૈ.)

॥ દોહા ॥

ચોથી પૂજા વાસકી, વાસિત ચેતન રૂપ ॥
કુમતિ કુગંધ મિટી ગઈ, પ્રગટે આતમરૂપ ॥ ૧ ॥
સુમતિ અતિ હર્ષિત ભઈ, લાગી અનુભવ વાસ ॥
વાસ સુગંધ પૂજતાં. મોહ સુભટકો નાશ ॥ ૨ ॥
કુંકુમ ચંદન મૃગમદા, કુસુમ ચૂર્ણ ઘનસાર ॥
જિનવર અંગે પૂજતાં, લહિયે લાભ અપાર ॥ ૩ ॥

॥ ઢાળ ॥

(રાગ જંગલો.—તાલ પંજાબી ઠેકો.)
(અબ મોહે ડાંગરીયાં.—એ દેશી.)

ચિદાનંદ ઘન અંતરજામી, અબ મોહે પાર ઉત ॥ જિનંદજી ॥ અબ૦ ॥ એ આંકણી ॥ વાસખેપસેં પૂજ કરતાં, જનમ મરણ દુઃખ ટાર ॥ જિ૦ ॥ નિજગુન ગંધ ગંધી મહકે, દહે કુમતિ મદ માર ॥ જિ૦ ॥ ૧ ॥ જિન પૂ તહી અતિ મન રંગે, ભંગે ભરમ અપાર ॥ જિ૦ ॥ પુદ્ સંગી દુર્ગંધ નાઠો, વરતે જયજયકાર ॥ જિ૦ ॥ ૨ ॥ કું ચંદન મૃગમદ મેલી, કુસુમ ગંધ ઘનસાર ॥ જિ૦ ॥ જિ વર પૂજન રંગેં રાચે, કુમતિ સંગ સબ છાર ॥ જિ૦ ॥

વિજય દેવતા જિનવર પૂજે, જીવાભિગમ મઝાર ॥ જિ૦ ॥ શ્રાવક તિમ જિનવાસેં પૂજે, ગૃહ સ્વધર્મનો સાર ॥ જિ૦ ॥ ॥ ૪ ॥ સમકિતની કરણી શુભ વરણી, જિન ગણધર હિત-કાર ॥ જિ૦ ॥ આતમ અનુભવ રંગરંગીલા, વાસ યજનકા સાર ॥ જિ૦ ॥ ૫ ॥

(યહ પઢકેં પ્રભુ આગેં વાસક્ષેપ ઉછાળે.)

॥ ઇતિ ચતુર્થ વાસક્ષેપપૂજા સમાપ્ત ॥

॥ अथ पंचम पुष्पारोहणपूजा प्रारंभः ॥

(ચંદ, મચકુંદ, દમનક, મરૂવા, કુંદ, સોવન, જાઈ, જુઈ. ચંબેલી, ગુલાબ, બોલસિરી, ઇત્યાદિ સુગંધી ફુલ પંચવર્ણ કે રકેબીમેં રખકેં, ઇસ મુજબ પઢે.)

॥ દોહા ॥

મન વિકસે જિન દેખતાં, બિકસિત ફુલ અપાર ॥
જિનપૂજા એ પંચમી, પંચમી ગતિ દાતાર ॥ ૧ ॥
પંચવરણકે ફુલસેં, પૂજે ત્રિભુવન નાથ ॥
પંચ વિઘન ભવિ ક્ષય કરી, સાધે શિવપુર સાથ ॥૨॥

॥ ઢાળ ॥

(રાગ કહેરબા.—તાલ ઠુમરી.)

(પાસ જિનંદા પ્રભુ, મેરે મન વસીયા.—એ દેશી.)

અર્હન જિનંદા પ્રભુ, મેરે મન વસીયા ॥ એ આંકણી ॥ સોગર લાલ ગુલાબ માલતી, ચંપક કેતકી નિરખ હરસીયા ॥ અ૦ ॥ ૧ ॥ કુંદ પ્રિયંગુ વેલિ મચકુંદા, બોલસિરી જાઈ

અધિક હરસીયા ॥ અ૦ ॥ ૨ ॥ જલ થલ કુસુમ સુગંધી મહકે, જિનવર પૂજન જિમ હરિ રસીયા ॥ અ૦ ॥ ૩ ॥ પંચ બાણ પીડે નહિ મુઝકોં, જબ પ્રભુ ચરણેં ફુલ ફરસીયા ॥ અ૦ ॥ ૪ ॥ જડતા દૂર ગઈ સબ મેરી, પાંચ આવરણ ઉખાર ધરસીયા ॥ અ૦ ॥ ૫ ॥ અવર દેવકું આક ધતૂરા, તુમેરે પંચ રંગ ફુલ વરસીયા ॥ અ૦ ॥૬॥ જિન ચરણે સહુ તપત મિટતુ હે, આતમ અનુભવ મેઘ વરસીયા ॥અ૦॥૭॥

(યહ પઢકેં પંચવરણકે ફુલ ચઢાવે.)

॥ ઇતિ પંચમ પુષ્પારોહણપૂજા સમાપ્ત ॥

॥ अथ षष्ठ पुष्पमालापूजा प्रारंभ ॥

(નાગ, પુન્નાગ, મરૂઆ, દમણા, ગુલાબ, પાડલ, મોઘરા, સેવંત્રી, મોતિયા, કેતકી, ચંપા, ચંબેલી, માલતી, કેવડા, જાઇ, જુઇ પ્રમુખ ફુલોંકી પંચવરણી સુગંધવાળી માળા ગુંથી હાથમેં લેકે ખડા રહે, ઔર મુખસેં દસ મુજબ પડે.)

॥ દોહા ॥

છઠ્ઠી પૂજા જિન તણી, ગુંથી કુસુમની માલ ॥
જિન કંઠે થાપી કરી, ટાળીયે દુઃખ જંજાલ ॥ ૧ ॥
પંચવરણ કુસુમેં કરી, ગુંથી જિન ગુણ માલ ॥
વરમાલા એ મુક્તિકી, વરે ભક્ત સુવિશાલ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(રાગ જંગલો—તાલ દીપચંદી.)

(પાર્શ્વનાથ જપત હૈ, જો જન કરમ ન આવે તાકેને રે.—એ દેશી.)

કુસુમ માલસેં જો જિન પૂજે, કર્મકલંક નાસે ભવિ

તેરે ॥ કુ૦ ॥ એ આંકણી ॥ નાગ પુન્નાગ પ્રિયંગુ કેતકી, ચંપક દમનક કુસુમ ઘને રે ॥ મલ્લિકા નવમલ્લિકા શુદ્ધ જાતિ, તિલક વસંતિક સબ્વ રંગહે રે ॥ કુ૦ ॥ ૧ ॥ કલ્પ અશોક બકુલ મગદંતી, પાડલ મરૂક માલતી લે રે ॥ ગુંથી પંચ વરણકી માલા, પાપ પંક સબ દૂર કરે રે ॥ કુ૦ ॥ ૨ ॥ ભાવ વિચારી નિજગુણ માલા, પ્રભુસે આગે અરજ કરે રે॥ સર્વ મંગલકી માલા રોપે, બિઘન સકલ સબ સાથ જલે રે ॥ કુ૦ ॥ ૩ ॥ આતમાનંદી જગગુરૂ પૂજી, કુમતિ ફંદ સબ દૂર ભગે રે ॥ પૂરણ પુન્યે જિનવર પૂજે, આનંદરૂપ અનૂપ જગે રે ॥ કુસુમ૦ ॥ ૪ ॥

(યહ પઢી પ્રભુ કંઠે ફુલ માળા ચઢાવે)

॥ ઇતિ ષષ્ઠ પુષ્પમાલપૂજા સમાપ્ત ॥

॥ अथ सप्तम अंगीरचनापूजा प्रारंभ ॥

(પાંચ વરણકે ફુલોંકી કેસરકે સાથ અંગી રચે. સો હાથમેં લેકે ખડા રહે. પછી મુખસેં ઇસ મુજબ પઢે.)

॥ દોહા ॥

વરણકે ફુલકી, પૂજા સાતમી માન ॥
ોં અગી રચી, લહિયે કેવલજ્ઞાન ॥ ૧ ॥
ૂકી પત્રિકા, વરણી શ્રી જિનદેવ ॥
ુ તત્ત્વ સમજે સહી, મૂઢ ન જાણે ભેવ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(તુમ દીનકે નાથ દયાલ લાલ.—એ દેશી.)

તુમ ચિદ્દ્ઘન આનંદ લાલ, તોરે દર્શનકી બલિહારી

॥ તુમ૦ ॥ ૧ ॥ પંચવરણ ફુલોસેં અંગીયાં, વિકસે જ્યું કેસર ક્યારી ॥ તુમ૦ ॥૨॥ કુંદ ગુલાબ મરૂક અરવિંદા, ચંપકજાતિ મંદારી ॥ તુમ૦ ॥ ૩ ॥ સોવન જાતી દમનક સોહે, મનતનુ તજિત વિકારી ॥ તુમ૦ ॥૪॥ અલખનિરંજન જ્યોતિ પ્રકાશે, પુદ્ગલ સંગ નિવારી ॥ તુમ૦ ॥૫॥ સમ્યગ્ દર્શન જ્ઞાન સ્વરૂપી, પૂર્ણાનંદ વિહારી ॥ તુમ૦ ॥૬ ॥ આતમ સત્તા જબહીં પ્રગટે, તબહીં લહે ભવપારી ॥ તુમ૦ ॥ ૭ ॥

(યહ પઢકેં સુગંધ પુષ્પે કરી ભગવાનકે શરીરે અંગી રચે.)

॥ ઇતિ સપ્તમ પુષ્પપૂજા સમાપ્ત ॥

॥ अथ अष्टम चूर्णपूजा प्रारंभ ॥

(ઘનસાર, અગર, સેલારસ, મૃગમદ, સુગંધવટી કરી હાથમેં લેકેં જિનેશ્વરકે આગે ખડા રહે, ઔર મુખસેં ઇસ મુજબ પઢે. સો લિખતે હૈ.)

॥ દોહા ॥

જિનપતિ પૂજા આઠમી, અગર ભલા ઘનસાર ॥
સેલારસ મૃગમદ કરી, ચૂરણ કરી અપાર ॥ ૧ ॥
ચુન્નારોહણ પૂજના, સુમતિ મન આનંદ ॥
કુમતિ જન ખીજે અતિ, ભાગ્યહીન મતિમંદ

॥ ઢાળ ॥

(રાગ જોગીયો.)

(નાથ મેનું છડકે ગઢ ગિરનાર તું ગયા રી.—એ દેશી.)

કરમ કલંક દહો રી, નાથ જિનજ જકે ॥ એ આંકણી ॥ અગર સેલારસ મૃગમદ ચૂરી, અતિ ઘનસાર મહોરી

॥ નાથ૦ ॥ ૧ ॥ તીર્થંકરપદ શાંતિ જિનેશ્વર, જિન પૂજીને ગ્રહ્યો રી ॥ નાથ૦ ॥૨॥ અષ્ટકરમ દલ ઉદ્‌ભટ ચૂરી, તત્ત્વ-રમણકું લહ્યો રી ॥ નાથ૦ ॥ ૩ ॥ આઠોહીં પ્રવચન પાલન શૂરા, દૃષ્ટિ આઠ રહ્યો રી ॥ નાથ૦ ॥ ૪ ॥ શ્રદ્ધાભાસન રમ-ણતા પ્રગટે, શ્રી જિનરાજ કહ્યો રી ॥ નાથ૦ ॥૫॥ આતમ સહજાનંદ હમારા, આઠમી પૂજા ચહ્યો રી ॥ નાથ૦ ॥ ૬ ॥

(યહ પાઠ પઢકેં પ્રભુજીકો ચૂરણ ચઢાવે.)

॥ ઇતિ અષ્ટમ ચૂર્ણ પૂજા સમાપ્ત ॥

॥ अथ नवम ध्वजपूजा प्रारंभ ॥

(પંચવર્ણી ધ્વજા, ઘૂઘરીયો સહિત હેમમય દંડે કરી સંયુક્ત સધવા સ્ત્રી મસ્તકે લેઇ થાલેમેં ધરી તીન પ્રદક્ષિણા દેઈ વાસક્ષેપ કરી ધ્વજા લેઇ ખડી રહે.)

॥ દોહા ॥

પંચવરણ ધ્વજ શોભતી, ઘૂઘરીનો ઘમકાર ॥
હેમ દંડ મન મોહની, લઘૂ પતાકા સાર ॥ ૧ ॥
રણઝણ કરતી નાચતી, શોભિત જિનહર શ્રૃંગ ॥
લહકે પવન ઝકોરસેં, બાજત નાદ અભંગ ॥ ૨ ॥
ઇંદ્રાણી મસ્તક લઈ, કરે પ્રદક્ષિણા સાર ॥
સધવા તિમ વિધિ સાચવે, પાપ નિવારણહાર ॥ ૩ ॥

॥ ઢાળ ॥

(ઠુમરી ઝીંઝોટીની—તાલ પંજાબી ઠેકા.)

(આઈ ઇંદ્રિનાર—એ દેશી)

આઈ સુંદર નાર, કર કર સિંગાર, ઠાઢી ચૈત્ય દ્વાર,

મન મોહધાર, પ્રભુ ગુણ વિથાર, અઘ સબ ક્ષય કીનો ॥ ॥ આઈ૦ ॥ ૧ ॥ જોજન ઉતંગ, અતિ સહસ ચંગ, ગઈ ગગન લંઘ, ભવિ હરખ સંઘ, સબ જગ ઉતંગ, પદક્ષિનકમેં લીનો ॥ આઈ૦ ॥૨॥ જિમ ધ્વજ ઉતંગ, તિમ પદ અભંગ, જિનભક્તિ રંગ, ભવિ મુક્તિ મંગ, ચિદ્‌ઘન આનંદ, સમતારસ ભીનો ॥ આઈ૦ ॥ ૩ ॥ અબ તાર નાથ, મુઝ કર સનાથ, તજ્યો કુગુરૂ સાથ, મુઝ પકડ હાથ, દીનાકે નાથ, જિનવચનરસ પીનો ॥ આઈ૦ ॥ ૪ ॥ આતમ આનંદ, તુમ ચરણ વંદ, સબ કટત ફંદ, ભયો શિશિર ચંદ, જિન પંડિત છંદ, ધ્વજપૂજન કીનો ॥ આઈ૦ ॥ ૫ ॥

(એ પદકે ધ્વજ ચડાવે.)

॥ ઇતિ નવમ ધ્વજપૂજા સમાપ્ત ॥ ૯ ॥

॥ अथ दशमी आभरणपूजा प्रारंभ ॥

(પીરોજા, નીલમ, લસણીયા, હીરા, માણેક, પન્ના પ્રમુખસેં જડે રત્નાભરણ લેઈ મુખસેં ઇસ મુજબ પઢે.)

॥ દોહા ॥

શોભિત જિનવર મસ્તકેં, રયણ મુકુટ ઝલકંત ॥
ભાલ તિલક અંગદ ભુજા, કુંડલ અતિ ચમકંત ॥૧॥
સુરપતિ જિન અંગેં રચે, રત્નાભરણ વિશાળ ॥
તિમ શ્રાવક પૂજા કરે, કટે કરમ જંજાળ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(રાગ જંગલો, તાલ દાદરો.—અંગ્રેજી બાજેકી ચાલ.)

આનંદ કંદ પૂજતાં, જિનંદ ચંદ હું ॥ એ આંકણી ॥ મોતિ જ્યોતિ લાલ હીર, હંસ અંક જ્યું ॥ કુંડલ સુધારકરણ, મુકુટ ધાર તું ॥ આ૦ ॥૧॥ સૂર ચંદ કુંડલેં, શોભિત કાન દુ ॥ અંગદ કંઠ કંદલો, મુણિંદ તાર તું ॥ આ૦ ॥૨॥ ભાલ તિલક ચંગ રંગ, ખંગ ચંગ જ્યું ॥ ચમક દમક નંદની, કંદર્પ જીત તું ॥ આ૦ ॥૩॥ વ્યવહાર ભાષ્ય ભાખીયો, જિનંદ બિંબ યું ॥ કરે સિંગાર ફાર કર્મ, જાર જાર તું ॥ આ૦ ॥ ૪ ॥ વૃદ્ધિ ભાવ આતમા, ઉમંગ કાર તું ॥ નિમિત્ત શુદ્ધ ભાવકા, પિયાર કાર તું ॥ આનંદ૦ ॥ ૫ ॥

(એ પૂજા પઢકેં ભૂષણ ચઢાવે.)

॥ ઇતિ દશમ આભરણ પૂજા સમાપ્ત ॥ ૧૦ ॥

॥ अथ एकादश पुष्पगृहपूजा प्रारंभ ॥

(સુગંધિ ફુલોંકા ઘર બનાકે હાથમેં લેકે મુખસેં ઇસ મુજબ પઢે. સો લિખતે હૈ.)

॥ દોહા ॥

પુષ્પવરો મન રંજનો, ફુલે અદ્‌ભૂત ફુલ ॥
મહકે પરિમલ વાસના, રહકે મંગળમૂલ ॥ ૧ ॥
શોભિત જિનવર બીચમેં, જિમ તારામેં ચંદ ॥
ભવિ ચકોર મન મોહસેં, નિરખી લહે આનંદ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(રાગ ખમાચ.—તાલ પંજાબી ઠેકો.)

(શાંતિ વદન કજ દેખ નયન.—એ દેશી.)

ચંદબદન જિન દેખ નયન મન, અમીરસ ભીનો રે ॥ એ આંકણી ॥ રાય બેલ નવ માલિકા કુંદ, મોઘર તિલકા જાતિ મચકુંદ ॥ કેતકી દમણકે સરસ રંગ, ચંપક રસ ભીનો રે ॥ ચં૦ ॥ ૧ ॥ ઇત્યાદિક શુભ ફુલ રસાળ, ઘર વિરચે મન રંજન લાલ ॥ જાલી ઝરોખા ચિતરી શાલ, સુર મંડપ કીનો રે ॥ ચં૦ ॥ ૨ ॥ ગુચ્છ ઝુમખાં લંબાં સાર, ચંદ્રુઆ તોરણ મનોહાર ॥ ઇંદ્રિભુવનકો રંગધાર, ભવ પાતક છીનો રે ॥ ચં૦ ॥ ૩ ॥ કુસુમાયુધકે મારન કાજ, ફુલઘરે થાપે જિનરાજ ॥ જિમ લહિયેં શિવપુરકો રાજ, સબ પાતક ખીનો રે ॥ ચં૦ ॥૪॥ આતમ અનુભવ રસમેં રંગ, કારણ કારજ સમઝ તું ચંગ ॥ દૂર કરો તુમ કુગુરૂ સંગ, નરભવ ફળ લીનો રે ॥ ચંદબદન૦ ॥ ૫ ॥

(એ પૂજા પઢકે પ્રભુકું ફુલઘર ચઢાવે.)

॥ ઇતિ એકાદશ પુષ્પગૃહપૂજા સમાપ્ત ॥ ૧૧ ॥

॥ अथ द्वादश पुष्पवर्षणपूजा प्रारंभः ॥

(પાંચ વરણકા સુગંધ ફુલ, હાથમેં લેકે ઇસ મુજબ પઢે.)

॥ દોહા ॥

બાદલ કરી વરષા કરે, પંચવરણ સુર ફુલ ॥
હરે તાપ સબ જગતકો, જાનૂદઘન અમૂલ ॥ ૧ ॥

॥ ઢાળ ॥ અડિલ છંદ ॥

ફુલપગર અતિ ચંગ રંગ બાદર કરી, પરિમલ અતિ મહકંત મિલે નર મધુકરી ॥ જાનુદઘન અતિ સરસ વિકચ અધો બીટ હે, વરસે બાધારહિત રચે જેમ છીટ હે ॥

(રાગ કાફી.—તાલ દીપચંદી.)

(સાચા સાહેબ મેરા ચિંતામણિ સ્વામિ.—એ દેશી.)

મંગળ જિન નામે, આનંદ ભવિકું ઘનેરા ॥ એ આંકણી ॥ ફુલ પગર બદરી ઝરો રે, હેઠ બીટ જિનકેરા ॥ મં૦ ॥ ॥ ૧ ॥ પીડા રહિત ઢીગ .મધુકર ગુંજે, ગાવત જિનગુણ તેરા ॥ મં૦ ॥ ૨ ॥ તાપ હરે તિહું લોકકા રે, જિન ચરણે જસ ડેરા ॥ મં૦ ॥ ૩ ॥ અશુભ કરમ દલ દૂર ગયે રે, શ્રી જિન નામ રટેરા ॥ મં૦ ॥ ૪ ॥ આતમ નિર્મલ ભાવ કરીને, પૂજે મિટત અંધેરા ॥ મંગળ૦ ॥ ૫ ॥

(એ પઢકે ફુલ ઉછાળે.)

॥ ઇતિ દ્વાદશ પુષ્પવર્ષણ પૂજા સમાપ્ત ॥ ૧૨ ॥

॥ अथ त्रयोदश अष्टमंगलपूजा प्रारंभः ॥

(અષ્ટ મંગલિક થાલમેં લેકર કસ મુજબ પઢે.)

॥ દોહા ॥

સ્વસ્તિક દર્પણ કુંભ હૈ, ભદ્રાસન વર્દ્ધમાન ॥
શ્રીવછ નંદાવર્ત્ત હે, મીનયુગલ સુવિધાન ॥ ૧ ॥
અતુલ વિમલ ખંડિત નહી, પંચવરણકે સાલ ॥
ચંદ્ર કિરણ સમ ઉજ્જવલેં, યુવતી રચે વિશાલ ॥૨॥

અતિ સલક્ષણ તંદુલે, લેખી મંગલ આઠ ॥
જિનવર અંગે પૂજતાં, આનંદ મંગલ ઠાઠ ॥ ૩ ॥

॥ ઢાળ ॥

(શ્રીરાગ.—જિન ગુણ ગાન શ્રુતિ અમૃતં.—એ દેશી.)

મંગલપૂજા સુરતરૂકંદ ॥ એ આંકણી ॥ સિદ્ધિ આઠ આનંદ પ્રપંચે, આઠ કરમકા કાટે કંદ ॥ મં૦ ॥ ૧ ॥ આઠોં મદ ભયે છિનકમેં દૂરેં, પૂરે અડગુણ ગયે સબ ધંદ ॥મં૦॥ ॥ ૨ ॥ જો જિન આઠ મંગલશું પૂજે, તસ ઘર કમલા કેલિ કરંદ ॥ મં૦ ॥ ૩ ॥ આઠ પ્રવચન સુધારસ પ્રગટે, સૂરિ સં-પદા અતિહી ઉત્તંગ ॥ મં૦ ॥૪॥ આતમ અડગુણ ચિદ્ઘન રાશિ, સહજ વિલાસી આતમ ચંદ ॥ મંગલપૂજા૦ ॥ ૫ ॥

(યહ પઢકેં પ્રભુ આગેં અષ્ટમંગલ ચઢાવે.)

॥ ઇતિ ત્રયોદશ અષ્ટમંગલ પૂજા સમાપ્ત ॥ ૧૩ ॥

॥ अथ चतुर्दश धूपपूजा प्रारंभ ॥

(ધૂપ રકેબીમેં લેકેં મુખસેં ઇસ મુજબ પઢે.)

॥ દોહા ॥

મૃગમદ અગર સેલારસ, ગંધવટી ઘનસાર ॥
કૃષ્ણાગર શુદ્ધ કુદરૂ, ચંદન અંબર ભાર ॥ ૧ ॥
સુરભિ દ્રવ્ય મિલાયકે, કરે દશાંગજ ધૂપ ॥
ધૂપધાણમેં લે કરી, પૂજે ત્રિભુવન ભૂપ ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(રાગ પીલુ.—તાલ દીપચંદી.)

મેરે જિનંદકી ધૂપસેં પૂજા, કુમતિ કુગંધી દૂર હરી રે ॥ મેરે૦ ॥ એ આંકણી ॥ રોગ હરે કરે નિજ ગુણ ગંધી, દહે જંજીર કુગુરૂકી બંધી ॥ નિર્મલ ભાવ ધરે જગ ધંદી, મુઝે ઉતારો પાર, મેરા કિરતાર, કે અઘ સબ દૂર કરી ॥ મેરે૦ ॥ ॥ ૧ ॥ ઉર્ધ્વગતિ સૂચક ભવિ કેરી, પરમબ્રહ્મ તુમ નામ જપેરી ॥ મિથ્યાવાસ દુઃખરાશી ઝરે રી, કરો નિરંજન નાથ, મુક્તિકા સાથ, કે મમતા મૂલ જરી ॥ મેરે૦ ॥ ૨ ॥ ધૂપસે પૂજા જિનવર કેરી, મુક્તિવધૂ ભઈ છિનકમેં ચેરી ॥ અબતો કયોં પ્રભુ કીની દેરી, તુમહી નિરંજન રૂપ, ત્રિલોકી ભૂપ, કે વિપદા દૂર કરી ॥ મેરે૦ ॥ ૩ ॥ આતમ મંગલ આનંદકારી, તુમરી ચરણ સરન અબ ધારી ॥ પૂજે જેમ હરી તેમ આગારી, મંગલ કમલા કંદ, શરદકા ચંદ, કે તામસ દૂર હરી ॥ મેરે જિનંદકી૦ ॥ ૪ ॥

(યહ પઢકેં પ્રભુકું ધૂપ ઉખેવે.)

॥ ઇતિ ચતુર્દશ ધૂપપૂજા સમાપ્ત ॥ ૧૪ ॥

॥ अथ पंचदश गीतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ગ્રામ ભલે આલાપીને, ગાવે જિનગુણ ગીત ॥
ભાવે શુદ્ધ ભાવના, જાગે પરમ પુનીત ॥ ૧ ॥

ફલ અનંત પંચાશકે, ભાખે શ્રી જગદીશ ॥
ગીત નૃત્ય શુધ નાદસેં, જો પૂજે જિન ઈશ ॥ ૨ ॥
તીન ગ્રામ સ્વર સાતસેં, મૂરછના એકવીશ ॥
જિન ગુણ ગાવે ભક્તિશું, તાર તીસ ઓગણીશ ॥૩॥

॥ ઢાળ ॥

(રાગ સોયણી.—ઠેકો પંજાબી.)

જિન ગુણ ગાવત સુરસુંદરી ॥ એ આંકણી ॥ ચંપકવરણી સુર મનહરણી, ચંદ્રમુખી શ્રૃંગાર ધરી ॥ જિન૦ ॥ ॥ ૧ ॥ તાલ મૃદંગ બંસરી મંડલ, બેરાડ ઉપાંગ ધુની મધુરી ॥ જિન૦ ॥ ૨ ॥ દેવ કુમાર કુમારી આલાપે, જિનગુણ ગાવે ભક્તિ ભરી ॥ જિન૦ ॥ ૩ ॥ નકુલ મુકુંદ વીણ અતિ ચંગી, તાલ છંદ અર્યતિ સમરી ॥ જિન૦ ॥ ૪ ॥ અલખ નિરંજન જ્યોતિ પ્રકાશી, ચિદાનંદ સત્ રૂપ ધરી ॥જિન૦॥ ॥ ૫ ॥ અજર અમર પ્રભુ ઈશ શિવંકર, સર્વ ભયંકર દૂર હરી ॥ જિન૦ ॥ ૬ ॥ આતમ રૂપ આનંદઘન સંગી, રંગી નિજ ગુણ ગીત કરી ॥ જિન૦ ॥ ૭ ॥

॥ ઇતિ પંચદશ ગીતપૂજા સમાપ્ત ॥ ૧૫ ॥

॥ अथ षोमश नाटकपूजा प्रारंज ॥

॥ દોહા ॥

નાટક પૂજા સોલમી, સજિ સોલે શણગાર ॥
નાચે પ્રભુની આગળેં, ભવનાટક સબ ટાર ॥ ૧ ॥

દેવ કુમર કુમરી મળી, નાચે એકશત આઠ ॥
રચે સંગીત સુહાવના, બત્તિસ વિધકા નાટ ॥ ૨ ॥
રાવણ ને મંદોદરી, પ્રભાવતી સુરિયાભ ॥
દ્રૌપદી જ્ઞાતા અંગમેં, લીયો જન્મકો લાભ ॥ ૩ ॥
ટાળો ભવ નાટક સવી, હે ! જિન ! દીનદયાળ ॥
મિલ કર સુર નાર કરે, સુધર બજાવે તાલ ॥ ૪ ॥

॥ ઢાળ ॥

(રાગ કલ્યાણ.—તાલ દાદરો.)

નાચત સુર વૃંદ છંદ, મંગલ ગુન ગારી ॥એ આંકણી॥ કુમર કુમરી કર સંકેત, આઠ શત મિલ ભ્રમરી દેત ॥ મંદ તાર રણ રણાટ, ઘુઘરૂં પગ ધારી ॥ ના૦ ॥ ૧ ॥ બાજત જિહાં મદંગ તાલ, ધપ મપ ધુધુ મકિટ ધમાલ ॥ રંગ ચંગ દ્રંગ દ્રંગ, ત્રૌં ત્રૌં ત્રિક તારી ॥ ના૦ ॥ ૨ ॥ તતા થેઈ થેઈ તાન લેત, મુરજ રાગ રંગ દેત ॥ તાન માન ગાન જાન, કિટ નટ ધુનિધારી ॥ ના૦ ॥ ૩ ॥ તું જિનંદ શિશિર ચંદ, મુનિજન સબ તાર વૃંદ ॥ મંગલ આનંદ કંદ, જય જય શિવ ચારી ॥ ના૦ ॥ ૪ ॥ રાવણ અષ્ટાપદ ગિરીંદ, નાચ્યો સબ સાજ સંગ ॥ બાંધ્યો જિનપદ ઉત્તંગ, આતમ હિતકારી ॥ નાચત૦ ॥ ૫ ॥

॥ ઇતિ ષોડશ નાટક પૂજા સમાપ્ત ॥ ૧૬ ॥

॥ अथ सप्तदश वाजित्रपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

તત વીતત ઘન જૂસરે, વાદ્ય ભેદ એ ચાર ॥
વિવિધ ધ્વનિ કર શોભતે, પૂજા સત્તરમી સાર ॥
સમવસરણમેં વાજિયા, નાદતણા ઝંકાર ॥
ઢોલ દદામા દુંદુભી, ભેરી પણવ ઉદાર ॥ ૨ ॥
વેણુ વીણા કિંકિણી, ષટ્ ભ્રામરી મરદંગ ॥
ઝલરી ભંભા નાદશું, શરણાઈ મુરજંગ ॥ ૩ ॥
પંચ શબ્દ વાજે કરી, પૂજે શ્રી અરિહંત ॥
મનવાંછિત ફળ પામીયેં, લહિયેં લાભ અનંત ॥ ૪ ॥

॥ ઢાળ ॥

(રાગ જંગલો.—તાલ ઠુમરીકી.)

(મન મોહ્યા જંગલકી હરણીને.—એ દેશી.)

ભવિ નંદો જિનંદ જસ વરણીને ॥ એ આંકણી ॥ વીણ કહે જગ તું ચિર નંદે, ધન ધન જગ તુમ કરણીને ॥ ભવિ૦ ॥૧॥ તું જગનંદી આનંદ કંદી, તપલી કહે ગુણ વરણીને ॥ ભવિ૦ ॥ ૨ ॥ નિર્મલ જ્ઞાન વચન મુખ સાચે, ભૂણ કહે દુઃખ હરણીને ॥ ભવિ૦ ॥૩॥ કુમતિ પંથ સબ છિનમેં નાસે, જિનશાસન ઉદ્ધરણીને ॥ ભવિ૦ ॥૪॥ મંગલ દીપક આરતિ કરતાં, આતમ ચિત્ત શુભ ભરણીને ॥ ભવિ૦ ॥૫॥

॥ ઇતિ સપ્તદશ વાજિત્રપૂજા સમાપ્ત ॥ ૧૭ ॥

॥ અથ કળશ ॥

॥ રેખતા ॥ જિનદ જસ આજ મેં ગાયો, ગયો અવ દૂર મો મનકો ॥ શત અઠ કાવ્ય હૂ કરકે, થુણે સબ દેવ દેવનકો ॥ જિ૦ ॥ ૧ ॥ તપગચ્છ ગગન રવિ રૂપા, હુઆ વિજયસિંહ ગુરૂ ભૂપા ॥ સત્ય કર્પૂર વિજયરાજા, ક્ષમા જિન ઉત્તમ તાજા ॥ જિ૦ ॥ ૨ ॥ પદ્મ ગુરૂ રૂપ ગુણ ભાજા, કીર્ત્તિ કસ્તૂર જગ છાજા ॥ મણિબુધ જગતમે ગાજા, મુક્તિ ગણિ સંપ્રતિ રાજા ॥ જિ૦ ॥ ૩ ॥ વિજય આનંદ લઘુ નંદા, નિધિ શશિ અંક હે ચંદા ॥ અંબાલે નયમે ગાયો, નિજાતમ રૂપ હું પાયો ॥ જિનદ૦ ॥ ૪ ॥

॥ ઇતિ મુનિ આત્મારામજી (આનંદવિજયજી) કૃત સત્તરભેદીપૂજા સમાપ્ત ॥

વિંશતિસ્થાનક પૂજા પ્રારંભ

॥ अथ प्रथम श्री अरिहंतपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સમરસ રસભર અઘહર, કરમ ભરમ સબ નાસ ॥ કર મન મગન ધરમ ધર, શ્રી શંખેશ્વર પાસ ॥ ૧ ॥ વસ્તુ સકલ પ્રકાશિની, ભાસિનિ ચિદ્ઘનરૂપ ॥ સ્યાદ્વાદ મતકાશિની, જિનવાણી રસકૂપ ॥ ૨ ॥ છઠ્ઠે અંગ આવશ્યકેં, વશિ નિ-

મિત્ત વિધાન ॥ તે સાધે જિનપદ લહે, અજર અમરકી ખાન ॥૩॥ જિન ગણધર વાણી નમી, આણી ભાવ ઉદાર ॥ વિંશતિ પદ પૂજન વિધિ, કહિશું વિધિ વિસ્તાર ॥ ૪ ॥ વિંશતિ તપ પદ સારિખી, કરણી અવર ન કોય ॥ જો ભવિ સાધે રંગશુ, અર્હન્રૂપી હોય ॥ ૫ ॥ ક્રમસેં પીઠ ત્રીકોપરે, થાપી જિનવર વિશ ॥ સામગ્રી સહુ મેલીને, પૂજે ત્રિભુવન ઈશ ॥ ૬ ॥ એક એક પદ પૂજિયે, પંચ અષ્ટ સત્તાર ॥ દ્રવ્યાર્ચનવિધિ જાણિયે, ઈગવિસ વિધિ વિસ્તાર ॥ ૭ ॥

(રાગ ધન્યાશ્રી.—દો નયણાંદા માર્યા મરજાદા પરદેશીડા.—એ દેશી.)

અરિહંત પદ મનરંગ, ચિદાનંદ અરિહંત પદ૦ ॥ એ આંકણી ॥ ચિદાનદઘન મગલરૂપી, મિથ્યા તિમિર દિણદ ॥ ચિ૦ ॥ અ૦ ॥૧॥ ચોતિસ અતિશય પેંતિસ વાણી, ગુણ બારે સુખ કંદ ॥ ચિ૦ ॥ અ૦ ॥ ૨ ॥ મહાગોપ મહામાહણ કહિયે, કાટે ભવ ભવ ફંદ ॥ ચિ૦ ॥ અ૦ ॥ ૩ ॥ નિર્યામક સત્થવાહ ભણીજેં, ભવિ ચકોર મનચંદ ॥ ચિ૦ ॥અ૦॥૪॥ ચાર નિક્ષેપ રૂપ જગ રંજન, ભંજન કરમ નરિંદ ॥ ચિ૦ ॥ ॥ અ૦ ॥ ૫ ॥ અવર દેવ વામા વશ કીને, તું નિકલંક મહિંદ ॥ ચિ૦ ॥ અ૦ ॥ ૬ ॥ જ્ઞાયક નાયક શુભગતિ દાયક, તું જિન ચિદ્‌ઘન વૃંદ ॥ ચિ૦ ॥ અ૦ ॥૭॥ દેવપાલ શ્રેણિક પદ સાધી, અરિહંત પદ નિપજંદ ॥ ચિ૦ ॥ અ૦ ।૮ ॥ સર્વ શિવશંકર ઈશ નિરંજન, ગત કલિમલ સબ ધંદ ॥ ચિ૦ ॥

॥ અ૦ ॥ ૯ ॥ જિનકે પંચ કલ્યાણિક જગમેં, કરે ઉદ્યોત અમંદ ॥ ચિ૦ ॥ અ૦ ॥ ૧૦ ॥ આતમ નિર્મલ ભાવ કરીને, પૂજો ત્રિભુવન ઇંદ ॥ ચિ૦ ॥ અ૦ ॥ ૧૧ ॥

॥ કાવ્યં ॥ દ્રુતવિલમ્બિતવૃત્તમ્ ॥

અતિશયાદિગુણાબ્ધિવદાન્યકં ॥ જિનવરેંદ્રપદસ્ય નિદાનકમ્ ॥ નિખિલકર્મશિલોચ્ચયસૂદનં ॥ કુરૂત વિંશતિસંપદપૂજનમ્ ॥ ૧ ॥

॥ મંત્રઃ ॥

॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે અર્હતે જલાદિક યજામહે સ્વાહા ॥

॥ ઇતિ પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા સમાપ્ત ॥ ૧ ॥

(આ કાવ્ય તથા મંત્ર પ્રત્યેક પૂજાદીઠ કહેવાં.)

॥ अथ द्वितीय सिद्धपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

તનુ ત્રિભાગ દૂરે કરી, ઘન સ્વરૂપ અઘ નાશ ॥
જ્ઞાન સ્વરૂપી અગમગતિ, લોકાલોક પ્રકાશ ॥ ૧ ॥
અક્ષર અમર અગોચરા, રૂપ રેખ વિન લાલ ॥
જે પૂજે સો ભવિ લહે, અરહન્ પદ ઉજમાલ ॥ ૨ ॥

(કાન્હા મેં નહિ રહેણા રે, તુમચે રે સંગ ચલું.—એ દેશી.)

સિદ્ધ અચળ આનંદી રે, જ્યોતિમેં જ્યોતિ મિલી ॥ એ આંકણી ॥ અજ અલખ અમૂરતિ રે, નિજ ગુણ રંગ રલી ॥ સિદ્ધ૦ ॥ ૧ ॥ શિવ અજર અનંગી રે, કરમકો કંદ

દલી ॥ સિદ્ધ૦ ॥ ૨ ॥ સમય એકમેં ત્રિપદી રે, નાસ થિર આવિર વલી ॥ સિદ્ધ૦ ॥ ૩ ॥ ઋજુ એક સમય ગતિકા રે, અનંત ચતુષ્ટય મિલી ॥ સિદ્ધ૦ ॥ ૪ ॥ ગુણ ઈક ત્રિશ ધારી રે, નિર્મળ પાપ ગલી ॥ સિદ્ધ૦ ॥ ૫ ॥ ત્રિહું કાળકે દેવા રે, સબ સુખ મેલ મિલી ॥ સિદ્ધ૦ ॥ ૬ ॥ ગુણાનંત કરીજે રે, વરગિત વરગ વલી ॥ સિદ્ધ૦ ॥ ૭ ॥ નભ એક પ્રદેશે રે, સબ સુખ પુંજ ભિલી ॥ સિદ્ધ૦ ॥ ૮ ॥ લોકાલોક નમાવે રે, જિનવર તત્ર ચલી ॥ સિદ્ધ૦ ॥ ૯ ॥ બંધન છેદ અસંગા રે, પૂર્વ પ્રયોગ ફલી ॥ સિદ્ધ૦ ॥ ૧૦ ॥ ગતિ કરણ નિદાના રે, સુમતિ સંગ ભલી ॥ સિદ્ધ૦ ॥ ॥ ૧૧ ॥ હસ્તિપાલ આરાધી રે, જિનપદ સિદ્ધતુલી ॥ સિદ્ધ૦ ॥ ૧૨ ॥ પ્રભુ આત્માનંદી રે. પૂજત કુમતિ ટળી ॥ સિદ્ધ૦ ॥ ૧૩ ॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ સિદ્ધાય જલા૦ યજા૦ ॥

॥ ઇતિ દ્વિતીય સિદ્ધપદ પૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय प्रवचनपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ત્રીજે પ્રવચન પૂજીયે, કરી કુમતિસંગ દૂર ॥
મિથ્યામત ટાળી સવે, જન્મ મરણ દુઃખ ચૂર ॥ ૧ ॥
ભાવ રોગકી ઔષધિ, અમૃત સિંચનહાર ॥
ભવ ભય તાપ નિવારિણી, અરિહંત પદ ફળકાર ॥૨॥

(રાગ વહંસ.)

પ્રવચન પદ ભવપાર ઉતારે, પૂજો ભવિ મન રંગ રે ॥ પ્રવ૦ ॥ એ આંકણી ॥ પ્રવચન અમૃત રસ ભરી ધ્યાને, ચિદ્ઘન રંગ રંગીલ રે ॥ કુમતિ જાળ સબ છિનકમેં જારે, પ્રગટ અનુભવ લીલ રે ॥ પ્ર૦ ॥ ૧ ॥ તીનશો સાઠ તીન (૩૬૩) મતધારી, જગમેં તિમિર અજ્ઞાન રે ॥ જો જિનવચન સૂર તમ નાશક, ભાસક અમલ નિધાન રે ॥ પ્ર૦ ॥૨॥ સપ્ત ભગી નય સપ્ત સુહંકર, યુક્તમાન હોય સાર રે ॥ પટ્ભંગી ઉત્સર્ગાદિકની, અડપક્ષ સમ્યક્કાર રે ॥ પ્ર૦ ॥ ૩ ॥ પ્રવચનાધાર સંઘ જગ સાચો, જિન પૂજે ભવપાર રે ॥ અરિહંત ધર્મ કથાનક અવસર, કરત પ્રથમ નમોકાર રે ॥ પ્ર૦ ॥ ૪ ॥ પ્રવચન અમૃત જલધર વરસે, ભવિ મન અધિક ઉલ્લાસરે ॥ કુમતિ પંથ અંધજન જે તે, સૂકત જેસેં જવાસ રે ॥ પ્ર૦ ॥ ॥ ૫ ॥ સંભવ નરપતિ પ્રવચન સાધી, તીર્થંકરપદ સ્થાન રે ॥ પંચ અગ તાલી સદ્ગુરૂકી, પ્રવચન સંઘ નિધાન રે ॥ પ્ર૦ ॥ ૬ આત્મ અનુભવ રત્ન સુહંકર, અચર અનઘ પદ ખાન રે ॥ જો ભવિ પૂજે મન તન શુદ્ધેં, અરિહંત પદકો નિદાન રે ॥ પ્રવચન૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પર૦ શ્રી પ્રવચનાય જલા યજા૦ ॥

॥ ઇતિ તૃતીય શ્રી પ્રવચનપદ પૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ सूरिपदपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

ચોથે પદ સૂરિ નમો, ચરણ કરણ પદ ધાર ॥
સારણ વારણ નોદના, પ્રતિનોદન કરતાર ॥ ૧ ॥
ષટ્ ત્રિંશત ગુણ શોભતા, સંપત ષટ્ પંચાસ ॥
મેઢી સમ જિનશાસનેં, ભવિ પૂજે સુખરાશ ॥ ૨ ॥

(રાગ કાફી.—ચાલ હોરીકી —તાલ દીપચંદી.)

અપને રંગમેં રગ દે, હેરી હેરી લાલા ॥ અપને રગમેં રગ દે ॥ એ આંકણી ॥ પાંચ આચાર અખંડિત પાળે, જન્મ મરણ દુઃખ ભંગ દે ॥ હેરી૦ ॥ ૧ ॥ પંચ પ્રસ્થાન જે મંત્ર રાયકોં, સ્મરણ કરે મન રંગ દે ॥ હેરી૦ ॥ ૨ ॥ આઠ પ્રમાદ તજે ઉપદેશે, શિવરમણી સુખ મંગ દે ॥ હેરી૦ ॥૩॥ ચાર અનુયોગ સુધારસ ધારે, ધરમ કરન ઉમંગ દે ॥હેરી૦॥ ॥ ૪ ॥ સાતહિ વિકથા દૂર નિવારી, મોહ સુભટ સગ જંગ દે ॥ હેરી૦ ॥ ૫ ॥ શ્રુતકે સાતો અગ રંગીલે, મુઝ હૃદયમેં રંગ દે ॥ હેરી૦ ॥ ૬ ॥ પુરૂષોત્તમ નૃપ જિનપદ લીનો, આત્મરાજ શિવ ચગ દે ॥ હેરી૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રીસૂરયે જલાદિકં યજા૦ ॥

॥ ઇતિ ચતુર્થ સૂરિપદપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम थिविरपदपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

પરમ સંગી રંગી નહિ, જ્ઞાયક શુદ્ધ સ્વરૂપ ॥
ભવિજન મન થિર કરનકોં, જય જય થિવિર અનૂપ ॥૧॥

(રાગ જંગલો ઝીંઝોટી.—તાલ પંજાબી ઠેકો.—ચાલ ઠુમરીકી)

(મત જાનાં ઉન્માર્ગ તન મન, દાખણ સુગુરૂ સુગુણ વતિયાં રે.—એ દેશી)

થિવિર સુહંકર પદકજ પૂજો, તીર્થંકર પદ મુખ ગતિયાં રે ॥ થિ૦ ॥ ૧ ॥ ડિગમિગ ડિગમિગ મન ચચલ હય, ધરમ કરે ફિર ચિત્ત રતિયાં રે ॥ થિ૦ ॥ ૨ ॥ સૂત્ર થિવિર વય વ્રત પરિણામે, જાપે સમવાયાંગ વતિયાં રે ॥ થિ૦ ॥ ૩ ॥ સાઠ વરસ વ્રત વરસ વીસમે થિર, પરિચિત્ત શુદ્ધ બુદ્ધ મતિયાં રે ॥ થિ૦ ॥ ૪ ॥ દશવિધ અગ તિસરે વરને, થિવિર ગૃહે ઇહિ જિન વ્રતિયાં રે ॥ થિ૦ ॥ ૫ ॥ વદન પૂજન ન મન કર મતી, ભક્તિ કરે શુદ્ધ પુણ્ય રતિયાં રે ॥ થિ૦ ॥ ૬ ॥ પદ્મોત્તર નૃપ ઇહિ પદ સેવી, આતમ અરિહત પદ વતિયાં રે ॥ થિવિર૦ ॥ ૭ ॥

॥ કાવ્ય ॥ અતિશયા૦ ॥

॥ મત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ થિવિરાય જલાદિકં યજા૦ ॥

॥ ઇતિ પંચમ થિવિરપદપૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ अथ षष्ठ पाठकपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સ્યાદ્વાદ નય પથમે, પંચાનન બલપૂર ॥
દુર્નયવાદી વૃંદને, કરે છિનકમે દૂર ॥ ૧ ॥
પઠન કરાવે શિષ્યને, સ્વ પર સત્તાતૂર ॥
મિથ્યા તિમિર વિનાશને, જય જય પાઠક સૂર ॥૨॥

(રાગ ખમાચ—તાલ પંજાબી ઠેકો—વીતરાગકો દેખ દરસ. દુવિધા ભાગી મિટ ગઇ રે વી૦—એ દેશી)

પાઠકપદ સુખ ચેન દેન, વસ અમીરસ લીના રે ॥ પાઠ-ક૦ ॥ એ આંકણી ॥ સ્વપરરૂપ વિકાસી ચંદ, અનુભવ સુરતરૂ કેરો કંદ ॥ સ્યાદ્વાદ મુખ ઉચરે છંદ. જિન વચરસ પીનો રે ॥ પા૦ ॥ ૧ ॥ કુમતિ પથતમ નાશક સૂર, સુમતિ કંદ ઘનવદ્ધ પૂર ॥ દે ઉપદેશ મત રસપૂર. અઘ સબ ક્ષય કીનો રે ॥ પા૦ ॥ ૨ ॥ ત્રીજે ભવ શિવરમણી ચંગ, ચરણ ઉપદેશક રંગ ॥ કર્મ નિકંદન કરણ ભંગ, સુર અસુર પૂ-જીનો રે ॥ પા૦ ॥ ૩ ॥ હય ગય વૃષભ સિંહ સમ કિન, ઉપેંદ્ર ઇંદ્રિ ચક્રી દિન ઇન ॥ ચંદ્ર ભંડારી ઉપમા દીન. નગ મેરૂ કરીનો રે ॥ પા૦ ॥ ૪ ॥ જંબૂ સીતાસરિત વખાન, ચ-રમ જલધિ તિન ગુણ મણિ ખાન ॥ ષોડશ ઉપમા કરી વિ-ધાન, બહુશ્રુત જસ લીનો રે ॥ પા૦ ॥ ૫ ॥ અવગુણ ચૌદે દૂર કરીન, પન્નર ગુણકારી શિષ્ય પીન ॥ સરસ વચન જિમ

તંત્રી વીન. નિજ ગુણ સબ ચીનો રે ॥ પા૦ ॥ ૬ ॥ મહેંદ્ર-પાલ પદ સેવી સાર, તીર્થંકર પદ લીનો સાર ॥ મદન ભર-મકો જાર જાર, આત્મરસ ભીનો રે ॥ પાઠકપદ૦ ॥ ૭ ॥

॥ કાવ્ય ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ પાઠકાય જલાદિકં યજા૦ ॥

॥ ઇતિ ષષ્ઠ પાઠકપદપૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम साधुपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

તજી વિભાવ સ્વભાવતા, રમતા સમતા સંગ ॥
વિશદાનંદ સ્વરૂપતા, લાગ્યો અવિહડ રંગ ॥ ૧ ॥
માને જગ ત્રિહું કાળમે, મુનિ કહિયેં તસ નામ ॥
સાધે શુદ્ધાનંદતા, સાધુ નામ અભિરામ ॥ ૨ ॥

(રાગ જંગલો.–તાલ દાદરો.—ઇંગ્રેજી બાજાની ચાલ.)

મુનીંદ ચંદ ઇશ મેરે, તાર તાર તાર ॥ જ્ઞાનકે તરંગ ભંગ, સાત જાસ કાર ॥ મુ૦ ॥ ૧ ॥ સંતકે મહંત મુનિ, સાધુ ઋષિ ધાર ॥ યતિ વ્રતી સંજમી હે, જગતકો આધાર ॥મુ૦॥ ॥૨॥ નવવિધ ભાવ લોચ, કેશ દશકાર ॥ અનંગ રંગ ભંગ સંગ, સુમતિચંગ નાર ॥ મુ૦ ॥ ૩ ॥ સમ ચાલી દોષ ટાળી, લેત હે આહાર ॥ સાતવિશ ગુણ ધાર, આતમા ઉજાર ॥ મુ૦ ॥ ૪ ॥ પંચહી પ્રમાદકે, કલ્લોલ લોલ ભાર ॥ સંસાર નીર નિધિ પોત, જ્યોતિ જ્ઞાન સાર ॥ મુ૦ ॥ ૫ ॥ પાર કરે

સંત અંત, કર્મકા નિહાર ॥ બ્રહ્મચર્ય ધાર વાડ, નવરંગ લાર ॥ મુ૦ ॥ ૬ ॥ વીરભદ્ર સાધુ સેવ, જિનપદ સાર ॥ આતમ ઉમંગ રંગ, કુગુરૂ સંગ છાર ॥ મુણીંદ૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રી પરમ૦ સાધવે જલાદિકં યજા૦ ॥

॥ ઇતિ સપ્તમ સાધુપદપૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम ज्ञानपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નિજ સ્વરૂપકે જ્ઞાનસે, પરસગ સગત છાર ॥
જ્ઞાન આરાધક પ્રાણિયા, તે ઉતરે ભવ પાર ॥ ૧ ॥

(રાગ ભેરવી અજમેરી—તાલ પંજાબી ઠેકા.)
(લાગી લગન કહો કૈસે છૂટે. પ્રાણજીવન પ્રભુ પ્યારેસે —એ દેશી.)

ગાન સુહકર ચિદ્ઘન સગી, રગી જિનમત સારેમેં ॥ રગી૦ ॥ ગાન૦ ॥ ૧ ॥ પાંચ એકાવન ભેદ ગાનકે, જડતા જગ જન ટારેમેં ॥ જડતા૦ ॥ગાન૦॥ ભક્ષ અભક્ષ વિવેચન કીનો, કુમતિ રંગ સબ ડારેમેં ॥ કુમતિ૦ ॥ જ્ઞાન૦ ॥૩॥ પ્રથમ જ્ઞાનને પછી અહિંસા, કરમ કલક નિવારે મે ॥કરમ૦॥ ॥ જ્ઞાન૦ ॥ ૪ ॥ સદસદ ભાવ વિકાશી જ્ઞાની, દુર્નય પથ વિસારેમે ॥ દુર્નય૦ ॥ જ્ઞાન૦ ॥૫॥ અજ્ઞાનીકી કરણી એસી, અંક વિના શૂન્ય સારેમે ॥ અંક૦ ॥ જ્ઞાન૦ ॥૬॥ મતિ શ્રુત અવધિ મનઃપર્યવ હે, કેવળ સર્વ ઉજારેમે ॥કેવ૦॥૭॥જ્ઞાન૦॥

॥ ૭ ॥ અજ્ઞાની વર્ષ એક કોટિમે, કરમ નિકંદન ભારેમેં ॥ કરમ૦ ॥ જ્ઞાન૦ ॥ ૮ ॥ જ્ઞાની શ્વાસોશ્વાસ એકમેં, ઈતિકે કરમ વિદારેમેં ॥ ઈતિકે૦ ॥ જ્ઞાન૦ ॥ ૯ ॥ ભરતેશ્વર મરૂદેવી માતા, સિદ્ધિ વરે દુઃખ જારેમેં ॥ સિદ્ધિ૦ ॥ જ્ઞાન૦ ॥ ૧૦ ॥ દેશ વિરાધક સર્વારાધક, ભગવતી વીર ઉચ્ચારેમેં ॥ ભગવતિ૦ ॥ જ્ઞાન૦ ॥૧૧॥ જયંત નરેશ્વર યહ પદ સાધી, આતમ જિનપદ ધારેમે ॥ આતમ૦ ॥ જ્ઞાન૦ ॥ ૧૨ ॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ જ્ઞાનાય જલાદિકં યજા૦ ॥

॥ ઇતિ અષ્ટમ જ્ઞાનપદ પૂજા સમાપ્ત ॥ ૮ ॥

॥ अथ नवम दर्शनपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

તત્ત્વ પદારથ નવ કહે, મહાવીર ભગવાન ॥
જો સર્દે સદ્ભાવસે, સમ્યગ્દરશી જાન ॥ ૧ ॥
શ્રદ્ધા વિણ નહિ જ્ઞાન હે, તદ વિણ ચરણ ન હોય ॥
ચરણ વિના મુક્તિ નહિ, ઉત્તરજ્ઝયણે જોય ॥ ૨ ॥

(રાગ—પરજ મારૂ—તાલ દીપચંદી)

(નિશિદિન જોવું વાટડી, ઘેર આવો ઢોલા.—એ દેશી.)

દર્શનપદ મનમે વસ્યો, તબ સબ રંગ રોલા ॥ જગમેં કરણી લાખ છે, એક દર્શ અમોલા ॥ દ૦ ॥ ૧ ॥ દર્શનવિણ કરણી કરી, એક કોડી ન મોલા ॥ દેવગુરૂ ધર્મ સાર હે, ઈનકા ક્યા મોલા ॥ દ૦ ॥ ૨ ॥ દર્શન મોહની નાશસે, અનુ-

ભવ રસ ઘોલા ॥ જિન દર્શન પૂજન કરે, એહી હર્ષ કલ્લોલા ॥ દ૦ ॥ ૩ ॥ સમ સંવેગ નિર્વેદતા, આસ્તિ કરૂણા તંબોલા ॥ ઇન લક્ષણસે માનીયેં, સમકિત રમ ચોલા ॥દ૦॥ ॥ ૪ ॥ એક મુહૂરત ફરસીયેં, દર્શન સુખ ડોલા ॥ નિશ્ચય મુક્તિ પામીયેં, જિનવર એમ બોલા ॥ દ૦ ॥ ૫ ॥ ઇગ દુગ તી ચઉ સત દસે, સતસઠુ ભેઃ તોલા ॥ દર્શન પાયો સિજ્જંભવે, દેખી પ્રતિમા અમોલા ॥ દ૦ ॥ ૬ ॥ હરિવિક્રમ નૃપ સેવના, અંતર દગ ખોલા ॥ આતમ અનુભવ રંગમે, મિટે મનકા ઝોલા ॥ દર્શન૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ દર્શનાય જલાદિકં યજા૦ ॥

॥ ઇતિ નવમ દર્શનપદપૂજા સમાપ્ત ॥ ૯ ॥

॥ अथ दशम विनयपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ગુણ અનંતકો કંદ હે, વિનય ભુવન શૃંગાર ॥
વિનયમૂળ જિનધર્મ હે, વિનયિક ધન અવતાર ॥ ૧ ॥
પાંચ ભેદ દસ તેરસા, બાવન બાસઠ માન ॥
આગમમેં વિનયતણા, ભેદ કહ્યા ભગવાન ॥ ૨ ॥

(રાગ જંગલો—તાલ દીપચંદી)
(એકલી જાનમેં મેં તો દુ.ખ સહ્યો રી.—એ દેશી.)

સખી મેં નો વિનય પિછાના રી, અનંતે કાળસેં

॥ સ૦ ॥ અ૦ ॥ ૧ ॥ તીર્થંકર સિદ્ધ કુલગણસંઘા, કિરિયા ધર્મ સુજ્ઞાના રી ॥ સ૦ ॥ અ૦ ॥ ૨ ॥ જ્ઞાની સૂરિ થિવિર પાઠક, ગણીપદ તેરા વિધાના રી ॥ સ૦ ॥ અ૦ ॥૩॥ અનાશાતના ભક્તિ સુહંકર, અતિમાન ગુણ ગાના રી ॥ સ૦ ॥ ॥ અ૦ ॥ ૪ ॥ દોય સહસને ચિહુત્તર અધિકે, વંદન દેવ વિધાના રી ॥ સ૦ ॥ અ૦ ॥ ૫ ॥ ચારસો બાવન ગુરૂવંદન વિધિ, વિનયી જન ચિત્ત આનાં રી ॥ સ૦ ॥ અ૦ ॥ ૬ ॥ જિનવંદન હિત અતિ ભારી, દુર્ગતિ નાશ કરાનાં રી ॥સ૦॥ ॥ અ૦ ॥ ૭ ॥ શ્રદ્ધા ભાસન તત્ત્વ રમણતા, વિનયી કારજ ગાનાં રી ॥ સ૦ ॥ અ૦ ॥ ૮ ॥ ધન્ના એહ પદ વિધિશું સેવી, આતમરંગ ભરાનાં રી ॥ સ૦ ॥ અ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ વિનયાય જલાદિકં યજા૦ ॥

॥ ઇતિ દશમ વિનયપદપૂજા સમાપ્ત ॥ ૧૦ ॥

॥ अथ एकादश चारित्रपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ચરણ શરણ ભવજલ તરણ, ચરણ શરણ સુખસાર ॥
રંક મહંત કરે સહી, સુરવર સેવાકાર ॥ ૧ ॥
તીન જગતપતિ પદ દિયે, ઇંદ્રાદિક ગુણ ગાય ॥
કલિમલ પંકપરવારના, જય જય સંયમ રાય ॥ ૨ ॥

(રાગ સોરઠ.—તાલ જંપક તથા ત્રીતાલ.)
(લગીલો નાભી નંદનશું, લગીલો.—એ દેશી.)

ચરણ પદ મનરંગ ॥ રે જીયા ॥ ચ૦ ॥ એ આંકણી ॥ આઠ કર્મકા સંચકો જો, રિક્ત કરે ભય ભંગ ॥ ચ૦ ॥ ચારિત્ર નામ નિરૂકતેં માન્યો, શિવરમણીકો સંગ ॥ રે જી૦ ॥ ॥ ચ૦ ॥ ૧ ॥ ષટ્ ખંડકેરૂ રાજ્ય જેહનેં, રમણી ભોગ ઉત્તંગ ॥ ચક્રી સંજમ રસમેં લીનો, ચિદ્દઘન રાજ અભંગ ॥ રે જી૦ ॥ ચ૦ ॥ ૨ ॥ બારે કષાય જરે જબ ફીની, પ્રગટે સયમ ચંગ ॥ આઠ કષાય ગયે અણુવિરતી, ચારિત્ર મોહ વિરંગ ॥ રે જી૦ ॥ ચ૦ ॥ ૩ ॥ વર્ષ સ યમકે સુખફી શ્રેણિ. અનુત્તર સુર સુખ ચંગ ॥ તત્ત્વ રમણતા સંયમ વિણ નહિ, સમર અમર અનગ ॥ રે જી૦ ॥ ૪ ॥ વરૂણદેવ સંયમ પદ સાધી, અરિહંત રૂપ અસંગ ॥ આતમાનંદી સુરનર વંદી, પ્રગટયો જ્ઞાન તરંગ ॥ રે જી૦ ॥ ચ૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ચારિત્રાય જલા૦ યજા૦ ॥

॥ ઇતિ એકાદશ ચારિત્રપદપૂજા સમાપ્ત ॥ ૧૧ ॥

॥ अथ द्वादश ब्रह्मचर्यपदपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

કામકુંભ સુરતરૂ ભણી, સબ વ્રત જીવન સાર ॥
કામિત ફલદાયક સદા, ભવદુઃખ ભંજનહાર ॥ ૧ ॥

તારાગણમેં ઉડુપતિ, સુરગણમેં જિમ ચંદ ॥
વિરતિ સકલ મુખ મંડના, જય જય બ્રહ્મ થિરિંદ ॥૨॥

(રાગ સોરઠી સોરઠી.—તાલ દીપચંદી,—મધ્યરાત્રિ સમયકી,
શ્યામ નેક ક્યા લાંસે ન કરી. નેમ નેક૦—એ દેશી.)

શ્યામ બ્રહ્મ સુહંકર લખ રી ॥ શ્યામ૦ ॥એ આંકણી॥ કુમતિ સંગ સબ શુધબુધ ભૂલી, અનુભવ રસ અબ ચખ રી ॥ શ્યામ૦ ॥ ૧ ॥ નવવાડે શુદ્ધ બ્રહ્મ આરાધે, અજર તું અલખ રી ॥ શ્યામ૦ ॥૨॥ ઔદારિક સુર કામજાલસેં, અપ (આપકોં રખ રી ॥ શ્યામ૦ ॥ ૩ ॥ સિંહાદિક પશુ ભય સબ નાશે, બ્રહ્મચર્ય રસ ચખ રી ॥ શ્યામ૦ ॥૪॥ વિજયશેઠ વિજયા ગુણવંતી, સુદર્શન કામ કખ રી ॥ શ્યામ૦ ॥ ૫ ॥ દશમે અંગે બત્રીશ ઉપમા, બ્રહ્મચર્યકી દખ રી ॥ શ્યામ૦॥ ॥ ૬ ॥ આતમ ચંદ્રવર્મ નરવર જ્યું, અરિહંત પદ સુખ અખ રી ॥ શ્યામ૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીઁ શ્રી પરમ૦ બ્રહ્મચર્યાય જલા૦ યજા૦ ॥

॥ ઇતિ દ્વાદશ બ્રહ્મચર્યપદપૂજા સમાપ્ત ॥ ૧૨ ॥

॥ अथ त्रयोदश क्रियापदपूजा प्रारंजः ॥

॥ દોહા ॥

ચિદ્ વિલાસ રસ રંગમેં, કરે ક્રિયા ભવિ ચંગ ॥
કરમ નિકંદન યશ ભરે, ઉછળે જ્ઞાન તરંગ ॥ ૧ ॥

આગમ અનુસારી ક્રિયા, જિનશાસન આધાર ॥
પ્રવર જ્ઞાન દર્શન લહે, શિવરમણી ભરતાર ॥ ૨ ॥

(રાગ માઢ—તાલ લાવણીકી.)

(ફલવૃદ્ધિ પારસનાથ, પ્રભુકો પૂજો તો સહી—એ દેશી)

થારી ગઈ રે અનાદિ નિંદ, જરા ટૂક જોવો તો સહી ॥ જોવો તો સહી ॥ મેરા ચેતન જોવો તો સહી ॥ થા૦ ॥ એ આંકણી ॥ જ્ઞાન સંગ કિરિયા દુઃખહરણી, સેવો તો સહી ॥ મેરા ચેતન સેવો તો સહી ॥ એહ ધર્મ શુકલ શુદ્ધ ધ્યાન હૃદયમેં, પ્રોવો તો સહી ॥ મે૦ ॥ થા૦ ॥ ૧ ॥ આર્ત્ત રૌદ્રની પણવીસ ક્રિયા, ખોવો તો સહી ॥ મે૦ ॥ અનુભવ સમરસ સાર જરા તુમ્મ, ટોવો તો સહી ॥ મે૦ ॥ થા૦ ॥ ૨ ॥ અડ દિઠ્ઠી સમતા જોગની કિરિયા, ઢોવો તો સહી ॥ મે૦ ॥ પ્રથમ ચાર તજી ચાર ગ્રહી પર. હોવો તો સહી ॥ મે૦ ॥ થા૦ ॥૩॥ સમકિતકી કરણી દુઃખહરણી, લેવો તો સહી ॥ મે૦ ॥ ટુક દૂર નય પથ વિડાર જ્ઞાનરસ, ગોવો તો સહી ॥ મે૦ ॥થા૦॥ ॥ ૪ ॥ અંતર તત્ત્વ વિષય મન પ્રીતિ, છોવો તો સહી ॥ મે૦ ॥ એહ ક્રિયા નિજ ગુણ રંગ રાચી, ધોવો તો સહી ॥ મે૦ ॥ થા૦ ॥ ૫ ॥ અશુભ ધ્યાનનાં થાનક ત્રેશઠ, ખોવો તો સહી ॥ મે૦ ॥ પુણ્યાનુબંધી પુણ્ય બીજ ટુક. બોવો તો સહી ॥ મે૦ ॥ થા૦ ॥ ૬ ॥ ક્રોધ માન માયા જડતા સંગ, ધોવો તો સહી ॥ મે૦ ॥ એહ હરિવાહન આતમ રસ ચાખી, મેવો તો સહી ॥ મેરા૦ ॥ થારી૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ ક્રિયાયૈ જલાદિકં યજા૦ ॥

॥ ઇતિ ત્રયોદશ ક્રિયાપદપૂજા સમાપ્ત ॥ ૧૩ ॥

॥ अथ चतुर्दश तपपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ઉપશમ રસ યુત તપ ભલુ, કામ નિકદન હાર ॥
કર્મ તપાવે ચીકણાં, જયજય તપ સુખકાર ॥ ૧ ॥

(રાગ વિહાગ.—તાલ દીપચંદી.)

યું સધરે રે સુજ્ઞાની, અનઘ તપ ॥યું૦॥ એ આંકણી ॥
કર્મ નિકાચિત છિનકમેં જારે, નિર્દંભ તપ મન આની ॥ અ૦ ॥ ૧ ॥ અર્જુનમાળી દૃઢપ્રહારી, તપશું ધરે શુભ ધ્યાની ॥ અ૦ ॥૨॥ લાખ અગ્યારહ એશી હજારહ, પંચમગ્ર ગિને જ્ઞાની ॥ અ૦ ॥ ૩ ॥ ઇતને માસ ઉમંગ તપ કીનો, નદન જિનપદ ઠાની ॥ અ૦ ॥ ૪ ॥ સંવત્સર ગુણરત્ન પીનો, અતિમુક્ત સુખ ખાની ॥ અ૦ ॥ ૫ ॥ ચૌદ સહસ મુનિવરમેં અધિકો, ધન ધન્નો જિનબાની ॥ અ૦ ॥ ૬ ॥ કનક કેતુ તપ શુદ્ધ પદ સેવી, આતમ જિનપદ ઠાની ॥ અ૦ ॥૭॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ તપસે જલાદિકં યજા૦ ॥

॥ ઇતિ ચતુર્દશ તપપદપૂજા સમાપ્ત ॥ ૧૪ ॥

॥ अथ पंचदश दानपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

દાને ભવસંકટ મિટે, દાને આનંદ પૂર ॥
દાને જિનવર પદ લહે, સકલ ભયંકર ચૂર ॥ ૧ ॥
અભય સુપાતર દાન દે, નિસ્તરિયા સંસાર ॥
મેઘ સુમુખ વસુમતિ ધના, કહત ન આવે પાર ॥ ૨ ॥

(રાગ જંગલો —ઠેકો પંજાબી.—રચ્યો સિરિ વૃંદાવન.
રાસ તો ગોવિંદ રચ્યો.—એ દેશી.)

દાન તો અભંગ દીજે, મન ધરી રંગ ॥ દાન તો૦ ॥ ॥ એ આંકણી ॥ ખાન તો અમર અજ, સુખ તો અભંગ ॥ ગૌતમ રતનસમ, પાત્ર સુરંગ ॥ દાન૦ ॥ ૧ ॥ કનક સમાન મુનિ, પાત્ર ઉત્તંગ ॥ દેશવિરતિ પાત્ર રૌપ્ય, મધ્યમ સુમંગ ॥ દાન૦ ॥ ૨ ॥ સમદર્શી જીવ માનો, જઘન તરંગ ॥ કાંસ્ય પાત્ર પાત્રસમ, સુખ દે નિરંગ ॥ દાન૦ ॥ ૩ ॥ શાલિભદ્ર કૃતપુન્ના, ધન્ના શુભચંદ ॥ દાનસેં અનંત સુખ, કહત જિ-ણંદ ॥ દાન૦ ॥ ૪ ॥ દાનસેં હરિવાહન લીનો, જિનપદ સં-ગ ॥ આતમ આનંદ કંદ, સહજ ઉમંગ ॥ દાન૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ દાનાય જલાદિકં યજા૦ ॥

॥ ઇતિ પંચદશ દાનપદપૂજા સમાપ્ત ॥ ૧૫ ॥

॥ अथ षोमश वैयावृत्त्यपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

વૈયાવચ્ચ પદ સોલમેં, અખિલ વિમલ ગુણખાન ॥
એ અપ્રતિપાતી ખરો, આગમ કથિત નિદાન ॥ ૧ ॥
જિનસૂરિ પાઠક મુનિ, બાળક વૃદ્ધ ગિલાન ॥
તપી સંઘ જિનચૈત્યનું, વૈયાવચ્ચ વિધાન ॥ ૨ ॥

(રાગ જંગલો ઝીંઝોટી.—તાલ પંજાબી ઠેકો.)
(ગિરનારીકી પાહાડી પર કેસેં ગુજરી. ગિર૦—એ દેશી.)

શુદ્ધ વૈયાવચ્ચ કરી જિનપદ વર રી ॥ શુદ્ધ૦ ॥ એ આંકણી ॥ તીર્થંકર કેવળી મનપર્યવ, અવધિ ચતુર્દશ પુવ્વધરી રી ॥ શુદ્ધ૦ ॥ ૧ ॥ દશપૂર્વી ઉત્કૃષ્ટ ચરણધર, લબ્ધિવંત એ જિન સગરી ॥ શુદ્ધ૦ ॥ ૨ ॥ જિનમંદિર જિન ચૈત્ય કરાવે, પૂજા કરે મન તનુ સુધરી ॥ શુદ્ધ૦ ॥૩॥ દશમે અંગે જિનવર ભાખે, કુમતિ કુસંગ દુર ભગરી ॥ શુદ્ધ૦ ॥ ॥ ૪ ॥ નવપદ શેષ સૂરીશ્વર આદિ, વૈયાવૃત્ત્ય કર ઉઠી જગરી ॥ શુદ્ધ૦ ॥ ૫ ॥ સતપંચ મુનિનું વૈયાવચ્ચ કરીને, ભરત બાહુબળ શિવમગરી ॥ શુદ્ધ૦ ॥ ૬ ॥ નૃપ જિમૂતકેતુ પદ સાધી, આતમ જિનપદ રસ ગગરી ॥ શુદ્ધ૦ ॥ ૭ ॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ વૈયાવૃત્ત્યાય જલા૦ યજા૦ ॥

॥ ઇતિ ષોડશ વૈયાવૃત્ત્યપદપૂજા સમાપ્ત ॥ ૧૬ ॥

॥ अथ सप्तदश समाधिपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

નિજાતમ ગુણ રમણતા, ઇંદ્રિય તજી વિકાર ॥
થિર સમાધિ સંતોષમે, ભવ દુઃખ ભંજનહાર ॥ ૧ ॥

(રાગ જંગલો ઝીંઝોટી.—તાલ પંજાબી ઠેકા.)

(માનો ચેતનજી મારી વાત માનો ને.—એ દેશી.)

રાચો રે ચેતનજી મન શુદ્ધ લાગ ॥રાચો૦॥ ધારો ધારો સમાધિ કેરો રાગ ॥ રાચો૦ ॥ ૧ ॥ યા સંગ નાશ કહ્યો ભવ વનકો, અબ ક્યું સરકો ભાગ ॥ રાચો૦ ॥૨॥ દ્રવ્ય સમાધિ ભાવ સમાધિ, સુમતિ કેરો સુહાગ ॥ રાચો૦ ॥ ૩ ॥ અશન વશનસેં ભક્તિ સંઘકી, દ્રવ્ય સમાધિ અથાગ ॥ રાચો૦ ॥ ॥ ૪ ॥ સારણ વારણ ચોયણ કરની, દુતિય સમાધિ જાગ ॥ રાચો૦ ॥ ૫ ॥ સકલ સંઘકું દુવિધ સમાધિ, નિપજાવે મહાભાગ ॥ રાચો૦ ॥ ૬ ॥ પંચ સુમતિ તિન ગુપ્તિ ધરે નિત, નિશિદિન ધરત વિરાગ ॥ રાચો૦ ॥ ૭ ॥ ચાર નિક્ષેપ નય સપ્તભંગી, કારણ પંચ નિરાગ ॥ રાચો૦ ॥૮॥ ચાર પ્રમાણ દ્રવ્ય ષટ્ માને, નવતત્ત્વ દિલમેં ચિરાગ ॥ રાચો૦ ॥ ૯ ॥ સામાયિક નવ દ્વાર વિચારી, નિજ સત્તાકો વિભાગ ॥રાચો૦॥ ॥ ૧૦ ॥ પુરંદર નૃપ એ પદ સેવી, આતમ જિનપદ માગ ॥ રાચો૦ ॥ ૧૧ ॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ સમાધયે જલાદિકં યજા૦ ॥

॥ ઇતિ સપ્તદશ સમાધિપદપૂજા સમાપ્ત ॥ ૧૭ ॥

॥ अथ अष्टादश अभिनवज्ञानपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જ્ઞાન અપૂરવ ગ્રહણ કર, જાગે અનુભવ રંગ ॥
કુમતિ જાળ સબ જાર કેં, ઉછળે તત્ત્વતરંગ ॥ ૧ ॥
પદ અઢારમેં પૂજિયેં, મન ધરિ અધિક ઉમંગ ॥
જ્ઞાન અપૂરવ જિન કહે, તજી કુગુરૂકો સંગ ॥ ૨ ॥

(રાગ બરવો.—ચાલ ઠુમરી.—તાલ ઠુમરી.).
(મન મોહ્યા જંગલકી હરણીને.—મન૦—એ દેશી.)

ભવિ વંદો અપૂર્વ જ્ઞાન તરણીને ॥ ભવિ૦ ॥ એ આંકણી ॥ કુમતિ ઘૂક સબ અંધ હુયે હેં, ભૂલે જજમતિ કરણીને ॥ ભવિ૦ ॥ ૧ ॥ જ્ઞાન અપૂરવ જબહી પ્રગટે, શુદ્ધ કરે ચિત્ત ધરણીને ॥ ભવિ૦ ॥ ૨ ॥ નિર્યુક્તિ શુદ્ધ ટીકા ચૂર્ણી, મૂલ ભાષ્ય સુખ ભરણીને ॥ ભવિ૦ ॥ ૩ ॥ સંપ્રદાય અનુભવ રસરંગેં, કુમતિ કુપંથ વિહરણીને ॥ ભવિ૦ ॥ ૪ ॥ સદ્ગુરૂકી એ તાલિકા નીકી, રતન સંદુખ ઉદ્ધરણીને ॥ ભવિ૦ ॥ ૫ ॥ ઇન વિન અર્થ કરે સો તસ્કર, કાળ અનંતા મરણીને ॥ ભવિ૦ ॥ ૬ ॥ સમ્મતિ કર્મ્મ ગ્રંથ રત્નાકર, છેદ ગ્રંથ દુઃખ હરણીને ॥ ભવિ૦ ॥ ૭ ॥ દ્વાદશાર વળી અંગ ઉપાંગ, સપ્તભંગ શુદ્ધ વરણીને ॥ ભવિ૦ ॥ ૮ ॥ ઇત્યાદિક ભવિ જ્ઞાન અપૂરવ, પઠન કરે ધરે ચરણીને ॥ ॥ ભવિ૦ ॥૯॥ સાગરચંદ જિનપદ પાયો, આતમ શિવવધૂ પરણીને ॥ ભવિ૦ ॥ ૧૦ ॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥મંત્રઃ॥ ૐ હ્રીં શ્રી પરમ૦ અભિનવજ્ઞાનપદાય જલા૦ ય૦॥
॥ ઇતિ અષ્ટાદશ અભિનવજ્ઞાનપદપૂજા સમાપ્ત ॥ ૧૮ ॥

॥ अथ एकोनविंशति श्रुतज्ञानपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પાપ તાપકે હરણકોં, ચંદન સમ શ્રુત જ્ઞાન ॥
શ્રુત અનુભવ રાચીયેં, માચિયેં જિન ગુણ તાન ॥૧॥
એગુણવિશ (૧૯) પદ પૂજીયે, જિનવર વચન અભંગ॥
તીર્થંકર પદ ભવિ લહે, છાર કુમતિકો સંગ ॥ ૨ ॥

(રાગ શ્યામ કલ્યાણ.)

(શ્રીરાધે રાણી, દે ડારોને બાંસરી હમારી. શ્રીરાધે૦—એ દેશી.)

શ્રી ચિદાનંદ વિડારો ને, કુમતિ જો મેરી ॥ શ્રી૦ ॥ એ આંકણી ॥ દુષમ કાળમેં કુમતિ અંધેરો, પ્રગટ કરે સબ ચોરી ॥ શ્રી૦ ॥ ૧ ॥ બત્તીસ દોષ રહિત શ્રુત વાંચે, આઠ ગુણે કરી જોરી ॥ શ્રી૦ ॥ ૨ ॥ અરિહંત ગણધર ભાષિત નીકો, શ્રુતકેવળી બલ ફોરી ॥ શ્રી૦ ॥ ૩ ॥ પ્રત્યેકબુદ્ધ દશ પૂરવધર, શ્રુત હરે ભવકોં રી ॥ શ્રી૦ ॥ ૪ ॥ આઠ આચાર જો કાલાદિક હે, સાધે કરમની ચોરી ॥ શ્રી૦ ॥ ૫ ॥ ચારોહિ અનુયોગ ગુરૂગમ વાંચે, ટૂટે કૂપંથની દોરી ॥ શ્રી૦ ॥ ૬ ॥ ચૌદ ભેદ શ્રુત વિશ ભેદ હે, અંગ પયન્નાકો રી ॥ શ્રી૦ ॥ ॥ ૭ ॥ રત્નચૂડ નૃપ એ પદ સેવી, આતમ જિનપદ હો રી ॥ શ્રી ચિદાનંદ૦ ॥ ૮ ॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રુતાય જલાદિકં યજા૦ ॥

॥ ઇતિ એકોનવિંશતિ શ્રુતજ્ઞાનપદપૂજા સમાપ્ત ॥ ૧૯ ॥

॥ अथ विंशति तीर्थपदपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

જિનમતકી પરભાવના, કરે પ્રભાવક આઠ ॥
શ્રાવક ધન ખરચી કરે, રથયાત્રાદિક ઠાઠ ॥ ૧ ॥
પ્રાવચની અરૂ ધર્મકથી, વાદ નિમિત્ત સુજ્ઞાન ॥
તપી સિદ્ધ વિદ્યા કવિ, આઠ પ્રભાવક જાન ॥ ૨ ॥

(રાગ પીલૂ.—તાલ દીપચંદી.)

તીર્થ ઉજારો અબ કરીયેં, ભવિક વૃંદ ॥ દાખ્યો રે જિનપદ, આનંદ ભરે રી ॥ તીર્થ૦ ॥ એ આંકણી ॥ તીર્થ પ્રકાર દોય, થાવર જંગમ જોય ॥ સિદ્ધગિરિ આદિ જોય, દર્શ કરે રી ॥ તીર્થ૦ ॥૧॥ શિખર સમેત ચંપા, પાવાપુરી દુઃખ કંપા ॥ અષ્ટાપદ રેવત, જિનંદ શિવ વરે રી ॥ તીર્થ૦ ॥૨॥ ઇત્યાદિ જિન સ્થાન, જનમ વિરત જ્ઞાન ॥ સમજ સુજાન ઠાન, ભક્તિ ખરે રી ॥ તીર્થ૦ ॥ ૩ ॥ થાવર તીર્થ રંગ, મન ધરી અતિ ચંગ ॥ સંઘ કાઢી મહાનંદ, ધર્મ શું ધરે રી ॥ તીર્થ૦ ॥ ૪ ॥ સધર્મી ભક્તિ કરી, જેજેકાર જગ કરી ॥ પાવન પ્રભાવનાસેં, ઉન્નતિ કરે રી ॥ તીર્થ૦ ॥ ૫ ॥ ભરત સાગર સેન, મહાપદ્મ હરિષેણ ॥ સંપ્રતિ કુમારપાલ, વસ્તુ-

પાલ નરેં રી ॥ તીર્થં૦ ॥ ૬ ॥ આતમ આનંદ પૂર, કરમ કલંક ચૂર ॥ મેરૂપ્રભ જિનપદ, સુખમેં વરે રી ॥ તીર્થં૦ ॥૭॥

॥ કાવ્યં ॥ અતિશયા૦ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમ૦ તીર્થેભ્યો જલાદિકં યજા૦ ॥

॥ ઇતિ વિંશતિ તીર્થપદપૂજા સમાપ્ત ॥ ૨૦ ॥

॥ અથ કળશ ॥

(રાગ ધન્યાશ્રી.—તાલ પંજાબી ઠેકો.)

શુદ્ધ મન કરો રે આનંદી, વિંશતિ પદ ॥ શુદ્ધ૦ ॥ એ આંકણી ॥ વિંશતિ પદ પૂજન કરી વિધિશું, ઉજમણું કરી ચિત્ત રંગી ॥ વિં૦ ॥૧॥ એ સમ અવર ન કરણી જગમે, જિનવર પદ સુખ ચંગી ॥ વિં૦ ॥ ૨ ॥ તપગચ્છ ગગનમે દિનમણિ સરિસો, વિજયસિંહ વિરંગી ॥ વિં૦ ॥ ૩ ॥ સત્ય કપૂર ક્ષમા જિન ઉત્તમ, પદ્મરૂપગુરૂ જંગી ॥ વિં૦ ॥ ૪ ॥ કીર્ત્તિવિજયગુરૂ સમરસ ભીનો, કસ્તૂરમણિ હે નિરંગી ॥ વિં૦ ॥ ૫ ॥ શ્રી ગુરૂ બુદ્ધિવિજય મહારાજા, મુક્તિવિજય ગણિ ચગી ॥ વિં૦ ॥ ૬ ॥ તસ લઘુ ભ્રાતા આનંદવિજયો, ગાય વિંશતિ પદ ભંગી ॥ વિં૦ ॥ ૭ ॥ ખં યુગ અંક ઇંદુ (૧૯૪૦) વત્સરમેં, વીકાનેર સુરંગી ॥ વિં૦॥૮॥ આત્મરામ આનદ પદ પૂજો. મન તન હોય એક રંગી ॥ વિં૦ ॥ ૯ ॥

॥ ઇતિ મુનિરાજ શ્રી આત્મારામજી (આનદવિજયજી) કૃત વિંશતિસ્થાનકપદપૂજા સમાપ્ત ॥

મુનિ મહારાજ શ્રી બુદ્ધિસાગરજી કૃત

વાસ્તુક પૂજા પ્રારંભ.

॥ વિધિ ॥

હરેક વસ્તુ પાંચ પાંચ લેવી, અષ્ટપ્રકારી પૂજાનો સામાન લેવો, આઠ સ્નાત્રીયા કરવા.

એક કળશ ગ્રહણ કરે, બીજો કેશરની વાટકી ગ્રહણ કરે, ત્રીજો ફુલનો હાર વા છુટાં ફુલ ગ્રહણ કરે, ચોથો ધૂપ, પાંચમો દીપક, છઠ્ઠો રકાબીમાં અક્ષતનો સ્વસ્તિક લઇને ઉભો રહે, સાતમો નૈવેદ્ય લઇ ઉભો રહે, આઠમો ફળ લઇ ઉભો રહે. હરેક પૂજાએ અભિષેક કરી પૂજા કરવી.

૫ કળશ, ૫ કેશરની વાટકી, ૫ ફુલના હાર, ધૂપધાણું, ૫ દીપક, ૫ ચોખાના સાથીઆ, ૫ નૈવેદ્ય, ૫ ફળ.

વાસ્તુકપૂજા જેનું ઘર કરે, અને તેમાં પ્રવેશ કરે તે ભણાવે. તેને ઘેર આ પૂજા ભણાવતાં આનંદ મંગળ થાય. રોગ, સોક, વહેમ, સર્વે નાશ પામે. નવસ્મરણ કુંભની સ્થાપના કરી દીવો કરી ભણવાં. શક્તિ હોય તો સ્નાત્રિયાને જમાડવા. ઇંદ્રાણીયો છોકરીઓને કરે તો કરવી.

॥ अथ प्रथम पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ, ત્રેવીશમા જિનરાય ॥
ધરણેંદ્ર પદ્માવતી, પૂજે જેહના પાય ॥ ૧ ॥
પાર્શ્વ યક્ષ જસ શોભતો, સેવા કરે ચિત્ત લાય ॥
પુરિસાદાણી પાર્શ્વનાથ, ધ્યાતાં શિવસુખ થાય ॥૨॥
વાસ્તુકપૂજા ઘરતણી, કરતાં સુખ વિશાળ ॥
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપજે, હોવે મંગલમાળ ॥ ૩ ॥
પંચ પંચ વસ્તુથકી, સખેશ્વર પ્રભુ પાસ ॥
પૂજે ભવિ ભાવે કરી, સફળ હોવે મન આશ ॥ ૪ ॥
ચિંતામણિ સમ પાર્શ્વનાથ, પાર્શ્વમણિસમ નામ ॥
ધ્યાતાં ગાતાં પ્રાણીનાં, સિદ્ધે સઘળાં કામ ॥ ૫ ॥

(મલ્લિજિન વંદીએ ભવિ ભાવે રે.—એ દેશી.)

સંખેશ્વર પાસ પ્રભુ નિત્ય ગાવો રે, શાશ્વત શિવકમળા પાવો ॥ શખેશ્વર૦ ॥ કાશીદેશ વણારસી ગામ રે, વિશ્વસેન રાજા અભિરામ રે ॥ વામામાતા સુખ વિશ્રામ ॥ સખે૦ ॥ ॥ ૧ ॥ પ્રભુ માત કુખે જબ આયા રે, ઇંદ્રિ ચોસઠ સુરગિરિ લાયા રે ॥ સુરાસુર મનમાં હરખાયા ॥ સખે૦ ॥ ૨ ॥ એક લાખને સાઠ હજાર રે, આઠ જાતિ કળશ મનોહાર રે ॥ પ્રભુ ન્હવણ કરે જયકાર ॥ સંખે૦ ॥ ૩ ॥ ઇંદ્રાણીયો હસતી ગાતી રે, જિનદર્શન કરી હરખાતી રે ॥ નાટક કરી મનમાં મા-

તી ॥ સંખે૦ ॥ ૪ ॥ એવા પાર્શ્વપ્રભુ ઘર લાવો રે, શુભ સિંહાસન પધરાવો રે ॥ પ્રભુ ન્હવણ કરી સુખ પાવો ॥ સંખે૦ ॥ ૫ ॥ રોગ શોગ સહુ દૂર નાસે રે, પ્રભુશ્રદ્ધા મનમાં વાસે રે ॥ શાશ્વતપદ બુદ્ધિ ભાસે ॥ સંખે૦ ॥ ૬ ॥

॥ મંત્રમ્ ॥ ૐ નમો ભગવતે શ્રી સંખેશ્વર પાર્શ્વનાથાય ર્હીં ધરણેંદ્ર પદ્માવતી સહિતાય જન્મ જરા મૃત્યુ નિવારણાય ક્ષુદ્રોપદ્રવ શમનાય જલં ચદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ પ્રથમ પૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સ્નાત્ર ભણાવી પાર્શ્વનું, પૂજા કીજે સાર;
પૂજક પૂજ્યની પૂજના, સમજીજે સુખકાર ॥ ૧ ॥
બેઉ પાસે વીંજીએ, ચામર ચારૂ ઉમગ ॥
દર્પણ પ્રભુ આગળ ધરો, હોવે જયજય રંગ ॥ ૨ ॥

(સુતારીના બેટા તુને વિનવું રે લાલ.—એ દેશી.)

પ્રભુ પાર્શ્વ જિનેશ્વર ગાવીએ રે લોલ, શ્રી સખેશ્વર પ્રભુ નામજો ॥ તુજ નામથી નવનિધિ સપજે રે લોલ, મન વંછિત સિદ્ધે કામજો ॥ નામ રૂડું સંખેશ્વર પાસનું રે લોલ ॥ મિથ્યાત્વદશા દૂર થાય જો. શુદ્ધ શ્રદ્ધા હ્રદય પ્રગટાય જો ॥ નામ રૂડું૦ ॥ ૧ ॥ પૂજા વાસ્તુક દોય પ્રકારની રે લોલ,

શુભ અશુભ ભેદ કહાય જો ॥ દ્રવ્ય વાસ્તુકપૂજાના એ ક-હ્યા રે લોલ, તેહ હરખે કહું ચિત્ત લાય જો ॥ નામ૦ ॥ ૨ ॥ ઘર મહેલ કરાવી નેડીયે રે લોલ, બ્રાહ્મણ હોમાદિક વાસ જો ॥ વેદ ગાયત્રી મંત્ર ભણાવીએ રે લોલ, બ્રાહ્મણ જમાડી-એ ખાસ જો ॥ નામ૦ ॥ ૩ ॥ દેવદેવી બ્રહ્માદિક પૂજીયે રે લોલ, પાડા બુદ્ધિએ કોળું કપાય જો ॥ મરી નરકતણાં દુઃખ ભોગવે રે લોલ, મિથ્યા વાસ્તુકપૂજામાં પાપ જો ॥ નામ૦ ॥ ॥ ૪ ॥ ફલ શ્રીફલ પ્રમુખને હોમતાં રે લોલ, પંચેંદ્રિય હિંસા થાય જો ॥ અપમંગલ એહ ખરૂં કહ્યું રે લોલ, અશુભ વા-સ્તુકપૂજા કહાય જો ॥ નામ૦ ॥ ૫ ॥ શુભ વાસ્તુકપૂજા વ-ર્ણવું રે લોલ, જેનું રૂડું વિશાળ સ્વરૂપ જો ॥ બુદ્ધિ શાશ્વત સંપદા પામીએ રે લોલ, પાસ નામ તે મંગલ રૂપ જો ॥ ના-મ રૂડુ૦ ॥ ૬ ॥

॥ મંત્રમ્ ॥ ૐ નમો ભગવતે જલં ચંદનં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ દ્વિતીય પૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय पूजा प्रारंभ ॥

॥ દોહા ॥

શુભ વાસ્તુકપૂજા કહું, આણી અતિશય ભાવ ॥
સ્વર્ગાદિક સુખ પામીએ, હોવે શિવસુખ દાવ ॥ ૧ ॥
દેવ અરિહંત જાણીએ. દોષરહિત અઢાર ॥
ગુરૂ સુસાધુ મહાવ્રતી, પાળે પંચાચાર ॥ ૨ ॥

જિનવર ભાષિત સત્ય છે, જૈનધર્મ જગ જોય ॥
સુખ દુઃખ હોવે કર્મથી, અવર ન કર્તા કોય ॥ ૩ ॥

(અનિહાં ર ન્હવણ કરો જિનરાજને રે.—એ દેશી)

અનિહાં રે વાસ્તુકપૂજા શુભ કીજીએ રે, તજી અવર દેવની આશ ॥ સુપાત્રે દાન દીજીએ રે, સૂત્ર શ્રવણરૂચિ અભિલાશ ॥ શ્રી સંખેશ્વર પ્રભુ પાસજી રે ॥ ૧ ॥ ભવિ ભાવે દ્રવ્યાર્થિક નયે કરી રે, શાશ્વત છે લોકાલોક ॥ કર્તા તેહનો કો નહિ રે, કિમ કર્તા માનીયે ફોક ॥ શ્રી સંખે૦ ॥૨॥ ઉર્ધ્વ અધો અને તિરછાલોકની રે, સ્થીતિ છે અનાદિ અનંત ॥ કર્તા તેહનો કો નહિ રે, ઇમ ભાંખે શ્રી ભગવંત ॥ શ્રી સંખે૦ ॥ ૩ ॥ નવતત્ત્વ ષડ્દ્રવ્ય છે નિત્ય શાશ્વતા રે, દ્રવ્ય ગુણ પર્યાય રૂપ ॥ દો ભેદ જીવ દાખીયો રે, તસ લક્ષણ છે ચિદ્રૂપ ॥ શ્રી સંખે૦ ॥ ૪ ॥ પરિણામી પુદ્ગલ જીવ દો જાણીએ રે, અનાદિ સંબંધ વિચાર ॥ કર્તા કર્મનો આતમા રે, તેમ ભોક્તા હૃદયે ધાર ॥ શ્રી સંખે૦ ॥ ૫ ॥ શુભાશુભ કર્મ ગ્રહી ભોગી આતમા રે, વેદે શાતા અશાતા દોય ॥ દેવ મનુજ નારક તિરિ રે, ચઉગતિમાં ભટકે જોય ॥ શ્રી સંખે૦ ॥ ૬ ॥ જીવે કીધાં પુણ્ય પાપ તે ભોગવે રે, પરપુદ્ગલ સંગે ખાસ ॥ રાચ્યો માચ્યો પુદ્ગલમાં વસ્યો રે, બન્યો પુદ્ગલનો જીવ દાસ ॥ શ્રી સંખે૦ ॥ ૭ ॥ પ્રભુ પૂજા કરતાં પ્રાણીયા સુખ લહે રે, નાસે કર્માષ્ટક પાસ ॥ સામિવચ્છલ નવકારશી

રે, હેતુ સુખનાં દીસે ખાસ ॥ શ્રી સંખે૦ ॥ ૮ ॥ શુભ ભાવે નૈવેદ્ય થાળમાં મૂકીને રે, પ્રભુ આગળ ધરીએ ચંગ ॥ રત્નત્રયી કમળા વરે રે, બુદ્ધિ શાશ્વત પદરંગ ॥ શ્રીસંખે૦ ॥૯॥

॥ મંત્રમ્ ॥ ૐ નમો ભગવતે શ્રી પાર્શ્વનાથાય–જલં ચંદન, પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા॥

॥ ઇતિ તૃતીય પૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ पूजा प्रारंभः ॥

॥ દોહા ॥

શરીર પુદ્‌ગલમાં વશ્યો, પુદ્‌ગલ માની ગેહ ॥
પરભવ સાથ ન આવતું, ક્ષણમાં નાશી તેહ ॥ ૧ ॥
દેહ અનંતા છંડીયા, ભટકી આ સંસાર ॥
લાખ ચોરાશી હું ભમ્યો, તાર તાર પ્રભુ તાર ॥ ૨ ॥

(સાંભળજો મુનિ સંયમ રાગે, ઉપશમ શ્રેણી ચઢીઆરે.—એ દેશી)

શ્રી સંખેશ્વર પાર્શ્વપ્રભુ નિત્ય, મન મંદિરમાં ધરીએ રે ॥ ધ્યાવી ગાવી પાપ ગમાવી, શ્રદ્ધા સમકિત વરીયે રે ॥શ્રી સંખે૦ ॥૧॥ યાદવલોકની જરા નિવારી, ષડ્દર્શન વિખ્યાત રે ॥ વામાનંદન જગજન વંદન, નમતાં પાવન ગાત્ર રે ॥શ્રી સંખે૦ ॥ ૨ ॥ પરપરિણતિથી અષ્ટકર્મ ગ્રહી, પરભોગી પરકર્તા રે ॥ અતુલબળી પણ કર્મ પિંજરમાં, વસીયો નિજ ગુણ ધરતા રે ॥ શ્રી સંખે૦ ॥ ૩ ॥ ઔદારિક વૈક્રિય આહારક, તૈજસ કર્મણ પંચ રે ॥ પંચ શરીર ઘર માની વશીયો, ક-

રતો કર્મનો સંચ રે ॥ શ્રી સંખે૦ ॥ ૪ ॥ સુરાપાની બકતો ફરે વળી, ધત્તુર ભક્ષક જેમ રે ॥ અવલી પરિણતિથી આ આતમ, સ્વરૂપ ભૂલ્યો તેમ રે ॥ શ્રી સંખે૦ ॥ ૫ ॥ ભવમાં ભમતાં પુણ્યોદયથી, સદ્ગુરૂ સેહેજે મળીયા રે ॥ બુદ્ધિ શિવ સુખ પામે અવિચળ, સકલ મનોરથ ફળીયો રે ॥ શ્રી૦ ॥૬॥

॥ મંત્રમ્ ॥ ૐ નમો ભગવતે શ્રી સંખેશ્વર જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ ચતુર્થ પૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम पूजा प्रारंभः ॥

॥ દોહા ॥

સદ્ગુરૂ પચ મહાવ્રતી, પંચ મહાવ્રત ધાર ॥
ભાવથી વાસ્તુક પૂજના, કહેવે અતિ સુખકાર ॥ ૧ ॥
પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન છે, અચલ અમલ ગુણવાન્ ॥
શુદ્ધ બુદ્ધ પરમાતમા, ચિદાનંદ ભગવાન્ ॥ ૨ ॥
ઘર આતમનું ઓળખ્યું, જેનો રૂડો મહેલ;
વાસ ખરો મુજ એહમાં, વસતાં શિવસુખ સહેલ ॥૩॥

(નમો નમો શ્રી શત્રુંજય ગિરિવર.—એ દેશી.)

વાસ્તુક ભાવપૂજા નિજ ભાવે, ચેતનની શુદ્ધ દાખી રે ॥ વાસ વસે ચેતન જે મધ્યે, તેહની પૂજા ભાખી રે ॥ શ્રી સંખેશ્વરપાસજી ગાવો ॥ ૧ ॥ અસંખ્ય પ્રદેશ આતમના જાણો, શુદ્ધ વાસ જીવ જોય રે ॥ ગુણપર્યાય સ્વભાવ અનં-

તા, અકેક પ્રદેશે જોય રે ॥ શ્રી સંખે૦ ॥ ૨ ॥ જ્ઞાતા જ્ઞેયને જ્ઞાન ત્રિભંગી, આતમમાંહી સમાય રે ॥ અસ્તિ નાસ્તિ સમકાલે સાધે, એવો આતમરાય રે ॥ શ્રી સંખે૦ ॥ ૩ ॥ ધર્મા ધર્મ ને પુદ્ગલાકાશ, તેહતણા પ્રદેશ રે ॥ ગુણપર્યાય ધર્મ તસ કેરા, નહિ એક જીવ ગુણ લેશ રે ॥ શ્રી સંખે૦ ॥ ૪ ॥ શુદ્ધ બુદ્ધ પરમાત્મ સ્વરૂપ, અવ્યાબાધ અભંગ રે ॥ અવિનાશી અકલંક અભોગી, ભોગી અયોગી અસંગ રે ॥ શ્રી સંખે૦ ॥ ૫ ॥ નિત્યાનિત્યને એકાનેક, સદસત્ ભાવ વિચાર રે ॥ વક્તવ્યા વક્તવ્ય એ આઠ, પક્ષતણો આધાર રે ॥ શ્રી સંખે૦ ॥ ૬ ॥ શુદ્ધસ્વરૂપી જ્ઞાનાનંદી, ચેતન વાસ કહાય રે॥ સુખ અનંતુ ચેતન ઘરમાં, વચન અગોચર થાય રે ॥ શ્રી સંખે૦ ॥ ૭ ॥ આત્મથકી છુટે જબ કર્મ, તબ પામે શિવસ્થાન રે ॥ શાશ્વત અમલ અચલપદ ભાવે, વાસ્તુકપૂજા માન રે ॥ શ્રી સંખે૦ ॥ ૮ ॥ એણીપરે વાસ્તુકપૂજા કરશે, તે તરશે સંસાર રે ॥ બુદ્ધિસાગર ક્ષાયિક સમકિત, પામી લહે ભવપાર રે ॥ શ્રી સંખેશ્વર૦ ॥ ૯ ॥

॥ અથ કળશ ॥

ગાઈ ગાઈ રે એ વાસ્તુકપૂજા ગાઈ, અચલ અમલ અભંગ મહોદય, શુદ્ધ સત્તા નિજ ધ્યાયી ॥ સમકિત દાયક હેતે પૂજા, કરતાં હર્ષ વધાઈ રે ॥ એ વાસ્તુકપૂજા ગાઈ ॥ ૧ ॥ મિથ્યા પરિણતિ નાશક તારક, આત્મ સ્વભાવે સુહાઈ ॥

પરમાંતમપદ પ્રાપ્તિ કારક, સુખકર સમકિત દાઈ રે ॥ એ વાસ્તુક૦ ॥ ૨ ॥ ધરણેંદ્ર પદ્માવતી દેવી, જેહની સારે સેવ ॥ સુરપતિ યતિ તતિ ભૂપતિ પૂજિત, શ્રી સંખેશ્વર દેવ રે ॥ એ વાસ્તુક૦ ॥ ૩ ॥ તાસ પસાએ પૂજા રચીએ, હર્ષ અતિ દિલ લાયી ॥ જયજય મંગલ માળા કમળા, આતમમાં પ્રગટાઈ રે ॥ એ વાસ્તુક૦ ॥ ૪ ॥ જન્મભૂમિ વિજાપુર ગામે, માસ-કલ્પ કરી સાર ॥ માઘ શુક્લ બારસ દિન રચતાં, સંઘમાં હ-ર્ષ અપાર રે ॥ એ વાસ્તુક૦ ॥ ૫ ॥ વિદ્યાદાયક ધર્મ સહાય-ક, ગંભીર શ્રદ્ધાવંત ॥ દોશી નથુભાઈ મંછારામ, હેતે એહ રચંત રે ॥ એ વાસ્તુક૦ ॥ ૬ ॥ શેઠ છગનલાલ બેચર કા-જે, કીધી રચના ભાવે ॥ સંઘ સકલમાં આનંદ મંગળ, ઋ-દ્ધિ વૃદ્ધિ સુખ થાવે રે ॥ એ વાસ્તુક૦ ॥૭॥ તપગચ્છ મંડન હીરવિજયસૂરી, જસગુણ સુરનર ગાયા ॥ તાસ શિષ્ય શ્રી સહેજસાગરજી, ઉપાધ્યાય કહાયા રે ॥ એ વાસ્તુક૦ ॥ ૮ ॥ પાટ પરંપર નેમસાગરજી, ક્રિયાવંત મહંત ॥ તાસ શિષ્ય શ્રી રવિસાગરજી, વૈરાગી ગુણવંત રે ॥ એ વાસ્તુક૦ ॥ ૯ ॥ સંવેગી આતમ ગુણરંગી, સુખસાગર ગુરૂ રાયા ॥ ગામો ગામ વિહાર કરંતા, વિદ્યાપુરમાં આયા રે ॥ એ વાસ્તુક૦ ॥ ॥ ૧૦ ॥ ચઢતે ભાવે હર્ષ ઉલ્લાસે, કીધી રચના એહ ॥ ભ-વ્યજીવને અમૃત સમયે, ચાતકને જેમ મેહ રે ॥ એ વાસ્તુ-ક૦॥ ૧૧ ॥ શાંતિ તુષ્ટિ સુખ સંપદા થાવે, રોગ શોગ દૂર

જાય ॥ બુદ્ધિસાગર શાશ્વતપદ લહી, મુક્તિવધૂ સુખ પાય રે ॥ એ વાસ્તુક૦ ॥ ૧૨ ॥ શ્રી સંખેશ્વર પાસ પ્રભુજી, ગાતાં સુખ વિશાળ ॥ શ્રી વિદ્યાપુર સકલ સંઘમાં, હોવે મંગલ-માળ રે ॥ એ વાસ્તુક૦ ॥ ૧૩ ॥

॥ મંત્રઃ ॥ ૐ નમો ભગવતે જલં ચંદન પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા ॥

॥ ઇતિ પંચમ પૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ ઇતિ શ્રી બુદ્ધિસાગર મહારાજજી કૃત ॥

॥ વાસ્તુકપૂજા સમાપ્ત ॥

પંડિત શ્રી કુંવરવિજયજી કૃત

અષ્ટપ્રકારી પૂજા પ્રારંભ.

॥ દોહા ॥

ત્રિજગ નાયક તું ધણી, મહા મહોટો મહારાજ ॥ મહોટે પુણ્યે પામીયો, તુમ દરિશણ હું આજ ॥ ૧ ॥ આજ મનોરથ સર્વ ફળ્યા, પ્રગટ્યાં પુણ્ય કલ્લોલ ॥ પાપકરમ દૂરે ટળ્યાં, નાઠાં દુઃખ દદોલ ॥ ૨ ॥ સુખદાયી પ્રભુ તું વડો, તુજ સમ અવર ન કોઈ ॥ કરમ મલ દૂરે કર્યાં, પામ્યા શિ-વપદ સોય ॥ ૩ ॥ જ્ઞાનાવરણીય[૧] ક્ષય કરી, દર્શનાવરણીય[૨]

કર્મ ॥ વેદનીય[૩] કર્મ દૂરે કરી, ટાળ્યું મોહનીય[૪] કર્મ ॥ ૪ ॥ નામ[૫] કર્મ ને આયુ[૬] કર્મ, ગોત્ર[૭] અને અંતરાય[૮] ॥ અષ્ટ કર્મ એણી પરે, દૂર કર્યાં મહારાય ॥ ૫ ॥ દોષ અઢારે ક્ષય ગયા, પ્રગટ્યાં પુણ્ય અનંત ॥ અંતરંગ સુખ ભોગવે, નિશ્ચલ ધીર મહંત ॥ ૬ ॥ કલ્પવૃક્ષ ને કામકુંભ, પૂરે મનના કોડ ॥ પ્રભુ સેવાથી તે મળે, જે મંછા હોય અડોલ ॥ ૭ ॥ ત્રણ્ય ભુવનમાં તુ વડો, તુજ સમ અવર ન કોય ॥ ઇંદ્ર ચંદ્ર ને ચકવા, તુજ પદ સેવે સોય ॥ ૮ ॥ પ્રભુ સેવા ભાવે કરે, પ્રેમ ધરી મન રંગ ॥ દુઃખ દોહંગ દૂરે ટળે, પામે સુખ મન ચંગ ॥ ૯ ॥ પૂજા કરતાં પ્રાણીયા, પોતે પૂજનિક હોય ॥ આ ભવ પરભવ સુખ ઘણાં, તસ તોલે નહિ કોય ॥ ૧૦ ॥ જીવડા જિનવર પૂજિયે, જિન પૂજ્યા સુખ થાય ॥ દુઃખ દોહંગ દૂરે ટળે, મનવંછિત સુખ થાય ॥ ૧૧ ॥ દ્રવ્ય ભાવથી અતિ ઘણો, હૈયડે હરખ ન માય ॥ એણેવિધ જિનવર પૂજતાં, પાપ કરમ દૂર જાય ॥ ૧૨ ॥

॥ अथ प्रथम जलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

સુગંધમય જળ વાસિને, જે પૂજે જિનરાય ॥
તસ ત્રિભુવન જશ વિસ્તરે, દુર્ગંધતા દૂર જાય ॥ ૧ ॥
મલીન વસ્તુ ઉજ્જવલ કરે, એ સ્વભાવ જળમાંહી ॥
જળસું જિનવર પૂજતાં, કર્મકલંક મિટ જાય ॥ ૨ ॥

તીર્થોદક કુંભે કરી, રતન પ્રમુખ શ્રીકાર ॥
અડ સહસ અડ જાતિના, અથવા કલશા ચ્યાર ॥ ૩ ॥
આઠ જાતિ કલશે કરી, નવરાવે જિનરાય ॥
તસ ત્રિભુવન જશ વિસ્તરે, સુરપતિ સેવે પાય ॥ ૪ ॥
જ્ઞાન કલશ ભરી આતમા, સમતા રસ ભરપૂર ॥
શ્રી જિનને નવરાવતાં, કર્મ થાયે ચકચૂર ॥ ૫ ॥

॥ ઇતિ પ્રથમ જલપૂજા સમાપ્ત ॥ ૧ ॥

॥ अथ द्वितीय चंदनपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

કેશર ચંદન દ્રવ્યથકી, ભાવથકી બહુ માન ॥
જિનવર અંગે ચરચતાં, પ્રગટે આતમ જ્ઞાન ॥ ૧ ॥
કેશર ચંદન ઘસી કરી, ભરી કચોળાં સાર ॥
જિનવર અંગે ચરચતાં, પાપ કર્યા પરિહાર ॥ ૨ ॥
ભાવનાચંદન અતિ ભલું, કસ્તુરી બરાસ ॥
એણી વિધ જિનવર સેવતાં, પામે લીલ વિલાસ ॥ ૩ ॥
કનક કચોળાં ભરી કરી, સેવે જિનપતિ પાય ॥
દુઃખ દોહગ દૂરે ટળે, મનવંછિત સુખ થાય ॥ ૪ ॥
તપત વસ્તુ શીતલ કરે, ચંદન શીતળ આપ ॥
ચંદનસેં જિન પૂજતાં, મિટે મોહ સંતાપ ॥ ૫ ॥

પૂજાને પ્રણામ દોય, કરો ચંદનકી રીત ॥
શીતળતા ને સુગંધતા, જેણે ભાજે ભવભીત ॥ ૬ ॥
॥ ઇતિ દ્વિતીય ચંદનપૂજા સમાપ્ત ॥ ૨ ॥

॥ अथ तृतीय धूपपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પાપ ગ્રહે સુગંધકું, ધૂપ કહાવત સોય ॥
ઉખેવત ધૂપ જિણ દકું, કર્મદહન સબ હોય ॥ ૧ ॥
ધૂપ ઉખેવત જે જન, પ્રભુ આગળ બહુ માન ॥
દુર્ગંધતા દૂરે કરે, પામે અમર વિમાન ॥ ૨ ॥
હુતાશનસેં કાષ્ટ જ્યું, તેમ ધ્યાનાનલ કર્મ ॥
તેણે મિસે ધૂપપૂજા કરો, જિમ પામો શિવ શર્મ ॥૩॥
॥ ઇતિ તૃતીય ધૂપપૂજા સમાપ્ત ॥ ૩ ॥

॥ अथ चतुर्थ पुष्पपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

પ્રણિધાને સદ્ગતિ હોવે, પૂજાથી કેમ નવ હોય ॥
સુમનસ ભાવે દુર્ગતા, પૂજા પંચાશક જોય ॥ ૧ ॥
શતપત્રી વર મોગરો, ચંપક જાઈ ગુલાબ ॥
કેતકી ડમરો બોલસીરી, પૂજે જિન ભરી છાબ ॥ ૨ ॥
॥ ઇતિ ચતુર્થ પુષ્પપૂજા સમાપ્ત ॥ ૪ ॥

॥ अथ पंचम दीपपूजा प्रारंभः ॥

॥ દોહા ॥

કેવળનાણ પ્રભાવશું, જેમ લહો લોકાલોક ॥
તેમ પૂજા દ્રવ્ય દીપકી, કરતાં શિવફળ રોક ॥ ૧ ॥
જગદીપક પ્રભુ દીપ જે, કરતા ભાવો એહ ॥
અવરાણું જે અનાદિનું, જ્ઞાન લહો નિજ તેહ ॥ ૨ ॥

॥ ઇતિ પંચમ દીપપૂજા સમાપ્ત ॥ ૫ ॥

॥ अथ षष्ठ अक्षतपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

હવે અક્ષતપૂજા કરો, શાલિ વ્રીહિ ગોધૂમ ॥ ૧ ॥
ઉજ્જવલ પરિપરિ ઢોવકે, ટાળો મોહકી ધૂમ ॥
અક્ષય ફળ લેવા ભણી, અક્ષતપૂજા ઉદાર ॥
એહ ભવ પણ નવિ ક્ષય હોવે, રાજ્ય રિદ્ધિ ભંડાર ॥૨॥

॥ ઇતિ ષષ્ઠ અક્ષતપૂજા સમાપ્ત ॥ ૬ ॥

॥ अथ सप्तम नैवेद्यपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

હવે નૈવેધની પૂજના, કીજે જિમ હલિરાય ॥
ભવનિર્વેદ પ્રભુ મુખે, માગો અવિચલ ઠાય ॥ ૧ ॥
કર્ત્તા ભોક્તા મુજ નહિ, પુદ્ગલ ભાવનો જીવ ॥
તેણે પુદ્ગલની તર્જના, કરતાં શર્મ સદૈવ ॥ ૨ ॥

॥ ઇતિ સપ્તમ નૈવેધપૂજા સમાપ્ત ॥ ૭ ॥

॥ अथ अष्टम फलपूजा प्रारंभ ॥

॥ દોહા ॥

ફળપૂજા કરતાં થકાં, સફળ કરો અવતાર ॥
ફળ માગો પ્રભુ આગળે, તાર તાર મુજ તાર ॥ ૧ ॥
જસ ફળ ઉપમ જગ નહિ, પામ્યા પછી નહિ અંત ॥
અવ્યાબાધ અચલ અજર, માગું શિવ અનંત ॥૨ ॥
જે જેસી કરણી કરે, તે તેસાં ફળ હોય ॥
ફળપૂજા જિનદેવકી, નિશ્ચે શિવપદ હોય ॥ ૩ ॥
અષ્ટપ્રકારી એણી પરે, જે પૂજા કરે ઉદાર ॥
અષ્ટમી ગતિ ફળ તે લહે, પામીજે ભવ પાર ॥ ૪ ॥
જિન ઉત્તમ પદ પદ્મની, નિત સેવા કરો ત્રણ કાળ ॥
નિજરૂપ પ્રગટે સુખ હોવે, અમિ કુંવર કહે નહિ વાર ॥૫॥

॥ ઇતિ અષ્ટમ ફલપૂજા સમાપ્ત ॥ ૭ ॥

(સંક્ષેપરૂચિ ભાઇયોએ આ પૂજાઓ વાંચવી, વિચારવી, ધ્યાવવી ઉપકારી છે.)

॥ ઇતિ પંડિતશ્રી કુંવરવિજયજીકૃત
અષ્ટપ્રકારીપૂજા સમાપ્ત ॥

પંડિત શ્રી વીરવિજયજી કૃત
અષ્ટપ્રકારી પૂજાના દુહા.

॥ प्रथम जलपूजा ॥

॥ દુહા ॥

જલપૂજા જુગતેં કરો, મેલ અનાદિ વિનાશ ॥
જલપૂજા ફળ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ ॥૧॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા ॥ ૧ ॥

॥ द्वितीय चंदनपूजा ॥

॥ દુહો ॥

શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ ॥
આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ ॥ ૧ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, ચંદનં યજામહે સ્વાહા ॥ ૨ ॥

॥ तृतीय पुष्पपूजा ॥

॥ દુહો ॥

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ ॥

સુમજંતૂ ભવ્યજનપરે, કરિયે સમકિત છાપ ॥ ૨ ॥

॥ મંત્રઃ ॥ ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, પુષ્પાણિ યજામહે સ્વાહા ॥ ૩ ॥

॥ चतुर्थ धूपपूजा ॥

॥ દુહા ॥

ધ્યાનઘટા પ્રગટાવિયે, વામ નયન જિન ધૂપ ॥
મિચ્છતદુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ ॥ ૧ ॥

॥ મંત્રઃ ॥ ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, ધૂપં યજામહે સ્વાહા ॥ ૪ ॥

॥ पंचम दीपकपूजा ॥

॥ દુહા ॥

દ્રવ્યદીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક ॥
ભાવપ્રદીપ પ્રગટ હુવે, ભાસિત લોકાલોક ॥ ૧ ॥

॥ મંત્રઃ ॥ ઓઁ હ્રીઁ શ્રીઁ પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, દીપમાલાં યજામહે સ્વાહા ॥ ૫ ॥

॥ षष्ठ अक्षतपूजा ॥

॥ દુહા ॥

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત્ત વિશાળ ॥

પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાળ ॥ ૧ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય જ-ન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, અક્ષતાન્ ય-જામહે સ્વાહા ॥ ૬ ॥

॥ सप्तम नैवेद्यपूजा ॥

॥ દુહો ॥

અણહારીપદ મેં કર્યાં, વિગ્ગહ ગઇય અનંત ॥
દૂર કરિ તે દીજિયેં, અણાહારી શિવસંત ॥ ૧ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જ-ન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, નૈવેદ્યં યજા-મહે સ્વાહા ॥ ૭ ॥

॥ अष्टम फलपूजा ॥

॥ દુહો ॥

ઇંદ્રાદિક પૂજા ભણી, ફલ લાવે ધરી રાગ ॥
પુરૂષોત્તમ પૂજી કરી, માગે શિવફલ ત્યાગ ॥ ૧ ॥

॥ મંત્રઃ ॥ ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જ-ન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, ફલાનિ યજા-મહે સ્વાહા ॥ ૮ ॥

॥ ઇતિ પંડિત શ્રી વીરવિજયજી કૃત ॥
॥ અષ્ટપ્રકારીપૂજાના દુહા ॥

॥ अथ श्री अढीसें अभिषेक ॥

૧૦ વૈમાનિક બાર દેવલોકના દશ ઇંદ્રિ તેના દશ અભિષેક.
૨૦ ભુવનપતિના વીશ ઇંદ્રિના વીશ અભિષેક.
૩૨ વ્યંતરના બત્રીશ ઇંદ્રિના બત્રીશ અભિષેક.
૧૩૨ જ્યોતિષી અઢીદ્વીપ માંહેલા છાસઠ ચંદ્ર અને છાસઠ સૂર્ય મળી એકસો બત્રીશના એકશોને બત્રીશ અભિષેક.
૮ સૌધર્મેંદ્રની આઠ અગ્રમહિષીના આઠ અભિષેક.
૮ ઇશાનેંદ્રની આઠ અગ્રમહિષીના આઠ અભિષેક.
૫ ચમરેંદ્રની પાંચ અગ્રમહિષીના પાંચ અભિષેક.
૫ બલીંદ્રની પાંચ અગ્રમહિષીના પાંચ અભિષેક.
૬ ધરણેંદ્રની છ પટરાણીના છ અભિષેક.
૬ ભૂતાનેંદ્રની છ પટરાણીના છ અભિષેક.
૪ વ્યંતરની ચાર અગ્રમહિષીના ચાર અભિષેક.
૪ જ્યોતિષીની ચાર અગ્રમહિષીના ચાર અભિષેક.
૪ ચાર લોકપોલના ચાર અભિષેક.
૧ અંગરક્ષક દેવનો એક અભિષેક.
૧ સામાનિક દેવનો એક અભિષેક.
૧ કટકના દેવનો એક અભિષેક.
૧ ત્રાયત્રિંશક દેવનો એક અભિષેક.
૧ પરષદાના દેવોનો એક અભિષેક.
૧ પઇન્નગસુરનો એટલે પ્રજ્ઞાસ્થાન દેવનો એક અભિષેક.

॥ अथ श्री जिन नव अंगपूजन दोहा ॥

જલ ભરી સંપુટપત્રમાં, યુગલિક નર પૂજંત ॥
ઋષભચરણ અંગુઠડે, દાયક ભવજલ અંત ॥ ૧ ॥
જાનુબળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ ॥
ખડાં ખડાં કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ ॥ ૨ ॥
લોકાંતિક વચને કરી, વરસ્યા વરસીદાન ॥
કરકંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન ॥ ૩ ॥
માન ગયું દોય અંશથી, દેખી વીરજ અનંત ॥
ભુજાબળે ભવજળ તર્યા, પૂજો ખંધ મહંત ॥ ૪ ॥
સિદ્ધાશિલા ગુણ ઉજ્જવલી, લોકાંતે ભગવંત ॥
વસીયા તેણે કારણ ભવિ, શિરશિખા પૂજંત ॥ ૫ ॥
તિર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત ॥
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત ॥૬॥
સોલ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વર્ત્તૂલ ॥
મધુરધ્વનિ સુરનર સુણે, તિણે ગળે તિલક અમૂલ ॥૭॥
હૃદય કમળ ઉપશમ બળે, બાળ્યા રાગ ને રોષ ॥
હીમ દહે વન ખંડને, હૃદય તિલક સંતોષ ॥ ૮ ॥
રત્નત્રયી ગુણ ઉજ્જવળી, સકલ સુગુણ વિશરામ ॥
નાભિ કમળની પૂજના, કરતાં અવિચળ ધામ ॥ ૯ ॥
ઉપદેશક નવતત્ત્વના, તેણે નવ અંગ જિણંદ ॥
પૂજો બહુવિધ રાગથી, કહે શુભવીર મુણીંદ ॥ ૧૦ ॥

॥ आरतिज ॥

॥ અથ શ્રી શાંતિજિન આરતિ ॥

જય જય આરતિ શાંતિ તુમારી, ચરણકમલકી મેં જાઉં બલિહારી ॥ જય૦ ॥ ૧ ॥ વિશ્વસેન અચિરાજિકે નંદા, શાંતિનાથ મુખ પૂનમચંદા ॥ જય૦ ॥ ૨ ॥ ચાલીશ ધનુષ સોવનમય કાયા, મૃગ લંછન પ્રભુ ચરણ સુહાયા ॥ ॥જય૦॥૩॥ ચક્રવર્ત્તિ પ્રભુ પાંચમા સોહે, સોલમા જિનવર સુરનર મોહે ॥ જય૦ ॥૪॥ મંગળ આરતિ ભોરહિં કીજે, જન્મ જન્મનો લાહો લીજે ॥ જય૦ ॥ ૫ ॥ કરજોડી સેવક ગુણ ગાવે, સો નર નારી અમરપદ પાવે ॥ જય૦ ॥ ૬ ॥

॥ શ્રી આદિજિન આરતિ ॥

અપચ્છરા કરતી આરતિ જિન આગે ॥ હાં રે જિન આગે રે જિન આગે ॥ હાં રે એતો અવિચળ સુખડાં માગે ॥ હાં રે નાભિનંદન પાસ ॥ અપચ્છરા કરતી આરતિ જિન આગે ॥ ૧ ॥ તા થેઈ નાટક નાચતી પાય ઠમકે ॥ હાં રે દોય ચરણે ઝાંઝર ઝમકે ॥ હાં રે સોવન ઘૂઘરી ઘમકે ॥ હાં રે લેતી ફુદડી બાળ ॥ અ૦ ॥૨॥ તાલ મૃદંગને વાંસળી ડફ વીણા ॥ હાં રે રૂડા ગાવંતી સ્વર ઝીણા ॥ હાં રે મધુર સુરા સુર નયણાં ॥ હાં રે જોતી મુખડું નિહાલ ॥ અ૦ ॥ ૩ ॥ ધન્ય મરૂદેવી માતને પ્રભુ જાયા ॥ હાં રે તોરી કંચનવરણી કાયા ॥

હાં રે મેં તો પૂરવ પુન્યે પાયા ॥ હાં રે દેખ્યો તોરો દેદાર ॥ અ૦ ॥ ૪ ॥ પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો ॥ હાં રે પ્રભુ સેવક છું હું તારો ॥ હાં રે ભવોભવનાં દુઃખડાં વારો ॥ હાં રે તુમે દીન દયાળ ॥ અ૦ ॥ ૫ ॥ સેવક જાણી આપણો ચિત્ત ધરજો ॥ હાં રે મોરી આપદા સઘળી હરજો ॥ હાં રે મુનિ માણક સુખીઓ કરજો ॥ હાં રે જાણી પોતાનો બાળ ॥ અપચ્છરા કરતી આરતિ જિન આગે ॥ ૬ ॥

॥ શ્રી આદિજિન આરતિ ॥

જે જે આરતિ આદિ જિનંદા, નાભિરાયા મરૂદેવિકો નંદા ॥ જે જે આરતિ૦ ॥ ૧ ॥ પેહેલી આરતિ પૂજા કીજે, નરભવ પામી લાવો લીજે ॥ જે જે આરતિ૦ ॥ ૨ ॥ દુસરી આરતિ દીન દયાળ, ધુળવ મંડપમાં જગ અજવાળ્યાં ॥ જે જે આરતિ૦ ॥ ૩ ॥ તીસરી આરતિ ત્રિભોવન દેવા, સુરીનર ઇંદ્રિ કરે તોરી સેવા ॥ જે જે આરતિ૦ ॥ ૪ ॥ ચોથી આરતિ ચઉગતિ ચૂરે, મનવાંછિત ફળ શિવસુખ પૂરે ॥ જે જે આરતિ૦ ॥ ૫ ॥ પંચમી આરતિ પુન્ય ઉપાયો, મુળચંદજી રિખવ ગુણ ગાયો ॥ જે જે આરતિ૦ ॥ ૬ ॥

॥ શ્રી મહાવીરસ્વામિની આરતિ ॥

જય દેવ જય દેવ, જય સુખના સ્વામિ; (પ્રભુ૦ ૨) તુજને વંદન કરીએ, (૨) ભવ ભવના ભામી. જયદેવ૦ ૧ સિદ્ધારથના સુત, ત્રિસલાના જાયા; (પ્રભુ૦ ૨) જસોદાના છો

કુંથજી, (૨) ત્રિભુવન જગ રાયા. જયદેવ૦ ૨ બાળપણામાં આપ, ગયા રમવા કાજે; (પ્રભુ૦ ૨) દેવતાએ દીધો પડછાયો, (૨) બીવરાવવા કાજે. જયદેવ૦ ૩ એકવારનું રૂપ, લીધું છે નાગનું; (પ્રભુ૦ ૨) બીજીવારનું રૂપ, (૨) લીધું બાળકનું. જયદેવ૦ ૪ બાળક બીના સઉ, પોતે નથી બીતા; (પ્રભુ૦ ૨) દેવતાનું કાંઈ ન ચાલ્યું, (૨) 'હારી જતા રે'તા. જયદેવ૦ ૫ એવા છે ભગવાન,મહાવીર તમે જાણો;(પ્રભુ૦૨) વંદે છે સઉ તેને, (૨) નમે રાય રાણો. જયદેવ૦ ૬

॥ ચોવિશ તીર્થંકરની આરતિ ॥

જયદેવ જયદેવ, જયજય જિન ચંદા; (પ્રભુ૦ ૨) પરમ મહેશ્વર દેવા, (૨) અમૃત સુખકંદા. જયદેવ૦ ૧ આદિશ્વર જિનરાજ, સુનંદા સ્વામિ; (પ્રભુ૦ ૨) અજિત અચળ પદ પામ્યા, (૨) સંભવ ગુણગ્રામી. જય૦ ૨ અભિનંદન ભગવાન, સુમતિ જગ ત્રાતા; (પ્રભુ૦ ૨) પદ્મ, સુપાર્શ્વ, જીણંદા, (૨) અભયદાન દાતા. જય૦ ૩ ચંદ્ર, સુવિધિ, જગનાથ, શીતલ ઉપગારી; (પ્રભુ૦ ૨) શ્રી શ્રેયાંસને વંદુ, (૨) દુરિત પટળહારી. જય૦ ૪ વાસુપુજ્ય મહારાજ, વિમલ વિમળ પ્રાણી; (પ્રભુ૦ ૨) અનંત, ધર્મ પ્રભુજી, (૨) વરીયા શિવરાણી. જય૦ ૫ શાંતિ, કુંથું, અરનાથ, મંગલ કર મલ્લિ; (પ્રભુ૦ ૨) મુનિસુવ્રત, નમિ, નેમ, (૨) કાપો અઘવલ્લિ. જય૦ ૬ પાર્શ્વનાથ, મહાવીર, જગ જન હિતકારી; (પ્રભુ૦ ૨) શિવસુખ

અમને આપો, (૨) ભવજલધિ તારી. જય૦ ૭ માણિક જૈન સમાજ, અવિરત ગુણ ગાવે; (પ્રભુ૦ ૨) પદ પંકેરૂહ પ્રણમી, (૨) સમકિત બીજ વાવે. જયદેવ૦ ૮

॥ અથ શ્રી મંગળદીવો ॥

દીવો રે દીવો મંગળિક દીવો, આરતિ ઉતારોને બહુ ચિરંજીવો; સોહામણો ઘેર પરવ દીવાળી, અમર ખેલે અબળા નારી. દીપાળ ભણે એને કરે અજુઆળી, ભાવે ભગતે વિઘન નિવારી; દીપાળ ભણે જેને એ કળી કાળે, આરતિ ઉતારો રાજા કુમારપાળે. તમ ઘર મંગળિક અમ ઘર મંગળિક, મંગળિક ચતુરવિધ સંઘને હોજો; દીવો રે દીવો મંગળિક દીવો, આરતિ ઉતારોને બહુ ચિરંજીવો.

॥ અથ શ્રી મંગળ ચાર ॥

ચારો મંગળ ચાર, આજ મ્હારે ચારો મંગળ ચાર ॥ દેખ્યો દરસ સરસ જિનજીકો, શોભા સુંદર સાર ॥આજ૦॥ ॥૧॥ છિનું છિનું છિનું મન મોહન ચરચો, ઘસી કેસર ઘંન સાર ॥ આજ૦ ॥૨॥ વિવિધ જાતિકે પુષ્પ મગાવો, મોઘર લાલ ગુલાલ ॥આજ૦॥૩॥ ધૂપ ઉખેવોને કરો આરતિ, મુખ બોલો જયકાર ॥ આજ૦ ॥ ૪ ॥ હર્ષ ધરી આદિશ્વર પૂજો, ચોમુખ પ્રતિમા ચાર ॥આજ૦॥૫॥ હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવપાર ॥ આજ૦ ॥ ૬ ॥ સકલચંદ સેવક જિનજીકો, આનંદઘન ઉપકાર ॥ આજ૦ ॥ ૭ ॥

અમદાવાદ શેહેરનાં દેહેરાસરો, મૂળનાયકનું નામ અને વર્ષગાંઠનો દિવસ તથા ઘરદેહેરાસરોની વિગત.

મૂળનાયકનું નામ	વર્ષગાંઠની તિથી
રતનપોળમાં—નગીનાપોળ.	
૧ આદેશ્વર ભગવાનનું	ફાગણ વદી ૭
રતનપોળમાં શેઠની પોળ.	
ઘર દેહેરાસર	
૧ શેઠ ભુનાભાઈ મોતીચંદના ઘરમાં પાર્શ્વનાથ	
રતનપોળમાં ફતેભાઈની હવેલી.	
ઘર દેહેરાસર	
૧ શેઠ ફતેભાઈ મોતીચંદના ઘરમાં શાંતિનાથ	
રતનપોળમાં હાથીખાનાસામે.	
૧ મહાવીરસ્વામિનું	મહા વદી ૧૩
રતનપોળમાં નાગોરીશાળા	
ઘર દેહેરાસર	
૧ મોહનલાલ લલ્લુભાઈના ઘરમાં પાર્શ્વનાથ	

મૂળનાયકનું નામ	વર્ષગાંઠની તિથી
રતનપોળમાં સારીઆપાર્શ્વનાથની ખડકી.	
૧ પાર્શ્વનાથનું	શ્રાવણ સુદી ૩
૨ ધર્મનાથનું	માગસર સુદી ૬
પાંજરાપોળ.	
૧ શાશ્વતાજિનનું	મહા વદી ૭
૨ શાંતિનાથનું	વૈશાખ વદી ૬
૩ શીતળનાથનું	જેઠ સુદી ૧૦
૪ વાસુપુજ્ય સ્વામિનું	વૈશાખ સુદી ૫
દાદાસાહેબની પોળ.	
૧ શાંતિનાથનું	શ્રાવણ સુદી ૧૩
૨ આદેશ્વરભગવાનનું	શ્રાવણ સુદી ૧૫
દેવસાનો પાડો.	
૧ શાંતિનાથનું	શ્રાવણ સુદી ૧૩

મૂળનાયકનું નામ.	વર્ષગાંઠની તિથી
૨ ચિંતામણપાર્શ્વનાથનુ	શ્રાવણ વદી ૮
૩ શામળાપાર્શ્વનાથનુ	શ્રાવણ વદી ૮
૪ ધર્મનાથનુ	શ્રાવણ વદી ૯
શેખનો પાડો.	
૧ વાસુપૂજ્યસ્વામિનુ	શ્રાવણ સુદી ૮
૨ શિતળનાથનું	શ્રાવણ સુદી ૮
૩ શાતિનાથનુ	શ્રાવણ સુદી ૮
૪ અજિતનાથનુ	શ્રાવણ સુદી ૮
નીશાપોળ.	
૧ વાસુપૂજ્યસ્વામિનુ	
૨ શાંતિનાથનુ	શ્રાવણ વદી ૯
૩ શાંતિનાથનું	માગસર વદી ૭
૪ જગવલ્લભપાર્શ્વનાથનું	વૈશાખ વદી ૬
૫ ચિંતામણપાર્શ્વનાથનુ	શ્રાવણ વદી ૪
ઘર દેહેરાસર	
૧ વાડીલાલ દોલતરામના ઘરમા ગોડીપાર્શ્વનાથનુ	
લેંબીઆપોળ.	
૧ મહાવીરસ્વામિનુ	માહા શુદી ૫ અને ચૈતર સુદી ૧૩

મૂળનાયકનુ નામ.	વર્ષગાંઠની તિથી.
ઝવેરી પોળ.	
૧ મહાવીરસ્વામિનું	શ્રાવણ સુદી ૧
ખડતરની ખડકી.	
ઘર દેહેરાસર	
૧ મણીલાલ છગનલાલના ઘરમા ગોડીપાર્શ્વનાથ	
સોદાગરની પોળ.	
૧ શાન્તિનાથનુ	શ્રાવણ સુદી ૧૩
સંભવનાથની ખડકી.	
૧ ધર્મનાથનું	જેઠ વદી ૯
૨ મહાવીરસ્વામિનુ	જેઠ વદી ૯
૩ સુપાર્શ્વનાથનુ	જેઠ વદી ૯
૪ સંભવનાથનુ	જેઠ વદી ૯
કોઠારી પોળ બહાર ડેહેલામાં.	
ઘર દેહેરાસર	
૧ મોહનલાલ હેમચંદના ઘરમા આદેશ્વરભગવાન	
ચોમુખની ખડકી.	
૧ શાંતિનાથનુ	માગસર વદી ૮

મૂળનાયકનું નામ.	વર્ષગાંઠની તિથી.

સુતારની ખડકી.

૧ અજિતનાથનું	જેઠ સુદી ૭

વાઘણ પોળ.

૧ અજિતનાથનું	ફાગણ સુદી ૪
૨ આદેશ્વર ભગવાનનું	મહા વદી ૭
૩ ચિંતામણી પાર્શ્વનાથનુ	મહા વદી /
૪ સંભવનાથનું	મહા વદી /
૫ સુમતિનાથનુ	મહા વદી /
૬ કેશરીઆજીનુ	શ્રાવણ સુદી ૧૦
૭ સુવિધિનાથનુ	મહા વદી ૧૩

મહુરત પોળ.

૧ શિતલનાથનું	શ્રાવણ સુદી ૬

ખેતરપાળની પોળ.

૧ સંભવનાથનું	શ્રાવણ વદી ૧૦

ઘર દેહેરાસરો.

૧ માણાભાઇ પરસોતમના ઘરમાં શ્રેયાંસનાથ.
૨ ધરમચંદ ફુલચંદના ઘરમાં શાંતિનાથ.

મૂળનાયકનું નામ	વર્ષગાંઠની તિથી.

હાજાની ખડકી.

૧ વિમળનાથનુ	મહા સુદી ૫

ઘર દેહેરાસર

૧ મગનલાલ મોતીચંદના ઘરમા આદેશ્વરભગવાન

ઘાંચીની પોળ.

૧ સંભવનાથનુ	જેઠ સુદી ૬

ઘર દેહેરાસરો

૧ સાકરચંદ મુળચંદના ઘરમા મુનિસુવ્રતસ્વામી
૨ ભગુભાઈ નાથજીના ઘરમા અરનાથ
૩ મનસુખરામ પ્રેમચંદના ઘરમા ઋષભદેવ.
૪ વાડીલાલ પુંજાભાઈના ઘરમાં ચંદ્રપ્રભુ
૫ ચુનીલાલ નગીનદાસના ઘરમા પાર્શ્વનાથ
૬ હઠીસંગ દલસુખરામના ઘરમાં આદેશ્વરભગવાન.
૭ વાડીલાલ ઉમેદરામના ઘરમા પાર્શ્વનાથ

દેડકાની પોળ.

ઘર દેહેરાસર.

૧ શેઠ અમરતલાલ વાડીલાલના ઘરમા કુંથુનાથ.

રૂપાસુરચંદની પોળ.

૧ વાસુપૂજ્યસ્વામિનું	મહા સુદી ૧૩

મૂળનાયકનું નામ.	વર્ષગાંઠની તિથી.
૩ સામળાપાર્શ્વનાથનું	વૈશાખ સુદી ૬

ઘર દેહેરાસરો.

૧ ફકીરચંદ મુળચંદના ઘરમા સુવિધિનાથ

૨ હરીભગત ખુશાલદાસના ઘરમા શાંતીનાથ.

વાઘેશ્વરની પોળ.

૧ આદિશ્વરભગવાનનુ	માગસર શુદી ૬

કામેશ્વરની પોળ.

૧ સંભવનાથનુ	માહા સુદી ૧૦

ટાળની પોળ

૧ મુનિસુવ્રત સ્વામિનુ	શ્રાવણ વદી ૧

કાકાબળીઆની પોળ.

૧ સુવિધિનાથનુ	મહા સુદી ૧૩

ઘર દેહેરાસર

૧ પાનાચંદ અમથાશાના ઘરમા વિમળનાથ

૨ ચકલ રતનચંદના ઘરમા મહાવીરસ્વામિ

હરીકીશનદાસશેઠની પોળ.

૧ શાંતિનાથનુ	જેઠ સુદી ૩

ચકાપકાની ખડકી.

ઘર દેહેરાસર.

૧ હીરાચંદ દોલતરામના ઘરમા પાર્શ્વનાથ.

મૂળનાયકનું નામ.	વર્ષગાંઠની તિથી.

ઘર દેહેરાસરો

૧ લલ્લુભાઇ ગુલાબચંદના ઘરમા આદિનાથ

૨ જેઠાભાઇ અનોપચંદના ઘરમા વાસુપૂજ્યસ્વામિ.

૩ કેવળદાસ જેઠાના ઘરમા ચંદ્રપ્રભુ.

૪ ચીમનલાલ વીરચંદના ઘરમા મલ્લિનાથ

લવારની પોળ.

૧ અજિતનાથનુ	મહાવદી ૧૧

ગુસાપારેખની પોળ.

૧ ધર્મનાથનુ	શ્રાવણ વદી ૪

ઘર દેહેરાસરો

૧ મગનલાલ ડાકરશીના ઘરમા પાર્શ્વનાથ

૨ વાડીલાલ મગનલાલના ઘરમા શાંતિનાથ

ધનપીંપળીની ખડકી.

૧ વાસુપૂજ્યસ્વામિનુ	શ્રાવણ વદી ૧૧

ઘર દેહેરાસર.

૧ છગનલાલ હેમચંદના ઘરમા શીતલનાથ

સામળાની પોળ.

૧ મહાવીરસ્વામિનુ	વૈશાખ વદી ૧૨
૨ શ્રેયાંસનાથનુ	ફાગણ સુદી ૨

મૂળનાયકનું નામ	વર્ષગાંઠની તિથી.

ભઠ્ઠીની પોળ.

૧ વીરવિજયજીના ઉપાશ્રયમાં અજિતનાથનું

પતાસાની પોળ.

૧ મહાવીરસ્વામિનુ	માગશર સુદી ૭
૨ શ્રેયાંશનાથનુ	શ્રાવણ વદી ૫
૩ સુમતિનાથનુ	જેઠ સુદી ૨
૪ વાસુપૂજ્ય સ્વામિનુ	શ્રાવણ સુદી ૧

ઘર દેહેરાસર

પતાસાની પોળ સડક ઉપર.

૧ નગીનભાઈ ગગલચંદના ઘરમા પાર્શ્વનાથ.
૨ સુરચંદ વખતચંદના ઘરમા પાર્શ્વનાથ
૩ ઉમેદરામ નથુભાઈના ઘરમા આદેશ્વરભગવાન.

અઢાસાની ખડકી.

૧ ઉમેદચંદ દલીચંદના ઘરમા પાર્શ્વનાથ.

ખારાકુવાની પોળ.

૧ નાનચંદ સરૂપચંદના ઘરમા મહાવીરસ્વામિ.

નવી પોળ.

૧ ઉમેદરામ મંછારામના ઘરમા સુમતીનાથ.
૨ તનકચંદ હેમચંદના ઘરમા આદેશ્વરભગવાન.

મૂળનાયકનું નામ.	વર્ષગાંઠની તિથી

સમેતશિખરની પોળ.

૧ ગોડીપાર્શ્વનાથનું	માગશર સુદી ૧૦

સુરદાસશેઠની પોળ.

૧ આદેશ્વરભગવાનનુ	શ્રાવણ વદી ૧

ઘર દેહેરાસર.

૧ સાકરચંદ એહેચરદાસના ઘરમા સુવિધિનાથ
૨ છગનલાલ જેઠાભાઈના ઘરમા અજિતનાથ

લાલાભાઈની પોળ.

૧ વિમળનાથનુ	મહા વદી ૮

નાગજીભુદરની પોળ.

૧ શાંતિનાથનુ	ફાગણ વદી ૩
૨ સંભવનાથનુ	જેઠ સુદી ૧૦

ઘર દેહેરાસર.

૧ લલ્લુભાઈ ભાઈચંદના ઘરમા અજિતનાથ
૨ મનસુખ માણેકચંદના ઘરમા સુમતિનાથ
૩ કચરાભાઈ અમરતલાલના ઘરમા પદ્મપ્રભુ.
૪ રૂપચંદ નાનચંદના ઘરમા ધમનાથ.
૫ લલ્લુભાઈ દરગાચંદના ઘરમા વાસુપૂજ્યસ્વામિ.

મૂળનાયકનું નામ.	વર્ષગાંઠની તિથી.

ડોશીવાડાની પોળને નાકે.

૧ અષ્ટાપદજીનું	વૈશાખ સુદી ૫
૨ નંદીશ્વરદ્વીપનું	ફાગણ સુદી ૩
૩ શાશ્વતાજિનનું	ફાગણ વદી ૩
૪ પાર્શ્વનાથનુ (વિદ્યાશાળામા)	વૈશાખ સુદી ૬

કસુંબાવાડો.

૧ આદિશ્વરભગવાનનુ	શ્રાવણ સુદી ૧૩

ઘર દેહેરાસરો

૧ પુંજાભાઈ હઠીસંગના ઘરમા શાન્તિનાથ.

૨ ડાહ્યાભાઈ ચુનીલાલના ઘરમા પદ્મપ્રભુ

તંબોળીવાડો.

ઘર દેહેરાસર

૧ ઝવેરી વાડીલાલ વખતચંદના ઘરમા સંભવનાથ.

ભાભાપાર્શ્વનાથનો ખાંચો.

૧ ભાભાપાર્શ્વનાથનુ	શ્રાવણ સુદી ૪

મંધરસ્વામિનો ખાંચો.

૧ મંધરસ્વામિનું	શ્રાવણ વદી ૧૧

મૂળનાયકનું નામ	વર્ષગાંઠની તિથી.

ચોળીઆની ખડકી.

૧ લલ્લુભાઈ નાલકચંદના ઘરમા વિમલનાથ.

૨ નેમચંદ સુરચંદના ઘરમા સંભવનાથ.

બ્રહ્મપુરી.

૧ બાલાભાઈ મનસુખરામના ઘરમાં ચંદ્રપ્રભુ.

૨ ચંદુલાલ બહેચરના ઘરમા રીખવદેવ.

હીરાભાઈની ખડકી.

૧ હરીલાલ પ્રેમાભાઈના ઘરમા આદિશ્વરભગવાન

૨ નગીનદાસ હીરાભાઈના ઘરમા ધર્મનાથ.

ઉમાભાઈ રૂપચંદનો ખાંચો.

૧ જેઠાભાઈ ધરમચંદના ઘરમા પાર્શ્વનાથ.

૨ પોપટલાલ હઠીસંગના ઘરમા સુમતીનાથ

૩ મણીલાલ હીરાભાઈના ઘરમા વાસુપૂજ્યસ્વામિ

ગોકળભાઈની ખડકી.

૧ કરમચંદ ગોકળદાસના ઘરમા રીખવદેવ.

લાલા હરખચંદનો ખાંચો.

૧ જેશંગભાઈ દલસુખરામના ઘરમા કુંથુનાથ

મળનાયકનું નામ.	વર્ષગાંઠની તિથી.
૭ સુપાર્શ્વનાથનું	પોષ સુદી ૧૫

ઘર દેહેરાસરો

૧ મયાભાઇ પ્રેમચંદના ઘરમા પાર્શ્વનાથ.
૨ લાલદાસ રતનચંદના ઘરમા શાંતિનાથ
૩ શેઠ સાકળચંદ મોહોલાલના ઘરમા શાંતિનાથ

પાછીઆની પોળ.

૧ આદિશ્વર ભગવાનનું	મગસર સુદી ૬
૨ અજિતનાથનું	વૈશાખ સુદી ૧૦
૩ ધર્મનાથનું	વૈશાખ સુદી ૩

ઘર દેહેરાસરો

૧ મોતીલાલ લાલદાસના ઘરમા વાસુપૂજ્યસ્વામિ.
૨ હીરાચંદ જોઇતાના ઘરમા ચંદ્રપ્રભુ
૩ કરમચંદ અનોપચંદના ઘરમા પાર્શ્વનાથ
૪ ડાહ્યાભાઇ મુળચંદના ઘરમા સંભવનાથ
૫ અમથાલાલ હકમચંદના ઘરમા મહાવીરસ્વામિ
૬ રવચંદ હકમચંદના ઘરમા પદ્મપ્રભુ
૭ ડાહ્યાભાઇ કરમચંદના ઘરમા શાંતિનાથ

પીંપરડીની પોળ.

૧ સુમતિનાથનું	શ્રાવણ વદી ૯

મળનાયકનુ નામ	વર્ષગાંઠની તિથી

ઘર દેહેરાસરો.

૧ બાલાભાઈ સવચંદના ઘરમા ચંદ્રપ્રભુ
૨ જેઠાભાઈ ઝવેરદાસના ઘરમા શાંતિનાથ

ટંકશાળ.

૧ ધર્મનાથનુ	શ્રાવણ સુદી ૭

ગલામંજીની પોળ.

ઘર દેહેરાસર

૧ ચુનીલાલ દોલતરામના ઘરમા પાર્શ્વનાથ

શાંતિનાથની પોળ.

૧ ચંદ્રપ્રભુનુ	માગસર વદી ૧૨
૨ શાંતિનાથનુ	કારતક સુદી ૩
૩ પાર્શ્વનાથનુ	શ્રાવણ વદી ૯
૪ પદ્મપ્રભુનુ	શ્રાવણ સુદી ૩

ઘર દેહેરાસરો

૧ ઉમેદરામ ગુલચંદના ઘરમા શીતલનાથ
૨ વાડીલાલ માણેકચંદના ઘરમા રીખવદેવ

સાંમળજીમંદીરની પોળ.

૧ મહાવીરસ્વામિનુ	વૈશાખ વદી ૭

ભગવાનનું નામ	વર્ષગાંઠની તિથી.

ધનજીકાશીની ખડકી.

ઘર દેહરાસર.

૧ દોલતરામ ત્રવડના ઘરમાં શાંતિનાથ

૨ દોલતરામ કેશવલાલના ઘરમા મુનિસુવ્રતસ્વામિ

લક્ષ્મીનારણની પોળ.

૧ કુંથુનાથનુ	મહા સુદી ૧૩

ઘર દેહરાસર.

૧ લલુભાઈ નથુભાઈના ઘરમા શીતલનાથ

કાળુસંગની પોળ.

૧ અજિતનાથનુ	ફાગણ સુદી ૩
૨ વિજયચિંતામણીપાર્શ્વનાથનુ	શ્રાવણ સુદી ૧૦
૩ સંભવનાથનુ	પોષ વદી ૧૦
૪ શાંતિનાથનુ	શ્રાવણ સુદી ૧૧

ઘર દેહરાસર.

૧ શનાભાઈ હુકમચંદના ઘરમા અજિતનાથ.

ધનાસુતારની પોળમાં હાંલ્લાપોળ.

૧ કુંથુનાથનુ	શ્રાવણ વદી ૪
૨ શાંતિનાથનું	શ્રાવણ વદી ૧

ભગવાનનું નામ	વર્ષગાંઠની તિથી

ઘર દેહરાસર.

૧ કેશવલાલ મગનલાલના ઘરમા અજિતનાથ

૨ નથુભાઈ ફુલચંદના ઘરમા સુમતિનાથ

ખારાકુવાની પોળ.

૧ સંભવનાથનુ	શ્રાવણ વદી ૯

લાંબેસર.

૧ સામળાપાર્શ્વનાથનુ	વૈશાખ વદી ૮
૨ ચિંતામણીપાર્શ્વનાથનુ	શ્રાવણ વદી ૧૩
૩ સહસ્ત્રફણાપાર્શ્વનાથનુ	મહા વદી ૫

ટેમલાની પોળ.

૧ નેમનાથનુ	વૈશાખ સુદી ૩

ઘર દેહરાસર

૧ શેઠ મનસુખભાઈ ભગુભાઈના ઘરમા અજિતનાથ

ઝાંપડાની પોળ.

૧ આદિશ્વરભગવાનનુ	પોષ વદી ૮

રાજાંમહેતાની પોળમાં ટોડાની પોળ.

૧ આદિશ્વરભગવાનનુ	વૈશાખ વદી ૬

ઘર દેહેરાસર

૧ બીખાભાઈ નેનચંદના ઘરમા પાર્શ્વનાથ

લાવરીની પોળ.

૧	વાસુપૂજ્ય સ્વામિનુ	આસો સુદી	૮

સદાઆમજીની પોળ.

૧	શાન્તિનાથનુ	માહા સુદી	૧૦

ભંડેરીપોળમાં વાણીયાશેરી.

૧	શાન્તિનાથનુ	શ્રાવણ સુદી	૧૧

સોભારામસુરતીની પોળ.

૧ નાનાચંદ માણેકચંદના ઘરમા શાન્તિનાથ

રીચીરોડ સડક ઉપર.

૧ ભાઈલાલ જગલ ભાઈના ઘરમા શાન્તિનાથ

ચંગપોળમાં પાડાપોળ.

૧	નેમીનાથ ભગવાનનુ	શ્રાવણ સુદી	૮

ઘર દેહેરાસર

૧ મગનલાલ પુનમભાઈના ઘરમા શાન્તિનાથ

પાંચકુવા ચાર રસ્તા ઉપર.

૧	સંભવનાથનુ	જેઠ સુદી	૫

ખાડીયામાં ભાણુદાસ સદાવ્રતનીપોળ.

૧	મહાવીરસ્વામિનુ	જેઠ વદી	૯

સારંગપુર તળીયાની પોળ.

૧	પદ્મપ્રભુનુ	વૈશાખ સુદી	૭
૨	સુમતિનાથનુ	ફાગણ સુદી	૨
૩	પાર્શ્વનાથનુ	ફાગણ સુદી	૩

ઘર દેહેરાસર

૧ ખુશાલ દીપચંદના ઘરમા પદ્મપ્રભુ

શેઠ દલપતભાઈના વંડે.

૧	શાન્તિનાથ	શ્રાવણ સુદી	૧૫

શેઠ પ્રેમાભાઈ હેમાભાઈના વંડે.

૧	ઉગાવણાપાર્શ્વનાથ	જેઠ સુદી	૧૦

શેઠ જેશંગભાઈની વાડી.

૧	આદિશ્વરભગવાન	જેઠ સુદી	૧૦

શેઠ મગનભાઈની વાડી.

૧	પદ્મપ્રભુનુ	માહા સુદી	૯

પંચભાઈની પોળ.

૧	આદિશ્વરભગવાનનુ	વૈશાખ વદી	૬
૧	શાન્તિનાથનુ	આસો સુદી	૧૦

ઘર દેહેરાસર.

૧ નગીનદાસ છોટાલાલના ઘરમા શિતલનાથ.

કીકાભટની પોળ

૧	વિમળનાથનુ	શ્રાવણ વદી	૧

૨ ડોહળાપાર્શ્વનાથનું શ્રાવણ સુદી ૧૦

લુણસાવાડે મોટી પોળ.

૧ સંભવનાથનું ફાગણ સુદી ૫

ઘર દેહેરાસર

૧ શા વાડીલાલ હકમચંદના ઘરમાં સંભવનાથ

જુના મહાજનવાડે.

૧ સુમતિનાથ શ્રાવણ સુદી ૭

શાહાપુરમાં કુવાવાળી પોળ

૧ સંભવનાથનું શ્રાવણ સુદી ૧૦

ચુનારાનો ખાંચો.

૧ પાર્શ્વનાથનું માહા સુદી ૧૫
૨ ચંદ્રપ્રભુનું માહા સુદી ૫

ઘર દેહેરાસર

૧ જેચંદ મહાનુભગમના ઘરમાં આદિશ્વરભગવાન
૨ વરજીવન નથુભાઈના ઘરમાં શીતલનાથ

મંગળપારેખનો ખાંચો.

૧ શાંતિનાથનું ફાગણ સુદી ૩
૨ ગોડીપાર્શ્વનાથનું ફાગણ વદી ૭

રેવાદાસની પોળ.

૧ ત્રીકમલાલ મંછારામના ઘરમાં શાંતિનાથ.

દરવાજાનો ખાંચો.

૧ કુંથુનાથનું વૈશાખ વદી ૬
૨ પાર્શ્વનાથનું વૈશાખ સુદી ૬

ઘર દેહેરાસર

૧ જેચંદ પ્રેમચંદના ઘરમાં શાંતિનાથ

શેઠ મનસુખભાઈના બંગલે.

૧ આદિશ્વરભગવાન શ્રાવણ સુદી ૩

દીલ્હી દરવાજા બહાર હઠીભાઈની વાડી.

૧ ધર્મનાથ શ્રાવણ વદી ૮
૨ ધર્મનાથ માહા વદી ૧૧

જમાલપુર ટોકરશાની પોળ.

૧ પાર્શ્વનાથનું માહા સુદી ૧૫

હરિપુર.

૧ વાસુપૂજ્યસ્વામિનું ફાગણ વદી ૧

રાજપુર.

૧ ચિંતામણીપાર્શ્વનાથનું શ્રાવણ સુદી ૧

સરસપુર.

૧ સુમતિનાથનું માહા વદી ૪

શેઠ જમનાભાઈની મીલ.

૧ પાર્શ્વનાથનું જેઠ સુદી ૬

સાધુ સાધ્વિના ઉપાશ્રયની વિગત.

સાધુના.

ડોસીવાડાની પોળમા (ડહેલાના)	૧
દેવસાના પાડે	૧
હાજાપટેલની પોળમા (વિમળના)	૧
હાજાપટેલની પોળમા શાન્તિનાથની પોળમા	૧
કાળુસંગની પોળમા	૧
રાજામહેતાની પોળમા લક્ષ્મીનારાણની પોળમા	૧
સારંગપુર તળીયાની પોળમા	૧
ભઠ્ઠીની બારી પાસે (વીરવિજયના)	૧
એતરપાળની પોળમા	૧
લુણસાવાડે મોટીપોળ	૧
શાહપુર મંગળપારેખના ખાંચે	૧
સ્વામિનારાયણના મંદિર પાસે (શાન્તિસાગરના)	૧
દાદાસાહેબની પોળમા	૧
ઝવેરીવાડે નાગોરીશાળામા	૧
ઝવેરીવાડે આગલીપોળમા	૧
ઝવેરીવાડે વાઘણપોળમા	૧
પાંજરાપોળમા	૧
સરસપુર વાસણશેરીમાં	૧
માંડવીની પોળમા લાલાભાઇની પોળમા	૧
લવારની પોળમા	૧
ધાચીની પોળમા	૧
સામળાની પોળમા	૧
રાજપુરમા	૧
હરીપુરમા	૧

સાધ્વિના.

હાજાપટેલની પોળમા શાન્તીનાથની પોળ પાસે	૧
,, ,, પાછીઆની પોળમાં	૧
,, ,, પીપરડીની પોળમા	૧
,, ,, બારાકુવાની પોળમા	૧
કાળુસંગની પોળમા	૧
ઝાપડાની પોળમા	૧
ચંગપોળમા	૧
ચંગપોળમા પાડાપોળમાં	૧

ધનાસુતાની પોળમાં	૧
ધનાસુતાની પોળમા હાજા પોળમા	૧
સારંગપુર તળીઆની પોળમા	૧
કતાસાની પોળમા	૧
કમુનાનાકાની પોળમા	૧
માડવીની પોળમા નાગજીભુદરની પોળમા	૧
માડવીની પોળમા મ કાટી પોળમા	૧
માડવીની પોળમા લાલાભાઈની પોળમા	૧
માડવીની પોળમા મુનામશેઠની પોળમા	૧
માડવીની પોળમા ડ ડ ગાઆની પોળમા	૧
ટાળાની પોળમા	૧
વાઘેશ્વરની પોળમા	૧
સામળાની પોળમા	૧
લવારની પોળમા	૧
ગુસાપારેખની પોળમા	૧
દેપાસુરચંદની પોળમા	૧
ઘાંચાની પોળમાં	૧
ફાદાની ખડકીમા	૧
ઝવેરીવાડે શેખનાપાડે	૧
ઝવેરીવાડે ખડતરની ખડકીમા	૧
ઝવેરીવાડે કાકાડી પોળમા	૧
ઝવેરીવાડે વાઘણ પોળમા	૧
દેવસાનાપાડે	૧
પાજરા પોળમા	૧
ડોશીવાડાની પોળમા મહાવીરસ્વામિની પોળમા	૧
શાહપુર દરવાજાના ખાંચે	૧
શાહપુર દોલતના ખાંચે	૧
શાહપુર મંગળપારેખના ખાંચે ન્વાતામની પોળમા	૧
ગુસાંઆવાડે મોટીપોળમા	૧
પંચભાઈની પોળમા	૧
કટકીયાવાડ	૧
સરસપુર વાસણશેરીમા	૧

ગુજરાતમાં આવેલા અણહીલપુરપાટણનાં મુખ્ય દેહેરાસરો તથા દેહેરાસરોની અંદર આવેલા દેહેરાસરોની વિગત.

મહોલ્લા અગર પોળનું નામ		શ્રી મૂળનાયકનું નામ
પચાસરાજી	૧	શ્રી મહાવીરસ્વામિ
,,	૨	શ્રી સુમતિનાથજી
,,	૩	શ્રી પચાસરપાર્શ્વનાથ
,,	૪	શ્રી ગોડીપાર્શ્વનાથજી
,,	૫	શ્રી અજીતનાથજી
,,	૬	શ્રી ચૌમુખજી
,,	૭	શ્રી ચિંતામણપાર્શ્વનાથ
,,	૮	શ્રી શાંતિનાથજી
,,	૯	શ્રી મહાવીરસ્વામિ
,,	૧૦	શ્રી ધર્મનાથજી
,,	૧૧	શ્રી સુપાર્શ્વનાથજી
,,	૧૨	શ્રી નવખંડપાર્શ્વનાથ

મહોલ્લા અગર પોળનું નામ		શ્રી મૂળનાયકનું નામ
કોટાવાળાની ધર્મશાળા	૧	શ્રી થભણપાર્શ્વનાથ
ટાંકનો પાડો	૧	શ્રી કેકાપાર્શ્વનાથ
	૨	શ્રી અભિનંદનસ્વામિ
ખેતરપાળનો પાડો	૧	શ્રી શીતલનાથજી
પડી ગુંદીનો પાડો	૧	શ્રી શીતલનાથજી
ઢંઢેર વાડો	૧	શ્રી કલીકુંડપાર્શ્વનાથ
	૨	શ્રી મહાવીરસ્વામિ
	૩	શ્રી શામળાજી
માંકતીઆ મહેતાનો પાડો	૧	શ્રી મુનિસુવ્રતસ્વામિ
	૨	શ્રી ભીડભંજનપાર્શ્વનાથ
વખારનો પાડો	૧	શ્રી શાંતિનાથજી
,,	૨	શ્રી ચંદ્રપ્રભુજી

ગોદડનો પાડો	૧ શ્રી આદિનાથજી
,,	૨ શ્રી નેમિનાથજી
,,	૩ શ્રી ચંદ્રપ્રભુજી
,,	૪ શ્રી ચૌમુખજી
મહાલક્ષ્મીનો પાડો	૧ શ્રી મુનિસુવ્રત સ્વામિ
,,	૨ શ્રી સુમતિનાથજી

શાહીવાડો.

ગોલવાડની શેરી	૧ શ્રી ચંપાપાર્શ્વનાથજી
,,	૨ શ્રી ગોડીપાર્શ્વનાથજી
નાગજીનો પાડો.	૧ શ્રી સીમંધરદેવજી
ધાંધલ	૧ શ્રી સંભવનાથજી
કલારવાડો	૧ શ્રી શાંતિનાથજી
તરસેરીઆનો પાડો	૧ શ્રી નેમિનાથજી
,,	૨ શ્રી પાર્શ્વનાથજી
,,	૩ શ્રી મલ્લિનાથજી
,,	૪ શ્રી શાન્તિનાથજી
કટકીયાવાડો.	૧ શ્રી આદિશ્વરજી
ચીયાનો પાડો.	૧ શ્રી શાંતિનાથજી
,,	૨ શ્રી કોકાપાર્શ્વનાથ
વાગોળનો પાડો	૧ શ્રી આદિશ્વરજી
પચોટીનો પાડો	૧ શ્રી ઋષભદેવજી
ગમાવાડો	૧ શ્રી શાન્તિનાથજી
,,	૨ શ્રી આદિશ્વરભગવાન
અદુવસાનો પાડો	૧ શ્રી શાન્તિનાથજી
ખેતરવસીનો પાડો	૧ શ્રી શામળાપાર્શ્વનાથ
,,	૨ શ્રી અજિતનાથ
,,	૩ શ્રી ઋષભદેવજી
,,	૪ શ્રી ઋષભદેવજી
,,	૫ શ્રી શાન્તિનાથજી
	૬ શ્રી મહાદેવાપાર્શ્વનાથજી
,,	૭ શ્રી વિમળનાથજી
બ્રાહ્મણવાડો	૧ શ્રી શાન્તિનાથજી
કનાસાનો પાડો	૧ શ્રી શાન્તિનાથજી
,,	૨ શ્રી શીતલનાથજી
,,	૩ શ્રી શાન્તિનાથજી
,,	૪ સાધુ પનાલાલનુ
લીંબડીનો પાડો	૧ શ્રી શાંતિનાથજી
ભાભાનો પાડો	૧ શ્રી ભાભાપાર્શ્વનાથજી
ખજુરીનો પાડો.	૧ શ્રી મનમોહનપાર્શ્વનાથજી

વાસુપૂજ્યની ખડકી.	૧	શ્રી વાસુપૂજ્યસ્વામિજી
સંઘવીનો પાડો.	૧	શ્રી વિમલનાથજી
,,	૨	શ્રી મનમોહનપાર્શ્વનાથજી
કસુંબીઆવાડો.	૧	શ્રી શીતલનાથજી
,,	૨	શ્રી ગોડીપાર્શ્વનાથજી
અભજી મહેતાનો પાડો	૧	શ્રી શીતલનાથજી
બળીયા પાડો.	૧	શ્રી આદિશ્વરજી
ચોખાવટીયાનો પાડો	૧	શ્રી આદિશ્વરજી
,,	૨	શ્રી ધર્મનાથજી
,,	૩	શ્રી શાન્તિનાથજી
કેસુ શેઠનો પાડો.	૧	શ્રી અજિતનાથજી
નિશાળનો પાડો	૧	શ્રી સુમતિનાથજી
લખીઆરવાડો.	૧	શ્રી સીમધરસ્વામિજી
,,	૨	શ્રી મુનિસુવ્રતસ્વામિજી
,,	૩	શ્રી મનમોહનપાર્શ્વનાથ
મસ્યાનનો પાડો	૧	શ્રી મલ્લિનાથજી
શામળાજી(જોગીવાડો)	૧	શ્રી શામળાપાર્શ્વનાથજી
ઢંઢેરીયાવાડો.	૧	શ્રી શાન્તિનાથજી
,,	૨	શ્રી સંખેશ્વરપાર્શ્વનાથજી

ઢંઢેરીયાવાડો.	૩	શ્રી મનમોહનપાર્શ્વનાથજી
,,	૪	શ્રી સભવનાથજી
,,	૫	શ્રી મુનિસુવ્રતસ્વામિ
,,	૬	શ્રી નેમિનાથજી
મોનીવાડો.	૧	શ્રી મહાવીરસ્વામિ
,,	૨	શ્રી શાન્તિનાથજી
મણીઆતી પાડો.	૧	શ્રી મહાવીરસ્વામિ
,	૨	શ્રી આદિશ્વરજી
,,	૩	શ્રી સહસ્ત્રકુટજી
ડંકમહેતાનો પાડો	૧	શ્રી ટાંકલાપાર્શ્વનાથ
,	૨	શ્રી શાન્તિનાથજી
કુંભારીયાવાડો	૧	શ્રી ઋષભદેવજી
,,	૨	શ્રી ભટેવાપાર્શ્વનાથજી
તંબોળીવાડો.	૧	શ્રી મહાવીરસ્વામિ
,,	૨	શ્રી સુપાર્શ્વનાથજી
કપુરમહેતાનો પાડો	૧	શ્રી આદિશ્વરભગવાન
ખેજડાનો પાડો.	૧	શ્રી આદિશ્વરભગવાન
તરભેડાવાડો.	૧	શ્રી શાન્તિનાથજી
ભેંસાતવાડો.	૧	શ્રી શાન્તિનાથજી

બે સાનંવાડો.	૨	શ્રી ગૌતમસ્વામિ
,,	૩	શ્રી ચંદ્રપ્રભુ
શાહવાડો.	૧	શ્રી સુપાર્શ્વ સ્વામિ
,,	૨	શ્રી શામળાપાર્શ્વનાથ
સાનો પાડો	૧	શ્રી આદિશ્વરજી
,,	૨	શ્રી શાન્તિનાથજી

ઝવેરીવાડો.

વડીપોશાળનો પાડો	૧	શ્રી નારંગજી
,,	૨	શ્રી વાસુપૂજ્ય સ્વામિ
,,	૩	શ્રી આદિશ્વરજી
,,	૪	શ્રી પાર્શ્વનાથજી
,,	૫	શ્રી વાડીપાર્શ્વનાથ
,,	૬	શ્રી આદિશ્વરજી
ટાંગીઆવાડો.	૧	શ્રી આદિશ્વરજી
,,	૨	શ્રી પદ્મપ્રભુ
ટાંગીઆવાડો.	૩	શ્રી ગણધરના પગલાં
,,	૪	શ્રી સિદ્ધાચળજી
,,	૫	શ્રી સહસ્ત્રકુટ
,,	૬	શ્રી ગિરનારજી
,,	૭	શ્રી સહસ્ત્રફણાજી
,,	૮	શ્રી ચામુખજી
,,	૯	શ્રી શાન્તિનાથજી
,,	૧૦	શ્રી મેરુશિખરજી
ખડાખોટડીનો પાડો	૧	શ્રી શાન્તિનાથજી
	૨	શ્રી બાવનદેરી
	૩	શ્રી ઋષભદેવજી
અષ્ટાપદજીની ખડકી	૧	શ્રી ચંદ્રપ્રભુજી
,,	૨	શ્રી અષ્ટાપદજી (ભોયરામાં)
,,	૩	શ્રી સુપાર્શ્વ સ્વામિ
	૪	શ્રી આદિશ્વરજી (ગામ મહેમોરના)

ઇતિ શ્રી વિવિધ પૂજાસંગ્રહ

ભાગ ૧-૨-૩-૪ સમાપ્ત.

જૈન બુકડીપો અને જ્ઞાનપ્રકાશ
ઓફીસમાં વેચાતાં
જૈનધર્મનાં પુસ્તકોનું

સૂચીપત્ર.

વેચનાર,

શા. મગનલાલ હઠીસંગ.

જ્ઞાનપ્રકાશના માલેક.

ઠેકાણું.
જેન બુકડીપો અને જ્ઞાનપ્રકાશ ઓફીસ.
કાળુપુરના રસ્તા ઉપર ફરનાનડીઝ બ્રીજ પાસે.
દુકાન નં. ૫૮૨—અમદાવાદ.

અમદાવાદમાં
રીચીરોડના પુલ નીચે શ્રી જૈન "વિદ્યાવિજય" પ્રેસમા
શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યુ
સને ૧૯૧૫——સવંત ૧૯૭૧

સૂચના.

૧ દરેક પુસ્તકનું ટપાલખર્ચ જુદું સમજવું.

૨ દસ રૂપીઆ ઉપરાંતનાં પુસ્તકો મંગાવનારને એક રૂપીએ બે આના મુજબ કમીશન કાપી આપવામાં આવશે.

૩ પ્રભાવના કરવા સારૂ અને ધર્મનાં સ્થાનોમાં ભેટ દાખલ આપવા સારૂ સામટી નકલો મંગાવનારને સેંકડે ૨૫ પચીસ ટકામકમીશન કાપી આપવામાં આવશે.

૪ સાધુ સાધ્વિઓને એક રૂપીએ ચાર આના કાપી આપવામાં આવશે.

૫ પુસ્તકો ટપાલમાં અગર રેલવેમાં વી. પી. થી મોકલવામાં આવશે.

૬ પત્ર વ્યવહાર નિચેને સરનામે લખવો.

શા. મગનલાલ હઠીસંગ.

જ્ઞાનપ્રકાશના માલેક.

જૈન બુકડીપો અને જ્ઞાનપ્રકાસ ઓફીસ.

કાળુપુરના રસ્તા ઉપર ફરનાનડીઝ બ્રીજ પાસે.

દુકાન નંબર ૫૦૧

અમદાવાદ.

જૈન બુકડીપો અને જ્ઞાનપ્રકાશ ઓફીસમાં વેચાતાં જૈનધર્મનાં પુસ્તકો.

વાર્તારૂપ ચરિત્રોનાં (ગદ્યબંધ) પુસ્તકો.

૧ ભરતેશ્વર બાહુબલિવૃત્તિ ભાષાંતર.

(આવૃત્તિ ત્રીજી.)

આ બુકમાં ૬૭ મહાપુરૂષોનાં તથા ૫૩ મહાસતીઓનાં મળી કુલ ૧૨૦ અદ્દભુત ચરિત્રો આવેલાં છે. આવાં ચરિત્રો વાંચવાથી અનહદ આનંદ સાથે બોધ મળે છે. કીંમત રૂ. ૨—૮—૦

૨ શ્રી વર્દ્ધમાનદેશના ભાષાંતર.

(આવૃત્તિ બીજી.)

આ બુકમાં દસ શ્રાવકોનાં અદ્દભુત ચરિત્રો તથા અગીઆર પડિમાનું અને બાર વ્રતનું સ્વરૂપ આલોવા સાથે તથા બાર વ્રત ઉપર રસિક અને વાંચવાલાયક કથાઓ સાથે, વિગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કિંમત.

શાસ્ત્રી અક્ષરથી છાપેલી બુકના.	રૂ. ૨—૮—૦
ગુજરાતી અક્ષરથી છાપેલી બુકના.	રૂ. ૨—૦—૦

૩ શ્રી ગુણવર્મા ચરિત્ર.

(મૂળ અને ભાષાંતર સહિત.)

આ ચરિત્ર શ્રી અંચલગચ્છના માણિક્યસૂરિએ શ્રી સત્તરભેદી પૂજાના પ્રભાવ ઉપર વિક્રમ સંવત ૧૪૮૪ માં સંસ્કૃત ભાષામાં રચેલું છે. આ ચરિત્ર ઘણુંજ રસિક અને આશ્ચર્યકારી હોવાથી અમે તેનું ભાષાંતર કરાવી શાસ્ત્રી અક્ષરથી પાનાને આકારે છાપેલું છે. કિંમત રૂ. ૧—૮—૦

---

૪ સમકિતકૌમુદિ ભાષાંતર.

(સમકિત દૃઢ થવા આશ્રયી ઘણીજ ચમત્કારી અને બોધદાયક કથાઓથી ભરપૂર.)

આ પુસ્તક શ્રીમદ્ વૃદ્ધિચંદજી મહારાજના શિષ્ય શાંતમુર્ત્તિ શ્રી કપુરવિજયજી મહારાજે ભવ્યજનોના હિતને અર્થે અતિ પરિશ્રમ લેઈ સુધારેલું છે. કિંમત રૂ. ૦—૮—૦

---

૫ શ્રી મહાવીરસ્વામિનું ચરિત્ર.

(સત્તાવીશ ભવના વર્ણન સાથે.)

તે શિવાય તપાગચ્છની ગુરૂઆવળી તથા ગાૈતમપૃચ્છા તથા મહાવીરસ્વામિના પંચકલ્યાણકનું સ્તવન, સત્તાવીશ ભવનું સ્તવન, મહાવીરસ્વામિનું પારણું અને વીરજિન વિનતીરૂપ સ્તવનો વિગેરે દાખલ કરવામાં આવ્યું છે. કિંમત રૂ. ૦—૮—૦

૬ શ્રી શાંતિનાથ ચરિત્ર.

(સોલ ભવના વર્ણન સાથે.) ૦—૬—૦

૭ શ્રી નેમનાથ ચરિત્ર.

(નવ ભવના વર્ણન સાથે.) ૦—૪—૦

૮ શ્રી મુનિપતિ ચરિત્ર.

રસિક અને બોધદાયક ૧૮ કથાઓ સહિત. ૦—૪—૦

૯ શ્રી રાત્રિભોજન નિષેધક.

રાત્રીભોજન નહીં કરવા વિષે જુદાં જુદાં શાસ્ત્રોના પુરાવા સાથે રસિક અને બોધદાયક કથાઓ સહિત, આ બુક જમાનાને અનુસરતી અને ધાર્મિક વિષયની છે. જેથી જૈન પાઠશાળાઓમાં ઈનામમાં આપવા લાયકની છે. ૦—૪—૦

---

૧૦ પર્યુષણપર્વની કથા.

(ત્રણ દિવસનું વ્યાખ્યાન.)

પર્યુષણપર્વનું મહાત્મ્ય અને તે આરાધવાથી કેવાં કેવાં ફળ પ્રાપ્ત થયાં છે, તે ઉપર ગજસિંહકુમારની અદ્‌ભુત અને ચમત્કારી કથા સહિત. ૦—૩—૦

૧૧ આનંદઘનકૃત ચોવીશી.

(મૂળ અને અર્થ સહિત.) ૦—૮—૦

૧૨ ભાવનાસ્વરૂપ.

પરમ વૈરાગ્ય અને શાંતરસ ઉપજાવનારી સોલ ભાવનાનું ટુંકું સ્વરૂપ. ૦—૪—૦

૧૩ વૈરાગ્યશતક ભાષાંતર

(શાસ્ત્રી અક્ષરથી છાપેલું.)

આ પુસ્તક વૈરાગ્યદશાને જાગૃત કરવામાં ઘણુંજ ઉપયોગી છે. આ પુસ્તકમાં ઘણાજ વિસ્તારથી વાર્તારૂપે ભાવાર્થ લખવામાં આવ્યો છે. વળી પ્રસંગે પ્રસંગે વૈરાગ્ય ઉપર જુદી જુદી અગીઆર મોટી કથાઓ દાખલ કરવામાં આવી છે. ૧—૦—૦

---

૧૪ વીશસ્થાનકપદ પૂજા તથા કથાઓ.

આ બુકમાં વીશ સ્થાનકપદની વિધિ, પૂજા, તથા વીશપદ ઉપર અદ્ભુત્ત અને ચમત્કારી ૨૦ કથાઓ છાપવામાં આવી છે. ૧—૦—૦

---

૧૫ શ્રી સિદ્ધાચળનું વર્ણન.

(શાસ્ત્રી અક્ષરથી છાપેલું.)

સિદ્ધાચળજી ઉપર આવેલાં નવે ટુંકનાં દેહેરાં દેહેરીઓ, પાલીતાણા ગામનાં દેહેરાં અને ધર્મશાળાઓ અને પંચતીર્થી ગામોના વર્ણન સાથે. ૦—૬—૦

શાળોપયોગી પુસ્તકો.

૧૬ પંચ પ્રતિક્રમણસૂત્ર અર્થસહિત.

(છૂટા શબ્દોના અર્થ સાથે.)

તે શિવાય નવસ્મરણ, જીવવિચાર, નવતત્વ, દંડક અને લઘુ સંગ્રહણી અર્થસહિત દાખલ કરવામાં આવ્યાં છે. તથા મહાવીર સ્વામિના પંચકલ્યાણકનું સ્તવન, સત્તાવીશ ભવનું સ્તવન, પ્રાતઃસ્મરણ, ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, સઝાયો, લાવણીઓ, ગુંહલીઓ, ગાવાનાં ગીતો, વિગેરે ઘણી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧—૦—૦

૧૭ દેવસિરાઇ પ્રતિક્રમણસૂત્ર અર્થસહિત.

(છૂટા શબ્દોના અર્થ સાથે.)

તે શિવાય ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, વિગેરે ઘણો ભાગ દાખલ કરવામાં આવ્યો છે. ૦—૬—૦

૧૮ જીવવિચાર, નવતત્વ, દંડક અને લઘુસંગ્રહણી.

મૂળ ગાથા અને અર્થ સહિત.

(છૂટા શબ્દોના અર્થ સાથે.) ૦—૬—૦

૧૯ પંચ પ્રતિક્રમણસૂત્ર.

(શાસ્ત્રી અક્ષરથી છાપેલું.)

આ બુકમાં ચૈત્યવંદનો, સ્તવનો, થોયો. સઝાયો વિગેરે ઘણો ભાગ દાખલ કરવામાં આવ્યો છે. ૦—૮—૦

૨૦ પંચપ્રતિક્રમણ સૂત્ર.

(ગુજરાતી મોટા અક્ષરથી છાપેલું.)

આ બુકમાં નવસ્મરણ, નવતત્વના છૂટા બોલ, ચોવીશ દંડક, આઠ કર્મની ૧૫૮ પ્રકૃતિઓ, પુન્યપ્રકાશનું સ્તવન, ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, સઝાયો, ગહુંળીઓ વિગેરે ઘણો ભાગ દાખલ કરવામાં આવ્યો છે. ૦—૬—૦

૨૧ દેવસિરાઈ પ્રતિક્રમણસૂત્ર.

(શાસ્ત્રી મોટા અક્ષરથી છાપેલું.)

આ બુક બાળકોને ભણવામાં સુગમ પડેમતેવી રીતે પદેપદ જુદાં પાડી છાપવામાં આવી છે. ૦—૩—૦

૨૨ દેવસિરાઈ પ્રતિકમણસૂત્ર.

આ બુક ગુજરાતી મોટા અક્ષરથી પદેપદ જુદાં પાડી છાપવામાં આવી છે. જેથી બાળકોને ભણવામાં બહુજ ઉપયોગી થઈ પડી છે. ૦—૨—૦

૨૩ સામાયકસૂત્ર અર્થસહિત.

તે શિવાય ચૈત્યવંદન કરવાનાં સુત્રાં અર્થ સહિત, સામાયક લેવાની અને પાળવાની વિધી, ચૈત્યવંદન કરવાની વિધી તથા ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, પ્રભાતિયાં વિગેરે સમાવવામાં આવ્યું છે. ૦—૧—૦

૨૪ વિધિયુક્ત દેવસિરાઈ.

(શાસ્ત્રી અક્ષરથી છાપેલું.) ૦—૬—૦

ગદ્યબંધ પુસ્તકો.

૨૫ નવસ્મરણ મૂળપાઠ.

પોકેટબુક. (શાસ્ત્રી અક્ષરથી છાપેલી.) ૦—૨—૦

૨૬ જૈનસ્તોત્રસંગ્રહ.

(પોકેટ બુક શાસ્ત્રી અક્ષરથી છાપેલી.)

નવસ્મરણ ઉપરાંત બીજાં સાત સ્તોત્રો દાખલ કરવામાં આવ્યાં છે. ૦—૪—૦

૨૭ જૈનસજઝાયમાળા ભાગ ૧-૨-૩-૪

અને

પદસંગ્રહ.

જૈનલિપીના શાસ્ત્રી મોટા અક્ષરથી છાપેલું, સાધુ, સાધ્વિ, શ્રાવક, શ્રાવિકાઓને અતિ ઉપયોગી થઈ પડે તેવું, લગભગ ૩૦૦ સઝાયો અને ૭૫ પદોના સંગ્રહનું મોટું પુસ્તક. ૧—૮—૦

૨૮. વિવિધ પૂજાસંગ્રહ ભાગ ૧-૨-૩-૪

(ગુજરાતી મોટા અક્ષરથી છાપેલી.)

પંડિત શ્રી વીરવિજય, પદ્મવિજય, રૂપવિજય, યશોવિજય, ઉત્તમવિજય, ગંભિરવિજય, દેવવિજય, સકલચંદજી ઉપાધ્યાય, આત્મારામજી વિગેરે ઘણા પંડિતોની બનાવેલી પૂજાઓના સંગ્રહનું મોટું પુસ્તક. ૧—૦—૦

૨૯ વિવિધ પૂજાસંગ્રહ.

(ગુજરાતી મોટા અક્ષરથી છાપેલી.)

પંડિત શ્રી વીરવિજય, પદ્મવિજય અને રૂપવિજયની બનાવેલી પૂજાઓનું પુસ્તક. ૦—૮—૦

૩૦ દેવવંદનમાળા.

(જૈનલિપીના શાસ્ત્રી મોટા અક્ષરથી છાપેલી.)

દિવાળીના, જ્ઞાનપંચમીના, મૌનએકાદશીના ત્રણ જાતના, ચૈત્રીપૂનમના બે જાતના, અગીઆર ગણધરના, અને ચૌમાસીના ત્રણ જાતના મળી અગીઆર જાતના દેવ વાંદવાના, તથા મૌન એકાદશીનું ગણણું, શત્રુંજયનાં એકવીશ નામ, દિવાળીકલ્પનું સ્તવન અને મહાવીરસ્વામિની જન્મકુંડળી અને જન્મકુંડળીનું સ્તવન વિગેરે દાખલ કરવામાં આવ્યું છે. ૧—૦-૦

૩૧ ચંદરાજાનો રાસ.

(પંડિત શ્રી મોહનવિજયજી વિરચિત.)

શિયલ મહાત્મ્ય તથા કર્મના ચિત્ર વિચિત્ર સ્વરૂપપ્રદર્શક ચરિત્ર. આ રાસમાં બ્રહ્મચર્યવ્રતની અનુપમ પુષ્ટી છે. ૧—૦—૦

૩૨ ધન્નાશાલીભદ્રનો રાસ.

અખુટ દોલત અને સ્ત્રીકુટુંબાદિકને તજી વૈરાગ્યમય દિક્ષા અંગીકાર કરી સદ્દગતિના ભાજન થયા, તેમનું દેશી ઢાળબંધ ચરિત્ર.

શાસ્ત્રી અક્ષરથી છાપેલાના.	૧—૪—૦
ગુજરાતી અક્ષરથી છાપેલાના.	૧—૦—૦

૩૩ કુમારપાળરાજાનો રાસ.

(ગુજરાતીમાં છાપેલો.) ૧—૦—૦

૩૪ જૈન સજ્ઝાયમાળા ભાગ ૧ લો.

આ પુસ્તકમાં છંદો, વૈરાગી પ્રભાતિયાં, મોટી મોટી લાવણીઓ, મોટાં સ્તવનો, ઉપદેશી દોહા અને સઝાયો મળી ૧૬૫ વિષયો આવેલા છે. ૦—૧૨—૦

૩૫ જૈન સજ્ઝાયમાળા ભાગ ૨ જો.

આ પુસ્તકમાં પહેલા ભાગમાં નહીં આવેલી સઝાયો, સ્તવનો, ચોઢાળિયાં, અષ્ટઢાળિયાં, છંદો વિગેરે મળી ૧૪૬ વિષયો આવેલા છે. ૦—૧૨—૦

૩૬ જૈન સજ્ઝાયમાળા ભાગ ૩ જો.

આ પુસ્તકમાં પેહેલા તથા બીજા ભાગમાં નહીં છપાયેલી સઝાયો, છંદો, પદો, વિગેરે તદ્દન નવાજ ૨૭૨ વિષયો આવેલા છે. ૦—૧૨—૦

૩૭ રસિકસ્તવનાવળી ભાગ ૧-૨-૩

(ચાર સુંદર છબીઓ સાથે.)

આ બુકમાં પ્રાતઃસ્મરણ, ભાવનાઓ, ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, સઝાયો, લાવણીઓ, ગુહુળીઓ, બૈરાંને ગાવાનાં ગીતો, નાટકના રાગનાં સ્તવનો, જૈનમંડળીઓમાં ગવાતાં ગાયનો અને ચૈત્યવંદન તથા સામાયક કરવાની વિધી, વિગેરે દાખલ કરવામાં આવ્યું છે. ૦—૪—૦

૩૮ રસિકસ્તવનાવળી ભાગ ૧-૨

આ બુકમાં ભાવનાઓ, પ્રભાતિયાં, ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, વિગેરે ઘણો ભાગ દાખલ કરવામાં આવ્યો છે. ૦—૩—૦

૩૯ સલોકાસંગ્રહ.

આદિનાથ, નેમનાથ, પાર્શ્વનાથ, વિવેકવિલાસ, વિગેરેના અગીઆર જાતના સલોકાનું પુસ્તક. ૦—૪—૦

૪૦ સિદ્ધાચળનાં સ્તવનો.

પવિત્ર તિર્થ શ્રી શેત્રુંજાનાં ૪૧ રસિક સ્તવનો તથા ગીરનાર સમેતશિખર, અષ્ટાપદ, અને આબુજી એ પંચતીર્થનાં સ્તવન, વિનયવિજયકૃત આદિજિન વિનંતી, શ્રી સિદ્ધાચળજીના ૧૬ ઉદ્ધાર, નયસુંદરજીકૃત ઉદ્ધાર, શેત્રુંજય તિર્થનાં એકવીશ નામ શા સબબથી પડ્યાં તે અને શ્રી શેત્રુંજયનાં પ્રભાતિયાં, ચૈત્યવંદનો, અને થોયો વિગેરે દાખલ કરવામાં આવ્યું છે. ૦—૩—૦

૪૧ સુધારસ સ્તવનસંગ્રહ ભાગ ૧-૨

(શાસ્ત્રી અક્ષરથી છાપેલું.)

સિદ્ધાચળજીની ટુંકોનાં સ્તવનો, ચત્યવંદનો, થોયો, લાવણીઓ, સઝાયો, અને સુતકવિચાર તથા ચૈત્યવંદન કરવાની વિધી વિગેરે ઘણી બાબતો સમાવેલી છે. ૦—૪—૦

૪૨ જૈન કાવ્યપ્રકાશ ભાગ ૩ જો.

પ્રાતઃસ્મરણ, પંડિત શ્રી વીરવિજયજીકૃત સ્નાત્રપૂજા, અષ્ટપ્રકારી પૂજાના દુહા, ગૌતમપૃચ્છા, સિદ્ધાચળનાં તથા મોલ્લિનાથનાં ઢાળિયાં અને રાગ રાગણીનાં સ્તવનો તથા બીજી કેટલીક બાબતો સહિત. ૦—૪—૦

ભાવનગરની જૈનધર્મ પ્રસારક સભાનાં પુસ્તકો.

૪૩	ઉપદેશમાળા ભાષાંતર (સીતેર કથાઓસહિત.)	૨—૮—૦
૪૪	ઉપદેશ પ્રાસાદ ભાગ ૧ લો.—(સ્તંભ ૧ થી ૪) સુધીનું ભાષાંતર.	૧—૮—૦
૪૫	ઉપદેશ પ્રાસાદ ભાગ ૨ જો.—(સ્તંભ ૫ થી ૯) સુધીનું ભાષાંતર.	૧—૮—૦
૪૬	ઉપદેશ પ્રાસાદ ભાગ ૩ જો.—(સ્તંભ ૧૦ થી ૧૪) સુધીનું ભાષાંતર.	૧—૮—૦
૪૭	ઉપદેશ પ્રાસાદ ભાગ ૪ થો.—(સ્તંભ ૧૫ થી ૧૯) સુધીનું ભાષાંતર.	૨—૦- ૦
૪૮	ઉપદેશ પ્રાસાદ ભાગ ૫ મો (સ્તંભ ૨૦ થી ૨૪) સુધીનું ભાષાંતર.	૨—૦—૦
૪૯	ત્રિષષ્ઠીશલાકા પુરૂષચરિત્ર. પર્વ ૧-૨ (પહેલા તથા બીજા તિર્થંકર અને ચક્રવર્તિનાં ચરિત્રો.)	૨—૪—૦
૫૦	ત્રિષષ્ઠીશલાકા પુરૂષચરિત્ર. પર્વ ૩-૪-૫-૬ (ત્રીજાથી વીસમા તિર્થંકર સુધીનાં ચરિત્રો.)	૨—૪—૦
૫૧	ત્રિપષ્ઠીશલાકા પુરૂષચરિત્ર. પર્વ ૭ મું (જૈન રામાયણાદિ.)	૧—૪—૦
૫૨	ત્રિષષ્ઠીશલાકા પુરૂષચરિત્ર. પર્વ ૮-૯ (શ્રી નેમનાથ, પાંડવો, અને શ્રી પાર્શ્વનાથનાં ચરિત્રો.)	૧-૧૨—૦
૫૩	ત્રિષષ્ઠીશલાકા પુરૂષચરિત્ર. પર્વ ૧૦ મું. (શ્રી મહાવીરસ્વામિનું ચરિત્ર.)	૧—૮—૦
૫૪	ચરિત્રાવળી ભાગ ૧ લો.—(જેની અંદર રસિક અને બોધદાયક ૧૫ કથાઓ આવેલી છે.)	૧—૦—૦
૫૫	ચરિત્રાવળી ભાગ ૨ જો.—(જેની અંદર શ્રા-	

વકના બારવ્રત ઉપરની કથાઓ, યશોધર ચરિત્ર અને બીજી પરચુરણમકથાઓ આવેલી છે.) १—०—०

५६ ચરિત્રાવળી ભાગ ૩ જો.—(આ પુસ્તકમાં ચંપક શ્રેષ્ઠી આદિ ૬ મોટાં ચારત્રો આવેલાં છે.) १—०—०

પાલીતાણા જૈનવિદ્યાપ્રસારક વર્ગનાં પુસ્તકો.

५७	શ્રીચંદ્રકુમાર યાને આનંદમંદિર.	१—४—०
५८	જૈનતત્વાદર્શ ગ્રંથ ભાગ ૨ જો.	१—८—०
५९	પાંડવ પ્રબોધ.	१—८—०
६०	ધર્મવીર જયાનંદ પ્રથમ ખંડ.	०—१२—०
६१	ધર્મવીર જયાનંદ દ્વિતીય ખંડ.	१—४—०
६२	શ્રાવિકા સુબોધદર્પણ.	०—८—०
६३	જૈન સતીમંડળ ભાગ ૧ લો.	१—४—०
६४	જૈન સતીમંડળ ભાગ ૨ જો.	१—०—०
६५	ઉત્તમકુમાર નોવેલ.	०—१०—०
६६	શ્રાવિકાભૂષણ પ્રથમ ભાગ.	१—०—०
६७	શ્રાવિકાભૂષણ દ્વિતીય ભાગ.	१—०—०
६८	શ્રાવિકાભૂષણ ત્રીજો ભાગ.	१—०—०
६९	શ્રાવિકાભૂષણ ચોથો ભાગ.	१—४—०
७०	સમરાદિત્ય કેવળી ભાગ ૧ લો.	१—०—०
७१	સમરાદિત્ય કેવળી ભાગ ૨ જો.	१—४—०
७२	અધ્યાતમસાર.	२—०—०
७३	દિક્ષાકુમારી પ્રવાસ ભાગ ૧ લો.	१—०—०
७४	દિક્ષાકુમારી પ્રવાસ ભાગ ૨ જો.	१—८—०
७५	દાનવીર રત્નપાળ.	०—१२—०
७६	વ્યાખ્યાન સંગ્રહ.	०—१२—०

૭૭	દ્રવ્યગુણપર્યાયનો રાસ.	૦—૮—૦
૭૮	શિક્ષાપ્રબોધ.	૦—૮—૦
૭૯	ગહુંલી સંગ્રહ.	૦—૨—૦
૮૦	શ્રાવિકા શિક્ષણ રહસ્ય.	૦—૨—૦
૮૧	અંકગણિત ભાગ ૧ લો.	૦—૨—૦
૮૨	જૈનધર્મ પ્રવેશ પોથી ભાગ ૧-૨ ના અર્થ.	૦—૨—૦

પરચુરણ પુસ્તકો.

૮૩	દર્શન ચોવીશી. (રંગીત)	૦—૪—૦
૮૪	નવપદની અનુપૂર્વી. (લાલરંગથી છાપેલી.)	૦—૧—૦
૮૫	સંસ્કૃત માર્ગોપદેશીકા.	૦—૬—૦
૮૬	જૈનગુણપ્રબોધ રત્નચિંતામણી.	૦—૩—૦
૮૭	મહાવીરસ્વામિના પંચકલ્યાણકનું સ્તવન.	૦—૧—૦
૮૮	પુન્યપ્રકાશનું સ્તવન.	૦—૧—૦
૮૯	ગહુંલીવિલાસ.	૦—૨—૦
૯૦	સ્નાત્રપૂજા પંડિત શ્રી વીરવિજયજીકૃત (શાસ્ત્રી.)	૦—૧—૦
૯૧	કર્પૂરપ્રકરણ. (મૂળ અને અર્થ સહિત.)	૦—૮—૦
૯૨	યશોમતિ. (એક વાર્તા.)	૦—૧—૦
૯૩	નવપદ આંબેલની ઓળીની વિધી.	૦—૪—૦
૯૪	સુદર્શન. (નોવેલ.)	૦—૪—૦
૯૫	સુબોધ કથામાળા.	૦—૩—૦
૯૬	યોગશાસ્ત્રનું ભાષાંતર.	૦—૮—૦
૯૭	પ્રબંધ ચિંતામણી. (સંસ્કૃત.)	૧—૮—૦
૯૮	પ્રશ્નોતર રત્નચિંતામણી.	૦—૬—૦
૯૯	જૈન સઝાયમાળા વિદ્યાશાળાની શાસ્ત્રી.	૧—૮—૦

૧૦૦	દેશીનામમાલા.	૨—૮—૦
૧૦૧	ચતુર્વિંશતી દેશનાસંગ્રહ શાસ્ત્રી.	૦-૧૨—૦
૧૦૨	સુધર્મગચ્છપરિક્ષા.	૦—૨—૦
૧૦૩	પ્રશ્નોતરપ્રદીપ.	૦-૧૨—૦
૧૦૪	જૈનસંગીત રાગમાળા.	૧—૪—૦
૧૦૫	વિદ્યાચંદ્ર અને સુમતિ.	૧—૦—૦
૧૦૬	પ્રાર્થનામાળા ભાગ ૧ લો.	૦—૪—૦
૧૦૭	પ્રશમરતિ પ્રકરણમ્.	૦—૩—૦
૧૦૮	સુશીલસુંદરી.	૦—૮—૦
૧૦૯	પોષધોપવાસ વ્રત.	૦—૩—૦
૧૧૦	ચંપકશ્રેષ્ઠીનું ચરિત્ર.	૦—૩—૦
૧૧૧	રત્નસાર ચરિત્ર.	૦—૩—૦
૧૧૨	શબ્દરૂપાવળી.	૦—૧—૦
૧૧૩	ઋષિદત્તા. (નોવેલ.)	૦—૩—૦
૧૧૪	સુભદ્રા. (નોવેલ.)	૦—૩—૦
૧૧૫	વનિતાવ્યાખ્યાનમાળા.	૦—૩—૦
૧૧૬	આત્મશક્તિનો ઉદય.	૦—૩—૦
૧૧૭	જૈન દર્શનનાં મૂળતત્વો.	૦—૪—૦
૧૧૮	પ્રેમરત્ન ભજનાવળી.	૦—૪—૦
૧૧૯	નવસ્મરણ ગુજરાતી.	૦—૨—૦
૧૨૦	જૈન સ્તોત્ર રત્નાકર. (શાસ્ત્રીમાં.)	૦—૨—૦
૧૨૧	જૈન લગ્ન ગીત.	૦—૨—૦
૧૨૨	જૈન કથાસંગ્રહ ભાગ ૧ લો.	૧—૦—૦
૧૨૩	પ્રબંધ ચિંતામણી ગુજરાતી.	૧—૮—૦